# સમાધિતંત્ર પ્રવચન ભાગ-૪

(શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર પર પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૯૭૪-૭૫ના સમાધિભાવપ્રેરક અક્ષરશઃ પ્રવચન)




પ્રકાશક :-શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ

ॐ

परमात्मने नमः।

# સમાધિતંત્ર પ્રવચન

## (ભાગ–૪)

**(શ્રીમદ્ દેવનંદી અપરનામ પૂજ્યપાદસ્વામી વિરચિત શ્રી સમાધિતંત્ર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શબ્દશઃ પ્રવચનો)**

**(શ્લોક–૫૨ થી ૭૮, પ્રવચન–૬૬ થી ૯૦)**

**પ્રકાશક**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

**સહપ્રકાશક**

શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

| વિક્રમ સંવત | વીર સંવત | ઈ. સન |
|---|---|---|
| ૨૦૭૬ | ૨૫૪૬ | ૨૦૨૦ |


## પ્રકાશન તિથિ

તા. ૦૬-૦૭-૨૦૨૦, અષાઢ વદ ૧

વીરશાસન જયંતિ,

શ્રી વીરશાસન જયંતિ અર્થાત્ રાજગૃહીના વિપુલાચલપર્વત ઉપરથી

શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિ પ્રથમવાર છૂટવાનો દિવસ


## પ્રાપ્તિસ્થાન


**૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**

**સોનગઢ (સૌરાષ્ટ્ર)–૩૬૪૨૫૦. ફોન–૦૨૮૪૬–૨૪૪૩૩૪**

**૨. શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

**૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,**

**વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૫૬**

**ફોન–(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬**

**www.vitragvani.com, email-info@vitragvani.com**

**ટાઈપ સેટિંગ :**

પૂજા ઈમ્પ્રેશન્સ

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧

# પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

મહાવીર ભગવાન, ગૌતમ ગણધર ત્યારબાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહમાં જઈ સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરીને ભરતમાં આવેલ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે એ જગતવિદિત છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે. આવા પવિત્ર દેવ-ગુરુ-શાસ્ત્રનું મંગળ સ્મરણ કરીને શ્રી વીરશાસન જયંતિના (શ્રી વીરશાસન જયંતિ અર્થાત્ રાજગૃહીના વિપુલાચલ પર્વત ઉપરથી શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિ પ્રથમવાર છૂટવાનો દિવસ) શુભદિવસે 'સમાધિતંત્ર પ્રવચન' (ભાગ-૪) પાઠકવર્ગના હસ્તકમળમાં મૂકતાં અત્યંત હર્ષ થઈ રહ્યો છે.

વર્તમાન શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિમાં જે કહેવાઈ રહ્યું છે, તેને પ્રત્યક્ષ ઝીલનારા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અને તેમના અનન્ય ભક્ત, કે જેમની વિદ્યમાનતા શ્રી કુંદકુંદાચાર્યદેવના વિદેહગમન વખતે સાક્ષાત્ હતી, એવા વ્હાલા પૂજ્ય કહાન ગુરુદેવશ્રીના અધ્યાત્મરસસભર પ્રવચનો, એનું શું કહેવું? જે વિષય વચનગોચર નથી, વિકલ્પગોચર નથી તેને કથંચિત્ વક્તવ્ય કરવો એ કહાન ગુરુદેવશ્રીની સમર્થ પ્રચંડ શક્તિના દર્શન કરાવે છે અને ભાવિમાં ૐકાર ધ્વનિ છૂટવાની છે તેનું સૂચક છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રસ્તુત પ્રવચનો અધ્યાત્મના અનેકવિધ રહસ્યોને વ્યક્ત કરી રહ્યા છે. આચાર્ય ભગવાનના હૃદયમાં પેસીને તેમના ભાવોને સ્પષ્ટ કરવાનું સામર્થ્ય પ્રસ્તુત પ્રવચનોમાં વ્યક્ત થાય છે. અનંત કાળથી મિથ્યાત્વદશામાં ભ્રમણ કરતો અજ્ઞાની જીવ બહિરાત્મદશાને નષ્ટ કરી, અંતરાત્મપણું પ્રગટ કરી પરમાત્મદશાને કઈ રીતે પ્રાપ્ત કરે છે તેનું રોચક વિવેચન આચાર્ય ભગવાને તો કર્યું છે પરંતુ સાંપ્રત મુમુક્ષુ સમાજને સાદી તથા સરળ ભાષામાં પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્પષ્ટ કર્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક પ્રવચનોમાં ભાવભાસનપૂર્વકની સમજણને અધિક મહત્તા આપી છે એવી શૈલી પણ વ્યક્ત થઈ રહી છે. પ્રત્યેક પ્રવચન ભેદજ્ઞાનપૂર્ણ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય જ્ઞાતાધારાના દર્શન પણ પ્રત્યેક પ્રવચનોમાં થઈ રહ્યા છે. અખંડ એકરૂપ સ્વરૂપાશ્રિત પરિણતિપૂર્વક સમજાવવાનું સામર્થ્ય પ્રવચનોમાં ઉભરાઈને બહાર આવી રહ્યું છે. જેમના એક પ્રવચનશ્રવણમાત્રથી જેમના ભવનો અંત આવ્યો એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીનો ઉલ્લેખ અનેક પ્રવચનોમાં આવે

છે. અત્રે એ વાતનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દેશનાનું સામર્થ્ય તો મહાપવિત્ર છે જ, પરંતુ પ્રવચન સંબંધિત વિકલ્પના નિમિત્તે મુમુક્ષુજીવના ભવનો અંત આવી શકે છે એ આ વાતનો પુરાવો છે. જેમના વિભાવઅંશમાં આટલું સામર્થ્ય છે તો તેઓશ્રીની પવિત્ર જ્ઞાનધારાના દર્શનથી મુમુક્ષુજીવનું આત્મકલ્યાણ ન થાય એ વાત અસ્થાનીય છે. આવા વ્હાલસોયા પૂજ્ય ગુરુદેવશ્રીનું જેટલું ગુણ સંકીર્તન કરવામાં આવે તે ઓછું જ છે. માટે આ પ્રસંગે તેમના ચરણોમાં ભક્તિભાવપૂર્વક શત શત વંદન હો, વંદન હો!

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ **(www. vitragvani.com)** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે સમાધિતંત્ર ગ્રંથ ઉપરના પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો **www.vitragvani.com** ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ<br>
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,<br>
વિલે પાર્લા, મુંબઈ



શ્રીમદ્ દેવનંદી અપરનામ પૂજ્યપાદસ્વામી

# પ્રસ્તાવના

સમાધિતંત્ર ગ્રંથના રચયિતા શ્રીમદ્ પૂજ્યપાદસ્વામી આચાર્ય, મૂલસંઘ અંતર્મગત નંદિસંઘના પ્રધાન આચાર્ય હતા. તેઓ સુપ્રસિદ્ધ બહુ પ્રતિભાશાળી, પ્રખર તાર્કિક વિદ્વાન અને મહાન તપસ્વી હતા. પૂજ્યપાદસ્વામીનો સમય શ્રવણ બેલગોલના શિલાલેખ અનુસાર તેઓ શ્રી સમંતભદ્રાચાર્યની પછી થયા અને તેઓ તેમના મતાનુયાયી હતા. શિલાલેખો અને ઉપલબ્ધ જૈન સાહિત્ય ઉપરથી વિદ્વાનોએ નક્કી કર્યું છે કે આ સુપ્રસિદ્ધ આચાર્ય ઈ.સ. પાંચમી શતાબ્દિમાં અને વિકલ્પની છઠ્ઠી શતાબ્દિમાં થઈ ગયા.

તેઓ કર્ણાટક દેશના નિવાસી હતા. કન્નડ ભાષામાં લખેલા 'પૂજ્યપાદચરિતે' તથા 'રાજાવલીકથે' નામના ગ્રંથોમાં તેમના પિતાનું નામ 'માધવભટ્ટ' અને માતાનું નામ 'શ્રીદેવી' આપ્યું છે અને લખ્યું છે કે તેઓ બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયા હતા. ઉપલબ્ધ શિલાલેખોથી એ વાત પ્રસિદ્ધ છે કે તેઓશ્રી દેવનંદી, જિનેન્દ્રબુદ્ધિ અને પૂજ્યપાદસ્વામી નામથી પ્રસિદ્ધ છે. 'દેવનંદી'-એ તેમના ગુરુએ આપેલું દીક્ષાનામ છે, બુદ્ધિની પ્રકર્ષતા—વિપુલતાના કારણે તેઓએ પાછળથી 'જિનેન્દ્રબુદ્ધિ' એ નામ પ્રાપ્ત કર્યું અને તેમના ચરણયુગલની દેવતાઓએ પૂજા કરી તેથી બુધજનોએ તેમને 'પૂજ્યપાદ' નામથી વિભૂષિત કર્યા.

ઉપલબ્ધ શિલાલેખો ઉપરથી તેમના જીવનકાળ દરમ્યાન ઘટિત અનેક અદ્ભુત ઘટનાઓ દૃષ્ટવ્ય છે. શ્રી પૂજ્યપાદે ધર્મરાજ્યનો ઉદ્ધાર કર્યો, દેવોના અધિપતિઓએ તેમનું પાદપૂજન કર્યું તેથી તેઓ પૂજ્યપાદ કહેવાયા, તેમના દ્વારા ઉદ્ધાર પામેલા શાસ્ત્રો આજે પણ તેમના વિદ્યાવિશારદ ગુણોનું કીર્તિગાન કરે છે. તેમણે કામદેવને જીત્યો હતો તેથી કૃતકૃત્યભાવધારી ઉચ્ચ કોટિના યોગીઓએ તેમને 'જિનેન્દ્રબુદ્ધિ' નામે વર્ણવ્યા છે.

વળી, તેઓ ઔષધઋદ્ધિના ધારક હતા. વિદેહક્ષેત્રસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થયું હતું. તેમના પાદોદક (ચરણ-જલ)ના સ્પર્શથી એક વખત લોઢુ પણ સોનું થઈ ગયું હતું. તદ્ઉપરાંત ઘોર તપશ્ચર્યાદિથી તેમની આંખનું તેજ નષ્ટ થયું હતું. પરંતુ 'શાન્ત્યષ્ટક' ના એકાગ્રતાપૂર્વક પાઠથી નેત્ર-તેજ પુનઃ પ્રાપ્ત થયું હતું. મહા યોગીઓને માટે આવી ઘટનાઓ અસંભવિત નથી.

તેઓશ્રીએ અનેક ગ્રંથોની રચના પણ કરી છે. જેમકે 'જૈનેન્દ્ર વ્યાકરણ', 'સર્વાર્થસિદ્ધિ', 'જૈનાભિષેક', 'છંદશાસ્ત્ર', 'સમાધિતંત્ર, સમાધિશતક', 'ઈષ્ટોપદેશ'. આમાં

ઈષ્ટોપદેશ તથા સમાધિતંત્ર આધ્યાત્મિક ગ્રંથો છે, જે મુમુક્ષુજીવોને આત્મકલ્યાણ થવામાં મહાનિમિત્તભૂત છે. સમાધિતંત્ર ગ્રંથના અંતમાં આપેલી પ્રશસ્તિ અનુસાર ગ્રંથના ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર (પ્રભેન્દુ) આ ગ્રંથના સંસ્કૃત ટીકાકાર છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે તેઓ શ્રી સમંતભદ્રાચાર્ય દ્વારા રચિત રત્નકરંડ શ્રાવકાચારના પણ સંસ્કૃત ટીકાકાર છે.

પ્રસ્તુત પ્રવચનોમાં સમાધિતંત્ર ગ્રંથના મૂળ શ્લોકો, ગુજરાતી અન્વયાર્થ, ભાવાર્થ આદિ તથા શ્રી પ્રભાચંદ્ર વિનિર્મિત સંસ્કૃત ટીકા ગુજરાતી અનુવાદ સહિત પાઠકવર્ગની સુવિધા અર્થે લેવામાં આવેલ છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના સાતિશય દિવ્ય પ્રવચનોનો ભાવપૂર્વક સ્વાધ્યાય કરી પાઠકવર્ગ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સહિત વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વ-ભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ

માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો- મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય

સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક | પૃ.સં. |
|---|---|---|---|
| ૬૬ | ૧૯.૦૬.૧૯૭૫ | ૫૨ | ૦૩ |
| ૬૭ | ૨૧.૦૬.૧૯૭૫ | ૫૩ | ૧૬ |
| ૬૮ | ૨૨.૦૬.૧૯૭૫ | ૫૪ | ૨૭ |
| ૬૯ | ૨૩.૦૬.૧૯૭૫ | ૫૪-૫૫ | ઉપલબ્ધ નથી |
| ૭૦ | ૨૪.૦૬.૧૯૭૫ | ૫૫-૫૬ | ૪૦ |
| ૭૧ | ૨૫.૦૬.૧૯૭૫ | ૫૬-૫૭ | ૫૨ |
| ૭૨ | ૨૬.૦૬.૧૯૭૫ | ૫૭-૫૮ | ૬૫ |
| ૭૩ | ૨૭.૦૬.૧૯૭૫ | ૫૮ | ૭૯ |
| ૭૪ | ૨૮.૦૬.૧૯૭૫ | ૫૮ થી ૬૦ | ૯૧ |
| ૭૫ | ૨૯.૦૬.૧૯૭૫ | ૬૦ | ૧૦૬ |
| ૭૬ | ૩૦.૦૬.૧૯૭૫ | ૬૧-૬૨ | ૧૨૦ |
| ૭૭ | ૦૧.૦૭.૧૯૭૫ | ૬૨-૬૩ | ૧૩૪ |
| ૭૮ | ૦૨.૦૭.૧૯૭૫ | ૬૩ થી ૬૫ | ૧૪૬ |
| ૭૯ | ૦૩.૦૭.૧૯૭૫ | ૬૫-૬૬ | ૧૫૯ |
| ૮૦ | ૦૪.૦૭.૧૯૭૫ | ૬૭ | ૧૭૨ |
| ૮૧ | ૦૫.૦૭.૧૯૭૫ | ૬૮-૬૯ | ઉપલબ્ધ નથી |
| ૮૨ | ૦૭.૦૭.૧૯૭૫ | ૬૯ | ૧૮૧ |
| ૮૩ | ૦૮.૦૭.૧૯૭૫ | ૭૦-૭૧ | ૧૯૩ |
| ૮૪ | ૦૯.૦૭.૧૯૭૫ | ૭૧-૭૨ | ૨૦૩ |
| ૮૫ | ૧૦.૦૭.૧૯૭૫ | ૭૩ | ૨૧૭ |
| ૮૬ | ૧૧.૦૭.૧૯૭૫ | ૭૩-૭૪ | ૨૨૮ |
| ૮૭ | ૧૨.૦૭.૧૯૭૫ | ૭૫ | ૨૪૨ |
| ૮૮ | ૧૩.૦૭.૧૯૭૫ | ૭૫-૭૬ | ૨૫૫ |
| ૮૯ | ૧૪.૦૭.૧૯૭૫ | ૭૬-૭૭ | ૨૬૭ |
| ૯૦ | ૧૫.૦૭.૧૯૭૫ | ૭૭-૭૮ | ૨૮૦ |

ૐ

श्री परमात्मने नमः

# સમાધિતંત્ર પ્રવચન

(ભાગ-૪)

(શ્રીમદ્ દેવનન્દી અપરનામ પૂજ્યપાદસ્વામી વિરચિત
શ્રી સમાધિતંત્ર ગ્રંથ ઉપર
અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
અક્ષરશઃ પ્રવચનો)

ननु सानन्दं ज्योतिर्यद्यात्मनोरूपं स्यात्देन्द्रियनिरोधं कृत्वा तदनुभवतः कथनं दुःखं स्यादित्याह–

सुखमारब्धयोगस्य बहिर्दुःखमथात्मनि।
बहिरेवासुखं सौख्यमध्यात्मं भावितात्मनः।।५२।।
પ્રારંભે સુખ બાહ્યમાં, દુઃખ ભાસે નિજમાંય;
ભાવિતાત્મને દુઃખ બહિર્, સુખ નિજ આતમમાંય. ૫૨.

टीका :– बहिर्बाह्यविषये सुखं भवति। कस्य? आरब्धयोगस्य प्रथमात्मस्वरूपभावनोद्यतस्य। अथ आह। आत्मनि आत्मस्वरूपे दुःखं तस्य भवति। भावितात्मनो यथावद्विदितात्मस्वरूपे कृताभ्यासस्य। बहिरेव बाह्यविषयेप्वाऽसुखं भवति। अथ आह। सौख्यं अद्यात्मं तस्याध्यात्मस्वरूप एव भवति।।५२।।

---

જો આનંદમય જ્યોતિ (જ્ઞાન) તે આત્માનું સ્વરૂપ હોય, તો ઈન્દ્રિયોને નિરોધ કરીને તેનો અનુભવ કરનારને દુઃખ કેવી રીતે હોઈ શકે? તે કહે છે :–

શ્લોક – ૫૨

અન્વયાર્થ :– (आरब्धयोगस्य) યોગનો અભ્યાસ શરૂ કરનારને (बहिः) બાહ્ય વિષયોમાં

(सुखं) સુખ લાગે છે, (अथ) અને (आत्मनि) આત્મસ્વરૂપને વિષે (दुःखं) દુઃખ પ્રતીત થાય છે, પરંતુ (भावितात्मनः) આત્મસ્વરૂપને યથાર્થપણે જાણનારને-સારા અભ્યાસીને (बहिः एव) બાહ્ય પદાર્થોમાં જ (असुखं) દુઃખ થાય છે અને (अध्यात्मं) આત્મસ્વરૂપમાં (सौख्यम्) સુખનો અનુભવ થાય છે.

ટીકા :- બહાર એટલે બાહ્ય વિષયમાં સુખ લાગે છે. કોને? યોગનો આરંભ કરનારને અર્થાત્ પ્રથમ વાર આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસીને, અને કહે છે - આત્મામાં એટલે આત્મસ્વરૂપમાં (તેની ભાવનામાં) દુઃખ (મુશ્કેલી) લાગે છે, પણ ભાવિતાત્માને એટલે યથાવત્ જાણેલા આત્મસ્વરૂપના (-તેની ભાવનાના) અભ્યાસીને, બાહ્યમાં જ એટલે બાહ્ય વિષયોમાં જ અસુખ (દુઃખ) ભાસે છે; અને કહે છે - આત્મામાં એટલે તેના અધ્યાત્મસ્વરૂપમાં જ (-તેની ભાવનામાં જ) સુખ લાગે છે.

ભાવાર્થ :- યોગનો એટલે આત્મસ્વરૂપનો પ્રથમ વાર અનુભવ કરવાનો આરંભ કરનારને બાહ્ય વિષયોમાં સુખ જેવું લાગે છે અને આત્મસ્વરૂપની ભાવાનાના અભ્યાસમાં દુઃખ જેવું જણાય છે, પરંતુ જ્યારે તેને પરિપક્વ અભ્યાસથી આત્મસ્વરૂપનું યથાર્થપણે જ્ઞાન થાય છે ત્યારે તેને બાહ્ય વિષયોમાં અસુખરૂપ પ્રતીત થાય છે અને આત્મસ્વરૂપમાં જ સુખ પ્રતિભાસે છે.

યોગનો અભ્યાસ શરૂ કરનારને, પૂર્વના સંસ્કારને લીધે, બાહ્ય વિષયો તરફનું વલણ જલદી છૂટતું નથી અને તેથી તેને આત્મસ્વરૂપમાં રમવું મુશ્કેલ લાગે છે.

આત્મ-ભાવનાનો અભ્યાસ જ્યારે તેને પરિપક્વ થાય છે અને તે સ્વરૂપમાં સ્થિર થાય છે, ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. હવે તેને બાહ્ય વિષયોમાં બધા નીરસ લાગે છે; તેને તે ઉપરથી પણ જિજ્ઞાસુ જીવને ઉદ્દેશીને કહે છે :-

માટે શ્રી અમૃતચંદ્રાચાર્ય પણ જિજ્ઞાસુ જીવને ઉદ્દેશીને કહે છે :-

''હે ભાઈ! તું કોઈ પણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થા અને શરીરાદિક મૂર્ત દ્રવ્યોનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ, તેમનાથી ભિન્ન એવા તારા આત્માનો અનુભવ કર; તારા આત્માના ચૈતન્ય-વિલાસને દેખતાં જ આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલ દ્રવ્યો સાથે એકપણાનો તારો મોહ છૂટી જશે.''૧ ૫૨.

---

૧. જુઓ : શ્રી સમયસાર કળશ—૨૩

## જેઠ સુદ ૧૦, ગુરુવાર તા. ૧૯-૦૬-૧૯૭૫
## શ્લોક - ૫૨,
## પ્રવચન - ૬૬

સમાધિતંત્ર. પહેલું તો આવી ગયું છે. ઈન્દ્રિયનો વિષય જે છે, ઈન્દ્રિયથી જે જણાય એ કાંઈ મારું સ્વરૂપ નથી. ઈન્દ્રિયથી જણાય એ તો બાહ્ય પદાર્થ છે. ખરેખર તો પુદ્ગલની વિભાવિક પર્યાય જ ઈન્દ્રિયથી જણાય છે. સ્વભાવિકપર્યાય નથી. એ તો પરમાણુની છે. એમાં અંદર આત્મા છે એ ક્યાં ઈન્દ્રિયથી દેખાય છે? એથી કહ્યું કે ઈન્દ્રિયોથી જે જણાય છે એમાં હું નથી, એ મારું સ્વરૂપ નથી અને અણીન્દ્રિયથી જે જણાય છે એવી જે જ્ઞાનજ્યોતિ અતીન્દ્રિય અને પ્રસન્નતા આનંદ સહિતની જે જણાય છે તે હું. આહાહા..!

ઉત્તમનો અર્થ એ કર્યો હતો ને? અણીન્દ્રિય. ઉત્તમ એટલે અતીન્દ્રિય. ઉત્તમનો અર્થ જ અતીન્દ્રિય કર્યો છે. જ્ઞાન જ્યોતિ અતીન્દ્રિય. જે અંતર્મુખ જોતાં એ અતીન્દ્રિય સ્વરૂપ જ ઉત્પન્ન છે અને તે આનંદના વેદનસહિત જણાય છે તે આત્મજ્યોતિ. આહાહા..! કારણ કે જે એનું અસ્તિત્વ જેટલું જેવડું છે, જેટલામાં છે એ તો અસંખ્ય પ્રદેશમાં છે અને જેટલા ગુણો છે એ અનંત ગુણો છે. પ્રદેશ અસંખ્ય, ગુણ અનંત, વસ્તુ એક. ત્રિકાળ છે એ તો છે, એ જુદી વસ્તુ. એ ઉત્તમ નામ અતીન્દ્રિય જ્ઞાનજ્યોતિ આનંદની દશાવાળી, આનંદના પ્રસન્નતાવાળું જે જ્ઞાન. એમ. આનંદની અતીન્દ્રિય આનંદની શાંતિવાળું જે જ્ઞાન તે હું છું. આહાહા..!

મુમુક્ષુ :- અંતર્મુખ થયેલું જાણવું..

ઉત્તર :- એની વાત અહીં છે, વસ્તુસ્થિતિ છે.

'**ટીકા :- બહાર એટલે બાહ્ય વિષયમાં સુખ લાગે છે. કોને?**' શરૂઆત કરે અંદરમાં જવાની, એને બહારમાંથી જરી ખસવું કઠણ લાગે. એથી એને (બહારમાં) ઠીક જેવું ભાસે છે. એમ. અને '**કોને? યોગનો આરંભ કરનારને અર્થાત્ પ્રથમવાર આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસીને, અને કહે છે—આત્મામાં એટલે આત્મસ્વરૂપમાં (તેની ભાવનામાં) દુઃખ (મુશ્કેલી) લાગે છે,...**' અંદરમાં એકાગ્ર થવાને મુશ્કેલ જેવું લાગે એટલે દુઃખ લાગે. એની વ્યાખ્યા કરી. બહારમાંથી ખસવું એ એને ઠીક પડતું નથી અને ત્યાં ઠીક પડે છે. એથી સુખ ભાસે છે એમ કહ્યું છે. મૂળ તો બહારમાંથી એને ખસવું નથી, ખસતો નથી એટલે ત્યાં ઠીક લાગે છે એમ લાગ્યું. અને અંદરમાં જતા એને મુશ્કેલી લાગે છે.

દિઠ મગે. છેને ધવલમાં? અંતરમાં જવાનો માર્ગ જેણે જોયો છે. એટલે કે અતીન્દ્રિય જ્ઞાનની

પર્યાયને અંતરમાં વાળી અને એ જોયો છે માર્ગ કે આમ જવાય અંદર. એ જવાને પહેલી મુશ્કેલી લાગે, એથી જાણે દુઃખ હોય અંદરમાં જવામાં. એમ કહ્યું છે. અભય, અદ્વેષ, અખેદ કીધું છે ને? લ્યો વળી ઈ આવ્યું. આનંદઘનજીમાં એમ કહ્યું કે અંતરમાં જવાથી એને ભય લાગે છે. 'ભય ચંચળતા હો પરિણામની...' એવો શબ્દ છે. હવે યાદ નથી. પરિણામ ચંચળ રહે છે, અંદર સ્થિર થતાં નથી. એનો અર્થ કે જાણે ભય હોય અંદર. એમ. નિર્ભય પદ છે એ એને ભાસતું નથી. આહાહા..! આ વસ્તુનું સ્વરૂપ જ આવું છે. એમાં બીજી રીતે કોઈ માને, કલ્પે એથી કાંઈ વસ્તુ બીજી ન થઈ જાય. માન્યતામાં ભ્રમ પડે એને.

અભય, અદ્વેષ, અખેદ એમ લીધું છેને? ભગવાનની સ્તુતિ એટલે આ ભગવાન. અને એના અંદર અભય, અદ્વેષ, અખેદ. અભયપણું એને આવવું જોઈએ. અને અદ્વેષ. અદ્વેષપણું આવવું જોઈએ. એટલે? પરનો પ્રેમ ખસી અને પોતાનો પ્રેમ થવો જોઈએ. અભય, અદ્વેષ, અખેદ. અખેદ કંટાળો ન થાય. અંતર જવા માટે ખેદ ન થાય. એ શૈલી આનંદઘનજીમાં આવી નહિ? ત્રીજા સ્તવનમાં. એ અહીં જરી એ શૈલીથી વાત કરી છે. બહાર રહેવાના સંસ્કાર છેને એથી બહારના સંસ્કારને લઈ અને એમાં કાંઈક ઠીક લાગે એટલે સુખ ભાસે એમ કહ્યું. ઠીક ભાસે છે.

મુમુક્ષુ :- સુખ છે નહિ?

ઉત્તર :- છે નહિ. ઠીક ભાસે એટલે ત્યાં અભ્યાસ છેને એટલે એને ઠીક ભાસે છે એમ લીધું. સુખ ભાસે છે એમ લીધું. ઠીકનો અર્થ એ છે. અને અંદર ભગવાન અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ, એના અંતરમાં જવામાં એને મુશ્કેલી લાગે છે. કેમકે એ પ્રયત્ન એણે શરૂઆત કરી છે. અંદર જામ્યો નથી. એમ છે. આહા..! શું ચાલે છે આ? બહિર્મુખથી ખસીને અંતર્મુખ થવું એ શરૂઆતવાળાને જરી કઠણ લાગે છે. એમ કહે છે. અભ્યાસની શરૂઆત છે. છેને?

'**આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસીને,...**' એમ કહ્યું છેને? આહાહા..! પાઠ છેને સંસ્કૃત જુઓને! '**आरब्धयोगस्य प्रथमात्मस्वरूपभावनोद्यतस्य**' એમ છેને? એમ. આહાહા..! બહુ સરસ વાત છે. વસ્તુનું સ્વરૂપ આ રીતે પહેલું એને લાગે છે. વસ્તુ તો અંતર્મુખ છે. અને એમાં અંતરમાં વળવું એને મુશ્કેલ જેવું લાગે છે અને બહારથી ખસવું એથી એ અઠીક જેવું લાગે છે. એમ. આહાહા..! આ તો મૂળ માખણની વાત છે ભાઈ આ તો. આહા..! હવે આ ઓલા રાડું પાડે કે માર્ગ આ છે બહાર રાગ. પણ રાગ તો બહિર્મુખની દૃષ્ટિ છે. બહિર્મુખ છે. રાગ ઈન્દ્રિયના વિષયમાંથી આવે છે. અને ભગવાન આદિ હો કે વાણી આદિ (હો) એ પણ રાગનો વિષય છે એટલે પર છે એ તો. એ ઈન્દ્રિય છે. આહાહા..!

આમાં આવશે. ચાર કષાય અને અગ્નિ થાય એ.. અને પરનું એમ કે ભગવાનનું ધ્યાન કરશે ત્યારે અંદરમાં જવાય. એમ. બે વાત છે. વાત તો એ છે કે પહેલું એ આવે. ભગવાન આવા હોય. એકલો જ્ઞાનસ્વભાવ જેને પરિપૂર્ણ પ્રગટ થઈ ગયો છે એવું પ્રથમ લક્ષ કરે છે એથી એને વિકલ્પવાળામાં રહેવું ઠીક લાગે છે. આહાહા..! અંતરમાં જવાનું એને મુશ્કેલી લાગે છે શરૂઆતના અભ્યાસીને. સૂક્ષ્મથી

વાત કરી છે. સમજાણું કાંઈ?

**'પણ ભાવિતાત્માને...'** જેણે એ માર્ગ જોયો છે. અંતરમાં કેમ જવું? એ વલણની દશાનો અનુભવ થઈ ગયો છે. આહાહા..! **'ભાવિતાત્માને એટલે યથાવત્ જાણેલા આત્મસ્વરૂપના (-તેની ભાવનાના) અભ્યાસીને,...'** એમ. નિયમસારમાં કહ્યું નહિ બે? વ્રત ને તપ ને બધું ધ્યાનથી છે. ગાથા આવે છે ને ભાઈ? નિયમસાર. ધ્યાન એ જ વસ્તુ છે. આહાહા..! વસ્તુસ્થિતિ છે. અંતરના સ્વભાવમાં એકાગ્રતા એ બધી એને તપ, વ્રત કહો એ બધું આ છે. ક્યાં ઓલા બોટાદમાં છે? અહીં ભાવનગર હતા. ક્યાં ગયા? તમારે છે ને એક. સાસરામાં છે કોઈ. શું હશે નહિ? ભાવનગર છે. ... તપ ને આ બધું ધ્યાનમાં સમાઈ જાય છે. લાખો રૂપિયા છે, ઘણા દાન કરે છે. તમે જોયા એટલે. એમાં એવું છે, તત્ત્વજ્ઞાન તરંગિણીનું છે. તત્ત્વજ્ઞાન તરંગિણીનું હતું એ. ગાથા. એમ કે ધ્યાન એ જ બધી વસ્તુ છે અને એમાં સુખ છે. આ તો તત્ત્વજ્ઞાનમાં છે. નિયમસારમાં તો કહ્યું હતું. આ તત્ત્વજ્ઞાનનું છે. આહાહા..!

જ્યાં વસ્તુ છે, જ્યાં એના ગુણો છે, ટકતું જે તત્ત્વ છે એમાં એકાગ્ર થવું એ જ બધી ચીજ છે. પછી એને વ્રત કહો, તપ કહો, નિયમ કહો. મોક્ષનો માર્ગ બધો એ છે.

મુમુક્ષુ :- બધું પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન.

ઉત્તર :- પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના. આહાહા..!

**'ભાવિતાત્માને એટલે યથાવત્ જાણેલા આત્મસ્વરૂપના (-તેની ભાવનાના) અભ્યાસીને,...'** અંતરમાં જવાનો માર્ગ જેણે જોયો છે. જણાયો છે. એને **'બાહ્યમાં જ એટલે બાહ્ય વિષયોમાં જ અસુખ (દુઃખ) ભાસે છે;...'** બાહ્યમાં આવવું એમાં ઠીક પડતું નથી. એટલે દુઃખ ભાસે છે. આહાહા..! શાંતિભાઈ! આવું સ્વરૂપ છે. આહાહા..! જ્ઞાનાર્ણવમાં કહ્યું છેને આમ કરવું ને આમ કરવું. જડ શું કહ્યું?

મુમુક્ષુ :- ધૂળધાણી છે.

ઉત્તર :- આમ કમળ .. એક એક પાંખડીમાં ભગવાન. એ બધા વિકલ્પની પહેલી લાગણી છે. એકદમ અંદર જઈ શકતો નથીને એટલે ત્યાં. એટલે એનો અર્થ એ થયો કે ત્યાં એને કાંઈક ગોઠે છે. આમ પાંખડી ચિંતવવી, ભગવાનને ચિંતવવા અને ૐ ધ્વનિ નીકળે છે એને ચિંતવવું.

મુમુક્ષુ :- આમ સમવસરણમાં બેઠા છે એમ.

ઉત્તર :- હા. એ બધો તો વિકલ્પ છે.

મુમુક્ષુ :- જલ ધારણ...

ઉત્તર :- જલ ધારણ, વાયુ ધારણ... છેને. એ તો દ્રવ્યસંગ્રહમાં ખુલાસો કર્યો છે ને. બાહ્યનું હોય એવા વિષયો. વસ્તુ એ નથી. આહાહા..!

અંદરમાં અંતર આનંદસ્વરૂપ એટલા જ ક્ષેત્રમાં. કારણ કે જ્યારે આમ કરે ત્યારે અંતરમાં જાય છે ને? કેમકે એટલામાં એ છે. બાહ્ય કાંઈ નથી આમ કાંઈક ભગવાન કહે આમ પકડી બે. પાખંડ છે.

આહાહા..! એમ એક એક ચીજ આવી પરિપૂર્ણ એને બધી ચીજ (ભેગી) થઈને પરિપૂર્ણ માનવી એ પાખંડ છે. આહાહા..!

મુમુક્ષુ :- અનંત પ્રકાશમય

ઉત્તર :- અરે.. અનંતના એક એક અનંત એક એક પરિપૂર્ણ શક્તિવાળું સત્ત્વ છે. જડ હોય તે પરિપૂર્ણ શક્તિવાળું છે. વસ્તુ છેને એમાં શક્તિની અચિંત્યતા અને વિપરિતતા કેવી? આહા..! પરમાણુમાં પણ એટલા જ ગુણની સંખ્યા છે જીવ જેટલા. ક્ષેત્ર નાના-મોટાનું અહિ નહીં. એની શક્તિના સામર્થ્યનું ભાવનું સ્વરૂપ કેટલું છે? એવી વાત છે. અને પરમાણુ પણ એક સ્વભાવિક તત્ત્વ છે ને. સ્વભાવિક તત્ત્વ છે, સહજ તત્ત્વ છે. એવા અનંતગુણોનું એ તત્ત્વ છે. આહાહા..! એવા એવા અનંતા પરમાણુ, પૂર્ણ એવા આત્મા જ્ઞાન-દર્શન અને આનંદથી પૂર્ણ એવાને અનંતના અનંતમાં છે (બધું ભેગું) તે પૂર્ણ એમ માનવું મોટુ પાખંડ છે. આચાર્યે તો એવો શબ્દ વાપર્યો છે અહમેહનાકાર. પાખંડીઓને પ્રસિદ્ધ સાધનવાળું આકારવાળો લોક વ્યાપક અ (એટલે) નહિ. એ લિંગ એવું નથી એમ કહે. આહાહા..! સમજાણું કાંઈ?

'**બાહ્યમાં જ એટલે બાહ્ય વિષયોમાં જ અસુખ (દુઃખ) ભાસે છે;...**' એ બહાર આવે છે વિકલ્પમાં એ દુઃખ છે. આવશ્યક અધિકારમાં નથી આવ્યું? સમયસારમાં આવ્યું છે. ભવિષ્યની આવલિકાઓ બધી અંતરમાં રહેવા જાવ. પડિક્કમણું, પ્રત્યાખ્યાન વગેરે. આનંદસ્વરૂપ ભગવાન એટલામાં છે ત્યાં એકાગ્રતા સદાય રહો. બહાર ન નીકળો. આહાહા..! એવો જ્યાં અભ્યાસ થઈ ગયો છે '**તેના અધ્યાત્મસ્વરૂપમાં જ (-તેની ભાવનામાં જ) સુખ લાગે છે.**' છે? '**અને કહે છે—આત્મામાં એટલે તેના અધ્યાત્મસ્વરૂપમાં જ...**' અધ્યાત્મ અંતર સ્વરૂપમાં જ તેને આનંદ લાગે છે.

'**ભાવાર્થ :- યોગનો એટલે આત્મસ્વરૂપનો પ્રથમ વાર અનુભવ કરવાનો...**' યોગ એટલે જોડાવું એમ. ઓલો યોગ કંપન્ન એ અહીં નહિ. એ જોડાવું. સ્વરૂપ પૂર્ણાનંદમાં જોડાણ કરવું. રાગ અને સ્વભાવ વચ્ચે સાંધ છે, સંધિ. આવ્યું હતું ને? અસંધિ થયા નથી. આહાહા..! વસ્તુ સ્વભાવ આખો ચૈતન્ય સ્વભાવ અને રાગ બે વચ્ચે આંતરો છે, અંતર છે, આંતરો છે. આંતરો છે એમ કહે છે. એક થયા જ નથી. સંધિ છે ત્યાં નિઃસંધિ થયા જ નથી. આહાહા..! શું એની શૈલી!

'**આ યોગનો એટલે આત્મસ્વરૂપનો પ્રથમ વાર અનુભવ કરવાનો આરંભ કરનારને બાહ્ય વિષયોમાં સુખ જેવું લાગે છે...**' એટલે કે કાંઈક આમ ઠીક જેવું લાગે એમ. '**અને આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસમાં...**' ભગવાન આનંદસ્વરૂપ, એની એકાગ્રતાના અભ્યાસમાં મુશ્કેલ જેવું લાગે છે. આ મુદ્દાની રકમની વાત છે, ભાઈ! આહાહા..! આખો સર-વાળો, શાસ્ત્રનો વીતરાગભાવે સરવાળો છે. વીતરાગભાવ ક્યારે થાય? કે અંતર સન્મુખ થાય ત્યારે. આહાહા..! અને એ વીતરાગભાવ ચાર અનુયોગનું પ્રયોજન છે. અને અપદેશ સંપન્ન. ઉપદેશ. ભગવાનની વાણીમાં ચારેય અનુયોગમાં આ આવ્યું છે. કે અંતર્મુખ થતાં જે વીતરાગી પર્યાય થાય

અંતરના અભ્યાસીને તે જૈનશાસન, તે ધર્મ અને તે તેનું યથાર્થ કર્તવ્ય છે. એ ઉપચારથી ભેદ છે ને? હું કર્તા અને નિર્મળ પર્યાય મારું કાર્ય એ પણ એક ઉપચારથી કથન છે. છે એ રીતે પરિણમન છે ત્યાં વળી આ કર્તા એમ ભેદ ક્યાં? એ આમાં આવે છે કળશટીકામાં. બહુ સરસ કળશ. આહાહા..!

'**પરંતુ જ્યારે તેને પરિપક્વ અભ્યાસથી...**' અંતરમાં જવાનો અનુભવ કરવાના અભ્યાસથી '**આત્મસ્વરૂપનું યથાર્થપણે જ્ઞાન થાય છે...**' આહાહા..! ૧૪૪માં નથી કહ્યું? કે એ દેખાય છે તે વખતે આટલું. ૧૪૪માં કહ્યું. છેલ્લું પદ નહિ? એ વખતે અંદર દેખાય છે તે વખતે એ આત્મા ભાસ્યો. એને સમ્યગ્દર્શન કહ્યું. તે કાળે એને ભાસ્યું સમ્યગ્દર્શન. છે ને ૧૪૪માં. '**તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે.**'

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન..

ઉત્તર :- એનો અર્થ શ્રદ્ધાય છે. છે ને?

'**તત્કાળ નિજરસથી પ્રગટ થતાં, આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય...**' એટલે જુદો. '**તેમ અખંડ પ્રતિભાસમય, અનંત વિજ્ઞાનઘન, પરમાત્મરૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે...**' અનુભવે છે ત્યારે જ આ આત્મા છે એમ શ્રદ્ધાય છે. એમ. આહાહા..! '**તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે) અને જણાય છે...**' એ શ્રદ્ધાનું લીધું, ઓલું.. એ વખતે. અંતર્મુખ થયો અને દૃષ્ટિ થઈ નિર્મળ એ દૃષ્ટિ વખતે જ આત્મા પ્રત્યક્ષ દેખાય છે અથવા જેવો છે તેવો ત્યારે દેખાય છે, ત્યારે શ્રદ્ધાય છે અને ત્યારે તે આત્મા છે એમ જણાય છે. આહાહા..!

'**તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.**' આહાહા..! પાઠ છે ને ઓલો? '**णवरि ववदेसैं**' વ્યપદેશ ત્યારે જ એને કહેવામાં આવે છે એમ કહે છે. જોયું! '**सम्मद्दंसणाणाणं एसो लहदि त्ति णवरि ववदेसं।**' અંતરમાં સમ્યગ્જ્ઞાન-દર્શનથી દેખાય, મનાય અને જણાય છે ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાનનું નામ અપાય છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યપદેશ શબ્દ પડ્યો છે ને. એ શબ્દ ભાઈએ વાપર્યો છે. ટોડરમલે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. એમ કે ઓલા એકલા વ્યવહારમાત્રથી સમ્યગ્દર્શન નામ પમાતું નથી. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં છે નાની એવી. વ્યવહારમાત્રથી નામ અપાતું નથી. જોયું ભાષા! આહાહા..! ગમે તે હોય.

પહેલાંના પંડિતો શાસ્ત્રની ભાષાને અનુસરીને જ કહેનારા હતા. વિશેષ કહેવાય તોપણ સ્પષ્ટ કરીને એ. આહાહા..! વ્યવહાર જે છે શ્રદ્ધા એને નામ અપાતું નથી નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનું. એમ. આહાહા..! અંતરમાં જઈને શ્રદ્ધા વડે જ્યારે આખો આત્મા દેખાય એટલે મનાય અને જ્ઞાન વડે જણાય ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન નામ અપાય છે. એ અહીં કહે છે.

'**પરિપક્વ અભ્યાસથી આત્મસ્વરૂપનું યથાર્થપમે જ્ઞાન થાય છે ત્યારે તેને બાહ્ય વિષયો અસુખરૂપ પ્રતીત થાય છે...**' અસુખરૂપ એટલે સુખ નથી. બાહ્યમાં આવવું એ ઠીક લાગતું નથી.

આહાહા..! '**અને આત્મસ્વરૂપમાં જ સુખ પ્રતિભાસે છે.**' ભગવાન આનંદસ્વરૂપમાં લીન થાય છે ત્યાં એને સુખ ભાસે છે. બાહ્યમાં નીકળવું એને દુઃખ ભાસે છે. આહાહા..! આ તો અનાદિથી બાહ્યમાં રહેવું એ સુખ ભાસે છે. અંતરમાં જવું એને દુઃખ-મુશ્કેલ લાગે છે. આહાહા..! કરવાનું તો આ હતું. બહારની દોડધામ, આ ૨૬ લાખના મોટા મકાન બનાવ્યા છે. એથી ધર્મની પ્રભાવના થશે. એમ હશે? એય..!

પરચીજ થઈ એમાં ધર્મ ક્યાં આવ્યો? પરની સન્મુખ થાય ત્યાં પણ રાગ આવ્યો. આહાહા..! વીતરાગમાર્ગ અલૌકિક માર્ગ છે. સાધારણ પ્રાણીને તો એવું લાગે કે.. આહાહા..! મિથ્યાભાસ વ્યવહારથી કાંઈ થાય એમ કહેતા નથી. ઓલા તો પુણ્યને ડાંગ મારે છે. શું કીધું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. તો રામજીભાઈ બોલ્યા હતા. ઓલા કહે પુણ્યને.. એમ કાંઈક છે ને?

મુમુક્ષુ :- એ ઓલા દાહોદવાળાએ કીધું તમે લાકડીઓ કેમ મારો છો? અમારું અપમાન થાય છે. અમે તો .. છીએ.

ઉત્તર :- પુણ્યને તો એમ કે પાછળ ડાંગ મારીને ઊભા છે. અરે.. બાપુ! પુણ્યમાં આવવું એ દુઃખમાં આવવું છે. આહાહા..!

શાંતરસનો દરિયો પ્રભુ. આહાહા..! એની સન્મુખતામાં જતાં વાસ્તવિક આનંદસહિત જે જ્ઞાન પ્રગટે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન નામ અપાય છે. આહાહા..! વ્યપપદેશ. આહાહા..! શું સમયસારની વાત! લાગે જગતને આકરું પણ માર્ગ તો આ છે ભાઈ! આહાહા..! બહારની ધમાધમ... શું કહે છે નહિ ચેતનજી? જ્ઞાનમાર્ગ રહ્યો દૂર એ શૈલી લીધી. ધર્મને નામે ધમાધમ કરવી.

મુમુક્ષુ :- ધામ ધુમે ધમાધમ.

ઉત્તર :- ધામ ધુમે ધમાધમ. આહાહા..! ઝાઝા પુસ્તકો, ઝાઝા મંદિરો, ઝાઝા માણસો એ જાણે કે આહાહા..! .. બાપુ! એમાં એને લઈને સંબંધ શું? આહાહા..! નવરંગભાઈ! આવી વાત છે. ત્યાં મોટા હાથી. જુઓને ત્યાં લાખ માણસ છાપામાં હતું ભોપાલ. ગજરથ ચાલ્યો કુંડલપુરથી. ... કુંડલપુર. અતિશય ક્ષેત્ર કાંઈક સંબંધ છે એમાં. ત્યારે મોટો ગજરથ કાઢ્યો હતો ને. એમાં સંબંધ છે. એમ સંબંધ છે ત્યાં એમ નક્કી કર્યું હોય કે આ ભગવાનનું ધામ આ જ છે. એમ કહ્યું.

મુમુક્ષુ :- ભગવાનનું જન્મધામ.

ઉત્તર :- હા જન્મ. જન્મ હતો કે દિ' જન્મ? જન્મધામ એ નક્કી થયું છે એટલે ત્યાં ગજરથ કાઢ્યો. ઘણા માણસો ગયા હતા. બધા પંડિતો ત્યાં. પછી .. જગમોહનલાલ અહીં આવ્યા હતા સુરત. .. કામ પછી .. આવ્યા હતા. નહિતર એક લાખ માણસ અહીં આવત બોટાદ. કુંડલપુર જન્મધામ છે એનું મૂળ ભગવાનનું. અને એને ત્યાં મહાવીરને ૨૫૦૦ વર્ષ ઉજવ્યુ બરાબર. ગજરથ કાઢ્યો હતો. ગજરથ કાઢ્યો... ધામ છે જન્મધામ. ૨૫૦૦ વર્ષ.. માણસ ત્યાં બહુ ગયા. સાધારણ જોનારને બહુ જ સારું લાગે. ઓહો..! આહાહા..! હાથી એના ઉપર બે-ત્રણ માળ હોય. હાથી

ચાલેને બે-ત્રણ માળ હોય. આમ ચાલે તો આહાહા..! પણ એ તો ઇન્દ્રિયનો વિષય છે. ત્યાં આત્મા ક્યાં ગયો? આહાહા..!

'**બાહ્ય વિષયો અસુખરૂપ પ્રતીત થાય છે અને આત્મસ્વરૂપમાં જ સુખ પ્રતિભાસે છે.**' ઓહોહો..!

'**યોગનો અભ્યાસ શરૂ કરનારને, પૂર્વના સંસ્કારને લીધે,...**' એ તો સમજાવે છે. આવે છે. ગાથામાં આવે છે ને. ગાથામાં આવે છે. સંસ્કારને લઈને એવું આવે છે. એક પાઠ. ગાથા છે. બેય ગાથાઓ છે. .. સંસ્કારને લઈને પડી જાય છે એમ. એ બધી વસ્તુનું વર્ણન સમજાવવું છે. આહાહા..! અંતર આત્માના શુદ્ધ સ્વરૂપમાં જોડાણ કરવામાં '**શરૂ કરનારને, પૂર્વના સંસ્કારને લીધે, બાહ્ય વિષયો તરફનું વલણ જલદી છૂટતું નથી...**' એ લેવું. વલણ છૂટતું નથી એટલે ત્યાં સુખ ભાસે છે એમ વાત થાય છે. વસ્તુ તો આ છે હોં.

'**બાહ્ય વિષયો તરફનું વલણ જલદી છૂટતું નથી...**' એથી જેમ દુઃખ છે એમ ત્યાં સુખ છે એમ અર્થ કર્યો. નીચે છે ને એ બરાબર છે. '**યોગનો અભ્યાસ શરૂ કરનારને, પૂર્વના સંસ્કારને લીધે, બાહ્ય વિષયો તરફનું વલણ જલદી છૂટતું નથી અને તેથી તેને આત્મસ્વરૂપમાં રમવું મુશ્કેલ લાગે છે.**' એ બરાબર છે. ભાવ આ છે. બહારના વિષયોના લક્ષથી ભેદના લક્ષથી પણ છૂટવું એ જલદી છૂટતું નથી. ખરેખર તો રંગરાગ ને ભેદથી ભિન્ન છે. ઓલામાં આવ્યું હતું ને? રંગરાગથી ભિન્ન, ભેદથી ભિન્ન. એ ભેદથી ભિન્ન ત્યાંથી ખસવું જલદી એનું કઠણ પડે. એથી ત્યાં સુખ હોય એમ લાગે એમ કહે છે. આહાહા..!

'**તેથી તેને આત્મસ્વરૂપમાં રમવું મુશ્કેલ લાગે છે.**' એ લેવું. આત્મામાં દુઃખ ભાસે છે એનો અર્થ આ કે મુશ્કેલ લાગે છે. અહીંથી એ છૂટવું કઠણ પડે છે, અહીં જવું મુશ્કેલ પડે છે. આહાહા..! આવી વ્યાખ્યા હવે આ ઉપદેશ આમાં માણસ ભેગા ક્યાંથી થાય? આહાહા..! હવે તો સાંભળે છે લોકો સાંભળે છે. લાખો, લાખો માણસો આવે છે. સાગરમાં જુઓ તો પંદર-પંદર હજાર માણસ. શેઠિયાના નહિ... બેય શેઠિયાઓ કરોડપતિની તો વિશેષ સંખ્યા છે. આપણા ચીમનભાઈ તો બહુ પૈસા આપે છે. ચીમનલાલ તારાચંદ. દસ કરોડ એમ કોક કહેતું હતું. પણ પૈસા ઘણા છે. છતાં એને કાંઈ દેખાય નહિ. કાંઈ નરમ... નરમ.. નરમ... અને એની એટલી છાપને વ્યાખ્યાનમાં પંદર હજાર માણસ. ચાર દિ' રહ્યા હતા. સુરઈમાં તો એક મહોત્સવ હતો માનસ્તંભનો. ત્યાં તો ઓલું છે ને? ક્લાસ છે ભાઈ ત્યાં સુરઈમાં. શું કહેવાય? આશ્રમ-આશ્રમ. આ માણેકચંદનું ગુરુકુળ છે. માણેકચંદ .. એ ગામથી જરીક છેટું છે. માઈલ એક છેટું હોં. ત્યાં માનસ્તંભ. ઓહો..! માણસો દસ હજાર.

પણ એ બધું આમ થયું એમાં આમ જાયને ત્યારે એને એમ આહાહા..! કાંઈક ધર્મની પ્રભાવના થશે માણસને. બાહ્ય વિકલ્પને તે ક્યારે પ્રભાવના કહેવાય? અંતરની નિર્વિકલ્પ પ્રભાવના થઈ હોય એને. વિકલ્પ ઉઠ્યો હોય એ બાહ્ય પ્રભાવના કહેવાય છે. આહાહા..! કોનું છે? ગુલાબચંદનું? છોટાલાલનું. હા બરાબર.

'**યોગનો...**' એટલે અંતર સ્વરૂપનો '**અભ્યાસ શરૂ કરનારને,...**' અંતર ચિદાનંદ સ્વરૂપમાં જોડાણ કરનારને '**શરૂ કરનારને, પૂર્વના સંસ્કારને લીધે, બાહ્ય વિષયો તરફનું વલણ જલદી છૂટતું નથી...**' એથી એમાં બાહ્ય સુખ છે એવું એને કહેવામાં આવ્યું. આહાહા..! અને તેવી રીતે '**તેને આત્મસ્વરૂપમાં રમવું મુશ્કેલ લાગે છે.**' એથી દુઃખ લાગે એમ એણે કહ્યું. ઓહો..!

'**આત્મ-ભાવનાનો અભ્યાસ જ્યારે તેને પરિપક્વ થાય છે...**' અંતર આનંદ જ્ઞાયકસ્વભાવની એકાગ્રતાનો અભ્યાસ પરિપક્વ-યથાર્થપણે થાય છે '**અને તે સ્વરૂપમાં સ્થિર થાય છે, ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.**' કેમકે અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ પ્રભુ છે. એમાં એકાગ્રતાથી અતીન્દ્રિય આનંદનું શક્તિમાંથી વ્યક્તતાનું વેદન થાય. આહાહા..! '**હવે તેને બાહ્ય વિષયો બધા નીરસ લાગે છે;...**' આહાહા..! ઈન્દ્રના ઈન્દ્રાસનો. ઓલામાં આવ્યું નહિ? ચક્રવર્તીની સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ, કાગવીટ સબ માનત હૈ કાગ વીટ સમ, સમ્યગ્દૃષ્ટિ લોક. એમાં વળી વીતરાગી લોક એમ લખ્યું છે. ત્યાં. .. ચોથે ગુણસ્થાને એનો અર્થ એવો કરે કે આગળવાળાને એ સમ્યગ્દૃષ્ટિ લોક એની વાત છે.

મુમુક્ષુ :- એ તો વીતરાગ છે ને એટલે?

ઉત્તર :- વીતરાગ જ છે. આહાહા..!

ચક્રવર્તીની સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ સબ માનત હૈ, કાગ વીટ સમ, સમ્યગ્દૃષ્ટિ લોક. આહાહા..! મનુષ્યની વિષ્ટાનું તો ખાતર પણ થાય. ભૂંડ પણ ખાય. કાગની વિષ્ટાનું ખાતર પણ ન થાય અને ભૂંડ પણ ન ખાય. એવી ઊપમા આપી લ્યો. જેને અંતર આનંદ ભાસ્યો છે એને બહારના ભોગો બધા કાગના વિષ્ટા જેવા લાગે છે. આહાહા..! એને પુણ્યનું ફળ કાગની વિષ્ટા જેવું લાગ્યું તો પછી પુણ્ય પણ શું છે? જેના ફળ કાગવિષ્ટ જેવા કીધા તો એનું કારણ? જેને બાહ્ય વિષયોમાં પ્રેમ છે અને પુણ્ય પ્રત્યે પ્રેમ છે. આહાહા..! અને બાહ્ય વિષયોમાં જેને ઠીક લાગે છે એને પુણ્યના પરિણામમાં ઠીક લાગે છે અને બાહ્ય વિષયોમાં જેને કાગની વિષ્ટા જેવું લાગે છે ફળ તરીકે, તો એના કારણ તરીકે જે પુણ્ય છે એ પણ કાગની વિષ્ટા જેવું છે. આહાહા..! એવું ન આવ્યું અંદર? આહાહા..! માણસ ભડકે પ્રેમ છે ને બહાર.

મુમુક્ષુ :- પુણ્યની રુચિ છે.

ઉત્તર :- હા રુચિ છે. પુણ્યની રુચિ તે જડની રુચિ છે આપણે આ છેને ચાકળો. સ્વાધ્યાય મંદિરમાં છે. આહાહા..!

મુમુક્ષુ :- આપણે પૈસા વગર હાલતું નથી.

ઉત્તર :- પૈસા વગર?

મુમુક્ષુ :- ચાલતું નથી.

ઉત્તર :- પૈસા વગર જ ચાલ્યું છે. પૈસા ક્યા આત્મામાં હતા? સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિ છે. એ તો કહ્યું હતું દસની સાલમાં. ઝવેર કેવા? નાગરભાઈના ભાઈ હરજીવનભાઈ. પૂછયું હતું

ત્યાં. મહારાજ! પૈસા વિના કાંઈ ચાલે અમારે? તમે પૈસાને આમ કહો છો. હરજીવનભાઈ હતા નાગરભાઈના ભાઈ. સમઢિયાળા. એને સામેનાનો પક્ષ હતો. નાગરભાઈને અહીંનો. પણ છતાં સાંભળવાનો પ્રેમ હતો.

પૈસા વિના જ આત્માએ ચલવ્યું છે. ખરેખર તો રાગ વિના દ્રવ્યે ચલવ્યું છે. નહિતર રાગ વિના દ્રવ્ય ન ચાલે તો દ્રવ્ય રાગ વિનાનું રહી શકે જ નહિ. એય..! હરજીવનભાઈ હતા. આપણે મ્યુનિસિપાલટીના હોલમાં વાંચતા ત્યારે. હોલમાં તમારા બાપે આ પ્રશ્ન કર્યો હતો. દેવ-ગુરુ-શાસ્ત્ર પર? એ શુદ્ધ છે. કાંઈ ખબર ન મળે. આ તો કહે દેવ-ગુરુ-શાસ્ત્ર હજી પુણ્યના ફળ. આહાહા..! પુણ્ય છે તે એના ફળ તરીકે તો કાગ-વિષ્ટા કીધી. તો એના કારણે પણ આત્માને કાંઈ લાભ કરનાર નથી એમ કહે છે. નુકસાન કરનાર છે. આહાહા..!

મુમુક્ષુ :- પરસન્મુખનો ભાવ છે ને.

ઉત્તર :- '**परदव्वादो दुग्गइ**' પછી આકરું લાગે છે માણસને.

એ વાત તો કહી હતી હોં બધા માણસને. હવે કાંઈ બાકી નથી. આમ કહે છે જુઓ. '**परदव्वादो दुग्गइ**' અમારા તરફની શ્રદ્ધાનો રાગ એ દુર્ગતિ છે, ચૈતન્યની ગતિ નથી. એના ફળમાં તો મનુષ્યપણું કે દેવપણું મળશે. એ ચૈતન્યની ગતિ છે? ચૈતન્યની ગતિ તો સિદ્ધપદ પામે એ ગતિ છે. આહાહા..! મીઠાશ છે ને બહારની (તેથી) અંતરની મીઠાશ આવતી નથી. આહાહા..!

'**આત્મ-ભાવનાનો અભ્યાસ...**' ભાવના શબ્દે એકાગ્રતા. ભાવના શબ્દે વિકલ્પથી એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એવું આવે છે ને સામાયિકમાં પણ આત્માની ભાવના હોય છે. પ્રવચનસારમાં. સામાયિકમાં. ત્યારે એ ભાવના(નો અર્થ) ઓલા રતનચંદજી શું કરે? વિકલ્પને ચિંતવનાર. સામાયિક. ભાવના એટલે શુદ્ધ ઉપયોગ થાય, અહીં તો શુદ્ધ ઉપયોગ એ જ ભાવના છે. અહીં વિકલ્પ છે એ ભાવના નથી એ તો રાગ છે. પ્રવચનસારમાં આવે છે ને જયસેનાચાર્યની. સામાયિકની વ્યાખ્યામાં.

ગૃહસ્થને સામાયિકમાં પણ કોઈ વખતે આત્માની ભાવના આવે છે. ભાવના શબ્દે ઉપયોગ શુદ્ધ ધ્યાન. એ કહે ભાવના એટલે વિકલ્પ. અરે.. હાલ.. હાલ.. અરે પ્રભુ! બધા અર્થો ફેરવી નાખ્યા. એ કહે છે, તમે ફેરવી નાખ્યું. એમ કહે છે. ભાવના શબ્દે ભાવ, વસ્તુ છે તેની એકાગ્રતા તે ભાવના. આહાહા..!

'**આત્મભાવનાનો અભ્યાસ જ્યારે...**' એમ. ભાવનાની વ્યાખ્યા છે આ. આનંદસ્વરૂપ ભગવાન, એના અનુભવમાં એકાગ્રતાનો અભ્યાસ '**જ્યારે તેને પરિપક્વ થાય છે અને તે સ્વરૂપમાં સ્થિર થાય છે, ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.**' મુશ્કેલી લાગતી એ છૂટી જાય છે એમ કહે છે. '**હવે તેને બાહ્ય વિષયો બધા નીરસ લાગે છે;...**' આહાહા..! આનંદના ધામને અનુભવ્યો અને આનંદનો અતીન્દ્રિય સ્વાદ લીધો પછી રહ્યું શું હવે? આહાહા..! છન્નું હજાર સ્ત્રી અને એક (મુખ્ય) સ્ત્રીની હજાર દેવ સેવા કરે એ બધા ઝેર જેવા લાગે.

મુમુક્ષુ :- એ ગોકુલ અષ્ટમી છે.

ઉત્તર :- એ વિકલ્પ છે.

મુમુક્ષુ :- રોજ પરણવા જાય અને રોજ..

ઉત્તર :- એ પરણવા પણ જાતો નથી. એ તો વિકલ્પ આવે છે એથી અસ્થિરતામાં આવી ગયો છે બસ એટલી વાત.

છઠ્ઠા ગુણસ્થાનના શુભભાવના પ્રમાદને જગપંથ કીધો છે. તો પછી આ અશુભભાવ આવે, સ્ત્રીના વિષય આદિનો રાગ હોય, પૂર્ણ વીતરાગ નથી તો રાગ આવે. પણ છે તો એ દુઃખરૂપ. કાળા નાગને જેમ દેખીને ડરે છે એમ આને... આહાહા..! પણ અસ્થિરતાવશ ખસી શકતો નથી એટલે આવે (પણ) એમાં પ્રેમ છે, રસ છે એમ નથી.

'**તેને તે ઉપરથી રુચિ ઊઠી જાય છે...**' જ્યાં અંતરનો માલ પોસાણમાં આવ્યો, પોસાણો માલ. વેપારીને પોસાય ત્યાંથી માલ લે છે કે નહિ? આહાહા..! એમ વેપાર અંતરમાં કરતા માલ પોસાઈ ગયો. આહા..! હવે એને રાગ પોસાતો નથી. આહાહા..! આવે ખરો, હોય ખરો. રુચિ ઊઠી જાય છે. '**આત્મસ્વરૂપમાં જ વિહરવું ગમે છે.**' ગોઠે તોપણ અંદરમાં રહેવું જ ગોઠે છે. આહાહા..! એ આવ્યુંને આવલિનું નહિ? એ એનો બધો ભવિષ્યનો આવલો કાળ એમાં જાવ. આહાહા..! સાતમામાં આવે અને છઠ્ઠે આવે એટલે વિકલ્પ આવે છે, પણ એ વિકલ્પ સંસારપંથ છે. આહાહા..!

'**માટે શ્રી અમૃતચંદ્રાચાર્ય પણ જિજ્ઞાસુ જીવને ઉદ્દેશીને કહે છે :- હે ભાઈ! તું કોઈ પણ રીતે...**' કળશ-૨૩. '**મહા કષ્ટે...**' એટલે કે મહાપુરુષાર્થે. આહાહા..! '**અથવા મરીને પણ...**' એટલે ગમે તેવા કષ્ટો અને પ્રતિકુળતાઓ હોય એને ન ગણીને... આહાહા..! '**તત્ત્વોનો કૌતૂહલી થા...**' શું છે આ ચીજ? ઓહોહો..! જેના વખાણ સર્વજ્ઞ વાણીમાં પૂરા ન કરી શકે એવી ચીજ! અનંત ચતુષ્ટય સંપન્ન પ્રભુ છે. ઓલા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નહિ. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત દર્શન, અનંત સત્તા, અનંત વીર્ય. સ્વભાવ છે એની હદવાળું સ્વરૂપ હોય નહિ. સ્વભાવ તો બેહદ હોય. એવો જે અનંત ચતુષ્ટય સ્વભાવ... આહાહા..!

'**મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થા...**' એકવાર. આહાહા..! અંતર જોવાને કુતૂહલ તો કર. આહાહા..! કુતૂહલ કરેને જોવાનું કાંઈ. એમ આ અંતર જોવાને કુતહલ તો કર અંદર. આહાહા..! '**અને શરીરાદિક મૂર્ત દ્રવ્યોનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ,...**' આહાહા..! શરીર, મન અને વિકલ્પ(નો) પાડોશી થા એટન? પાડોશી તો દૂરમાં હોય કે એના ઘરમાં હોય? પાડોશી પાડ-ોશીના ઘરમાં હોય. એકવાર તું પાડોશી થા. તારા ઘરમાં એ નથી. આહાહા..! એના ઘરમાં એ છે. આ તો માખણ છે બધું.

મુમુક્ષુ :- પકડમાં નથી આવતું.

ઉત્તર :- પણ એનો ખ્યાલમાં, શ્રદ્ધામાં તો લે એ આ છે અંતરમાં જવું. વીર્યનું એટલું તો તાબે કરી દે કે અંતરમાં જવાનું જે વીર્ય છે એ માર્ગ છે. આહાહા..! પછી બાહ્યમુખના જેટલા વિકલ્પો

એ બાહ્ય સંસારગત છે. સંસારને પ્રાપ્ત છે. આહાહા..!

**'એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ,...'** પાડોશીનો અર્થ કે મારા ઘરમાં એ ચીજ નથી. આહાહા..! મારા ઘરની એ ચીજ બહાર છે. **'તેમનાથી ભિન્ન એવા તારા આત્માનો અનુભવ કર;...'** વિકલ્પાદિ આદિ રાગ છે બધું. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ એનાથી ભિન્ન એવા તારા આત્માનો અનુભવ કર. ભગવાનના આત્માનો નહિ. તારા આત્માનો અનુભવ કર. તું એમ ભિન્ન છો.

**'તારા આત્માના ચૈતન્ય-વિલાસને દેખતાં જ...'** તારો આત્માનો ચૈતન્ય વિલાસ છે. રાગાદિનો વિલાસ એ તારો નહિ. એ તો પાડોશીનો છે. તારો વિલાસ ચૈતન્ય વિલાસ છે. જાણન-દેખન ચેતના એ એનો વિલાસ છે. **'આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલ દ્રવ્યો સાથે...'** પુદ્‌ગલ દ્રવ્યો સાથે. **'એકપણાનો તારો મોહ છૂટી જશે.'** આહાહા..! કહે છે પણ એ બધી વાત સાચી પણ એનો કોઈ ઉપાય બીજો? બીજો ઉપાય હોય કે નહિ?

મુમુક્ષુ :- પોતે પોતાનું સાધન છે પછી

ઉત્તર :- આ જ ઉપાય તારો છે. બીજું સાધન છે જ નહિ કોઈ. પ્રજ્ઞાછીણી એટલે અનુભવ. સ્વનો અનુભવ એ પ્રજ્ઞાછીણી. ખસી ગયો બહારથી. અંદર ગયો એ છીણી. એ અનુભવ છીણી. એને પ્રજ્ઞાછીણી કીધી. આહાહા..!

**'મૂર્તિક પુદ્‌ગલ દ્રવ્યો સાથે એકપણાનો તારો મોહ...'** મિથ્યાભ્રમ **'છૂટી જશે.'** સ્વભાવ-માં એકતા થતાં રાગ જે પૃથક્ છે એનો મોહ તને છૂટી જશે. આહાહા..!

**'તે ભાવના આ રીતે કરવી...'** એ ૫૩માં કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**तद्भावना चेत्थं कुर्यादित्याह–**

**तद्ब्रूयात्तत्परान्पृच्छेत्तदिच्छेत्तत्परो भवेत्।**
**येनाऽविद्यामयं रूपं त्यक्त्वा विद्यामयं व्रजेत्।।५३।।**

**તત્પર થઈ તે ઈચ્છવું, કથન-પૃચ્છના એ જ;**
**જેથી અવિદ્યા નષ્ટ થઈ, પ્રગટે વિદ્યાતેજ. ૫૩.**

**टीका :– तत् आत्मस्वरूपं ब्रूयात् परं प्रति प्रतिपादयेत्। तदात्मस्वरूपं परान् विदितात्मस्वरूपान् पृच्छेत्। तथा तदात्मस्वरूपं इच्छेत् परमार्थतः सन् मन्येत्। तत्परो भवेत् आत्मस्वरूपभावनादरपरो भवेत्। येनात्मस्वरूपेणेत्थं भावितेन। अविद्यामयं स्वरूपं बहिरात्मस्वरूपम् त्यक्त्वा विद्यामयं रूपं व्रजेत्।।५३।।**

તે ભાવના આ રીતે કરવી – તે કહે છે :-

શ્લોક – ૫૩

અન્વયાર્થ :- (तत् ब्रूयात्) તે એટલે આત્મસ્વરૂપની વાત કરવી, (तत् परात् पृच्छेत्) તે સંબધી આત્માનુભવી પુરુષોને પૂછવું, (तत् इच्छेत्) તેની ઈચ્છા કરવી–તેની પ્રાપ્તિને પોતાનું ઈષ્ટ બનાવવું અને (तत्परः भवेत्) તેમાં એટલે આત્મસ્વરૂપની ભાવનામાં તત્પર–સાવધાન રહેવું, (येन) જેથી (अविद्यामयं रूपं) અજ્ઞાનમય બહિરાત્મરૂપનો (त्यक्त्वा) ત્યાગ કરીને (विद्यामयं व्रजेत्) જ્ઞાનમયરૂપની એટલે પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાય.

ટીકા :- તે આત્મસ્વરૂપ કહેવું એટલે બીજાને સમજાવવું; બીજાઓને એટલે જેમણે આત્મસ્વરૂપ જાણ્યું હોય તેમને તે આત્મસ્વરૂપ પૂછવું તથા તે આત્મસ્વરૂપની ઈચ્છા કરવી અર્થાત્ પરમાર્થસ્વરૂપે તેને માનવું, તેમાં તત્પર રહેવું અર્થાત્ આત્મસ્વરૂપની ભાવનાનો આદર કરવો; જેથી, એટલે આવી રીતે આત્મસ્વરૂપની ભાવના કરવાથી, અવિદ્યામય સ્વરૂપનો એટલે બહિરાત્મસ્વરૂપનો ત્યાગ કરીને વિદ્યામય રૂપ એટલે કે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરાય.

ભાવાર્થ :- આત્મસ્વરૂપની ભાવના કેવી રીતે કરવી? તે પ્રશ્નના ઉત્તરમાં આચાર્ય આત્માર્થીને ઉદ્દેશીને કહે છે કે :-

આત્મસ્વરૂપ બીજાઓને સમજાવવું, જેમણે આત્મસ્વરૂપ જાણ્યું છે તેમને તેના જ વિષે પૂછી તે જાણવું, તેની ઈચ્છા રાખવી અર્થાત્ તેને એકને જ પરમાર્થ સત્ય માનવું અને આત્મસ્વરૂપની ભાવનામાં જ નિરંતર લાગ્યા રહેવું. આમ કરવાથી બહિર-ાત્મસ્વરૂપનો–અવિદ્યામય સ્વરૂપનો નાશ થશે. પરમાત્મ–સ્વરૂપની એટલે જ્ઞાનમય સ્વરૂપની પ્રાપ્તિ થશે.

વિશેષ

(૧) આત્મા સંબંધી જ વાત કર, સંસાર સંબંધી કાંઈ પણ વાત ન કર. તેમ કરવાથી બહારમાં ભમતો તારો ઉપયોગ તત્ત્વ–નિર્ણય તરફ વળશે.

(૨) આત્મા સંબંધી વધુ જ્ઞાન માટે વિશેષ જ્ઞાનીઓને પૂછ; તેથી આત્મા સંબંધી તારી શ્રદ્ધા સ્પષ્ટ થઈને દઢ થશે અને જ્ઞાન નિર્મળ થશે.

(૩) આત્મ–પ્રાપ્તિની જ ભાવના કર, બીજા કોઈ પર પદાર્થની કે ઈન્દ્રિય–વિષયના સુખની ઈચ્છા ન કર; એમ કરવાથી બાહ્ય ઈન્દ્રિય–સુખની પાછળ થતી નિરર્થક આકુળતા મટી જશે.

(૪) આત્મસ્વરૂપની ભાવનામાં જ નિરંતર અભિરત બન.

આવી રીતે તારા જ્ઞાનમાં, શ્રદ્ધામાં અને આચારમાં એક આત્માને જ વિષય બનાવ; બીજા કોઈ બાહ્ય પદાર્થને તારા જ્ઞાનનો વિષય ન બનાવ. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :-

'કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ.'૧

આત્મા જ એક પ્રયોજનભૂત વસ્તુ છે. તેની પ્રાપ્તિ જ કરવા યોગ્ય છે. તે સિવાય અન્ય પદાર્થોનો વિચાર મનના રોગ સમાન છે.

એવી રીતે સમજીને ધગશ અને ઉત્સાહપૂર્વક જો તું આત્મ-ભાવના કરીશ, તો અવિદ્યાનો-અજ્ઞાનતાનો નાશ થશે અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થશે.

"તે જ્ઞાનસ્વભાવરૂપ જ્યોતિ અવિદ્યાનો-અજ્ઞાનનો નાશ કરનાર છે તથા મહાન ઉત્કૃષ્ટ અને જ્ઞાનમય છે; માટે મુમુક્ષુઓએ તેના વિષયમાં જ પૂછવું, તેની પ્રાપ્તિની અભિલાષા કરવી તથા તેનો અનુભવ કરવો."૨

વળી શ્રી અમિતગિત આચાર્યકૃત 'યોગસાર'માં કહ્યું છે કે :-

"જે પુરુષ વિદ્વાન છે તેને તે આત્મ-પદાર્થનું નિશ્ચલ મનથી અધ્યયન કરવું યોગ્ય છે; તે ધ્યાન કરવા યોગ્ય, આરાધના કરવા યોગ્ય, પૂછવા યોગ્ય, સાંભળવા યોગ્ય, અભ્યાસ યોગ્ય, ઉપાર્જન કરવા યોગ્ય, જાણવા યોગ્ય, કહેવા યોગ્ય, પ્રાર્થના યોગ્ય, શિક્ષાયોગ્ય, દેખવા યોગ્ય અને સ્પર્શવા યોગ્ય છે, કારણ કે તેમ કરવાથી આત્મા સદા સ્થિરપણાને પામે છે."૩ ૫૩.

---

૧. જાુઓ - શ્રીમદ્ રાજચંદ્રકૃત 'આત્મસિદ્ધિ'.

૨. જાુઓ - ઈષ્ટોપદેશ-શ્લોક ૪૯.

अविद्याभिदूरं ज्योतिः परं ज्ञानमयं महत्।
तत्प्रष्टव्यं तदेष्टव्यं तद् द्रष्टव्यं मुमुक्षुभिः।।४९।।

३. अध्येतव्यं स्तिमितमनसा ध्येयमाराधनीवं
पृच्छयं श्रव्यं भवति विदुषाभ्यस्यभावर्जनीयम्।
वेद्यं गद्यं किमपि तदिह प्रार्थनीयं विनेयं,
दृश्यं स्पृश्यं प्रबवति यतः सर्वदात्मस्थिरत्वम्।।४९।।

(શ્રી અમિતગતિ આચાર્યકૃત યોગસાર-શ્લોક ૪૯)

**જેઠ સુદ ૧૩, શનિવાર તા. ૨૧-૦૬-૧૯૭૫**
**શ્લોક - ૫૩,**
**પ્રવચન - ૬૭**

આ સમાધિતંત્ર. ગાથા-૫૩.

**तद्ब्रूयात्तत्परान्पृच्छेत्तदिच्छेत्तत्परो भवेत्।**
**येनाऽविद्यामयं रूपं त्यक्त्वा विद्यामयं व्रजेत्॥५३॥**

'**ટીકા :- તે આત્મસ્વરૂપ કહેવું...**' જેને આત્માની પ્રાપ્તિ કરવી છે એને આત્માની અંતર્મુખની ધગશ વધારવી એમ કહે છે. બહિર્મુખમાં એ ચીજ નથી. અંતર્મુખ ચીજ છે. તેથી '**તે આત્મસ્વરૂપ કહેવું એટલે બીજાને સમજાવવું;...**' એટલે કે એ વખતે પણ પોતાનું ધ્યેય આત્મા તરફ છે એ વાતને સમજાવવામાં જોર મુખ્ય કહેવામાં આવે છે. આહાહા..! આ સમજાવવું એમ કહે છે. શાસ્ત્રની બીજી વાતું હોય. સવારમાં આવે છે ને. છ દ્રવ્ય આદિ જાણવાની વાત છે, પણ એ ગૌણપણે વ્યવહારની વાત. મુખ્યપણે પરમાર્થની વાત છે આ.

આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એના ભાવનું સ્વરૂપ જે છે એ કહેવું. પૂર્ણ ઈદં પૂર્ણાનંદ સ્વરૂપ છે, શુદ્ધ આનંદ છે. એટલે બીજાને એ રીતે સમજાવવામાં પણ એ વસ્તુનું ધ્યેય તરફ જોર રહે એ માટે સમજાવવું એમ કહે છે. છે તો વિકલ્પ પણ એ વખતે અંદર આ. ચૈતન્ય અંતર્મુખ પૂર્ણ આનંદ અને પૂર્ણ શુદ્ધ છે એમ સમજવું અને સમજાવવું.

'**બીજાઓને એટલે જેમણે આત્મસ્વરૂપ જાણ્યું હોય તેમને તે આત્મસ્વરૂપ પૂછવું...**' જે દુકાનેથી માલ મળતો હોય તે દુકાને જાવું ને? એમ આત્મા કઈ રીતે પ્રાપ્ત થયો છે જેને, એની પાસે જાવું કહે. કહો, સુજાનમલજી! આહા..! ભગવાન પૂર્ણ આનંદ. ક્ષેત્ર નાનું એમ ન જોવું. જગતમાં પર્યાયમાં અલ્પજ્ઞતા છે એ ઉપરથી એનું માપ ન કાઢવું. એ તો વર્તમાન છે. પણ અંદર સ્વરૂપ એનું પૂર્ણ છે. ભાવ... ભાવ... ભાવ... જ્ઞાયકભાવ, આનંદભાવ એવું જે ભાવનું સ્વરૂપ છે તેને પૂછવું. પામેલાને પૂછવું એમ કહે છે.

નિર્જરા અધિકારમાં તો એમ પણ આવે છે બહુ બધાને પૂછ નહિ, જા તને મોક્ષ થશે. નિર્જરાનો અધિકાર છે ને? કઈ અપેક્ષાએ ત્યાં કહ્યું એ સમજવું. સમજ્યાને પૂછવું. તારી પાસે જ પ્રભુ છે. તારી નયણના આળસે તે દેખાતો નથી. નયણ જ્યાં જવું જોઈએ ત્યાં નહિ ને બહારમાં ફર્યા કરે છે. આ ને આ ને આ. તો એ ચીજ તો અંતર્મુખ થાય ત્યારે જણાય એવી છે. આહાહા..!

એ ચીજને '**તે આત્મસ્વરૂપ પૂછવું તથા તે આત્મસ્વરૂપની ઇચ્છા કરવી...**' એટલે કે એને ઇષ્ટ બનાવવું. આહાહા..! આત્મસ્વરૂપની ઇચ્છા '**અર્થાત્ પરમાર્થસ્વરૂપે તેને માનવું,...**' એમ. અન્વયાર્થમાં એમ કહ્યું છે. '**તેની પ્રાપ્તિને પોતાનું ઇષ્ટ બનાવવું...**' એ બરાબર. ઇચ્છા એનો અર્થ ઇષ્ટ-અનિષ્ટ. આ પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એને ઇષ્ટ બનાવવું. આહાહા..! જેને આત્માની પ્રાપ્તિ કરવી હોય એને માટે આ છે.

'**પરમાર્થસ્વરૂપે તેને માનવું,...**' પરમાર્થ સ્વરૂપ જ એ આત્મા છે. આહાહા..! '**તેમાં તત્પર રહેવું અર્થાત્ આત્મસ્વરૂપની ભાવનાનો આદર કરવો;...**' અંતર આનંદસ્વરૂપ પ્રત્યેના ઉત્સાહથી આદર કરવો. વ્યવહારનો આદર અંદરથી છોડવો એમ કહે છે. '**જેથી, એટલે આવી રીતે આત્મસ્વરૂપની ભાવના કરવાથી,...**' છે ને તે? '**येनाऽविद्यामयं रूपं त्यक्त्वा**' '**અવિદ્યામય સ્વરૂપનો એટલે બહિરાત્મસ્વરૂપનો ત્યાગ કરીને...**' અને '**विद्यामयं रूपं**' આહાહા..! વિકલ્પ આદિ બધું અવિદ્યામય છે. એ અવિદ્યાને પોતાની માની છે, અજ્ઞાન અને રાગાદિને. એનું નામ બહિરાત્મા છે. રાગને વિકલ્પને પોતાનું માન્યું છે એ બહિરાત્મા વસ્તુમાં નથી અને બાહ્યમાં રાગ ઉત્પન્ન થયો એને પોતાનું માન્યું છે એ તો બહિરાત્મા છે. આહાહા..!

બહિર્ અંતરાત્મામાં એ રાગાદિ વિકલ્પ વ્યવહાર નથી. આહાહા..! એથી એ વ્યવહારમાં પોતાપણાની માન્યતાનો ત્યાગ કરવો એ બહિરાત્માનો ત્યાગ છે. આ લોકોને વ્યવહાર આવે ને વ્યવહાર? તો કહે એનો ત્યાગ કરવો. એટલે? આહાહા..! અંતર સ્વરૂપના વલણની વારંવાર તત્પરતામાં બાહ્ય લક્ષવાળા ભાવો એને છોડવા. આહાહા..! અધ્યવસાયમાં એમ કહ્યું નહિ બંધ અધિકારમાં. ભગવાને જ્યારે પરને જીવાડું, સુખી કરું, દુઃખી કરું, એવી માન્યતાના અધ્યવસાયને જ્યારે મિથ્યાત્વ કહ્યો છે. અમે તો જાણીએ છીએ કે જેટલો પરાશ્રય વિકલ્પ ઉઠે બધાનો નિષેધ કર્યો છે. એ તો એમ ગાથા પછી આવે છે એટલે એનો ઉપોદ્ઘાત કર્યો છે. ગાથા ૨૭૨માં એમ આવે છે. '**ववहारोऽभूदत्थो**' વ્યવહારનો નિષેધ.. નિશ્ચયાશ્રિત મુનિ પ્રાપ્ત કરે નિર્વાણને. આહાહા..!

જ્યાં તારો માલ છે ત્યાં તું જા. એમ કહે છે. તારો માલ તો અંદર ભાવમાં પડ્યો છે. અંતર્મુખ ભાવમાં માલ છે. આહાહા..! તેના તરફ જા. શી રીતે? કે બહિરાત્મપણાનો જે વિકલ્પ મારો અને વિકલ્પથી લાભ થાય એવું અવિદ્યામયભાવને એટલે બહિરાત્માપણાને છોડ. આ તો સમાધિતંત્ર છે ને. સમાધિ પ્રાપ્ત કેમ થાય? સમાધિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. સમાહિવર મુત્તમં દિંતુ. આવે છે શાંતિભાઈ! ક્યાં? સમાહિવર મુત્તમં દિંતુ. કર્યું છે કે નહિ લોગ્ગસ ઉજ્જોયગરે નહિ? એમાં આવે છે. લોગસ્સ ઉજજોયગરે એમાં. સમાહિવર મુત્તમં દિંતુ. એ કઈ સમાધિ? આહાહા..! આત્મા તરફનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ સમાધિ. ઓલા બાવા લગાવે સમાધિ એ સમાધિ નહિ. આધિ, વ્યાધિ અને ઉપાધિનો ત્યાગ કરીને અંદર સમાધિ લગાવે. આહાહા..!

'**બહિરાત્મસ્વરૂપનો ત્યાગ કરીને...**' એટલે કે જે અંતર સ્વરૂપમાં નથી એવો વિકલ્પ અને વ્યવહાર એને છોડ. એને છોડ. આહાહા..! અને '**વિદ્યામય રૂપ...**' જ્ઞાનમય જે સ્વરૂપ આત્મા.

ઓલું તો અવિદ્યામય હતું. પુણ્યનો વિકલ્પાદિ મારા અને એનાથી લાભ થાય એ તો અવિદ્યામય, અજ્ઞાનમય ભાવ હતો. આહાહા..! એને છોડી '**વિદ્યામય...**' વિદ્યામય જ્ઞાનસ્વરૂપ એવો જે આત્મા '**એટલે કે પરમાત્મસ્વરૂપ...**' એમ. પરમ-આત્મસ્વરૂપ '**પ્રાપ્ત કરાય.**' '**ત્યાગ કરીને વિદ્યામય રૂપ એટલે કે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરાય.**' ઘણું જ માખણની વાત છે આ તો ભાઈ! આહાહા..! સવારની વાત તો જાણવાની છ દ્રવ્ય છે એને જાણવા. એ આવે છે. એ યોગસારમાં આવે છે. યોગસારની ગાથા. યોગીન્દ્રદેવની. છ દ્રવ્યને જાણવા. પ્રયત્નથી જાણવા એમ કીધું ત્યાં. આવે છે કડી કંઈ આવે છે – જાણવું પ્રયત્નથી. બાકી તો ખરું તો આ તરફ વળવું એને જાણવું. આહાહા..! ત્યારે એને વ્યવહાર એવો હોય. આહાહા..!

'**વિદ્યામય રૂપ એટલે કે...**' જ્ઞાનસ્વરૂપી આત્મા એટલે કે પરમસ્વરૂપી પ્રભુ. આહાહા..! વિદ્યામયં એકલો જ્ઞાનમય આત્મા. જ્ઞાનમાત્ર આત્મા. આહાહા..!

મુમુક્ષુ :- સવારે જ્ઞાનસ્વભાવી આત્મા.

ઉત્તર :- એ જ્ઞાન સ્વભાવી ભાવો અને છેવટે સમયસારમાં તો એમ કહ્યું કે ભાઈ જ્ઞાનમાત્ર આત્મા નિર્ણય થયો. છેલ્લે. હવે એને સ્યાદ્વાદ આવ્યું કે નહિ? એમ કરીને પછી ઉઠાવ્યું છે. ઉપાય-ઉપેયનું. મૂળ તો આખા સમયસારના ૪૧૫ શ્લોક અને કળશો કરીને આત્મા જ્ઞાનમાત્ર છે એમ નક્કી કર્યું. છેલ્લે એ શબ્દ છે. આહાહા..! જ્ઞાનમાત્ર. આહાહા..!

મુમુક્ષુ :- એમાં જ આ વ્રત વગેરે..

ઉત્તર :- વ્રત, તપ બધા વિકલ્પો છે. બહુ આકરું લોકોને લાગે.

અહીં તો આ જુઓને ગાથાએ ગાથાએ વ્યવહારના તો ભુક્કા ઉડાવે છે. પર તરફના લક્ષવાળા વિકલ્પોને છોડ. આહાહા..! આ તો સત્‌ને પ્રાપ્ત કરવું હોય તો આ વાત છે એની. વાતું કરવી હોય અને એમ ને એમ કાંઈ આમ વ્યવહારે પણ આમ હોય, નિશ્ચયે આમ હોય, નિમિત્તથી આમ થાય. નેમિચંદ થઈ ગયા હતાને ભાઈ આ પંડિત. જ્યોતિષ નહિ? ગુજરી ગયા. ચાર પુસ્તક છપાણા. ચાર. ત્યાં આપ્યા હતા. ક્યાં આપ્યા હતા? સાગરમાં. ચાર આપ્યા હતા. પાછા ચાર પાછા બીજેથી મળ્યા. આઠ આવ્યા હતા. કોક પાનું જોયું હશે અને કોક ઠેકાણે હમણાં ભાઈ લાવ્યા હતા. ચેતનજી. કોકવાર જોયું હશે એમાં આવ્યું હતું નિશ્ચયથી પરમાત્મસ્વરૂપ છું. કાર્ય બે કારણથી થાય, ઉપાદાન અને નિમિત્તથી. એમ આવે.

એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. બહુ ઝીણી વાત છે, બાપુ! સ્વના સન્મુખ થઈને જે જ્ઞાન થાય તે જ્ઞાન નિમિત્ત હોય તો એનું જ્ઞાન કરે છે. નિમિત્ત છે માટે જ્ઞાન કરે છેને? એ જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે નિમિત્ત છે માટે આ એનું જ્ઞાન એમ પણ નહિ. નિશ્ચય નિમિત્ત છે માટે નિશ્ચય થયું એમ પણ નહિ, પણ એને જાણવાનું જે જ્ઞાન થયું એ નિમિત્ત છે માટે જાણવાનું જ્ઞાન થયું એમ પણ નહિ. આહાહા..! એ તો સ્વપરપ્રકાશનું સામર્થ્ય જ છે એથી એમ જાણીએ. આહાહા..! આવો માર્ગ બહુ લોકોને બિચારાને.

મુમુક્ષુ :- આવો માર્ગ પણ સાંભળવા ક્યાં મળે છે?

ઉત્તર :- છે નહિ ક્યાંય. આહાહા..! પરમસત્ય, પરમસત્ય.

કહે છે, '**विद्यामयं**'ની વ્યાખ્યા કરી. પાઠ છે ને? '**येनाऽविद्यामयं रूपं त्यक्त्वा विद्यामयं व्रजेत्।**' એટલે? વિકલ્પાદિ જે છે એ તો અજ્ઞાનમય છે. આહાહા..! રાગાદિને અચેતન કહ્યો છે ને. એમાં વિદ્યા ક્યાં છે? જ્ઞાન ક્યાં છે? આહાહા..! '**अविद्यामयं रूपं त्यक्त्वा**' એમ જુઓને ભાષા. વિકલ્પાદિ અવિદ્યામય સ્વરૂપ છે. આહાહા..! એના લક્ષને છોડી દે. છોડવાનો અર્થ કે એનું લક્ષ છોડી દે અને વિદ્યામયં પ્રભુ જ્ઞાનમય પરમાત્મસ્વરૂપ, પરમસ્વરૂપ '**व्रजेत्**' ગ્રહણ કર, પ્રાપ્ત કર. આહાહા..!

હવે આ બધા ઈચ્છામી પડિક્કમણુ તસ્સ ઉત્તરીવાળાને ભારે આકરું લાગે. ઓલું તો સામાયિક કરી ને પોષા કર્યા. અરે.. પ્રભુ! સાંભળને ભાઈ! આ તો નિશ્ચયની વાત નિશ્ચયની. પણ નિશ્ચય એટલે સત્ય વાત. વ્યવહાર એટલે આરોપિત કથન. .. સંબંધ છે એ તો. આહા..! વ્યવહારનો આ અર્થ નથી કર્યો ભાઈએ? કળશ ટીકાકારે. વ્યવહાર એટલે કથનમાત્ર. એમ ભાષા લીધી. કહેવામાત્ર એમ શબ્દ પડ્યો. અને ઘણે ઠેકાણે તો જૂઠું... જૂઠું... એવો શબ્દ વાપર્યો છે કળશમાં. આહાહા..! જૂઠો જ છે. વ્યવહાર આત્મામાં છે ક્યાં? સત્ પ્રભુ વિદ્યામય આત્મા એકલો જ્ઞાનસ્વભાવી વસ્તુ એને પ્રાપ્ત કર. અવિદ્યામય ત્યજીને એક વિદ્યાને પ્રાપ્ત કરાય. માટે અવિદ્યામય છોડ એમ કહ્યું. જુઓ આ માર્ગને પામવાની રીત. આહાહા..! બીજા ભલે જાણપણા ઓછા-વત્તા હોય પણ વસ્તુ આ.

'**येनाऽविद्यामयं रूपं त्यक्त्वा विद्यामयं**' એનો અર્થ એ. '**विद्यामयं रूपं व्रजेत्।**' પંડિતજી! અહીં રૂપ નાખ્યું પાછું આમાં. રૂપ એટલે સ્વરૂપ. '**येनाऽविद्यामयं रूपं त्यक्त्वा विद्यामयं रूपं व्रजेत्।**' આહાહા..! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ અવિદ્યામય છે. એનું રૂપ જ અવિદ્યામયનું રૂપ છે આ. આહાહા..! એને '**व्रजेत्**' છોડ. જેથી વિદ્યામયરૂપ પ્રાપ્ત કરાય. આહાહા..! એમ કહે છે. જ્ઞાનમય એમ કીધું છે ને. ત્યાં તો જ્ઞાનમય જ ઠરાવ્યું છેને બધાને. પછી કહે કે આમાં સ્યાદ્વાદ આવ્યું? ત્યાં આવી ગયું છે સ્યાદ્વાદ સાંભળને. જ્ઞાનમય છે એમ કહેતા પરમય નથી. એમાં બધું આવી ગયું. આહાહા..!

એ જ્ઞાનમય હોવા છતાં ઉપાયઉપેયપણે એકરૂપે એકલો પરિણમે છે. સાધકપણે જ્ઞાન પરિણમે છે અને સાધ્યપણે જ્ઞાન પૂર્ણ પરિણમે છે. એને બીજા દ્રવ્યના સહારાની જરૂર નથી. આહાહા..! આવો માર્ગ બાપુ આકરો. જેને સંસારને કાંઠે આવ્યો હશે એને આ બેસે એવું છે. ભારે વાત છે. એમાં ઓલા કહે કે પુણ્યન ઉપર તો ડાંગ લઈને બેઠા છે. એમ કીધું હતું ને? શું કીધું હતું? કૈલાસચંદજીએ. ભાઈ કહેતા હતા પંડિતજી. એણે કહ્યું ને કે કૈલાસચંદજી આમ કહે છે. હવે એ ડાંગમાં.. ડાગમાં તો ભૂક્કો થાય. અહીં તો ભુક્કો બળીને રાખ થાય. આહાહા..!

ભાષા જુઓને. '**तद्ब्रूयात्तत्परान्पृच्छेत्तदिच्छेत्तत्परो भवेत्। येनाऽविद्यामयं रूपं**' આહાહા..! પૂછવાનો વિકલ્પ પણ અવિદ્યામય છે કહે છે. એય..! સાંભળવાનો વિકલ્પ પણ અવિદ્યામય છે.

આહાહા..! કહેવાનો વિકલ્પ પણ અવિદ્યામય છે.

'**ભાવાર્થ :– આત્મસ્વરૂપની ભાવના કેવી રીતે કરવી?**' ભાવના શબ્દે વિકલ્પ ને એમ નહિ. અંતરમાં ભાવ જ્ઞાયકભાવ એની એકાગ્રતા. ભાવની ભાવના. જ્ઞાયકભાવ, જ્ઞાનભાવ, ભાવની ભાવના એટલે એકાગ્રતા. આહાહા..! '**તે પ્રશ્નના ઉત્તરમાં આચાર્ય આત્માર્થીને ઉદ્દેશીને કહે છે કે :–**' આમ છે ને? તે પૂછ તું આમ કરીને, એમ કરીને શિષ્યને કહે છે ને? સાંભળનારને કહે છે ને? સાંભળનાર એણે પૂછ્યું કે મહારાજ એ શું? કહે સાંભળ. તે જ વાતમાં જો વાત મોઢા આગળ રાખ. આત્માનું પૂછ. આત્માની વાત પૂછ. આહાહા..!

કેવી રીતે અમારે આહાર-પાણી ખાવા? એય.. સુગનચંદજી! બધા બોલે નહિ આ બોલે. કેવો આહાર બનાવીને ખાવો મહારાજ? હવે એ વિકલ્પ છે એને છોડ. નિર્દોષ આહાર લેવો એવો જે વિકલ્પ છે એ અવિદ્યામય છે. આહાહા..! ત્યારે ઓલા એક જણ કહે, નિર્દોષ આહાર ખાય તો પરિણામ સુધરી જાય. છે ને ઓલા તારાચંદજી નહિ? ચોટીલા. કપુરચંદભાઈના ભાઈ. બહુ બુદ્ધિ જાડી. નિર્દોષ આહાર. ઓળખો છો ચેતનજી? છે ને એમાં ઘણા વર્ષોથી. ૬૮માં મળ્યા હતા બોટાદ. ૬૮. પછી અહીં પણ આવ્યા હતા. નિર્દોષ આહાર-પાણી લેતા પરિણામ સુધરી જાય. અહીં તો કહે કે નિર્દોષ આહાર-પાણી લેવાનો જે વિકલ્પ છે એ અવિદ્યામય છે. એમાં જ્ઞાનનો અંશ નથી. આહાહા..! આવું છે.

મુમુક્ષુ :– ૫-૭ સાધુ આવ્યા હતા.

ઉત્તર :– હા, આવ્યા હતા.

મુમુક્ષુ :– નિર્દોષ આહારની વાત.

ઉત્તર :– બસ એ જ વાતું કરે. એના માટે બનાવે તો નિર્દોષ ક્યાં રહ્યો? આહાર-પાણી જોવે ને બનાવે. સવારથી બનાવે બધું. સાથે ચોકાવાળો હોય. આહાહા..! વ્યક્તિને માટે નથી વાત, પણ વસ્તુનું સ્વરૂપ એવું ફરી ગયું. અમારે હીરાજી મહારાજ તો આવું સાંભળે તો એને એમ થઈ જાય કે આ સાધુ આવા! એને માટે કરે, ચોકા બનાવે અને આ લે! આહા..! એને નિર્દોષ આહારનું બહુ હતું.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– એ કરે વ્યાખ્યાન. એક દિ' રહેવું હોય તો વ્યાખ્યાન કરે. સાધુને માટે કરીને આપશો તો ગર્ભમાં ગળશો. આહાહા..! બિચારાને એમને જેટલું માન્યતામાં હતું એટલું. આ ન મળ્યું. આહાહા..! નિર્દોષ આહાર-પાણી લેવાનો ભાવ એ શુભભાવ છે, વિકલ્પ છે. તેમાં જ્ઞાનનો અંશ નથી. આહાહા..!

'**આત્મસ્વરૂપ બીજાઓને સમજાવવું,...**' આવ્યું હતું ને પહેલું '**તદ્બ્રૂયાત્ત**' '**બ્રૂયાત્ત**' નો અર્થ કર્યો. '**જેમણે આત્મસ્વરૂપ જાણ્યું છે તેમને તેના જ વિષે...**' તેમને તેના જ વિષે '**પૂછી તે જાણવું,...**' એમ. એને પૂછવું કે મને કેમ પૈસા મળશે? ફલાણું થશે. એ પૂછવું જ નહિ. એને પૂછવું શું? ધૂળ કેમ મળશે એ પૂછવું જ નહિ. કો'કને પૂછવું એમ નહિ, એને પૂછવું જ નહિ. આહાહા..!

મારવાડી આવ્યા હતા નહિ? બાવળના. એ એને વાત કાને ગઈ હતી ઓલી ભભુતમલની. એને ૪૦ લાખ પેદા થયા. એમ થયું એ મારવાડમાં ચાલ્યું. હવે ભાઈ એની ત્યાં તે કોણ જાતું હતું. આ તે ગ્યા તે ગ્યા. આહા..!

અહીં તો કહે છે કે '**તેના જ વિષે પૂછી તે જાણવું,...**' આહા..! '**તેની જ ઈચ્છા રાખવી અર્થાત્ તેને એકને જ પરમાર્થ સત્ય માનવું...**' અર્થમાં કર્યું હતું ને ઈષ્ટ બનાવવું. અહીં એમ કર્યું કે ઈચ્છા કરીને પરમાર્થ સ્વરૂપે તેને માનવું. ખરે સ્વરૂપે એને જ માનવું કે આત્માનું જે સ્વરૂપ છે એ સંબંધી જ માનવું. આહાહા..! વ્યવહારની તો વાતું છોડાવી છે. સંભળાય છે?

મુમુક્ષુ :- થોડું થોડું

ઉત્તર :- એમ કેમ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજે તો ખરું ને. સોનગઢ ખરું ને અહીં.

'**તેને એકને જ પરમાર્થ સત્ય માનવું...**' આહાહા..! '**અને આત્મસ્વરૂપની ભાવનામાં જ નિરંતર લાગ્યા રહેવું.**' એ .. વાત છે. નિરંતર લાગ્યા રહેવું. જુઓને વેપારીને વેપારના ઓલા સ્વપ્નામાં પણ એ આવે છે વેપાર. આ લ્યો. પાંચ હાથ... પાંચ હાથ.. ભગત હતા ને રાણપર. એય..! તારા બાપ હતા ને નારણભાઈ? એના નોકર હતા એ. એ નોકર હતા તોપણ એને ધંધાનું બહુ. એ નોકર. ઘરનો માણસ કામ કરે એવું કામ કરે. એવી લાગણી. રાતે પછેડી પોતાની ઓલા બે ફાળ ને ત્રણ ફાળની હોય ને? લે પાંચ હાથ. ફાડી પછેડી ફાડી. જાગ્યો તો ઓય મારા. એ જેની જે એકતા. ઓલા સ્વપ્નામાં એમ આવે છે આહા..! આત્મા જુદો છે, રાગ જુદો છે. આહાહા..!

'**આમ કરવાથી બહિરાત્મસ્વરૂપનો-અવિદ્યામય સ્વરૂપનો...**' એમ. આહાહા..! બહિરાત્મા એટલે રાગાદિની ક્રિયા મારી છે એવું જે બહિરાત્માપણું એને અવિદ્યામય સ્વરૂપનો નાશ થશે. આ રીતે નાશ થશે કહે છે. અને '**પરમાત્મ-સ્વરૂપની એટલે જ્ઞાનમય સ્વરૂપની પ્રાપ્તિ થશે.**' પરમાત્મા એટલે વિદ્યામય કીધું ને? વિદ્યામય એટલે જ્ઞાનમય, જ્ઞાનમય એટલે પરમાત્મમય. પરમસ્વરૂપ. એની પ્રાપ્તિ થશે.

'**(૧) આત્મા સંબંધી જ વાત કર,...**' અમિતગતિની વાત કરશે અને પરમાર્થ વચનિકા. પદ્મનંદી પંચવિંશતિમાં છે. આખો એક શ્લોક છે ૧૧ બોલનો. એમાં આ નાખ્યું છે. '**સંસાર સંબંધી કાંઈ પણ વાત ન કર. તેમ કરવાથી બહારમાં ભમતો તારો ઉપયોગ તત્ત્વ-નિર્ણય તરફ વળશે.**' અંતર જ્ઞાયકસ્વભાવ, પરમાત્મસ્વભાવ જ્ઞાનમય સ્વભાવ એના તરફ તારું વલણ થશે. આહાહા..! ઓલા કહે, સર્વ પ્રાણીને ન મારવા કોઈ પ્રાણીને. એ સિદ્ધાંતનો સાર. 'અહિંસા સમયં ચેવ' આ કહે છે કે હવે પરમાત્મસ્વરૂપ પોતે સર્વનો સાર છે. એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ સાર છે. આહાહા..! બિચારાને મળ્યું નહિ એટલે શું કરે?

'**(૨) આત્મા સંબંધી વધુ જ્ઞાન માટે વિશેષ જ્ઞાનીઓને પૂછ;...**' બીજો પ્રશ્ન એનો

ખુલાસો. '**તેથી આત્મા સંબંધી તારી શ્રદ્ધા સ્પષ્ટ થઈને દૃઢ થશે...**' એ તો વ્યવહારથી એમ કહ્યું. અને જ્ઞાન નિર્મળ થશે. બીજો બોલ થયો. '**तद्ब्रूयात्तत्परान्पृच्छेत्त**' બીજો બોલ થયો.

'(૩) **આત્મ પ્રાપ્તિની જ ભાવના કર.**' એ તત્પરની વાત છે. આત્મ પ્રાપ્તિ કર. મહા આનંદનું નિધાન અનંત ગુણનો ખજાનો પ્રભુ એની પ્રાપ્તિની જ ભાવના કર. આહાહા..! '**બીજા કોઈ પર પદાર્થની કે ઇન્દ્રિય-વિષયના સુખની ઇચ્છા ન કર;...**' આહાહા..! પાંચ ઇન્દ્રિય તરફના વલણમાં કંઈક ઠીક છે એવો જે ઉત્સાહ (એ) છોડી દે. આહાહા..! એવી વાત છે. આવો ઉપદેશ કરે. ચાર મહિના થયું ને બહાર. હવે આ તો ટાઢા પહોરની વાત છે ને. શીતળતા... શીતળ-તા... શીતળતા...

મુમુક્ષુ :- આપ બહાર રહો છો તો અહીંના માણસોને બહુ અગવડતા થાય છે.

ઉત્તર :- અગવડતા, અંદરમાં જાય તો અગવડતા બધી મટી જાય.

મુમુક્ષુ :- પણ એ માટે આપની હાજરીની જરૂર પડે.

ઉત્તર :- આવતી સાલનું તો આ છે ને અહીંનું વઢવાણનું છે. મદ્રાસવાળાનું છે. આનું અમે ગયા તે દિ' ઓલું કરાવ્યું. પોણા બે લાખ.

મુમુક્ષુ :- .. .. મોટો પ્રોગ્રામ ગોઠવાય છે.

ઉત્તર :- કહે છે એ આત્મા પ્રાપ્તિની જ ભાવના કર. એ '**तत्पर**'ની વ્યાખ્યા છે હોં. '**पृच्छेत्तदि-च्छेत्तत्परो**' છે ને? આહાહા..! ઇન્દ્રિય વિષયના સુખની. જે પર તરફના ભાવમાં જરીક મીઠાશ હોય એ વિષયમાં સુખ લાગે. છોડી દે. આહાહા..! '**એમ કરવાથી બાહ્ય ઇન્દ્રિય-સુખની પાછળ થતી નિરર્થક આકુળતા મટી જશે.**' આહાહા..! '**ઇન્દ્રિય-વિષયના સુખની ઇચ્છા ન કર; એમ કરવાથી બાહ્ય ઇન્દ્રિય-સુખની પાછળ થતી નિરર્થક આકુળતા મટી જશે.**'

'(૪) **આત્મસ્વરૂપની ભાવનામાં જ નિરંતર અભિરત બન.**' અભિરત-એની સન્મુખ થઈને એમાં રત થા. કરવાનું તો આ છે. લાખ શાસ્ત્ર ભણે, .. ભણે એમ કહે, પણ આ વસ્તુ કરવાની તો આ છે. '**આવી રીતે તારા જ્ઞાનમાં, શ્રદ્ધામાં અને આચારમાં એક આત્માને જ વિષય બનાવ;...**' આહાહા..! ૧૭-૧૮માં આવ્યું ને? ૧૭-૧૮માં. કે આ આત્મા જ્ઞાનમાં જણાણો એ જ્ઞાન અને જણાણો આ આત્મા એવી શ્રદ્ધા. એમાં એવી શ્રદ્ધા થઈ કે આત્મામાં ઠરીશ, આમાં ઠરીશ એટલે દરજ્જે કર્મ છૂટશે. સમજાણું કાંઈ? નિર્જરાનો આ ઉપાય એમ કહે છે. આહાહા..! સ્વના આશ્રયમાં જેટલો ઠરીશ એટલી નિર્જરા એટલે કર્મ ટળશે. આહાહા..! અપવાસ નિર્જરા, તપસ્યા નિર્જરા આવે છે ને? એ તો નિમિત્તનું કથન છે.

નિર્જરા તો ત્યારે થાય કે શુદ્ધ ચૈતન્યનો આશ્રય લે અને પવિત્ર પર્યાય પ્રગટ થાય ત્યારે અશુદ્ધતા ટળે એટલે કર્મ ટળે. એ નિર્જરા કહેવાય. અશુદ્ધતા... નિર્જરાના ત્રણ પ્રકાર-એટલા પ્રમાણમાં શુદ્ધત્વનું ઉત્પન્ન થવું, સ્વને આશ્રયે શુદ્ધનું ઉત્પન્ન થવું એ પણ નિર્જરા લીધી છે. ત્રણ પ્રકાર નિર્જરાના. અને અશુદ્ધતાનો વ્યય થવો એ પણ એક નિર્જરામાં ગણ્યું છે. અને એનું નિમિત્ત

જેટલા કર્મના રજકણના એ અશુદ્ધતા ટળી એટલા રજકણો ત્યાં એને કારણે ગળે-ટળે એને પણ નિર્જરા કીધી છે. આહાહા..!

**'બીજા કોઈ બાહ્ય પદાર્થોને તારા જ્ઞાનનો વિષય ન બનાવ.'** આહાહા..! બહાર જોવાને આંધળો થા. અંદર જોવાને હજાર નેત્ર ખોલ. આહાહા..! **'શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે :- કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ.' 'આત્મા જ એક પ્રયોજનભૂત વસ્તુ છે.'** આ છોકરાએ ગાયન બનાવ્યું એમાં 'આનંદનું પ્રયોજન છે' એમ નાખ્યું છે. જ્ઞાનથી જાણે, દર્શનથી દેખે, ચારિત્રનો વિષય સ્થિરતા એમ લીધું. વિષય ન લીધો. ચારિત્ર એટલે સ્થિરતા. મારું પ્રયોજન આનંદ છે એમાં છે. આનંદનું પ્રગટ થવું એ પ્રયોજન છે. સમ્યગ્દર્શનમાં પણ આનંદનું પ્રયોજન, જ્ઞાનમાં પણ આનંદનું પ્રયોજન, ચારિત્રમાં પણ આનંદનું પ્રયોજન. આ તમારા દીલીપે બનાવ્યું છે. નવું નવું ગાયન છે. છેને ચોપડી પેલી? ચોપડી છેને તમારા હાથમાં?

**'આત્મા જ એક પ્રયોજનભૂત વસ્તુ છે. તેની પ્રાપ્તિ જ કરવા યોગ્ય છે. તે સિવાય અન્ય પદાર્થોનો વિચાર મનના રોગ સમાન છે.' 'બીજો નહિ મનરોગ'** છે ને? **'આવી રીતે સમજીને ધગશ અને ઉત્સાહપૂર્વક જો તું આત્મ-ભાવના કરીશ,...'** આત્મભાવના કરીશ. આત્મસ્વભાવની એકાગ્રતારૂપી ભાવના કરીશ **'તો અવિદ્યાનો-અજ્ઞાનતાનો નાશ થશે અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થશે.' 'विद्यामयं व्रजेत्' 'આત્મસ્વરૂપની પ્રાપ્તિ થશે.'**

હવે આ ઈષ્ટોપદેશનો શ્લોક છે. ૪૯. અમિતગતિનો ૪૯. સમયસારની ૪૯ અવ્યક્તની.

**अविद्याभिदूरं ज्योतिः परं ज्ञानमयं महत्।**
**तत्प्रष्टव्यं तदेष्टव्यं तद् द्रष्टव्यं मुमुक्षुभिः।।४९।।**

આહાહા..! પુસ્તકો બધા નથી ઝાઝા? થઈ રહ્યા છે? અહીં મળતા નહિ હોય, નહિ? પહેલેથી લીધું નથી તમે? બેન પાસે તો હશે ને આ?

**'તે જ્ઞાનસ્વભાવરૂપ જ્યોતિ...'** આહા..! અગ્નિ ઉષ્ણસ્વભાવરૂપ જ્યોતિ, આ જ્ઞાનસ્વભાવરૂપ જ્યોતિ. **'જ્ઞાનસ્વભાવરૂપ જ્યોતિ અવિદ્યાનો-અજ્ઞાનનો નાશ કરનાર છે...'** અગ્નિની જ્યોતિ જેમ અંધકારનો નાશ કરનાર છે. દીવાની જ્યોતિ જેમ અંધકારનો નાશ કરનાર છે. એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવરૂપ જ્યોતિ એ અવિદ્યાનો-અજ્ઞાનનો નાશ કરનાર છે. **'તથા મહાન ઉત્કૃષ્ટ અને જ્ઞાનમય છે;...'** પાઠમાં છે ને. **'મહાન ઉત્કૃષ્ટ...'** ભાવ. સમયની પર્યાયની અનાદિની રચનામાં રોકાઈ ગયો છે. એક સમયની પર્યાય... મૂઢ કહ્યો ને ત્યાં?

બહાર જે વ્યક્ત છે એમાં જ એની દૃષ્ટિ પડી છે. પણ અંતર આખો અવ્યક્ત પડ્યો છે. પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત. વસ્તુની અપેક્ષાએ વ્યક્ત. આહાહા..! એવું આનંદઘન સ્વરૂપ. **'મહાન ઉત્કૃષ્ટ અને જ્ઞાનમય છે;...'** આહાહા..! **'अधियं मुणदि आदं' 'णाणसहावाधियं मुणदि आदं'** ત્યાં એ લીધું છે જ્ઞાનસ્વભાવ અધિક નામ ભિન્ન, આનાથી ભિન્ન, આનાથી અધિક અને આનાથી જુદો એટલે પૂર્ણ. જ્ઞાનસ્વભાવ **'अधियं मुणदि आदं'** જ્ઞાનસ્વભાવ એવા ભગવાન આત્માને વર્તમાન

એક સમયની પર્યાયથી અધિક નામ જુદો, અધિક નામ ભિન્ન, અધિક નામ પૂર્ણ. આહાહા..! **'णाणसहावाधियं मुणदि आदं'** એવા આત્માને તું જાણ. આહાહા..! જ્ઞાનસ્વભાવે પરિપૂર્ણ, પરથી ભિન્ન એટલે કે અધિક. આહાહા..! એક સમયની પર્યાયમાં આવતો નથી એ અધિક-ભિન્ન છે અને અધિક છે એટલે પરિપૂર્ણ છે. આ બધું અપૂર્ણ છે. એક સમયની પર્યાય પણ અપૂર્ણ છે. આ પૂર્ણ છે, ભિન્ન છે, અધિક છે. આહાહા..! એની ભાવના કર.

**'માટે મુમુક્ષુઓએ તેના વિષયમાં જ પૂછવું,...'** આ બધા પ્રશ્નો બધું છ દ્રવ્યનું જાણવું અને એનું બધું શાસ્ત્રમાં બહુ આવે છે. તો આવું નક્કી કરવા જાય તો ઓલાનું બલિદાન ન થઈ જાય? એ તો કીધું હતુંને સવારમાં. એ તો જાણવામાં આ હું નહિ એ માટે જાણવું છે. આહાહા..! આ હું નહિ અને આ હું એ માટે એને જાણવાનું છે. આહા..! હુકમચંદજીએ લખ્યું છે સારું.

**'માટે મુમુક્ષુઓએ તેના વિષયમાં જ પૂછવું,...'** ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, શુદ્ધ ચૈતન્યથી તે કેવડું અસ્તિત્વ છે? કેમ છે? ક્યાં છે? એ પ્રમાણે પૂછવું. આહાહા..! આવો માર્ગ છે. **'તેની પ્રાપ્તિની અભિલાષા કરવી...'** આહાહા..! પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતાથી થાય. એની અભિલાષા કરવી. **'તેનો અનુભવ કરવો.'** આહાહા..! એ ઈષ્ટોપદેશ-૪૯નો એ અર્થ થયો.

હવે **'વળી શ્રી અમિતગતિ આચાર્યકૃત યોગસારમાં કહ્યું છે કે :-'** એ પણ ૪૯ ગાથા છે. ઓલીકોર છે. એ પણ ૪૯ છે. આહાહા..!

**अध्येतव्यं स्तिमितमनसा ध्येयमाराधनीवं**
**पृच्छयं श्रव्यं भवति विदुषाभ्यस्यभावर्जनीयम्।**
**वेद्यं गद्यं किमपि तदिह प्रार्थनीयं विनेयं,**
**द्दश्यं स्पृश्यं प्रबवति यतः सर्वदात्मस्थिरत्वम्।।४९।।**

આહાહા..! આ પૂછ ને આ કર બધું, કહે છે. નિર્જરા અધિકારમાં એમ કહ્યું ભાઈ! તું પૂછ નહિ, બધું પડ્યું છે અંદર જાને, જોને. તને સુખ થશે અંદરથી. તને પ્રાપ્ત, ખબર પડશે. આહાહા..! કઈ શૈલીએ વાત કરી છે!

**'જે પુરુષ વિદ્વાન છે...'** દેખો! **'यतः सर्वदात्मस्थिरत्वम्'** અને **'विदुषाभ्यस्य'** એમ છેને બીજી લીટી કળશની. **'विदुषा'** જુઓ અહીં તો અમિતગતિ આચાર્ય કહે છે કે **'જે પુરુષ વિદ્વાન છે...'** આહાહા..! **'તેને તે આત્મ-પદાર્થનું નિશ્ચલ મનથી અધ્યયન કરવું...'** લ્યો. વિદ્વાન હોય એણે આ કરવું. **'જે પુરુષ વિદ્વાન છે તેને તે આત્મ-પદાર્થનું નિશ્ચલ મનથી...'** નિશ્ચલ મનથી **'અધ્યયન કરવું યોગ્ય છે;...'** આહાહા..! **'विदुषा'** છે ને?

**'તે ધ્યાન કરવા યોગ્ય,...'** ભગવાન પૂર્ણાનંદનો નાથ પૂર્ણસ્વરૂપ, પૂર્ણ ભાવસ્વરૂપ, પૂર્ણ પરમાત્મસ્વરૂપ **'ધ્યાન કરવા યોગ્ય,...'** છે. આહાહા..! અહીં તો આ ઉપરથી લીધું છે ને. ગાથા છે ને આ. આહાહા..! ૪૯નો આધાર આપ્યો ને? એનો અર્થ છે. ૪૯નો આધાર છે. છે ને જુઓને. **'अध्येतव्यं स्तिमितमनसा ध्येयमाराधनीवं'** કોને? **'विदुषां'** આ ૪૯ ગાથાનો અર્થ છે.

અમિતગતિના શ્લોકનો એનો અર્થ છે. પહેલો ઓલો અર્થ ગયો ઈષ્ટોપદેશનો. આ એનો. આની સાથે મેળ કરવા.

ધ્યાન કરવા યોગ્ય હોય તો પરમાત્મા પોતે છે. આહાહા..! પરમસ્વરૂપ, પરમભાવ, પરમશુદ્ધ, જ્ઞાનભાવ આરાધવાયોગ્ય છે. '**આરાધના કરવા યોગ્ય,...**' છે. એ એની આરાધના-સેવા કરવા યોગ્ય છે. આહાહા..! દેવ ને દેવીઓને આરાધે છે ને? આ આરાધવા યોગ્ય છે. તીર્થસ્થાનોમાં એવું થઈ ગયું એના અગ્રેસર હોય ને એમ કહે આપણામાં અહીં કોઈ પૈસા દે તો આપણે વધે તો આપણી શોભા. એવી લાઈન થઈ. પણ જરૂર પણ ન હોય ત્યાં એની. આ પદ્મ.. પદ્મ... પદ્મપુરાણ છે. તે કેટલું એક મકાન પડ્યું છે હવે ત્યાં પણ ઘર ન મળે કોઈ. બધા આવે બધા. પછી અગ્રેસર વાતું કરવા. એક કુંદકુંદ હોલની જરૂર છે. એમ જાણે કે ઠીક આ મહારાજને કુંદકુંદ છે ને? શું કરે છે આ? અને પાછા હીરાલાલ બેઠેલા. કુચામણવાળા ભાવનગરવાળા. એને મારે તો બોલાણું થોડું, કીધું, આ ઉદાર માણસ છે. એટલે એમ પકડ્યું એણે. મેં તો ઓલા ૮૦ હજાર આપ્યા હતા એ અપેક્ષાએ ઉદાર કહ્યા. તો કહે, કુંદકુંદહોલની જરૂર છે હવે. પૈસા કાઢો એમ કહે.

મુમુક્ષુ :- મહારાજ તો કહે.

ઉત્તર :- કઈ અપેક્ષાએ કીધું? ત્યાં એણે પોતાના .. કરવા માગે તો હતો. ભવંરલાલ છે ને? ભવંરલાલ પંડિત. કર્તાહર્તા એ છે. આ તો જે આ બધા આટલા પૈસાવાળા છે એમ કહેવામાં જોખમ છે. કારણ કે અહીં બહારના પાછા માણસો... કારણ કે ૪૦ લાખના...

મુમુક્ષુ :- અહીં પણ જોખમ છે અને સરકારમાં પણ જોખમ છે.

ઉત્તર :- એ જ કીધું ને. કે આટલા પૈસા તો આની પાસે છે. કહેવામાં આહારદાનમાં જોખમ છે. આ ઉદાર છે એમ કહેવામાં.. આ શું વાત છે? આહાહા..!

અહીં તો કહે છે કે આરાધવાયોગ્ય હોય તો એ છે એક જ ભગવાન આત્મા હોં. પરમાત્માની વાત પણ નહિ, અહીં તો આ પરમાત્મા. આહાહા..! આરાધવાયોગ્ય હોય તો આત્મા છે. પૂછવા યોગ્ય હોય તોપણ એ આત્મા છે. આહાહા..! કેવળજ્ઞાનીનું કેવળજ્ઞાન કેવું? અને સર્વજ્ઞ કેવા? એ કરતા કહે પૂછવા યોગ્ય આ એને પૂછને. કેવળજ્ઞાનનો પૂંજ પડ્યો છે આખો. એવી કેવળજ્ઞાનની પર્યાય તો અનંતી અનંતી અંદર પડી છે. મહા ભગવાન છે પ્રભુ તો. આહાહા..! અરે.. એવી વાત પણ ક્યાં છે? બાપુ! જગત ક્યાંક ક્યાંક સલવાઈ ગયું છે. અરે.. છૂટવાનો કાળ..

'**પૂછવા યોગ્ય, સાંભળવા યોગ્ય,...**' એ સાંભળવા યોગ્ય આત્મા એમ કહે છે. આહાહા..! '**અભ્યાસ યોગ્ય,...**' શાસ્ત્રના અભ્યાસમાં પણ આ અભ્યાસ યોગ્ય છે કહે છે. આહાહા..! '**ઉપાર્જન કરવા યોગ્ય,...**' ઉપાર્જન કરવું એટલે પ્રાપ્ત કરવું એ. '**જાણવા યોગ્ય,..**' એ છે. '**કહેવા યોગ્ય,...**' એ છે. '**પ્રાર્થના યોગ્ય,...**' એ છે. આહાહા..! પ્રાર્થના યોગ્ય એ ભગવાન આત્મા છે અંદર. કહો, સુજાનમલજી! આવી વાત છે આ.

'**શિક્ષા યોગ્ય,...**' છે એ. આ શિક્ષાને સમજવાને લાયક છે કહે છે. આહા..! '**દેખવા યોગ્ય**

**અને**' અનુભવવા યોગ્ય '**સ્પર્શવા યોગ્ય છે,...**' સ્પર્શવું એટલે એને અનુભવવું. આહાહા..! ત્રણ લોકના નાથ ચૈતન્ય પરમાત્માને સ્પર્શ. રાગ અને ફલાણાને સ્પર્શવું છોડી દે. આહાહા..! '**કારણ કે તેમ કરવાથી આત્મા સદા સ્થિરપણાને પામે છે.**' લ્યો! છેને? '**सर्वदात्मस्थिरत्वम्**' આમ તે સ્થિરપણાને પામે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

ननु वाक्कायव्यतिरिक्तस्यात्मनोऽसम्भवात् तद्ब्रूयादित्याद्ययुक्तिमिति वदन्तं प्रत्याह–

शरीरे वाचि चात्मानं सन्धत्ते वाक्शरीरयोः।
भ्रान्तोऽभ्रान्तः पुनस्तत्त्वं पृथगेषांनिबुध्यते।।५४।।

**टीका :– सन्धत्ते आरोपयति। कं आत्मनम्। क्व? शरीरे वाचि च। कोऽसौ मूढः? वाक्शरीरयोर्भ्रान्तो यथावत्स्वरूपरिच्छेदकोऽन्श्रतरात्मा पुनः एतेषां वाक्शरीरात्मानं तत्त्वं स्वरूपं पृथक् परस्परभिन्नं निबुद्धयते निश्चिनोति।।५४।।**

---

**વાણી–શરીરથી ભિન્ન આત્માનો અસંભવ હોવાથી તેને વિષે બોલવું (પૃચ્છા કરવી) ઈત્યાદિ યોગ્ય નથી–એમ બોલનાર પ્રતિ કહે છે :–**

**શ્લોક – ૫૪**

**અન્વયાર્થ :– (वाक्शरीरयोः भ्रान्तः) વચન અને શરીરમાં જેને આત્મભ્રાન્તિ છે તેવો બહિરાત્મા, (वाचि शरीरे च) વચન અને શરીરમાં (आत्मानं संधत्ते) આત્માનું આરોપણ કરે છે અર્થાત્ વચન અને શરીરને આત્મા માને છે; (पुनः) પરંતુ (अभ्रान्तः) વચન અને કાયમાં આત્મભ્રાન્તિ નહિ કરનાર અન્તરાત્મા (एषां तत्त्वं) તેમના (આત્મા અને વાણી–કાયના) સ્વરૂપને (पृथक्) એકબીજાથી ભિન્ન (निबुध्यते) જાણે છે.**

**ટીકા :– સંધાન કરે છે એટલે આરોપે છે. કોને? આત્માને. શામાં? શરીર અને વાણીમાં. તે મૂઢ કોણ છે? વાણી અને શરીરમાં ભ્રાન્તિવાળો અર્થાત્ વાણી તે આત્મા, શરીર તે આત્મા એવી વિપરીત માન્યતાવાળો બહિરાત્મા છે; પરંતુ તે બન્નેમાં જેને ભ્રાન્તિ નથી અર્થાત્ (તે બંનેનાં) સ્વરૂપને યથાર્થપણે જાણે છે તે અન્તરાત્મા, તેમના એટલે વાણી, શરીર અને આત્માના તત્ત્વને એટલે સ્વરૂપને પૃથક્ એટલે એકબીજાથી ભિન્ન જાણે છે નક્કી કરે છે.**

**ભાવાર્થ :– વાસ્તવમાં શરીર અને વાણી એ પુદ્‌ગલની રચના છે, તે મૂર્તિક–જડ છે અને આત્મસ્વરૂપથી વિપરીત લક્ષણવાળાં છે, છતાં અજ્ઞાની બહિરાત્મા તેમાં આત્મ–બુદ્ધિ કરે છે, તેને આત્મા માને છે. એ એનો ભ્રમ છે. આ ભ્રાન્તિને લીધે તે શરીરાદિકની જ**

ભાવના કરે છે, આત્માની ભાવના કરતો નથી.

જ્ઞાની અંતરાત્માને જડ શરીરાદિક અને ચેતન આત્માના સ્વરૂપનું યથાર્થ ભેદ-જ્ઞાન છે. તે આત્માને શરીરાદિકથી ભિન્ન જાણે છે. તેને શરીરાદિકમાં આત્મપણાની ભ્રાન્તિ નથી. તે શરીરને શરીર અને આત્માને આત્મા જ સમજે છે, એકનો બીજામાં મેળાપ કરતો નથી. તેને આત્માના અલગ અસ્તિત્વનું ભાન છે; તેથી તે નિરંતર આત્માની જ ભાવના કરે છે.

વિશેષ

'દેહાદિ પર પદાર્થ છે તે પર જ છે. તેને પોતાના માનવાથી દુઃખ થાય છે, કિન્તુ આત્મા આત્મા જ છે અર્થાત્ આત્મા પદાર્થ પોતાનો છે, તે કદાચિત્ પણ દેહાદિરૂપ થઈ શકશે નહિ. તેના આશ્રયે જ સુખની પ્રાપ્તિ થાય છે. માટે મહાપુરુષો તેને માટે જ ઉદ્યમશીલ હોય છે.'૧

'હું એક છું, શુદ્ધ છું, અરૂપી જ્ઞાન-દર્શનમય છું, બીજાું કંઈ-એક પરમાણુમાત્ર પણ મારું નથી,૨ એમ જ્ઞાની વિચારે છે.'

આવી રીતે જ્ઞાની ભેદ-જ્ઞાન કરી પર પદાર્થોથી ઉદાસીન થાય છે અને આત્માને તેનાથી પૃથક્ સમજી આત્મસ્વરૂપની ભાવના ભાવે છે. ૫૪.

---

**જેઠ સુદ ૧૪, રવિવાર તા. ૨૨-૦૬-૧૯૭૫**
**શ્લોક - ૫૪,**
**પ્રવચન - ૬૮**

જ્યારે ૫૩માં એમ આવ્યું કે વિદ્વાન પુરુષોએ તો '**આત્મ-પદાર્થનું નિશ્ચલ મનથી અધ્યયન કરવું...**' એમાંથી આ પ્રશ્ન ઉઠાવ્યો છે. તેનું ધ્યાન કરવું. એ વસ્તુનું ધ્યાન. '**આરાધના કરવા યોગ્ય, પૂછવા યોગ્ય,...**' એમાંથી પ્રશ્ન ઉઠાવ્યો છે. પૂછવા યોગ્ય કીધું છે ને? '**સાંભળવા**

૧. જુઓ - ઈષ્ટોપદેશ-૪૫.

૨. જુઓ-શ્રી સમયસાર ગુ.આવૃત્તિ-ગા.૩૮.

''હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે.'' (૩૮)

**યોગ્ય...**' એ આત્મા છે. '**અભ્યાસ યોગ્ય,...**' પણ આત્મા. '**ઉપાર્જન કરવા યોગ્ય,...**' પણ આત્મા. આહાહા..! પર્યાયનું ઉપાર્જન કરવું કેવળજ્ઞાન આદિ કે સમ્યગ્દર્શન. આહાહા..! '**જાણવા યોગ્ય, કહેવા યોગ્ય, પ્રાર્થના યોગ્ય,...**' આત્મા. લ્યો ઠીક ઓલી ભગવાનની પ્રાર્થના કરે છે ને? પ્રાર્થના યોગ્ય તો આત્મા છે. આહાહા..!

'**શિક્ષાયોગ્ય,...**' આત્મા. શિક્ષાને સમજાવવાને યોગ્ય હોય તો એ આત્મા છે. પોતે પોતાને સમજાવે એવો એ આત્મા છે. આહાહા..! '**દેખવા યોગ્ય...**' હોય તો આત્મા '**અને સ્પર્શવા યોગ્ય,...**' એટલે અનુભવવા યોગ્ય હોય તોપણ આત્મા. આહાહા..! આટલા બોલ લીધા છે. અમિતગતિએ. ત્યારે શિષ્યનો પ્રશ્ન ઉઠ્યો '**વાણી-શરીરથી ભિન્ન આત્માનો અસંભવ હોવાથી તેને વિષે બોલવું (પૃચ્છા કરવી) ઈત્યાદિ યોગ્ય નથી-**' એના વિષે બોલવું એ પોતે વાણી અને આત્મા તો એક છે. તો એના વિષે બોલવું એ બધું જુદું રહ્યું, જૂઠું ઠરે છે. સમજાણું કાંઈ? શિષ્યનો પ્રશ્ન આ છે કે વાણી અને શરીર બે આત્મા એક જ છે. પછી એના વિષે પૂછવું વાણીમાં આત્મા વિષે એ વાત ક્યાંથી રહી? એમ કહે છે. આહાહા..!

'**વાણી-શરીરથી ભિન્ન...**' કેમકે આત્મા વિના વાણી હોય નહિ, આત્મા વિના શરીર હોય નહિ એ તો આત્મા અને વાણી એક થઈ ગયા એમ કહે છે. સમજાણું? '**વાણી-શરીરથી ભિન્ન આત્માનો અસંભવ હોવાથી...**' વળી વાણી દ્વારા આત્માને પૂછવું એવી ભિન્નતા ક્યાં રહી? આહાહા..! એવું કર્યું છે. '**એમ બોલનાર પ્રતિ કહે છે :-**' આવું જે માનતો હોય અને બોલતો હોય એને આ કહેવામાં આવે છે. એમ વાત છે.

**शरीरे वाचि चात्मानं सन्धत्ते वाक्शरीरयोः।**
**भ्रान्तोऽभ्रान्तः पुनस्तत्त्वं पृथगेषांनिबुध्यते।।५४।।**

'**ટીકા :- સંધાન કરે છે એટલે આરોપે છે. કોને? આત્માને. શામાં? શરીર અને વાણીમાં.**' એ તો આરોપ કરે છે (પણ) એમ છે નહિ. આહાહા..! હું બોલું છું. માટે આત્મા અને વાણી એક છે. શરીર મારા છે. અને શરીરની સ્થિતિમાં મારી પ્રેરણા છે ત્યારે શરીર ચાલે એટલે આત્મા અને શરીર બે એક છે. એ રીતે તો અજ્ઞાની એને આરોપથી બોલે છે કહે છે. ઉત્તરવાળા કહે છે હોં. ઓલો કહે નહિ આમ છે બરાબર. તો આત્મા હોય તો વાણી નીકળે, આત્મા હોય તો શરીર ચાલે એ તો બધું એક જ છે. આહાહા..!

'**શામાં? શરીર અને વાણીમાં. તે મૂઢ કોણ છે?**' આહાહા..! એનો અર્થ એવું કહેવું છે અહીં કે આત્મા છે તો વાણી નીકળે છે. વાણી છે. એમ આત્મા છે તો શરીર છે. શરીર છે તો આત્મા છે. એ તો બધું એક જ થઈ ગયું. વ્યવસ્થિત જે એને કહેવું છે જ્ઞાનમાં એવી જ વાણી વ્યવસ્થિત નીકળે એમાં વાણી અને આત્મા જુદા ક્યાં રહ્યા? ત્યારે શિષ્યને ઉત્તર દે છે. એ આરોપ કરે છે મૂઢ જીવ. વ્યવસ્થિત વાણી છે, હું છું માટે વાણી નીકળે છે એવો અજ્ઞાની આરોપ કરે છે. મૂઢ છે એ. આહાહા..! સમજાણું કાંઈ?

તાણીને બોલવા માગે, જ્ઞાનમાં એમ થાય કે તાણી.. પણ એવું જ બોલાય. આપણે નહોતા બોલતા ઓલા બુંદેલખંડવાળા? કૈલાસચંદ. હળવે બોલો. એ હવે ઓછું થઈ ગયું. હળવે બોલો, ઉતાવળે બોલો, તાણીને બોલો. એ બધું કરતા. જોરથી બોલો. એટલે એ એમાં એવો ધ્વનિ આવે છે કે આપણે આત્મા છીએ તેવું જોરથી બોલવું નહિ નીકળે. હળવે-હળવેથી તો એ તો બધી આત્મા અને બે એક ચીજ છે માટે. સમજાણું કાંઈ? એમ નથી કહે છે. મૂઢ! સાંભળ. આહાહા..!

**'વાણી અને શરીરમાં ભ્રાન્તિવાળો...'** આહાહા..! એ મૂઢ કોણ છે? કે વાણી... જેવું જ્ઞાનમાં આવે કે આવું બોલવું છે તો એવું જ બોલાય માટે આત્મા એ છે. એ અજ્ઞાનીને ભ્રાન્તિ છે.

મુમુક્ષુ :- આપ બોલો છો એ?

ઉત્તર :- બોલે જડ. કોણ બોલે? બોલે એ બીજો. એ માટે તો આ ગાથા ઉપાડી છે. કે બોલવાની ક્રિયા વ્યવસ્થિત જે સામો પ્રશ્ન કરે એનો જ ઉત્તર જ્ઞાનમાં જણાય અને એવી જ વાણી નીકળે માટે વાણી અને આત્મા એક છે. આહાહા..! કેટલાક નથી કહેતા? કે વાણી શું ભીંતમાંથી નીકળે છે? એમ પૂછે છે કેટલાક. નહિ? ચંદુભાઈ! તારો બાપ, એ વળી ઓલો એમ કહેતો હતો લ્યો. એક જણો આવ્યો હતો પંદર દિ' રહ્યો. શ્વેતાંબર હતો. પંદર દિ' રહ્યો. અહીંયાં સાંભળીને ત્યાં ગયા ત્યારે રામવિજયને પૂછયું કે વાણી, કોણ બોલે મહારાજ વાણી? આ વાણી તું બોલે છે. તારો બાપ બોલે છે કે તું? કહો. આ માળા ગજબ કરે છે ને. અરે.. પ્રભુ! શું કરે છે ભગવાન! આહાહા..! એ માટે તો આ શ્લોક લીધો છે. સમજાણું?

જેવો ખ્યાલ હોય એવું જ બોલાય. જેવું જ્ઞાનમાં આવ્યું હોય કે મારો આવો ઉત્તર દેવો છે. એવી જ વાણી નીકળે છે. આહાહા..! અજ્ઞાનીને ભ્રમ પડે છે કે એ વાણી મારા જ્ઞાનમાં બરાબર એવી વાણી નીકળી. એ ભ્રમ છે, ભ્રાંતિ છે કહે છે. આહાહા..! સૂક્ષ્મ ન્યાય છે. સમાધિનો અધિકાર છે. એટલે વાણી અને શરીરની વ્યવસ્થિત અવસ્થામાં આત્માનો અધિકાર છે તેથી વ્યવસ્થિત થાય છે, માટે બે એક છે, જુદા નથી એમ અજ્ઞાનીની દલીલ છે. સમજાણું કાંઈ? આહાહા..!

સવારે એમ હતું કે પર્યાયમાં દેખાય નહિ બહાર, માટે તેનો ગુણ નથી અંદર? અને ગુણ નથી અને ગુણ ઓછો છે? આહાહા..! વાતને સિદ્ધ કરવાની દિગંબર સંતોની પદ્ધતિ જ કંઈક જુદી જાતની છે. આહાહા..! દ્રવ્ય, ગુણને પૂરા બતાવવા માટે આ બધી વાતું લેવાય છે. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે કે વાણી પણ વ્યવસ્થિત નીકળે માટે આત્મા અને વાણી બે એક છે એમ નથી. અજ્ઞાનીને ભ્રાંતિ થઈ છે. એ જ જાતની વાણી નીકળે, જેવું ઇચ્છા જ્ઞાનમાં આવ્યું કે આમ મારે પૂછવું છે તો વાણી એવી જ નીકળે. એવી સંધિ લઈને (અજ્ઞાનીએ) તકરારુ લીધી છે. પણ કોઈ વખતે એવું નીકળતું પણ નથી. સમજાણું કાંઈ? આહાહા..! વાણી અને શરીરમાં જીવની વ્યવસ્થિત દશાથી તે વ્યવસ્થિત આવે છે એવું અજ્ઞાનીની ભ્રાંતિ છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'વાણી તે આત્મા, શરીર તે આત્મા એવી વિપરીત માન્યતાવાળો બહિરાત્મા છે;...'** આહાહા..! કે જે બાહ્ય ચીજની વ્યવસ્થિત દશામાં આત્માનો અધિકાર છે માટે આત્મા એ છે એમ

માનનારા બહિરાત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? વકીલ-બકીલ કોણ બોલતો હતો? ભાષા બોલતા હતા વકીલ ક્યાં ત્યાં? આહાહા..! અમૃત ચંદ્રાચાર્યે કહ્યું નહિ છેલ્લા કળશમાં? હું આ વાણી સમજાવું છું. ન નાચો, એવો મોહ ન કરો. આહાહા..! વાણી પણ એને કાળે, ૧૦૨ ગાથામાં આવ્યું ને પ્રવચનસાર. છએ દ્રવ્યનો જન્મક્ષણ છે. તે તે પર્યાયની ઉત્પત્તિનો એને કાળ છે એનાથી ઉત્પન્ન થાય છે. આત્માના જ્ઞાનમાં એમ આવ્યું કે મારે આવો ઉત્તર દેવો એથી વાણી એવી આવી એમ નથી. એ વાણીની પર્યાયનો એ જાતનો જન્મક્ષણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહે છે. એના માટે તો આ વાંધા ઉઠાવ્યા છે. એના માટે તો આ શ્લોક ઉપાડ્યો છે. એમ છે નહિ. તને ભ્રમ લાગે છે એવો. આહાહા..! ભેદજ્ઞાન બતાવે છે એમ કરીને. એટલે સમાધિ કરવામાં ભાષા-બાષા મારાથી થાય છે, એમ આમથી થાય એ મૂકી દે, છોડી દે. આહાહા..! સમજાણું કાંઈ?

વિકલ્પ આવ્યો એથી ભાષાની વ્યવસ્થિત અવસ્થા નીકળી. રહેવા દે. આહાહા..! અને જ્ઞાનમાં પણ એમ આવ્યું કે આનો ઉત્તર આ છે. એવું જ્ઞાનમાં આવ્યું અને એ વ્યવસ્થિત વાણી એવી જ ઉત્તરની નીકળી માટે તે આત્મા અને શરીર, વાણી બે એક છે એમ નથી. આહાહા..! કહો, હવે વાણી અને આત્મામાં આરોપ આપે છે માળો મફત (અજ્ઞાની), અહીં તો કહે. આહાહા..! શરીરને પણ જ્યાં આમ ચલવું હોય જ્ઞાનમાં આવવું. કે અહીં મકોડો છે, આમ હતું. તો પગ એ રીતે વ્યવસ્થિત ઉપડે. માટે વ્યવસ્થિત જડની પર્યાયમાં જીવનો આરોપ આપીને અજ્ઞાની માને છે, પણ એમ છે નહિ. આહાહા..!

આ લાકડી જુઓ. હવે જ્યારે ઉપાડવી હોય તો લક્ષમાં એ આવે. વૃત્તિ એવી આવે અને જ્ઞાનમાં એમ આવે કે આ ઉપડે. ઉપડે કીધું છે. તે જ્ઞાનમાં આવ્યું હતું કે આને ઉપાડવું માટે તે ઉપડવાની અવસ્થા થઈ એવો આરોપ ભ્રાન્તિવાળો અજ્ઞાની આપે છે. આહાહા..! બહિરાત્મા છે. આહાહા..! વાણી અને શરીરની વ્યવસ્થા. આહાહા..! એના જ્ઞાનમાં આવ્યું છે કે આમ થાય, વાણી હું બોલું. તો એ વાણી એવી જ નીકળે એ અજ્ઞાનીની ભ્રાંતિ છે કે મેં આમ વિચાર્યું હતું અને બોલવું હતું એવી વાણી નીકળી માટે મારે અને એને સંબંધ છે એટલે એમાં હું આ છું એમાં. ભ્રાંતિ છે કહે. આહાહા..! જુઓ તો ખરા. વાણી શરીર, અને આત્મા બેનું... શાક ખાવું હોય તો હાથ પાધરો શાક રોટલીનું બટકું ઊપડે. નવીનભાઈ રહ્યા જુઓને. એને બિચારાને આમ પાણી ન પી શકે. રોટલી-બોટલીથી પાણી આમ થઈ જાય. છોકરો ભલો છે બિચારો બહુ. એમાં કાંઈ નહિ. એને તો નિવૃત્તિમાંથી યોગેશ કરશે બધું. હવે એને માથે શું? એમાં કાંઈ ખેદ કરવા જેવો નથી. આહાહા..! એમ કહેતા હતા કે એને પાણી કે અમારે પાવું પડે. આમ આમ થઈ જાય ને પાણી ઢોળાઈ જાય. આમ છે ત્યાં સુધી રહી જાય છે. આમ ઊંચું થાય... આહાહા..!

એ જ બતાવે છે કે એની ભાવના આમ થઈ છતાં એ સ્થિતિ ન (થઈ) પાણી પીવાની, ભાવ

હતો કે આમ એટલે એની ક્રિયા જ સ્વતંત્ર છે. આહાહા..! આ નાખવું છે એમ આ હોં. ઓલો અજ્ઞાની આરોપ આપે છે ને અસમાધિ મિથ્યાત્વ થાય છે. આહાહા..! એની નજર બહારમાં રહે છે. એમ કહે છે. એથી તે બહિરાત્મા છે. આહાહા..! લખવું, લખાવવું લ્યોને. જેવો લખવાનો ભાવ હોય એવી ભાષા નીકળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પછી તમારે સમજવા જેવું છે. લખવું, લખાવવું નથી આવતું? મોક્ષમાર્ગ પ્રકાશામાં આવે છે કે આવા શાસ્ત્ર વાંચવા, આવા લખવાપણું અને આમાં પણ આવે છે કળશમાં. કે લખવું, લખાવવું બધો વિકલ્પ છે. આહાહા..! આ શાસ્ત્રની ટીકા કરવી એ વિકલ્પ છે અને જે રીતે લખવાનો ભાવ હતો તેમ લખાણું, એથી અજ્ઞાનીને એમ થઈ જાય છે કે હું આમાં કાંઈક અધિકાર મારો છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ તો પણ એથી શું થયું? એ જડની અવસ્થાનો સ્વકાળ એને લઈને થઈ હતી. આહાહા..! આ તો જ્યાં ને ત્યાં અમે કરીએ... અમે કરીએ... અમે કરીએ... કોને કરે ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- નિમિત્ત તો કરે ને?

ઉત્તર :- નિમિત્તની વ્યાખ્યા શું? એમાં પ્રવેશ કરતો નથી એનું નામ નિમિત્ત. નિમિત્તની સત્તા– શરીર અને વાણીની સત્તામાં પ્રવેશ કરતો નથી. ભિન્ન રહે છે અને ભિન્ન રહે છે એટલે ભિન્નથી કાંઈ એમાં થાતું નથી. સુજાનમલજી! આ તો વીતરાગની કોલેજ છે ભાઈ! આહાહા..! ઓલા કહે, આમ બોલવું... આમ બોલવું... તાણીને બોલો, જોરથી બોલો. એક ઓલા હતા તમારે નહિ ભાઈ! રાજકોટ ઓલા કૃપાશંકર અને પ્રભાશંકર બે ભાઈ હતા. બોઘાણી. પ્રભાશંકર લખતા. ઓલા ટીબા ને કાંઈક સાકરકોટા.. દરવાજો છે ને એને માથે રહેતા. પ્રભાશંકર. એ આસ્તિક હતા, કૃપાશંકર નાસ્તિક હતો. ખબર છે ને બેય મળેલાને બધા. એ આવતા વ્યાખ્યાનમાં પહેલા. ૭૭માં. મહારાજ! હતું સાધારણ પાતળું શરીર એનું. આમ હળવે હળવે બોલો એમ નહિ. આમ બોલવું. કોણ એ બોલે કૃપાશંકર. અરે.. કોણ બોલે બાપા! આહાહા..! એ તો આવ્યા હતા. કોઈ ન હોયને પછી આવે. કૃપાશંકર અને પ્રભાશંકર બે ભાઈ હતા. બોઘાણી. શેરી છે ને ઓલા દરવાજો. દરવાજો છે ત્યાં માથે રહેતા ભાઈ. એ ચીતર ચીતરતા પ્રભાશંકર. કૃપાશંકર કોઈક હશે. આહાહા..!

એક તાણીને બોલવું એકવાર કહે. બીજો કોક દામનગર હતો. આ તો તમારો દાદો જ હતો. એય.. દામોદરભાઈ! હરીચંદ મુળજી નહિ મેડીવાળા? એ એમ બોલતા. ત્યાં વ્યાખ્યાન ચાલતું હતું ને જ્યાં. ત્યાં. ૭૬માં. પછી આ ૭૬માં. એ એમ બોલે. આમ તાણીને બોલવું.

મુમુક્ષુ :- તાણીને બોલે તો જ બધા સાંભળેને?

ઉત્તર :- કોણ તાણીને બોલે બાપા! આહાહા..!

આમાં પણ કહ્યું નહિ? આપણે પ્રવચનસારમાં છેલ્લા શ્લોકમાં. મોટે અવાજે કહેવું હતું એ કહેવાઈ ગયું. આવે છે? એનો અર્થ કે જે કહેવું હતું એ કહેવાઈ ગયું એમ એનો અર્થ. આહાહા..! એમ નહિ. ટીકા કરીને અમે તો સ્વરૂપમાં અમારા અસ્તિત્વમાં છીએ એમ કીધું. સ્વરૂપગુપ્ત કીધું છે ને. સ્વરૂપગુપ્તનો અર્થ એ. અમે તો અમારા અસ્તિત્વમાં છીએ. એ વાણીના અસ્તિત્વમાં અમે ક્યાં જઈએ? આહાહા..! સમજાણું કાંઈ? કહો, દાસ! આ બધું તમે કરો છાને મોટું મીલનું? મફતનો પગાર આપે તો કાંઈ વ્યવસ્થા કરતા હશે. એય.. ચંદુભાઈ! આહાહા..!

અહીં તો પ્રભુનું અસ્તિત્વ અને વાણીનું અસ્તિત્વ અને શરીરનું અસ્તિત્વ. તદ્દન તેનું સમયે સમયે તદ્દન ભિન્ન છે. એટલે વ્યવસ્થિત વાણી નીકળે માટે આત્માને કારણે નીકળી એમ નથી. આહાહા..! અને શરીર પણ બરાબર સમિતિથી ચાલે. શાસ્ત્રમાં એવું આવે કે જીવ દેખાય તો પગને ઊંચો કરવો. લ્યો એય..! આવતું અમારે ત્યાં સંપ્રદાયમાં. એક શિવ આર્જિકા હતાને એ બહુ કરતા. શિવ આર્જિકા નહિ આ પ્રેમચંદભાઈના ફઈ. ખારા-ખારા. દીક્ષા લીધી હતી ને. એ કહે કે આમાં પગ જોઈને મૂકવો. આમ કહ્યું છે ને. તમે કહો કે પગ મૂકી શકાય નહિ. લ્યો. શાસ્ત્રમાં એમ આવે. કે પગની એડી નીચે જરી દેખાય તો એડી આમ પગને આડો આમ કરી નાખવો વચ્ચેથી મકોડો ચાલ્યો જાય. આની કોર અને આની કોર બે રાખીને આમ જે પગ હોય એને ઠેકાણે આમ કરવો. કહો, સુજાનમલજી! અહીં તો અમારે બધું આવી ગયું હોય ને.

એ તો એ વખતે ઈર્યાસમિતિની વ્યાખ્યા થતાં બતાવે છે. પણ એ પગ આમ કરી શકે છે (એમ નથી). આમ સામે દેડકો દેખ્યો એટલે પગ એમાં ન મૂકવો અને આમ મૂકવું. એ આત્માના જ્ઞાનમાં આવ્યું કે આમ મૂકવું માટે એ રીતે પગ આમ આવ્યો. એમ નથી. આહાહા..! આ તો ભાઈ જુદી જાત છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર. ઓહોહો..! વીતરાગી સંતોની કથની, શૈલી જ કોઈ અલૌકિક છે.

અમારે સમાધિતંત્ર લખવું હતું. જે જ્ઞાનમાં આવ્યું માટે લખાણું છે એમ નથી એમ કહે છે. અજ્ઞાની ભ્રાંતિ(માં) એને આરોપ આપે છે કે આત્મા હતો તો આ વાણી નીકળી. આત્મા હતો તો શાસ્ત્ર રચાણા, આત્મા છે એવા ક્ષયોપશમવાળો જીવ, તો એનાથી આ બધી પૂર્વની લબ્ધિનું લખાણ થયું. આહાહા..!

**'પરંતુ તે બન્નેમાં જેને ભ્રાન્તિ નથી અર્થાત્ (તે બન્નેનાં) સ્વરૂપને યથાર્થપણે જાણે છે...'** શરીર અને વાણીનું સ્વરૂપ, તે તે કાળે તેનો પર્યાય એ રીતે તેના સ્વકાળે ઉત્પન્ન થવાનો છે માટે આત્માના ખ્યાલમાં આવ્યું કે આમ બોલું એ વાત છે નહિ. આહાહા..! **'તે અન્તરાત્મા,...'** છે. શરીર અને વાણી બેય જડ છે. **'બન્નેમાં જેને ભ્રાન્તિ નથી...'** બંને એટલા આત્મા અને શરીર, વાણી બેયમાં. શરીરની વાણી અને શરીરની ક્રિયા અને વાણીની ક્રિયા તે કાળે તે સમયે તેને કારણે થાય છે. ભાષા બોલવાનો વિકલ્પ આવ્યો માટે ભાષા થઈ એમ નથી. ઓહોહો..! નિશ્ચયની વાતું સત્યની જગતને સૂક્ષ્મ પડે. વસ્તુ તો એવી છે. એને ભ્રાંતિ વડે આરોપથી તું કહે કે અમે આમ બોલવામા માંડીએ એમ બોલાશે, આમ લખવા માંડીએ તો લખાશે. આહા..! આમ શરીરને ઊંચું

કરવા માગીએ વિકલ્પમાં તો એ રીતે ઊંચું થશે. પડખું ફેરવવા માગીએ તો વિકલ્પ આવે તો પડખું ફરશે શરીરનું. એટલો તો આત્માનો અધિકાર છે કે નહિ પરમાં? આહાહા..! (જરાય નહિ).

એ બન્નેમાં જેને ભ્રાન્તિ નથી. શરીર, વાણી અને આત્મા. એ બંનેમાં જેને ભ્રાંતિ નથી. આત્મા આત્માની પર્યાયની સત્તામાં રહે છે. વાણી અને શરીરના અસ્તિત્વની પર્યાય એના અસ્તિત્વમાં છે. આહાહા..! આના અસ્તિત્વને લઈને બોલવાનું જ્ઞાનનું અસ્તિત્વ છે, માટે બોલવાના પર્યાયનું અસ્તિત્વ થયું. આહાહા..! દિગંબર મુનિઓએ પણ સૂક્ષ્મ રીતે ભેદજ્ઞાન બતાવ્યું છે. ઓલા તો સકહે આપણે કરી શકીએ... આપણે કરી શકીએ... વ્યવહારે તો કરી શકીએ ને? નિશ્ચયથી નહિ. વળી એ કહે છે લ્યો. પણ એનો અર્થ શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો બોલવાની વાત. બોલવાનું પોતે ક્યાં બોલે છે? વ્યવહારને કહેવામાત્ર છે કળશ-ટીકામાં આવે છે. કહેવામાત્ર છે. એ કહેવામાત્રનું કથન પણ એને કારણે છે. આહાહા..!

**'તેમના એટલે વાણી, શરીર અને આત્માના તત્ત્વને...'** ત્રણેમાં બે. બે એટલે વાણી શરીર અને આત્મા એમ. વાણી, શરીર અને એકકોર આત્મા બે થયા ને? **'તેમના એટલે વાણી, શરીર...'** એકકોર. **'અને આત્માના તત્ત્વને એટલે સ્વરૂપને પૃથક્ એટલે એકબીજાથી ભિન્ન જાણે છે...'** આહાહા..! **નક્કી કરે છે.** બીજાથી ભિન્ન જાણે છે. ધર્માત્મા નક્કી હોય છે. એમ નક્કી કરે છે એ સમયની ભાષા લીધી. સમજાણું કાંઈ?

લ્યો માસ્તર બોલાવે તો બોલો. ઉંઠા આવે છે ને સાડા ત્રણના શું કહેવાય એ? અઢીયા અને સવાયા આવતા હતા કે નહિ? એક ઉઠું ઉઠું સાડા ત્રણ, ઉંઠા ના સાત એવું આવતું. હવે નથી. માસ્તર બોલાવે. એક ઉંઠું ઉઠું સાડા ત્રણ. બે ઉંઠા ને સાત, ત્રણ ઉઠા. ઉઠા એટલે સાડા ત્રણ. પણ જેવું અહીં બોલે એટલે ઓલા છોકરા બોલે પછી. એકડે એક, બગડે બે. એમ બોલાવે લ્યો. ભારે ભ્રમ કહે છે. આહાહા..! એકડો શીખવવાનો વિકલ્પ છે એ જ્ઞાનમાં આવ્યું છે. તો એ ભાષા એવી નીકળે એકડે એક. એટલે અજ્ઞાનીને ભ્રાંતિ થઈ જાય છે કે આ ભાષા મારે લઈને નીકળી. મેં એ જાતનું જ્ઞાન કર્યું એથી નીકળી. બિલકુલ જૂઠું છે કહે છે. આહાહા..! કહો, આવું ઝીણું છે. ભાઈ સવાર કરતા વળી આ નીકળ્યું પાછું. આહાહા..!

શરીર અને વાણીનો વ્યવસ્થિત તે તે સમયનો જે પર્યાય એનો સ્વકાળ. તે કારણે તે થાય અને એવું જ અહીંયાં જ્ઞાન અને વિકલ્પ હોય માટે એનાથી આ થયું છે એમ નથી. એક ઠેકાણે એવું આવે છે કે પરમાણુનો ક્યાં તૂટો છે કે જૂઠું બોલે?

મુમુક્ષુ :- જૂઠા શબ્દો શા માટે ન વાપરવા?

ઉત્તર :- ન વાપરવા. આવી બધી વાતું. આવે છે. ભગવતી આરાધનામાં ને. સમજાણું? આહાહા..! આ જગતમાં ક્યાં તૂટો છે સાચી ભાષાને બોલવાનો કે.. અહીં તો કહે, પણ ભાષાની વાત પણ છે નહિ. એ તો વ્યવહારથી જણાવ્યું છે. આહાહા..! સાચું બોલવું... એ તો ત્યાં આવ્યું

નહિ બંધ અધિકારમાં? હું બોલું છું એ અધ્યવસાય મિથ્યાત્વ છે. આવે છે કે નહિ? બંધ અધિકારમાં. આહાહા..! ભાઈ! તું તો આત્માની સત્તા, એ આત્મા પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયના અસ્તિત્વ-માં રહે છે. પરના કોઈપણ અંશનો તે પ્રકારે વ્યવસ્થિત હોય, પણ એ આત્માનો પર્યાય ત્યાં કામ કરતો નથી. આહાહા..! કહો, આવું ઝીણું છે આ. '**એકબીજાથી ભિન્ન જાણે છે નક્કી કરે છે.**'

'**ભાવાર્થ :- વાસ્તવમાં શરીર અને વાણી એ પુદ્‌ગલની રચના છે,...**' પર્યાય છે ને બેય? સવારે આવ્યું નહોતું? શબ્દ પુદ્‌ગલની પર્યાય છે આવ્યું હતું એ. જેમ નર-નારકીની વ્યંજન પર્યાય જીવની છે એમ આ શબ્દની પર્યાય પુદ્‌ગલની છે. આહાહા..! ભલે તેના ખ્યાલમાં હોય એવી જ વાણી આવે, એથી વાણીને જ્ઞાનનું નિમિત્ત આવું છે માટે એવી વાણી થઈ એમ નથી. આહાહા..! જુઓને નિમિત્તને ઉડાવે છે.

જ્ઞાનમાં એમ આવ્યું કે આવું મારે બોલવું અને આ રીતે મારે શીખવું અને આ પાના આ પાના મારે આ રીતે ફેરવીને એમાં આ નામું ફલાણાનું હોય એ કાઢવું. પાના ફેરવી એનું નામ કાઢે હીરાલાલ મોતીલાલ. નામું. જેવો ભાવ હતો પાછુ પાનું ફરીને એ આવ્યું. પછી આત્માનું કાંઈ કામ ખરું કે નહિ આમાં? આહાહા..! ગાંડા કહે એવું છે આ તો.

મુમુક્ષુ :- ગાંડા જ છે એમ પરાત્મપ્રકાશમાં કહ્યું છે.

ઉત્તર :- કીધું હતું ને. પાગલ કહ્યા. લોકો ધર્મની વાત સૂક્ષ્મ અને યથાર્થ વાસ્તવિક હોય, એના કહેનારને પાગલ કહે છે. બોલે એને કહે અમે બોલતા નથી. ચાલે અને (કહે) અમે ચાલતા નથી. ખાય ને (કહે) અમે ખાતા નથી. વાહ! ગાળ કોકને દે અને કહે અમે ગાળ દેતા નથી. બીજાની નિંદા કરે અને (કહે) અમે નિંદા કરતા નથી. એય.. નવરંગભાઈ! આમાં પાણી ગાળવાનું તો ક્યાંય રહી ગયું. આહાહા..! એ તો બધો વખત ફરી ગયોને બધો. ટાઈમ થઈ ગયો છે. એના બાપથી ભાગ્યશાળી એ. એને બહુ મળ્યું નહોતુ સ્પષ્ટ.

'**વાસ્તવમાં શરીર અને વાણી એ પુદ્‌ગલની રચના છે, તે મૂર્તિક-જડ છે અને આત્મસ્વરૂપથી વિપરીત લક્ષણવાળાં છે,...**' આહાહા..! આત્માના સ્વરૂપની સત્તાના લક્ષણથી એનું વિપરીત લક્ષણ છે. આહાહા..! ઓલા અન્ય આશ્રિત્વાદ કર્યું છે ને. અધ્યવસાયમાં. ત્યાં આણે એવો અર્થ કર્યો છે કળશ. વિપરીત આશ્રય છે જેને. એવો. કળશટીકા. અધ્યવસાય. આપણે આ સાધારણ ટીકા જયચંદ્ર પંડિતમાં અન્યનો આશ્રય છે વ્યવહાર. આણે તો એવું જ કર્યું છે. વિપરીત આશ્રય છે જેને. વ્યવહારને તો વિપરીત આશ્રય છે. ભગવાનનો આશ્રય નથી ત્યાં. આહાહા..! કળશટીકાકાર. કળશટીકારે. બહુ ચોખ્ખું કર્યું છે. કેમકે વ્યવહારની દિશા પર ઉપર છે, નિશ્ચયની દિશા સ્વ ઉપર છે. તેથી તેની દશા નિર્મળ છે. વ્યવહારની દિશા પર તરફ છે તેથી તેની દશા મલિન છે. આહાહા..! આ વ્યવહારનું આકરું પડે છે માણસને.

મુમુક્ષુ :- થોડાક દોકડા રાખો.

ઉત્તર :- એકે એક દોકડો રાખીએ છીએ અને સોએ સો દોકડા. એક દોકડો શું કરવા? સોએ

સો દોકડા પુણ્યના પરિણામ અધર્મ છે.

મુમુક્ષુ :- પ્રભુ! જ્ઞાની અને અજ્ઞાનીની વાતમાં ફેર તો પડે.

ઉત્તર :- ફેર પડે એ તો પોતાને કારણે ફેર પડે એમાં બીજું શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાણીને કાળે વાણી નીકળે. એ માટે તો ચાલે છે આ. આહાહા..!

'વિપરીત' શબ્દ આવ્યોને આમાં? '**આત્મસ્વરૂપથી વિપરીત લક્ષણવાળા છે,...**' વાણી અને જડ શરીર. આહાહા..! અને બરાબર ખ્યાલમાં આવ્યું હોય કે આ રોટલીનો ટૂકડો કરી, દાળ-માં આમ કરી અને પછી સંભાર લઉં. એ શું કહેવાય એ? મસાલો. સંભાર. ચટણી-ચટણી. ચટણી આવે છે ને. શેની આ? શું કહેવાય આ કોક? વનસ્પતિ નથી આવતી? કોથમરી. કોથમરી-કોથમરી. કોથમરીની ચટણી પડી હોય, એકકોર દાળનો વાટકો ભર્યો હોય, એકકોર રોટલી અહીં પડી હોય, દા-ળનો વાટકો બહાર પડ્યો હોય, ચટણી થાળીમાં હોય તો એ વિચાર એવો હોય એવું જ હાથ પાધરો રોટલીનું બટકું દાળમાં આવે અને ચટણીમાં જાય લ્યો. એ કાંઈ આત્માનો અધિકાર છે કે નહિ એમાં કાંઈ? એ બધા પ્રશ્ન ચાલ્યા હતા હોં હમણા કોક ઠેકાણે. આત્મા છે તો એમ બરાબર થાય છે. જડ હોય તો એકલું કેમ થાય? અરે.. જડમાં એનું વ્યવસ્થિત થાય. એ એક પૈસો નાખે તો ત્યાં ટિકિટ પૈસાની આવે. એવું આવે છે અત્યારે સંચા. સંચા એવા આવે છે.

મુમુક્ષુ :- આ સ્ટેશન પર હોય છે.

ઉત્તર :- હા. હા. હોય છે ને સાંભળ્યું છેને બધું. ટિકિટ લીધી નાખે બે પૈસા તો ટિકિટ એવી નીકળે.

મુમુક્ષુ :- ... પૈસા નાખે.

ઉત્તર :- .. પૈસા નાખે. સાંભળેલું છે ને. આહાહા..! પણ એ તો તે વખતે નાખ્યો માટે નીકળ્યું એમ પણ નથી. એ નીકળવાની પર્યાયનો ઉત્પાદનો તેનો કાળ હતો તેથી બહાર આવી હતી. આવી વાત છે ને પ્રભુ! આહાહા..! તું તો જાણનાર-દેખનાર છો ભાઈ! આહાહા..! થાય તેને જાણવું એ પણ વ્યવહાર છે. આહાહા..! થાય તેને કરવું એ તો નથી, પણ થાય તેને જાણવું, એને જાણવું એ ક્યાં આવ્યું ત્યાં? આબાળ-ગોપાળ. ૧૭-૧૮માં નથી આવતું? જ્ઞાન જ અનુભવમાં આવે છે આબાળ-ગોપાળને. આહાહા..!

મુમુક્ષુ :- માને છે જુદું.

ઉત્તર :- માને છે બીજું. આહાહા..! શી શૈલી પ્રભુની! સત્‌ને પ્રસિદ્ધિ કરવાની દિગંબર સંતોની રીત અલૌકિક છે.

કહે છે '**અજ્ઞાની બહિરાત્મા તેમાં આત્મ-બુદ્ધિ કરે છે,...**' આહાહા..! હું હતો. મારું ક્ષયોપશમ એવો હતો એવી વાણી નીકળી. જૂઠી વાત છે. અજ્ઞાની એમાં આરોપ ભ્રાંતિ આપે છે. રામજીભાઈ દલીલ આપે એવા કાંઈ ઓલા ઝવેરભાઈ દલીલ આપી શકે? ઝવેરભાઈ નહોતા તમારે?

એના દિકરો રહેતા ને મુંબઈ રહે છે. છે. ઝવેરભાઈ ભાઈ આપણા આવતા ને અહીં ઘણીવાર. રામજીભાઈ દલીલ કરી શકે એવી એ કરી શકે? કહે છે કે દલીલ કરવાનો અધિકાર આત્માનો છે જ નહિ.

જડની એ સમયની એ પર્યાય આત્માની અપેક્ષા રાખ્યા વિના આહાહા..! એ કાળે થવાની હોય... થવાની જ છે. એ જ થઈ છે. આહાહા..! અજ્ઞાની બહિરાત્મા ... એને આત્મા માને છે. આત્મા માને છે. હું હોવ તો બરાબર (કાર્ય થાય)—એ જ્ઞાનનો ક્ષયોપશમ એ રીતે જાણે, માટે જ એ રીતે ત્યાં થાય. આહાહા..! કાપડની દુકાન હોય ૨૫ હજાર, ૫૦ હજાર કાપડની. ત્યાંથી જે કાપડ ઉપાડવું હોય જે ગ્રાહકને એ કાઢે. જયંતિભાઈ! ઓલો કહે, ભાઈ આલ્પાક જોવે છે. તો આલ્પાક નીકળે. એ પણ જાણનાર કર્તા અને જાણી પર્યાય તે કર્મ, એ પણ ઉપચારથી કથન છે. આહાહા..! આવે છે ને. કળશટીકામાં આવે છે. ભારે વાત કરી છે. વસ્તુસ્થિતિ. થોડું ભલે સમજાય પણ સત્ય હોવું જોઈએ. મોટી મોટી લાંબી-લાંબી વાતું કરીને... આહાહા..! એમાં ને એમાં સલવાઈને મરી જાય પછી થઈ રહ્યું.

**'જ્ઞાની અંતરાત્માને જડ શરીરાદિક અને ચેતન આત્માના સ્વરૂપનું યથાર્થ ભેદ-જ્ઞાન છે.'** ધર્મીને અંતર આત્માને એ જ્ઞાની એટલે અંતરાત્મા એમ. **'જડ શરીરાદિક...'** એટલે વાણી આદિ. અને ચેતન આત્માના સ્વરૂપનું, **'જ્ઞાની અંતરાત્માને જડ શરીરાદિક અને ચેતન આત્માના સ્વરૂપનું યથાર્થ ભેદજ્ઞાન છે.'** આહાહા..! લડાઈ વખતે આ હથિયાર ઉપાડવો છે. જ્ઞાનમાં એ જ ઉપડે લ્યો. સામાના હાથીને મારવો છે કે રાજાને. ગજબ વાત છે. તે તે અવસ્થા જડની તે કાળે તે જ થવાની તેની. એના વિકલ્પથી અને એના જ્ઞાનમાં એ આવ્યું કે આ ઉપાડું, માટે એ હથિયાર ઉપડ્યો એમ નથી. આહાહા..!

ઘઉંમાથી કાંકરા વીણતા પણ કાંકરો હાથમાં લઈને આમ કાઢે. ઘઉં હાથમાં લઈને કાઢે? છતાં બોલે એમ કે ઘઉં વીણું છું. પણ એ લક્ષમાં એમ છે કે કાંકરા કાઢવા. અને તે કાંકરા જ હાથમાં આવે અને આમ નીકળે. પણ છતાં એ અવસ્થા આત્માને લઈને નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એણે બહારથી ઓસરવું પડશે. પહોળો થઈને માને છે કે મેં આ બધું વ્યવસ્થિતના અધિકારમાં મારો અધિકાર છે. સુજાનમલજી!

મુમુક્ષુ :- કાંકરાનું અને ઘઉંનું જ્ઞાન તો કરવું પડે ને?

ઉત્તર :- જ્ઞાન તો કીધું ને. એ કાંકરા અને ઘઉંનું જ્ઞાન નથી. એ જ્ઞાન પોતાનું છે. અને કાંકરા છે અને આ ઘઉં છે એનું પરનું જ્ઞાન પણ સ્વરૂપગ્રાહી જ્ઞાનવાળાને જ થાય. આહાહા..! ઝીણી વાતું બાપુ! જેને સ્વનું જ્ઞાન યથાર્થ છે એને પરનું જ્ઞાન યથાર્થ થાય, તે પણ એ જાણે કે એ જ્ઞાન પરનું થયું નથી, એ મારું થયું છે. આહાહા..! કેમકે સ્વપરપ્રકાશક મારા જ્ઞાનનું જ સામર્થ્ય સ્વભાવ છે. એ પરને જાણ્યું માટે પરપ્રકાશક મારામાં આવ્યું. એમ નથી. આહાહા..! પરપ્રકાશકનું જ્ઞાન મારાથી મારામાં પરની હયાતીની અપેક્ષા રાખ્યા વિના (થાય છે). આહાહા..! કહો, કાંતિભાઈ! ત્યાં તમે બહુ

કરતા ટોપી નાખીને પ્લેનમાં ૧૫૦૦નો પગાર. આ નિશ્ચય આ રીતે છે એ બેસવું અંદર જગતને ભારે આકરું પડે. નિશ્ચય એટલે સત્ય જ એ રીતે છે. આહાહા..!

**'તેને શરીરાદિકમાં...'** '**તે આત્માને શરીરાદિકથી ભિન્ન જાણે છે. તેને શરીરાદિકમાં આત્મપણાની ભ્રાન્તિ નથી.**' એટલે હું છું તો આ બધી વ્યવસ્થા થાય એવી ભ્રાંતિ નથી. એ વ્યવસ્થાનો—વ્યવસ્થિત પદાર્થનો તે સમયની વ્યવસ્થાનો કાળ હતો તે થયું છે. મારાથી થયું નથી. અહીં તો એમ કહેવાતું આ ૨૬ હજાર માણસ. નેમચંદભાઈ અને બાબુભાઈ બધું વ્યવસ્થિત કામ કરતા લ્યો એમ કહે છે. રામજીભાઈ એમ કહેતા લ્યો. એય..! નવરંગભાઈ! હજી પોર જ સવા વર્ષ થયું હજી. સવા વર્ષ થયું ને? કાલે સવા વર્ષ થયું. ફાગણ સુદ તેરશ. ચૈત્ર, વૈશાખ અને જેઠ સુદ તેરશ કાલે. સવા વર્ષ થયું. લ્યો! ત્યાં બધું ફરી ગયું હશે? તે દિ' કહે આ કરે છે. બે જણા કરતા હતા બધું લ્યો. એમ કહે છે. નેમચંદભાઈને... આહાહા..!

જે સમયમાં જીવને જે પ્રકારના જ્ઞાનના ક્ષયોપશમમાં વાત જણાણી તેવું જ સામે વાણી અને શરીરમાં વ્યવસ્થિત દશા થઈ માટે તે આત્માથી થઈ એમ છે નહિ. આહાહા..! ૨૫ રૂપિયા ગણવામાં આમ પાંચ-પાંચની નોટ આમ આપી. એને ૨૫ દેવાનો ભાવ હતો, વિકલ્પ હતો. માટે ૨૫ આમ દેવાણા એમ નથી. એ પાંચ-પાંચની જુદી પાડે ગણતરીમાં. એક એકની હોય તો વળી ૨૫ કરે. આહાહા..!

સમય સમયમાં જ્ઞાનની પર્યાયમાં જે ખ્યાલ આવ્યો કે આ આમ ચાલે કે આમ બોલવું કે આ ખાવું કે આ પીવું માટે તે ક્રિયાનું આત્માના અસ્તિત્વમાં એવું જ્ઞાન થયું, માટે એ ત્યાં થયું... આહાહા..! આજ તો ભાઈ ખીચડી ને શાક ખાવું છે બીજું કાંઈ નહિ. ખીચડીને દૂધ. લ્યો ઠીક! એ તો ખીચડી અને દૂધ જ ખાય. ઢોકળું-બોકળું હોય તો કાઢી નાખે કે નહિ. એવો કાંઈ અધિકાર છે કે નહિ? ચંદુભાઈ શું છે આ? ડોક્ટર છે ને. ડોક્ટર ખાવાની છૂટ આપે હોં બધી. વૈદ ના પાડે. આહાહા..! ભારે કામ ભાઈ આ. બાબુભાઈ! આવું. આવો ઉપદેશ કઈ જાતનો? કે ઉપદેશની પર્યાયનો કર્તા આત્મા નહિ. આહાહા..!

અને આમ કહેવું કે છ દ્રવ્ય છે, આત્મા અસંખ્ય પ્રદેશી છે. ભાવવાળો અને ગુણવાળો છે એને આત્મા કહીએ. એવો ખ્યાલમાં છે એવી ભાષા આવી લ્યો જુઓ. અન્યમતિને એવું આવે? કે આત્મા અસંખ્ય પ્રદેશી છે? એય..! આત્મા અસંખ્ય પ્રદેશી અનંત ભાવના ગુણવાળો ભાવી. ભાવ-વાળો. આહાહા..! એ છે એમ. જ્ઞાનમાં પણ એમ વર્તતું હોય. ભાષા એવી જ આવે. આહાહા..! અજ્ઞાનીને ભ્રાંતિ થાય કે હું આ ભાષાની પર્યાય મારે એ વખતે એમ જાણવાનું આવ્યું માટે થઈ. આહાહા..!

મુમુક્ષુ :- અવાજ ઉપરથી ઓળખાય છે ને.

ઉત્તર :- હા, તે અવાજ ઉપરથી એ તો ભાષાની પર્યાયથી. સત્તાસ્વરૂપમાં નથી આવ્યું? સત્તા સ્વરૂપમાં આવ્યું છે.. એમ કે અંદર વગાડતો હોય. ઓરડી બંધ હોય પણ કોણ કળા બાંધશે.. સત્તા

સ્વરૂપમાં વ્યાખ્યાન આવ્યું છે. પર્યુષણના આઠ વ્યાખ્યાન. એમાં એ આવ્યું છે. એમ આ કેવળજ્ઞાની છે પર્યાયમાં એવું એને સત્તાની ખબર પડે એમ કહે છે. એ વખતના જ્ઞાનમાં તે જાણવાના સ્વભાવ-વાળું હોય તો તે જ્ઞાનમાં આવે. આહાહા..! ઝીણી વાતું બહુ બાપુ! એ વિના સમ્યગ્દર્શનની સમાધિ નહિ પ્રગટે એમ કહે છે.

આ રીતે નિર્ણય નહિ કરે કે એ વાણી નીકળવાને કાળે નીકળે, મારા ખ્યાલમાં હતું કે આમ બોલવું જોઈએ તો એમ બોલવાનું. એ કાઢી નાખ. એને કારણે એ વાણી નીકળી, એને કારણે થઈ વાણી. મેં તો જાણવાનું કામ કર્યું. પોતાના જાણવાનું હોં. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**एवमवबुद्धयमानो मूढात्मा येषु विषयेष्वासक्तचित्तो न तेषु मध्ये किञ्चित्तस्योपकारकमस्श्रती–ीश्रतत्याह–**

**न तदस्तीन्द्रियार्थेषु यत्क्षेमङ्करमात्मनः।**
**तथापि रमते बालस्तत्रैवाज्ञानभावनात्।।५५।।**
**ઈન્દ્રિય વિષયે જીવને કંઈ ન ક્ષેમસ્વરૂપ,**
**છતાં અવિદ્યાભાવથી રમણ કરે ત્યાં મૂઢ. ૫૫.**

**टीका :– इन्द्रियार्थेषु पंचेन्द्रियविषयेषु मध्ये न तत्किञ्चिदस्ति यत् क्षेमङ्करमुपकारम्। कस्य? आत्मनः। तथापि यद्यपि क्षेङ्करं किञ्चिन्नास्ति। रमते रतिं करोति कौऽसौ? बालो बहिरात्मा तत्रैव इन्द्रियार्थेष्वेव। कस्मात्? अज्ञानभावनात् मिथ्यात्वसंस्कारवशात्। अज्ञानं भाव्यते जन्यते येनासाव–ज्ञानभावनो मिथ्यात्वसंस्कारस्तस्मात्।।५५।।**

---

**આવી રીતે (આત્મસ્વરૂપ) નહિ જાણનાર બહિરાત્મા, જે વિષયોમાં તેનું ચિત્ત આ-સક્ત હોય છે, તેમાં (તે વિષયોમાં) કોઈપણ (વિષય) તેને ઉપકારક નથી. તે કહે છે :-**

**શ્લોક – ૫૫**

**અન્વયાર્થ :- (इन्द्रियार्थेषु) પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં (तत्) એવો કોઈ પદાર્થ (न अस्ति) નથી (यत्) જે (आत्मनः) આત્માને (क्षेमशंकर) હિતકારી-લાભકારી હોય; (तथापि) તેમ છતાં (बालः) અજ્ઞાની બહિરાત્મા (अज्ञानभावनात्) મિથ્યાત્વના સંસ્કારને લીધે (तत्र एव) તેમાં જ એટલે તે ઈન્દ્રિયોના વિષયોમાં જ (रमते) રમે છે-આસક્ત થાય છે.**

**ટીકા :- ઈન્દ્રિયોના પદાર્થોમાં એટલે પાંચે ઈન્દ્રિયોના વિષયો મધ્યે એવું કાંઈ પણ નથી જે ક્ષેમકર (સુખકર) અર્થાત્ ઉપકારક હોય. કોને? આત્માને; તેમ છતાં અર્થાત્ જો કે કંઈ સુખકર નથી છતાં (તેમાં) રમે છે – રતિ કરે છે. કોણ તે? બાલ (અજ્ઞાની) અર્થાત્**

બહિરાત્મા તેમાં જ એટલે ઇન્દ્રિયોના વિષયોમાં જ (રમે છે), શાથી? (રમે છે)? અજ્ઞાન-ભાવનાથી અર્થાત્ મિથ્યાત્વના સંસ્કારવશ (રમે છે), જેનાથી અજ્ઞાન જન્મે-પેદા થાય તે અજ્ઞાનભાવન એટલે મિથ્યાત્વના સંસ્કાર-તેનાથી (ઇન્દ્રિયોના વિષયોમાં રમે છે).

ભાવાર્થ :- ઇન્દ્રિયોના વિષયોમાં એવો કોઈ પણ વિષય નથી કે જે આત્માને હિતકારી હોય, તેમ છતાં અજ્ઞાની બહિરાત્મા, અનાદિકાળના અવિદ્યાના સંસ્કારને લીધે, તેમાં રતિ કરે છે-આસક્ત રહે છે.

ઇન્દ્રિય-વિષયોનું સુખ તે સુખ નથી. વાસ્તવમાં તે દુઃખ છે, કારણ કે તે પરાધીન છે, આકુળતાવાળું છે, અસ્થિર છે, ક્ષણભંગુર છે, વિચ્છિન્ન છે, પરિણામે દુઃસહ છે અને બંધનું કારણ છે;[૧] તેમ છતાં અનાદિ મિથ્યાત્વના સંસ્કારવશ અજ્ઞાની તેની રુચિ કરે છે અને તેની પ્રાપ્તિ માટે ચિંતા કરી રાતદિન તેની પાછળ લાગ્યો રહે છે.

વિશેષ

વિષયો હિતકારી કે સુખદાયી નથી. તેઓ 'અકિંચિત્કર' છે.

''સંસારમાં કે મોક્ષમાં આત્મા પોતાની મેળે જ સુખરૂપ પરિણમે છે; તેમાં વિષયો અકિંચિત્કર છે અર્થાત્ કાંઈ કરતા નથી. અજ્ઞાનીઓ વિષયોને સુખનાં કારણ માનીને નકા-માં તેમને અવલંબે છે.''[૨]

''જેમને વિષયોમાં રતિ છે, તેમને દુઃખ સ્વાભાવિક જાણો; કારણ કે જો દુઃખ (તેમનો) સ્વભાવ ન હોય તો વિષયાર્થે વ્યાપાર ન હોય.''[૩]

અજ્ઞાની બાહ્ય ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માને છે, તેના ગ્રહણની નિરંતર ઇચ્છાથી સદા આકુલવ્યાકુલ રહે છે. આ આકુળતાનું દુઃખ તેને કેટલીક વખત એટલું અસહ્ય લાગે છે કે વિષય ગ્રહણ કરવાના પ્રયત્નમાં કદાચ મૃત્યુને ભેટવું પડે તો પણ તેની દરકાર કરતો નથી. એ બતાવે છે કે મૃત્યુના દુઃખ કરતાં આકુળતાનું દુઃખ વધારે છે.[૪]

એ રીતે ઇન્દ્રિયોના વિષયોમાં વાસ્તવિક સુખ નહિ હોવા છતાં, અનાદિ અવિદ્યાના સંસ્કારને લીધે અજ્ઞાની તેમાં રત રહે છે. ૫૫.

---

૧. જુઓ - શ્રી પ્રવચનસાર ગાથા-૭૬ અને ટીકા-ભાવાર્થ (ગુ. આવૃત્તિ)
પરયુક્ત બાધાસહિત, ખંડિત, બંધકારણ વિષમ છે;
જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ, એ રીતે દુઃખ જ ખરે. (૭૬)

૨. શ્રી પ્રવચનસાર - ગા. ૬૭નો ભાવાર્થ.

૩. વિષયો વિષે રતિ જેમને, દુઃખ છે સ્વાભાવિક તેમને;
જો તે ન હોય સ્વભાવ વ્યાપાર નહિ વિષયો વિષે. (૬૪)
(શ્રી પ્રવચનસાર ગુ. આવૃત્તિ-ગાથા ૬૪)

૪. જુઓ : મોક્ષમાર્ગ પ્રકાશક - ગુ. આવૃત્તિ પૃ.૫૧.

## જેઠ સુદ ૧૫, સોમવાર તા. ૨૩-૦૬-૧૯૭૫
## શ્લોક - ૫૪-૫૫, પ્રવચન - ૬૯
## નોંધ :- ઉપલબ્ધ નથી.

## જેઠ વદ ૧, મંગળવાર તા. ૨૪-૦૬-૧૯૭૫
## શ્લોક - ૫૫-૫૬, પ્રવચન - ૭૦

સમાધિતંત્ર. ૫૫ ગાથાનો ભાવાર્થ છે.

**'ઇન્દ્રિયોના વિષયોમાં એવો કોઈ પણ વિષય નથી કે જે આત્માને હિતકારી હોય,...'** આહાહા..! ઇન્દ્રિયનો વિષય સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ અને શાસ્ત્ર એ બધા ઇન્દ્રિયના વિષય છે. ઇન્દ્રિયના વિષયોમાં પરપણું છે. સ્વપણું નથી એમાં તેથી કોઈ વિષય આત્માને હિતકર છે એમ નથી. આહાહા..! **'તેમ છતાં અજ્ઞાની બહિરાત્મા,...'** જે ઇન્દ્રિયના વિષયો બાહ્ય છે, પર છે એમાં **'અનાદિકાળના અવિદ્યાના સંસ્કારને લીધે,...'** પોતાનું સુખ અને શાંતિનો ધ્યેય તો દ્રવ્ય છે. સુખ અને શાંતિની પ્રાપ્તિ તો દ્રવ્યથી થાય છે. સ્વદ્રવ્યથી. એના ધ્યેયની જેને ખબર નથી એ ઇન્દ્રિયના વિષયમાં અજ્ઞાનથી હિતકારી હોય તેમ માને છે. અજ્ઞાની બહિરાત્મા. એ અવિદ્યાના સંસ્કાર છે. આહાહા..! ઘણું ટૂંકું ને...

હિતકર ધર્મને કરનારને એ તો સ્વદ્રવ્યનું ધ્યેય જોઈએ. જે અણીન્દ્રિય છે. જેમાંથી આનંદ અને શાંતિ આવે. એ ધ્યેયને છોડીને અજ્ઞાની ઇન્દ્રિયોના પરપદાર્થના વિષયમાં અજ્ઞાનના સંસ્કારથી તેમાં રતિ કરે છે. પ્રેમ કરે છે પરપદાર્થમાં. આહાહા..! **'આસક્ત રહે છે.'** ભગવાન આનંદનો નાથ એને એ ભૂલી જાય છે. પર્યાયનો ધ્યેય દ્રવ્ય જોઈએ. સક્રિય પરિણામ જે જીવના એનો ધ્યેય નિષ્ક્રિય ભગવાન આત્મા છે. સમજાણું? એને ઠેકાણે સક્રિય જે પરિણામ એ ઇન્દ્રિયના વિષય તરફ ઝુકીને, તેમાંથી રતિ, એમાં રતિ પામે છે. આહાહા..! એ અજ્ઞાનને લઈને છે. આહાહા..!

**'ઇન્દ્રિય-વિષયોનું સુખ તે સુખ નથી.'** એટલે પાંચ ઇન્દ્રિય તરફના વલણમાં રાગ થાય, એ સુખ નથી. આહાહા..! **'કારણ કે તે પરાધીન છે,...'** પરયુક્ત બાધાસહિત છે ને અંદર? પરાધીન છે. પાંચ ઇન્દ્રિયોના તરફના વલણના ભાવમાં સુખ નથી. એ તો પરાધીન છે. આહાહા..! પરાધીન એટલે જે સુખની કલ્પના તો પરને આધીન છે. સ્વ ભગવાન આધીન એમાં આવ્યો નથી. આહાહા..!

**'વાસ્તવમાં તે દુઃખ છે,...'** આહાહા..! પાંચ ઇન્દ્રિયના વિષયના વલણમાં દુઃખ જ છે. ઓહોહો..! સમજાણું કાંઈ? અણીન્દ્રિયનો જે પર્યાય એનો વિષય જે આત્મા એમાં સુખ છે. આહાહા..! ઇન્દ્રિયના વિષયમાં સુખ તો માનેલું, કલ્પેલું (છે, પણ) દુઃખ છે. આહાહા..! બીજી રીતે

કહીએ તો પાંચ ઇન્દ્રિયના વિષયના વલણમાં અધર્મની ઉત્પત્તિ થાય છે. આહાહા..! અને ભગવાન પૂર્ણ આનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ એના ધ્યેયે આનંદ થાય. એ વાસ્તવિક સુખ અને વાસ્તવિક એ શાંતિ છે. આહાહા..!

આ શાસ્ત્રના ભણતર એમ એ કહે. એ તરફનું લક્ષ છે રાગ છે-દુઃખ છે. આહાહા..! લખવામાં તે વલણ જાય છે એ રાગ છે, કહેવામાં જે જાય છે એ પણ રાગ અને એ દુઃખ છે. આહાહા..! શું વીતરાગમાર્ગ! વીતરાગસ્વરૂપ જ ભગવાન છે. જિનસ્વરૂપી આત્મા. આહાહા..! એ જે કરવાનું હતું એને ધ્યેય બનાવીને આનંદનો અનુભવ. આહાહા..! ધર્મને નામે પણ પર તરફના વલણમાં પણ રાજી થઈ જાય છે, ખુશી થઈ જાય છે. આહાહા..! એ અજ્ઞાન છે કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

શાસ્ત્રના ભણતર એ વિકલ્પ... ઓલા બાર(અંગ)ને કીધું ને ભાઈ વિકલ્પ, નહિ? કળશમાં. બાર અંગનું ભણવું વિકલ્પ છે. આહાહા..! એમાં પણ અનુભૂતિની વિધિ કીધી છે. આહાહા..! વિહિત્તં વિધિ. આનંદના નાથને વળગીને જે આનંદ-અનુભૂતિ થાય.. આહાહા..! એવી વિધિ બાર અંગમાં કહી છે. આહાહા..! અને એ આત્માના ધ્યેય, અબંધ સ્વભાવને પકડતાં જે શાંતિ અને આનંદ આવે એ જૈનશાસન છે. આહાહા..! એ ધર્મ છે, એ જૈનશાસન છે, એ વાસ્તવિક સુખનું વેદન છે. બાકી તો પાંચ ઇન્દ્રિયના વલણથી... આહાહા..! શેના એને અભિમાન? બહારના ભણતરના અભિમાન એ મિથ્યાત્વના સંસ્કાર છે. આહાહા..! ચંદુભાઈ! આવી વાતું છે.

મુમુક્ષુ :- ચંદુભાઈ કાંઈ બહારનું ભણ્યા નથી કે ઉપાધિ હોય.

ઉત્તર :- એ મગજ ફરી ગયું હતું. પછી એનો શોટ લીધો હતો હવે એની અસર દેખાય છે. પૂછયું હતું પહેલું. આ શરીરની એવી સ્થિતિ છે. આહાહા..! અજ્ઞાની એમાં આસક્ત છે. આહાહા..! પર તરફના વલણના ભાવમાં આસક્ત છે એ દુઃખી છે. આહાહા..! આવી વ્યાખ્યા અને એવું સ્વરૂપ જ છે. દિગંબર સંતો વીતરાગમાં આવેલા છે ને વીતરાગતાની વાત કરે છે. આહાહા..! આ બાજુ ઢળ તો રાગ છે, દુઃખ છે. આહાહા..!

'**ઇન્દ્રિય-વિષયોનું સુખ તે સુખ નથી. વાસ્તવમાં તે દુઃખ છે, કારણ કે તે પરાધીન છે, આકુળતાવાળું છે,...**' આહાહા..! '**અસ્થિર છે, ક્ષણભંગુર છે, વિચ્છિન્ન છે,...**' નાશ થાય તેવું છે. આહાહા..! '**પરિણામે દુઃસહ છે...**' દુઃસહ છે. દુઃખને સહન કરે એવું એ છે. '**અને બંધનું કારણ છે.;...**' એકડો છે ને? પ્રવચનસાર ૭૬ની ટીકા. '**તેમ છતાં અનાદિ મિથ્યાત્વના સંસ્કારવશ...**' આહાહા..! જુઓ મિથ્યાત્વ ક્યાં સુધી જાય છે! આહાહા..! ભલે કુગુરુ, કુશાસ્ત્રને છોડ્યા ને મિથ્યાત્વ ગયું, સુદેવ, સુશાસ્ત્રને પકડ્યા, પણ એના તરફના વલણનો તો રાગ છે કહે છે. અને એને દુઃખ છે. આહાહા..!

'**મિથ્યાત્વના સંસ્કારવશ અજ્ઞાની તેની રુચિ કરે છે અને તેની પ્રાપ્તિ માટે ચિંતા કરી...**' આહાહા..! '**રાતદિન તેની પાછળ લાગ્યો રહે છે.**' આહાહા..! અહીં તો ત્યાં સુધી લઈ ગયા

શાસ્ત્રમાં પણ .. લાગ્યો રહે છે. એનો એ સંસાર છે એ. આહાહા..! અમિતગતિમાં કહ્યું છે નહિ. શાસ્ત્ર વાત આ. પરવસ્તુ તરફના વલણની હોશું અને એમાં ઉલ્લસિત વીર્યનું અટકવું... આહાહા..! દુઃખરૂપ છે. સ્વવિષય જે અણેન્દ્રિય, અતીન્દ્રિય આનંદનો નાથ એને ધ્યેયમાંથી છોડી દઈ પાંચ ઇન્દ્રિયના વિષય તરફ એટલે શાસ્ત્ર તરફના વલણનો... આહાહા..! ભાવ પણ દુઃખરૂપ છે ત્યાં લાગ્યો રહે છે. ઓહો..!

**'રાતદિન તેની પાછળ લાગ્યો રહે છે.'** જેની જેને રુચિ તેનું વીર્ય ત્યાં કામ કર્યા કરે. રુચિ અનુયાયી વીર્ય. આહાહા..! બાહ્ય પદાર્થની અનુકૂળતાની મોટપે મોટપ માનવી મિથ્યાત્વ છે. એમ શાસ્ત્રના ભણતરના પરલક્ષી જ્ઞાનથી મોટપ માનવી એ મિથ્યાત્વ છે. આહાહા..! આ વલણફેર છેને એમ કહે છે. આમ છે. આહાહા..! ધર્મીની દશાનું વલણ દ્રવ્ય છે, સ્વ છે. એને છોડીને પરદ્રવ્યને વિષય બનાવે છે. આહાહા..! એ દુઃખરૂપ છે. બંધનું કારણ છે. આહાહા..! 'તેની પ્રાપ્તિ માટે ચિંતા કરી રાતદિન તેની પાછળ લાગ્યો રહે છે.'

**'વિષયો હિતકારી કે સુખદાયી નથી.'** આહાહા..! પાંચ ઇન્દ્રિયના વલણવાળું જ્ઞાન એ વસ્તુ એ હિતકર નથી. આહાહા..! **'સુખદાયી નથી. તેઓ અકિંચિત્કર છે.'** પ્રવચનસારની ગાથા. પરયુક્તભાવ. એના પછી. ગાથા-૬૭નો ભાવાર્થ. **'સંસારમાં કે મોક્ષમાં આત્મા પોતાની મેળે જ સુખરૂપ પરિણમે છે;...'** આહાહા..! શું કહે છે? સંસારમાં પાંચ ઇન્દ્રિયના વિષયો એ એની કલ્પનાના સુખને અકિંચિત્કર છે. એ કલ્પના માને છે. કે આ સ્પર્શમાં સુખ છે, ઇન્દ્રિયના સ્પર્શો કરીએ સુખ છે. શબ્દ સારા પ્રશંસાના સાંભળીએ તો સુખ છે. નિંદાના સાંભળીએ તો દુઃખ છે. આહાહા..! એ બધા વિષયો અકિંચિત્કર છે એની કલ્પનાને. એમ કહે છે. એવી કલ્પના કરી કે મને સુખ છે અને આમાં સુખ છે. એના વિષયો છે અકિંચિત્કર. પરવસ્તુ શું કરે? પોતે જ પોતાને ભૂલીને પર્યાયમાં આવા રાગ-દ્વેષના પરિણામ ઊભા કરે છે અને વિષયો છે માટે આ ઊભા થાય છે એમ નથી.

**'મોક્ષમાં આત્મા પોતાની મેળે જ સુખરૂપ પરિણમે છે;...'** દેવ, ગુરુ અને શાસ્ત્ર મળ્યા માટે સુખરૂપ પરિણમે છે એમ નથી. આહાહા..! સત્સમાગમ મળ્યો માટે તેને સુખરૂપ થાય છે આત્મા. એમ નથી. એ વખતે પણ કલ્પનામાં એમ આવો ભગવાન મળ્યા, ગુરુ મળ્યા, શાસ્ત્ર મળ્યા એવી કલ્પના એ ચીજ કાંઈ એને કલ્પના કરાવતી નથી. આહાહા..! વિષયો તો એની કલ્પનામાં અકિંચિત્કર છે. આહાહા..! વિષયના ભોગકાળે ઇન્દ્રિયોની ક્રિયાઓ થાય શરીરની, એ ક્રિયાઓ એને સુખની કલ્પના કરાવે છે મિથ્યાત્વની, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એમ મોસંબી અને ઊંચી ચીજ કોઈ મેસુબ કે ખાતા એ ક્રિયા થતાં એને જે રાગ થાય છે કે ઠીક છે. એ રાગની કલ્પનાને એ વિષયો અકિંચિત્કર છે. આહાહા..! સમજાણું કાંઈ? એની પ્રશંસા કાને સાંભળી અને એને કલ્પના થઈ કે આ ઠીક. એ ભાવને પ્રશંસાના શબ્દો અકિંચિત્કર છે. ચંદુભાઈ! આહાહા..! એમ નિંદાના શબ્દો સાંભળ્યા અને એને ઠીક ન લાગ્યું, એવો જે ભાવ એ ભાવને નિંદાના

શબ્દો અકિંચિત્કર છે. આહાહા..! આવું જ સત્‌નું સ્વરૂપ છે.

અહીં સમાધિને અસમાધિની વ્યાખ્યા છે ને? એટલે જેટલું પર તરફના વલણમાં જાય છે એ બધી અસમાધિ છે એમ કહેવું છે. આહાહા..! એટલે કે દુઃખ છે. સાધુ મળ્યા હતાને દેવચંદજી ત્યાં જામનગર. એમ કે આંબેલો કરી. આ શું કહેવાય તમારું? શંખેશ્વર. શંખેશ્વર. ત્યાં આગળ આંબેલ કરી હતી. બહુ આનંદ આવ્યો. અરે..! ભાઈ!

મુમુક્ષુ :- રાગ થયો પરનો.

ઉત્તર :- રાગ થયો. દેવચંદજી છેને એ બિચારા આમ આવ્યા હતા મહુવા. ખાસ એક વારે. ખાસ. આમ એ મહારાજ મહાવિદેહથી આવ્યા છે ત્યાં સીમંધર ભગવાનની દીક્ષાની તિથિ કઈ હતી. એ ખબર નથી. બહેનને પૂછો કીધું. બહેનને પૂછવા આવ્યા હતા. ચંદુભાઈએ પાસે પૂછાવ્યું. હવે એ તિથિનું કહે. આહાહા..! આ બિચારા જુઓને.. પાછા વળી અહીં ભટકે. એ આંબેલું કરી શંખેશ્વરમાં. શું કીધું? મીઠાશ આવે છે? લુખ્ખો આહારમાં. મીઠો લાગે છે. આહાહા..! એ તો જડની પર્યાય છે. એને તો જીવ અડતો પણ નથી, સ્પર્શતો નથી. એ જડની પર્યાયની તો જીવમાં નાસ્તિ છે. છતાં કલ્પના ઉઠાવે કે મને ઠીક પડ્યું આ તપસ્યા કરીને, નિર્જરા થઈ, ધર્મ થયો. આહાહા..! મિથ્યાત્વ સંસ્કાર. એ મિથ્યાત્વ સંસ્કારને એ વિષયો અકિંચિત્કર છે એમ કહેવું. એણે (વિષયોએ) આ ભાવ ઉત્પન્ન કરાવ્યા છે એમ નથી. આહાહા..!

'**તેમાં વિષયો અકિંચિત્કર છે...**' આ ગાથા છો હોં. '**અર્થાત્ કાંઈ કરતા નથી.**' આહાહા..! સ્ત્રીનું શરીર માખણ જેવું સુંદર. રંગે રૂપાળું, સ્પર્શે સુવાળું, સ્પર્શે સુવાળું, ગંધે સુગંધ હોય. કહે છે કે એમાં જે એને પ્રેમ થાય છે એ પ્રેમમાં એને ઠીક લાગે છે. એવી જે સુખની કલ્પના એને આ વિષયો અકિંચિત્કર છે. કાંઈ એને કરતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**અજ્ઞાનીઓ વિષયોને સુખના કારણ માનીને...**' આહાહા..! ઓલામાં આવે છેને વેદ્યવેદકમાં નહિ? વેદ્ય-વેદકમાં આવે છે ને ભાઈ? ધર્મી પરપદાર્થને ઇચ્છતો નથી. કેમકે એ પરપદાર્થને ઇચ્છે ત્યારે એ પદાર્થ નથી. અને પદાર્થ આવે ત્યારે ઇચ્છા રહેતી નથી. એવો મેળ વિનાની કોણ ભાવના કરે? વેદ્ય-વેદકમાં આવે છે ને? ૨૧૬ (સમયસાર) ગાથા નહિ? એ પ્રશ્ન પહેલો થયો હતો ૯૧માં. ઉમરાળે આ ભાઈએ કર્યો હતો. દાસ. પરશોત્તમદાસ. અહીં આવ્યા પહેલા. અહીં આવ્યા...

જેની ઇચ્છા કરે તે પદાર્થ અત્યારે નથી અને જે પદાર્થ આવે ત્યારે તે પ્રકારની તે ઇચ્છા તો રહી નથી. આહાહા..! એવી નિરર્થક ઇચ્છા કોણ કરે? આહાહા..! જ્યારે એને મેળવવાની ઇચ્છા ત્યારે એ પદાર્થ નથી અને પદાર્થ આવે ત્યારે એ મેળવવાની ઇચ્છાનો કાળ વયો ગયો. એ ઇચ્છા ગઈ એ તો. આહાહા..! સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ તત્ત્વ છે ભાઈ! વીતરાગમાર્ગની અંદર ઓળખવો એ અપૂર્વ વાત છે. જેને ઓળખાણ થઈ એને સંસાર ન મળે હવે ફરીને. સંસાર તો પરલક્ષના ભાવથી ઉત્પન્ન થતો હતો. સમજાણું કાંઈ? આહાહા..!

પોતાના સ્વના લક્ષે જે ઉત્પન્ન થાય ભાવ એ તો સંસાર ન હોય, એટલે કે એ ભાવમાં

સંસારનો અભાવ છે. આહાહા..! અને પરલક્ષે જે ભાવ થાય એ સંસાર છે. એમાં મોક્ષના માર્ગનો એમાં અભાવ છે. આહાહા..! તેથી કાંઈક '**અજ્ઞાનીઓ વિષયોને સુખનાં કારણ માનીને નકામા તેમને અવલંબે છે.**' આહાહા..! અવલંબે એટલે કે તેનો આશ્રય કરે છે. આહાહા..! હવે આવો ઉપદેશ એમાં.. બધા ઝપટ બોલાવતા હોય પંડિતો. વ્યાખ્યાન કરે. આહાહા..! ભાઈ! જેમાં પરના લક્ષવાળા ભાવ દુઃખરૂપ છે. એમાં જેની હોંશુ છે મિથ્યાત્વભાવ છે. અહીં કહે છે '**અજ્ઞાનીઓ વિષયોને સુખનાં કારણ માનીને નકામા તેમને અવલંબે છે.**' આહાહા..!

હવે પ્રવચનસારની ગાથા. '**જેમને વિષયોમાં રતિ છે,...**' આહાહા..! વિષય શબ્દે પર તરફના વલણવાળી દશાઓ બધી. આહાહા..! '**જેમને વિષયોમાં રતિ છે, તેમને દુઃખ સ્વ-ભાવિક જાણો;...**' એ દુઃખરૂપ જ છે, સ્વભાવિક દુઃખ છે એનું. આહાહા..! એ પર્યાયનો સ્વભાવ છે ને? એ તો આપણે આવી ગયું નહિ? સ્વભાવનું આવી ગયું. દુઃખનો એ સ્વભાવ છે. આવ્યું ને? શેમાં આવ્યું? પ્રવચનસારમાં. સ્વભાવિક ચૈતન્ય પરિણામ રાગરૂપી સ્વભાવિક પરિણામ. ન આવ્યા? શેમાં આવ્યું? પ્રવચનસાર. વિભાવને પણ સ્વભાવ કીધો. સ્વભાવિક પરિણામ છે.

કઈ ગાથામાં આવ્યું એ? આ હમણાં વંચાણી. ૧૨૬. હા એ ૧૨૬ ઓલી કર્તા-કર્મ. કર્તા-કર્મ-કરણ નહિ? ચાર. '**કર્તા હતો, કારણ કે હું એકલો જ ઉપરક્ત ચૈતન્ય સ્વભાવ વડે...**' ચૈતન્ય મેલા ચૈતન્યરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર હતો. આ કર્તાનો પહેલો બોલ છે. આહાહા..! અને પછી '**હું એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવ વડે સાધકતમ હતો;...**' આહાહા..! અને કરણમાં પણ કર્મમાં. '**એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપે પરિણમવાના લીધે..**' આહાહા..! '**આત્માથી પ્રાપ્ય હતો;...**' એ સ્વભાવ મારો સ્વભાવ. આહાહા..! અજ્ઞાનરૂપી ભાવ હતો.

જેમને વિષયોમાં રતિ છે, ભગવાન ત્રિલોકનાથ આનંદમાં જેને પ્રેમ નથી, પરમાત્માના સ્વ-ભાવમાં જેને રતિ ને રુચિ નથી. આહાહા..! આનંદનો નાથ પોતે નિધાન ભર્યો છે, એના પ્રત્યે જેને પ્રેમ નથી, રુચિ નથી, ધ્યેય નથી, વલણ નથી. આહાહા..! એ પાંચ ઇન્દ્રિયના તરફના વલણમાં રતિ એને દુઃખ સ્વભાવિક જાણવું. સ્વભાવ જ એનો દુઃખરૂપ છે. આહા..! એટલે સ્વભાવ જ એનો દુઃખરૂપ છે. આહાહા..! એટલે કોઈ કારણે દુઃખ છે એમ નહિ. આહાહા..! બહારના વિષયોમાં પ્રેમ એ સ્વભાવિક દુઃખ છે. એમ કહે છે. આહાહા..! કેટલું એને ખસેડવું પડશે! આહાહા..!

'**કારણ કે જો દુઃખ (તેમનો) સ્વભાવ ન હોય તો વિષયાર્થે વ્યાપાર ન હોય.**' જો વિષયને કારણે એને બાહ્ય તરફનો જુકાવ ન હોય. આહાહા..! પ્રશંસા સાંભળવાની, એમાં એનું વલણ અને ખુશીપણું એ વિષયમાં એને દુઃખ છે તેથી દુઃખી ત્યાં ઝંપલાવે છે. મારી પ્રશંસા કોણ કરે છે? આહાહા..! મને કોણ વખાણે? મને ગણતરીમાં કોણ ગણે છે? આહાહા..!

જેમને પરપદાર્થ પ્રત્યેના વલણમાં રતિ છે તેમને દુઃખ સ્વભાવિક જાણવું. આહાહા..! એટલે કે અસમાધિ છે ને અહીં. સમાધિતંત્ર છે ને? પરતરફના વલણમાં અસમાધિ છે. આહાહા..! ચાહે તો ભગવાનની વાણી સાંભળવાકાળમાં જે રાગ આવે એ અસમાધિ છે કહે. જો એને દુઃખ સ્વભાવિક

ન હોય તો પર તરફનો વ્યાપાર કેમ ન છોડે? પણ પરના વ્યાપારમાં વર્તે છે એ. આહાહા..! દુઃખી પ્રાણી પરના તરફના વ્યાપારમાં પ્રવર્તે છે. આહાહા..!

**'અજ્ઞાની બાહ્ય ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માને છે,...'** અજ્ઞાની બાહ્ય ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માને છે. **'તેના ગ્રહણની નિરંતર ઇચ્છાથી સદા આકુલવ્યાકુલ રહે છે.'** આહાહા..! **'આ આકુળતાનું દુઃખ તેને કેટલીક વખત એટલું અસહ્ય લાગે છે કે વિષય ગ્રહણ કરવાના પ્રયત્નમાં કદાચ મૃત્યુને ભેટવું પડે...'** આહાહા..! પણ એ પરના તરફનું વલણ છોડે નહિ.

**'એટલું અસહ્ય લાગે છે કે વિષય ગ્રહણ કરવાના પ્રયત્નમાં કદાચ મૃત્યુને ભેટવું પડે તો પણ તેની દરકાર કરતો નથી.'** આહાહા..! આ ક્ષય થઈ ગયો શરીરનો, હવે પણ વિષયમાં જતાં જતાં મૃત્યુ થશે તરત. ખબર છે. ડોક્ટરે કહ્યું હતું એક માણસને. હોસ્પિટલમાં. રહ્યો હોય અને સારું થઈ ગયું. હવે કાલે એને જવાની રજા આપી. પણ જે કામ કરનારી બાઈ હતી એની સાથે પ્રેમ થઈ ગયેલો એને. એણે જતાં એની સાથે વિષય લીધો, દેહ છૂટી ગયો. આહાહા..! વિષયોનું લક્ષ છોડવું એને અસહ્ય લાગે છે. મૃત્યુ ભાળે તોપણ તે એમાં ઝુકાવે છે, ઝંપલાવે છે. આહાહા..! આ તો સ્થુળ દાખલા. સૂક્ષ્મપણે તો અંદરમાં જે રાગનો રસ છે ને એને એ છોડવા ચાહતો નથી એટલે પરમાં પછી મૃત્યુ થઈ જાય. દેહ છૂટી જશે. અરે.. આજ કરવાનું હતું મારે આ કર્યું નહિ. કાલે કરીશ... કાલે કરીશ... કાલે કરીશ... એમ કરતા કરતા દેહ છૂટી જાય. આહાહા..!

**'મૃત્યુના દુઃખ કરતાં આકુળતાનું દુઃખ વધારે છે.'** આ ખોટ જાય પછી જુઓને એવું થાય છે ને? ત્યારે એને વર્તમાન આ ખોટ ગઈ એની આકુળતા એને મૃત્યુ કરતા વધારે લાગે છે. મૃત્યુ થઈ જાય તો છૂટશે અહીંથી. ઘણા વાણિયા મરે છે નહિ તમારે અમદાવાદમાં નહોતું? કોણ કોક હતું ને ઓલું? બહાર નામ આવ્યું હતું ને અમદાવાદનું નહિ? સારાભાઈ! આહાહા..! ખોટ ગઈ તો કાંઈ સહન ન થયું અને પૈસા હતા નહિ. ઝેર ખાધું. એટલે મૃત્યુના દુઃખથી આકુળતાનું દુઃખ વધારે લાગે છે એમ મૃત્યુને લઈને પણ આકુળતા ગણતો નથી. મૃત્યુની. આહાહા..!

આ બહેન હમણા જુઓને લાલભાઈની દીકરી. કહો. ક્યાં હવે લાલભાઈને ઘરે રહી સોળ વરસ-સત્તર વરસ. લાલભાઈ કોણ? હવે એને ઘરી ઉછરી. અહીં કરોડપતિને દીધી. આહાહા..! બાર મહિના ન થયા લગનને. પાણીમાં ઝંપલાવ્યું. આહાહા..! આ પ્રતિકૂળતાના દુઃખ આગળ એને મૃત્યુ સહેલું લાગ્યું.

મુમુક્ષુ :- મૃત્યુ પસંદ કર્યું.

ઉત્તર :- હા પસંદ કર્યું. આહાહા..!

મુમુક્ષુ :- દુઃખ ભોગવવું આકલું લાગ્યું.

ઉત્તર :- આકરું લાગ્યું.

હવે અહીં શું હતું ભાઈ? ગામમાં મામા હતા. ગામમાં એને ભાઈઓ હતા. મુંઝાઈને ત્યાં જાત, બાપુ! મને કાંઈ ઠીક પડતું નથી. હું હવે અહીં રહેવાની છું. એ ન થયું. આહાહા..! શું ચાલે છે? શું

થાય છે જ્યારે. આહાહા..! પાછું એ મડદું તે દિ' મરીને અને તે દિ' કાઢ્યું લાગે છે. એથી એની આંખને કાંઈ થયું નથી. અને આપણે ધીરૂભાઈ, રજનીભાઈના ભાઈ નહિ ધીરૂભાઈ. જામનગર પડ્યા છે. ૨૪ કલાકમાં આંખ ઓલી થઈ ગઈ હતી. માછલા ખાઈ ગયા. એય..! છોકરા પછી કોલેજવાળાએ બહુ ધામધુમથી પછી ઓલામાં કાઢી. ખટારામાં કાઢી. એના ભાઈબંધો હોયને બધા? ફૂલના હાર અને ફૂલ નાખીને. ઘણું કર્યું હતું. પણ એ તો અકસ્માતે પડી ગયો હતોને. એ કાંઈ લપસી ગયો હતો. શું કહેવાય લીલફુગ. લીલફુગમાં આમ પગ લપસી ગયો અને તરતા આવડે નહિ. આહાહા..! અમે જોવા ગયા હતા હોં એ તળાવ. બીજે વર્ષે ગયા હતા ને. આહાહા..! એને તો અકસ્માતથી.

પણ આ જાણીને પડે, મરે.. આહાહા..! નિરોગ શરીર... આહાહા..! શું કરતા હશે? આહાહા..! એને વર્તમાન આવી પડેલી પીડા કેટલી આકરી લાગે! કે મૃત્યુ આગળ એને આકરી લાગે. મૃત્યુનું સવળું. પસંદ પડે મૃત્યુ. આહાહા..! અફીણ ખાઈને મરે છે. મરે. અહીં નહોતું કર્યું એક ફેરી આ પારસી હતો ધોળામાં. ૪૦૦ના પગારવાળો. તે દિ' હોં. ૯૨ની સાલની વાત છે. હીરાભાઈના મકાન. તે દિ' પણ ઘણા વર્ષ થઈ ગયા. ૮ ને ૩૧, ૩૯-૪૦ વર્ષ. ત્યાં આવ્યો હતો લ્યો હાથ કાઢ્યો. મેં કીધું, ભાઈ અહીં હાથની દુકાન નથી. અહીં તો આત્માને જોવાની દુકાન છે. એ જાણે કે કાંઈક મોટા માણસ છે તો કહેશે કાંઈક આમાંથી. આહાહા..! એ બે-ત્રણ મહિના સાંભળ્યું. બંદુક ખાઈને મરી ગયો. કાંઈક હશે પ્રતિકૂળતા ગમે તે હોય. ધોળામાં પારસી ૪૦૦નો પગાર. ૯૨ની સાલ. ૩૯ વર્ષ પહેલાં.

મુમુક્ષુ :- એનો બાપ રાજકોટની મ્યુનિસિપાલિટીમાં સેક્રેટરી.

ઉત્તર :- હા. આહાહા..! પણ એને ૪૦૦નો પગાર, એમાં કોઈ એવી પ્રતિકૂળતા લાગી કે મૃત્યુ એને સહેલું લાગ્યું. ત્યાં કાંઈ માસીબા બેઠા છે? કે આવો ભાઈ, ત્યાં દુઃખથી મુક્ત છે. આહાહા..! એ ક્યાં કાંઈ એ તો મુંઝાઈને, મુંઝાઈને ફટ્ટ. આહાહા..!

**'મૃત્યુના દુઃખ કરતાં આકુળતાનું દુઃખ વધારે છે.'** છે ને? આહાહા..! છે અંદર ઓલામાં. **'જો તે ન હોય સ્વભાવ વ્યાપાર નહિ વિષયો વિષે.'** આહાહા..! **'એ રીતે ઈન્દ્રિયોના વિ-ષયોમાં વાસ્તવિક સુખ નહિ હોવા છતાં, અનાદિ અવિદ્યાના સંસ્કારને લીધે અજ્ઞાની તેમાં રત રહે છે.'** આહાહા..! આ જાતના સંસ્કારથી કેટલા ભવ કરવા પડશે એની એને ખબર નથી. એકભવની પ્રતિકૂળતાના દુઃખને ટાળવા મૃત્યુને સહેલું કરીને ગયો, બાપુ! અનંતા મૃત્યુ પાછા છે તારે માથે. આહાહા..!

આ છોડી શું બિચારી ક્યાં મરીને ગઈ હશે? પશુમાં ગઈ હશે. બહુ એવા ભાવ ન હોય નરકના તો. આહાહા..! તિર્યંચ પશુ થઈ હશે. લાલભાઈને કહ્યું હતું મેં તો. પશુ થઈ હશે. નરકના તો એવા પરિણામ ન હોય. આહાહા..! સંસાર જ એવો છે કહે છે.

तथा अनादिमिथ्यात्वसंस्कारे सत्येवम्भूता बहिरात्मनो भवन्तीत्याह–

चिरं सुषुप्तास्तमसि मूढात्मानः कुयोनिषु।
अनात्मीयात्मभूतेषु ममाहमिति जाग्रति।।५६।।
મૂઢ કુયોનિમહી સૂતો તમોગ્રસ્ત ચિરકાળ;
જાગી–તન ભર્યાદિમાં કરે 'હું–મુજ' અધ્યાસ. ૫૬.

टीका :– चिरमनादिकालं मूढात्मानो बहिरात्मानः सुषुप्ता अतीव जडतां गताः। केषु? कुयोनिषु नित्यनिगोदादिचतुरशीतिलक्षयोनिष्वधिकरणभूतेषु। कस्मिन् सति ते सुषुप्ताः? तमसि अनादिमिथ्यात्वसंस्कारे सति। एवम्भूतास्ते यति संज्ञिषूत्पद्य कदाचिद्दैववशाद् बुध्यन्ते तदा ममाहमिति जाग्रति? केषु? अनात्मीयात्मभूतेषु–अनात्मीयेषु परमारथतोऽनात्मीयभूतेषु पुत्रकलत्रादिषु ममैते इति जाग्रति अध्यवस्यन्ति। अनात्मभूतेषु शरीरादिषु अहमेवैते इतित जाग्रति अध्यवस्यन्ति।।५६।।

---

અનાદિ મિથ્યાત્વના સંસ્કારને લીધે આવા (પ્રકારના) બહિરાત્માઓ થાય છે–તે કહે છે :–

શ્લોક – ૫૬

અન્વયાર્થ :– (मूढात्मनः) મૂર્ખ અજ્ઞાની જીવો (तमसि) મિથ્યાત્વરૂપી અંધકાર–વશ (चिरं) અનાદિ કાળથી (कुयोनिषु) નિત્ય નિગોદાદિ કુયોનિઓમાં (सुषुप्ताः) સુષુપ્ત અવસ્થામાં એટલે મૂર્છિત અવસ્તામાં પડી રહ્યા છે. જો કદાચિત્ તેઓ પંચેન્દ્રિય સંજ્ઞા થાય તો (अनात्मीयात्मभूतेषु) 'અનાત્મીયભૂત'માં એટલે વાસ્તવમાં જે પોતાનાં નથી તેવાં સ્ત્રી–પુત્ર વગેરેમાં (૫૫) 'એ મારાં છે', અને 'અનાત્મભૂત'માં એટલે શરીરાદિમાં (अहं) 'હું છું–હું એ રૂપ છું' (इति जाग्रति) એવો અધ્યવસાય કરે છે.

ટીકા :– ચિરકાલથી–અનાદિ કાળથી મૂઢાત્માઓ એટલે બહિરાત્માઓ સૂઈ રહ્યા છે અર્થાત્ અતિ જડતાને પ્રાપ્ત થયા છે. ક્યાં (સૂઈ રહ્યા છે)? કુયોનિઓમાં અર્થાત્ નિત્ય નિગોદાદિ ચોરાશી લક્ષ યોનિસ્થાનોમાં. શું થતાં તે તેમાં સૂતા છે? અંધકાર અર્થાત્ અનાદિ મિથ્યાત્વના સંસ્કાર (–ને વશ) થતાં (સૂતા છે). એવા થયેલા (સૂતેલા) તે (બહિરાત્માઓ) જો સંજ્ઞી (જીવોમાં) ઉત્પન્ન થઈ કદાચિત્ એટલે દૈવવશાત્ જાગૃત થાય, તો તેઓ 'મારુ–હું' એવો અધ્યવસાય કરે છે. શામાં? અનાત્મીયભૂતમાં અને અનાત્મ–ભૂતમાં–અર્થાત્ અનાત્મીયમાં એટલે વાસ્તવમાં અનાત્મીયભૂત અર્થાત્ પોતાનાં નથી તેવા પુત્ર–સ્ત્રી આદિમાં 'એ મારાં છે' એવું માને છે એટલે એવો અધ્યવસાય કરે છે, અને અનાત્મભૂત જે શરીરાદિ તેમાં 'તે જ હું છું' એવો અધ્યવસાય કરે છે – એવી ઊંધી માન્યતા કરે છે.

**ભાવાર્થ :–** અનાદિકાળથી આ અજ્ઞાની જીવ, મિથ્યાત્વના સંસ્કારવશ નિત્ય નિગોદાદિ નિંદ્ય પર્યાયોમાં – ચોરાશી લક્ષ યોનિસ્થાનોમાં – જ્ઞાનની અત્યંત હીનદશામાં અર્થાત્ જડ-વત્ મૂર્છિત અવસ્થામાં પડી રહ્યો છે. કદાચિત્ જો તે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાય પ્રાપ્ત કરે અને થોડી જ્ઞાનશક્તિ જાગૃત થાય, તો તે અનાદિ અવિદ્યાના સંસ્કારને લીધે, સ્ત્રી-પુત્ર-મિત્રાદિ જે પોતાથી પ્રત્યક્ષ ભિન્ન છે અર્થાત્ 'અનાત્મીય' છે તેમાં 'આ મારાં' એવી મમકારબુદ્ધિ કરે છે અને શરીરાદિ જે પોતાનું સ્વરૂપ નથી, જે 'અનાત્મ' અર્થાત્ જડ છે, તેમાં 'આ હું છું' એવી આત્મબુદ્ધિ કરે છે.

**વિશેષ**

શરીર, શુભાશુભ રાગાદિ ભાવકર્મ અને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો આત્મા સાથે સંયોગ સંબંધ છે. વાસ્તવમાં તે બધાં આત્માથી ભિન્ન છે-આત્મસ્વરૂપ નથી; માટે તેઓ 'અનાત્મ-ભૂત' છે; છતાં અજ્ઞાની તેને પોતાનાં માને છે.

સ્ત્રી-પુત્ર-મિત્રાદિનો આત્મા સાથે પ્રત્યક્ષ ભિન્ન સંયોગ સંબંધ છે. વાસ્તવમાં તેઓ જીવનાં પોતાના નથી; તેથી તેઓ 'અનાત્મીયભૂત' છે.

અજ્ઞાની, આ અનાત્મભૂત અને અનાત્મીયભૂત પદાર્થોમાં મમકારબુદ્ધિ અને આત્મબુદ્ધિ કરી પોતાના ચૈતન્યસ્વરૂપને ભૂલી અનાદિકાળથી ભવ-ભ્રમણ કરી રહ્યો છે. ભવ-ભ્રમણનું મૂલ કારણ જીવનો મિથ્યાત્વભાવ જ છે.

''જે આત્મા એ રીતે જીવ અને પુદ્‌ગલના (પોતપોતાના) નિશ્ચિત ચેતનત્વ અને અચેતનત્વ સ્વભાવ વડે સ્વ-પરનો વિભાગ દેખતો નથી. તે જ આત્મા 'આ હું છું આ મારું છે' એમ મોહથી પરદ્રવ્યમાં પોતાપણું અધ્યવસાન કરે છે; બીજો નહિ...'' ૫૬.

## શ્લોક-૫૬ ઉપર પ્રવચન

**'અનાદિ અવિદ્યાના સંસ્કારને લીધા આવા (પ્રકારના) બહિરાત્માઓ થાય છે-તે કહે છે :–'** એ ૫૬માં કહે છે હવે.

**चिरं सुषुप्तास्तमसि मूढात्मानः कुयोनिषु।**
**अनात्मीयात्मभूतेषु ममाहमिति जाग्रति।।५६।।**

**'ટીકા :– ચિરકાલથી-અનાદિ કાળથી મૂઢાત્માઓ એટલે બહિરાત્માઓ સૂઈ રહ્યા છે...'** આહાહા..! સૂઈ રહ્યા છે. આત્મા શું ચીજ છે એ ભાન જ નથી. આહાહા..! સાધુ થઈને

૧. પરને સ્વને નહિ જાણતો, એ રીત પામી સ્વભાવને,
૨. તે 'આ હું, આ મુજ' એમ અધ્યવસાન મોહ થકી કરે...(૧૮૩)
(શ્રી પ્રવચનસાર-ગુ.આવૃત્તિ, ગાથા ૧૮૩ની ટીકા જાુઓ)

પણ જુઓને ત્યાં એક ફેરી નહિ? કયા ગામમાં? બોટાદ? વઢવાણ-વઢવાણ. વઢવાણ નહિ સ્થાનકવાસીના સાધુ? અમે ગયા હતા ને ત્યાં. ૯૧. દરિયાને અપાસરે ૯૧માં વ્યાખ્યાન વાંચતા હતા બહાર. ધર્મશાળા. ૩-૩ હજાર માણસ. એક સાધુ કોક હતો ત્યાં કાંપમાં. એકલો રહેતો. એ આવ્યો હતો પાત્રા દેવા. મહારાજ! અમારે પાત્રા. એકલો મુંઝાઈ ગયો હશે. એવો મુંઝાઈ ગયેલો! પાત્રાને કાંઈક આપવા આવ્યો હતો. તે દિ' વીરજીભાઈ ત્યાં કાંપમા હતા. કાંઈક આવેલા અને એ આવ્યા. આ ૯૧ની વાત છે. હજી છોડ્યું નહોતું ત્યારે. ૯૦ની વાત છે. એ એવો મુંઝાયેલો સાધુ એકલો. કોઈ કાંઈ માન આમ નહિ મળેલું હોય અને વેશ લઈને રઝળતો અમારી પાસે આવ્યો હતો ત્યાં. એની પાસે દોરી રાખી હશે સારી સરખી. મીણની પાયેલી દોરી. એ દોરી બાંધીને લટક્યો. કાંપમાં અપાસરો છેને? એની પાસે રહે છે ને બધા સાધુ અને આર્જિકા. ત્યાં. અને બારણું બંધ કરીને.. ખબર પડી ઓલા જીવનભાઈને અને આપણા.. જીવનભાઈ. જીવન મુળજી તમારા. એ કહેતા હોં. કે અમે જ્યાં જોયું બારણા બંધ. આમ જોઈએ તો લટકે મડદું. સાધુ મુહપતિ. આહાહા..!

મુમુક્ષુ :- ચાર-પાંચ જણા ભેગા થયા.

ઉત્તર :- હા. પછી ઓલું કર્યું. દાબી દ્યો વાત બહાર. બહાર તો માંડવી બનાવી. માંડવી લઈને જયનંદા... જયનંદા... બહારમાં એમ કહેવાય કે આ સાધુએ આપઘાત કરી છે? શેઠિયાઓની ઓલી જાય. એ કહેતા હતા. બધા બે-ચાર-પાંચ ભેગા થયા. કહે બોલશો નહિ હવે વાત. ઉતારીને અહીં ગળે ઓલી પડી હોય ને આમ, લૂગડું-બુગડું સરખી કરીને. વળી કોક જોશે તો કહેશે આ તો આપઘાત કર્યો છે. આહાહા..! આવા તો અનંત વાર ચિંતા બહારમાં મરીને પડે છે. આહાહા..!

**'ચિરકાલથી-અનાદિ કાળથી મૂઢાત્માઓ એટલે બહિરાત્માઓ સૂઈ રહ્યા છે અર્થાત્ અતિ જડતાને પ્રાપ્ત થાય છે.'** આહાહા..! **'ક્યાં (સૂઈ રહ્યા છે)? કુયોનિઓમાં અર્થાત્ નિત્ય નિગોદાદિ ચોરાશી લક્ષ યોનિસ્થાનોમાં.'** આહાહા..! નિત્યનિગોદ. જેમાંથી નીકળવું નથી હજી. એમાં ને એમાં પડ્યા છે. આહાહા..! **'નિત્ય નિગોદાદિ ચોરાશી લક્ષ યોનિસ્થાનોમાં.'** નિગોદાદિ. **'શું થતાં તે તેમાં સૂતા છે? અંધકાર...'** આહાહા..! **'અર્થાત્ અનાદિ મિથ્યાત્વના સંસ્કાર (-ને વશ) થતાં (સૂતા છે).'** સ્વભાવની ખબર ન મળે અને મિથ્યાત્વના ભાવમાં પડ્યા, એને વશે સૂતા છે. **'એવા થયેલા (સૂતેલા) તે (બહિરાત્માઓ) જો સંજ્ઞી (જીવોમાં) ઉત્પન્ન થઈ...'** સંજ્ઞીમાં આવે. મનવાળા જીવ. **'એટલે દૈવવશાત્ જાગૃત થાય,...'** ઓલા ઉઘાડની અપેક્ષાએ હોં. **'તો તેઓ મારું-હું એવો અધ્યવસાય કરે છે.'** આહાહા..! જાગૃત એટલે ઉઘાડ થાય એમ. નિત્ય નિગોદમાં તો ક્ષયોપશમ છે નહિ. એમ. અહીં કાંઈ ઉઘાડ થયો ને આવ્યો... આહાહા..! ત્યાં એ બંધાય જાય સંજ્ઞી પંચેન્દ્રિયમાં.

અને ક્ષયોપશમમાં આવ્યો ત્યાં **'તેઓ મારું-હું એવો અધ્યવસાય કરે છે. શામાં? અનાત્મીયભૂતમાં...'** આહાહા..! જ્યાં ઉઘાડ થયો ત્યારે પછી અનાત્મીયભૂત વસ્તુ. રાગ, શરીર, વાણી, મન બધી અનાત્મ. પર બધી અનાત્મ વસ્તુ. આહાહા..! એમાં મારું-હું એવી

એકત્વબુદ્ધિ કરે છે. આહાહા..! બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, આબરૂ એ બધું અનાત્મ-પર છે. એમાં આ મારું છે એમ અધ્યવસાય કરે છે. આહાહા..! જે એનામાં નથી, એના નથી અને એના થઈને રહ્યા નથી, એમાં આ મારું છે એવો અધ્યવસાય અજ્ઞાની કરે છે. આહાહા..! નિગોદમાં પડ્યો છે ત્યાં તો, કહે છે, જડ છે, સૂઈ રહ્યો, પણ બહાર આવ્યો સંજ્ઞી પંચેન્દ્રિય... આહાહા..! આ મારો દીકરો, આ મારી બાયડી, આ મારા મકાન, આ મારી આબરૂ, આ મારી દીકરીયું અને આ મારા જમાઈ. આહાહા..! આ મારા વેવાઈ અને વેવલા. આહા..!

'**અનાત્મીયભૂત...**' અનાત્મભૂતમાં... અનાત્મીમાં એટલે? '**વાસ્તવમાં અનાત્મીયભૂત અર્થાત્ પોતાના નથી...**' જોયું! '**તેવા પુત્ર-સ્ત્રી આદિ...**' આહાહા..! ક્યાં એનો પુત્ર હતો? એનો આત્મા જુદો, એના રજકણ જુદા. '**સ્ત્રી આદિમાં...**' કહે ને પછી. આબરૂ, મકાન, પૈસા.. આહાહા..! આ મારા છે પૈસા. અમારા બાપા મૂકી ગયા છે. પાંચ લાખ, દસ લાખ. અમારા છે. અમે શ્રીમંત છીએ પહેલેથી. ગર્ભશ્રીમંત. આહાહા..! આવું અનાત્મમાં... આહાહા..! આ તો સ્થૂળ ભાષા છે પણ અનાત્મા એટલે રાગમાં અને પુત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર.. આહાહા..! સગો હોય સાળાનો સાળો, પણ પૈસાવાળો અને આબરૂવાળો હોય તો કહેતા એને હરખ આવે. અમારા સાળાનો સાળાને મુંબઈમાં આવું છે. પણ તારે શું એમાં? અમારા સાળાની વહુ મુંબઈમાં શું કહેવાય મોટી? મેયર. લ્યો મેયર. અને દીકરાનો દીકરો એનો કોઈ સાળો હોય એ પણ વિલાયત ગયો હોય તો ત્યાંથી કાંઈક લઈને આવ્યો. ભણીને આવ્યો હોય મોટો હુશિયાર. પણ તારે શું એમાં? મૂર્ખાઈ વેદે છે ને કેટલી પણ? આહાહા..!

એ મારા છે એવું માને છે એટલે એવો અધ્યવસાય કરે છે. આહાહા..! જે એને કાંઈ સંબંધ નથી પરદ્રવ્ય સાથે. શરીર અમને નિરોગી મળ્યું છે મને. મારું શરીર નિરોગી છે. સુંઠ ચોપડવી પડતી નથી. ૬૦ વર્ષ થયા.

મુમુક્ષુ :- આપ કહો છો એવું જ એક જણ કહેતા.

ઉત્તર :- હા. હા. એ કરે છે ને માણસ. ૮૦ વર્ષ થયા કોઈ દિ' સુંઠ ચોપડી નથી. રોગ આવ્યો (નથી), માથુ દુખ્યું નથી. અને હવે આવ્યું આ અત્યારે એકદમ ત્યારે નક્કી હવે મરણનું ટાણું લાગે છે. વળી એમ પણ બોલે. આવું જે દુઃખ આવ્યું એકદમ રોગ મરણનું લાગે છે. આવું આપણે જોયું નથી. આહાહા..! આ જોયા છે બધા સાંભળેલા. મૂર્ખાઓના કાંઈ ગામ જુદા હોય છે? આહાહા..! અરે.. કોના બાપા! લ્યો!

'**અને અનાત્મભૂત જે શરીરાદિમાં તેમાં તે હું જ છું...**' આવ્યું પાછું જોયું! પુત્ર-સ્ત્રી લઈને પછી અહીં નાખ્યું. શરીર, વાણી... આહાહા..! મારો કંઠ અને શરીર એવું સુંદર કે સાધારણ માણસ પણ આકર્ષાય. અરે.. પ્રભુ! પણ ક્યાં તારા? આ તો જડ-માટી છે. આહાહા..! વાણી એવી મીઠી નીકળે. આહાહા..! એવી વાણી આ છોડી હમણાં નહોતી? તેણે કીધું હતું ને? જયપુરમાં છે ને એ શું કહેવાય? આદર્શ નગર. મુલતાન. બધા. મંદિર છે મોટું. તે દિ' છોડી બોલી હતી. છ-સાત હજાર

માણસ. વ્યાખ્યા આપ્યું હતું તે દિ'. એ છોડી પાછી અહીં આવી. પદ્મ હમણાં ગયા હતા ને ટોંકથી પદમપુર. વ્યાખ્યાન આપ્યું સાડા ત્રણે. ત્યાં કહ્યું કે.. માણસ બહુ માણસ ત્યાં પણ. આખો હોલ મોટો ભરાઈ ગયો. જોવા આવ્યા હતા ત્યાં. અને સાંજે તો અમારે વયું જાવું હતું જયપુર. એ છોડી.. અમે આહાર કરતા હતા. આહાર કરીને જાવું હતું ને. ત્યાં બોલી. ઓમ હરિ ઓમ. એમ કરીને બોલે છે ને એ? આપણે ભાઈ બોલે છે. તમારા જલગાંવવાળા. વયા ગયા. નટુ-નટુ. ઓમ હરિ ઓમ. એમ કાંઈક બોલે. પણ એવો તે કંઠ તે કંઠ વાણીનો. ફરીને એણે સંભળાવ્યું. હતું તો વૈરાગ્યનું ગાયન પણ એવો એનો કંઠ તે માણસ એકવાર સાંભળીને એમ થઈ જાય. એને પણ એમ થઈ જાય કે મારો કંઠ. પણ કંઠ તો જડ છે. આહાહા..!

કોક બાઈનું નથી? ટોકરી વગાડીને નથી? હા એ. .. એમાં હતું. ટોકરી વાગે રણકારની. પણ એ તો હોય રજકણ એમાં એનું વિશેષ શું. કંઠનું, રજકણનું એવું બંધાણ એવું હોય ત્યાં. એ અવાજ જ નીકળે આમ. ટોકરી વાગે તો ઝણઝણાટ. વાજુબાજુ પણ પડ્યું રહે વાજાનો અવાજ એવો અવાજ હોય, પણ એ તો જડની દશા છે. તે કાળે જડનું ઉત્પન્ન તે પ્રકારનું છે. એમાં તારું ક્યાંથી આવી ગયું? આહાહા..! પાછો કંઠ એવો સારો રાખવા માટે રાખે બધું. વરિયાળીને આવે છે ને કાંઈક?

દૂધ સાકર ને એલચી, વરિયાળી ને દ્રાક્ષ,
જો ગાયાનો ખપ કરે તો પાંચે વસ્તુ રાખ.

એવું આવે છે. એવું સાંભળેલું. આહાહા..! હમણાં ત્યાં સાંભળવા આવ્યો હતો તમારો નહિ ભાવનગરવાળો. ભાવનગર નહોતો? ૨૦૦ રૂપિયા આપ્યા હતા એક કલાકના.

મુમુક્ષુ :- રાજકોટમાં જયંતિભાઈના ભાઈ હતાને જેઠાલાલભાઈ હતા.

ઉત્તર :- હા, જેઠાલાલભાઈ હતા. પણ આનો કંઠ તો બહુ ઝીણો ભાઈ સાહેબ. જેઠાલાલભાઈ સાંભળ્યા હતા. વ્યાખ્યાન, ભાષણ એના. ગાયન બોલતા એ. 'પીયાવા કાંઠે' એવું આ બોલતા એ. શું પછી ભાષા હતી. 'પીયાવા કાંઠે પંથ બન્યો છે આ.' એ વ્યાખ્યાન પૂરું થયા પછી જેઠાલાલ બોલતા. કંઠ માટે .. એવું તીખું ન ખાતા. ઘીમાં તળેલું ખાતા. ખબર છે ને. તે દિ' આવ્યા હતા ૭૭માં. ત્યારે કંઠ બહુ ઓલો હતો. કહે મારે ત્યાં મહારાજ પધારજો. મારા માટે શાક થાય છે ચોખ્ખું. એ કહેતો બિચારો. ૭૭ની વાત છે. જેઠાલાલ મોરારજી કેવા? જેઠાલાલ.

મુમુક્ષુ :- ભીમજી મોરારજી

ઉત્તર :- ભીમજી મોરારજીના ભાઈ. એ તો બધા જાણીએ ૭૭થી. અરે.. પણ એ તો જડના પરિણામ છે, ભાઈ! એને રાખવા, રક્ષા કરવી એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..! ત્યાં મુંઝાણા થકા સૂઈ ગયા છે. આત્માની જાગૃતિની એને ખબર નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જેઠ વદ ૨, બુધવાર તા. ૨૫-૦૬-૧૯૭૫
## શ્લોક - ૫૬-૫૭,
## પ્રવચન - ૭૧

'**ભાવાર્થ :- અનાદિકાળથી આ અજ્ઞાની જીવ,...**' એમ શબ્દ વાપર્યો છે ને? સંસ્કૃતમાં જ એમ છે પહેલું. '**મિથ્યાત્વના સંસ્કારવશ...**' કર્મને કારણે નહિ. વિપરીત માન્યતાના સંસ્કારને વશે નિત્યનિગોદમાં કુયોનિમાં વસ્યો. '**નિત્ય નિગોદાદિ નિંદ્ય પર્યાયોમાં...**' આહાહા..! જેમાં અનંતકાળ ગાળ્યો. નિંદ્ય દશા જેને જગતના પ્રાણી આત્મા છે એમ કબુલાત ન કરી શકે એવી સ્થિતિ.

'**મિથ્યાત્વના સંસ્કારવશ...**' એમ લીધું છે. પાઠ એમ છે ને? '**अनात्मीयात्मभूतेषु**' '**चिरं सुषुप्तास्तमसि**' એમ શબ્દ છે ને? મિથ્યાત્વને લઈને છે. કર્મને લઈને છે એમ નહિ. ગોમ્મટસારમાં એમ કહ્યું છે પ્રચુર કલંક. પોતાના સ્વરૂપને ભૂલીને વિપરીત સંસ્કાર મિથ્યાત્વના, અજ્ઞાનપણે એમાં રહ્યો. અનંતકાળ તો એમાં રહ્યો. '**ચોરાશી લક્ષ યોનિસ્થાનોમાં-જ્ઞાનની અત્યંત હીનદશામાં અર્થાત્ જડવત્ મૂર્છિત અવસ્થામાં પડી રહ્યો છે.**' આહાહા..! એકેન્દ્રિય પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. કાંઈ ખબર ન મળે. આહાહા..! અનંતકાળ કેમ ગયો-વીત્યો એની એને ખબર ન મળે. ખબર નથી એટલે ન હોય એમ કોણ કહે? એ તો ઘણીવાર કહેવાય છે ને. જન્મ પછી છ મહિના અને બાર મહિનામાં આજ ભવમાં શું થયું એને યાદ છે? યાદ નથી માટે નહોતું એમ કોણ કહે? છ મહિના જન્મ્યા પછી બાળક અવસ્થામાં...

મુમુક્ષુ :- ગઈકાલનું આજે યાદ નથી..

ઉત્તર :- આ તો છ મહિનાની સ્થિતિ, બાર મહિનાની સ્થિતિ. શું ખાધું? શું માએ ધવરાવ્યું કે કાંઈ ખબર છે? એ હતું કે નહિ? હતું છતાં યાદ નહિ, માટે નહોતું એમ કોણ કહે? આહાહા..! અરે.. અનાદિ મિથ્યાત્વ સંસ્કારમાં કુયોનિમાં અનંત ભવ ગયા એના. આહાહા..! એને યાદ ન આવે એટલે નહોતું એમ કેમ કહેવાય?

કહે છે '**જ્ઞાનની અત્યંત હીનદશામાં...**' આહાહા..! અક્ષરના અનંતમા ભાગમાં નિગોદની દશા રહી ગઈ. શક્તિરૂપે ભલે સત્ કેવળજ્ઞાનાદિ પૂર્ણ છે. પણ પર્યાયમાં હીનદશા એટલી બધી થઈ ગઈ કે એને ખબર જ નથી. આહાહા..! '**અર્થાત્ જડવત્ મૂર્છિત અવસ્થામાં પડી રહ્યો છે.**' આહાહા..! કોણ ત્યાં માન અને ક્યાં ત્યાં અપમાન કાંઈ છે નહિ. આહાહા..!

'**કદાચિત્ જો તે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાય પ્રાપ્ત કરે અને થોડી જ્ઞાનશક્તિ જાગૃત થાય,...**'

જાગૃતિનો અર્થ તો દશ્યતિ કર્યો છે એણે. જાગૃતિ કર્યો છે ને? '**ममाहमिति जाग्रति**' મારું એમ એ માને. એવો અર્થ કર્યો છે. જાગૃતિ એટલે ક્ષયોપશમ થયો છે એમ અર્થ નથી. છે ને સંસ્કૃત? '**अनात्मीयात्मभूतेषु ममाहमिति जाग्रति**' જાગૃતિ એટલે કે અધ્યવસાય કરે છે એમ. આહાહા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનશક્તિ જાગૃત થાય, તો તે અનાદિ અવિદ્યાના સંસ્કારને લીધે, સ્ત્રી-પુત્ર-મિત્રાદિ જે પોતાથી પ્રત્યક્ષ ભિન્ન છે...**' કાંઈ લેવા-દેવા સંબંધ નથી. શું કીધું?

મુમુક્ષુ :- ઘર સાચવી દે, રાંધી દે...

ઉત્તર :- અરે.. પગ દાબે આવીને ઓલો આઠ હજારના પગારવાળો. પગ, પગ પણ આત્મા નહિ ને. કાંતિભાઈ! આહાહા..! કોના બાયડી? કોના છોરું? આહાહા..! કોના છોરું અને કોના વાછરું કોના માઈ ને બાપ? અંત કાળે જાવું એકલું સાથે પુણ્ય અને પાપ. આવે છે કે નહિ? આહાહા..! ભજનમાં આવે. એ હમણાં ગાયું હતું ત્યાં. ઓલો ભાવનગરવાળો નથી તમારો? દોઢ કલાકના પંદરસો લીધા હતા. એ ત્યાં અમે હિંમતભાઈને ઘરે આહાર કર્યો ને. પાંચ મિનિટને રસ્તે છે ને ઓલું?

મુમુક્ષુ :- શાંતાક્રુઝ

ઉત્તર :- શાંતાક્રુઝ. અને ત્યાં રસ્તો છે ને ઓલો શું કહેવાય તમારે? પ્લેનનો. નજીક ખરોને. ગામમાંથી જાય તો ૨૦ મિનિટ થાય. અને ખાવાનું મોડું થઈ જાય. ત્યાં આહાર પહેલા આવ્યો હતો. બે ભજન બોલ્યો હતો એ જ માણસ. પણ એ તો કંઠ. એમાં વૈરાગ્યનું કાંઈ ન મળે. શ્વેતાંબર છે. કલાક, દોઢ કલાકના દોઢ હજાર લીધા હતા તમારે પંચકલ્યાણકમાં. આહાહા..! એ આ ગાયું હતું. 'કોના મંદિર ને કોના માળીયા એમાં સોડ તાણીને સૂતો, કાઢો રે કાઢો એને સૌ કહે.' જાદવજીભાઈ! જાણે જન્મ્યો જ નહોતો. આવ્યો જ નથી ત્યાં. કાઢો કાઢો ઝટ.

મુમુક્ષુ :- બે-ચાર પેઢી જાય તો સાવ ભૂલાઈ જાય.

ઉત્તર :- અરે.. થઈ રહ્યું એ તો આવ્યો હતો કે નહોતો એ. એ આમાં છે એ? હા એ. લ્યો એ.

ઊંચા મંદિર ને માળીયા સોડ તાણીને સૂતો,<br>
કાઢો કાઢો એને સૌ કહે જાણે જન્મ્યો જ નહોતો.<br>
એક રે દિવસ એવો આવશે મન ..

શું છે આ? છે શું આ? સજ્ઝાય? .. ઓલું કરીને છે. અમદાવાદનું. 'સાલ સોનાના રે સાંકળા પહેરણ નવા નવા વાઘા.' મખમલના કપડા, મખમલના આહા..! હમણા તો વળી વાળ આમ રાખ્યા છે મોટા. ભરવાડ જેવા. આમ ને આમ. વળી અહીંથી અહીં સુધી. ભરવાડ રાખતા ભરવાડ પહેલા અહીંથી અહીં. વાણિયા રાખે છે હવે. અહીંથી અહીં અને આમ. છોડ મોટા વાળ. વાળ. આહાહા..! ઓલા સાઈબાબો રાખતો હતો. છાપા વાંચતા હતા ને એ. એટલે આ બધા છોકરાઓ રાખે છે. આહાહા..! છે ને? પહેરણ નવા નવા વાઘા. ધોળું વસ્ત્ર એના કર્મનું. એ તો વાતું બહારની છે. તે તો શોધવા લાગ્યા. એ તો કર્મ-બર્મ ક્યાં ગયા? એ તો વયું ગયું હવે એને ક્યાં. આહાહા..!

'ચરુ કડાઈયા અતિ ઘણાં બીજાનું ન લેખું, ખોખરી હાંડી એના કર્મની.' એને શું જોવે એ તો ગયો. એ તો વાતું વૈરાગ્યની વાતું. આહાહા..! કોના છોરું અને કોના .. સગી નારી રે તારી કામિની ઊભી ટક ટક જોવે. એનું પણ કાંઈ ચાલે નહિ બેસી ધ્રુસકે રોવે. વ્હાલા તે વ્હાલા શું કરો? વ્હાલા વળાવીને વળશે. વ્હાલા વળાવીને વળશે. પણ એ તો ગયો. મડદાને. એ તો ગયો. ઘરમાં અડવા ન દે ઠાઠડી કાઢતા. ઠાઠડી કાઢતા ઓલા બારણાને શું કહેવાય? બારણાને હોય ને. સાખું, સાખું અડવા ન દે. એવું છે.

'વ્હાલા વનમાં લાકડા...' એના સાથે શું? ઓલો તો ગયો હવે. એ તો છે જ નહિ. 'નહિ ત્રાપો ને કાંઈ તુમડી, નથી તરવાનો આરો.' ચોર્યાસીમાં જાય ક્યાં તરાપો નથી. અવતારને ઉતારો કાંઈ નથી. આહા..! એકેન્દ્રિયમાં, બે ઈન્દ્રિયમાં, વાઘમાં, વરુમાં, કંઈક જંગલમાં અવતરશે. આહાહા..! અહીં એ જ કહે છે.

**'અનાદિ અવિદ્યાના સંસ્કારને લીધે, સ્ત્રી-પુત્ર-મિત્રાદિ જે પોતાથી પ્રત્યક્ષ ભિન્ન છે અર્થાત્ અનાત્મીય છે...'** આહાહા..! એ આ આત્મા નથી. એ તો પરચીજ એને કારણે આવી અને એને કારણે ઊભી રહી અને એને કારણે એમાં એ પરિણમી રહી છે. આહાહા..! **'તેમાં આ મારાં એવી મમકારબુદ્ધિ કરે છે...'** આહાહા..! આ મિથ્યાત્વભાવ છે. જે ચીજ પર છે, પરપણે ટકીને બદલી રહી છે, પોતામાં પર્યાયમાં આવી નથી એને મારા માની મમકારથી મિથ્યાત્વને સેવે છે. આહા..!

**'એવી મમકારબુદ્ધિ કરે છે અને શરીરાદિ જે પોતાનું સ્વરૂપ નથી,...'** અહીં લાવ્યા હવે. શરીર, વાણી એનું અસ્તિત્વ એ આત્માનું નથી. **'જે અનાત્મ અર્થાત્ જડ છે, તેમાં આ હું છું...'** હું રૂપાળો છું, હું સુંદર છું, જુવાન છું, વૃદ્ધ છું, ખોખલું શરીર મારું થઈ ગયું, જીર્ણ થઈ ગયું, મજબુત છે, દૃઢ છે. આહાહા..! એવી મમતામાં **'એવી આત્મબુદ્ધિ કરે છે.'** આહાહા..!

**વિશેષ :— 'શરીર, શુભાશુભ રાગાદિ ભાવકર્મ...'** લ્યો! **'અને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો આત્મા સાથે સંયોગ સંબંધ છે.'** સંયોગ એટલે પરરૂપે તે સંબંધ છે. સ્વરૂપે સંબંધ નથી એનો. આહાહા..! **'વાસ્તવમાં તે બધાં આત્માથી ભિન્ન છે-'** આ રાગાદિ પણ નાખ્યાને પછી. સંયોગી ભાવ છેને રાગાદિ? આહાહા..! **'આત્મસ્વરૂપ નથી;...'** શરીર, કર્મ અને દયા, દાનના વિકલ્પ કે કામ-ક્રોધના ભાવ એ આત્મસ્વરૂપ નથી, પરસ્વરૂપ છે. એને પોતાના માને છે. એ મિથ્યાત્વના સંસ્કાર છે. આહાહા..!

**'માટે તેઓ અનાત્મભૂત છે;...'** આત્મા નથી. આહાહા..! **'છતાં અજ્ઞાની તેને પોતાનાં માને છે.'** આહાહા..! અરે.. શાસ્ત્રજ્ઞાન જે છે એ પણ પોતાનું જ્ઞાન નથી. અહિતકર છે. આહાહા..! સમજાણું કાંઈ? પરલક્ષી જ્ઞાન એ કાંઈ આત્મજ્ઞાન નથી. પોતાનું નથી. પોતાનું હોય તો જુદું કેમ પડે? એ જુદું પડી જાય છે. એકેન્દ્રિયમાંથી આવે. નવ પૂર્વ પ્રાપ્ત કરે લ્યો. મુનિ થાય મિથ્યાદૃષ્ટિ. પાછો એકેન્દ્રિયમાં જાય. આહાહા..! એ શાશ્વત ચીજ છે ધ્રુવ જ્ઞાનસ્વરૂપ છે. એ ધ્રુવ જ્ઞાનગુણ છે

એમાંથી પર્યાય આવે એ એનું જ્ઞાન છે. એને પોતાનું ન જાણતાં આ અજ્ઞાન છે એને પોતાનું જાણે છે. આહાહા..! '**અજ્ઞાની તેને પોતાનાં માને છે.**'

'**સ્ત્રી-પુત્ર-મિત્રાદિનો આત્મા સાથે પ્રત્યક્ષ ભિન્ન...**' સારા મિત્ર અનુકૂળ મળે અને બેઠા હોય પાંચ ભેગા થઈને. અને જુઓ તમારે. આહાહા..! એકબીજા મશ્કરીયું અને એકબીજા મારાપણાની વ્હાલપની વાતું. મારાપણાની વ્હાલપની વાતું. વાતું હોં. આહાહા..! ક્યાંનો તું? ક્યાંનો એ? અરે એમાં શું? '**સ્ત્રી-પુત્ર-મિત્રાદિ...**' સગાંવ્હાલા. દીકરાના સાસરા, દીકરાની વહુ એ બધા... આહાહા..! ક્યાંય લાવલાતરે પણ સંબંધ નથી એને. પણ એના સંબંધે એમ માને કે આ મારા છે.. આ મારા છે...

'**પ્રત્યક્ષ ભિન્ન સંયોગ સંબંધ છે. વાસ્તવમાં તેઓ જીવનાં પોતાનાં નથી;...**' ખરેખર આ જીવમાં એ કોઈ ચીજ જ નથી. આહાહા..! '**તેથી તેઓ અનાત્મીયભૂત છે.**' આ આત્મા નથી તેથી તે અનાત્મભૂત છે એમ કહેવું છે. કળશમાં આવે છે ને? જીવ અધિકાર નહિ? આત્મ-અનાત્મ. ભગવાન પણ અનાત્મા છે. આ આત્મા નથી એટલે અનાત્મા છે. આહાહા..!

'**અજ્ઞાની, આ અનાત્મભૂત અને અનાત્મીયભૂત પદાર્થોમાં મમકારબુદ્ધિ અને આત્મબુદ્ધિ કરી...**' આહાહા..! આ સ્ત્રી મારી, આ દીકરો મારો. ક્યાં હતો પણ તારો? એનો. એનો આત્મા છે. એ તારો ક્યાંથી થઈ ગયો? કોના બાપ ને કોના દીકરા? આહાહા..! કેમ છે દામોદરભાઈ! આહાહા..! ભાઈ આવ્યા નથી? આહાહા..! આ સંસારની જંજાળ એમાં ઘૂંચી ગયો છે. કાંઈ લેવા-દેવા એને ન હોય. પાંચ-પચ્ચીસ વર્ષના સંગાથના સંબંધમાં બસ જાણે એને એક છીએ. ભાઈઓ એક છીએ. ડાંગે માર્યા કાંઈ પાણી જુદાં પડે ભાઈ? એમ ભાઈયું તે ભાઈયું છીએ.

મુમુક્ષુ :- એક એક પરમાણુ જુદું છે.

ઉત્તર :- એવો ડાંગ મારે ત્યાં પાણી પાછું ભેગું થઈ જાય. આહાહા..! એમ કહે છે ને લોકો? ભાઈઓ-ભાઈઓ ડાંગે માર્યા પાણી જુદા થાય? ભાઈઓ તો એક છીએ અમે. આહાહા..!

ઓલા રામ બોલ્યા હતા ને? લક્ષ્મણને જ્યારે હતોને ઓલું વિદ્યા રાવણની. લક્ષ્મણને રાવણની શક્તિ વાગી હતી ને જ્યારે? અસાધ્ય થઈ ગયા હતા લક્ષ્મણ. સીતાજીને ત્યાં લઈ ગયા હતા એકલા. ભાઈ મરે. એમ આવે છે અંદર. 'ભાઈ મરે ભવ હારીએ, બહેની મરે દશ જાય.' દિશા જાય. જ્યાં બહેન હોય ત્યાં પછી મરી જાય પછી એનીકોર દીકરાનું રહે નહિ કાંઈ. દીકરા-દીકરી ન હોય ભાણેજ-બાણેજ. એવું આવે છે આમાં. એ દુકાન ઉપર બધું બોલતા હતા. 'ભાઈ મરે રે ભવ હારીએ.' ભાઈ મરે એમાં ભવ હાર્યો ક્યાંથી? 'બહેની મરે દેશ જાય, નાનપણામાં જેની મા મરે એને ચારેય દિશાના વા વાય.' એવું ગાતા દુકાન ઉપર. સામાયિક કરીને બેસે પડિક્કમણું. પછી નવરા થઈને આવું ગાતા. આહાહા..!

ક્યાં વયા ગયા કુંવરજીભાઈ ને ક્યાં વયા ગયા શિવલાલભાઈ. બિચારા ભાઈ ક્યાં ના ક્યાં. દુકાનમાં ભેગા હતા. આહાહા..! ખુશાલભાઈ ક્યાં ગયા લ્યો! એ ખુશાલભાઈનો વિકલ્પ આવ્યો

હતો કીધું ને ભાઈ હમણાં? તે દિ'. આ આમાં ગયા ને જલગાંવ. રાજકોટનો મુનશી ગૃહસ્થ મોટો હોં. નાગર જેવો. નાગરનું દેખો શરીર અને ગૃહસ્થ અને પૈસાવાળો. મોટો ધંધો હશે. રાજકોટ મોટી ત્યાં દુકાન છે. અમારું સ્વાગત નીકળ્યું, એમાં તો રોવા જ મંડ્યો એ. અમને ખબર નહિ હોં. એ તો પછી કાગળ લખ્યો. રોવા જ મંડ્યો. અને પછી મોટરથી ઉતરતો જ્યારે, લાંબુ હતું એટલે મોટરમાં આવ્યો. ત્યાં પણ રોવા માંડ્યો. પછી રોઈને અંદર આંસુ લૂછવા ગયો. કાગળ લખ્યો, મહારાજ! તમને દેખીને અમને બહુ રુદન આવ્યું. શું છે આ? અપશુકન થયા કે? એને બિચારાને.

કીધું ભાઈ વર્ષ કેટલા થયા તને? આવ્યો. કાગળ લઈને આવ્યો હોં પછી કાગળ આપ્યો અને પછી આવ્યો. ૧૦૧ રૂપિયા લઈને આવ્યો. ૧૦૧ મૂક્યા. ગૃહસ્થ માણસ છે. ભાઈ! તને વર્ષ કેટલા થયા? ૩૫. કીધું અમારે ખુશાલભાઈ એક ગુજરીને માણસ થયા છે ક્યાંક. ત્યારે એ વખતે યાદ આવ્યું હતું. પણ અમને યાદ છે અમારે ખુશાલભાઈને ૩૮ વર્ષ થયા.

મુમુક્ષુ :- એ તો ફેર..

ઉત્તર :- એ તો ફેર ગમે તે કારણે, પણ એને રોવું જ આવે. રૂપાળો નાગરનો છોકરો. રોવા જ માંડ્યો. એવું રોવે... એવું રોવે... કે દુકાન ઉપર ન જઈ શક્યો કહે હું. અંદર ગરી ગયો. અને પાછા મોટરથી ઉતરતાવેંત. કીધું, ભાઈ! કાંઈ મુંઝાઈશ નહિ હો એ તો સારા શુકન. સત્સમાગમમાં તને રૂદન આવ્યા. ૧૦૧ રૂપિયા લઈને આવ્યો બિચારો. પાછો અહીં આવ્યો હતો જામનગર. એને ૧૦૧ રૂપિયા આપ્યા જામનગર. મંદિર ખાતે. ઉદ્‌ઘાટન કર્યું ને. પૈસાવાળો માણસ. આવા ક્યાં અવતાર કોના ક્યાં જઈને આવે. આહાહા..! કોને કાંઈ સંબંધ છે કાંઈ? આહાહા..!

કહે છે, '**અજ્ઞાની, આ અનાત્મભૂત અને અનાત્મીયભૂત પદાર્થોમાં મમકારબુદ્ધિ અને આત્મબુદ્ધિ કરી પોતાના ચૈતન્યસ્વરૂપને ભૂલી...**' ઓહોહો..! જેનો સ્વભાવ નિત્ય જ્ઞાન અને આનંદ. આહાહા..! એક સવારની વાત યાદ થઈ ગઈ હતી. કે ઓલી નિમિત્ત-નૈમિત્તિક પર્યાય કીધી ને ભાઈ! પણ જ્ઞાનની પર્યાય લોકાલોકને નિમિત્ત. પણ લોકાલોકની પર્યાય એકલી નિમિત્ત નહિ કેવળજ્ઞાનમાં. એ વાત થઈ ગઈ હતી પહેલી. પ્રવચનસારમાં આવે છે ને. એમ કે જ્ઞાનમાં વર્તમાન નિમિત્ત છે ને એ? ભૂત-ભવિષ્ય નહિ એ. ભૂત-ભવિષ્ય તો હજી છે નહિ. એ વર્તમાનમાં જ એનો પર્યાય અને દ્રવ્ય-ગુણ ત્રણેય વર્તમાનમાં આખું છે એ અહીં જ્ઞાનને નિમિત્ત છે. કેવળજ્ઞાનમાં. એ ત્યાં એટલી વાત ફેર છે.

કેવળજ્ઞાનની પર્યાય એને નિમિત્ત, ગુણ અને દ્રવ્ય નહિ. પણ કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોકની પર્યાય, દ્રવ્ય, ગુણ એ નિમિત્ત છે આમ અરસ-પરસ. સમજાણું કાંઈ? ભાઈ! એ વાત કહી હતી તે દિ' નહિ? ચેતનજી! કરી હતીને એ વખતે. આ ફરતા કરતી હતીને તમને? ભૂલી ગયા? લ્યો થઈ રહ્યું લ્યો. આપણે ફરતા નહોતા આહાર કર્યા પહેલા અંદર?

મુમુક્ષુ :- આજની વાત

ઉત્તર :- આજની હજી વાત કરી હતી તમને કેટલી વાર. લોકાલોકના પર્યાય, દ્રવ્ય અને ગુણ

એ નિમિત્ત છે કેવળજ્ઞાનમાં. જુઓ ભૂલી ગયા. આ આહાર પહેલાં અહીંથી ગયાને ત્યારે.

મુમુક્ષુ :- પરસ્પર.

ઉત્તર :- પરસ્પર નહિ.

કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને નિમિત્ત, પણ કેવળજ્ઞાનની પર્યાયને લોકાલોકનું પર્યાય, દ્રવ્ય ને ગુણ નિમિત્ત. કેવળજ્ઞાન(ના) ગુણ અને દ્રવ્ય નિમિત્ત નહિ. એમ. એમ કહેવું છે. કારણ કે કેવળજ્ઞાનમાં વર્તમાન એને નિમિત્ત. ત્યારે વર્તમાનમાં આખું હોય ત્યારે નિમિત્ત થયું ને? એ તો ઓલી ગાથામાં આવ્યું હતું ને ચિતરામણ શિલાલેખ? ચોવીસ તીર્થંકરનું .. એમાં કહ્યું હતું આ વાત થઈ હતી. કે ભૂત-ભવિષ્યનું એને વર્તમાનમાં નિમિત્ત હોવું જોઈએ ને? કેવળજ્ઞાનની પર્યાયમાં આખી ચીજની વર્તમાન નિમિત્ત હોવું જોઈએ ને? ભૂત, ભવિષ્યનું નહિ પણ વર્તમાનમાં એનું અંદર (યોગ્યતા) છે એ નિમિત્ત છે.

મુમુક્ષુ :- એમાં રહેલું છે.

ઉત્તર :- રહેલું. આહાહા..! સમજાણું કાંઈ? ચંદુભાઈને કહ્યું હતું પછી. પછી આહાર કર્યા પછી. આ ઓલી જરીક વાત રહી હતી. બધામાં પર્યાય. આહાહા..!

અવગાહનગુણની પર્યાય એ બધા અનંતા પદાર્થને વર્તમાન નિમિત્ત થઈ શકે અવગાહન તરીકે. એક સાથે. એનો ગુણ નહિ. ભાષા તો એમ જ આવે ને. પણ કેવળજ્ઞાનની પર્યાયમાં (સામાના) દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેય આવે. વર્તમાન આખું આવે. સમજાણું કાંઈ? જે રીતે એનો ન્યાય હોય એમ જાણવું જોઈએ ને? આહાહા..! શ્રુતજ્ઞાનમાં પણ એમ છે. શ્રુતજ્ઞાન પરોક્ષ છે તો પણ બધું જાણે છે ને? બધું જાણે છે એટલે વર્તમાન જ્ઞાનની પર્યાયની નિમિત્તના પરને. અને પર એને બધું નિમિત્ત છે. જેટલો એનો વિષય છે એટલો આખો. નથી કહ્યું? મતિજ્ઞાન .. સ્વરૂપ પર્યાયદર્શી. દ્રવ્ય બધા (પણ) પર્યાય સર્વ નહિ. એટલું આવે છે. તત્ત્વાર્થસૂત્રમાં ભાઈ. અસ્વરૂપ પર્યાય. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્ય પણ અસર્વ પર્યાય. બધી પર્યાય નહિ એમ આવે છે ત્યાં. અને કેવળજ્ઞાનમાં બધું. એક સમયમાં વર્તમાન આમ. આહાહા..! છતાં એકબીજાને કાંઈ સંબંધ નહિ (કે) એ લોકાલોક આના છે અને આ એના છે.. આહાહા..! સમજાણું કાંઈ?

'**અનાદિકાળથી ભવ-ભ્રમણ કરી રહ્યો છે.**' આહાહા..! પોતાની જાત જે જ્ઞાનસ્વરૂપ ભગવાન એ તો જાણવા-દેખવાના કાર્યવાળો ભગવાન છે. એ સિવાય એને ઓળંગીને બીજી ચીજ એની માનવી અજ્ઞાન છે. આહાહા..! '**ભવ-ભ્રમણનું મૂલ કારણ જીવનો મિથ્યાત્વભાવ જ છે.**' કર્મ છે એમ ન લીધું જોયું. આહાહા..! સ્વરૂપની જે સામર્થ્યતા છે એના વિરૂદ્ધની માન્યતા છે મિથ્યાત્વ, એ જ સંસારનું કારણ અને ભૂલનું કારણ છે. આહાહા..! '**ભ્રમણનું મૂલ કારણ જીવનો મિથ્યાત્વભાવ જ છે.**'

શ્રીમદ્દે કહ્યું ને? સંતોની એ શિખામણ છે કે તારી ભૂલથી તું રખડે છો. પહેલી શિખામણ એ છે. હવે આ કહે કે કર્મની ભૂલ... કર્મની ભૂલ.. હવે બધા આ શિખ્યા લ્યો. આહાહા..! ગૃહસ્થાશ્રમ-

માં રહેલા સમકિતી એમ કહે, સંતોની પહેલી એ શિખામણ છે કે તારી ભૂલથી તું રખડે છો. ભૂલ એ કઈ? કે પોતાને પરનું માનવું અને પરને પોતાનું માનવું. પોતાને પર માનવું અને પરને પોતાનું. આહાહા..! આ તારી ભૂલ. એ કર્મને લઈને ભૂલ. એમ નથી. આ કર્મ તો પરદ્રવ્ય છે. આહાહા..!

એક ગોમ્મટસારની ગાથા છે ને ભાઈ! સમકિતી ઇન્દ્રિયોથી નિવૃત્યો નથી. ઇન્દ્રિયથી અવિરત. ગાથા છે ને આખી. નો ઇન્દ્રિય અવિરહિત. આખો શ્લોક છે. આમાં તો બીજું કહેવું છે કે સમ્યગ્દર્શન હોવા છતાં ઇન્દ્રિયના વિષયોથી નિવૃત્યો નથી, છૂટ્યો નથી એટલો હજી ભાવ છે. ચારિત્રદોષનો સ્વભાવ છે. આ તો ઓલા દુઃખ ઉપરનું, શેઠિયા ઉપરનું લક્ષ ગયું હતું. ગાથા છે ક્યાંક. નીચે મૂકી છે આપણે નો ઇન્દ્રિય.. ક્યાંક પુસ્તકમાં મૂકી છે.

ઇન્દ્રિયના વિષયોથી સમકિતી નિવૃત્યા નથી. એ તો ચારિત્ર હોય તો નિવૃત્તે. આહાહા..! ત્યારે એનો અર્થ એ થયો કે ઇન્દ્રિયોના વિષયોના ભાવવાળો છે તો એટલું દુઃખ છે. એ શ્લોક છે ક્યાંક. ભાઈ ખબર છે? ગોમ્મટસારની ગાથા છે. ક્યાંક આપણે નીચે મૂકે છે ક્યાંક. ઘણા ગ્રંથોનું કાંઈ યાદ રહે છે? પણ ભાવ લક્ષમાં રહે. ઇન્દ્રિયના વિષયથી નિવર્ત્યો નથી એથી અન્યાયના વિષયને સેવે એમ નથી. કારણ કે આત્મભાન થયું, પણ હજી ઇન્દ્રિયના વિષયની આસક્તિનો જે રાગ એ ગયો નથી. એ જો જાય તો ચારિત્ર થઈ જાય. સમજાણું? એ શ્લોક કાઢજો પછી ક્યાંકથી. આપણે ક્યાંક મૂક્યો છે ખરો નીચે આ બાજુ. પુસ્તકમાં નથી. નો ઇન્દ્રિયો.. પછી બીજા ત્રણ પદ છે. ગોમ્મટસ-ારના છે.

અહીં તો બીજું કહેવું હતું કે સમ્યગ્દૃષ્ટિ જીવ ઇન્દ્રિયના વિષયોથી નિવૃત્યો નથી, છતાં વિષયનો સંબંધ હોવા છતાં એને સંબંધથી પૃથક પોતાને જાણે છે. સ્વામીત્વ નથી. એટલે કે કર્તાકર્મ એનું નથી. આહાહા..! અને અજ્ઞાની બહારથી વિષયો છોડ્યા છે. સ્ત્રી, કુટુંબ આદિ. પણ અંદરમાં રાગ છે ને વિષય વિકાર છે તે મારા છે એવી માન્યતામાં એ વિષયોના રાગને પોતાનું માને છે અને એમાં સુખ છે એમ એ માને છે અને જ્ઞાનીને વિષયોનો ભાવ નિવૃત્ત્યો નથી, પણ એને દુઃખભાવ માને છે. અહીં તો એ લઈ લેવું છે.

સમ્યગ્દૃષ્ટિને દુઃખ છે. ઇન્દ્રિયનો વિષય નિવૃત્યો નથી એટલા વિષયનો ભાવ દુઃખ છે. પણ એની સાથે મારા છે એવો ભાવ નથી. આહાહા..! ભાવકર્મ કીધું ને એ? વિષયનો ભાવ એ ભાવકર્મ છે. એ પણ મારી ચીજ નથી. એનો સ્વામી નથી. છતાં છૂટ્યા નથી. આહાહા..! દૃષ્ટિથી છૂટ્યા છે. સ્થિરતાથી છૂટ્યા નથી હજી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો બે વિચાર એ આવ્યા હતા ઓલા. લોકાલોકને એ અને એક આ નો ઇન્દ્રિયો.. આવ્યું હતું ક્યાંક, મગજમાં આવી ગયું હતું.

અજ્ઞાનીની વિષયનો ભાવ અને વિષયની સામગ્રી—એ બધી મારી છે એમ માને છે. એ મિથ્યાત્વના સંસ્કારને લઈને છે. અને સમ્યગ્દર્શનમાં વિષયોની નિમિત્તતા છે એને અને એનો ભાવ પણ છે, પણ તેનો સ્વામી નથી. પૃથક્ માને છે. આહાહા..! પણ ત્યારે એમ કહે કે પૃથક્ માને (છે) તોપણ તો એમાં કરે શું કરવા? પણ કરે નહિ એ આવે છે એ. ચારિત્રનો દોષ છે. આહાહા..! કર્તવ્ય

તરીકે છે અને કરવા લાયક છે એમ નથી. આહાહા..! બહુ ફેર. સત્યના શરણને જાવું અને પાછું થોડું અસત્ય રહેવું.. આહાહા..! રહે ખરું પણ એકત્વબુદ્ધિએ ન રહે. વિષય, વાસના છે એ બધી અસત્ય છે ને. સત્યની અપેક્ષાએ. આહાહા..!

'**ભવ-ભ્રમણનું મૂલ કારણ જીવનો મિથ્યાત્વભાવ જ છે.**' ભાવ જ છે. એકાંત કરી નાખ્યું નહિ? કર્મ પણ કથંચિત્ છે એમ કહેવું જોઈએ ને? કથંચિત્ મિથ્યાત્વ અને કથંચિત્ કર્મ. એય.. ચંદુભાઈ! ચંદુભાઈ! આ એકાંત મિથ્યાત્વ જ છે? એ જ અનેકાંત છે. પરથી નથી અને એકાંત મિથ્યાત્વ છે એ જ અનેકાંત છે. આહાહા..!

'**જે આત્મા એ રીતે જીવ અને પુદ્ગલના (પોતપોતાના) નિશ્ચિત ચેતનત્વ અને અચેતનત્વ સ્વભાવ...**' જીવનો ચૈતન્ય સ્વભાવ અને પુદ્ગલનો અચેતન સ્વભાવ એ '**વડે સ્વ-પરનો વિભાગ દેખતો નથી.**' એ રીતે સ્વ અને પરની જુદાઈને દેખતો નથી, વિવેક નથી. આહાહા..! સ્વ અને પરની જુદાઈનો જેને વિવેક નથી. '**તે જ આત્મા આ હું છું આ મારું છે એમ મોહથી પરદ્રવ્યમાં પોતાપણાનું અધ્યવસાન કરે છે.**' એ '**जाग्रति**'નો અર્થ કર્યો. '**जाग्रति**' છે ને? '**ममाहमिति जाग्रति**' જાગે છે એટલે એકત્વબુદ્ધિ કરે છે એમ. આહાહા..!

એમ કે એકેન્દ્રિયમાં એટલો ક્ષયોપશમ નથી. અહીં ક્ષયોપશમ થયો, એ પણ ક્ષયોપશમ થયો એથી એને સ્ત્રી, પુત્રનો સંયોગ થયો એને એ માને છે એ અધ્યવસાય એકત્વ છે એમ. ઉઘાડ થયો માટે માને છે એમ નહિ. ઉઘાડ છે, એમ આ મારા છે એવું માને છે એ અધ્યવસાય મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ત્યારે તો બધા બાવા થાય ત્યારે એકલા મનાય. બાવો જ છે. શ્રદ્ધામાં રાગ અને પરચીજ મારી નથી, તેવો દૃષ્ટિમાં બાવો થયા વિના, પરનો સંબંધ મારો છે એમ માન્યા વિના રહે નહિ. આહાહા..!

પોતાનું '**મોહથી પરદ્રવ્યમાં પોતાપણાનું અધ્યવાસન કરે છે; બીજો નહિ.**' એકડો છે ને એ? આધાર આપ્યો છે.

'પરને સ્વને નહિ જાણતો, એ રીતે પામી સ્વભાવને,
તે આ આ હું આ મુજ એમ અધ્યવસાન મોહ થકી કરે...(૧૮૩)'

લ્યો ૧૮૩. સારો અર્થ કર્યા છે છોટાભાઈએ.

---

ततो बहिरात्मस्वरूपं परित्यज्य स्वपरशरीरमित्थं पश्येदित्याह–

पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसः।
अपरात्मधियाऽन्येषामात्मतत्त्वे व्यवस्थितः।।५७।।

**આત્મતત્ત્વમાં સ્થિત થઈ નિત્ય દેખવું એમ**
**મુજ તન તે મુજ આત્મ નહિ, પર તનનું પણ તેમ. ૫૭.**

टीका :– आत्मनो देमात्मसम्बन्धिशरीरं अनात्मचेतसा इदं ममात्मा न भवतीति बुद्धया

अन्तरात्मा पश्येत्। निरंतरं सर्वदा। तथा अन्येषां देहं परेषामात्मा न भवतीति बुद्धया पश्येत्। किं विशिष्टः? आत्मतत्त्वे व्यवस्थितः आत्मस्वरूपनिष्ठः।।५७।।

તેથી બહિરાત્મસ્વરૂપનો ત્યાગ કરી સ્વ-પરના શરીરને આવી રીતે જોવું-તે કહે છે :-

શ્લોક – ૫૭

અન્વયાર્થ :- જ્ઞાનીને (आत्मतत्त्वे) આત્મસ્વરૂપમાં (व्यवस्थितः) સ્થિત થઈ (आत्मनः देहं) પોતાના શરીરને (अनात्मचेतसा) 'આ મારો આત્મા નથી' એવી બુદ્ધિથી (निंतरं पश्येत्) નિરંતર જોવું-અનુભવવું અને (अन्येषां) બીજા જીવોના શરીરને પણ (अपरात्मधिया) 'આ બીજાનો આત્મા નથી' એવી બુદ્ધિથી (पश्येत्) સદા અવલોકવું.

ટીકા :- પોતાના શરીરને એટલે આત્મા સાથે સંબંધ રાખનાર શરીરને, અનાત્મબુદ્ધિએ અર્થાત્ 'આ મારો આત્મા નથી' એવી બુદ્ધિએ અન્તરાત્માએ નિરંતર-સર્વદા દેખવું (અનુ-ભવવું) તથા બીજાઓના દેહને, 'એ પરનો આત્મા નથી' એવી બુદ્ધિએ જોવું. કેવા થઈને (તેમ કરવું)? આત્મતત્ત્વમાં, વ્યવસ્થિત થઈને એટલે આત્મસ્વરૂપમાં સ્થિત થઈને (તેમ કરવું).

ભાવાર્થ :- જ્ઞાનીએ આત્મસ્વરૂપમાં સ્થિત થઈને પોતાના શરીરને અનાત્મબુદ્ધિએ નિરંતર જોવું-અનુભવવું અર્થાત્ 'આ શરીર તે મારો આત્મા નથી' એવી ભેદબુદ્ધિથી સદા જાણવું. બીજાના શરીરને પણ તેવી ભેદબુદ્ધિથી દેખવું- અર્થાત્ બીજાનું શરીર તે તેનો આત્મા નથી એમ ભેદબુદ્ધિએ સદા દેખવું.

વિશેષ

આચાર્ય ઉપદેશરૂપ કહે છે :-

'હે જીવ, તું અનાદિથી શરીરાદિ બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ કરી સંસારમાં રખડી દુઃખી થયો, પણ હવે સુખી થવું હોય તો દેહમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરી આત્મસ્વરૂપમાં સ્થિર થા, અર્થાત્ બહિરાત્મપણું છોડી દઈ હવે અન્તરાત્મા બન. તારો આત્મા ચૈતન્યસ્વરૂપ છે અને તારું શરીર તો અચેતન છે. એ તારું સ્વરૂપ નથી, છતાં તું તેને તારો આત્મા માને છે અને તેની ક્રિયા તું કરી શકે છે એમ માને છે – એ તારો ભ્રમ છે. એ ભ્રમ હવે છોડી દે અને તારા શરીરને સદા અનાત્મબુદ્ધિએ જો, એટલે કે તે પર છે એમ જો; તે તું છે એવી આત્મ-બુદ્ધિથી ન જો. તારા આત્માને શરીરાદિથી નિરંતર ભિન્ન અનુભવ કરે, બંનેની એકતાબુદ્ધિ છોડી દે. તું તારા શરીરના સંબંધમાં જેવી ભૂલ કરે છે તેવી જ ભૂલ બીજા જીવોના શરીરના સંબંધમાં પણ કરે છે. તું તેમના શરીરને પણ તેમનો આત્મા માને છે. માટે તેમના આત્માને પણ તેમના શરીરથી ભિન્ન જાણ. શરીરને શરીર જાણ અને આત્માને આત્મા જાણ.

**'સ્વ-સ્વરૂપમાં સ્થિર થઈ જ્યાં સુધી તું સ્વ-પરનું ભેદજ્ઞાન કરીશ નહિ ત્યાં સુધી શરીરાદિ પર પદાર્થો સાથે તારી આત્મબુદ્ધિ – એકતાબુદ્ધિ – મમત્વબુદ્ધિ – કર્તાબુદ્ધિ થયા વગર રહેશે નહિ અને તારા દુઃખનો અંત આવશે નહિ. માટે બહિરાત્મપણું છોડી આત્મસ્વરૂપમાં સ્થિર થા. એ જ સુખનો ઉપાય છે.' ૫૭.**

# શ્લોક-૫૭ ઉપર પ્રવચન

**'તેથી બહિરાત્મસ્વરૂપનો ત્યાગ કરી સ્વ-પરના શરીરને આવી રીતે જોવું-તે કહે છે :-'**

**पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसः।**
**अपरात्मधियाऽन्येषामात्मतत्त्वे व्यवस्थितः।।५७।।**

આમાં નાખ્યું છે.

**આત્મતત્ત્વમાં સ્થિત થઈ નિત્ય દેખવું એમ**
**મુજ તન તે મુજ આત્મ નહિ, પર તનનું પણ તેમ. ૫૭.**

બનાવ્યું છે ને કોકે. એ પોતાનું બનાવ્યું છે? (પોતે બનાવ્યું છે.)

**'ટીકા :- પોતાના શરીરને એટલે આત્મા સાથે સંબંધ રાખનાર શરીરને, અનાત્મબુદ્ધિએ અર્થાત્ આ મારો આત્મા નથી...'** છે ? **'પોતાના શરીરને એટલે આત્મા સાથે સંબંધ રાખનાર શરીરને,...'** આમ ભલે ભેગા હોયનહિ. પણ **'અનાત્મબુદ્ધિએ અર્થાત્ આ મારો આત્મા નથી...'** એ શરીર એ મારી ચીજ નથી. **'એવી બુદ્ધિએ અન્તરાત્માએ નિરંતર-સર્વદા દેખવું...'** સર્વદા એવું હોય જ છે. ભિન્ન પડેલી ચીજને ભિન્ન પાડવી પડે એમ છે નહિ. આહાહા..! નિરંતર ભગવાન આત્મા અને શરીર ભિન્ન છે. નિરંતર ધારા અંતરાત્માને હોય છે. બહિરાત્માને બહાર પર તે હું છું એવું મિથ્યાત્વના સંસ્કારને લઈને હોય છે. આહાહા..!

**'એવી બુદ્ધિએ અન્તરાત્માએ નિરંતર-સર્વદા દેખવું (અનુભવવું) તથા બીજાઓના દેહને એ પરનો આત્મા નથી એવી બુદ્ધિએ જોવું.'** બીજાનો દેહ પણ એના આત્માનો નથી. આહાહા..! જેમ પોતાનો દેહ આત્મા નથી એમ નિરંતર દેખે છે, એમ પરનો દેહ એનો નથી એમ દેખે છે. આહાહા..! પણ આ તો શરીરને દેખે અને એ મારો દીકરો અને એ મારી બાયડી એમ માને છે ને? ઓલો આત્મા શરીરને દેખે, આ મારો દેખો. આત્મા અંદર કોણ જોવે? અને મરે ત્યારે પણ એ આત્મા શરીર છોડીને ક્યાં ગયો મરીને એ ક્યાં એને નાવા જાવું છે? હિંમતભાઈ! એ તો એની વર્તમાન સગવડતાને રોવે છે કે આ વર્તમાન સગવડતા જાય છે મારી આટલી. આ હતો તો આટલી

રહી. એ મરીને નરકે ગયો એમાં અહીં અમારે શું ન્હાવા જાવું કહે?

મુમુક્ષુ :- એ તો ખરખરો કરવા જાય એ એમ જ કહે ને.

ઉત્તર :- એ બધા એને એમ કહે. કાંતિભાઈ! ઓલા ખરખરો કરવા આવ્યા, ભાઈ આમ હતા ને ભાઈ આમ હતા. દુકાનમાં આમ ભાગ લેતા. અમારે ઓછી પળોજણ હતી. મરીને ક્યાં ગયો? એ કોઈ પૂછે છે?

મુમુક્ષુ :- એ કોઈને ખબર પણ ક્યાં છે?

ઉત્તર :- પણ ભાન કે દિ' છે એને કે આ જુદો છે. આહાહા..! જુદો હતો તે જુદો થઈને ક્યાંક ગયો પાછો. આહાહા..! કઈ ગતિએ ગયો? ક્યાં ગયો? આહાહા..!

ઓલા આવે છે ને ઓલા દાખલો આવે છે ને. બાપ મરી ગયો એટલે બાર મહિનાનું શ્રાદ્ધ કર્યું. દૂધપાક કર્યો, દૂધપાક. બાપ મરી ગયો એની તિથિ હતી બરાબર. શ્રાદ્ધ કર્યું તો બધાએ દૂધપાક ખાઈ લીધો હવે. પછી ઓલો ચોંટેલો રહે ને? કડાયાને. તો એ કૂતરાનું બચ્ચું હતું એ ખાવા વારંવાર આવે. વારંવાર આવે. મારે તોપણ ખસે નહિ. કે આ શું છે ભાઈ? વળી કોકને પૂછયું કે આ છે શું? એ તારો બાપ જેનું તે શ્રાદ્ધ કર્યું એ છે આ. એ ખાવા એ આવે છે. આહાહા..! કહો, જેના શ્રાદ્ધ માટે દૂધપાક કર્યો. ઓલો ખાવા આવ્યો તો મારે એને. કોને ખબર છે કે આ આત્મા મારો બાપ હતો. આહાહા..! ક્યાં હતો બાપ પણ? આહા..! કોને બાપ? એક ભવની સગાઈ માની છે. હતી કે દિ'?

મુમુક્ષુ :- આવી વાત આ ભગવાન ..

ઉત્તર :- એ દરકાર કરી નથી.

એ અમારે ધીરૂભાઈ કહેતા. ધીરૂભાઈ છે ને અહીં લાઠીમાં. દીકરો ન મળે. દીકરી એક આ. કીધું, સારું જાવું છે એ તો નક્કી પણ હજી કાંઈ થાતું નથી. પણ હવે એકલો છો, પૈસા છે. પણ જાવું છે ખરું. એવું તો પણ જાવું છે બધું છોડીને, પણ એ હજી અંદર છોડવું ગોઠતું નથી કહે. ધીરૂભાઈ છે ને? લાઠી-લાઠી. એ આના મનુભાઈ ગયા ને? એના જમાઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તરઃ- હા. એને ખબર છે.

મુમુક્ષુ :- ધીરૂભાઈ.

ઉત્તર :- હા. હા. જયંતિભાઈ. આ તમારા કાકા. ત્યાં કહેતા હતા. બેઠા. રાતે નહિ ઓલી ચર્ચા ચાલી હતી ને? બહાર. તમારા મકાનની બહાર. માળું જાવું છે, છોડવું પડશે. છોડીને જાવું છે. કહે છે. આહાહા..! અંદર ખસતું નથી રાગ. આહાહા..! દરકાર નથી. અરે.. હું ક્યાં જઈશ? આહાહા..! ક્યાં હું જઈશ? ક્યાંનો હું ક્યાં જઈશ? આહાહા..! આ સંબંધ કેટલા કાળનો દેખાય એ. ખોટો પણ કેટલા કાળનો પાછો? ખોટો સંબંધ છે આ કહે. આનંદ અને આત્માને સંબંધ આ તો છે.

જ્ઞાન અને આત્માને સંબંધ છે. આની સાથે સંબંધ એ તો જૂઠો છે. આહાહા..! એ પણ સંબંધ એક સમયનો. .. એક સમયનો જ છે. બીજો, ત્રીજો છે હવે ત્રીજો થઈ જાય છે. આહાહા..! પરની

સાથે પર્યાયનો સંબંધ એક સમયનો માને છે. ત્રિકાળી ભગવાનને અનંતગુણનો સંબંધ છે. જેનું ધ્રુવ જ્ઞાન છે, જેનો ધ્રુવ આનંદ છે એવો જે સંબંધ આત્માને અનાદિથી છે (એ) માન્યો નથી.

ઓલામાં આવે છે ને ૧૯ ગાથામાં નહિ ટીકામાં? કે આત્માને જ્ઞાન તો સેવે જ છે. ૧૯મી ગાથા. ટીકા. આત્માને જ્ઞાન તો સેવે જ છે. કાંઈ આત્માથી જ્ઞાન જુદું નથી. તો તમે વળી આત્માને જ્ઞાન સેવો-સેવો એમ કરો ક્યાંથી? સાંભળને હવે. પર્યાયમાં જ્ઞાન તે આત્મા એમ નિર્ણય કર્યા વિના સેવતા ક્યાંથી સેવ્યો? આહાહા..! ચેતનજી! આવે છે ને? તાદાત્મ્ય છે. આત્મા ને જ્ઞાન તાદાત્મ્ય છે એટલે સેવે જ છે. પણ તાદાત્મ્ય છે એવું પર્યાયે ક્યાં નક્કી કર્યું છે? પર્યાય નક્કી કરે તાદાત્મ્ય (ત્યારે) એની સેવા કરી કહેવાય. આહાહા..! ગુણ અને ગુણી એકરૂપ છે, તાદાત્મ્ય છે, પણ એવી એક સ્થિતિ કબુલી કોણે? જ્ઞાન એના તરફ ઢળે ત્યારે પર્યાય એમ કબુલે છે. ત્યારે જ્ઞાનીએ આત્માને સેવ્યા. આત્મા જ્ઞાનને સેવે છે તો જ્ઞાન આત્માને સેવે કહેવાય. આહાહા..!

જે ચીજમાં એકાગ્ર થાય તો એને સેવી કહેવાય. આત્માને દ્રવ્ય અને ગુણ તો એકાગ્ર છે. પણ એકાગ્ર છે એકરૂપ છે એવો જે પર્યાયે સંબંધ જોયો એણે આ જ્ઞાનની સેવા કરી. આહાહા..! નહિતર તો રાગની સેવા કરે છે. પરની તો કાંઈ કરી શકતો નથી. રાગ-દ્વેષના વિકલ્પો. આહાહા..! એ ધ્રુવ જ્ઞાનસ્વભાવ ધ્રુવ. ધ્યેય જેનું ધ્રુવ, જ્ઞાનધ્રુવ એવું જેણે પર્યાયે ધ્યેય કર્યું એણે જ્ઞાનની સેવા કરી. આહાહા..! તો એણે સંબંધ સાચવ્યો. જ્ઞાન અને આત્માનો ધ્રુવ સંબંધ હતો એ એણે સાચવ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે ભાઈ. આ લોકો બિચારા જુઓને ઉતાવળા થઈને સાધુ થઈ જાય. આ બિચારા જુઓ જુવાન સાધુ હતો હોં. વ્યાખ્યાનમાં બહુ આવતો હતો.

મુમુક્ષુ :- આચાર્ય છે.

ઉત્તર :- આચાર્ય છે નાની ઉંમરમાં. પણ ગમે તે થયું. કાંઈક પકડાઈ ગયું. સાધુપણું છોડી દીધું. મુનિપણું છોડી દીધું. આ ઉતાવળિયા થઈને સમજ્યા વિનાના મુનિપણા હતા કે દિ'? હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નહિ.

બહારની સભા ભરાય અને વાણી દ્વારા (સમજાવે) એ ક્યાં તારી ચીજ હતી? એને લઈને મોટપ ક્યાં હતી તને? જડને લઈને મોટપ? આહાહા..! વાણી દ્વારા સમજાવે અને માણસ ભેગા થાય. આહાહા..! આપણે કાંઈક ત્યાગ લીધો તે સફળ તો થયો. આટલા માણસે સાંભળે. હવે એમાં ક્યાં તારો ત્યાગ આવ્યો? આહાહા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં નથી એમ કહ્યું? કે જે જ્ઞાનથી સમજાવતા ઘણા માણસો વાંચે, સાંભળે તો એ ખુશી થાય. આવે છે ને? પણ એની સાથે શું સંબંધ છે? આહાહા..! મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે એ. ક્યાંક સાતમામાં હશે ક્યાંક. અરે.. એણે બહુ નાડી ઝાલી છે. એ ઓલું કહે નહિ માનું. આ શું કહેવાય. ના પાડી. આહાહા..! ભાઈ! તારી સ્થિતિ શું હતી એ તને જણાવે છે. તને જણાવનારને ખોટા શાસ્ત્ર એમ કેમ તું કહે છે? આહાહા..!

જે જ્ઞાનથી પોતાને શાંતિ મળે એ એનું જ્ઞાન છે. જે જ્ઞાનથી લોકો ઝાઝા સાંભળે તો મારું જ્ઞાન સાચું અને એમાં ખુશી થવું. એ તો સંસ્કાર મિથ્યા છે. આહાહા..! દીક્ષા લીધી તો લોકો આદર

કેટલો કરે છે! અને આપણને પણ પાટ ઉપર બેસીને વાંચવાનો યોગ બન્યો હવે. એક કલાક હું.. હવે એમાં મોટપ શું આવી પણ તને? આહા..! ઉપર તો માખીઓ જાય છે. એથી માણસથી મોટી થઈ ગઈ? ઉપર માખી જાય તો? આહાહા..! રાગથી ભિન્ન પડીને મોટો થાય એ એની મોટપ છે. આ બહારની મોટપથી મોટપ માને (એ) મિથ્યા સંસ્કાર છે. આહાહા..! ઝીણા ઝીણા શલ્યો કેવા રહે છે એ વાત છે.

'**નિશ્ચિત ચેતનત્વ અને અચેતનત્વ સ્વભાવ વડે સ્વ-પરનો વિભાગ દેખતો નથી. તે જ આત્મા...**' આહાહા..! અહીં આવ્યું ને? અહીં. અહીં. ૫૭માં. '**એવી બુદ્ધિએ અન્તરાત્માએ નિરંતર – સર્વદા દેખવું (અનુભવવું) તથા બીજાઓના દેહને, એ પરનો આત્મા નથી...**' એ દેહ એનો આત્મા નથી. આહાહા..! દેહ એનું જીર્ણ થયું તો આત્મા જીર્ણ થઈ ગયો એમ માને. એ તો એકબુદ્ધિ છે. દેહની પુષ્ટિ હોય અને રૂપાળો બહુ હોય માટે આત્મા(મય) એ છે. એ તદ્દન મિથ્યાબુદ્ધિ છે. આહાહા..!

'**એ પરનો આત્મા નથી એવી બુદ્ધિએ જોવું.**' આહાહા..! 'સર્વ જીવ છે જ્ઞાનમય..' આવે છે ને? ધારે સમતા ભાવ. જ્ઞાનમય તે આત્મા છે. એમાં રાગ અને શરીર એ કાંઈ આત્મા નથી. આહાહા..! '**કેવા થઈને (તેમ કરવું)? આત્મતત્ત્વમાં, વ્યવસ્થિત થઈને...**' આહાહા..! પોતામાં વ્યવસ્થિત થઈને. એકલો આ દેહથી બીજો આત્મા નથી, એ પરનું યથાર્થ જ્ઞાન કોને થાય? જેને આત્મતત્ત્વમાં વ્યવસ્થિત બુદ્ધિ થઈ છે. આહાહા..! હું શરીર અને વાણી નહિ. એવી આત્મામાં વ્યવસ્થિત થઈ દશા એને પરનું શરીર તે એનો આત્મા નહિ. આહાહા..! દિગંબરના સંતો, દિગંબરનો ગૃહસ્થો, પંડિતો યથાર્થ વાતું કરનારાં. થોડા થોડા ભાવમાં પણ એને સત્યને પ્રસિદ્ધ કર્યું છે. સત્યને પ્રસિદ્ધ.

'**આત્મસ્વરૂપમાં સ્થિત થઈને...**' એટલે? છે ને? '**येषामात्मतत्त्वे व्यवस्थितः**' ચોથું પદ છે. આહાહા..!

**पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसः।**
**अपरात्मधियाऽन्येषामात्मतत्त्वे व्यवस्थितः।।५७।।**

'**येषामात्मतत्त्वे व्यवस्थितः**' અન્યના દેહથી ભિન્ન એનો આત્મા, એ પોતે પણ આત્માથી ભિન્ન પોતાના આત્મામાં વ્યવસ્થિત છે એણે આ રીતે જોવું. આહાહા..! પોતે પણ રાગ અને દેહ ને પોતે માનતો હોય અને બીજાના દેહથી એનો આત્મા જુદો ક્યાંથી માની શકે એ? આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :– જ્ઞાનીએ આત્મસ્વરૂપમાં સ્થિત થઈને પોતાના શરીરને અનાત્મબુદ્ધિએ નિરંતર જોવું...**' ભાષા તો સમજાય છે ને. પોતાનું શરીર. ભાષા શું કરવી? એટલે આ શરીર એમ. એટલે કે આ શરીર એમ. ઓલા બીજા શરીર નહિ એમાં. પોતાનું એટલે આ શરીર એટલી વાત. '**જ્ઞાનીએ આત્મસ્વરૂપમાં સ્થિત થઈને પોતાના શરીરને અનાત્મબુદ્ધિએ નિરંતર જોવું**

**– અનુભવવું અર્થાત્ આ શરીર તે મારો આત્મા નથી...**' આહાહા..! શરીરની કોઈપણ ચેષ્ટા તે મારી નથી. આહાહા..! શરીરની ચેષ્ટામાં હું આવ્યો નથી. શરીરની ચેષ્ટા મારાથી થઈ નથી. આહાહા..! '**એવી ભેદબુદ્ધિથી સદા જાણવું.**' આહાહા..! બહુ ટૂંકામાં સમાધિને વર્ણવી છે ને?

'**બીજાના શરીરને પણ તેવી ભેદબુદ્ધિથી દેખવું અર્થાત્ બીજાનું શરીર તે તેનો આત્મા નથી એમ ભેદબુદ્ધિએ સદા દેખવું.**' પર તે મારા એ બહિરાત્મબુદ્ધિ. આહાહા..! '**તારો આત્મા ચૈતન્યસ્વરૂપ છે અને તારું શરીર અચેતન છે. એ તારું સ્વરૂપ નથી. છતાં તું તેને તારો આત્મા માને છે અને તેની ક્રિયા તું કરી શકે છે...**' જુઓ ભાષા. ખુલાસો કર્યો છે. દેહની ક્રિયા આ હાલવું, ચાલવું, બોલવું આ ચેષ્ટા બધી એ હું કરી શકું છું. '**એમ માને છે–એ તારો ભ્રમ છે.**' હું કરી શકુંનો અર્થ જ એ મારો છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જેઠ વદ ૩, ગુરુવાર તા. ૨૬–૦૬–૧૯૭૫
## શ્લોક – ૫૭–૫૮,
## પ્રવચન – ૭૨

૫૭ ગાથા. એનું વિશેષ. ચાર લીટી ચાલી છે. ફરીને.

'**આચાર્ય ઉપદેશરૂપે કહે છે :– હે જીવ, તું અનાદિથી શરીરાદિ બાહ્ય પદાર્થોમાં આત્મ-બુદ્ધિ કરી સંસારમાં રખડી દુઃખી થયો,...**' જે ચીજ તારી નથી, શરીર તારું નથી, વાણી તારી નથી એ પોતાની માની તો બીજી ચીજ તો દૂર રહી. આ દીકરા મારા, બાયડી મારી, છોકરા મારા, વેપાર મારો, દુકાન મારી. એ પર બાહ્ય પદાર્થમાં આત્મબુદ્ધિ એ મિથ્યાત્વભાવ છે. આહાહા..!

'**સંસારમાં રખડી દુઃખી થયો, પણ હવે સુખી થવું હોય તો દેહમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરી...**' આ નજીકની વાત પાધરી કરી છે. શરીરની ક્રિયા થાય એ મારાથી થાય છે, બોલવું એ પણ હું છું તો બોલાય છે એવી પરમાં આત્મબુદ્ધિ મિથ્યાત્વ છે. આહાહા..! ભાષા જડ બોલે છે. આહાહા..! '**આત્મબુદ્ધિનો ત્યાગ કરી...**' શરીર અને વાણી એ જગતના પદાર્થો અજીવ તરીકે રહ્યા છે, એ કાંઈ જીવના થયા નથી. આહાહા..! એમાં હું આ બોલું છું, હું આ દેહને હલાવું છું, લખું છું હું, બીજાને સમજાવવાની ભાષા હું કરું છું. એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ આમાં વિકલ્પ ઉઠે એ પરવસ્તુ છે. આ શબ્દ પણ પર છે. આહાહા..!

આ શબ્દ છે એ મારા અને એનાથી મને જ્ઞાન થાય એ પણ મિથ્યાત્વભાવ છે. આવી વાત વીતરાગનો માર્ગ ઝીણો બહુ ભાઈ. લોકોને બહારથી મળ્યો છે. અંતર મૂળતત્ત્વ શું છે.. શરીરના એક

એક રજકણ પણ પોતે પોતાની પર્યાયને કરે, બીજા રજકણની પર્યાયને એ ન કરે. તો આત્મા તો બીજાને શી રીતે કરે? આહાહા..!

**'અર્થાત્ બહિરાત્મપણું છોડી દઈ...'** બહિર્ ચીજ છે તેને પોતાની માનવી એ બહિરાત્મા છે. મિથ્યાદૃષ્ટિ છે. એની દૃષ્ટિમાં વિપરીતતા પડી છે. **'હવે અન્તરાત્મા બન. તારો આત્મા ચૈતન્યસ્વરૂપ છે અને તારું શરીર તો અચેતન છે.'** ભાષા એ જુદી વસ્તુ અંદરમાં. ગડ બેસી અંદરમાં. શરીર અચેતન, તું ચૈતન્ય. બે તદ્દન વિરોધી તત્ત્વ છે. એ તારું સ્વરૂપ નથી. શરીરની સુંદરતા, શરીરની નિરોગતા અને એમાંથી આ હાલવા-ચાલવાની ક્રિયામાં હું આ પ્રમાણે ચાલું, હું આ પ્રમાણે બોલું. ભગવાન! એ ભ્રમ છે તારો ભાઈ! એ જડ છે જડ. જડ બોલે, જડ ચાલે. તારાથી નહિ. ભારે કામ આકરું. આ બધા ધંધા વેપાર કરે ને. કાંતિભાઈ!

મુમુક્ષુ :- બોલ્યા વિના વકીલાતનો ધંધો કેમ કરવો?

ઉત્તર :- બોલ્યા વિના વકીલાત થાતી હશે? કોણ બોલે ભાઈ! બોલે એ બીજો. ભાષા જડ છે ભાઈ! આહાહા..! લખનારો હું, બોલનારો હું, બીજાને સમજાવાની ભાષાનો કર્તા હું. આહાહા..! એ બધી જડને પોતાનું માનવું છે. વીતરાગમાર્ગ એવો સૂક્ષ્મ છે.

**'છતાં તું તેને તારો આત્મા માને છે...'** વાણી અને શરીરની ક્રિયા એ જડની ક્રિયા જડથી થાય છે. છતાં તું એમ માને છે કે મારાથી થાય છે. તું એ જડને તારું માને છો. આહાહા..! **'તેની ક્રિયા તું કરી શકે એમ માને છે...'** ધાર્યા પ્રમાણે શરીરને હલાવું. આહાહા..! ખાવા ટાણે પણ બરાબર રોટલીનો ટૂકડો કરી દાળમાં લઈને, ચટણી જ્યાં લેવી હોય ત્યાં હાથ પડે. આ ક્રિયા બધી મારાથી થાય છે.

મુમુક્ષુ :- એમ આવે છે, પેટમાં કાંઈ દાંત નથી માટે ચાવીને ખાઓ.

ઉત્તર :- ધૂળેય નથી બધી વાતું અજ્ઞાનીની છે. આહાહા..! અંગ્રેજના અડોડા છે બધાય. આહાહા..! કોણ ખાય? કોણ પીવે? જડની ક્રિયા જડમાં થાય એને એમ કહે કે હું બરાબર ચાવીને ખાવ છું. આહાહા..! એ તો જડની ક્રિયા અજીવની પર્યાય છે. એને પોતાનું માની એ તારો ભ્રમ છે. આહાહા..! બહુ નાની વાત છે પણ બહુ સીધી સરળ વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- નાની-નાની વાતમાં પણ મોટી મોટી ભરી છે.

ઉત્તર :- મોટી ભરી છે. નાનીમાં મોટી વાત ભરી છે.

શરીર અને વાણી એને કારણે, એને કાળે એની ક્રિયા થાય તો મેં વ્યવસ્થિત જ્ઞાનને રાખ્યું એથી એ કામ થયું, મૂઢ છો કહે છે. આહાહા..! ભાઈ! તે જડને આત્મા માન્યો. તને મિથ્યાત્વનું મહાપાપ છે એમાં. આહાહા..!

મુમુક્ષુ :- .. બિમાર થઈ જાય.

ઉત્તર :- શું કહે છે? ભાષા સમજતા નથી અમે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હું તો એ સમજતો નથી.

આ એમ કહે બરાબર ખાઈ શકે નહિ તો માંદો પડે. ધ્યાન રાખીને ખાય તો સાજો રહે. એ બધો ભ્રમ છે અજ્ઞાનીનો. આહાહા..! એને જડ અને ચૈતન્ય બે જુદાં એની એને શ્રદ્ધા નથી. હું શરીર વડે દયા પાળી શકું, શરીર વડે દયા પાળી શકું. પરજીવ મરતો બચાવું. પાણીમાં પડ્યો હોય તો આમ કરીને આમથી લઈને મૂકું છું એ મારી ક્રિયા છે. એમ માનનારા જડને પોતાનું માને છે. આહાહા..! સૂવામાં આમ પડખું ફેરવું. એક પડખે જરી ઓલું થાય ત્યાં. એ મારા ધાર્યા પ્રમાણે પડખું ફેરવી શકું છું. શરીરના પડખાને આમ ફેરવું છું. આહાહા..! પ્રભુ કહે છે કે શરીર અને તું પ્રભુ જુદાને ભાઈ! એ જુદો તને શું કરે? તને ભ્રમ છે. આહાહા..!

મુમુક્ષુ :- આપ કહો છો કે ભ્રમ છે, બીજા કહે છે કે ડાહ્યો છે.

ઉત્તર :- એ તો દુનિયા તો પાગલમાં સારો પાગલ હોય એને પાગલ સારો કહે. દુનિયા પાગલ છે. આહાહા..!

**'એ ભ્રમ હવે છોડી દે...'** આહાહા..! **'અને તારા શરીરને સદા અનાત્મબુદ્ધિએ જો,...'** એ તો અનાત્મા છે. એ આત્મા તો નહિ. એનાથી થતી જેટલી ક્રિયાઓ એ બધી અનાત્માની ક્રિયા છે. હાલવાની, બોલવાની, ચાલવાની, લખવાની... આહાહા..! આ મોટા પંડિત થઈને પણ આમ હું બોલી શકું, આમ હું સમજાવી શકું. જોર જાય જડમાં. અરે.. પ્રભુ! ભાઈ! ભ્રમ છે તને એ. ભાષાને કાળે ભાષા જડથી નીકળે છે. આહાહા..! આવું બેસે કેમ એને?

મુમુક્ષુ :- નિમિત્તનું નિમિત્તપણું તો ખરું?

ઉત્તર :- નિમિત્તની વ્યાખ્યા? એ કરતું નથી માટે નિમિત્ત. કરે તો તો ઉપાદાન થઈ ગયું. આહાહા..!

**'તારા શરીરને સદા અનાત્મબુદ્ધિએ જો, એટલે કે તે પર છે એમ જો;...'** આહાહા..! બાયડી, છોકરા, કુટુંબ, મકાન, દુકાન તો ક્યાંય રહી ગઈ. શાંતિભાઈ! એ ક્યાંય રહી ગઈ એ તો. અહીં તો આ.

મુમુક્ષુ :- દુકાન તો ત્યાં રહી પણ ચોંટી છે અહીં ગળે ને.

ઉત્તર :- એ મમતા છે કે દુકાન મારી. દુકાન એની કે દિ' હતી? દુકાન તો જડની છે. આહાહા..!

જ્યારે તમે અનેક તત્ત્વ માનો તો તો અનેક તે તે પોતાથી થઈને બદલી રહ્યું છે. એ આત્મા એમ માને કે મારે લઈને આ શરીરમાં આ પ્રમાણે વ્યસ્થિત ચાલે. ધ્યાન રાખું પણ આમ ચાલે.. આમ ચાલે... આમ જવું હોય તો આમ જવાય. બધી ક્રિયાઓ જડની છે. આહાહા..! **'તે તું છે એવી આત્મબુદ્ધિથી ન જો.'** પર છે એમ જો. આહાહા..! એને તું આત્મબુદ્ધિથી ન જો. એટલે? એ મારા છે અને જેમ હું ધારું તે પ્રમાણે એમાં કરી શકું છું. એમ ન જો. આહાહા..!

જુઓને આ બાઈ પડી છે ને સાત મહિનાથી. શાંતિલાલ ખુશાલ. બે અબજ અને ચાલીસ કરોડ રૂપિયા છે. ગોવા-ગોવા. બે અબજ ચાલીસ કરોડ. સાત મહિનાથી એ બાઈ અસાધ્ય છે. ધણી મરી

ગયો. એના બાપની મામી છે. આ છોકરાના. એના બાપની સગી મામી છે. ધણી મરી ગયો પાંચ-દસ મિનિટમાં. કાંઈક મને દુઃખે એમ કાંઈક થયું. ૪૦-૪૦ લાખના મકાન, ૧૦-૧૦ લાખના બે બીજા. બે અબજ ચાલીસ કરોડ. ૨૪૦ કરોડ રૂપિયા. શું એ તો ધૂળ છે પર છે પણ એમાં આત્માને શું એમાં? આહાહા..!

અને એ બાઈ તો સાત મહિનાથી અસાધ્ય છે. હમણા ત્યાં આવ્યો હતો એનો જમાઈ. વીંછીયાવાળો છે ને. રસીકભાઈ નથી ઓલો આપણે કરતો કામ .. એના ભાઈના દીકરા વેરે આપી છે. આ આવ્યો હતો ત્યાં. મારી સાસુ સાત મહિનાથી અસાધ્ય છે કહે. ઓલા વીંછીયાવાળા નહિ? શાંતિભાઈ. વીંછીય-ાવાળા નથી મુંબઈમાં ઓલા રસીક-રસીક. મોઢા આગળ નથી બોલતો બહુ? ધોળકિયા. ધોળકિયો. એનો મોટો ભાઈ. એના દીકરા વેરે દીકરી છે આની. એ આવ્યો હતો ત્યાં મુંબઈમાં. ત્યાં ઓલામાં. ભાઈ મોટાણીને ઘરે. મોટાણીને ઘરે ઉતર્યા હતાને અમે. મારી સાસુ સાત મહિનાથી અસાધ્ય છે. એલા પણ તારા આ ૪૦-૪૦ લાખ રૂપિયાના બંગલા, બે અબજ અને ચાલીસ કરોડ ધૂળ પડી છે ને? અસાધ્ય. મડદું પડ્યું છે. આહાહા..! પણ એને અને પરને સંબંધ શું છે? આહાહા..!

સારું શરીર હોય તો ધ્યાન રાખીએ, તો નિરોગતા રાખી શકીએ. અને પથ્ય ન ખાઈએ તો નિરોગ (ન) રહે અને પથ્ય ખાઈએ તો નિરોગ રહે, અપથ્ય ખાઈએ તો રોગ થાય. એ બધી ક્રિયાઓ આત્માની નહિ. આહાહા..! ઝીણી વાત છે ભાઈ! આમ તો દયા પાળે અને વ્રત પાળે પણ હજી માને દેહની ક્રિયા મારી, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એને ધર્મ તો નથી પણ પાપનો ભાવ છે. આહાહા..! આવી વાત છે.

**'એમ જો; તે તું છે એવી આત્મબુદ્ધિથી ન જો.'** શરીરને. **'તારા આત્માને શરીરાદિથી નિરંતર ભિન્ન અનુભવ કરે,...'** આહાહા..! આત્માનું જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનમાં આવીને ભિન્ન જો એને. આહાહા..! ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાન શું કરે? પરને માને પોતાનું? એ તો અજ્ઞાન છે. પરનું કરી શકે જ્ઞાન? અજ્ઞાન છે. તે જ્ઞાનમાં આવી અને પરવસ્તુને પર જાણ. એ પરની ક્રિયા મારાથી થાય છે એમ છોડી દે. આહાહા..!

**'તારા આત્માને શરીરાદિથી નિરંતર ભિન્ન અનુભવ કરે, બંનેની એકતાબુદ્ધિ છોડી દે.'** આહાહા..! શરીર અને આત્મા એક.. અરે.. રાગ અને આત્મા એક (માને એ) મિથ્યાત્વભાવ છે. ત્રિકાળી શુદ્ધજ્ઞાન સ્વભાવ, રાગનો કણ વિભાવ, બેની એકતા.. આહાહા..! પરની દયા પાળ-વાનો ભાવ રાગ એ રાગ ને આત્મા એક મિથ્યાત્વને સેવે છે. આહાહા..! આવી માર્ગની રીત છે, ભાઈ! દુનિયાને અંતરની વાતું મળી નથી ને બહારમાં બધું આ કરો.. આ કરો... મંદિર બનાવો, આ બનાવ્યા. આહાહા..! કોણ બનાવે? પરમાણુ પરમાણુ એનો બાપુ તને ખબર નથી. તે ક્ષેત્રે તે કાળે તે જાતની પર્યાયની ઉત્પત્તિ ત્યાં થવાની એને લઈને એ થયું છે. રામજીભાઈએ બહુ ધ્યાન રાખ્યું અને વજુભાઈએ... ધૂળેય ધ્યાન નથી. ધ્યાનની પર્યાય એની પાસે રહી. આ પર્યાય એનામાં ગઈ. આહાહા..! બહુ આકરું કામ. અમે બનાવ્યું આ. જુઓ કેવું બન્યું? ખુશી ખુશી થાય. અક્ષર કોતર્યાને.

બાપુ! એ નહિ ભાઈ!

શરીરના રજકણની અવસ્થા પણ બદલતી તારાથી નહિ. આહાહા..! તો આ બધું તારાથી થાય, બાપુ! અભિમાન છે મિથ્યાત્વનું. આહાહા..! આવો માર્ગ છે. અમે મંદિર બનાવ્યા, અમે આ કર્યું... આ કર્યું... આહાહા..! જે કાળે જે જડની અવસ્થા એનો જન્મક્ષણ છે, તે તે પર્યાયને ત્યાં ઉત્પત્તિનો કાળનો એ કાળ છે. આહાહા..! એને ઠેકાણે તે આ ઊભો રહેલો આત્મા મારાથી આ વ્યવસ્થિત કામ થયું (એમ માને) એ મિથ્યાત્વ છે, ભાઈ! કહો, ત્રંબકભાઈ! આહાહા..! આ સંચો કરે તમારો.

આ ચીમનભાઈ મોટા સંચા નથી ચલાવતા કેવા? જોરાવરનગર. સ્ટીલનો સંચો મૂક્યો છે. હમણા ગયા હતા હોં. લાવ્યા છે. વઢવાણથી આવતા ત્યાં ગયા હતા. તમે હતા ને. આહાહા..! કોના સંચા અને કોના.. બાપુ! એ જડની સંયોગની દશા કોણ કરે અને કોણ એને પોતાની માને? આહાહા..! થાય તે જડથી, માને તે અજ્ઞાની પોતાના સ્વરૂપને ભૂલીને. આહાહા..! આવો વીતરાગમાર્ગ ભાઈ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર દેવે આ પ્રવાહ સત્યનો મૂક્યો. આહાહા..!

**'તું તારા શરીરના સંબંધમાં જેવી ભૂલ કરે છે તેવી જ ભૂલ બીજા જીવોના શરીરના સંબંધમાં પણ કરે છે.'** બીજો જીવ છે એ શરીરને આમ હલવે છે, આમ કરે છે ને આમ કરે છે. આહાહા..! એને આમ થપ્પડ મારી શરીરથી. તો કહે એ આત્માએ એને થપ્પડ મારી. એ તો શરીરની ક્રિયા છે. એ આત્મા કરી શકે થપ્પડ મારવાની ક્રિયા? માળું આવું પણ કેવું? આહાહા..! બાપુ! માર્ગ એવો છે. સમ્યગ્જ્ઞાનથી શરૂઆત એની.

જડની કોઈપણ રજકણની અવસ્થા પુસ્તક આ બનાવવા, એના લેખો લખવા એ આત્માની ક્રિયા છે એમ ત્રણ કાળમાં નથી. સોનગઢથી કેટલા પુસ્તક ૧૪-૧૫ લાખ પડ્યા છે. ભાઈ કહેતા હતા કે ૨૧ લાખ થયા છે કહે. હુકમચંદજી. ત્યાંના ૫-૭ લાખ. હુકમચંદજી એમ કહેતા હતા. ૨૧ લાખ. ૧૪-૧૫ લાખ અહીંના. ૫-૭ લાખ ત્યાંના. જયપુર. ૨૧ લાખ પુસ્તક બહાર પાડ્યા છે. પુસ્તક બહાર પડ્યું છે ને? આહાહા..! કે આત્માએ કર્યું છે? બહુ કામ બાપુ. આહાહા..!

જડ અને ચૈતન્યની ભિન્નતા અને ભિન્નતામાં એકતા માનવી. આહાહા..! 'જડ ને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન..' મોટા પંડિત થઈને પણ એના અભિમાન એના. એમ ભાષણ આમ કરી શકીએ, આમ બોલી શકીએ. હળવે બોલવું તો હળવે બોલી શકીએ. તાણીને બોલવું હોય તો તાણીને બોલી શકીએ. ભાઈ! એ હળવે અને તાણીની દશા કોની બાપા! એ તો જડની છે ભાઈ! આહાહા..! તું ક્યાં એનો સ્વામી થયો? આહાહા..! બહુ કામ આકરું. વીતરાગ જૈનદર્શન.

શ્રીમદ્દે કહ્યું ને એકવાર. તણખલાના બે કટકા કરવાની અમારી શક્તિ નથી. એટલે? કે તણખલાના બે કટકા આત્મા કરી શકતો નથી. એમ એનો અર્થ. તણખલું હોય ને એક? એ તો પુદ્ગલની ક્રિયા છે. છૂટું પડવું અને ભેગું થવું એ તો જડની ક્રિયા છે. ત્યાં એમ કહે ઓહોહો..! તણખલાના બે કટકા કરવાની શક્તિ નથી. એટલે? કે કરી શકતો નથી. આહાહા..! આખો દિ' આ

કાપડના ધંધા, પહોળા કાપડ કરે ને ભેગા કરે ને આમ કરે ને તેમ કરે. ફાડીને આપે. એ બધી ક્રિયા આત્મા કરતો હશે? ભાઈ! એ જડપદાર્થ છે. અને જડની અવસ્થાનું એને એ પ્રકારનો એનો કાળ છે. તે ત્યાં જડમાં જડથી થાય છે. આહાહા..!

આ અહીં સ્વાધ્યાય મંદિર પહેલું બનાવ્યું જુઓ. પછી આ વળી બન્યું દેરાસર. પછી સમવસરણ. પછી આ. આ નહિ ઓલું. માનસ્તંભ. પછી આ. એક જણો કહેતો હતો નહિ? એક જણો આવ્યો હતો કાલે. કે ૩૫ તોલા સોનું છે મારી પાસે. સમયસારનું પૂઠું સોનાનું ચડાવો. ભાઈ હવે રહેવા દો બાપા! હવે થયું એ થયું. ના પાડવી પડી. કોઈને કહ્યું તો નથી આપણે કોઈ દિ' કે આમ કરો આ. એ તો એને કારણે થવું હોય ત્યારે થાય.

મુમુક્ષુ :- આપે નહિ બીજાએ કોઈએ કહ્યું હોય ને.

ઉત્તર :- કોઈએ કહ્યું નથી. એની મેળાએ થયું છે. આહાહા..! કોઈ દિ' કોઈને અહીં પાંચ પૈસા આપ એમ પણ કહ્યું નથી. એને જ્યાં રજકણોને આવવાના હોય એ આવે, એમાં કોણ કરે? આહાહા..! માણસ પણ નથી કહેતા કે ખાનારનું નામ દાણે દાણે છે. એમ કહે છે.

મુમુક્ષુ :- રૂપિયે રૂપિયે નામ છે એમ નથી કહેતા.

ઉત્તર :- રૂપિયે રૂપિયે નામ છે એનો અર્થ દાણો દાણો. એ રૂપિયે રૂપિયામાં એની જ્યાં એ રૂપિયો જ્યાં આવવાનો ત્યાં આવવાનો. જે એની નોટ જ્યાં આવવાની તે આવવાની એને કારણે. બીજો કહે કે હું લાવું અને દઉં. બાબુભાઈ! શું હશે આ તમારે? ધંધો તમારે બાબુભાઈને મોટો જબરો છે. દહેગામમાં. ગુણ ગુણ મોટી. આ ભારે! સુજાનમલજી!

મુમુક્ષુ :- ખોટી વાત કરે છે..

ઉત્તર :- પોતે માને તો પાર આવી જાય. એની તાકાત એની છે કે નહિ? હું તો જ્ઞાનસ્વરૂપ છું. જ્ઞાન કોનું કરે અને કોની પાસેથી કાર્ય લે? આહાહા..! ચૈતન્ય હીરલો અનંતગુણના પાસાથી પડ્યો પ્રભુ. આહાહા..! ખરેખર તો એના પરિણામ જે થાય છે જીવના, એ પરિણામ પણ ત્રિકાળી ધ્રુવથી નહિ. આહાહા..! તો પરના પરિણામ જીવ કરે... આહાહા..!

મુમુક્ષુ :- દ્રવ્ય પર્યાયનો દાતાર નથી.

ઉત્તર :- દ્રવ્ય પર્યાયનો દાતાર નથી અને કર્તા નથી. આહાહા..!

ભાઈએ તો એકવાર, નિહાલભાઈએ તો એકવાર લખ્યું નથી? પરિણામ પરિણમી ગયા અને હું એવો ને એવો રહી ગયો. લોકોને નિશ્ચયાભાસ જેવું લાગે. લોકોને ખબર નથી. પરિણામની દૃષ્ટિ ધ્રુવ ઉપર છે એટલે એ પરિણામ બદલી ગયા અને હું તો એવો ને એવો રહ્યો. હું એટલે ધ્રુવ. આહાહા..! ન બેસે એને આ. નિહાલભાઈની વાત જરી પરમસત્ય છે. નિશ્ચયાભાસ છે એમ કરીને કાઢી નાખ્યું. ઓલા જ્ઞાનચંદજી આવ્યા હતાને જોવા? તમે એને નિશ્ચયાભાસ ઠરાવો તો અમે જોવા આવીએ. કહો, ઠીક! આ સાલ જોવા આવ્યા હતા. તમારી પાસે આવ્યા હતા. કલકત્તાવાળા. અરેરે..!

મુમુક્ષુ :- દિલ્હી.

ઉત્તર :- હા દિલ્હીવાળા. દિલ્હી-દિલ્હી. જયકુમાર અને જ્ઞાનચંદજી અહીં આવ્યા હતા ને જયકુમાર. બેય જણા આવ્યા. નિહાલભાઈને તમે નિશ્ચયાભાસ ઠરાવો તો અમે આવી શકીએ આ મેળામાં. હવે આવો કે ન આવો અહીં અમારે શું કામ છે? તારે એનું કામ પણ શું છે? એ જ્યાં છે ત્યાં હતા. આહાહા..!

અહીં કહે છે '**બંનેની એકતાબુદ્ધિ છોડી દે. તું તારા શરીરના સંબંધમાં જેવી ભૂલ કરે છે તેવી ભૂલ બીજા જીવોના શરીરના સંબંધમાં પણ કરે છે.**' તાણીને બોલે તો કહે એ આત્મા બોલે છે. ચાલે બરાબર ઉતાવળે પગે તો કહે આત્મા ચાલે છે. એટલે પરને પણ તે એના શરીરને આત્મા માન્યો એનો. આહાહા..! અને નજરે તો સગાવ્હાલાં પડે છે એ તો શરીર પડે છે. આત્મા તો નજરે પડતો નથી. બાયડી, છોકરા એનું શરીર. એ શરીર એ મારી બાયડી, આ મારો છોકરા અને આ મારો આ. આહાહા..! ભ્રમ તે ભ્રમ પણ.

'**માટે તેમના આત્માને પણ તેમના શરીરથી ભિન્ન જાણ.**' આહાહા..! શરીરની જે ક્રિયા થાય, વાણીની ક્રિયા થાય એ એના આત્માની નહિ. એનો આત્મા ત્યાં ભિન્ન છે. આહાહા..! '**શરીરને શરીર જાણ અને આત્માને આત્મા જાણ.**' બહુ સાદી ટૂંકી ભાષા પણ બહુ માલ છે એમાં. આહાહા..! અને પાઠમાં પણ એ છે ને. '**पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसः**' પાઠની વ્યાખ્યા કરી છે આ તો વિશેષ.

**पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसः।**
**अपरात्मधियाऽन्येषामात्मतत्त्वेव्यवस्थितः।।५७।।**

એ મૂળ ગાથાનો આ ઉપદેશ છે. એનો વિસ્તાર કર્યો છે. અદ્ધરથી નથી કર્યું કાંઈ? આહાહા..! આમાં માણસને ખુશી થાય છે. કાંઈ કરી શકતો નથી. પરનું કાંઈ કરી શકતો નથી. પોતામાં અજ્ઞાનપણે રાગ-દ્વેષને કરે અને ભાનપણે જ્ઞાતા-દૃષ્ટાના પરિણામને કરે. એટલો પણ વ્યવહાર છે. આહાહા..! કેમકે આત્મા તો જ્ઞાનરસ સ્વભાવ સ્વરૂપ છે. જ્ઞાનચક્ષુ છે. એ તો જ્ઞાનચક્ષુ છે. એ જ્ઞાનચક્ષુ પરનું શું કરે? આહાહા..!

આંખ છે એ આમ આમ કરે માટે ત્યાં વેળુ નીકળે? વેળુના ખાડા પડે? આમ થાય તો ખાડો ભરાય? એ આંખનું કામ છે? આહાહા..! એમ આંખની આ પાંપણ ફરે એ પણ જડની ક્રિયા છે. આત્માથી નહિ. આહાહા..! અવાજ જે આવે છે એ જડની દશા છે ભાષાની. આત્માથી અવાજ ન આવે. આહાહા..! ભારે કામ! આહાહા..!

'**સ્વ-સ્વરૂપમાં સ્થિર થઈ જ્યાં સુધી તું...**' દેખો ભાષા. એટલે? કે આ જ્ઞાનસ્વરૂપ છે આત્મા એ જ્ઞાનમાં જ્યાં સુધી સ્થિર ન થાય એકાગ્ર, '**સ્વ-સ્વરૂપમાં સ્થિર થઈ જ્યાં સુધી તું સ્વ-પરનું ભેદજ્ઞાન કરીશ નહિ...**' આ રીતે પણ હોં. જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થઈ અને સ્વ-પરનું ભેદજ્ઞાન કરીશ નહિ... આહાહા..! જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન એમાં અંતરમાં એકાગ્ર થઈને જ્યાં સુધી તું સ્વ અને પરનું ભેદજ્ઞાન કરીશ નહિ. આહાહા..! '**ત્યાં સુધી શરીરાદિ પર**

**પદાર્થો સાથે તારી આત્મબુદ્ધિ...**' ત્યાં સુધી શરીર, વાણી આહાહા..! સંયોગમાં આવેલા બાયડી, છોકરા, કુટુંબ, મકાન. આહાહા..! એના બાપ-દાદાનું મકાન હોય તો પછી આપણે બાપ-દાદાનું મકાન અમારું, અમે આમાં જન્મ્યા છીએ. માટે ગરીબ માણસ હતા ત્યારે વેચાઈ ગયું છે. હવે પૈસા થયા તો માગે એને દઈને લઈએ. કારણ કે એમાં જન્મ અમારો, અમારું મકાન છે.

ઉમરાળામાં અમારે થયું હતું. બ્રાહ્મણનું. ગામમાં મકાન હતું એ વેચાઈ ગયું. વેચી દીધું. સાધારણ હશે તે. પછી થયા પૈસા. પછી એની મા કહે બેટા! આ તારો જન્મ અહીં છે. આ તારા બાપનું ઘર છે. એ માગે એટલા પૈસા લઈને મકાન લઈ લે આપણું. બન્યું છે આ તો. કેમકે સાધારણ હતો તો દસ હજાર એવો કાંઈક આંકડો મૂક્યો ઓલાએ. દસ હજાર તો દસ હજાર લાવ. ઉમરાળામાં થયું હતું. આ એક સાધારણ બીજા હતા. એક કરોડપતિ છે એ બીજા ભાનુભાઈને એ. આ બીજા હતા. આહાહા..!

માણસને ક્યાં ઊભો છું? અને જ્યાં ઊભો છું ત્યાં હું કોણ છું? અને જ્યાં ક્ષેત્રે, કાળે, ભાવે જ્યાં છું ત્યાં હું કોણ છું અને આ કોણ છે? એની એને ખબર ન મળે. પાગલની જેમ... આહાહા..! ધંધામાં પણ ગુણુ ફેરવે, ખજુરના વાડિયા ફેરવે, સાકરના ઓલા કરે. એકાકાર. એકાકાર.

કહે છે '**સ્વ-સ્વરૂપમાં સ્થિર થઈ...**' એમ થઈ ગયું. જ્ઞાનસ્વરૂપ તે હું. રાગાદિ પર હું નહિ. આહાહા..! સંઘના અગ્રેસરો મુખ્યપણે કેટલા? બહુ પૈસા આપે એને અગ્રેસરો કરે. લ્યો! પૈસા પાંચ-દસ લાખ આપે એથી આ સંઘવી થઈ જાય. લ્યો પૈસાએ પદ મળ્યા. શેના સંઘવી બાપા? આહાહા..! અનંતગુણનો સંઘ તારો, એનો સ્વામી તું છો. આહાહા..! અનંતગુણનું સામ્રાજ્ય એવો ભગવાન આત્મા એનો એ સ્વામી છે. એ રાગનો સ્વામી માનવો એ તો મિથ્યાભ્રમ છે. આહાહા..! આવું સાંભળવું મળવું મુશ્કેલ છે. આ તો આ વ્રત કરો, તપસ્યા કરો, આ કરો ને તે કરો. હંમેશા પૂજા-ભક્તિ કરો.

મુમુક્ષુ :- પડિમા લ્યો.

ઉત્તર :- પડિમા લ્યો. બાપા! ભાઈ! તું કોણ છો? ક્યાં તારે જાવું છે? બહારની ક્રિયા પ્રવૃત્તિ થઈ એ તારાથી થાય છે? આહાહા..! તારું સ્વરૂપ અંદર જ્ઞાન છે એ જ્ઞાનમાં સ્થિર થઈ એટલે એના તરફના વલણમાં રહી અને જ્યાં સુધી સ્વપરનું ભેદજ્ઞાન ન કરે... આહાહા..!

'**ત્યાં સુધી શરીરાદિ પર પદાર્થો સાથે તારી આત્મબુદ્ધિ – એકતાબુદ્ધિ...**' એટલી ભાષા વાપરી છે. આહાહા..! ભગવાન આત્મા સ્વસ્વરૂપ એ જ્ઞાન અને આનંદસ્વરૂપ, એનું સ્વરૂપ તો જ્ઞાન અને આનંદ છે. એમાં ઠરીને પરથી ભેદજ્ઞાન જ્યાં સુધી નહિ કરે.. આહાહા..! ત્યાં સુધી પરપદાર્થ સાથે તારી આત્મબુદ્ધિ, એકતાબુદ્ધિ. આહાહા..! '**મમત્વબુદ્ધિ...**' એ મારા એમ. '**કર્તાબુદ્ધિ...**' મેં કર્યું. ચાર શબ્દ વાપર્યા છે. આહાહા..!

જીવતો જીવ છે ભાઈ એ તો ઉછાળા મારે ને. એ કાંઈ મરી ગયો છે? ચંદુભાઈ! કહે છે એમ. જીવતો જીવ છે તો કાંઈક ઉછાળા તો મારે ને? આમ કરું ને આમ કરું ને આમ કરું. આહાહા..!

એમાંથી જ્ઞાનની લહેર ઊઠે એ જીવતો જીવ છે. આહાહા..! એમાંથી શ્રદ્ધા સમ્યક્ ઊઠે, જેમાંથી શાંતિ સ્થિરતા ઊઠે એ જીવનું જીવન છે. આહાહા..! આ જીવન જગતના.. આહાહા..!

જ્યાં સુધી જ્ઞાન સ્વરૂપી પ્રભુ પોતાની અસ્તિત્વ હયાતી જ્ઞાન અને આનંદસ્વભાવે પોતે છે એવી અંતરમાં એકાગ્રતા ન થાય ત્યાં સુધી પરપદાર્થની એકતાબુદ્ધિ એની ટળે નહિ. આહાહા..! જ્યાં સુધી એની એકતાબુદ્ધિ, આત્મબુદ્ધિ ટળે નહિ, મમત્વબુદ્ધિ ટળે નહિ. કેમકે આ બાજુ જ્ઞાનસ્વરૂપ હું છું એવી જ્યાં સુધી અંદર સ્થિરતા ન થાય ત્યાં સુધી એને મમત્વબુદ્ધિ-આ મારા એમ રહ્યા કરે. મારા જે છે એમાં એકત્વ નથી, મારા જે છે જ્ઞાન અને આનંદ એમાં એકતા નથી. એથી એને રાગાદિ મારા છે એવી મમતાબુદ્ધિ એને થાય. આહાહા..! આવો ઉપદેશ કેવો! ઓલા તો કહે ભાઈ વ્રત લ્યો, તપસ્યા કરો, અપવાસ કરો, દાન કરો, દયા કરો, અરે.. પ્રભુ એ બધી વાતું.... આહાહા..! ભાઈ મૂળ તત્ત્વમાં મૂળમાં ભૂલ છે. 'મૂળમાં ભૂલ' આપણે છપાણું છે ને. આહાહા..!

'**કર્તાબુદ્ધિ થયા વગર રહેશે નહિ...**' એટલે? જે સ્વરૂપે—જ્ઞાન અને આનંદ સ્વરૂપે પ્રભુ છે એમાં આવ્યા વિના પર મારા છે એ છૂટશે નહિ. આહાહા..! ચંદુભાઈ! આહાહા..! જે ભાવ છે, પોતાનો જે સ્વભાવ છે એ સ્વભાવમાં આવ્યા વિના એ પરચીજનું મારાપણું એને નહિ ટળે. મા-રાપણું જે (સ્વ) છે તેમાં આવે, એને પરપણું મારાપણું છે એમ ન થાય. સમજાણું કાંઈ? સોનગઢને પાદર આવો ઉપદેશ. આ તો નાનું ગામડું કહેવાય. માર્ગ તો આવો છે બાપુ! ત્રણે કાળ પરમસત્ય.

આત્મા પરને માટે પાંગળો છે. પાંગળો છે. કોણ કરે ભાઈ! આ હુશિયાર હોય દુકાનો કેવી ચાલે છે! આ ચીમનભાઈ કેવા કરે લ્યો કારખાના. આ અમારા બાબુભાઈ બધી દુકાનો મોટી-મોટી. ત્યાં દુકાને નહોતા ગયા? એક ફેરી ગયા હતા તો જોયું હતું. કેટલીક ખડી પડી હોય ને માલ વેચે. બે ગુણું, ચાર ગણું. દામોદરભાઈ! એ રંગ વેચે દામોદરભાઈ. નવીન! આહાહા..!

ભગવાન! તું તારામાં જ્યાં સુધી ન આવ ત્યાં સુધી પરવસ્તુની મમતા(માં) તને મારા એમ નહિ મટે. એમ કહે છે. આહાહા..! તું તારામાં એટલે તારું એટલે જ્ઞાન અને આનંદ. આહાહા..! તારો એટલે જ્ઞાન અને આનંદ એ તારો ભાવ અને તારો સ્વભાવ. .. અને તે તું. એમાં ન આવે ત્યાં સુધી પરવસ્તુમાં આ મારે છે એમ નહિ છૂટે એને. આહાહા..! ક્યાંક ક્યાંક એને લપ રહી જશે. આહાહા..!

'**તારા દુઃખનો અંત આવશે નહિ.**' આહાહા..! જે તારો સ્વભાવ છે જ્ઞાન અને આનંદ એમાં આવ્યા વિના પર (માટે) મારાપણાની બુદ્ધિ એને નહિ છૂટે. ત્યાં સુધી એને દુઃખનો અંત નહિ આવે. આહાહા..! ભલે પછી મોટો પંડિત થઈને ફરે. સાધુ નામ ધરાવીને ફરે. અમે પડિમાધારી છીએ. આહાહા..! પણ જેણે જ્ઞાન અને આનંદનો સ્વભાવ મારો છે એમ જોયું નથી, જાણ્યું નથી, આવ્યો નથી, એમાં આવ્યો નથી. આહાહા..! એને ક્યાંક પરમાં મારાપણું આવ્યા વિના રહેશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**માટે બહિરાત્મપણું છોડી આત્મસ્વરૂપમાં સ્થિર થા.**' એટલે કે બાહ્ય ચીજમાં મારાપણાને માનવું છોડી દઈ જે ચીજ તારામાં છે તેમાં આવી... આહાહા..! '**આત્મસ્વરૂપમાં સ્થિર થા. એ**

**જ સુખનો ઉપાય છે.**' જે એનો સ્વભાવ છે ભગવાન આત્માનો જ્ઞાન અને આનંદ, શાંતિ અને સ્થિરતા. તે સ્વભાવમાં આવતા પરની એકત્વબુદ્ધિ તૂટતા એ સુખી થશે. આહાહા..! એ સુખનો ઉપાય છે. એ સુખી થશે. આ પાંચ-પચાસ લાખ મળ્યા અને આ છોકરા થયા અને સુખી થયા.

ઓલો કહેતો હતો ભાઈ અતુલ-અતુલ. ભાઈ અતુલ નહિ? ઘીયા. એ મુંઝાઈ ગયો છે બિચારો. મુંઝાઈ ગયો છે. બે વાર આવ્યો હતો મારી પાસે. પહેલો અમદાવાદ અને પછી. એને બિચારાને એમ. એને બીજે પરણાવી હોત તો સુખી થાત એ. અમે સુખી થાત. શું બોલે છે કીધું? લાલભાઈની દીકરી. આપઘાત કર્યો છે ને. એને આઘાત થયો છે છોકરાને. ચારેકોરથી મોઢું ફીકું થઈ ગયું. આમ બોલ્યો અમારી પાસે. એને જો બીજે પરણાવી હોત તો એ સુખી થાત, અમે પણ સુખી થાત. એમ સુખી એટલે? અમને આ પળોજણ ન આવત. સુખી થાત એમ બોલ્યો. આહાહા..! જગતની ચીજ.

અને ત્યાં વહોરવા આવ્યા હતા ત્યાં જૂનાગઢ. એ ભૂલી ગયો. ઓલો મુંઝવણમાં. બેય જણ-ાએ વહોરાવ્યું હતું આ જાત્રામાં. મેં નજરેય કરી હતી છોડી ઉપર. એને બરાબર નહોતું કંઈક સખ. જૂનાગઢ ગયા હતા ને? મહા સુદ બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, ચાર દિ'. ત્યાં વહોરાવ્યું હતું બેય જણાએ. એ કહે, મને ખબર નહિ. અતુલ કહે. મુંઝાઈ ગયો છે બિચારો. આહાહા..! શું જગતની ચીજ!

મુમુક્ષુ :- અમદાવાદમાં આવ્યા હતા અતુલભાઈ.

ઉત્તર :- ના, એ ત્યાં રાજકોટ આવ્યા હતા. પહેલા અમદાવાદ આવ્યો હતો. ત્યાં આવ્યો હતો, ત્યાં પણ આવ્યો હતો એકલો. ભાઈ બાબુભાઈને ઘરે અને અહીં આવ્યો હતો બેવાર અહીં રાજકોટ. એકલો આવ્યો હતો. એ વાતું તે દિ' કરતો હતો. આહાહા..! શું માણસો! નહિતર કરોડપતિ છે એ તો. કરોડપતિ. સવા કરોડ રૂપિયા. એના દિકરાનો દિકરો છે. પણ ધૂળમાંય નથી. આહાહા..!

મને આમ થયું! મારે આમ થયું! પણ તું કોણ? તું તો જ્ઞાન અને આનંદ. એમાં શું થયું તને? તેં માન્યું કે મને આમ થયું. આ શરીરમાં આમ થયું, બાયડી મરી ગઈ, ફલાણું આમ થયું. એને લઈને હેરાન થયો, પણ કોને લઈને? એ તો તે માનેલી વાત છે. આહાહા..!

કહે છે, '**બહિરાત્મપણું છોડી આત્મસ્વરૂપમાં સ્થિર થા. એ જ સુખનો ઉપાય છે.**' ૫૭ થઈ.

---

**नन्वेवमात्मतत्त्वं स्वयमनुभूय मूढात्मनां किमिति न प्रतिपाद्यते येन तेऽपि तज्जानन्तिवति वदन्तं प्रत्याह–**

**अज्ञापितं न जानन्ति यथा मां ज्ञापितं तथा।**
**मूढात्मानस्ततस्तेषां वृथा मे ज्ञापनश्रमः।।५८।।**

**મૂઢાત્મા જાણે નહિ વણબોધ્યે જ્યમ તત્ત્વ,**
**બોધ્યે પણ જાણે નહિ, ફોગટ બોધન કષ્ટ. ૫૮.**

टीका :– मूढात्मानो मां आत्मस्वरूपमज्ञापितमप्रतिपादितं यथा न जानन्ति मूढात्मत्वात्। तता ज्ञापितमति मां ते मूढात्मत्वादेव न जानन्ति। ततः तेषां सर्वथा परिज्ञानाभावात्। तेषां मूढात्मनां सम्बंधित्वेन वृथा मे ज्ञापनश्रमो विफलो मे प्रतिपादनप्रयासः।।५८।।

---

એવી રીતે આત્મતત્ત્વને સ્વયં અનુભવીને મૂઢ આત્માઓને કેમ સમજાવતા નથી, જેથી તેઓ પણ તે જાણે? એવું બોલનાર પ્રતિ કહે છે :–

શ્લોક – ૫૮

અન્વયાર્થ :– જ્ઞાનીઓ વિચારે છે કે– (यथा) જેમ (मूढात्मानः) મૂર્ખ અજ્ઞાની જીવો (अज्ञापितं) જાણ કરાવ્યા વિના (मां) મને એટલે મારા આત્મસ્વરૂપને (न जानन्ति) જાણતા નથી, (तथा) તેમ (ज्ञापितं) જાણ કરાવ્યા છતાં પણ (न जानन्ति) જાણતા નથી (ततः) તેથી (तेषां) તેમને–એ મૂઢ જીવોને (मे ज्ञापनश्रमः) બોધ કરવાનો મારો પરિશ્રમ (वृथा) વ્યર્થ છે – નિષ્ફળ છે.

ટીકા :– જેમ મૂઢ આત્માઓ મને એટલે આત્મસ્વરૂપને, વગર કહ્યે (વગર સમજાવ્યે) મૂઢાત્મપણાને લીધે જાણતા નથી, તેમ કહ્યાં છતાં પણ તેઓ મને (આત્મસ્વરૂપને) મૂઢાત્મપણાને લીધે જ જાણતા નથી; તેથી તેમને સર્વથા પરિજ્ઞાનનો અભાવ હોવાથી તે મૂઢાત્માઓના સંબંધમાં બોધ કરવાનો (તેમને કહેવાનો) મારો શ્રમ વૃથા (વ્યર્થ) છે, અર્થાત્ તેમને તે સ્વરૂપ સમજાવવાનો મારો પ્રયાસ વિફલ (ફોગટ) છે.

ભાવાર્થ :– આત્માનુભવી જ્ઞાની જીવ વિચારે છે કે – જેમ મૂઢ જીવો અજ્ઞાનતાને લીધે વગર સમજાવ્યે આત્મસ્વરૂપ જાણતા નથી, તેમ તેમને આત્મસ્વરૂપ સમજાવવામાં આવે, તોપણ તેઓ મૂઢપણાને લીધે સમજવાના નથી; તેથી તેમને આત્મસ્વરૂપ સમજાવવાનો પ્રયત્ન વ્યર્થ છે; કારણ કે તેમની બાબતમાં સમજાવો કે ન સમજાવો – બેઉ સરખું છે.

વિશેષ

જ્ઞાનીઓ મૂર્ખ જીવોને આત્મસ્વરૂપ સમજાવવામાં ઉદાસીન હોય છે, કારણ કે :–

(૧) મૂર્ખ જીવો બહિર્મુખ હોય છે. તેમની દૃષ્ટિ બાહ્ય વિષયો તરફ જ હોય છે. તેમને આત્મસ્વરૂપ જાણવાની બિલકુલ જિજ્ઞાસા કે રુચિ હોતી નથી. તેઓ સદા વિષયોમાં જ રત હોય છે.

(૨) 'હું બીજાઓને સમજાવી દઉં' એવી બુદ્ધિ જ્ઞાનીઓને હોતી નથી, કારણ કે તેઓ જાણે છે કે કોઈ કોઈને સમજાવી શકે નહિ. તેમને બરાબર ખ્યાલમાં છે કે દરેક પદાર્થ પોતપોતાની મર્યાદામાં સ્વયં પરિણમે છે, કોઈ કોઈને આધીન નથી. તેમ કોઈ પદાર્થ કોઈનો પરિણમાવ્યો પરિણમતો નથી.૧ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી એવો વિશ્વનો

**અફર નિયમ છે. તેથી પર સંબંધમાં તેમને બિલકુલ કર્તા-બુદ્ધિ નથી.**

**(૩) અસ્થિરતાને લીધે જ્ઞાનીને બીજાને સમજાવવાનો કદાચ વિકલ્પ ઊઠે, પણ અભિપ્રાયમાં તેનો નિષેધ છે, કારણ કે ભાષા-વર્ગણાનું પરિણમન વિકલ્પથી નિરપેક્ષ છે-સ્વતંત્ર છે. વિકલ્પના કારણે ઉપદેશ વાણી નીકળે છે એમ તેઓ કદી માનતા નથી.**

**(૪) મારું સ્વરૂપ તો જાણવું - દેખવું તે જ છે. તે સિવાય હું બીજું કાંઈ ન કરી શકું. જો કાંઈ કરવાનો વિકલ્પ ઊઠે તો રાગ ઉત્પન્ન થાય. વાણીનો તો હું કદી કર્તા છું જ નહિ અને વાસ્તવમાં વિકલ્પનો પણ કર્તા નથી.**

**(૫) ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે; વાણી કે વિકલ્પ દ્વારા તે બીજાને સમજાવી શકાય તેવું નથી.**

**માટે જ્ઞાની મુખ્યતયા બીજાઓને ઉપદેશ દેવાની પ્રવૃત્તિમાં પડતા નથી. તેઓ તો સદા પોતાનું આત્મહિત સાધવામાં જ તત્પર રહે છે. કદાચ ઉપદેશાદિની વૃત્તિ ઊઠે તો તેની મુખ્યતા નથી; તે વખતે પણ તેમને ચૈતન્યસ્વરૂપની જ ભાવના હોય છે.**

**પરોપદેશની પ્રવૃત્તિનો વિકલ્પ-એ શુભ રાગ છે. તે આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં બાધારૂપ છે. માટે આ રાગના વ્યામોહમાં પડી જ્ઞાની કદી આત્મહિત ભૂલતા નથી.**

**''જગતમાં જીવો, તેમનાં કર્મ, તેમની લબ્ધિઓ, વગેરે અનેક પ્રકારનાં છે. તેથી સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે. માટે પર જીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી. સ્વાત્માવલંબનરૂપ નિજ હિતમાં પ્રમાદ ન થાય એમ રહેવું એ જ કર્તવ્ય છે.''૨ ૫૮.**

## શ્લોક-૫૮ ઉપર પ્રવચન

૫૮. હવે આચાર્ય કહે છે '**એવી રીતે આત્મતત્ત્વને સ્વયં અનુભવીને મૂઢ આત્માઓને કેમ સમજાવતા નથી,...**' એમ પ્રશ્ન કર્યો છે લ્યો. મહારાજ! આપ તો આત્મતત્ત્વને જાણો છો

૧. જુઓ - મોક્ષમાર્ગ પ્રકાશક - ગુ. આવૃત્તિ પૃ.૯૨; ૩૦૮.
શ્રી સમયસાર - ગુ. આવૃત્તિ - ગા. ૧૦૩;૩૭૨

૧. છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ, અરે!
તે કારણે નિજ-પર-સમય-સહ વાદ પરિહર્તવ્ય છે... ... (૧૫૬)
(શ્રી નિયમસાર - ગુ. આવૃત્તિ ગા.૧૫૬)

તો મૂઢ આત્માઓને સમજાવોને. બિચારા મૂઢ છે એ જીવને. આહાહા..! જુઓ એક શૈલી લીધી છે. '**જેથી તેઓ પણ તે જાણે? એવું બોલનાર પ્રતિ કહે છે :–**' છે ને?

**अज्ञापितं न जानन्ति यथा मां ज्ञापितं तथा।**
**मूढात्मानस्ततस्तेषां वृथा मे ज्ञापनश्रमः।।५८।।**

**મૂઢાત્મા જાણે નહિ વણબોધ્યે જ્યમ તત્ત્વ,**
**બોધ્યે પણ જાણે નહિ, ફોગટ બોધન કષ્ટ. ૫૮.**

આહાહા..!

'**ટીકા :– જેમ મૂઢ આત્માઓ મને એટલે આત્મસ્વરૂપને, વગર કહ્યે (વગર સમજાવ્યે) મૂઢાત્મપણાને લીધે જાણતા નથી,...**' આહાહા..! '**મૂઢ આત્માઓ મને એટલે આત્મસ્વરૂપને, વગર કહ્યે (વગર સમજાવ્યે) મૂઢાત્મપણાને લીધે જાણતા નથી, તેમ કહ્યાં છતાં પણ તેઓ મને (આત્મસ્વરૂપને) મૂઢાત્મપણાને લીધે જ જાણતા નથી;...**' મૂઢ છે એ નહિ જાણે. આહાહા..! શેનો ફોગટ કોને ઉપદેશ કરશે? આહાહા..! '**મૂઢ આત્માઓ મને એટલે આત્મસ્વરૂપને વગર કહ્યે (વગર સમજાવ્યે) મૂઢાત્મપણાને લીધે જાણતા નથી,...**' તો કહ્યે પણ જાણતા નથી. એમ કહે છે. એ તો એને જાણવું મૂઢ થઈ ગયો છે ને? આહાહા..!

'**તેઓ મને (આત્મસ્વરૂપને) મૂઢાત્મપણાને લીધે જ જાણતા નથી;...**' એ મૂઢ છે માટે જાણતા નથી. '**તેથી તેમને સર્વથા પરિજ્ઞાનનો અભાવ હોવાથી...**' ભાન જ ન મળે કહે છે એને આહાહા..! પાગલ થઈ ગયેલા એને શું સમજાવવું અમારે? આહાહા..! એમ કરીને ઉપદેશના વાક્યો શું કરવા એમ કહે છે. આહાહા..! વિકલ્પ શું કરવા કરવો એમ કહે છે. શું કીધું એ?

એ લોકો આત્માના સ્વરૂપને મૂઢને લઈને જાણતા નથી. તો મારા કહ્યે પણ મૂઢને લઈને નહિ જાણે. આહાહા..! એને જાણવાનો ભાવ જ્યારે જાગશે ત્યારે જાણશે. આહાહા..! માર્ગ આ. સમાધિશતક છે. આહાહા..! બીજાને સમજાવતા પણ નહિ સમજે ભાઈ! ક્યાંક ક્યાંક એને ઊંધા તર્ક કાઢશે. લ્યો. આ! બસ! કોઈનું કાંઈ કરી શકે નહિ? પાંગળો જીવ. શરીરનું ન કરી શકે? તો કોણ કરે છે આખો દિ'? આ હાથ ઊંચો કર્યો, ભાઈએ કીધું હતું. આ વકીલ ચીમન ચકુ. સ્થાનકવાસીનો અગ્રેસર છેને ત્યાં મુંબઈ. અહીં આમાં હતું ૯૭માં. મેં કીધું બાપુ! પરનું આ કર્યું લ્યો! ભાઈ! એમાં શું થયું તને ખબર નથી. આ મેં કર્યું એમ બોલે લ્યો. આહાહા..! ભાઈ! કીધું એમાં શું થયું એની ખબર નથી. એ તારી પર્યાયમાં શું થયું? અને એની પર્યાયમાં કેમ તે કાળે થયું? એની તને ખબર નથી. એમ મોટા વકીલ ને મગજમાં, બહારમાં સેવા કરી માટે.. અમે બધાની સેવા કરીએ છીએ. હમણાં ભાષણ આવ્યું હતું. શ્રદ્ધા વેદાંતની. આહાહા..!

જૈન પરમેશ્વર વીતરાગ શું કહે છે એ નહિ. બસ ઓલું વેદાંત. સર્વવ્યાપક આમ છે ને. વાંચી વાંચીને સ્વાધ્યાયમાંથી એ કાઢ્યું. આહાહા..! અરર..! આ સ્થાનકવાસીના પાછા એ અગ્રેસર

કહેવાય. આ સુશીલ ત્યાં નહોતો કાલે વાંચવા આવ્યો હતો. હું સ્થાનકવાસી નથી. હું તો જાઉં છું લ્યો. સ્થાનકવાસી સાધુ છે ને સુશીલ? એ એવો અર્થ કરતો હતો નમો લોએ સવ્વ સાહુણં. જુઓ આમાં ક્યાં કીધું જૈનના સાધુને નમસ્કાર કરવા? બધા સાધુ. નમો લોએ સવ્વ સાહુણં. અરે.. પણ.. સાધુ હતા જ કે દિ' બીજા? વીતરાગ માર્ગ સિવાય, વીતરાગની દૃષ્ટિ ને જ્ઞાન ને રમણતા એ બીજે ક્યાંય હોઈ શકે નહિ.

સવ્વમાં એ તો એના ને એના. નમો લોએ સવ્વ અરિહંતાણં. એમ કહ્યું છે લ્યો. નમો લોએ સવ્વ સિદ્ધાણં, નમો ત્રિકાળવર્તી, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. એ તો સ્વરૂપને સાધે, સર્વજ્ઞ કહેલું, પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ એણે કહેલો જે આત્મા અને એણે કહેલા તત્ત્વો એ અંતરમાં અનુભવીને જે અંતરમાં ઠરે છે, સાધે છે એને અહીંયાં સાધુ કહે છે. સમજાણું કાંઈ? ભેખ બીજા પહેરે માટે સાધુ થઈ ગયો. જૈનો પણ દ્રવ્યલિંગ ધારણ કર્યું નગ્નપણું અને પંચ મહાવ્રતની ક્રિયા એ કાંઈ સાધુપણું નથી. આહાહા..!

સાધુપણું તો સ્વરૂપનું સાધન. જેના સાધ્યમાં કેવળજ્ઞાન પ્રગટે. આહાહા..! એ સ્વભાવિક વસ્તુ છે કેવળજ્ઞાન, તો એનો સાધન ઉપાય પણ સ્વભાવિક છે. પરદ્રવ્યનો સહારો એમાં નથી. આહાહા..! એવા વિના સાધુ... હવે એ અત્યારે જાય છે. મહાવીરનો સંદેશ દેવા પરદેશમાં. હજી પોતાને ભાન ન મળે ભગવાન શું કહે છે. વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથ એવું ક્યાંય છે નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે અને તે પણ દિગંબર સંતો. આહાહા..! એવી વાણી અને આવું સ્વરૂપ ક્યાંય નથી. લોકોને પરીક્ષા ન મળે અને જ્યાં ત્યાં ભટકાય. રજનીશ આમ બોલે છે, ફલાણું આમ. હવે ધૂળેય બોલતો નથી.

.. મોટું સ્વાગત. એક દુકાન પાસે ગયા ત્યાં સ્વાગત મોટું. મોટું પુસ્તક એક. ભગવાન રજનીશ. અરે..! મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે કહેલો આત્મા, જિનેશ્વરદેવે કહેલા નવ તત્ત્વો એની ક્યાં ખબર છે એને? આહાહા..! સર્વજ્ઞ જેના પંથમાં નથી, જેના મતમાં સર્વજ્ઞ સ્વભાવી માન્યો નથી એને પર્યાયમાં સર્વજ્ઞપણું આવે નહિ, એના મતની એકેય વાત સાચી હોય નહિ. આહાહા..!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર સાક્ષાત્ એનો સ્વભાવ સર્વજ્ઞ છે. જીવનો સ્વભાવ જ સર્વજ્ઞ છે. એ સર્વજ્ઞ ધ્રુવ સ્વરૂપ છે. સમજાણું? જીવનો સર્વજ્ઞ સ્વભાવ ધ્રુવસ્વરૂપ છે. ધ્રુવ સર્વજ્ઞ. આહાહા..! એનો આશ્રય લઈને જે પર્યાયમાં સર્વજ્ઞપણું થાય અને એણે જે જોયું, જાણ્યું તે સાચું. બાકી બધી કલ્પનાથી વાતું કરે એ સત્યને મેળ ન ખાય. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પર્યાય જે થાય એ સર્વજ્ઞ ધ્રુવસ્વરૂપ છે. ચૈતન્યનું સર્વજ્ઞ ધ્રુવસ્વરૂપ છે. આહાહા..! પરમ પરિણામિકભાવે તે ધ્રુવસ્વરૂપ છે. એને અવલંબીને જે સર્વજ્ઞદશા થાય તે સર્વજ્ઞ સાચા અને એણે જાણ્યું તે સાચું. બાકી કલ્પનાના સર્વજ્ઞ મનાવીને એમ ન ચાલે બાપુ! આ તો વીતરાગમાર્ગ છે. આહાહા..! પંડિ-તાઈનું અહીં કાંઈ કામ નથી. તત્ત્વ શું છે? વીતરાગ પરમેશ્વર. એણે આત્મા, એણે જડ, એનો

રાગ એ કોને કહ્યો? આહાહા..!

એણે તો એમ કહ્યું '**परदव्वादो दुग्गइ**' આહાહા..! ગજબ વાત છે ને. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે અમે પરદ્રવ્ય છીએ તારે હિસાબે. તારા હિસાબમાં અમે... અમારી ઉપર લક્ષ કરીશ તો રાગ થાશે. અને એ રાગ દુર્ગતિ છે. એ સિદ્ધપદને નહિ આપે. દુર્ગતિને આપશે, દેવગતિ એ બધી દુર્ગતિ છે. આહાહા..! આવી વાણી વીતરાગ સિવાય દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ. એની પરીક્ષા કરવા જાય તો ખબર પડે. એમ ને એમ માની લે એમ નહિ. આહાહા..! જુઓને. સંતો એમ કહે, અમને તમે માનશો તો તમને રાગ છે. આહાહા..! કારણ કે અમે પરદ્રવ્ય છીએ. તારું લક્ષ અમારા ઉપર જશે તો તને રાગ થશે. આહાહા..! પરમ સત્ય. પરમ સત્યનો પોકાર છે.

નમો લોએ સવ્વ સાહુણંમાં એ દિગંબર સંતો સાચા હોય એ આવે. શ્વેતાંબર પણ ન આવે અને અન્યમતિ પણ ન આવે. બાબુભાઈ! આજે કાગળ એક આવ્યો છે કોક તમારો અમદાવાદનો. તકરાર ત્યાં અમદાવાદમાં સંઘમાં સરખું નથી ને. ક્યાંક ક્યાંક ફાટફૂટ છે. ઓલા ભુરાભાઈ. રતિલાલ ભુરાભાઈ એ ક્યાંક જાતા હશે શ્વેતાંબરમાં એમ કાંઈક. પહેલા પણ કાગળ કોકનો આવ્યો હતો અને આજે પણ આવ્યો છે. ત્રણ તો ભાગ પડી ગયા છે એમ કહે છે મંડળમાં. આ વળી ચોથું પડશે એવી બધી વાતું કરશે. હવે આ ચંદુભાઈ ગામમાં છે ને એવું થાશે? ...ભાઈ! આહાહા..! કહે છે મૂર્ખાઓ તો એની મેળાએ મૂર્ખા થયા છે. હવે એ હું સમજાવીશ તોપણ એ મૂર્ખાઈપણું નહિ ટાળે. આહાહા..! માટે કોને સમજાવું હું? એમ કરીને વિકલ્પને તોડવાની વાત વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**જેઠ વદ ૪, શુક્રવાર તા. ૨૭-૦૬-૧૯૭૫**
**શ્લોક - ૫૮,**
**પ્રવચન - ૭૩**

એનો ભાવાર્થ. અહીંયાં સમાધિતંત્ર ચાલે છે ને? એટલે સમાધિથી વિરુદ્ધભાવ એનો નિષેધ કરે છે. કહે છે '**આત્માનુભવી જ્ઞાની જીવ વિચારે છે કે-જેમ મૂઢ જીવો અજ્ઞાનતાને લીધે વગર સમજાવ્યે આત્મસ્વરૂપ જાણતા નથી,...**' વગર સમજાવ્યે જાણતા નથી તો સમજાવ્યે પણ જાણતા નથી એમ કહેવું છે. આહાહા..! એની યોગ્યતા સિવાય એ જાણશે નહિ. '**તેમ તેમને આત્મસ્વરૂપ સમજાવવામાં આવે, તોપણ તેઓ મૂઢપણાને લીધે સમજવાના નથી; તેથી તેમને આત્મસ્વરૂપ સમજાવવાનો પ્રયત્ન વ્યર્થ છે;...**'

મુમુક્ષુ :- અજ્ઞાની પોતાને એમ જ માનતા હશે ને?

ઉત્તર :- એમ જ માને છે. છતાં આ કહે છે કે તમે એમ માનો છો ત્યારે બોલો છો શું કરવા? એમ સામે પ્રશ્ન કરે ને માણસ?

મુમુક્ષુ :- એમ એને પાછો સમજાવવાનો વિકલ્પ તો ઉઠે.

ઉત્તર :- માટે તો કહે છે ને. વિકલ્પ ઉઠ્યો છે છતાં એ નિરર્થક છે એમ સિદ્ધ કરવું છે.

એ આત્માની વાત... આહાહા..! જેના અનંતગુણો અને અનંત સ્વભાવ જે ગુણોની સંખ્યાનો અંત નહિ. ઓહોહો..! જેના ભૂતકાળની આદિનો અંત નહિ એના કરતા પણ જીવના ગુણો અનંતગુણા. આહાહા..! અહીં અંત નહિ એનાથી અનંતગુણા. ભવિષ્યકાળથી અંત નહિ. એનો અંત નહિ શું કહે છે આ? એનાથી પણ જીવના ગુણ અનંતગુણા. જેનો ક્ષેત્રથી અંત નહિ એનાથી અનંતગુણા. આ તે વાત તે. એવા ગુણોનું સ્વરૂપ એને સમજાવવું, વગર સમજ્યે પણ એ સમજતા નથી, વગર સમજાવ્યે, તેમ એ સમજાવ્યે પણ મૂઢ જીવ હોય એ નહિ સમજે.

માટે કહે છે એને સમજાવવું, 'તેમની બાબતમાં સમજાવો કે ન સમજાવો-બેઉ સરખું છે.' આ તો વિકલ્પ છે એ અસમાધિ છે એ સિદ્ધ કરવું છે. સમજાવાનો વિકલ્પ ઉઠ્યો એ પણ અસમ-ાધિ છે. આહાહા..! લખવા વખતે ઉઠ્યો તો છે. ત્યારે એમ કહે છે, બાપુ! એ ખરેખર એ વિકલ્પ એ મારું કર્તવ્ય નથી અને વિકલ્પમાં ગુણો છે એ કાંઈ વિકલ્પમાં આવતા નથી. અને એ વિકલ્પ છે એ વાણીમાં આવતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! વાણી વાણીને કારણે નીકળે, વિકલ્પને કાળે વિકલ્પ થાય એથી વાણી નીકળે એમ પણ નથી. અને સમજાવવાનો જ્ઞાનનો ક્ષયોપશમ છે એ વિકલ્પમાં આવતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- કોક દિ' તો મેળ ખાય ને?

ઉત્તર :- બિલકુલ નહિ. એમાં આવતો નથી. મેળ ભલે ખાય. એવો જ વિકલ્પ અને એવી જ વાણી નીકળે, પણ નીકળે એને કારણે. અહીં જ્ઞાનનો ક્ષયોપશમ છે કે આવું સમજાવવું, માટે એવી વાણી ત્યાં નીકળે છે એમ નથી. આહાહા..! જેવો ક્ષયોપશમમાં સમજાવાનો ભાવ છે કે આવું જ્ઞાન છે જ્ઞાન. એવું જ જ્ઞાનનો વિકલ્પ ઉઠે કે આવું સમજાવું, પણ એ વિકલ્પમાં કાંઈ આ જ્ઞાનની સમજણ એમાં આવતી નથી. આહાહા..!

મુમુક્ષુ :- ઉપાધ્યાયપણું તો ક્યાંય રહ્યું જ નહિ.

ઉત્તર :- ઉપાધ્યાય. કહે છે ને એની પાસે શીખું છું. એ બધો વ્યવહાર છે અને વ્યવહાર એ વિકલ્પ છે. આહાહા..! એ કહે છે. એને સમજાવું તોય નહિ સમજે અને નહિ સમજાવ્યે તોપણ નથી સમજતો. આહાહા..! કાંઈક એમાંથી કાઢશે અવળું. તમે આમ કહો છો, નિશ્ચય થઈ જાય છે, વ્યવહારનો લોપ થઈ જાય છે, ઢીકણું થઈ જાય. ઢીંકણું થાય. (વાંધા) કાઢશે બાપા નહિ સમજે. આહાહા..! જેની સમજવાની લાયકાત નથી એ ક્યાંથી સમજે? એ વિકલ્પ આવ્યો, વાણી વાણીને કારણે નીકળે. એ વિકલ્પનો પણ કર્તા નથી અને વાણીનો પણ કર્તા નથી.

આહાહા..! આવી વાત છે. જ્યાં અનંતગુણ અંત વિનાના સંખ્યાએ, એનું જ્યાં જ્ઞાન અને પ્રતીત થઈ એ પ્રતીતમાં કેટલી સામર્થ્યતા છે! એ સામર્થ્ય આગળ વિકલ્પ ઉઠે એની કાંઈ કિંમત નથી. અહીં એમ કહે છે. કહેવું છે આમ. ઓહોહો..!

કળશમાં તો એમ પણ કીધું છે, શ્રુતજ્ઞાન છે એ વિકલ્પવાળું છે એમ કીધું છે. કળશમાં આવે છે બે ઠેકાણે. છે ખરું શ્રુતજ્ઞાન તો વિકલ્પ વિનાનું પણ શ્રુતમાં કહું એવો જે વિકલ્પ ઉઠે છેને એથી એને વિકલ્પવાળું કહીએ. કળશમાં છે બે ઠેકાણે. કળશમાં બે ઠેકાણે છે. એટલે અનુભવ છે એ શ્રુતના વિકલ્પથી રહિત એમ સિદ્ધ કરવું છે. અનુભવ જે છે એ તો શ્રુતના વિકલ્પથી રહિત છે, ભેદથી રહિત છે. આહાહા..! એ તો અનુભવગમ્ય જ આત્મા છે. કોઈ વિકલ્પગમ્ય કહે સાંભળવાથી ગમ્ય થાય એવો આત્મા નથી. આહાહા..!

મુમુક્ષુ :- સુમનભાઈને ઘર છોડીને અહીં આવવું શું કરવા?

ઉત્તર :- એય..! છતાં શાસ્ત્રમાં આવે ધવલમાં. સુનો. એક સુનો ઉપર વ્યાખ્યા મોટી કરી. એ તો આવે, વિકલ્પ આવે ત્યારે એ શૈલી હોય. સુનો એમ. એના ઉપર તો મોટી વ્યાખ્યા લીધી એક શ્લોકની. આહાહા..! એવી સ્યાદ્વાદ શૈલી છે વીતરાગની કે એ આવે વિકલ્પ, પણ વિકલ્પ નિરર્થક છે એમ સિદ્ધ કરવા સમાધિને સ્થાપી છે. સાંભળનારને વિકલ્પ છે એ અસમાધિ. સંભળાવનાર... આહાહા..! આવી વાત છે. અરેરે..! આ તો વીતરાગ, વસ્તુ વીતરાગ સ્વરૂપ છે આત્મા. એમાં વિકલ્પ ઊઠે... અનંતાગુણો, અનંતગુણો વીતરાગસ્વભાવે, વીતરાગભાવે અંદર વણાયેલા છે. કારણ કે વીતરાગસ્વભાવ છે તો અનંતાગુણો વીતરાગના ભાવે અવિનાભાવે રહેલા છે. એમાં એક વિકલ્પ તો એક ગુણની વિપરીત પર્યાય. આહાહા..! દોષ છે.

શ્રીમદ્‌માં આવે છે કે એક જીવને પણ યથાર્થ ધર્મ પમાડે, તીર્થંકર ગોત્ર બાંધે. પણ બાંધે ને? પોપટભાઈ ખુશી થઈ જાય. એવું આવે છે અંદર. એક જીવને પણ .. આહાહા..! કઈ અપેક્ષા છે એ જાણવી જોઈએ. એ પુણ્યનો બંધ પડે છે ત્યાં. અબંધસ્વરૂપી ભગવાન અબંધસ્વરૂપી સ્વરૂપ એનું છે. નિશ્ચયથી જોઈએ તો નાસ્તિથી (જોઈએ) તો અબંધ અસ્તિથી મુક્ત સ્વરૂપ જ છે. મોક્ષસ્વરૂપ જ ભગવાન છે. ફક્ત માન્યું હતું કે હું રાગવાળો છું. એ માન્યતા છૂટી તો વસ્તુ છે એ છે. મુક્તસ્વરૂપ જ છે. એવો જે ભગવાન આત્મા, કહે છે, બીજાને સમજાવવું કે ન સમજાવવું બેય સરખું છે.

**વિશેષ :—** '**જ્ઞાનીઓ મૂર્ખ જીવોને...**' મૂઢ શબ્દ છે ખરો ને. '**આત્મસ્વરૂપ સમજાવવામાં ઉદાસીન હોય છે,...**' આહાહા..! હું બીજાને સમજાવી દઉં અને એ સમજી જાય.

મુમુક્ષુ :- .. સમજાવે...

ઉત્તર :- કોણ સમજાવે?

ભોપાળમાં ૪૦-૪૦, ૪૫ હજાર માણસ એય.. મોટો પંડાળ ચીપોચપ ભરાઈ ગયો. લોકો ૬૦ હજાર કહેતા હતા. ૪૦ હશે ૪૦. એ તો એની યોગ્યતા પ્રમાણે વાણી આવે, વિકલ્પને

કાળે વિકલ્પ હોય. એથી બીજા સમજી જાય એવું કાંઈ નથી. આહાહા..! એમાં પણ તોફાન ઉપાડ્યું હતુંને એક ફેરી. થોડા છોકરાઓએ ઉશ્કેર્યો હતો ત્યાં કોઈ. એ પૂરું થઈ ગયું ને આપણે શું કહેવાય? તીર્થનું. અહીંનું તીર્થનું જુદું છે ને. તીર્થનું. શું કહેવાય? પૈસાનું. પૈસાનું. ઓલું ફંડનું. આ તીર્થક્ષેત્રની. એ ત્યાં થઈ હતી. પૂરી થઈ ત્યાં કેટલાક છોકરા પૂરા થયા પછી આવ્યા. અહીં નહિ પૈસા ભરવા દઈએ. કેમકે પૂરું થઈ ગયું હતું. એ તો સ્વતંત્ર છે. વળી કોઈ તો એમ કહેતું હતું કે અમે કર્યું એ બધું એવું રાજકુમાર સિંહજીનું વચન હતું કે આવું ન ભરવા દેવું. લોકો કહે ઘણી પ્રકારના. સંસાર એવો છે. આહાહા..!

અહીં તો વિકલ્પ સમજાવવાને ઉઠવો એ પણ દુઃખરૂપ છે એમ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- ઉન્મત્ત...

ઉત્તર :- ઉન્મત્ત ચેષ્ટા એમ કહે. હું બીજાથી સમજું, હું બીજાને સમજાવું, ઉન્મત્ત ચેષ્ટા છે. આહાહા..! એમાં એને અભિમાન આવી જાય કે મેં બીજાને ખાસ સમજાવ્યા અને આ પુસ્તક બનાવ્યા. મેં આ કર્યું, મેં આ વેચ્યા આટલા, સોંઘા ભાવે વેચ્યા તે આમ થયું. એ અહીં તમારે સોંઘા ભાવે આપે છે ને. એ માટે તો પૈસા આપે છે બિચારા. સોંઘા ભાવ માટે. અરે..! કોણ આપે? કોણ લે? આહાહા..!

‘**મૂર્ખ જીવો બહિર્મુખ હોય છે.**’ જોયું! બહિર્મુખ એની દૃષ્ટિ નિમિત્ત ઉપર કાં રાગ ઉપર કે એક સમયની પર્યાય બહિર્મુખ છે એના ઉપર. આહાહા..! કેમકે પર્યાયની પાછળ આખું દ્રવ્ય જે છે એ તો અપ્રગટ છે. એની પર્યાયમાં એ દ્રવ્ય આવ્યું નથી. અને એક સમયનો જે પર્યાય છે એનું વલણ આમ છે રાગ ઉપર. બહિર્મુખ વલણ છે પર્યાયનું. આહાહા..! જે પર્યાય છે જેની એના સન્મુખ ન થતાં, જેની નથી એના તરફનું એનું વલણ છે અનાદિનું. આહાહા..!

‘**મૂર્ખ જીવો બહિર્મુખ હોય છે. તેમની દૃષ્ટિ બાહ્ય વિષયો તરફ જ હોય છે.**’ વિષય એટલે બહાર વલણ. વિષય એટલે એકદમ શબ્દરૂપ એમાં રાગ ઉપર એનું વલણ ત્યાં છે. બહિર્મુખ દૃષ્ટિ. આહાહા..! કારણ કે ‘**તેમને આત્મસ્વરૂપ જાણવાની બિલકુલ જિજ્ઞાસા...**’ ઓહો..! અનંત આનંદનો સાગર, અનંત પ્રભુતાના શક્તિથી વણાયેલો પ્રભુ, અનંત પ્રભુતાના ગુણ છે એમાં. એને જાણવાની એને અંતર જિજ્ઞાસા છે. આ કરું... આ કરું... આ કરું... બહિર્મુખ દૃષ્ટિ. મંદિર બનાવું, દાન આપું, લોકોમાં બહાર પડું, લોકો મને સારો કહે, એવી અજ્ઞાનીની દૃષ્ટિ બાહ્ય ઉપર છે. આહાહા..!

એ કહે છે, ‘**તેમને આત્મસ્વરૂપ જાણવાની બિલકુલ જિજ્ઞાસા કે રુચિ હોતી નથી. તેઓ સદા વિષયોમાં જ રત હોય છે.**’ એટલે પર તરફના વલણમાં રત હોય છે એમ. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એમાં પર તરફના વલણમાં જ એનું રત થવું છે. અંતર્મુખ ચીજ શું છે એના તરફ એનું લક્ષ નથી. ભગવાન પરમાત્મા બિરાજે છે મહા. એના સન્મુખ અને એનું માહાત્મ્ય નથી એને. એક સમયની પર્યાયમાં આમ વલણ છે વિકલ્પમાં. દયા પાળી, ભક્તિ કરી, વ્રત લીધા ને

તપ કર્યા. આહાહા..! તેથી વિષયોમાં એ રત એટલે પર તરફમાં લીન છે.

'(૨) હું **બીજાઓને સમજાવી દઉં એવી બુદ્ધિ જ્ઞાનીઓને હોતી નથી,...**' આહાહા..! '**કારણ કે તેઓ જાણે છે કે કોઈ કોઈને સમજાવી શકે નહિ.**' કહો, સુજાનમલજી! આહાહા..! આ કરવું એમ લખ્યું છે ને. જ્ઞાનાનંદમાં રહેવું. કર્તવ્ય તો એ છે. આહાહા..! '**કારણ કે તેઓ જાણે છે કે કોઈ કોઈને સમજાવી શકે નહિ.**' એટલે અંદરમાં જોર ન આવે એમ કહે છે. વિકલ્પ આવે પણ એનો કર્તા ન થાય, એનો જાણનાર રહે. એટલે જોર ન આવે એમાં કે આને સમજાવી દઉં અને આ સમજી જાય. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પણ ભાષા વ્યવહારે તો એમ જ આવે ને. શ્રુત પરિચિત અનુભૂતા. રાગથી રહિત એવો ભગવાન આત્મા એની વાત તે સાંભળી નથી. એ તો બરાબર કહે ને. રાગની વાત તે સાંભળી છે કે પુણ્ય કરવું, દયા પાળવી, ભક્તિ કરવી. અને રાગને ભોગવવાની વાત તે સાંભળી છે, પણ રાગરહિત એકત્વસ્વભાવ ભગવાન આત્મા, રાગથી વિભક્ત, (સ્વ)ભાવથી એકત્વ એની વાત તે સાંભળી નથી. એ તો એનું સ્વરૂપ કહે છે. સંભળાવનાર પણ એમ કહે છે. આહાહા..! આવો તો માર્ગ હેય છે.

નહિતર અહીં કહે તમે કહો છો .. શાસ્ત્ર બનાવ્યું. વિકલ્પ કર્યો શું કરવા? બાપુ! સાંભળને. એમ ન પકડાય. વિકલ્પ આવે અને વાણીને કાળે વાણી નીકળે. વિકલ્પ આવ્યો માટે વાણી નીકળે એમ નહિ અને વાણી નીકળવાની છે માટે વિકલ્પ આવ્યો એમ નહિ અને વિકલ્પ આવ્યો માટે આત્માએ કર્યો છે એમ નહિ. આહા..! સ્વભાવ શું કરે? જ્ઞાનસ્વભાવ રાગના કણને કેમ કરે? રાગના કણને કરે તો તો નિર્વિકારી સ્વભાવ વિકારનો છે એમ માન્યો એણે. ઝીણી વાત છે, ભાઈ! જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ કોઈ અલૌકિક છે.

કહે છે, '**તેમને બરાબર ખ્યાલમાં છે કે દરેક પદાર્થ પોતપોતાની મર્યાદામાં સ્વયં પરિણમે છે,...**' આહાહા..! '**કોઈ કોઈને આધીન નથી. તેમ કોઈ પદાર્થ કોઈનો પરિણમાવ્યો પરિણમતો નથી.**' મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે ને? સમયસાર. ગાથા-૧૦૩, ૩૭૨. આહાહા..! '**એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી...**' એક વસ્તુ બીજી ચીજને કાંઈ કરી શકતું નથી. એને લાભ આપી શકતું નથી, એને નુકસાન કરી શકતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- માણસોને જેલમાં મોકલે છે..

ઉત્તર :- કોણ મોકલે? એ તો એને વિકલ્પ આવ્યો. ખળભળાટ થઈ ગયો દેશમાં અત્યારે. ત્યાં વકીલ હતો કહે છે રજા લઈ લીધી. ત્યાં કોકની શક્તિ એવી છે કે ભેજાની કાંઈક. ત્રણ લાખ રૂપિયાનું .. માગે એવું .. છે. પારસી છે ને કોક. પાલખીવાળો. કોક કહેતું હતું એ સાંભળ્યું. આપણે. .. કહેતા હતા ભેજાના ત્રણ લાખ માગે છે. ત્રણ લાખમાં ભેજુ અમને આપો. કહો. એ

કહે છે ને ઓલા. કોક વળી બીજું કહ્યું હતું. કોક કહેતું હતું. લશ્કરનો એક મોટો છે માણસ એ છુટો થવા માગે છે. એમ કોક કહેતું હતું. હજી બહાર નથી પડ્યું પણ. ખળભળાટ... ખળભળાટ... છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કરે? ના. ના. પોતાને. પોતાને પદવીનો મોહ. આહાહા..! ખળભળાટ થશે લોકોમાં. કોક કહેતું હતું પથરા માર્યા પુનામાં ને અમદાવાદમાં બસને. છોકરાઓ વાત કરતા હતા.

મુમુક્ષુ :- આજે બંધ.

ઉત્તર :- બંધ? ક્યાં? મોટો ખળભળાટ છે ભાઈ. અહીં ખળભળાટ છોડવાની વાત છે. વિકલ્પ ઉઠે સમજાવાનો એ ખળભળાટ છે કહે છે. આહાહા..! અનંતકાળથી વિકલ્પની જાળમાં રોકાઈને ચૈતન્યને ભૂલી ગયો એ. શાંતરસનો સાગર પ્રભુ. અનંતાગુણો... આહાહા..! સંખ્યાએ જેનો ગણતરીનો અંત ન આવે. આ તે શું ચીજ છે? સ્વભાવ છે ને. કાળનો અંત ક્યાં? એમ ક્ષેત્રનો અંત ક્યાં? એમ ભાવની સંખ્યાનો અંત ક્યાં? આહાહા..!

એક સમયમાં ત્રણ કાળના સમય કરતાં એક સમયમાં અનંતગુણની પર્યાયો અનંતગુણી. એય..! હિંમતભાઈ! હવે ત્રણ કાળની પર્યાય કેટલી? એ પ્રશ્ન થયો હતો પહેલો. એક સમયની પર્યાય જે છે એની સંખ્યા કેટલી? કે ત્રણ કાળના સમય કરતા અનંતગુણી સંખ્યા. એવી પર્યાય અનાદિ અનંત એની. એ કેટલી? ત્રણ કાળથી ઝાઝી? અનંતગુણની અનંત પર્યાય છે ને? ગુણો જે અનંત છે ક્ષેત્રથી અનંતગુણા, એનો અંત નથી એમ અહીં અંત નથી સંખ્યાનો. એની પર્યાય પણ એટલી છે ને? એક સમયમાં અનંત ગુણની અનંત પર્યાય. એ અનંતી પર્યાય કેટલી થઈ? કે ક્ષેત્રના કાળથી, ક્ષેત્રના ક્ષેત્રથી એક સમયની પર્યાય અનંતગુણી થઈ ગઈ. ઝીણી વાત થોડી પડશે. અને એવી ને એવી પર્યાયો પાછી અનંતી... અનંતી.. અનંત આમ અનંત આમ. કાળ થોડો, એનાથી પર્યાય ઝાઝી પણ પાછી એની પર્યાયનો કાળ આમ ગયો ને? આહાહા..!

એકવાર વાત મૂકાણી હતી. રાતે વાત. ઓહો..! નિર્વિકલ્પ સાગર પડ્યો છે પ્રભુ આખો. એ બધાના પરમાણુનું આમ ને પર્યાય આમ ને. એક પ્રદેશથી એક પરમાણુ જાય આમ ને ત્યારે સમયનું માપ ત્યાં આવી જાય છે અને એટલામાં એ કાળદ્રવ્ય છે અને એક પ્રદેશ એક પરમાણુથી-પ્રદેશથી ખસીને બીજે જાય, એટલામાં એક પ્રદેશ કહેવાય છે. એક પ્રદેશમાં એક પરમાણુ જેટલી જગ્યા છે છતાં અનંતા રહે છે, છતાં એ પ્રદેશનો અંત. પણ એ જાણે કોણ? એ તો બધી વાત થઈ પરની. પણ જાણનાર કોણ એને? કે આમ છે ને આમ છે ને આમ છે. પોપટભાઈ!

ત્યાં થાય છે એની તો એને ખબર પણ નથી. પરમાણુમાં આમ જાય છે અને એની એક સમયની પર્યાય ત્યાં સ્થિત થઈને પર્યાય જેટલું ત્યાં દ્રવ્ય છે એટલામાં. એવી એને ખબર છે ત્યાં? આહાહા..! અને એક સમયમાં પરમાણુ ચૌદ રાજુલોક જાય એને ખબર છે? આહાહા..!

એ ખબરનો કરનારો એનાથી જુદો રહીને જાણે છે. આહાહા..! આવો જે ભગવાન જ્ઞાનસ્વરૂપી શ્રુતજ્ઞાનમાં પણ એટલી તાકાત એની છે. આહાહા..! એના માહાત્મ્ય આગળ રાગના માહાત્મ્ય ક્યાં રહ્યા? આહાહા..!

એ ચીજને, કહે છે, સમજાવામાં '**કોઈ પદાર્થ કોઈનો પરિણમાવ્યો પરિણમતો નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી એવો વિશ્વનો અફર નિયમ છે.**' વિશ્વનો અફર નિયમ છે. '**તેથી પર સંબંધમાં તેમને બિલકુલ કર્તા-બુદ્ધિ નથી.**' આ સંબંધીના ..માં શેઠિયાનો બહુ વારંવાર પ્રશ્ન છે. વિશ્વની વ્યવસ્થા બરાબર છે એમ બહુ ભાર આપે. આમાં જરીક ફરી ગયો મોટો. જ્ઞાનીને દુઃખ ન હોય. એમ કહે કે જ્ઞાનીને આનંદની મુખ્યતાથી દુઃખ ગૌણ હોય એમ કહે કદાચ. પણ વેદનની અપેક્ષાએ મુખ્ય-ગૌણ છે જ નહિ. આહાહા..! એ તો મુખ્યતાની અપેક્ષાએ ગૌણ છે. પણ એક સાથે ગણીએ તો ગૌણ છે જ નહિ. આનંદ અને દુઃખનું વેદન એક સમયે છે. એ તો એક પર્યાયના બે ભાગ. વસ્તુસ્થિતિ એવી છે. એમાં કોઈની કરેલી ક્યાં છે? એ વસ્તુની આવી મર્યાદા જ આવી છે. આહાહા..! ભગવાને તો જણાવી છે, ભગવાને કાંઈ કરી છે? આહાહા..!

'**તેથી પર સંબંધમાં તેમને બિલકુલ કર્તા-બુદ્ધિ નથી.**' જ્ઞાનીને પરસંબંધીમાં આમ કરી દઉં.. આમ કરી દઉં... આની પાસે આમ જાઉં.. એની પાસે આમ જાઉં તો એ સમજી જાય, પછી મારી વાત એ કબુલ કરે, કબુલ કરે તો મને સારો ગણે. એ બધો મિથ્યાદષ્ટિનો ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? જાદવજીભાઈ! આવો ઝીણો માર્ગ છે. આહાહા..! નથી આવ્યા વયા ગયા. આ રૂપચંદનો દિકરો આવ્યો હતો. .. સાંગલી, ત્રીસ વર્ષે મળ્યો લ્યો. અમારો રૂપચંદ હતો ને ભાણેજ? એનો દિકરો આજે આવ્યો. સાંગલીમાં રહે છે. કેટલા ૩૦ વર્ષે આવ્યો. કાંઈ ખબર ન મળે. રળવું, રળવું ને આહાહા..!

રૂપચંદભાઈનો દીકરો આવ્યો હતો. ગંગાબહેન! ખબર છે? મળ્યો? આ મારી પાસે ૩૦ વર્ષે આવ્યો. સાંગલીમાં રહે છે એક અજાણ્યો. આપણો ઓલો જસુ આવે છે. હીરાલાલ કોક દિ' કહે. આ તો કોઈએ જોયો પણ નથી. રૂપચંદનો દીકરો છે. અમારે બહેનનો દીકરો થાય દાદાની દીકરી. એકલી મજુરી કરે. મજુરી જ કહેવાયને આ રળવાની. વયો ગયો. આહાહા..!

અરે..! જીવન તો જુઓ ક્યાં. બહારમાં ક્યાંક સરખાઈથી આજીવિકા મળે અને રીતસર જીવન જાય તો આપણે ઠીક કર્યું કહેવાય. શાંતિભાઈ!

મુમુક્ષુ :- એ તો બીજા પ્રમાણ છે.

ઉત્તર :- બીજા પ્રમાણમાં કાંઈક રીતસર પેદા થાય, રીતસર દિકરા-દિકરી વરે અને આમ ઠીક કહેવાય. હવે એમાં ધૂળમાં શું હતું? આહાહા..!

તારો ભગવાન અંદર બિરાજે છે ચૈતન્ય. એની કિંમતું ન મળે, એના માહાત્મ્ય ન મળે. આહાહા..! અને બહારની સરખાઈ રાખવામાં જિંદગી જાય, સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાની તો વિકલ્પ ઉઠે એનો પણ કર્તા નથી. આહાહા..! તો એને જોર વિકલ્પમાં ન આવે. આહાહા..!

'(૩) **અસ્થિરતાને લીધે જ્ઞાનીને બીજાને સમજાવવાનો કદાચ વિકલ્પ ઊઠે,...**' કદાચ વિકલ્પ ઉઠે, આવે '**પણ અભિપ્રાયમાં તેનો નિષેધ છે,...**' આહાહા..! અભિપ્રાય તેને સ્વીકારતું નથી. અભિપ્રાયમાં તો ભગવાન ત્રિલોકનાથનો સ્વીકાર છે. આહાહા..! એક સમયની અભિપ્રાયની પર્યાય, જેનો અંત નથી સંખ્યાએ એવા અનંતગુણનું એકરૂપ, એનો જેને અંતર અભિપ્રાય બેઠો. આહાહા..! એને એક ગુણની વિપરીત પર્યાયનો વિકલ્પ એના માહાત્મ્ય શા? સમજાણું કાંઈ? આહાહા..! ઓલો સમજાવવા જાય છે સુશીલ. પરદેશમાં. મુહપતિ લઈને જાશે કે છોડીને, હોય એ ખરું. આહાહા..! કોને સમજાવે? બાપુ! આહાહા..! સમજાવવા માટે ક્યાં જાય એ તું તો સમજ હજી. આહાહા..! વિકલ્પ વિનાની ચીજ છે એ વસ્તુ અનંતગુણની જ્યાં કબુલે ત્યાં વિકલ્પ તૂટી જાય. સંખ્યા વિનાના ગુણ. સંખ્યા વિના એટલે? બેહદ ગુણોનો પિંડ પ્રભુ એની સન્મુખ થતાં આવો પ્રભુ એટલે એને વિકલ્પની એકતા રહે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને વિકલ્પની એકતા રહે ત્યાં એને અનંતાગુણો, અનંત અનંત સંખ્યાએ ભર્યા એની એને ખબર નથી. ભલે એ ભણ્યો હોય, શાસ્ત્રની વાતું પણ કરતો હોય. આહાહા..! આ સમાધિતંત્ર છે. આ સમાધિ છે એ સિદ્ધ કરવું છે. આહાહા..! ધર્મીને વિકલ્પ આવે પણ એ અસમાધિ છે. (એ) રાગ અસમાધિનું કર્તવ્ય કેમ સ્વીકારે? આહાહા..!

'**પણ અભિપ્રાયમાં તેનો નિષેધ છે, કારણ કે ભાષા-વર્ગણાનું પરિણમન વિકલ્પથી નિરપેક્ષ છે...**' શું કહે છે? વિકલ્પ ઊઠે એનો અભિપ્રાયમાં નિષેધ કેમ? કે ભાષાવર્ગણા જે નીકળે એને વિકલ્પની અપેક્ષા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એય..! આહાહા..! '**ભાષા-વર્ગણાનું પરિણમન વિકલ્પ...**'ની અપેક્ષાવાળું નથી. એ તો નિરપેક્ષ છે. આહાહા..! જેમ રાગને પરની અપેક્ષા કોઈ નથી, એમ વાણી નીકળવાને વિકલ્પની અપેક્ષા નથી. આહાહા..! વાણીને કાળે વાણી જડથી નીકળે એને પરની અપેક્ષા હોય નહિ. નિરપેક્ષપણે નીકળે છે. આહાહા..! વિકલ્પ ઉઠ્યો માટે વાણીનું એ રીતે પરિણમન થયું એમ નથી. આહાહા..! ભાષાના સ્વકાળે પરિણમન થાય એને વિકલ્પ અને અહીં જ્ઞાનની અપેક્ષા નથી. આહાહા..! સમજાણું કાંઈ? કોઈક ક્યાંક અટક્યા, કોઈક ક્યાંક અટક્યા પણ અટક્યા પડ્યા છે. અને ભટકે છે કહે. આહાહા..!

મુમુક્ષુ :- શુભભાવમાં અટકે છે.

ઉત્તર :- શુભભાવમાં અટકે અને એનાથી હું કામ કરું છું વાણીનું. મારો ભાવ આવ્યો એવી વાણી નીકળે છે, માટે મારી અપેક્ષા છે વાણીને. બિલકુલ જૂઠ. આહાહા..! જેમ રાગ થવાને પરની કાંઈ અપેક્ષા નથી, એમ સમ્યગ્દર્શન થવાને રાગની મંદતા કે પરની અપેક્ષા નથી. એમ વાણીને નીકળવાને તે કાળે તે વાણીનો જન્મક્ષણ છે, તે વાણીની ઉત્પત્તિનો સ્વકાળ ક્રમમાં એનો છે. એને વિકલ્પ આવ્યો એવી અપેક્ષા નથી. આહાહા..! એવું વસ્તુનું સ્વરૂપ છે.

'**વિકલ્પના કારણે ઉપદેશ વાણી નીકળે છે એમ તેઓ કદી માનતા નથી.**' આહાહા..!

વિકલ્પ તો વિકલ્પને કારણે, વાણી વાણીને કારણે અને જાણનારો જાણનારને કારણે જાણે. આહાહા..! આવી વસ્તુની સ્થિતિ છે. નવરાશ ક્યાં છે? આ ધંધા કરે. બાયડી, છોકરા, ધણી, બાયડી, મકાન ને એમાં સાચવવું ને આહાહા..! પરાધીન વૃત્તિમાં જીવન અને એમાં જીવન જાય, જાય રખડવા ચોર્યાસીમાં. આહાહા..!

કહે છે, ખરેખર તો વિકલ્પ ઉઠે એને આત્માની અપેક્ષા નથી. કીધુંને, રાગની ઉત્પત્તિને પરતત્ત્વની અપેક્ષા નથી. એમ વિકલ્પ ઊઠે એને પરની આત્માની અપેક્ષા નથી. તે તે કાળે તે તે ગુણની તે પર્યાયનો કાળ સ્વતંત્ર તેથી ઉત્પન્ન થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- રાગનું ઉપાદાન કારણ?

ઉત્તર :- ઉપાદાન કારણ એ અશુદ્ધ પર્યાય રાગ પોતે. રાગનું કારણ રાગ. આમ કહે કે મિથ્યાત્વ ઉપાદાન એનો નાશ થઈને સમકિત થાય. એટલે કારણ મિથ્યાત્વ કહ્યું એમ છે? એ તો વ્યવહારથી વાત કરી. ઉપાદાનનો વ્યય થાય અને (સમકિત) ઉપાદેય થાય? પણ એ તો ઉપાદેય જે પર્યાય છે એ કાળે તે જ પ્રકારે થવાની છે. ઉપાદાનનો વ્યય થયો માટે થઈ છે અહીં... આહાહા..! એમ નથી.

વિકલ્પ આવ્યો અને તેનું જ્ઞાન વિકલ્પ એવો આવ્યો એવું જ્ઞાન અહીં થયું એમ પણ નથી. જ્ઞાનનો જ પર્યાય તે કાળે સ્વને-પરને પ્રકાશે એવો એ પર્યાયનો સ્વકાળ છે. આહાહા..! વિકલ્પથી જ્ઞાન નહિ, જ્ઞાનથી વિકલ્પ નહિ, વિકલ્પથી વાણી નહિ. આહાહા..! આવું સ્વરૂપ છે. સત્ય અને સત્યનું સત્યપણું તો આવું છે. એને ગોટા વાળશે, જાશે ચોર્યાસીના અવતારમાં. આહાહા..!

**'અસ્થિરતાને લીધે જ્ઞાનીને બીજાને સમજાવવાનો કદાચ વિકલ્પ ઊઠે, પણ અભિપ્રાયમાં તેનો નિષેધ છે, કારણ કે ભાષા-વર્ગણાનું પરિણમન વિકલ્પથી નિરપેક્ષ છે – સ્વતંત્ર છે.'** આહાહા..! આમ જ બોલું માટે વાણી નીકળે છે એમ. જ્ઞાનમાં એમ ખ્યાલ આવ્યો કે આવી વાણી હોય, એને આ રીતે સમજાવું, માટે વાણી એવી આવે. એવું નથી. આહાહા..! જ્ઞાનની પર્યાયથી નિરપેક્ષ વિકલ્પ, વિકલ્પની નિરપેક્ષ વાણી અને વાણીની નિરપેક્ષ વિકલ્પ અને વિકલ્પની નિરપેક્ષ અહીં જ્ઞાન થવું. આહાહા..! આવો માર્ગ છે. સત્‌નું આવું સ્વરૂપ જ છે. '**વિકલ્પના કારણે ઉપદેશ વાણી નીકળે છે એમ તેઓ કદી માનતા નથી.**' આહાહા..!

'**(૪) મારું સ્વરૂપ તો જાણવું – દેખવું તે જ છે.**' એ રાગ અને વાણી નીકળી તે સમયે તે પ્રકારની, એવું જ અહીં જ્ઞાન થાય, એવી અસ્તિ છે માટે અહીં જ્ઞાન થાય એમ નથી. મારો પર્યાયનો જ્ઞાનનો સ્વભાવ જ એ રીતે સ્વ-પરને જાણવામાં ઊઠી પર્યાય, એ પરને જાણવા પર એવો આવ્યો માટે ઊઠી છે એ સમયે (એમ નથી). એ જ સમયે જ્ઞાન થાય છે એ જ્ઞાનનો જ સ્વભાવ છે, સ્વપરનું સામર્થ્ય જાણવાનું પોતાથી થયું છે. વિકલ્પથી નિરપેક્ષ અને વાણીથી નિરપેક્ષ. આહાહા..!

જ્ઞાનમાં વાણી જણાય એથી વાણીને કારણે અહીં જ્ઞાન થયું છે એમ નથી. એ જ્ઞાન થયું

છે એ વાણીની અપેક્ષા વિના નિરપેક્ષ રીતે થયું છે. આહાહા..! એમ વાણી પણ અહીં જ્ઞાન અને વિકલ્પની અપેક્ષા વિના નિરપેક્ષપણે નીકળી છે. કાંતિભાઈ! આવો માર્ગ છે. આવું ઝીણું સાંભળવા રોકાય કોણ? એય.. મોટી વાતું હોય ત્યાં.. આહાહા..! માણસ ભેગા થાય, હો.. હા.. લાગે. આહાહા..!

**'તે સિવાય હું બીજું કાંઈ ન કરી શકું.'** જાણવાના ભાવ પણ મારા તે સમયના પરની અપેક્ષા રાખ્યા વિના જાણવાનો ભાવ મારો મારાથી થાય છે. **'જો કાંઈ કરવાનો વિકલ્પ ઊઠે તો રાગ ઉત્પન્ન થાય.'** ઉત્પન્ન થાય વિકલ્પ. **'વાણીનો તો હું કદી કર્તા છું જ નહિ અને વાસ્તવમાં વિકલ્પનો પણ કર્તા નથી.'** ઊઠે ખરો રાગ આવે. આહાહા..! દૃષ્ટિની અપેક્ષાએ, સ્વભાવની અપેક્ષાએ (કર્તા નથી). બાકી પરિણમન રાગનું છે એ જ્ઞાન જાણે. જાણવાનું કીધું ને? મારામાં પરિણમન રાગનું છે એમ જ્ઞાન જાણે. આહાહા..! એનો અર્થ થયો ને કે એ કર્તાપણાની બુદ્ધિ નથી, પણ પરિણમન થાય છે એટલો કર્તા છું એમ જ્ઞાન જાણે. પરિણમવું તે કર્તા એ હિસાબે જ્ઞાન જાણે કે રાગ એ પરિણમ્યો છે. આહાહા..! આવી વાત ઝીણી પડે ને. આ બધી હમણાં તો આ ટાઢા પહોરની શાંતિનો માર્ગ છે અત્યારે. આહાહા..!

**'ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે;...'** ભગવાન આત્મા તો સ્વ-પોતાથી, સં-પ્રત્યક્ષ વેદાય એવો છે. પરથી સાંભળવાથી જણાય એવો નથી. આહાહા..!

મુમુક્ષુ :- સાંભળ્યા વિના?

ઉત્તર :- સાંભળ્યા વિના જ જાણે છે. આ દેશનાલબ્ધિ અને સાંભળવાનું જે જ્ઞાન થયું પોતાનું, પણ તેને કારણે આત્માનું જ્ઞાન થાય એમ નથી. આવી વાત છે. આહાહા..! દેશનાલબ્ધિ વિના થાય નહિ એ તો એક અપેક્ષાએ જણાવે છે. બાકી થાય છે વાણી સાંભળ્યું ને જ્ઞાન થયું એ કાંઈ વાણીથી થયું નથી. થયું છે પોતાથી તે કાળે પણ, પણ તે પણ પરલક્ષી જ્ઞાન સ્વસંવેદનમાં અપેક્ષા રાખતો નથી એને. આહાહા..! પરલક્ષી જ્ઞાન એ સ્વસંવેદનમાં અપેક્ષા રાખતો નથી એની. એનાથી પણ નિરપેક્ષ છે.

એવું માણસ કહે કે આ તો બધો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય એટલે સત્ય. આહાહા..! સત્ય આમ છે. વસ્તુનું સત્ય. સત્‌નું સત્‌પણું જ આવું છે. બીજી રીતે કોઈ કહે તો એ સત્‌પણું એમ નથી. આહાહા..! વસ્તુને વસ્તુ તરીકે રાખજે ભાઈ! શ્રીમદ્ કહે છે ને? વસ્તુને વસ્તુ તરીકે રાખજે. ફેરફાર ન કરીશ તું કે અમને આ વિકલ્પ આવ્યા માટે લાભ થયો, સાંભળ્યું માટે લાભ થયો, સંભળાવું માટે બીજાને લાભ થાય, એમાંથી મને લાભ થાય, ધર્મ પામે બિચારા, એમાંથી કાંઈક ભાગ આવે કે નહિ? જેમ ધર્મ પામનારાનો ભાગ દસમો ભાગ આવતો હશે? કેટલામો? ચંદુભાઈ! ઓલામાં એમ કહ્યું છે. પૈસા કમાય એનો દસમો ભાગ દાનમાં આપવો. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં. લ્યો. આપી શકે નહિ અને આપવો. એ તો રાગ ઘટાડવાની વ્યાખ્યા કરી છે. સમજાણું? આમ તો છઠ્ઠે ભાગે આપવો. મૂડીનો તો છઠ્ઠે ભાગે ન આપે પણ.. કમાણીનો-કમાણીનો.

દસમો ભાગ તો આપવો જ. સો રૂપિયા પેદા થાય તો દસ રૂપિયા તો દેવા જ. એટલું રાગનું મંદપણું એને થાય એટલું. એ એમ બતાવવું છે. એકકોર કહે, દેવા-લેવાની ક્રિયા આત્મા કરી શકે નહિ. આહાહા..! ભાઈ એ વખતે એમ સમજાવવું તો શું સમજાવવું? આહાહા..! દાનના અધિકારમાં ન આવ્યું? લોભરૂપી કૂવાની ભેખડમાં ભરાયેલા એવા પ્રાણીના દાનના ઉદ્ધાર માટે હું આ ઉપદેશ કરીશ. લ્યો! ભાઈએ કહ્યું છે. પદ્મનંદી આચાર્ય. દાનની પહેલી ગાથા. એ ત્રીજી ગાથા છે. કૂવાની ભેખડમાં ભરાયેલા જેમ માણસો હોય. ભેખડ હોય ને અંદર કૂવામાં અંદર ઊંડે. ગોળ ચક્કર પત્થર નીચે. એમ જે લોભરૂપી ભેખડમાં ભરાઈ ગયા છે લોભિયા. એની કંજુસાઈ ટાળવા થોડોઘણો દાનનો અધિકાર કહીશ.

મુમુક્ષુ :- એ વખતે વિકલ્પ કરવો એ નહિ.

ઉત્તર :- એ વખતે વિકલ્પ આવ્યો હતો એનો જ્ઞાતા છે. વાણી વાણીને કારણે નીકળે છે. એવી વાત છે. આહાહા..!

લોકો ત્યાં પર જીવની પાળી દયા. બસ. અમારે હીરાજી મહારાજ બિચારા એ કહેતા. અરેરે..! આવા જૈનમાં જન્મ્યા અને તત્ત્વની ખબર ન મળે. સાંભળવા મળે નહિ. સાંભળે તો સમજે ત્યારે થાય. આહાહા..! સાંભળવા મળ્યું તોપણ શું થયું? એ પરલક્ષી ઉઘાડ થયો એ ચીજ શું થયું? આહાહા..! અહીં એ કહે છે.

મારું સ્વરૂપ '**ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે;...**' ભગવાન આત્મા પોતાના પ્રત્યક્ષ સ્વ અનુભવની દશાથી પ્રાપ્ત થાય એવો છે. આહાહા..! '**વાણી કે વિકલ્પ દ્વારા તે બીજાને સમજાવી શકાય તેવું નથી.**' આહાહા..! '**માટે જ્ઞાની મુખ્યતયા બીજાઓને ઉપદેશ દેવાની પ્રવૃત્તિમાં પડતા નથી.**' મુખ્યતયા. મુખ્ય તો જ્ઞાતા-દૃષ્ટામાં રહે છે એ એનું કર્તવ્ય છે, પણ ગૌણપણે વિકલ્પની દશા નબળાઈથી આવે. '**તેઓ તો સદા પોતાનું આત્મહિત સાધવામાં જ તત્પર રહે છે. કદાચ ઉપદેશાદિની વૃત્તિ ઉઠે...**' મોક્ષમાર્ગમાં આવે છે ને. મુનિને અશુભની તો વાત જ નથી, પણ ધર્મલોભી દેખીને કોઈ શુભભાવ આવે તો એને હેય જાણે. શ્રદ્ધામાં એને લાભ ન માને. આહાહા..! ઘણા જીવને ઉપદેશ આપ્યો, આપણને કાંઈક લાભ થાશે કે નહિ? આહાહા..!

આ પુસ્તકો બહુ બનાવીને વેચવા સોંઘે ભાવે. એમાં લાભ થાય કે નહિ જીવને? એય..! રામજીભાઈ નથી કરતા? પ્રમુખ તો એ છે. અત્યારે પણ કોણ કરે છે અત્યારે? આહાહા..! એ તો નિમિત્તથી વાત થાય તો એમ જ થાય ને. ઓહોહો..! જે દ્રવ્યની, જે સમયની જે પર્યાય એને કાળે થાય, એને કોણ કરે? આહાહા..!

મુમુક્ષુ :- આત્મધર્મ ..

ઉત્તર :- એની પર્યાયનો કાળ એનાથી એ સમજ્યા છે. એવી વાત છે. વ્યવહારથી બોલાય તો એમ જ કહેવાયને.

'તે તો પ્રભુએ આપીયો...' નથી આવતું? 'વર્તું ચરણાધીન.' આત્મસિદ્ધિમાં આવે છે.

નિમિત્તથી કાંઈ.. અમને અમારો આ સ્વરૂપ આવું એ ખ્યાલ નહોતો. આવો ભગવાન માહાત્મ્ય-વાળો પદાર્થ, આનંદનો દાયક, અનંતગુણનો દાયક, તારનારો. આહાહા..! એવી અમને હું આ છું એવી ખબર નહોતી. એથી એ આવો તું છો એવું જે સમજાવ્યું એટલે તમે આપ્યું એમ કહેવામાં આવે. તરણ-તારણ નથી આવતું? નમોત્થુણંમાં નથી આવતું? તિન્નાણં, તારયાણં, બુદ્ધાણં. એ નિમિત્તથી કથન છે. આહાહા..!

વ્યવહારનો વિષય છે ને? આદરણીય નથી. પણ વિષય છે કે નહિ એનો? નહિતર નય ન કહેવાય. નયના બે વિષય છે વિરોધ વિષય. નિશ્ચયનો વિષય સ્વ આધીન, વ્યવહારનો વિષય પર રાગાદિ કે પર્યાયાદિ. વિષય છે કે નહિ? આહાહા..!

**'જ્ઞાની મુખ્યતયા બીજાઓને ઉપદેશ દેવાની પ્રવૃત્તિમાં પડતા નથી. તેઓ તો સદા પોતાનું આત્મહિત સાધવામાં જ તત્પર રહે છે. કદાચ ઉપદેશાદિની વૃત્તિ ઊઠે તો તેની મુખ્યતા નથી;...'** મુખ્યતા નથી એમ. **'તે વખતે પણ તેમને ચૈતન્યસ્વરૂપની જ ભાવના હોય છે.'** વલણ તો ચૈતન્યના સ્વભાવ સન્મુખમાં જ હોય છે. આહાહા..!

**'પરોપદેશની પ્રવૃત્તિનો વિકલ્પ – એ શુભ રાગ છે.'** માળે ઠીક ગોઠવ્યું. ગાથામાં છે એનો વિસ્તાર કર્યો. ટીકામાં એટલું બધું નથી એટલો વિસ્તાર. સારો કર્યો છે. **'તે આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં બાધારૂપ છે.'** એ **'પરોપદેશની પ્રવૃત્તિનો વિકલ્પ – એ શુભ રાગ છે. તે આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં બાધારૂપ છે.'** આહાહા..! કહો, ચંદુભાઈ! ભારે વાતું ભાઈ! **'માટે આ રાગના વ્યામોહમાં પડી જ્ઞાની કદી આત્મહિત ભૂલતા નથી.'** આહાહા..! એ વિકલ્પમાં વ્યામોહ પડીને બીજાને સમજાવું ને મારા કરું, મને માને, મારી કિંમત કરે, અમને આવડે છે સમજાવતા.

મુમુક્ષુ :- પ્રભાવના કરે.

ઉત્તર :- પ્રભાવના અહીં થતી હશે કે બહાર થાતી હશે? કીધું ને ઓલા ત્રણ મહિના ધર્મચક્ર ફર્યું. બહાર માણસ-માણસ આમ. ઇંદોરમાં ૫૦ હજાર ને બીજે દસ હજાર. એમાં થયું શું કીધું? તમને શું થયું? તમે તો શુભભાવ કર્યો એટલી વાત છે. એમાં કાંઈ દસ હજાર ભેગા થયા અને પચાસ હજાર ભેગા થયા, હજાર માણસ ભેગા થાય.. પરદ્રવ્યના વલણવાળો વિકલ્પ શુભરાગ છે. આહાહા..! એ ધર્મચક્ર હતું. આ તે દુનિયાનો માર્ગ. ધર્મચક્ર તો અહીં હોય. વિકલ્પ વિના ચૈતન્યના અનંતધર્મો ગુણો, એનું પરિણમન થવું એ ધર્મચક્ર છે. આહાહા..!

એમાં પાછો અતિરેક થઈ જાય છે માણસને. રાતે ચાલે અને દિવસે યાત્રા. વ્યાજબી ન ગણાય એ. આપણે તો ભાઈ જેમ હોય એમ આવે. અંધારે આખી રાત ચાલે. સાંજથી સવાર. દિવસે જાત્રા. રાતે ચાલવું એ સડક ઉપર જીવજંતુ નીકળ્યા હોય બિચારા ખાવા માટે. એવો માર્ગ હોય નહિ. આ તો અહિંસાનો માર્ગ છે. એય..! સુજાનલમજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલામાં કલાક, દોઢ કલાક હોય. સવારના છેલ્લા ભાગમાં. વચલા ભાગમાં તો જનાવરો ખાવા નીકળે. ઉંદર, મીંદડી, નોળ, સર્પ વચલાકાળમાં નીકળે. અહીંથી અહીં ને અહીંથી અહીં. મરી બહુ જાય. ઝપટમાં બહુ. અમે તો જોયું છે ને ઘણું જોયું છે. અંજવાળુ હોય તો તો આમ સર્પ નીકળ્યો હોય તો દેખાય તો આમ વાળી લે. અંધારે તો ખબર પણ ન પડે. આહાહા..! માર્ગ પ્રભુનો છે આ. રાત્રે ખાવાનોય ત્યાગ જોઈએ જ્યાં. રાત્રે ખાવું એ ઠીક નહિ. એમાં જીવાત મરે ત્રસ. એને ઠેકાણે રાતે કરેલું ખાવું નહિ. એને ઠેકાણે રાત્રે ચાલવું આખું. એય.. વિમલચંદજી! અહીં તો ભાઈ! જેવું હોય એવી વાત છે અહીં તો. આહાહા..!

મુમુક્ષુ :- તત્ત્વ તો હોય એમ જ

ઉત્તર :- તત્ત્વ તો આવું છે ભાઈ! કોઈ ફલાણા કરે, એના પક્ષકાર કરે માટે સારું કરે છે. (એમ નહિ). આવો માર્ગ વીતરાગનો છે ભાઈ. આહાહા..!

**'પરોપદેશની પ્રવૃત્તિનો વિકલ્પ – એ શુભ રાગ છે. તે આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં બાધારૂપ છે. માટે આ રાગના વ્યમોહમાં પડી જ્ઞાની કદી આત્મહિત ભૂલતા નથી.'** આહાહા..! નિયમસારનો દાખલો આપશે વિશેષ... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**જેઠ વદ ૫, શનિવાર તા. ૨૮-૦૬-૧૯૭૫**
**શ્લોક – ૫૮ થી ૬૦,**
**પ્રવચન – ૭૪**

સમાધિતંત્ર. ૫૮નો છેલ્લો આધાર છે ને નિયમસારની ગાથા.

**'જગતના જીવો...'** અનેક પ્રકારના છે. 'તેમના કર્મ,...' પણ અનેક પ્રકારના છે. બે. **'તેમની લબ્ધિઓ,...'** એના ઉઘાડની યોગ્યતા પણ અનેક પ્રકારની છે. **'અનેક પ્રકારનાં છે. તેથી સર્વ જીવો સમાન વિચારના થાય...'** બધા જીવો એકસરખા વિચારના બને...

મુમુક્ષુ :- સમન્વય કરે તો બને.

ઉત્તર :- સમન્વય કોનો કરે? છે એનો સમન્વય થાય. આહાહા..! (બધા) સાચા છે એવો સમન્વય તો કેમ થાય? આહાહા..! એક સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલો, જાણેલો આત્મા એના સ્વરૂપનું ભાન થાય એનું નામ ધર્મ. હવે એને એ વાત ન બેસે એ સમન્વય કોની સાથે કરે. રાગની મંદતા, વિકલ્પ જે છે એથી પણ એ આત્માની પ્રાપ્તિ નથી. એ તો રાગ છે. આહાહા..! એની આત્મા અંદર આનંદ સ્વરૂપ છે એ જાણનાર સૂર્ય ચૈતન્ય છે. એની નિર્મળદશા દ્વારા જ તે પ્રાપ્ત થાય અને તેને ધર્મ થાય. આહા..! બીજી કોઈ રીત છે નહિ. આ વ્યવહાર-વ્યવહાર કરે છે ને? વ્યવહાર તો વિકલ્પ છે ને પ્રભુ! વિકલ્પ દ્વારા નિર્વિકલ્પ ચીજની દૃષ્ટિ થાય? આનંદસ્વરૂપ ભગવાન અંદર

એવા તો અનંત અનંત ગુણો એકરૂપ એને પ્રાપ્ત કરવા માટે તો એના સન્મુખની નિર્મળ પર્યાય જોઈએ.

સ્વસંવેદ્ય. એ સ્વ નામ પોતાથી એટલે રાગ વિના, પોતાની નિર્મળ વીતરાગી દશા દ્વારા. સં નામ પ્રત્યક્ષ થઈ શકે એવો એનો સ્વભાવ છે. કહો, ચંદુભાઈ! બીજો કોઈ ઉપાય નથી. વ્યવહાર-વાળા જીવને એ ન બેસે એથી કાંઈ ચીજ કાંઈ બદલી જાય? કહે છે '**માટે પર જીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી.**' એ સમાન વિચારના બધા થઈ જાય અને હું માનું છું એમ માને બધા, એવી આકુળતા કરવા જેવી નથી. કેમ કે જીવની યોગ્યતા જુદી જુદી જાતની, કર્મની યોગ્યતા જુદી જાતની, નિમિત્તપણે. પ્રાપ્તિ લબ્ધની જુદી જુદી જાતની. આહાહા..! એટલે બીજાને સમજાવાની આકુળતા ન કરવી કે હું બીજાને સમજાવી દઉં. આહાહા..!

મુમુક્ષુ :- સમજાવવાનો વિકલ્પ કરવો?

ઉત્તર :- એ વિકલ્પ કરવો એ જૂઠો છે. આહા..! એ તો કહેશે.

જે પ્રાણી રાગમાં આરૂઢ છે અને દેહાદિને જે હું સમજાવવા માગુ છું એ તો હું નથી. અને હું પણ વિકલ્પથી જે સમજાવવા માગું એ વિકલ્પ હું નથી. વાણી દેહાદિની, વાણીથી સમજાવવા માગું એ વાણી પણ હું નથી. ઝીણી વાત છે, ભાઈ! અનંતા જન્મ-મરણ કરતાં રખડતું પ્રાણી, ચોર્યાસીના અવતારમાં...

મુમુક્ષુ :- નિરંતર સમજાવવામાં...

ઉત્તર :- એનો અર્થ કે નિરંતર જેનું, નિરંતર સમજવાની યોગ્યતાવાળો એમ કહે છે. નિરંતર ઓલું ક્યાં નવરો હતો? લખાય તો એમ જ ને બીજું શું? એણે કહેલો બોધ એ વારંવાર રટણમાં રાખે એને નિરંતર શ્રવણ કર એમ કહેવામાં આવે છે. આવી વાતું છે.

કહે છે, અહીં તો કહે છે કે આવા સર્વ જીવો એક વિચારના થઈ જાય એમ ન બને. એથી આકુળતા ન કરવી. આહાહા..! '**સ્વાત્માવલંબનરૂપ નિજ હિતમાં પ્રમાદ ન થાય...**' ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, જ્ઞાનસ્વરૂપ આત્મા પ્રજ્ઞાચક્ષુ એના સ્વાવલંબનમાં, સ્વાવલંબનરૂપ નિજ હિત. એમાં પ્રમાદ ન થાય '**એમ રહેવું એ જ કર્તવ્ય છે.**' આહાહા..! સમજાણું કાંઈ?

---

**किंच–**

**यद्बोधयितुमिच्छामि तन्नाहं यदहं पुनः।**
**ग्राह्यं तदपि नान्यस्य तत्किमन्यस्य बोधये॥५९॥**

**જે ઇચ્છુ છું બોધવા, તે તો નહિ હું તત્ત્વ;**
**હું છે ગ્રાહ્ય ન અન્યને, શું બોધું હું વ્યર્થ? ૫૯.**

**टीका :– यद् विकल्पाधिरूढमात्मस्वरूपं देहादिकं वा बोधयितुं ज्ञापयितुमिच्छामि। तन्नाहं तत्स्वरूपं नाहमात्मस्वरूपं परमार्थतो भवामि। यदहं पुनः यत्पुनरहं चिदानन्दात्मकं**

स्वसंवेद्यमात्मस्वरूपं। तदपि ग्राह्यं नान्यस्य स्वसंवेदनेन तदनुभूयते इत्यर्थः। तत्किमन्यस्य बोधये तत्तस्मात्मिकं किमर्थं अन्यस्यात्मस्वरूपं बोधयेहम्।।५९।।

વળી :-

શ્લોક – ૫૯

અન્વયાર્થ :- (यत्) જેને એટલે વિકલ્પાધિરૂઢ આત્મસ્વરૂપને અથવા દેહાદિકને– (बोधयितुं) સમજાવવાને (इच्छामि) હું ઈચ્છું છું (टद्र) તે (न अहं) હું નથી અર્થાત્ આત્માનું વાસ્તવિક સ્વરૂપ નથી. (पुनः) વળી (यत्) જે એટલે જ્ઞાનાનંદમય સ્વયં અનુભવગમ્ય આત્મસ્વરૂપ (अहं) હું છું (तदपि), તે પણ (अन्यस्य) બીજાને (ग्राह्यं न) ગ્રાહ્ય નથી; (तत्) તેથી (अन्यस्य) બીજાને (किं बोधये) હું શો બોધ કરું?

ટીકા :- જેનો, અર્થાત્ વિકલ્પાધિરૂઢ આત્મસ્વરૂપનો અથવા દેહાદિકનો હું બોધ કરાવવા ઈચ્છું છું–જેને સમજાવવા ઈચ્છું છું. તે (તો) હું નથી, અર્થાત્ તે (વિકલ્પાધિરૂઢ સ્વરૂપ) હું નથી–પરમાર્થે આત્મસ્વરૂપ નથી. વળી જે હું અર્થાત્ વળી જે હું ચિદાનન્દમય સ્વસંવેદ્ય આત્મસ્વરૂપ છું; તે પણ બીજાને સ્વયંગ્રાહ્ય (સમજાય તેવું) નથી. (કેમ કે) તે સ્વસંવેદનથી અનુભવાય છે. – એવો અર્થ છે. તો બીજાને હું શો બોધ કરું? અર્થાત્ તેથી બીજાને હું શા માટે આત્મસ્વરૂપનો બોધ કરું?

ભાવાર્થ :- મૂઢાત્માને આત્મસ્વરૂપનો બોધ આપવો વ્યર્થ છે; કારણ આપતાં જ્ઞાની કહે છે કે :-

હું બીજાઓને શબ્દો દ્વારા આત્મસ્વરૂપ સમજાવવા ઈચ્છું, તો વિકલ્પ – રાગ ઉત્પન્ન થાય છે અને રાગ તે આત્માનું શુદ્ધ સ્વરૂપ નથી; અર્થાત્ શબ્દો દ્વારા આત્માનું સ્વરૂપ સમજાવી શકાય નહિ.

વળી જે આત્માનું વાસ્તવિક શુદ્ધ સ્વરૂપ છે તે બીજાને શબ્દો દ્વારા સમજાય તેવું નથી. તે તો કેવળ સ્વસંવદેનથી જ અનુભવમાં આવે તેવું છે. તેથી બીજાને તેનો બોધ કરવો વ્યર્થ છે.

આત્મસ્વરૂપ સ્વસંવેદનગોચર[૧] છે. તે શબ્દો દ્વારા કે વિકલ્પ દ્વારા બીજાને સમજાવી શકાય તેવું નથી અને બીજાઓ શબ્દાદિ બાહ્ય સાધનથી તે કદી સમજી શકે પણ નહિ. જેમ મેં સ્વસંવેદનથી આત્માને અનુભવ્યો તેમ બીજાઓ પણ તે સ્વસંવેદનથી જ અનુભવી શકે. માટે બીજાઓને આત્મસ્વરૂપનો બોધ આપવાનો વિકલ્પ છોડી સ્વરૂપમાં સાવધાન રહેવું તે જ યોગ્ય છે. ૫૯.

૧. જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
(શ્રીમદ્ રાજચંદ્રકૃત 'અપૂર્વ અવસર'-૨૦)

# શ્લોક-૫૯ ઉપર પ્રવચન

૫૯.

**यद्बोधयितुमिच्छामि तन्नाहं यदहं पुनः।**
**ग्राह्यं तदपि नान्यस्य तत्किमन्यस्य बोधये।।५९।।**

નીચે હરિગીત.

**જે ઈચ્છુ છું બોધવા, તે તો નહિ હું તત્ત્વ;**
**હું છે ગ્રાહ્ય ન અન્યને, શું બોધું હું વ્યર્થ? ૫૯.**

આહાહા..! શાસ્ત્ર લખવા ને બોલવા ને એનાથી બીજા સમજે એવી આકુળતા છોડી દે કહે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે. ભાષા કોની? ભાષા ભાષાની. વિકલ્પ વિકલ્પનો. જે રાગ છે એ મારું કર્તવ્ય છે એમ કોણ માને? એ હું છું એમ માનારા એમ માને. સ્વભાવિક વસ્તુ જ્યાં અનંત જ્ઞાન-દર્શન-આનંદનો સ્વભાવ ભરેલો, અનંતગુણ નિર્વિકલ્પ અને વીતરાગી, એમાં રાગનું કર્તૃત્વ એ ક્યાં આત્માનું છે? એક સમયનો ક્ષણિક વિકલ્પ એ તો પોતાનું જે માને એને એ કર્તા થાય. પણ જે આ સ્વરૂપ અનંત આનંદ અને જ્ઞાનસ્વરૂપ હું, એવું જ્યાં માને ત્યાં રાગ મારો નહિ એટલે રાગનો એ કર્તા એ થતો નથી. આહાહા..! આવી વાત છે. વીતરાગ માર્ગ ઝીણો છે બહુ. સમજાણું કાંઈ?

'**ટીકા :- જેનો,...**' અન્વયાર્થમાં જેને કહ્યું છે. '**જેને...**' સમજાવા માગુ છું એમ. આમાં '**જેનો, અર્થાત્ વિકલ્પાદિરૂઢ આત્મસ્વરૂપનો અથવા દેહાદિનો હું બોધ કરાવવા ઈચ્છુ છું-**' જેનો એટલે વિકલ્પ આરૂઢ. રાગથી આરૂઢ આત્મસ્વરૂપનું. જે રાગથી આરૂઢ છે સામો આત્મા. રાગમાં એકાકાર છે. આહાહા..! અને દેહાદિ જે છે. એને '**હું બોધ કરાવવા ઈચ્છું છું - જેને સમજાવવા ઈચ્છું છું, તે (તો) હું નથી,...**' આહાહા..! સામો પ્રાણી રાગમાં આરૂઢ છે અને એનો દેહ એ તો હું નથી. આહાહા..! સામો આત્મા રાગમાં એકત્વ છે અને એનો દેહ છે એ કાંઈ હું નથી. આહાહા..!

'**જેને સમજાવવા ઈચ્છું છું, તે (તો) હું નથી,...**' આહાહા..! હું મને સમજાવું જ્ઞાનની પર્યાયથી એ તો હુંપણું મારામાં આવ્યું. જ્ઞાનની પર્યાય આત્માને જાણવા પ્રયત્ન કરે એ તો પોતે જ્ઞાનની પર્યાય ગુરુ થઈ. અને એ વિના-સ્વસંવેદન વિના એ આત્મા જણાય એવો છે જ નહિ. આહાહા..! સાંભળવાથી જણાય એવો નથી, વિકલ્પથી જણાય એવો નથી, સાંભળેલા જ્ઞાનની પર્યાય જે છે પોતાથી, એનાથી પણ એ જણાય એવો નથી. આહાહા..! આવું એનું સ્વરૂપ છે. એને ઠેકાણે એટલા બધા અભિમાન જ્યાં ત્યાં. અમે આમ કરીએ, અમે આમ સમજાવી દઈએ, અમે આમ પુસ્તકો બનાવીએ, પુસ્તકો વેચીએ અમે. આહાહા..!

મુમુક્ષુ :- બીજાઓને સમજાવવા માટે ઘણા ..

ઉત્તર :- ધૂળેય નથી બધા. ખીમચંદભાઈ અને હિંમતભાઈ બે છે ને. કોણ છે બીજું? સો ઘરની માગણી હતી. સો ઘરની. એંશી મોકલ્યા હતા. એ વિકલ્પ હતો. ગયા એને સમજાવું એ એનો વિકલ્પ હતો. આહાહા..! અને સાંભળનારા વિકલ્પ આરૂઢ છે. એને સમજાવવું. આહાહા..!

મુમુક્ષુ :- વિકલ્પ ..

ઉત્તર :- પુદ્‌ગલ સમજે નહિ અને ઓલો વિકલ્પ સમજે નહિ. વિકલ્પથી સમજાવી શકાય નહિ. આ સ્વભાવની અપેક્ષાએ વાત થઈ ને? આમ તો પાછા નામ, સ્થાપનામાં આવે છે ને ભાઈ! ૪૭ નયમાં. નામ નયે. આવે છે. વસ્તુ તદ્દન અવ્યક્ત તો નથી. કહી શકાય એમ કથન છે એમ. એટલું સ્થાપવું છે ત્યાં. નામ-નિક્ષેપ આવે છે ને? એથી વાત છે. વક્તવ્ય તરીકે નામથી જણાય છે. જણાય છે ઓળખાવાય. આહાહા..! સ્થાપનાથી સ્થાપી શકાય એમ લીધું છે. ત્યાં તો .. એની યોગ્યતાથી. એ તો વ્યવહાર છે પણ એનો અર્થ એ સ્થાપી શકાય છે અને વાણીથી કહી શકાય છે માટે તે આત્માનું સ્વરૂપ છે અને એ બીજા એની રીતે સમજશે એનાથી. એમ નથી. આહાહા..! એવો માર્ગ છે, ભાઈ! આહાહા..!

ચોર્યાસીના અવતાર કરતા રખડતાં-રખડતાં મનુષ્યપણું એને માંડ અનંતે કાળે કર્યું, એમાં એ જો ક્યાંક રોકાઈ ગયો રાગમાં. થઈ રહ્યું એનો પત્તો નહિ ખાય એનો. ચોર્યાસીના અવતારમાં ક્યાં જઈને જશે? આહાહા..! આંખ મીંચાણી ક્યાંય ઢોરમાં, કાગડા-કૂતરા આવા અવતાર. અહીં ઉંઘાય નહિ એય.. છોકરાઓ. માથુ નાખીને નીચે પડ્યો છે. ઉંઘાય નહિ અહીં ઉંઘ ન લેવાય. સંભળાય તો ખરું. કાને પડવા દે વાણી. અહીં ઉંઘવા નથી આવ્યા અહીંયાં. ન સમજાય તો કાને તો પડવા દ્યો. નાના છોકરા છેને બિચારા. ઉંઘમાં. કાંઈ સમજાય નહિ ત્યારે શું કરે? પછી કાંઈક ભાગે પેશાબ કરવા જાય કે પાણી પીવા. શું કરવું આમાં? અહીં તો કહે છે કે સમજાવી શકાય નહિ. એથી કરીને ઊંઘવું? સાંભળવાથી સમજાય નહિ માટે ઉંઘવું?

મુમુક્ષુ :- પ્રમાદ ન થાય એમ કરવું.

ઉત્તર :- હા એ કરવું લ્યો. આહાહા..! અરેરે..! નાની-નાની ઉંમરના છોકરાઓને ચાલ્યા જાય. દેહ પૂરા થઈ જાય છે. ફૂ.. જાવ ચોર્યાસીમાં રખડવા. આહાહા..!

કહે છે '**હું જેને સમજાવવા ઈચ્છું છું, તે (તો) હું નથી, અર્થાત્ (વિકલ્પાધિરૂઢ સ્વરૂપ) હું નથી- પરમાર્થે આત્મસ્વરૂપ નથી.**' ખરેખર હું એ નથી. અને વિકલ્પથી જે સમજ્યો એ પણ હું નથી. વાણીથી સમજાવું એ હું નથી અને ઓલો વિકલ્પારૂઢ છે અને દેહ છે એને સમજાવવા માગુ એ પણ હું નથી. આહાહા..! ગીરધરભાઈ! આવી વાતું છે. આ ગીરધરભાઈ તો હજી મોટું મકાન કરાવે છે. મંદિર અઢી લાખનું. કેટલા લાખનું હશે? આહાહા..!

'**(વિકલ્પારૂઢ સ્વરૂપ) હું નથી...**' આહાહા..! ભગવાન તો ચૈતન્યસ્વરૂપ જાણનાર સ્ફટિક રત્ન જેવું ચૈતન્ય છે હીરલો. એમાં આ વિકલ્પ ઊઠે એ કાંઈ એ સ્વરૂપ આત્માનું નથી. આહાહા..!

એને ઠેકાણે આ બાયડી, છોકરા, દેહ ને વેપાર ને ધંધા.. આહાહા..! મારી નાખ્યા પણ. મોહે મારી નાખ્યા. ઓલું આવે છેને કળશમાં કાંઈક નહિ? મરતો હતો જીવ એને બચાવ્યો. મરી ગયેલો. આવે છે. કળશમાં આવ્યું છે એક. કહ્યું હતું એકવાર. છે યાદ? ત્યાં નહિ પણ આવ્યું છે. મરી ગયેલો જીવ. મરી ગયેલો એટલે આત્માને જીવન જે છે એની ખબર નથી એને. એવા મરેલા જીવને સમજાવું છું એમ ક્યાંક છે. ૨૯મો કળશ. શેમાં?

મુમુક્ષુ :- કળશટીકા.

ઉત્તર :- કળશટીકા. ૨૯? કહ્યું હતું એકવાર કળશ. કળશમાં છે ને ક્યાંક? આવ્યું નહિ. ૨૯ હશે. ૨૯ કળશમાં છે નહિ. છે એમાં જુઓ. ૨૮. ૨૯માં નથી. .. જુઓ આવ્યુંને એમાં.

'**જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે...**' નિધાન હોય, માથે ઢાંકણ હોય, એને ઉઘાડું કરીને દેવાનું છે. '**તેમ જીવ દ્રવ્ય પ્રગટ જ છે, પરન્તુ...**' ૨૮મી છે હોં. '**કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...**' એટલે છે નહિ એમ આહાહા..! આનંદનો નાથ ચૈતન્યમૂર્તિ વિકલ્પ પૂરતો છે, એ આત્મા છે નહિ. એ તો મરણને તુલ્ય છે. આહાહા..! ૨૮ છે હોં. '**इति परिचिततत्त्वैरात्मकायैकतायां नयविभजन..**' '**न बोधो बोधमेवाद्य कस्य**' એમ. ઠીક. કોને નહિ પ્રગટે એમાં એ આવ્યું છે. આહાહા..! જેણે આ શરીર હું, વાણી હું, મન હું, રાગ હું (માન્યું), એણે તો જીવને મારી નાખ્યો છે. મરણતુલ્ય થઈ ગયો. આહાહા..!

'**કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી...**' જેમ અગ્નિ રાખથી ઢંકાયેલી હોવાથી અગ્નિ નથી જાણી. એમ ભગવાન આત્મા અનંતસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, કર્મના નિમિત્તના સંગે ઢંકાયેલો એટલે જાણે મરણતુલ્ય થઈ ગયો. આહાહા..! એ જીવનની જ્યોત જ નથી જાણે જગતમાં. અને આ બધો રાગ અને આ હું છું. જે મરેલા મડદાં તે હું. અને જીવતો તે હું નહિ. આહાહા..! રાગ અને શરીર તો મરેલા મડદાં છે. આહાહા..! મૃત્યુ-મરણ. આહાહા..! મૂર્છા કીધી ને. મૃતક કલેવર કહ્યું છે ને. ૯૬. મૃતક કલેવર છે આ. મરેલું મડદું છે આ. આને કાંઈ ખબર છે આ જડને? અમે શરીર છીએ કે આ અમે ઔદારિક છીએ કે આ પર્યાયનું છે આ. આહાહા..! એ મરેલા મડદાને જીવતા જાણ્યા. એ હું છું એમ માન્યું.

જીવતો જ્યોત અંદર આનંદનો નાથ જ્ઞાનસ્વરૂપી, એની અસ્તિનો જ નકાર કર્યો. આહાહા..! એ જ એની હિંસા અને એ જ એનું મરણ છે, ભાવમરણ. આહાહા..! જીવતરશક્તિ છે ને. જીવતર શક્તિ દર્શન, જ્ઞાન, આનંદ અને સત્તા પ્રાણ એનું એ જીવન છે. એ જીવન ન માનતા રાગ અને શરીરથી જીવું છું. આહાહા..! દસ પ્રાણ જગતના જડના. પાંચ ઇન્દ્રિય, ત્રણ મન (આદિ). એ આત્માના પ્રાણ એ માનીને, આત્માના પ્રાણભાવ મરણતુલ્ય થઈ ગયા એ. આહાહા..! મહા-રાજ દાખલો કેવો આપે છે!

'**તે ભ્રાન્તિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતા મટે છે,...**' નિમિત્તથી આ કથન છે. મટે છે એના સ્વસંવેદનથી. પણ વીતરાગ ત્રણલોકના નાથ તીર્થંકરદેવ, એની જે વાણી

એને સમજવામાં નિમિત્ત કહેવામાં આવે છે. પોતે સ્વસંવેદન કરે તો. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં કહે છે '**જેને સમજાવવા ઈચ્છું છું, તે (તો) હું નથી,...**' હું નથી એને સમજાવું કેમ? એમ કહે છે. એ તો બીજો છે. બીજાને હું સમજાવું શી રીતે? મારા અસ્તિત્વમાં જે હોય તેના અસ્તિત્વને હું કહું, જ્ઞાન કરું તો સમજાશે. પણ મારા અસ્તિત્વમાં જે ચીજ નથી, એના અસ્તિત્વ-હયાતીમાં છે એને હું શી રીતે સમજાવી શકું? મારી સત્તા બહારની એ ચીજ છે. સમજાણું કાંઈ? આહાહા..! ત્યારે કહે તમે કેમ આ શાસ્ત્ર લખ્યા? ભાઈ! સાંભળતો ખરો એમ ન જોવાય. સ્વરૂપની સ્થિતિ શું છે? એ જાણવા માટે વાત છે. તમે કેમ કહ્યું? '**वोच्छामि समयपाहुडमिणओ सुदकेवलीभणिद**' ન આવ્યું? '**वंदित्तु सव्वसिद्धे**' સમયપ્રાભૃત હું કહીશ. આહાહા..! ત્યારે એને એમાંથી કાઢે જુઓ. સમય(સાર) શાસ્ત્રને કહી શકે છે આત્મા. વળી ત્યાં એમ સ્થાપે. એ તો વિકલ્પમાં આવ્યું છે કે હું સમયસાર કહીશ. એ સમયસારની પરમાણુની પર્યાય તો એને કારણે થશે, પણ એના નિમિત્તમાં વિકલ્પ ઉઠ્યો છે એટલે સમયસાર કહીશ એવો વિકલ્પ આવ્યો. આહાહા..! એ વિકલ્પ પણ સ્વભાવનું કર્તવ્ય નથી.

જે ચીજ પોતાની માને એનો કર્તા થાય. રાગ જે વિકલ્પ છે એ તો પોતાનો માને એ કર્તા થાય, પણ જ્યાં રાગ એક સમયની ઉપાધિ ત્રિકાળ નિરૂપાધિ સ્વભાવનો ધરનાર એને આ શું? સમજાણું કાંઈ? માર્ગ બહુ ઝીણો ભાઈ! અત્યારે ધમાધમ આ ૨૫૦૦ વર્ષને નામે ઓહોહો..! કેટલા પુસ્તકો કેટલા બહાર આવે છે! લાખો પુસ્તકો છપાશે. કેટલી ગડબડો અંદરમાં. હજી બાહ્યલક્ષી જ્ઞાનના પણ ઠેકાણા ન મળે. આહાહા..!

અહીં તો કહે છે '**જે હું અર્થાત્, વળી જે હું ચિદાનન્દમય સ્વસંવેદ્ય આત્મસ્વરૂપ છું;...**' હું તો મારા જ્ઞાનથી, મારી હયાતીમાં જ્ઞાન મારી દશા, એવી હયાતીવાળું તત્ત્વ, હયાતીવાળા ભાવથી જણાય એવું છે. મારામાં આ હયાતી છે, રાગની અને પરની હયાતી મારામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણું છે થોડું. એય.. રસિક! આ સાંભળવું તો પડશે કે નહિ? ઓલા અજ્ઞાનની તમારી કેળવણી. શીખે છે એ બધું અજ્ઞાન-કુજ્ઞાન છે. તો આ શું છે?

મુમુક્ષુ :- એનાથી પૈસા મળે.

ઉત્તર :- ધૂળેય મળતા નથી એના. ઓલો ભણેલો બેરિસ્ટર મોટો હતો. પૈસા કાંઈ ગ્રાહક નહોતો આવતો. બેરિસ્ટર. આ રામજીભાઈ બેરિસ્ટર નથી અને સામેથી ઘરે ગ્રાહક આવે. એટલે કાંઈ ભણતરથી.. ના પાડવી પડતી રામજીભાઈને કે ના હવે નથી લેવું. કેટલા કેસ છે. ઓલો બેરિસ્ટર થયો છે તો ઘરે અસીલ ન આવે એને. પુણ્યની વાત છે. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! તું કોણ છો અંદર? આ તો માટી-જડ છે. આ તો ધૂળ છે. અંદર જાણનારો ચૈતન્ય છે. એ ચૈતન્ય રાગવાળો નથી. એ જ્ઞાન અને આનંદવાળો છે. આહાહા..! તો જેણે રાગવાળો માન્યો એને તું સમજાવવા માગે શી રીતે સમજશે? આહાહા..! જેને દેહનું અસ્તિત્વ મારાથી છે એમ જેણે માન્યું એને તું શી રીતે સમજાવીશ? એમ કહે. આહાહા..!

જુઓને એક સેકન્ડમાં બિચારી ઓલી છોડી... અમદાવાદ આવી હતી. મકનભાઈની દીકરીની દીકરી. ૯-૧૦ વર્ષની આવી હતી. અમદાવાદ નહિ? આહાહા..! જન્મજયંતિ ઉપર આવી હશે. ૧૦ વર્ષની છોડી લીંબડીની. નાહીને જતી હશે જરી ત્યાં એકદમ આવ્યો ખટારો. ખટારામાં ભરેલું ઓલું શું? સિમેન્ટ-સિમેન્ટ. બસ ઝપટ લાગી, પડી ગઈ, મરી ગઈ. એક સેકન્ડમાં મરી ગઈ. એની મા આવી મારી પાસે, મહારાજ! છોડી મરી ગઈ, અમારે જાવું પડશે. અમે પાછા આવશું. પાછા જન્મજયંતિને દિવસે આવશું. આહાહા..! મકનભાઈ નહિ આપણે? એની દીકરી ની દીકરી ૧૦ વર્ષની. અમદાવાદ. લીંબડીવાળા. એક સેકન્ડ. આમ બિચારી આમ નાહીને જાતી હતી ત્યાં વાગી ઝપટ. ક્યારે શું થાય? જડની ક્રિયા.

આ હીરાલાલની દીકરી લ્યોને. કેટલા લાખોપતિ, કેટલો ઉદાર. ભાવનગર. કુચામણનો હીરાલાલ. હવે એની ૧૦ વર્ષની છોકરી અને ૮ વર્ષની છોકરી ત્યાં લાવ્યા હતા મુંબઈ. દર્શન કરાવવા. હોસ્પિટલમાંથી. જયપુર-જયપુર. જયપુર છે. જયપુર લાવ્યા હતા. ત્યાં ઉતારો હતો ને અમારો? ત્યાં લાવ્યા હતા. હવે એનો પગ, અમથી બેઠી હતી આમ ખાતી હતી કાંઈક. આઈસક્રીમ કે ગોળો. એમાં એક બસ આવી તો પગનો ભાગ આખો કપાઈ ગયો એટલો ભાગ. આ શું કહેવાય? ઘુંટી-ઘુંટી. ઘુંટીથી એટલો પગ કચરાઈ ગયો આખો. આહાહા..! હોસ્પિટલમાં કાપી નાખ્યો. એ કાંઈ ભેગુ થાય એવું નહોતું. એ છોકરીને લાવ્યા હતા ત્યાં જયપુર. એ ક્યારે જડની શું પર્યાય થાય એ કાંઈ ધ્યાન રાખે રહે એવું છે? આહાહા..!

કેમ દામોદરભાઈ! આ નવીન લ્યો તમારો. ક્યાં વંચાવા ગયો હતો. ઇંદોર. નાના છોકરાઓને ભણાવવા ગયો હતો. એને આમ શરીર ધ્રુજે-ધ્રુજે. શરીરની ક્રિયા છે બાપા! એ કાંઈ આત્માને આધિન છે? છોડી દે આત્માની ક્રિયા શરીરની છે એમ છોડી દે. શરીરની ક્રિયા જે કાળે જે પ્રકારની થવાની તે જડને લઈને છે. આહાહા..! અને તે કાળે પણ જે પ્રકારનો રાગ આવે કલ્પના એ તારું કર્તવ્ય નથી. તું સ્વભાવિક ચૈતન્યમૂર્તિ છો, સ્વભાવિક ચૈનત્યમૂર્તિનો રાગ કર્તવ્ય કેમ હોય બાપુ! આહાહા..! નિર્મળાનંદનો નાથ એ મલિનનો કર્તા કેમ હોઈ શકે? તે પણ એક ક્ષણની વૃત્તિ અને આ નિર્મળ તો ત્રિકાળ. આહાહા..!

**'તે પણ બીજાને સ્વયંગ્રાહ્ય (સમજાય એવું) નથી...'** મારું સ્વરૂપ જ સ્વસંવેદન છે. વિકલ્પથી કહી શકું એ મારું સ્વરૂપ નહિ અને વિકલ્પમાં આરૂઢ થયેલા એને સમજાવું એ પણ હું નહિ. આહાહા..! બહુ ઉતાવળો આકરો ન થઈ જઈશ. કે બીજાને સમજાવી દઉં, બીજા સમજી જાય. એમ ન કરીશ ભાઈ! તારા ઘરમાંથી નુકસાન થશે તને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આવ્યું એને કારણે આવ્યું. આવ્યું એને શું થયું? આવ્યો. કર્યો નથી. આહાહા..!

પણ અનંત અનંત સંખ્યાએ ગુણ જેના. આહાહા..! શું એ વાત છે! જેના કાળની આદિ નહિ એથી અનંતગુણા આત્માઓ, એથી અનંતગુણા આત્માની સંખ્યા કરતા આકાશના પ્રદેશ

અનંતગુણા, એનાથી અનંતગુણા એક જીવના ગુણો.. ભાઈ! એનું અસ્તિત્વ, એક સમયમાં આટલા ગુણો. જે અનંત પર્યાયનો પિંડ ગુણ, એવા અનંતગુણ એનું ક્ષેત્ર ભલે અસંખ્યમા ભાગનું હોય એમ કહે. એવા અનંતગુણના નિર્મળ પ્રભુ એ વિકારની ક્રિયાનો કર્તા કેમ હોય? અનંતગુણ જેના નિર્મળ. તે ગુણની સંખ્યાનો પાર નહિ. આહાહા..! એને એ ક્ષણિક વિકલ્પ રાગ.. આહાહા..! એને કેમ કર્તૃત્વ એને સોંપાય? સમજાણું કાંઈ? નિર્મળના સ્વભાવવાળું તત્ત્વ એને મલિન પર્યાયનું કાર્ય કેમ સોંપાય? સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? નાનુભાઈ! બધું આ સમજવું પડશે હોં. તમારી વિદ્યા કરતા. એ બધી કુવિદ્યા છે. આહાહા..!

સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવ તીર્થંકરનો ઉપદેશ આવ્યો, પણ કર્યો નથી એણે.

મુમુક્ષુ :- ભગવાનનો ઉપદેશ છે.

ઉત્તર :- બોલાય એમ ભગવાનનો પણ ભાષા બધી. ભાષા જ એવી બધી છે ને. આ ગામ મારું. ગામ મારું છે એને? રહેવાનું ઘર પણ ન હોય એને. ક્યા ગામના? રાજકોટના. તો રાજકોટ એનું ગામ હશે? ક્યા ગામના? નવાગામના. નવું ગામ ને તારું કોનું તારું રસીક? કુંડળ. થઈ ગયું ગામ તારું? એ તો કહેવામાત્રની વાતું છે. એમ અહીં ઉપદેશ દીધો એ તો કહેવામાત્રનું કથન છે. આહાહા..!

આ તો સમાધિનો અધિકાર છે. શાંતિનો. એ આત્માનો સ્વભાવ શાંત એ શાંતની પર્યાય દ્વારા જણાય અને વેદાય એવું છે. વિકલ્પ દ્વારા જણાય અને જણાવાય એવું નથી. વ્યવહારથી કહે. નામથી, એમ આવે છે ને નિયમસારમાં? ચાર. ૪૭ નયમાં આવે છે ને. ૪૭ નય નથી આવતી? આ તો એની સામે એક વાત. નામવાળાની માફક. નામવાળાની માફક શબ્દબ્રહ્મને સ્પર્શનારું. આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવાય છે. અહીં ના પાડે છે. આહાહા..! એ તો જ્ઞાન કરાવે છે. બોલાય છે એ નિમિત્ત છે ત્યાં અર્થમાં એટલું જ્ઞાન કરાવે છે. આહાહા..!

શબ્દબ્રહ્મ એટલે કહેવાય છે. જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે. ચંદુભાઈ! જ્ઞાનને જણાવાની વાત વખતે એવું કથન હોય, પણ જ્યાં દર્શન અને એના સ્વભાવની જ્યાં કથનશૈલી ચાલે. નહિ, કહી શકાતું જ નથી. કોણ કરે? સ્થાપનાનયે મૂર્તિપણાની માફક સર્વ પુદ્‌ગલોને અવલંબનારું છે. જોયું ભાષા! એ જ્ઞાનનો વિષય નયથી જણાવ્યો છે. સ્થાપનાનયે આત્મદ્રવ્યની પુદ્‌ગલિક સ્થાપના કહી શકાય છે. લ્યો ઠીક! અહીં કહે વિકલ્પ કરીશ નહીં. કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ ને? આહાહા..!

કહે છે, '**જે હું ચિદાનન્દમય સ્વસંવેદ્ય આત્મસ્વરૂપ છું; તે પણ બીજાને સ્વયંગ્રાહ્ય (સમજાય તેવું) નથી...**' આહાહા..! રાગથી હું સમજાવી શકું નહિ, ભાષાથી નહિ અને રાગથી આરૂઢ થયેલાને હું સમજાવી શકું નહિ. જે રાગની એકતામાં પડ્યો એને શી રીતે આ જ્ઞાન જણાય. આહાહા..! એ વિકલ્પ ઊઠે છે તે અસમાધિ છે એમ સિદ્ધ કરવું છે અહીં. સમાધિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એમ એના જ્ઞાનમાં ન હોય અને વિકલ્પથી મને લાભ થાય તો (સ્વ)

ઘર લૂંટાઈ જાય ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ?

'**(કેમ કે) સ્વસંવેદનથી અનુભવાય છે. – એવો અર્થ છે.**' ભગવાન આત્મા તો જ્ઞાનની પ્રત્યક્ષ પર્યાયથી વેદાય અને જણાય એવો છે. એનું પરોક્ષપણું રહે એવું નથી. આહાહા..! સમજાણું કાંઈ? અંદર જ્ઞાન જે છે, જ્ઞાનની પર્યાય જ એવી છે એ દ્વારા આત્મા જણાય એવો છે. પ્રત્યક્ષ જ્ઞાનની પર્યાયથી જણાય એવો છે. આહાહા..! અલિંગગ્રહણમાં આવે છે ને. આત્મા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા..! છઠ્ઠો બોલ. માર્ગ બાપા. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ, આમ અરિહંત-અરિહંત કરે, નમો અરિહંતાણં. પણ અરિહંતને શું કહેવું છે એની ખબર ન મળે. આહાહા..!

ભગવાન તો એમ કહે છે કે અમારી વાણી એ અમારી નહિ અને વાણીથી અમે બીજાને સમજાવી શકીએ એ પણ નહિ. એ તો ભાઈમાં આવ્યું નહિ અમૃતચંદ્રાચાર્ય. છેલ્લા કળશમાં. હે જીવો! અમે તને સમજાવીએ છીએ એવો મોહ ન નાચ. અને વાણી દ્વારા તને જ્ઞાન થાય છે એમ ન માન. આહાહા..! તારું જ્ઞાન તારાથી થાય છે, વાણી દ્વારા નહિ. આહા..! અમે તને સમજાવીએ છીએ એમ ન માન. કેમકે અમે તો વિકલ્પ ને શરીરથી ભિન્ન છીએ. અમારા સ્વરૂપના અસ્તિત્વમાં છીએ, અમે રાગ અને શરીરના અસ્તિત્વમાં નથી. આહાહા..! આવો માર્ગ. એને હિત કરવું હશે તો આ એને જાણ્યા વિના છૂટકો નથી. આવું થયા વિના છૂટકો નથી. સમજાણું કાંઈ?

'**એવો અર્થ છે. તો બીજાને હું શો બોધ કરુ? અર્થાત્ તેથી બીજાને હું શા માટે આત્મસ્વરૂપનો બોધ કરું?**' આહાહા..! ત્યારે તમે કરો છો ને આ? એમ ન જો. વસ્તુની સ્થિતિ જે જણાવાય છે એને જાણ. સમજાણું કાંઈ? સંપ્રદાયમાં પ્રશ્ન ઉઠ્યો હતો. મૌનથી શું લાભ થાય? .. અધ્યયન છે ને ૭૩મું? ૭૩-૭૩ કળશ. મૌનથી શું લાભ થાય? મૌનથી લાભ ન થાય તો તમે કેમ બોલો છો આ? એમ ન કહેવાય. તર્ક એમ ન થાય. એની સ્થિતિનું વર્ણન જે છે એ રીતે થાય છે. એને તું જાણ. સમજાણું કાંઈ? આહાહા..!

કહેનાર વખતે પણ વાણી મારાથી વાણી થઈ છે અને મેં એને સમજાવ્યું એવું ક્યાં છે એમાં? આહાહા..! અને રાગ ઉઠ્યો એનાથી આ સમજાવાય છે એ એમાં હું ક્યાં છું? આહાહા..! જ્યાં હું છું ત્યાં રાગ નથી અને રાગ છે ત્યાં હું નથી. આહાહા..! આવી ચીજ! બધા હો.. હો... હો.. હા... અત્યારે. બીજાને સમજાવું. મહાવીરનો સંદેશ વિલાયતમાં આપું, લંડનમાં આપું. લ્યો! અરે.. ભગવાન! શું કરે છે બાપુ? કોને આપે? હજી તને ખબર નથી તારી. તું ક્યાં કેટલો કેમ છો? અને બીજાને તું કહેવા માગે છો. આહાહા..!

'**ભાવાર્થ :– મૂઢાત્માને આત્મસ્વરૂપનો બોધ આપવો વ્યર્થ છે;...**' કાંઈ ભાન ન મળે અને કહે કે એ તો ગાંડા જેવા (છે) એને શું કહેવું? આહાહા..! તેનું '**કારણ આપતાં જ્ઞાની કહે છે કે :– હું બીજાઓને શબ્દો દ્વારા આત્મસ્વરૂપ સમજાવવા ઈચ્છું, તો વિકલ્પ-રાગ ઉત્પન્ન થાય છે...**' આહાહા..! '**બીજાઓને શબ્દો દ્વારા આત્મસ્વરૂપ સમજાવવા ઈચ્છું તો વિકલ્પ-**

**રાગ ઉત્પન્ન થાય છે અને રાગ તે આત્માનું શુદ્ધ સ્વરૂપ નથી;...**' વસ્તુના અસ્તિત્વમાં રાગ છે જ નહિ. સ્વભાવમાં વિભાવ કેવો? આહાહા..! ચૈતન્યમૂર્તિ સ્વભાવ અનંત ગુણનું સ્વભાવિકરૂપ, સહજસ્વરૂપ એમાં વિભાવ કેવો? એ પરવસ્તુ છે. પર પોતાનું માને તો કર્તા થાય. પર મારો નથી ત્યાં માન્યો એમ કર્તા ક્યાથી થાય? આહાહા..! ઝીણી વાત છે.

હવે તો અહીં સવા ચાલીસ વર્ષ તો થયા અહીં. સવા ચાલીસ.

મુમુક્ષુ :- એમાં કેટલા વખત વિહારમાં ગયા એ તો બાદ કરવા પડશે.

ઉત્તર :- જેટલા વર્ષ બહાર ગયા એટલો બાદ કરો. એમ કહે છે. આહાહા..!

'**શબ્દો દ્વારા આત્મસ્વરૂપ...**' શબ્દ તો જડ છે. ભગવાન તો ચૈતન્ય અરૂપી છે, જ્ઞાનસ્વરૂપ છે. એ શબ્દો દ્વારા સમજાવી શકાય કેમ? આહાહા..! વળી જે આત્માનું વાસ્તવિક શુદ્ધ સ્વરૂપ છે તે બીજાને શબ્દો દ્વારા સમજાય એવું નથી. આહાહા..! શબ્દો દ્વારા તો એને જરી જ્ઞાન થાય કે આમ કહેવા માગે એટલું. એ પોતાનું સ્વરૂપ છે એ એને સમજાય નહિ હવે. આહાહા..!

શ્રીમદ્‌માં આવે છે ને 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' છેલ્લામાં આવે છે. એક લક્ષ એને કરાવવું કે ફક્ત આ તું છો (અને) આ નહિ. એટલું વાણીમાં આવે, બસ. બાકી એ જાણવા જાય ત્યારે તો સ્વસંવેદનથી જ જણાય. એ વાત લક્ષથી પણ જણાય એવું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! સત્‌ના શરણ વિના ચોર્યાસીના અવતાર મરી મરીને અવતાર કર્યા એણે.

મુમુક્ષુ :- ભૂલી ગયો.

ઉત્તર :- ભૂલી ગયો. ભૂલી ગયો એટલે? એ તો કહ્યું નહોતું? જન્મ્યા પછી છ મહિનાની ખબર છે? આ જન્મ્યો ને જ્યારે શરીર, એ છ મહિના શું થયું? માતાએ ધવરાવ્યો, નવરાવ્યો, કાંઈક નવું હોય તો થપ્પડ મારે. બહુ રો રો કરે પછી. ખબર છે? ખબર નથી માટે નહોતું? ખબર નથી માટે નહોતું? તો પછી આ બધું ક્યાંથી થયું આ બધો મોટો? છ મહિના વખતે નહોતો એ? કહો, સમજાય છે કે નહિ રસિકભાઈ? છ મહિના જન્મ્યો ત્યારે કાંઈ ખબર છે? જન્મ્યા પછી શું થયું? .. માએ શું કહ્યું હતું?

મુમુક્ષુ :- સમજણો થયા પછી ખબર પડે ને.

ઉત્તર :- એ તો સમજણો પછી થયું. એ વખતની ખબર છે?

મુમુક્ષુ :- નહોતું સમજાણું પછી ખબર પડી.

ઉત્તર :- ખબર નથી માટે નહોતું એમ કેમ કહેવાય? તો તો છ મહિના વખતે નહોતો એ? એમ અનંતકાળના પરિભ્રમણની ખબર ન મળે એને. આહાહા..!

ઓલો સિંહનો એક દાખલો નહોતો આપ્યો? રેલ આમ જાતી હતી. એક સિંહ અજગરને મારવા ગયો. અજગરને. આ અજગર મોટો હોય ને જંગલમાં? સિંહ. એમાં અજગરે સિંહને ભરડો માર્યો. લાંબો અજગર હશે. સિંહ સિંહ. પગ આમ રહી ગયા. પેટ ઉપર આમ ભરડો માર્યો

આમ. પગ આમ રહી ગયા આમ. એટલે કાંઈ જોર કરવાનું રહ્યું નહિ હવે. જમીન સાથે જોર કરવાનું રહ્યું નહિ. બે દિ' સુધી. ૪૮ કલાક સુધી. પગ આમ આમ કર્યા. પણ જોર ન મળે એટલે ખાડા પડી ગયા. માણસો રેલના નીકળે જોવે કે અજગરે સિંહને પકડ્યો છે. પેટે પકડેલો આ. એટલે પગ આમ રહી ગયા અને મોઢું આમ રહી ગયું. મોઢાથી મારી શકે નહિ, પગથી ભીંસ કરીને છૂટી શકે નહિ. એ અહીં ખાડા પડ્યા. છેવટે અજગરે એવી ભીંસ મારી મરી ગયો. મરી ગયો. સિંહ મરી ગયો અજગરથી. એવી સ્થિતિ છે. અજગરને તો એટલું મોઢું નથી. પણ એવો જોગ બની ગયો કે લાંબો અજગર અને સિંહ મારવા ગયો તો મારે. પેટે આમ પકડ્યો એને આમ. પગ રાખ્યા આમ. ઉપર પગ અને નીચે પગ ચાર. બે ઉપર અને બે નીચે. થઈ રહ્યું. આહાહા..!

કપાટ હોય છે ને કપાટ? ભીંત અને કપાટ વચ્ચે બે તળનું છેટું હોય. એમાં જો ઉંદર આવ્યો આવ્યો હોય ઉપર અને અંદર ગરી ગયો હોય તો થઈ રહ્યું. એ ત્યાં ને ત્યાં સુકાઈ જાય. કારણ કે પગ આમ આમ થયા કરે. એ કાંઈ કોઈને... અને આમ નીકળી શકે નહિ. આપણે થાય છે હોં કપાટમાં.

મુમુક્ષુ :- માર્ગ હોય ને. બારણામાં જરા માર્ગ હોય એમાં..

ઉત્તર :- ગરી જાય થઈ રહ્યું. આહાહા..! ના, આ તો કપાટમાં તો અહીં આપણે ઘણીવાર જોયું છે. ભીંત અને કપાટને બે તળું છેટું હોય કપાટ. અને એમાં ઓલો ગરી જાય એટલે આંતરું. એ પગ આમ આમ લટકે. દબાઈ જાય. ન નીકળી શકે આમ અને થઈ રહ્યું, સુકાઈ જાય. આહાહા..! એવા મરણ અનંતવાર કર્યા છે. આહાહા..! એને ખબર નથી કે આ શું કર્યું અને શું થયું?

એથી અહીં કહે છે.. આહાહા..! **'કેવળ સ્વસંવેદનથી જ અનુભવમાં આવે તેવું છે. તેથી બીજાને તેનો બોધ કરવો વ્યર્થ છે.'** 'આત્મસ્વરૂપ સ્વસંવેદનગોચર છે.' જે સર્વજ્ઞે કીધું ને દીઠું?

જે સ્વરૂપ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

મુમુક્ષુ :- કહી શક્યા નહિ.

ઉત્તર :- વાણી શી રીતે કહે? વાણી જડમાંથી આવે. વાણીમાં આવ્યું નથી. વાણીમાં શું? આ ચૈતન્ય સ્વરૂપ, આ વાણી જડ. દુશ્મન દ્વારા સજ્જનના વખાણ કરાવવા. વાણીને ખબર નથી. એને આત્માના સ્વરૂપની વાતું કરાવવી. આહાહા..! કેટલું કહે એ? વાણીમાં તાકાત છે સ્વ-પર કથનની હોં. સ્વ-પર કથનની. અને આત્મામાં સ્વ-પર જાણવાની. આહાહા..! શબ્દોમાં કથન-શક્તિ છે એની પોતાની સ્વતઃ. આત્મા અહીં ઉઘાડવાળો છે માટે નિમિત્ત થયું માટે વાણીમાં એવું આવે એમ પણ નથી. તે તે સમયમાં શબ્દની પર્યાયમાં સ્વ-પર કથન કરવાની તાકાત છે. પોતાની અને પરની. એની હદ પ્રમાણે. આહાહા..!

**'આત્મસ્વરૂપ સ્વસંવેદનગોચર છે. તે શબ્દો દ્વારા કે વિકલ્પ દ્વારા બીજાને સમજાવી**

**શકાય તેવું નથી અને બીજાઓ શબ્દાદિ બાહ્ય સાધનથી તે કદી સમજી શકે પણ નહિ.'** સમજાવી શકાય નહિ અને ઓલો સમજી શકે પણ નહિ. આહાહા..! હવે ઓલા એકલી આ દયા પાળો, વ્રત પાળો, આ કરો. મરી ગયા. આત્મા શું છે એની ખબર ન મળે. પરજીવની દયા પાળો, ધર્મ થશે તમને. અહીં કહે કે પરજીવની દયા પાળી શકતો નથી. પરજીવની દયા પાળી શકું એ માન્યતા મિથ્યા ભ્રમ પાખંડ છે. અને પર જીવને દયા પાળવાનો ભાવ એ રાગ અને હિંસા છે. આહાહા..!

અહીં તો ઉપદેશ દેવાનો વિકલ્પ પણ રાગ અને હિંસા છે. આહાહા..! એટલે અસમાધિ છે. સમાધિ સામે આ કહ્યું ને? આહાહા..! સ્વાવલંબી તત્ત્વમાં રમ બાપા! એ તારું કર્તવ્ય છે. આહાહા..! ભવસિંધુ ચોર્યાસીનો દરિયો.. આહાહા..! એક એક યોનિના અનંત અવતાર મોટો ભવસિંધુ પડ્યો દરિયો. એમાંથી નીકળવાનો માર્ગ તો આ છે. સ્વસંવેદ્ય છે. બીજી કોઈ રીત છે નહિ. ભગવાન સ્વરૂપ આ ભગવાન એટલે આત્માનું જેવું સ્વરૂપ છે તેવું, એની હયાતીવાળી મોજૂદગી, એની મોજૂદગીને સ્વીકાર સત્‌માં, પર્યાયમાં. ત્યારે તેનું જન્મ-મરણરહિતનો એ સ્વ-ભાવ છે અને જન્મ-મરણના કારણના ભાવનો પણ રહિત સ્વભાવ છે. એ તો રહિત છે. એવા સ્વભાવના વેદનથી જ ભવનો અભાવ થાય એમ છે. બાકી કોઈ બીજો ઉપાય છે નહિ. દાન કર્યા, આ કર્યા ને મંદિરો બનાવ્યા. આ પરમાગમ મંદિર બનાવ્યું લ્યો. એમાં કાંઈક ભવનો અભાવ થવાનું હશે કે નહિ કારણ? નહિ? આહાહા..! એને કાળે થવાનું હોય તે થાય. આહાહા..! આ કારણે એને બહુ તો શુભવિકલ્પ હોય છે પરદ્રવ્યને અનુસારે, એ પણ દુઃખ છે. આહાહા..! આવો વીતરાગમાર્ગ!

**'માટે બીજાઓને આત્મસ્વરૂપનો બોધ આપવાનો વિકલ્પ છોડી સ્વરૂપમાં સાવધાન રહેવું તે જ યોગ્ય છે.'** આહાહા..! છે ને? એ ૫૯ થઈ.

---

**बोधितेऽपि चान्तस्तत्त्वे बहिरात्मने न तत्रानुरागः सम्भवति। मोहोदयात्तस्य बहिरर्थ एवानुरागादिति दर्शयन्नाह–**

**बहिस्तुष्यति मूढात्मा पिहितज्योतिरन्तरे।**
**तुष्यत्यन्तः प्रबुद्धात्मा बहिर्व्यावृत्तकौतुकः।।६०।।**

**અંતર્જ્ઞાન ન જેહને, મૂઢ બાહ્યમાં તુષ્ટ;**
**કૌતુક જસ નહિ બાહ્યમાં, બુધ અંતઃ સંતુષ્ટ. ૬૦.**

**टीका :– बहिः शरीराद्यर्थे तुष्यति प्रीतिं करोति। कोऽसौ? मूढात्मा कथम्भूतः? पिहितज्योतिर्मोहाभिभूतज्ञानः। क्व? अन्तरे अन्तस्तत्त्वविषये। प्रबुद्धात्मा मोहानभिभूतज्ञानः अन्तस्तुष्यति स्वस्वरूपे प्रीतिं करोति। किं विशिष्टः सन्? बहिर्व्याकौतुकः शरीरादौ निवृत्तानुरागः।।६०।।**

આત્મસ્વરૂપનો બોધ આપવા છતાં બહિરાત્માને તેમાં અનુરાગ સંભવતો નથી; મોહના ઉદયથી તેને બાહ્ય પદાર્થમાં જ અનુરાગ હોય છે – એમ દર્શાવતાં કહે છેઃ–

શ્લોક – ૬૦

અન્વયાર્થ :– (अन्तरे पिहितज्योतिः) અંતરંગમાં જેની જ્ઞાનજ્યોતિ મોહથી આચ્છાદિત થઈ ગઈ તેવો (मूढात्मा) બહિરાત્મા (बहिः) બાહ્યમાં એટલે શરીરાદિ પર પદાર્થોમાં (तुष्यति) સંતુષ્ટ રહે છે – અનુરાગ કરે છે; પરંતુ (प्रबुद्धात्मा) જેને સ્વરૂપ-વિવેક જાગૃત થયો છે તેવો અન્તરાત્મા (बहिर्व्यावृत्तकौतुकः) બાહ્ય શરીરાદિ પદાર્થોમાં કૌતુક (અનુરાગ) રહિત થઈ (अन्तः) અંતરંગ આત્મસ્વરૂપમાં (तुष्यति) સંતોષ કરે છે.

ટીકા :– બાહ્યમાં એટલે શરીરાદિ પદાર્થમાં તે સંતોષ કરે છે – પ્રીતિ કરે છે. કોણ તે? મૂઢાત્મા (બહિરાત્મા). તે કેવો છે? જેની જ્યોતિ ઢંકાઈ ગઈ છે, અર્થાત્ મોહથી જેનું જ્ઞાન પરાભવ પામ્યું છે. ક્યાં? અંતરંગમાં એટલે અન્તર્-તત્ત્વના વિષયમાં. પ્રબુદ્ધાત્મા એટલે જેનું જ્ઞાન મોહથી અભિભૂત થયું નથી (પરાભવ પામ્યું નથી) તેવો (આત્મસ્વરૂપમાં જાગૃત) આત્મા, અંતરંગમાં સંતોષ કરે છે-સ્વ-સ્વરૂપમાં પ્રીતિ કરે છે, કેવો થઈને? બાહ્યમાં કૌતુક-રહિત થઈને – શરીરાદિમાં અનુરાગરહિત થઈને (આત્મસ્વરૂપમાં પ્રીતિક રે છે).

ભાવાર્થ :– જ્ઞાનીને પ્રશ્ન પૂછેલો કે, ‘તમે બહિરાત્માને આત્મસ્વરૂપનો બોધ કેમ કરતા નથી? તેના પ્રત્યુત્તરમાં એમ કહ્યું કે :–

(૧) બહિરાત્માઓ વસ્તુસ્વરૂપથી તદ્દન અજ્ઞાત છે. તેઓ એટલા મૂઢ છે કે તેમને બોધ કરો કે ન કરો, તેમને માટે બધું સરખું છે. (જાુઓ : શ્લોક–૫૮)

(૨) આત્મસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે. તે શબ્દો દ્વારા બીજાને સમજાવી શકાય નહિ અને તે સમજે પણ નહિ, એટલે તેમને બોધ કરવો વ્યર્થ છે. (જાુઓ : શ્લોક–૫૯)

(૩) આ શ્લોક ૬૦માં કહ્યું છે :–

અનાદિ મિથ્યાત્વને લીધે બહિરાત્માને સ્વ-પરનું ભેદ-વિજ્ઞાન નથી, તેને આત્મસ્વરૂપનું ભાન નથી; તેથી તે શરીરાદિ બાહ્ય પદાર્થોમાં જ આનંદ માને છે, તેમાં જ અનુરાગ કરે છે, પણ આત્મસ્વરૂપનો મહિમા લાવી તેમાં પ્રીતિ કરતો નથી. તેનું કારણ-અવિદ્યાના ગાઢ સંસ્કારથી તેનું જ્ઞાન મૂર્છાઈ ગયું છે, આચ્છાદિત થઈ ગયું છે; તે છે.

અન્તરાત્માને વિવેક-જ્યોતિ પ્રગટ થઈ છે, તેથી તેને શરીરાદિ બાહ્ય પદાર્થોમાં પ્રીતિ નથી. તેમાં તેને ક્યાંય સુખ ભાસતું નથી. તે તરફ તે બહુ ઉદાસીન રહે છે. તે ત્યાંથી હઠી સ્વ-સન્મુખ થઈ આત્મસ્વરૂપમાં સ્થિત થવા માટે સદા પ્રયત્નશીલ છે. જ્યાં એને આવી જ્ઞાનદશા વર્તતી હોય, ત્યાં બીજાઓને બોધ દેવાનું તેને કેમ ગમે? ન જ ગમે. ૬૦.

# શ્લોક-૬૦ ઉપર પ્રવચન

**'આત્મસ્વરૂપનો બોધ આપવા છતાં બહિરાત્માને તેમાં અનુરાગ સંભવતો નથી;...'** કારણ કે એનો અનુરાગનું વલણ એનું રાગમાં ને પરમાં.. પરમાં... પરમાં... આહાહા..! એનું વીર્ય જ પર તરફના ઉલ્લસિત વીર્ય જ એને ખુશીપણું આપે છે. આહાહા..! કાં ઘણા સમજે, કાં ઘણા પુસ્તકો બને, કાં ઘણા મંદિરો બને અને ઘણા માણસ બને સાંભળનારા. એના તરફ ઉલ્લસિત વીર્ય ત્યાં એનું કામ કરે છે. આહાહા..! એને અંતરની વાતું કેમ બેસે બાપુ! સમજાણું કાંઈ?

જેની બાહ્ય ચીજોની અનુકૂળતામાં શરીર સુંદર, વાણી સુંદર, મકાન સુંદર, પુસ્તક સુંદર, કેવી એ વાણીની સુંદરતા કંઠની. સાંભળવામાં એ કંઠની સુંદરતા. એના તરફનો જ્યાં અનુરાગ છે, એમાં જેનું વીર્ય ખુશીપણે કામ કરે છે. આહાહા..! એ અંતરમાં કેમ જઈ શકે? સમજાણું કાંઈ? સુજાનમલજી!

મુમુક્ષુ :- ક્યાંક ઊભા રહેવાની જગ્યા તો રાખો આપ.

ઉત્તર :- ઊભા રહેવાની છેને અંદર. આહાહા..! કહ્યું નહિ? સ્વરૂપમાં સાવધાન રહેવું એ યોગ્ય છે. એ ઊભો રહ્યો ત્યાં. આહાહા..! એમાંથી ખસ્યો એટલો સંસાર છે. મુનિને કહ્યું નહિ. આહાહા..! છઠ્ઠે ગુણસ્થાને ત્રણ કષાયનો અભાવ, પણ પ્રમાદનો એક અંશ ઉત્પન્ન થાય રાગનો, વ્રત-વ્રત પાળવાનો વિકલ્પ થાય. કર્તૃત્વબુદ્ધિએ નહિ પણ પરિણમન છે એ પણ સંસાર છે. આહાહા..!

હવે અહીં કહે કે વ્રત પાળતા સંવર થાય, અહીં કહે કે વ્રત પાળો વિકલ્પ સંસાર છે. હવે આ ક્યાં મેળ? માર્ગ બાપા! અરે.. તરવાના ઉપાય અલૌકિક છે. જગતથી માનેલાથી જુદા છે. એ કહે છે જુઓ. **'તેને બાહ્ય પદાર્થનો અનુરાગ હોય છે–'** '**बहिस्तुष्यति**' એને બહારમાં જરીક આમ ઠીક લાગે છે, સંતોષ લાગે છે. આહાહા..!

**बहिस्तुष्यति मूढात्मा पिहितज्योतिरन्तरे।**
**तुष्यत्यन्तः प्रबुद्धात्मा बहिर्व्यावृत्तकौतुकः।।६०।।**

**અંતર્જ્ઞાન ન જેહને, મૂઢ બાહ્યમાં તુષ્ટ;**
**કૌતુક જસ નહિ બાહ્યમાં, બુધ અંતઃ સંતુષ્ટ. ૬૦.**

આહાહા..! કેવી શૈલી વાપરી છે!

**'ટીકા :- બાહ્યમાં એટલે શરીરાદિ પદાર્થમાં તે...'** કૌતુક એટલે આમ કાંઈક લાગે. આમ. શરીર સારું, વાણી સારી. સંયોગોમાં પણ અનુકૂળતા બહારની દેખાય ને સંતુષ્ટ થાય. આહાહા..!

'**बहिस्तुष्यति**' બહારની રાગાદિની ચીજમાં કે બહાર ચીજમાં અમે કાંઈક સારું કરીએ છીએ. બીજા કરતા સારું કરીએ છીએ. એવો એને સંતોષ થાય છે. આહાહા..! એ ત્યાં રોકાઈ ગયો છે. સમજાણું કાંઈ?

**'બાહ્યમાં એટલે શરીરાદિ પદાર્થમાં તે સંતોષ કરે છે – પ્રીતિ કરે છે. કોણ તે? મૂઢાત્મા.'** આહા..! રાગમાં પ્રીતિ કરે છે બાહ્યપદાર્થની. પુસ્તક સારા બન્યા, મકાન સારા બન્યા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એથી સંતોષ શું? થાય એમાં થાય. ઓલાએ કહ્યું હતુંને ભાઈ. ૩૫ તોલા સોનું આપું. સોનાના પૂંઠા કરો સમયસારના. સોનાનું પૂઠું સમયસારનું. બસ થઈ ગયું હવે. શું થયું હવે? કર્યું નથી. એટલે બાહ્યની કોઈ ચીજથી અનુરાગમાં ત્યાં જોડાઈને સંતોષ માને તે મૂઢાત્મા છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જેઠ વદ ૬, રવિવાર તા. ૨૯-૦૬-૧૯૭૫
## શ્લોક - ૬૦,
## પ્રવચન - ૭૫

સમાધિતંત્ર. શ્લોક-૬૦.

**बहिस्तुष्यति मूढात्मा पिहितज्योतिरन्तरे।**
**तुष्यत्यन्तः प्रबुद्धात्मा बहिर्व्यावृत्तकौतुकः।।६०।।**

**'ટીકા :- બાહ્યમાં એટલે શરીરાદિ પદાર્થમાં તે સંતોષ કરે છે...'** અજ્ઞાની આત્મા અંદર સહજાનંદ સ્વરૂપ પ્રભુ આત્મા છે. ચિદાનંદ સ્વરૂપ આત્મતત્ત્વની પ્રીતિ, પ્રેમ છોડીને અનાદિથી જે પદાર્થ પોતાના નથી (એ) એને અનુરાગ અને પ્રેમ કરે છે. મૂઢ જીવ છે.

મુમુક્ષુ :- શરીરમાં એકતા કરે તે.

ઉત્તર :- શરીરમાં, વાણીમાં, મનમાં વિષયો પાંચ ઈન્દ્રિયના વિષયો મને દેખીને સંતોષ માને છે એ બધા મૂઢાત્મા છે.

મુમુક્ષુ :- દુનિયા મૂઢ થઈ

ઉત્તર :- દુનિયા આખી મૂઢ.

સહજાનંદસ્વરૂપ આત્મા.. સવારમાં આવ્યું હતું, નહિ? ચિદાનંદ, જ્ઞાનાનંદ સ્વભાવી આત્મતત્ત્વ. ભગવાન આત્મા તો જ્ઞાન અને આનંદસ્વરૂપી છે. એના પ્રેમને છોડી અનાદિથી અજ્ઞાની પોતાનું જે સ્વરૂપ નથી, રાગ, શરીર, વાણી એ તો પરવસ્તુ છે જડ. એ જડમાં એ પ્રીતિ કરીને સંતોષાય છે. મને શરીરની નિરોગતા છે, મને આ છે. આહાહા..!

મુમુક્ષુ :- ... શરીર સારું રહે તો

ઉત્તર :- ધૂળેય નહિ. શરીર સારું રહે એ તો જડ છે, માટી છે. શરીર જડ છે. એ નિરોગતા હોય તો એ જડની છે. એમાં આત્માને શું? તમારે તો બધું વિરૂદ્ધ છે આ બધું વૈદથી તો. માટીના પ્રયોગ છે ને બધા? આત્માના પ્રયોગ નથી. આહાહા..! આ આત્મા અંદર વસ્તુ છેને ભગવાન આત્મા અંદર? અસ્તિ છે કે નહિ? તો એ છે શું એનું સ્વરૂપ? એનો સ્વભાવ જ્ઞાનાનંદ, જ્ઞાન અને આનંદ અતીન્દ્રિય એ એનું તત્ત્વ અને સ્વરૂપ છે. આહાહા..! એ અનાદિની એ ચીજ છે. પણ એને મોહથી ઢાંકી દીધો. મોહ એટલે? પરપદાર્થની સાવધાનીમાં અને પરપદાર્થની પ્રીતિની સંતોષતામાં ચૈતન્ય ઢંકાઈ ગયો. આહાહા..! એ કહે છે, અનાદિ રખડવાનું કારણ આ છે. ચોર્યાસીના અવતાર કરી કરીને મરી ગયો. સમજાણું કાંઈ?

બાહ્ય શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધી ચીજો તો બાહ્યની પર છે. એમાં પ્રેમ કરીને સંતોષે છે. અમને મઝા આવે. પાંચ-પચ્ચીસ લાખ મળે પૈસા, શરીર સુંદર, બાયડી ઠીક, કહ્યાગરા છોકરા મૂઢ છે. આહાહા..! એય..! પાપી છે આત્માના ભાન વિનાના પ્રાણી, આવા મૂઢાત્માઓ. આહાહા..! ભગવાન ચિદાનંદસ્વરૂપ અંદર પડ્યું છે. સચ્ચિદાનંદ સ્વભાવ જીવનો છે. એના પ્રેમને છોડીને બાહ્ય પદાર્થના પ્રેમમાં સંતોષાય છે. પ્રીતિમાં મશગુલ થઈ જાય છે. આહાહા..!

જેમ ઝોંક. ઝોંક નથી ઓલી ઝોંક? જળો. માથુ લોહી પીવે ને પુષ્ટિ પામે છે. આહાહા..! એમ જળોની પેઠે અજ્ઞાની પરપદાર્થના પ્રેમમાં સંતોષાઈ જઈને મરી જાય છે. ચૈતન્યના ભાવપ્રાણને મારી નાખે છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! આ તો સમજાય એવું છે ને? સવારે જરી ઝીણું હતું. ભઈ એ તો આવે ત્યારે અધિકાર આવે ને? અંદર આ દેહમાં, આ તો માટી છે જડ. અંદર એનો જાણનારો. સવારે વર્ણન આવે કે બધું ભલે આકાશનું, ફલાણું, પણ એનો જાણનાર કોણ? કે આમાં આવી શક્તિ છે અને આમાં આવી શક્તિ છે, આ એક પ્રદેશી છે ને. આહાહા..! એ જાણનારો ભગવાન આત્મા જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો એ પદાર્થ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે. સત્ શાશ્વત ચિદ્ જ્ઞાન અને આનંદ અતીન્દ્રિય. અતીન્દ્રિય આનંદ હોં. આહાહા..! એવો જે આત્મા એને ભૂલી, મોહથી તેને ઢાંકી દઈ અને છે એ છતીને અછતી કરી નાખી અને જે અછત વસ્તુ છે રાગ, શરીર, વાણી, મન એને છતો બનાવીને સંતોષાય ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કોણ તે? મૂઢાત્મા (બહિરાત્મા).'** એટલે? જે અંદર સ્વરૂપ આનંદ અને જ્ઞાન છે એનાથી

બાહ્યની ચીજ જે છે એ એની નથી, એનામાં નથી અને બાહ્ય ચીજમાં પોતે નથી. બરાબર છે? બાહ્ય ચીજમાં પોતે નથી, બાહ્ય ચીજ આત્મામાં નથી. એને પોતાની માનીને સંતોષાય એ તો બહિરાત્મા છે. આહાહા..! પાંચ-પચ્ચીસ લાખ મળે, શરીર ઠીક હોય, બાયડી ઠીક હોય, છોકરા વેપાર ચાલતા હોય સરખા. પાંચ-પચાસ હજાર પેદાશના. હિંમતભાઈ! મૂઢ છે કહે છે. આહાહા..! તારી ચીજને તે ઢાંકી દીધી. તારી ચીજની મહિમા જે જોઈએ તે છોડી દીધી અને પરની મહિમામાં પડ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે કેવો છે? જેની જ્યોતિ ઢંકાઈ ગઈ છે,...**' આહાહા..! ભગવાન ચૈતન્યજ્યોત 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ.' એવી આત્મા ચીજ છે. એને પરની પ્રીતિના પ્રેમમાં ઢાંકી દીધી, મોહથી ઢાંકી દીધી. આહાહા..! કીધું ને? '**મોહથી જેનું જ્ઞાન પરાભવ પામ્યું છે.**' જેના જ્ઞાનમાં આનંદસ્વરૂપી શુદ્ધ ચૈતન્ય આવવો જોઈએ એમ વિષય ન બનાવતા, જેને રાગ ને શરીર, વાણી મનને વિષય બનાવી અને એ મારી ચીજ છે, મને હમણાં સરખાઈ છે. કહે છે ને આ પાંચ-પચાસ લાખ પેદા થાય તો કહે બાદશાહી છે હમણાં. ધૂળેય નથી સાંભળને મૂર્ખ. બહારમાં બાદશાહી કેવી? એય..! અહીં તો આવી વાત છે. પ્રવિણભાઈ!

છોકરા સારા જાગે, વહુ સારી આવે સારા કુટુંબની. એમાં વળી પાંચ-પચાસ હજાર શું કહેવાય એ? કરિયાવર લઈને આવે. આહાહા..! શું છે પણ તને આ? આ શું વળગ્યું તને આ બળતરા? આહાહા..! અનાદિનો, અનાદિનો અજ્ઞાની. જે ચીજમાં પોતે નથી, પોતામાં એ ચીજ નથી એના પ્રેમમાં ફસાઈ મૂઢ આત્મા પોતાના સ્વરૂપને ઢાંકી દે છે. છતી ચીજ છે અંદર પડી છે. આહાહા..! જેનું અસ્તિત્વ આનંદ અને જ્ઞાનવાળું અસ્તિત્વ છે. એવા અસ્તિત્વનો આદર ન કરતા જેમાં એ જ્ઞાન અને આનંદ નથી અને આત્મા એમાં નથી. આહાહા..! એમાં સંતોષાઈ જાય છે, હરખાઈ જાય છે, પ્રેમનો પ્યાલો ચડી જાય છે એને અંદર.. આહાહા..! એ મૂઢાત્મા છે. આહાહા..! બહિરાત્મા છે. એટલે કે જે ચીજ એનામાં નથી એવો બહિર્ એને પોતાનો માનનારો બહિરાત્મા મૂર્ખ છે. આહાહા..! સમજાણું કાંઈ?

કાંતિભાઈ! શું હશે આ બધું? એને તો બાયડી-છોકરા નથી. એને ૧૫૦૦નો પગાર હતો. છોડી દીધો. બાળબ્રહ્મચારી છે. લાખોપતિ છે. ૧૫૦૦નો પગાર હતો પ્લેનમાં. પ્લેન. ભાઈ છે ને? ૧૫૦૦નો પગાર પ્લેનમાં હતો. છોડી દીધો. નોકરી છોડી દીધી. મહિનાના ૧૫૦૦ હોં. શું ધૂળમાં હતું હવે ત્યાં ૧૫૦૦ ને લાખ. ક્યાં જાવું છે? ક્યાં છું? એક ક્ષણમાં આ બધું છોડી જાવું છે અને ક્યાં ઉતારા થવાના એની ખબર ન મળે. આહાહા..! આત્મા તો અનાદિ છે. અવિનાશી છે. એ કાંઈ નાશ થાય એવો છે? આહાહા..! એ બધી પળોજણ મળી હોય એક ક્ષણમાં જાવ.. રખડવા. જેને પ્રીતિ કરીને પાળ્યા, જેને મારા કરીને રાખ્યા. આવું અહીં તો છે. આ ઈંજેક્શન જુદી જાતનું છે. આહાહા..! કહો, આ સમજાય છે કે નહિ? રસિકભાઈ! એય..! છોકરાઓ! ધ્યાન રાખજો હોં આ. ન સમજાય એમ ન સમજવું. કોઈ વખતે ઝીણું આવી જાય. સવારમાં

ઝીણું હતું. એ શું થાય? એ ઝીણું એ પણ જાણનારો કોણ? એ અહીં લેવું છે. આહાહા..! એ આવશે પછી. ૧૮ ગાથા પૂરી થઈ જાય ને. ૨૬ ને ૧૮. ૪૪. ૪૫મી આવશે જીવની. એને જાણનારો. આહાહા..!

છએ દ્રવ્યની જીવ-અજીવની ભિન્નતા, લોક-અલોકની ભિન્નતા. સક્રિયક ભાવવર્તી ને ક્રિયાવર્તી શક્તિની ભિન્નતા.. આહાહા..! ગુણની ભિન્નતા. એને ક્ષેત્રમાં કોઈ સ્થિર રહેવું, કેટલાકનું અસ્થિર થવું એવાની ભિન્નતા. આહાહા..! અને કેટલાકના પ્રદેશ ઝાઝા અને કોઈના પ્રદેશ નહિ એવી ભિન્નતા. એ બધું જાણનારો તો પ્રભુ છે. આત્મા હોં. પ્રભુ એટલે. વળી બીજો ભગવાન નહિ. આહાહા..! એ ભિન્ન ચીજને જાણનારું તત્ત્વ પરથી ભિન્ન છે. છતાં અજ્ઞાની એમાંથી પોતાને માની.. આહાહા..! જ્ઞાન પરાભવ પામ્યું છે.

ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા, એનો પરાભવ કરી નાખ્યો છે. પોતાના માહાત્મ્યને ન જાણતાં, પોતાની ચીજની સ્વરૂપનું સ્વરૂપ શું છે? એને ન જાણતાં, જીવ એનામાં નથી એમ એ માની જ્ઞાનને પરાભવ કર્યો. આત્માનો અનાદર કર્યો છે. આહાહા..! આ અનાદિથી રખડવાનું આ કારણ છે. ચોર્યાસીના અવતાર કરી કરીને મરી ગયો. અનંત અવતાર કર્યા કીડી, મકોડા, કાગડા. આત્મા છે અનાદિ. જે છે વસ્તુ એ તો નિત્ય છે. તો રહ્યો ક્યાં? એના ભાન વિના પરિભ્રમણના... કરી ને ચોર્યાસીના અવતારમાં રહ્યો. આહાહા..!

કહે છે કે '**ક્યાં? અંતરંગમાં એટલે અન્તરતત્ત્વના વિષયમાં.**' પરાભવ પામ્યો છે. શું ક્યાં? કે અંતરતત્ત્વના વિષયમાં. આત્મા આનંદ અને સ્વરૂપ જ્ઞાનાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ, એના સ્વરૂપમાં એ પરાભવ પામ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! સવારે બહુ સારું આવ્યું હતું ટીકામાં. જ્ઞાનાનંદ સ્વભાવી આત્મતત્ત્વ તેમાં પ્રખરપણે, પ્રબળપણે એકાગ્ર લક્ષણ થાય તો એને આનંદનું ઉત્પન્ન થવું થાય, અતીન્દ્રિય આનંદની દશા થાય. એ આત્માનું સ્વરૂપ છે. જેને અતીન્દ્રિય આનંદ ભર્યો છે ભગવાન આત્મામાં. આહાહા..! એ અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ કરતાં, એમાં એકાગ્ર થતાં એને અતીન્દ્રિય આનંદનો, પર્યાયમાં-દશામાં વર્તમાનમાં સ્વાદ આવે એણે આત્માને જાણ્યો અને એણે ધર્મ કર્યો એમ કહેવાય છે. આહાહા..! બીજાના કામ કરીને પરોપકાર કરીએ છીએ. પરોપકાર કરીએ છીએ. ધૂળેય નથી પરોપકાર સાંભળને. એય..! આ ડોક્ટરો બોક્ટરો બધા ઓનરરી કામ કરે ને? પણ એનો હેતુ એવો હોય કે બહાર પડે પછી એમાં બહાર પડે દવાખાના ચાલે સરખા. બે-ચાર મહિના ઓનરરી કરે. હેતુ તો ઓલો હોય. ધૂળેય નથી ઓનરરીમાં. પરોપકાર ત્યાં ક્યાં હતો? આહાહા..!

અહીં કહે છે કે ચૈતન્યના સ્વભાવને પરાભવ પમાડી... આહાહા..! જે જ્ઞાનાનંદ પ્રભુ એને પરાભવ પમાડી અંતરના સત્ત્વના વિષયમાં મૂઢ થઈ ગયો. આહાહા..! બહારમાં ડાહ્યાનો દીકરો. દેવનો દીકરો ઉતર્યો વાતું કરતો હોય તો આનું આમ છે ને આનું આમ થાય, આનું આમ છે. પણ છો કોણ તું એ ખબર છે? એ ખબર નથી. આ બધી. રતિભાઈ! આહાહા..! કહે છે '**અંતર-**

**તત્ત્વના વિષયમાં...**' મૂઢ થઈ ગયો. આહાહા..! એ અજ્ઞાનીની વાત કરી.

હવે '**પ્રબુદ્ધાત્મા...**' જેને ભગવાન ચિદાનંદ સ્વરૂપ આત્મા છું, જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ એ મારી ચીજ છે. આહાહા..! એવું જેણે પ્રબુદ્ધ. પ્ર-વિશેષે, બુદ્ધ નામ જ્ઞાન થયું છે. આહાહા..! જેને આત્મજ્ઞાન કહીએ. આત્મા જ્ઞાનાનંદ, સહજાનંદ પ્રભુ, એનું જેને જ્ઞાન થયું છે. પ્રબુદ્ધ આત્મા. એને અહીં પ્રબુદ્ધ આત્મા કહે છે. પ્ર-વિશેષે, બુદ્ધ-યથાર્થ જ્ઞાન થયું એને. આહા.. આ બધા વકીલાતના અને ડોક્ટરના આ બધા વેપારી આ લોઢાના.. એય.. હસમુખભાઈ! એ બધા કુજ્ઞાન છે. આ મીલના. પરસોત્તમભાઈ મીલમાં કરે છે ને કામ? પણ મીલું કામ તો કરે છે ને ત્યાં? આ કરવું ને આ કરવું. એનું પણ જ્ઞાન હોય ને એને? કે આજે આમ કરવું, આનું આમ કરવું, આ સંચા આમ થાય તો આમ કરવું. એય.. દામોદરભાઈ! એને રંગનું હોય. આહાહા..! અરે.. એ તો કુજ્ઞાન છે કહે છે. ચાર ગતિમાં રખડવાનું જ્ઞાન છે.

ભગવાન આત્મા પ્રબુદ્ધ આત્મા. પ્રબુદ્ધ નામ પોતે જે ચીજ છે, રાગ અને શરીર અને વાણી વિનાની ચીજ છે એ. એવું જેને અંતર જ્ઞાન થયું એને અહીંયાં પ્રબુદ્ધ આત્મા, એને ધર્મીનો આત્મા, એ ધર્મને પામ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! શી રીતે? કે '**જેનું જ્ઞાન મોહથી અભિભૂત થયું નથી...**' છે ને? પરમાં પોતાનું માનીને જે જ્ઞાનનો પરાભવ, એ એને નથી. આહાહા..! '**જેનું જ્ઞાન મોહથી...**' હણાણું નથી. અભિભૂત એટલે હણાણું. આહાહા..! હું તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ જગતની જ્યોત છું. જગત છે તે જ્ઞેય છે, હું એક જાણનાર ચૈતન્ય જ્યોત છું. એ જ્ઞેય મારી ચીજ નથી, તેમ હું જ્ઞાન તે જ્ઞેયનો નથી. આહાહા..! આવું જ્ઞાન થાય તેના જ્ઞાનનો પરાભવ મોહથી થતો નથી. ચંદુભાઈ! આ બધા તમારે ડાહ્યા બહુ ગણે છે ને? રંગમાં, વેપારમાં બધા ઓલામાં. સાચવવામાં.

'**(પરાભવ પામ્યું નથી) તેવો (આત્મસ્વરૂપમાં જાગૃત) આત્મા,...**' છે. આહાહા..! જ્યાં હું છું ત્યાં તો જ્ઞાન અને આનંદ છે. હું એ આત્મા છું. આહાહા..! રાગ છે વિકલ્પ થાય છે એ હું નહિ. અને પુણ્યના ફળ તરીકે સામગ્રી મળી હોય બહારની એ પણ હું નથી. એમાં હું નથી. એમાંથી મને સંતોષ નથી. સંતોષ તો.. આવ્યું હતું ને સવારમાં? આલ્હાદ્. આહાહા..! સહજાનંદ પ્રભુ ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા એમાં એકાગ્ર થવાથી આલ્હાદ્, પ્રસન્નતા, સંતોષતા જે જાગે એ સુખનો, અમૃતનો સાગર છે. સમજાણું કાંઈ? રાગમાં રોળાઈ જવું એ દુઃખી પ્રાણી છે. અને રાગથી ભિન્ન મારી ચીજ છે એવું જેણે જ્ઞાન કર્યું આત્માનું તે જગતમાં સુખી છે. એ સુખી પોતાના સુખથી સુખી છે. પરથી સુખ છે એમ માનનારા મૂઢ છે. સમજાણું કાંઈ?

'**તેવો (આત્મસ્વરૂપમાં જાગૃત) આત્મા,...**' છે. આહાહા..! '**અંતરંગમાં સંતોષ કરે છે...**' ધર્મી જીવને તો પોતાના આનંદ અને જ્ઞાનનો સંતોષ છે. બહારની ચીજની સગવડતાની અનુકૂળતાનો સંતોષ ધર્મીને હોતો નથી. આહાહા..! હમણાં માન મળ્યું, અભિનંદન અમને આપે લોકો, મોટા ઠરાવે, એમાં એને સંતોષ થાય પ્રેમ. મૂઢ છે કહે છે. આહાહા..! આવી વાત છે.

શશીભાઈ! આ તો ધર્મની વાત છે, બાપા!

તે '**સ્વ-સ્વરૂપમાં પ્રીતિ કરે છે,...**' ધર્માત્મા, પ્રબુદ્ધ આત્મા સ્વસ્વરૂપ પોતાનું, સ્વ નામ પોતાનું જ્ઞાન અને આનંદનું સ્વરૂપ પોતાનું ભગવાન આત્માનું એમાં એ સંતોષ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં પ્રીતિ કરે છે. આવે છે ને ઓલામાં? ૨૦૦ નહિ ગાથા? નિર્જરા. તેમાં રુચિ, પ્રીતિ, સંતોષ કરે બાપા! ભાઈ! અંદર તારી તત્ત્વ ચીજ છે ને. તત્ત્વ છે કે નહિ તું? અસ્તિ છે કે નહિ? મોજુદગી ચીજ છે કે નહિ? અને એ મોજુદગી ચીજનો સ્વભાવ શું? જે સ્વ-ભાવ-પોતાનો ભાવ એ તો જ્ઞાન અને આનંદ એનો પોતાનો સ્વભાવ છે. આહાહા..! એ જ્ઞાન અને આનંદને કરનાર પોતાથી સંતોષાય છે. સમજાણું કાંઈ?

જેના આનંદના સ્વાદ આગળ ધર્મીને ઈન્દ્રના ઈન્દ્રાસનો.. ન આવ્યું? ચક્રવર્તીની સંપદા ઈન્દ્ર સરીખા ભોગ, કાગવીટ સબ માનત હૈ સમકિત દૃષ્ટિ લોક. આહાહા..! કાગડાની વિષ્ટા. માણસની વિષ્ટા તો હજી ખાતરમાં કામ અને ભૂંડ પણ ખાય. પણ કાગડાની વિષ્ટા તો ખાતરમાં કામ ન આવે. કારણ કે એ સૂકીને નીકળે ખાતરને બગાડે. આહાહા..! એમ ધર્મી જીવને પોતાનો આત્મા જ્ઞાન અને આનંદનું સ્વરૂપનું ભાન થયું. એકવાર પણ અનુભવ થયો એને. આહાહા..! આ તો આનંદ, અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનો સાગર છે. એવા આનંદમાં પરના.. અજ્ઞાની પાણી મેલા પીવે છે ને? તો જ્ઞાની કહે છે કે મેલા પાણીમાં મજા માનનારા, એમ રાગ ને પરમાં મજા માનનારા મેલા પાણી પીનારા છે. આહાહા..! ભારે ફેરફાર કરવો પડે. ઉલટપલટ છે ભાઈ! આ બધા રાજ મળે ને ધૂળ મળે ને પાંચ પચાસ લાખ.

આ બાઈ નથી જુઓને અત્યારે. એની પાસે બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે. બે અબજ ચાલીસ કરોડ. સાત મહિનાથી અસાધ્ય છે. ગોવા-ગોવા. ગોવા છે ને આ? દિવ-દમણને. એના ઘણા વર્ષથી. હમણાં ભાઈએ ન કીધું સવા વર્ષથી. અમદાવાદ સવા વર્ષથી અસાધ્ય. આ તો સાધારણ. આ તો પૈસાવાળા. જેને ઘરે ચાલીસ લાખના બંગલા, જેને ઘરે બે અબજ અને ચાલીસ કરોડ. એની બહેનની દીકરીઓ આપણે અહીં છે બાળબ્રહ્મચારી. અહીં છે બે. ૬૨માં. ૬૨ થયું. ૬૪? ૬૨-૬૨. ૬૨ ને? ૬૪. ૬૨ હતી ને ૨ થઈ હમણાં. રાજકોટમાં થઈને ભાઈ? રાજકોટમાં બે બ્રહ્મચારી. નાની ઉંમરમાં. બે બાળ બ્રહ્મચારી થઈ હમણાં રાજકોટમાં. પાછળ રહેતી. ૬૪. એમાં એની બે દીકરીઓ છે. બહેનની દીકરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા મોહન ડોસા. મોહન ડોસા લીંબડીવાળા. બે દીકરી છે. એક મોહનભાઈ ડોસાભાઈની અને એક ઓલો બીજો આપણે વારંવાર આવતા. પારસ. પારસ નહિ? આવતો વ્યાખ્યાનમાં કાયમ આવતો. અત્યારે ઓલું થઈ ગયું છે. શરીર ઓલું થઈ ગયું છે. .. બે દીકરીઓ બાળબ્રહ્મચારી. ૬૨ ને બે વધારે. બહેનની નીચે ૬૪ થયા. પૂર્ણ થયું ૬૪. એય..! એ બહેનની નીચે છે બધી. બહેનને પ્રતાપે બધું થયું.

અહીં કહે છે, આવી આવી ચીજો હોવા છતાં.. અરેરે..! અસાધ્ય છે. એ શું સામગ્રી? અસાધ્ય છે. આહાહા..! અસાધ્ય તો જીવો પરને પોતાનું માનનારા એ અસાધ્ય છે. પોતાનું સાધ્ય જેને નથી.. જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ આત્મા છે. એનું જેને સાધ્ય નથી એ બધા અસાધ્ય છે. આહાહા..! ઓલા બાહ્યથી અસાધ્ય દેખાય. આ અભ્યંતરમાં અસાધ્ય છે એમ કીધું ને? જ્ઞાનનો પરાભવ કરનારા છે. આહાહા..! પાંચ પચ્ચીસ ઈંચ વરસાદ આવે, ખેડ સારી થાય, વર્ષ સારું પાકે. ખેડુ હોય ને એને જાણે પાક હોય મોટા આવડા આવડા ડુંડા થાય. અંદર જોવા જાય ત્યાં તો આમ જાણે... આહાહા..! જાણે શું થયું પાકીને!

આપણે છે ને ખુરઈમાં? ખુરઈમાં એ છે ઋષભકુમાર. મોટો કરોડપતિ છે. કૃષિ પંડિતની ઉપમા છે એને. સરકાર તરફથી. હમણાં ગયા હતા ને. પરમ દિ' ગયા હતા એના ઘરે ગયા હતા. મોટો પૈસાદાર ઘણો. પણ દીકરો-દીકરી નથી. સાત પેઢીથી એમ ને એમ ચાલ્યું આવે છે. દીકરા વિના અને દીકરા વિના. આ પણ દત્તક લીધો હતો એના ભાઈની. એની વહુ આપણે આવી ગઈ છે. મહિનો-મહિનો રહી જાય. આપણને કાંઈ ખબર નહિ. મહિનો-મહિનો. બહુ પૈસાવાળા. સાત સાત લાખના તો ઘરે મંદિર ઘરના, મકાનો ઘરના, કેટલા લાખોના તો ચણા પાકતા હશે, કેટલા લાખોના ઘઉં પાકતા હશે. માઈલ માઈલમાં આખી જમીનું ઘરની એની બધી. હમણાં પરમ દિ' ગયા હતા. કૃષિ.

મુમુક્ષુ :- બહુ સુખી.

ઉત્તર :- ધૂળેય સુખી નથી. સરકાર તરફથી કૃષિ પંડિત. અને એને ભાઈ કૃષિનું આવડે છે બધું. ખેતી કામમાં આમ કરવું, આમ કરવું. માઈલોમાં જમીનો ઘરની. મોટો રાજા. આમ નરમ માણસ હોં. ત્રણે દિ' અમારી પાસે જ રહ્યો. ઘરે આખો દિ'. એણે એવો નિર્ણય કરવાનો નહિ. એની વહુને ખબર. એ મહિનો-મહિનો રહી ગઈ છે. આપણને ક્યાં બાયુની ખબર ન હોય. મહિનો, પંદર દિ' બે વાર રહી ગયા. એય.. ઋષભકુમારની. મોટા બાદશાહ પણ હોં રાજાઓ. એ દુનિયા એમ માને કે આ સુખી છે. ધૂળેય નથી. આહાહા..!

મુમુક્ષુ :- તમે દુઃખી તરીકે દૃષ્ટાંત આપ્યું?

ઉત્તર :- એ દુઃખની વાતું છે આ દુઃખની આ. આહાહા..! અહીં તો જગતથી જુદી જાત છે ભાઈ આ તો. એ દુઃખીયા બિચારા. 'સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા.' એક આત્માના આનંદની લહેરમાં રહેનારા એ સુખી છે. બાકી બધા દુઃખીયા આખી દુનિયા દુઃખી છે. આહાહા..!

કહે છે '(આત્મસ્વરૂપમાં જાગૃત) આત્મા અંતરંગમાં સંતોષ કરે છે-સ્વ-સ્વરૂપમાં પ્રીતિ કરે છે, કેવો થઈને? બાહ્યમાં કૌતુકરહિત થઈને...' ભાષા જુઓ! કૌતુક શબ્દ પડ્યો છે ને છેલ્લો. કૌતુકનો અર્થ એવો છે કાંઈક આમ બીજી ચીજને દેખીને અંદરમાં વિસ્મયતા આવી જાય ઠીક. એ બધું કૌતુક છે. કૌતુક એટલે પરમાં સુખબુદ્ધિ છે એમ કહે છે. સમજાણું? આહાહા..! કુતુહલતા થઈ પરમાં, વિસ્મયતા લાગે, પૈસા, આબરૂ, કીર્તિ, શરીર, આદિ એ કૌતુક શબ્દ વાપર્યો છે.

આચાર્યે ગજબ કરી છે. કૌતુક એટલે આમ કુતુહલતા એટલે આહાહા..! આમાં ઠીક છે. કુતુહલથી જોવા માગે છે એ. આહાહા..! પરપદાર્થને કુતુહલથી જોવા માગે છે એ મૂઢ જીવ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્માને જોવાનું કુતુહલ કરતો નથી.

ઉત્તર :- એ કરતો નથી એટલે તો ઓલામાં કહ્યું છે ને? એકવાર કુતુહલ તો કર. ભાઈ! છ મહિના. આહાહા..! કોણ છે પણ આ? જેના આટલા વખાણ ચાલે એ છે કોણ આ? એને જોવા કુતુહલ તો કર. આહાહા..! એનો મૂકી દે કુતુહલ અને બહારનો કુતુહલ શબ્દ વાપર્યો આચાર્યે. કુતુહલનો અર્થ-હરખાઈ જાય છે આમ બહારમાં. એમ કહે છે. બહારની કાંઈક અનુકૂળતા દેખી, શરીરની, વાણીની, પૈસાની, આબરૂની, કીર્તિની, બાયડીની, છોકરાની, દુકાનની, ધંધાની. એમાં કુતૂહલતા એને હરખાઈ જાય છે. આહાહા..! મૂઢ છે. એય..! આહાહા..!

સનેપાતિયો જેમ વાત, પિત્ત અને કફના ત્રણે રોગ વધી ગયા હોય તો સનેપાત થાય. એમાં દાંત કાઢે. એ સુખી છે? સુખીના દાંત છે? આહાહા..! એમ આત્મામાં કુતૂહલતા છોડી દઈ અને પરપદાર્થમાં કુતૂહલતાથી જે માને સુખ જોવા માગે છે એ સનેપાતિયા દુઃખી છે. આહાહા..! દુકાનમાં સારો ધંધો ચાલે છે, પેઢીયું ઠીક ઠીક ચાલે છે. એમ વાતું કરે વાણિયા. નહિ? ધીકતી પેઢી. દસ-દસ પેઢી બે-પાંચ કરોડ રૂપિયા આમ નાખ્યા. કોઈ ઠેકાણે ૨૦ હજાર, લાખ આપીને એક ટકાનું વ્યાજ અને મહિને-મહિને જોવા જાવું દુકાને. આ શું? .. ન જાય. બધે આમ ચારેકોર પથારા પાથર્યા છે. શું છે પણ હવે?

મુમુક્ષુ :- બહારમાં મજા છે.

ઉત્તર :- મૂઢ છો.. આહાહા..! તારી મૂર્ખાઈના દર્શન છે કહે છે. એય..! આહાહા..! આચાર્ય મહારાજ કૌતુક શબ્દ વાપરીને અને એની કાંઈક વિશેષતા દેખાય છે એમ. પોતા સિવાયના પરપદાર્થમાં કાંઈક આમ સુખબુદ્ધિ, કુતૂહલતા, વિસ્મયતા, આશ્ચર્યતા, વીર્યમાં એને આમ કાંઈક-કાંઈક ઠીક બુદ્ધિ થઈ જાય છે એને અહીં કૌતુક કહે છે. આહાહા..!

અહીં તો આત્મતત્ત્વનું ભાન નથી એની વાતું છે બાપા! અને ભાન હોય એ જીવ પરમાં કુતૂહલ કરતો નથી એમ કહે છે. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! એ બધા જગતના ડહાપણને બધા.. .. પાકે છે એ પછી ચણા હતા બધા લીલા. એ અમને કાંઈક આપ્યા હતા કોકને નહિ સાથે રસોયાને. આપણે બચુભાઈ ત્યારે આવ્યો હતો ને. અધમણ કે મણ મોટા લીલા ચણા. શાક કરવા. ઘણો પાક. ગજબનો. મોટો ખેડુ. કેટલા લાખોની પેદાશ. છે વાણિયા. કીધું ધૂળમાંય નથી આમાં ક્યાંય. આહાહા..! સાંભળે. માણસ બહુ આમ દસ-દસ હજાર માણસ. ત્યાં એક આશ્રમ છે ભાઈ! ઓલા કોનું? ગુરુકુળ છે. .. હતા ત્યાં. ત્યાં હતા અને ગામથી માઈલ છેટું છે. ત્યાં માનસ્તંભનો મહોત્સવ. પણ માણસો દસ-દસ હજાર હોં. બહુ માણસો. ભાઈ આવ્યા હતા જગમોહનલાલજી. જગમોહનલાલજી પંડિત ત્યાં આવ્યા હતા. લોકો બિચારા સાંભળતા.

પણ આ ક્યાં વાતનો પ્રેમ-રસ લાગવો અંદર. બહારની વાતુના રસીલા એને આ આત્માની વાતનું રસિકપણું ભારે કઠણ છે. આહાહા..!

**'કેવો થઈને? બાહ્યમાં કૌતુકરહિત થઈને...'** હવે આ. આહાહા..! ધર્મી જીવને, પ્રબુદ્ધ આત્માને બાહ્ય પદાર્થમાં કુતૂહલતા, વિશેષતા કાંઈ ભાસતી નથી. કહો, સુજાનમલજી! પણ આ છોકરો ૧૨૦૦નો પગાર લાવે અને રોટલા ઘડવા પડે.

મુમુક્ષુ :- અત્યારે આપ ..

ઉત્તર :- વાત સાચી. આહાહા..! એ બધી સગવડતા ઝેરની સગવડતા. એમાં જેને પ્રેમ થાય છે, કુતુહલતા થાય છે એ મૂઢાત્મા છે. આહાહા..! અરે..! અહીં ત્યાગી થઈને પણ આબરૂ વધે, શિષ્યો વધે તો ખુશી થાય એ મૂઢ છે.

મુમુક્ષુ :- ધર્મનો ફેલાવો થાય છે ને.

ઉત્તર :- ધર્મનો ફેલાવો આત્મામાં થતો હશે કે બહાર થતો હશે? આહાહા..! સમજાણું કાંઈ?

**'કૌતુકરહિત થઈને – શરીરાદિમાં અનુરાગરહિત થઈને...'** એને અનુસરીને ઠીક છે એવો ભાવ છૂટી જાય છે. ધર્માત્માને બાહ્યને અનુસરીને રાગ થાય એ અનુરાગ છૂટી જાય છે. આહાહા..! નબળાઈનો રાગ થાય એ જુદી વસ્તુ છે. પણ એના અનુસરીને થાય, કુતુહલતાના પ્રેમ ને વિશેષતા દેખીને એ તો મિથ્યાત્વનો રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો સમજાય છે એય.. રસિક! સવારે તો ઝીણું હતું. પણ હવે સાંભળવું પડશે અને કરવું પડશે. આ મરી જાય ચોર્યાસીના અવતારમાં જુઓને. આહાહા..! હમણાં તો કેટલાય હાર્ટફેઈલનું સાંભળીએ છીએ. ફલાણાને હાર્ટફેઈલ થઈ ગયું. ઢીકણાને આમ થયું. આહાહા..!

**'ભાવાર્થ :- જ્ઞાનીને પ્રશ્ન પૂછેલો કે, તમે બહિરાત્માને આત્મસ્વરૂપનો બોધ કેમ કરતા નથી?'** મૂઢ જીવોને તમે કેમ સમજાવતા નથી? **'તેના પ્રત્યુત્તરમાં એમ કહ્યું કે :- (૧) બહિરાત્માઓ વસ્તુ સ્વરૂપથી તદ્દન અજ્ઞાત છે.'** એને આત્મા અને પર શું ચીજ છે ભિન્ન, બેયની વસ્તુસ્થિતિથી અજ્ઞાત છે. આહાહા..! **'તેઓ એટલા મૂઢ છે કે તેમને બોધ કરો કે ન કરો,...'** પત્થર ઉપર પાણી જેવું છે. એવા પકડાઈ ગયા છે પરમાં. એને બોધ કરે તોપણ સમજશે નહિ.

**'તેમને માટે બધું સરખું છે.'** એ આવી ગયું શ્લોક-૯૮માં. મૂઢ છે. કાંઈ ભાન જ ન મળે. આહાહા..! ગાંડા થઈને ગાફેલ થઈને ફરે છે. પાગલ-પાગલ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાગલ જ આખી દુનિયા છે. જેને ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એની ખબર ન મળે અને આ બહારની ખબર. પાગલ છે બધા. આહાહા..!

જેને જન્મ-મરણના ફેરામાં રખડવું છે એવા પાગલો આત્માના ભાનને કરતા નથી. આહાહા..! પોતાની કિંમતને ટાંકતા નથી. અને બાહ્ય ચીજની કિંમતમાં ઘુસાઈ ગયા છે, દોરાઈ

ગયા છે. એય..! આહાહા..! કહો, સમાધિનો અધિકાર છે ને?

બીજો. '**આત્મસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે.**' ભગવાન આત્મા તો અંતરના સ્વ નામ પોતાના જ્ઞાનથી સમ નામ પ્રત્યક્ષ જણાય એવી ચીજ છે. એ કોઈ શબ્દોથી સાંભળવાથી જણાઈ જાય. આહાહા..! એવી ચીજ નથી. '**આત્મસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છે.**' સ્વ નામ પોતાના, સં નામ પ્રત્યક્ષ જ્ઞાનના વેદનથી ગમ્ય છે. આહાહા..! એ રાગથી અને વાણીથી અને સાંભળવાથી પણ ગમ્ય નથી. એ તો કહ્યું હતું, નહિ? વિકલ્પ જે ઊઠે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શુભ વિકલ્પ રાગ છે. એ રાગની તાકાત નથી કે જાણી શકે આત્માને. કારણ કે રાગ પોતે જ અજ્ઞાન છે, અચેતન છે. રાગની સ્થિતિ પોતે શું છે એ રાગ જાણતો નથી અને રાગ કઈ ભૂમિકામાં અસ્થિર(તાનો) એને થાય એની ખબર નથી. આહાહા..!

એથી રાગની તાકાત નથી કે ચૈતન્યના સ્વભાવને જાણી શકે. એ તો પોતાના સ્વભાવની જ્ઞાન પર્યાય નિર્મળ એ એને જાણે સ્વસંવેદનથી જણાય એવો આત્મા છે. આહાહા..! આ બધા લૌકિક ભણતર સંસારના. મેટ્રીક ને એલ.એલ.બી ને એમ.એ.ના પૂંછડા. .. ડોક્ટર એમ. એ. થાય. વકીલો એલ.એલ.બી. થાય. પૂંછડા છે બધા અજ્ઞાનના. આહાહા..! મૂઢાત્માઓ આત્માના ચમત્કારને ન જાણતાં બહારની ચીજમાં એને ચમત્કારથી એને વિસ્મયતા લાગે છે. આહાહા..!

ઓલો કોક કહેતો હતો નહિ કાલે? પારસી નથી ઈન્દિરા પાસે? એક મોટો પારસી છે. વકીલ પાલખીવાળો. એ છૂટો થઈ ગયો. એનું ભેજું ત્રણ લાખમાં માગે છે અત્યારે.

મુમુક્ષુ :- એ તો મરી ગયા પછી.

ઉત્તર : એની વાત નહિ આ તો લોકોને કેટલી કિંમત છે બહારની. ભેજાવાળો એ બધું શીખ્યો જાણે. આપણે રામજીભાઈ કાઠિયાવાડમાં ભેજાવાળા ગણાતા. એ વળી . ભેજાવાળો ગણાતો હશે. એવું કહે છે કોક સાંભળે આપણે ક્યાં. ચેતનજી કહેતા હતા. કે એનું ત્રણ લાખનું ભેજુ માગે છે. ત્રણ લાખ મરી જાય પછી હોં. હવે એની કિંમતું. આહાહા..! ભગવાન અંદર ત્રણ લોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એની કિંમતની એને ખબર ન મળે. આહાહા..!

'**અને તે સમજે પણ નહિ, એટલે તેમને બોધ કરવો વ્યર્થ છે.**' આહાહા..! બે શ્લોકનું થયું ને ૫૮-૫૯માં.

'**આ શ્લોકમાં ૬૦માં એમ કહ્યું છે :- અનાદિ મિથ્યાત્વને લીધે...**' ભ્રમણા. ચૈતન્યના ભાન વિનાના પ્રાણી અંતર આત્મા સચ્ચિદાનંદ હીરલો શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ... આહાહા..! એના અજ્ઞાનને લઈને, મિથ્યાત્વને લઈને. આહાહા..! '**બહિરાત્માને સ્વ-પરનું ભેદ-વિજ્ઞાન નથી,...**' શરીર એ પર છે. મારી ચીજ આનંદની સ્વ છે. એને જુદાઈનું જ્ઞાન નથી એને.

'**તેને આત્મસ્વરૂપનું ભાન નથી;...**' '**સ્વ-પરનું ભેદ-વિજ્ઞાન નથી, તેને આત્મસ્વરૂપનું ભાન નથી; તેથી તે શરીરાદિ બાહ્ય પદાર્થોમાં જ આનંદ માને છે,...**' બસ. આહાહા..! સારી રસોઈ થઈ આમ મૈસુબ ને પતરવેલીયાના ભજીયા ઘીમાં તળેલા. અળવીના પાંદડા નથી

થતાં અળવી? ચણાના વાટા કરીને, કટકા કરીને. આહાહા..! મૂર્ખાઈના કાંઈ ગામ જુદા હોય છે? કહે છે. આમાં આનંદ માને એ જડમાં. ભગવાન આનંદનો નાથ અંદર બિરાજે છે. જેનું સ્વરૂપ જ અતીન્દ્રિય આનંદ જ જેનું સ્વરૂપ છે. આહાહા..! એ વિષયમાં આનંદ માને, મૂર્ખ મોટો છે, બહિરાત્મા છે. આહાહા..! પાંચ-પાંચ હજાર રૂપિયાનું દનિયું લેતું હોય મોટો વકીલ, તોપણ કહે છે, મૂર્ખ છે મોટો.

મુમુક્ષુ :- આપ મૂરખ કહો છો, દુનિયા તો ડાહ્યો.

ઉત્તર :- દુનિયા તો ડાહ્યા. પાગલ તો પાગલને સારો કહે ને. પાગલની હોસ્પિટલ હોય એમાં પાગલ મોટો હોય એને સારો કહેવાય. આહાહા..!

આ પરમાત્મપ્રકાશમાં આવ્યું હતું ને ભાઈ! પરમાત્મપ્રકાશમાં આવ્યું હતું. ધર્મી જીવને જગત પાગલ કહે છે. આવી વાતું. આત્મા આવો.. આત્મા આવો... ધર્મી એ જગતને પાગલ માને છે.

મુમુક્ષુ :- એ તો સામ સામે બે છોકરા બાધતા હોય એવું.

ઉત્તર :- બાધવાની વાત નથી. આ તો એને કિંમત નથી એને આત્માની એને બહારની કિંમતવાળાઓને ઉડાડવા માગે જ્યારે આત્મા ત્યારે એમ કહે છે એ મારા. હજી ન દેખાય એમાં આનંદ, દેખાય એમાં વાતુ ભારે ભાઈ! પાગલ જેવી વાતું કરે છે એમ લાગે અજ્ઞાનીને. પણ ન દેખાય એવો નિર્ણય કરનાર કોણ? ન દેખાય એવો નિર્ણય કરનારો દેખાય છે. આહાહા..! ન દેખાય એવો નિર્ણય એના અસ્તિત્વમાં જણાવે છે. આહાહા..! હું જણાઉ નહિ એ જ કહે છે કે હું કાંઈક છું. આહાહા..! એ જણાઉં નહિ એવો પણ છું એ જાણનાર તે હું છું. એ નહિ જણાઉ એવો જે એનો જાણનાર એ હું છું. એમાં એ અસ્તિત્વ એની મોજૂદગી સિદ્ધ કરે છે. પણ એની ઉપર નજર છે નહિ એને ખબર નથી. આહાહા..! દુનિયાના ડહાપણ આડે પોતાનું ડહાપણ ભૂલી ગયો. જ્ઞાની પોતાના ડહાપણ આડે દુનિયાના ડહાપણની કિંમત ઊડી ગઈ એને. આહાહા..! પાંચ-પાંચ હજારનો પગાર લાવતો હોય, દસ હજારનો પગાર લાવતો હોય. એક એક દિ' ના વકીલો મોટા બબ્બે હજાર કામે. ઓલા હતા ને ભુલાભાઈ નહિ મોટા? ભુલાભાઈ બે હજાર લેતા. એક દિવસના બે હજાર. એમાં શું થયું ધૂળ? આહાહા..! પાગલ જેવા છે બધાય. પાગલ જેવા કે પાગલ?

મુમુક્ષુ :- પાગલ જ.

ઉત્તર :- જેવા કહે તો શું કહેવાનું? આહાહા..!

અહીં એ જ કહે છે, જે શરીરાદિ બાહ્ય પદાર્થો એમાં આનંદ નથી અને આનંદ માને છે, આનંદ તો આત્મામાં છે. આહાહા..! હરણની નાભીમાં કસ્તુરી, હરણની નાભીમાં કસ્તુરી, પણ એની ગંધ પવનને લઈને ફેલાઈ ગઈ બહાર બહુ આમ. એટલે એ ગંધ જાણે બહારથી આવે છે એમ શોધવા જાય માળો. પવન વાય જંગલમાં અને અહીંથી ગંધ ફેલાય આમ. એટલે જાણે અહીં હશે? અહીં હશે ગંધ? પણ અહીં છે એની ખબર નથી એને. એમ આનંદનો નાથ ભગવાન

એની નાભી અંદરમાં, અતીન્દ્રિય આનંદ પડ્યો છે. મૃગલા જેવા જીવો એ આનંદ અને બહારની ચીજમાં શોધે છે. આહાહા..! મૂઢાત્મા છે. મૂઢાઈ ગયા છે. નુન્નર થઈ ગયા નુન્નર. નુન્નર એટલે નન્નુર. નન્નુર એટલે તેજ વિનાના. આમ તો આપણે નુન્નર શબ્દ કહીએ. પણ ખરો શબ્દ તો એનો નન્નુર છે. નનુર-તેજ નહિ. તેજ વિનાના. આહાહા..!

તેજી ઘોડી હોય એને ચાબખો મારવો ન પડે. આમ જરી કરે ત્યાં વેગ કરે. ગધેડાને ડાફણા મારવા પડે. ત્યારે ચાલે. એ તેજવાળી જે હોય એને આંખમાં ઓલો ચાબકો આમ કરે ત્યાં એની નજર જાય એટલે એકદમ ગતિ કરે. આહાહા..! એમ પાત્ર જીવો સત્‌ને સાંભળતા એની તેજવાળા છે તેની ગતિ અંદરમાં જાય છે. ગધેડાને ડફણા મારે. એય..! આહાહા..! કરૂણાથી છે એ.

ભાઈ આપણે ગોઠવ્યું છે રમેશ. વીંછીયાવાળા. ઘાટકોપર છે ને? વ્યાખ્યાનમાં આવ્યું હતું બધું ગોઠવ્યું છે એણે. ભક્તિના ગાયનોમાં. 'તેજી ઘોડીને ચાબખા ન હોય, ગધેડાને ડફણા હોય' એ ગોઠવ્યું છે એણે. રમેશ નહિ રમેશ? વીંછીયાવાળા. પ્રેમચંદભાઈના દીકરાના દીકરા. પ્રેમચંદ લક્ષ્મીચંદ. હુશિયાર છે. ગાયન, ભક્તિ બોલે છે. ઓહોહો..!

કહે છે '**આનંદ માને છે, તેમાં જ અનુરાગ કરે છે,...**' આહાહા..! એટલે કે આત્માને અનુસરતો ભૂલી અને પરપદાર્થને અનુસરીને વલણવાળા છે. આહાહા..! અનુરાગ કરે છે. '**પણ આત્મસ્વરૂપનો મહિમા લાવી તેમાં પ્રીતિ કરતા નથી. તેનું કારણ – અવિદ્યાના ગાઢ સંસ્કારથી તેનું જ્ઞાન મૂર્છાઈ ગયું છે,...**' આહાહા..! ભ્રાંતિના જ્ઞાનથી સંસ્કારથી એનું જ્ઞાન મૂર્છાઈ ગયું, મૂર્છાઈ ગયું. મૂર્છા આવી ગઈ. આહાહા..! લક્ષ્મણ જેવા પણ ઓલા રાવણની શક્તિ લાગીને મૂર્છા આવી ગઈ હતી ને? લક્ષ્મણને-લક્ષ્મણને. રામચંદ્ર જેવા મહાપુરુષ એ ભવમાં મોક્ષ જનારા. એના ભાઈ લક્ષ્મણને રાવણની શક્તિ વાગી. અસાધ્ય. સવારે જો નહિ જાગે તો દેહ છૂટી જશે. એવું લોકોને લાગ્યું. આ તો જાણે કે આ (વાસુદેવ) છે. (વાસુદેવ)ને દેહ છૂટે નહિ. પણ એવી શંકા લોકોમાં જાગી. શક્તિથી મૂર્છાઈ ગયેલા. આહાહા..! એમ અનાદિના અજ્ઞાની અજ્ઞાન અને મિથ્યાત્વની શક્તિથી મૂર્છાઈ ગયા છે. એ રાવણની શક્તિથી મૂર્છાણા છે. આહાહા..! '**આચ્છાદિત થઈ ગયું છે; તે છે.**'

'**અન્તરાત્માને વિવેક-જ્યોતિ પ્રગટ થઈ છે,...**' આહાહા..! અરે..! હું તો આત્મા જ્ઞાનસ્વરૂપી આનંદ. હું શરીર પણ નહિ, વાણી નહિ, રાગ નહિ, આહાહા..! એ દયા, દાનના પરિણામ થાય વિકલ્પ એ હું નહિ. એ તો વિકાર, દુઃખરૂપ દશા. સમજાણું કાંઈ? જગતથી વાત જુદી બહુ ભાઈ. અને અત્યારની પ્રણાલિકા. હા-હો... હા-હો... અત્યારે જુઓને આ ખળભળાટ થઈ ગયો છે. ઓલાને પકડ્યા છે ને કાંઈક. છસ્સો સાડા છસ્સોને. ખળભળાટ. કોક તો વળી કાલે કહેતું હતું એનો જે વિશ્વાસુ માણસ જગજીવન, ઈંદિરાનો વિશ્વાસુ લ્યો. જગજીવન હતો. એને પકડ્યો છે. ખળભળાટ થઈ ગયો. ઓલીની વિરૂદ્ધ થયો હશે તો પકડ્યો એને. એનો વિશ્વાસુ માણસ. જુઓને આ જગતમાં. છોકરાઓ વાતું કરે. આહાહા..! એવું ખળભળાટ જગતમાં

અત્યારે ચાલે છે. આહાહા..! અંતર ચીજને જોવાને વખત મળતો નથી એને. આવી વાતું સાંભળે એને એવું લાગે કે આહાહા..! અનાદિથી ચાલ્યું જાય છે. એ કાંઈ નવું નથી બાપા! આહાહા..!

**'તેથી તેને શરીરાદિ બાહ્ય પદાર્થોમાં પ્રીતિ નથી.'** ધર્માત્માને. **'તેમાં તેને ક્યાંય સુખ ભાસતું નથી.'** આત્મામાં આનંદ ભાસે એને ક્યાંય સુખ ભાસતું નથી. આહાહા..! **'તે તરફ તે બહુ ઉદાસીન રહે છે. તે ત્યાંથી હઠી સ્વ-સન્મુખ થઈ આત્મસ્વરૂપમાં સ્થિર થવા માટે સદા પ્રયત્નશીલ છે.'** આહાહા..! **'જ્યાં એને આવી જ્ઞાનદશા વર્તતી હોય, ત્યાં બીજાઓને બોધ દેવાનું તેને કેમ ગમે?'** એમ કહે છે. આ તો વિકલ્પ. આહાહા..! અને બીજા સમજે, ન સમજે એ કાંઈ એનાથી.. જે વિકલ્પ ઉઠે એને થોથા બનાવી દીધા. આહાહા..! નિરર્થક છે, કહે, બીજાને સમજાવું. હું મારામાં રહું નહિ હવે? આહાહા..!

**'બીજાઓને બોધ દેવાનું તેને કેમ ગમે? ન જ ગમે.'** આહાહા..! કેમકે અંતરમાં સ્વરૂપ તરફની વલણદશામાં જેને તૈયારી વિશેષ છે એને બહારના વિકલ્પમાં એની તૈયારી હોતી નથી. એટલું કહીને વિશેષ સમજાવે અંતરમાં...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**कुतोऽसौ शरीरादिविषये निवृत्तभूषणमण्डनादिकौतुक इत्याह–**

**न जानन्ति शरीराणि सुखदुःखान्यबुद्धयः।**
**निग्रहानुग्रहधियं तथाप्यत्रैव कुर्वते।।६१।।**

**અતન સુખ-દુઃખ જાણે નહિ, તથાપિ એ તનમાંય,**
**નિગ્રહ ને અનુગ્રહ તણી બુદ્ધિ અબુધને થાય. ૬૧.**

**टीका :– सुखदुःखानि न जानन्ति। कानि? शरीराणि जडत्वात्। अबुद्धयो बहिरात्मनः तथापि यद्यपि न जानन्ति तथापि अत्रैव शरीरादावेव कुर्वते। कां? निग्रहानुग्रहधियं द्वेषवशादुपवासादिना शरी–रादेः कदर्थनाभिप्रायो निग्रहबुद्धिं रागवशात्कटककटिसूत्रादिना भूषणाभिप्रायोऽनुग्रहबुद्धिम्।।६१।।**

---

**ક્યા કારણે તે (અન્તરાત્મા) શરીરાદિ વિષયમાં ભૂષણ-મંડનાદિમાં અનુરાગરહિત (ઉદાસીન) હોય છે? તે કહે છે :-**

**શ્લોક – ૬૧**

**અન્વયાર્થ :- અન્તરાત્મા વિચારે છે કે - (शरीराणा) શરીરો (सुख–दुःखानि न जानन्ति) સુખ તથા દુઃખને જાણતાં નથી. (तथापि) તેમ છતાં (अबुद्धयः) મૂઢ જીવો (अत्र एव) એમાં જ એટલે એ શરીરોમાં જ (निग्रहानुग्रहधियं) નિગ્રહ અને અનુગ્રહની બુદ્ધિ (कुर्वते) કરે છે.**

**ટીકા :- સુખ દુઃખ જાણતાં નથી. કોણ (જાણતા નથી)? શરીરો જડપણાને લીધે (જાણતાં નથી); બુદ્ધિ વિનાના બહિરાત્માઓ તેમ છતાં અર્થાત્ (શરીરો) જાણતાં નથી**

તેમ છતાં, એમાં જ એટલે શરીરાદિમાં જ કરે છે. શું (કેર છે)? નિગ્રહ-અનુગ્રહની બુદ્ધિ (કરે છે) - અર્થાત્ દ્વેષને આધીન થઈ ઉપવાસાદિ દ્વારા શરીરાદિને કૃશ કરવાનો અભિપ્રાય તે નિગ્રહ-બુદ્ધિ અને રાગને આધીન થઈ કંકણ, કટિસૂત્રાદિ વડે (શરીરાદિને) ભૂષિત કરવાનો (શણગારવાનો) અભિપ્રાય તે અનુગ્રહ-બુદ્ધિ (કરે છે).

ભાવાર્થ :- શરીરો અચેતન - જડ છે. તેમને સુખ-દુઃખ નથી, તેમ જ તેમને જ્ઞાન નથી; તેમ છતાં બુદ્ધિ વિનાના બહિરાત્માઓ દ્વેષવશ ઉપવાસાદિ દ્વારા તેમને (શરીરોને) નિગ્રહ કરવાની અર્થાત્ કૃશ કરવાની બુદ્ધિ કરે છે અને રાગવશ તેમને કંકણ, કટિસૂત્ર (કંદોરો), આદિ વડે વિભૂષિત કરી અનુગ્રહ (કૃપા) કરવાની બુદ્ધિ કરે છે.

બહિરાત્માને દેહાધ્યાસ છે એટલે દેહમાં તેને આત્મબુદ્ધિ છે; તેથી તેને શરીરાદિ વિષે નિગ્રહ-અનુગ્રહ બુદ્ધિ રહે છે, પરંતુ અન્તરાત્માને ભેદજ્ઞાન વર્તે છે. તે આત્માને શરીરાદિથી અત્યંત ભિન્ન માને છે. તેને તેની સાથે એકતાબુદ્ધિ નથી, તેથી તેને શરીરાદિ વિષે રાગદ્વેષ કે અનુગ્રહ-નિગ્રહબુદ્ધિનો શ્રદ્ધામાં અભાવ હોય છે. અસ્થિરતાને લીધે શરીરાદિ શણગારવાનો રાગ આવે, પણ અભિપ્રાયમાં તેનો સ્વીકાર નથી, તેને તે દોષ માને છે, એટલે તે શરીરાદિ પર પદાર્થો પ્રત્યે ઉદાસીન હોય છે.

### વિશેષ

અજ્ઞાનીઓ માને છે કે શરીરાશ્રિત ઉપવાસ, વ્રત, નિયમાદિથી શરીરને કૃશ કરતાં ઈન્દ્રિયોનો નિગ્રહ થાય છે, વિષયોમાં તેમની પ્રવૃત્તિ અટકી જાય છે અને તેથી રાગ-દ્વેષાદિ થતાં નથી; પણ આ માન્યતા ભૂલ ભરેલી છે, કારણ કે શરીરાશ્રિત[૧] ઉપવાસ કરવા, પંચાગ્નિ તપ કરવું, મૌન રાખવું, તાટક કરવું, અનેક યોગ-આસનો કરવાં, વગેરે પૌદ્‌ગલિક જડ ક્રિયાઓ છે. તેનો સંબંધ શરીર સાથે છે, આત્મા સાથે નથી. શરીર જડ છે. તેને સુખ-દુઃખ હોતું નથી. અજ્ઞાનીને શરીર સાથે એકતાબુદ્ધિ છે, તેથી તે શરીરની જે અવસ્થાઓ થાય? છે તે પોતાની (આત્માની) થઈ માને છે, એ તેનો ભ્રમ છે.

વળી અજ્ઞાની મોહવશાત્ વસ્ત્ર-આભૂષણાદિ દ્વારા શરીર ઉપર અનુગ્રહ (ઉપકાર) કરવાની બુદ્ધિ કરે છે, કારણ કે તેને દેહાધ્યાસ છે-શરીરમાં તેને આત્મબુદ્ધિ છે, એટલે તેના પ્રત્યે રાગના કારણે તેવો અનુગ્રહ કરવા ઈચ્છે છે, પરંતુ આ પણ તેનો ભ્રમ છે.

માટે શરીર વિષે નિગ્રહ-અનુગ્રહબુદ્ધિ કરવી તે અજ્ઞાનતા છે. ૬૧.

---

૧. જાઓ : 'શરીરાશ્રિત ઉપવાસાદિ માટે 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગુ. આવૃત્તિ પૃ.૨૨૯ અને ૨૪૪.
("... જો દેહાશ્રિત વ્રત-સંયમને પણ પોતાનાં માને (અર્થાત્ પોતાને તેનો કર્તા માને) તો તે મિથ્યાદષ્ટિ છે..." પૃ.૩૪૪.

**જેઠ વદ ૭, સોમવાર તા. ૩૦-૦૬-૧૯૭૫**
**શ્લોક - ૬૧-૬૨,**
**પ્રવચન - ૭૬**

ઉવજ્ઝાયાણં. એમ આવે છે ને? કાંઈક ફેર નહોતો કરતો ઓલો કોટામાં? એક સંગીતમાં નોકાર ઉતાર્યા. બોલે છે. નમો અરિહંતાણં. નહોતો બોલાવતો? કોટામાં. એના ઉપર આખું ગાયન. નમો અરિહંતાણં, નમો ઉવજ્ઝાયાણં. એવું કાંઈક હતું. છે? એ શબ્દ કાંઈક વધારે છે આમાં. લંબાવતો હતો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. ઉવજ્ઝાયાણં. આઈરિયાણં, ઉવજ્ઝાયાણં. એ કાંઈક કહેતો હતો પછી. વ્યાખ્યાન પૂરું થાય ને પછી બધી સભાને થોડું.. બોલતો હતો.

૬૧ ગાથા. '**ક્યા કારણે તે (અન્તરાત્મા) શરીરાદિ વિષયમાં ભૂષણ-મંડનાદિમાં અનુ-રાગરહિત (ઉદાસીન) હોય છે? તે કહે છે :-**'

**न जानन्ति शरीराणि सुखदुःखान्यबुद्धयः।**
**निग्रहानुग्रहधियं तथाप्यत्रैव कुर्वते।।६१।।**

'**ટીકા :- સુખ દુઃખ જાણતા નથી. કોણ (જાણતા નથી)? શરીરો...**' શરીર તો જડ છે એને સુખ-દુઃખ ક્યાં છે? '**જડપણાને લીધે (જાણતાં નથી); બુદ્ધિ વિનાના બહિરાત્માઓ, તેમ છતાં...**' શરીરો જાણતાં નથી તેમ છતાં એમાં જ એટલે શરીરમાં જ કરે છે. '**શરીરાદિમાં જ કરે છે. શું (કરે છે)? નિગ્રહ-અનુગ્રહની બુદ્ધિ (કરે છે)...**' શરીરને કૃશ કરવું, પાતળું પાડવું, ઉપવાસ કરવા એવી અજ્ઞાનીઓ શરીરને કૃશ કરવાની બુદ્ધિ રાખે છે. જરી સમાધિનો અધિકાર છે ને?

કહે છે, એ શરીરમાં જ '**નિગ્રહ-અનુગ્રહની બુદ્ધિ (કરે છે) - અર્થાત્ દ્વેષને આધીન થઈ ઉપવાસાદિ દ્વારા શરીરાદિને કૃશ કરવાનો અભિપ્રાય તે નિગ્રહ-બુદ્ધિ...**' શરીરને કૃશ કરું તો ઇન્દ્રિયદમન થાય. શરીરને અપવાસ કરું તો ઇન્દ્રિયો કાબુમાં રહે એવો મિથ્યાદૃષ્ટિનો અભિપ્રાય છે કહે છે. આહાહા..! કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- .. વર્ષીતપ કર્યા હતા.

ઉત્તર :- વર્ષીતપ એ બધા વર્ષીતપના કરનારા. આહા..!

એ અહીં નાખે છે જુઓને. શરીર જાણતા નથી, શરીરને ખબર નથી કે આ કૃશ થાય છે

માટે મને લાભ થાય છે. આહાહા..! એ શ્વેતાંબરમાં દશવૈકાલિકના આઠમા અધ્યયનમાં એ ગાથા આવે છે. 'દેહે દુઃખમ્ મહાફલં' 'દેહે દુઃખમ્ મહાફલં' પણ દેહને દુઃખ ક્યાં હતું? આહાહા..! એમ કે શરીર કૃશ કરે, દુઃખ થાય તો જીવને લાભ થાય. અજ્ઞાની.. દ્વેષ છે, એ શરીર ઉપર દ્વેષ છે એને. આહાહા..! જ્ઞાનીને જે હોય છે એ તો આનંદના (સ્વાદ સહિત) ઈચ્છા નિરોધથી અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે એથી એને ઈચ્છા ઉત્પન્ન થતી નથી, એથી એને આહારનો યોગ ન હોય એને ઉપવાસ કહેવામાં આવે છે.

આ તો એને પોતાનો અભિપ્રાયને શરીરને પાતળું કૃશ કરું તો ઈન્દ્રિયદમન થાય, તો ઈન્દ્રિય વશ થાય એ અભિપ્રાય મિથ્યા છે કહે. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું? નિગ્રહ શરીરાદિને જાણતા નથી. '**દ્વેષને આધીન થઈ ઉપવાસાદિ દ્વારા...**' ઉપવાસ, ઉણોદરી, રસત્યાગ આદિ '**શરીરાદિને કૃશ કરવાનો અભિપ્રાય...**' શરીર પાતળું પડે તો ઈન્દ્રિયદમન થાય. જડને શું છે પાતળું પાડે કે નહિ? અને પાતળું પાડવું એ આત્માના અધિકારની વાત છે? એ તો એને પાતળું કૃશ થવાનો કાળ હોય તો કૃશ થાય. અજ્ઞાનીને બહારમાં દેખાવ કરવો છે ને? આહાહા..!

ઈચ્છાનિરોધ આવે છે હોં તપ. મૂળ પાઠમાં આમાં આવે છે. પ્રવચનસાર. ૧૪૩ ગાથા આવે છે ને ૧૪૩. પાઠમાં આવે છે. ૧૪૩ છે. '**अत्र यदाप्यतीतान्तकाले दुर्लभायाः सर्वप्रकारोपादेयभूतायाः सिद्धगतेः कालभब्धिरूपेणे बहिरङसहकारी भवति कालस्तथापि निश्चयनयेन निजशुद्धात्मतत्त्वसम्यक् श्रद्धानाज्ञानानुष्ठान समस्त पर द्रव्येच्छा निरोध लक्षणतप।**' આમાં નીકળશે શબ્દ. સર્વ પરદ્રવ્ય ઈચ્છાનિરોધ લક્ષણ તપ. આનંદના ભાનમાં રહેતા ઈચ્છા ઉત્પન્ન થતી નથી એથી એને આહારનો યોગ નથી. આહાર એને આવવાનો નહોતો. આહાહા..! આવું છે. એ આહારને છોડું, ગ્રહણ કરું એ મિથ્યાત્વભાવ છે. કારણ કે પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. આહાહા..! છે ને? ત્યાગ-ઉપાદાન. ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ શક્તિ. એ ગુણ છે એનો કે પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એમાં છે જ નહિ. સમજાણું કાંઈ? પણ આ છોડું.. આ છોડું.. તો એ જડનો સ્વામી થાય છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

પાણી ન લઉં. એ પણ લઈ શકે છે કે દિ'? અને છોડી શકે છે કે દિ'? આહાહા..! સમજાણું કાંઈ? એ તો આનંદ, જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એ તો ન આવવાના હોય એને જાણે અને આવવાના હોય એને જાણે, એ લાવે અને કરે એ કાંઈ છે નહિ એમાં. ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ શક્તિ, ભગવાન આત્મામાં રજકણમાત્રનો ત્યાગ અને રજકણનું ગ્રહણ, એનાથી એનો શૂન્ય સ્વભાવ છે. ચંદુભાઈ! આહાહા..! આ વર્ષીતપવાળા એ તો બધાં કંઈક એ તો બધા મિથ્યાત્વના પોષક બધા.

મુમુક્ષુ :- ઊભા-ઊભા

ઉત્તર :- ઊભા-ઊભા . ... આ તો એમ કે લાખોપતિની વહુ આવા અપવાસ કરે એને એ કહે છે કે લાંઘણ છે. ૯૦ની સાલમાં કહ્યું તું! રાજકોટ.

અહીં તો પરદ્રવ્ય ઇચ્છાનિરોધ લક્ષણ. પરદ્રવ્યનો ત્યાગ એમ નહિ. પરદ્રવ્ય પ્રત્યેની જે વૃત્તિનું વલણ હતું તેને ઉત્પન્ન થવા ન દે કેમ કે અતીન્દ્રિય આનંદના સ્વાદના પ્રેમમાં એ ઇચ્છા ઉત્પન્ન થતી નથી એને ઉપવાસ કહેવામાં આવે છે. આહાહા..! જેઠાભાઈ! શું આ બરાબર? અત્યાર સુધી કર્યું હતું ને બધું?

મુમુક્ષુ :- એ તો અનાદિથી ચાલે છે ને.

ઉત્તર :- આ તો દાખલો મોઢા આગળ બેઠા. ઉના પાણી પીતા. આહાહા..!

અહીં તો '**इच्छा निरोध लक्षणतपश्चरणरुपा या तु निश्चय चतुर्विधाराधना सैव तत्रोपादानकारणं**' એ આત્માને આદરણીય છે. આહાહા..! '**नच कालस्तेन कारणेन स हे**' કાળ નિમિત્ત છે પણ હેય છે. આમાં નીકળ્યું આ પાઠમાં. સંસ્કૃત પાઠ છે. કહે છે, ધર્મી જીવને તપસ્યા કેવી હોય એને? કે અતીન્દ્રિય આનંદના સ્વાદમાં ઉગ્રપણે આવ્યો એથી એને ઇચ્છા ઉત્પન્ન ન થાય અને અતીન્દ્રિય આનંદની તપસ્યા અંદર થઈ. તપન્તે. સોનું જેમ ગેરુથી ઓપે અને તપે, એમ આનંદનો સ્વભાવ શોભે સુંદરરૂપે અંદર એનું નામ અપવાસ છે.

અહીંયાં કહે છે અજ્ઞાની.. મોક્ષમાર્ગમાં પણ એમ આવે છે. આત્માનું જ્યાં ભાન, સ્વરૂપ એનું જ્યાં ભાન નથી એને આ દ્વેષથી બધો ત્યાગ છે. એ કહે છે. '**દ્વેષને આધીન થઈ ઉપવાસાદિ...**' વિનય કરે બહુ આમ. આહાહા..! એક ફેરી ઓલા બૌદ્ધ-બૌદ્ધનું શું કહેવાય એ? ગયા ગયા ને? ગયામાં ગયા હતા? ગયા નહિ? ત્યાં ગયા હતા. બૌધગયા. ત્યાં ગયા હતા. એને જોવા ગયા હતા નહિ? એક બૌદ્ધ હતો તે આમ ને આમ પગે લાગતો હતો. આવા અક્કલ વિનાના. એમ ને એમ મજૂરી કરતા. બૌદ્ધની મૂર્તિ હતી એની સામે. અને ત્યાં ઓલો ગોરો ઊભો હતો. અહીં નહોતો આવ્યો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. એ ગોરો ઊભો હતો ત્યાં. અહીં કહે કે હું જૈન છું. ત્યાં ગ્યો તો બૌદ્ધની મૂર્તિ સામે. ગયામાં.

અહીં કહે છે કે નિગ્રહ બુદ્ધિ કરવાનો ભાવ શરીરને વશ કરવું, કૃશ કરવું એ માટે ઉપવાસ એ બધો મિથ્યાત્વભાવ. આહાહા..! દ્વેષભાવ છે. ત્યારે ઓલામાં તો એમ કહ્યું છે મોક્ષમાર્ગપ્રકાશમાં. તું અપવાસ આદિને.. આવે છે ને?

મુમુક્ષુ :- ઉપવાસ કરીને શુભભાવ કરે છો.

ઉત્તર :- નથી તો તને દ્વેષ છે. તપ ઉપર દ્વેષ છે ત્યાં એમ કહ્યું છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. એ બીજી વાત છે. એને તો રાગનો ત્યાગ થવો, એનો પ્રેમ નથી એથી એને દ્વેષ છે કે આ અપવાસ આદિ કરે છે. આ દ્વેષ છે એ તો શરીરની બુદ્ધિમાં પોતાપણે માન્યું છે અને એને નિગ્રહ કરું, વશ કરું તો મને લાભ થાય તો એ તો દ્વેષ છે. દ્વેષથી કામ લીધું છે. આહાહા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે. નામ ધરાવે છે અને તપનો તને પ્રેમ નથી. ઇચ્છા નિરોધ કરીને દ્વેષ છે તને તપ ઉપર.

અહીં કહે છે કે શરીરને કૃશ કરવા, પાતળું પાડવાથી લાભ થશે, ઈન્દ્રિય નિગ્રહ થશે, ઈન્દ્રિયને વશ થશે, વશ-તાબે થશે. એને તાબે ન થયું ઈન્દ્રિય વશ. એવી બુદ્ધિથી.. આહાહા..! **'ઉપવાસાદિ દ્વારા શરીરાદિને કૃશ કરવાનો અભિપ્રાય તે નિગ્રહ-બુદ્ધિ...'** છે. આહાહા..! આકરું કામ ભારે. **'અને રાગને આધીન થઈ કંકણ, કટિસૂત્રાદિ વડે...'** કંદોરા ને કંકણ ને **'(શરીરાદિને) ભૂષિત કરવાનો (શણગારવાનો)...'** સારા કપડાં, લટકતા કુંડળ, મોતી હાર. હીરાના હાર. મોતીના હાર આવે છે બધા. આ નિલમનો હાર નહોતો ભાઈને શેઠિયા. સર હુકમીચંદ. ૧૭ હજારનો હતો. ૧૭ લાખ ને? ૧૭ લાખનો હતો? ઓહોહો..! આ .. એ તો કહે ૭૦ લાખનો પછી થયો હતો. આ તો જોયો હતો. લાવ્યા હતા અહીં ગળામાં. ૭૦ લાખનો. મળ્યો હતો ૧૭ લાખનો. પછી ભાઈને પૂછ્યું હતું નાનાલાલભાઈને. કીધું, આ અત્યારે કેટલો મળે? કહે અત્યારે ૭૦ લાખનો હાર. પથરા હતા લીલા. આહાહા..! જરીના કપડા, જરીની છત્રી, જરીના જોડા, જરીના કપડાં.

શરીરના રાગને લઈને... આહાહા..! **'કંકણ, કટિસૂત્રાદિ વડે...'** આ કડે કંદોરા. અત્યારે બાયડી કેટલીક કંદોરા અમથા નાખે છે આમ લટકતું સારું લાગે આમ. ચાંદીનું હોય, સોનાનું.

મુમુક્ષુ :- સોનાના કંદોરા

ઉત્તર :- સોનાના પહેરે છે.

મુમુક્ષુ :- વૈભવ વધ્યો છે.

ઉત્તર :- દુઃખ વધ્યું છે. આહાહા..!

**'(શરીરાદિને) ભૂષિત કરવાનો (શણગારવાનો) અભિપ્રાય તે અનુગ્રહ-બુદ્ધિ (કરે છે).'** ઠીક! ઓલો નિગ્રહ કરે છે, આ અનુગ્રહ કરે છે. શરીરાદિને કૃશ કરવાનો અપવાસ આદિથી નિગ્રહ કરે છે અને આ અનુગ્રહ કરે છે. આહાહા..! પ્રીતિથી આમ શરીરને શોભાડું. સવારમાં સ્નાન કરવાના જુઓને આ સાબુના ગોટા મોટા. આમ કરતો હોય ત્યારે ભૂલી જાય પણ શું છે? કોને કરું છું આ? પાછો અરિસામાં જોવે ત્યારે આમ. વાંદરા જોવે એ તો તમારે. એ એને બરાબર દેખીને પાછો અહીં ચાંદલો કરવો હોય ને અરિસામાં દેખે અહીં. અહીં આડોઅવળો થઈ જાય. અરિસામાં દેખે તો આમ વચમાં થાય.

અહીં પાણી પડે છેને જુઓને અત્યારે પાણી નથી ઓલામાં? સવારમાં ઘણા ચોપડવા આવે છે. પાણી હોયને ભગવાનનું. .. આંખે ચોપડે. શું થાતું હશે એમાં? આ ઓલી છેને ત્યાં ઓલો થાંભલો છે ને? થાંભલો નહિ ત્યાં પાણી રાખે છે.

મુમુક્ષુ :- ગંધોદક

ઉત્તર :- ગંધોદક. એનાથી શરીર સારું રહે, ઠીક રહે. આહાહા..! બધી ભ્રમણાબુદ્ધિ છે. પાછું આમ પેટે ચોપડે કપડું રાખીને. આજે જોયા હતા સવારમાં બધાને. શું કીધું?

મુમુક્ષુ :- અમારો પણ નંબર છે..

ઉત્તર :- ના, એ તો વાત વ્યક્તિની નહિ, આ તો તત્ત્વની વાત છે. આવું જેને ખબર નથી કે આ શું કરું છું અને શેનું આ ફળ છે? આહાહા..!

મુમુક્ષુ :- દૃષ્ટિ..

ઉત્તર :- દૃષ્ટિની વાત છે. ઓલાને કીધું ને ઓલા બાઈનું નહિ? શું કહેવાય? મેનાસુંદરી. એ તો કોઈ પુણ્યના ઉદયને લઈને થાય. આનાથી આ થાય (એ) માન્યતા ભ્રમ છે. આહાહા..! આકરું કામ બાપુ. આહાહા..!

પોપટભાઈ કહેતા ને પોપટભાઈ? વઢવાણવાળા નહિ? 'દૂર કાં પ્રભુ દોડ તું, મારે રમત રમવી નથી.' આ રાગની રમતું હવે મારે નથી કરવી. 'હું સુધાનો સ્વાદિયો ચાલ્યો સુધાને શોધવા.' આ શું છે વચમાં? આહાહા..! રાગ ને દ્વેષના વિકલ્પોના ઝેરના પ્યાલા આ શું છે આ? આહાહા..! એમ જ્ઞાનીને વિકલ્પ ઉઠે તે ઝેરનો પ્યાલો લાગે છે. સમજાણું કાંઈ? ગીરધરભાઈ! પોપટભાઈ. શું કહેવાતા એ? સંત. સંત. હા એ. આહાહા..! '**અભિપ્રાય તે અનુગ્રહ-બુદ્ધિ** (કરે છે).'

'**ભાવાર્થ :- શરીરો અચેતન – જડ છે. તેમને સુખ-દુઃખ નથી,...**' આને શું સુખ? આ તો જડ-માટી છે. દશવૈકાલિકના આઠમા અધ્યયનમાં આ ગાથા મૂકી કહો. દેહ દુઃખ મહાફલં. શું એનો અર્થ? એ તો એમ કે અપવાસ આદિ કરે તો જીવને દુઃખ થાય એટલે આમ પ્રતિકુળતા થાય તો એને મલાવે. સહન કરવાની. સહન કરે. આવા લખાણ બધા. દેહે દુઃખમ્ મહાફલં. કહો હવે. દેહને દુઃખ થાતું હશે? આ જડ માટીને? આહાહા..! અંદરમાં દ્વેષ કરે છે એને દુઃખ છે. દ્વેષનું દુઃખ છે. આવી ઝીણી વાતું બહુ ભાઈ!

'**તેમને સુખ-દુઃખ નથી,...**' જડને. '**તેમ જ તેમને જ્ઞાન નથી;...**' શરીરમાં ક્યા એ જ્ઞાન છે કે આ કૃશ થયું છે ને આ પાતળું પડ્યું છે. '**તેમ છતાં બુદ્ધિ વિનાના બહિરાત્માઓ દ્વેષ વશ ઉપવાસાદિ દ્વારા તેમને (શરીરોને) નિગ્રહ કરવાની અર્થાત્ કૃશ કરવાની બુદ્ધિ કરે છે...**' છે? પાઠમાં છે ને એ? '**निग्रहानुग्रहधियं तथाप्यत्रैव कुर्वते।**' શરીરમાં નિગ્રહ કરું, આમ કરું. હવે શરીર એનું જડ છે. એનો એક રજકણ આવે, ન જાય એ કાંઈ તારા અધિકારની વાત છે? આહાહા..! સમજાણું કાંઈ? '**(શરીરોને) નિગ્રહ કરવાની અર્થાત્ કૃશ કરવાની બુદ્ધિ કરે છે...**' દ્વેષ વશ. આ શરીરમાં મેદ વધે લ્યો. મેદ વધવા માટે એવી ચીજ ન ખાય તો મેદ ઘટે.

મુમુક્ષુ :- મોસંબીનો રસ પીવે..

ઉત્તર :- મોસંબીનો રસ લે તોપણ મેદરૂપે પરિણમે. ત્યાં ક્યાં? આહાહા..! મૈસુબ ખાય તો જ એને મેદ થાય એવું કાંઈ છે નહિ. આહાહા..! મોસંબીના પાણી પણ પડે અને સોંસરવટ નીકળે લ્યો. અમારે રાજપાલજીને થયું હતું. રાજપાલજી અહીં ગુજરી ગયા ને? જીવરાજજીના નાના. છેલ્લે. છેલ્લે મોસંબી આપી તો પૂંઠે પાણી નીકળી ગયું. અહીંથી નાખ્યું એ નીકળી ગયું. મોસંબીનું પાણી ન જઠરે સંઘર્યું. એની પર્યાયનો ધર્મ છે એ કોણ સંઘરે? આહાહા..! અને અહીં

પચે માંસના કટકા પચે સીધા શીયાળીયા, સસલાના કે એમ. આહાહા..! એ તો જડની અવસ્થા એને આત્મા કેમ રોકે?

**'રાગવશ તેમને કંકણ, કટિસૂત્ર (કંદોરો), આદિ વડે વિભૂષિત કરી અનુગ્રહ (કૃપા) કરવાની બુદ્ધિ કરે છે.'** આને સારું રાખું, સારું રાખું. આ દેખાવનું રાખું. સાફસૂફ. આહાહા..! 'બહિરાત્માને દેહાધ્યાસ છે...' દેહનો જ અભ્યાસ છે. એ ઉપર જ એની બુદ્ધિ છે એટલે એના ઘટવધ ઉપર જ એનો આધાર છે બધો. **'એટલે દેહમાં તેને આત્મબુદ્ધિ છે; તેથી તેને શરીરાદિ વિષે નિગ્રહ-અનુગ્રહ બુદ્ધિ રહે છે,...'** પરપદાર્થ ઉપર નિગ્રહ એટલે દ્વેષ કરવો અને અનુગ્રહ એટલે રાગ કરીને શોભાવું એવી બુદ્ધિ રહે છે. આહાહા..!

**'પરંતુ અન્તરાત્માને ભેદજ્ઞાન વર્તે છે.'** દેહથી ભિન્ન ચૈતન્યમૂર્તિ... આહાહા..! એ તો ચૈતન્યસ્વરૂપી વસ્તુ છે. **'તે આત્માને શરીરાદિથી અત્યંત ભિન્ન માને છે.'** શરીર, વાણી, મન એનાથી તો ભગવાન ભિન્ન છે. એની સત્તાનું હોવાપણું તો એનાથી ભિન્ન છે. પરની સત્તાથી પોતાની સત્તા છે એમ નથી. **'શરીરાદિ વિષે રાગદ્વેષ કે અનુગ્રહ-નિગ્રહબુદ્ધિનો શ્રદ્ધામાં અભાવ હોય છે.'** શરીરાદિને વિષે રાગદ્વેષ કે અનુગ્રહ-નિગ્રહબુદ્ધિનો શ્રદ્ધામાં અભાવ હોય છે.

**'અસ્થિરતાને લીધે...'** અસ્થિરતાનો રાગ આવે, **'શરીરાદિ શણગારવાનો રાગ આવે,...'** સમકિતી, ચક્રવર્તી ચોસઠ સરો હાર પહેરે મોટો લ્યો. આખું શરીર ઢંકાય એવો હાર હોય ચોસઠ સરો. હીરાનો હાર. પણ એ તો અસ્થિરતામાં રાગનો વિકલ્પ છે. એથી આને પહેરું તો ઠીક છે એવું છે નહિ. અભિપ્રાયમાં એમ નથી. આહાહા..! ઓલામાં આવ્યું છે બનારસી વિલાસમાં કે સમકિતીને કોઈ ગાળ દે તો એની શોભા છે. એવું આવ્યું હતું. એવું આવ્યું હતું. કેમકે બાપુ માર્ગ એમ જ છે. તું કહે છે ને એટલે એને એમ થાય છે. આહાહા..!

આનંદનો નાથ સહજાનંદ પ્રભુ જેમાં રાગનું કરવું અને પરનું છેદવું એ વસ્તુ ક્યાં છે? આહાહા..! રાગનું ભોગવવું એ પણ જ્યાં મુખ્યમાં નથી, મુખ્યપણે. મુખ્યપણે તો શાંતિ અને આનંદનું ભોગવવાનું છે. રાગનું ભોગવવું છે, પણ દૃષ્ટિ અને સ્વભાવની અપેક્ષાએ ગૌણપણે છે. જ્ઞાનની અપેક્ષાએ તે કાળે દુઃખ અને સુખ બેય છે એમ જાણે છે. આહાહા..! આવે છેને છેલ્લે, નહિ? ક્વચિત કષાય મેચકં. પાછળ. આહાહા..! આમ જોવે તો રાગની પરિણતિ દેખાય છે, આમ જોવે તો શુદ્ધતા ચૈતન્યમૂર્તિ મુક્ત દેખાય છે. આહાહા..! આમ જોવે તો ભવનો અપહ્રય રાગ છે પરિભ્રમણનું કારણ છે એ દેખાય છે. આમ જોવે તો મુક્તસ્વરૂપ ભગવાન છે એમ દેખાય છે. આહાહા..!

જ્ઞાન એવી વિવિધતાને જાણતા છતાં મુંઝાતો નથી. કે આ શું? હોય છે. કમજોરીને લઈને રાગ હોય છે અને એ મારું પોતાનું વેદન છે. સમજાણું કાંઈ? આહાહા..! પણ એ વેદન દુઃખરૂપ છે. અને આત્મા સ્વભાવનું જે જાગૃતિ થઈને એ આનંદનું વેદન સુખરૂપ છે. એક સમયે બે હોવા છતાં જ્ઞાનીને મુંઝવણ થતી નથી. આહાહા..! એમ આવે છે ને પાછળ .. બહુ આવે છે. ક્વચિત્

ને કષાય એકમ. કષાય મુક્તિ.. આહાહા..! આચાર્યે કેટલું સ્પષ્ટ કરી નાખ્યું છે! એને ઠેકાણે એમ માને કે દુઃખ એ જ્ઞાનીને હોય નહિ. જ્ઞાનની અપેક્ષાએ દુઃખ નહિ, દૃષ્ટિ અપેક્ષાએ દુઃખ નહિ, સ્વભાવ અપેક્ષાએ દુઃખ નહિ. એમ નથી. નબળાઈને લઈને.. છે?

**'અસ્થિરતાને લીધે...'** (ઉગ્ર) ચારિત્ર પ્રગટ નથી. વીતરાગતા પ્રગટ જોઈએ તે નથી. વીતરાગ સ્વભાવની દૃષ્ટિ છે એટલી તો વીતરાગતા દૃષ્ટિની અપેક્ષાએ છે, અસ્થિરતાની અપેક્ષાએ રાગ જ્ઞાનીને આવે છે. આહાહા..! **'શરીરાદિ શણગારનો રાગ આવે,...'** ન્હાય, શણગાર કરે. નિહાલભાઈમાં તો એવું આવે છે. છેલ્લે ન્હાયા હતા. ન્યાલચંદભાઈમાં આવે છે. ચોપડીમાં આવ્યું હતું. મરવાની તૈયારી હતી ને છેલ્લે સ્નાન કર્યું. થાય એવું. વિકલ્પ આવ્યો એટલે કાંઈ. આવે છે?

મુમુક્ષુ :- પ્રસ્તાવનામાં.

ઉત્તર :- હા પ્રસ્તાવનામાં. છે ને. એવો વિકલ્પ હોય છે. આહાહા..! પણ એને એ દોષ જાણે છે. લાભ માટે આમ કરું છું એમ નહિ. આહાહા..! કરું છું તો નહિ પણ થાય છે એ લાભ માટે નહિ. આહાહા..!

**'અસ્થિરતાને લીધે...'** શરીર, વાણી, આહારને પાણી એને અનુકૂળ કરવાનો **'રાગ આવે, પણ અભિપ્રાયમાં તેનો સ્વીકાર નથી,...'** આહાહા..! આજ મૈસુબ બનાવો. લ્યો. ભજીયા બનાવો. એવો વિકલ્પ આવે. બનાવી શકાય છે એમ માનતો નથી અને વિકલ્પનું કર્તૃત્વ પણ એ સ્વીકારતો નથી. આહાહા..! પૂર્ણાનંદનો નાથ જ્યાં અનંત ગુણનો સમાજ પ્રભુ આત્મા દૃષ્ટિમાં આવ્યો, એને આ વિકલ્પની એક ગુણની કે અમુક પર્યાયની શી કિંમત? એને કિંમત વિનાનો કરીને કાઢી નાખે છે.

**'તેને તે દોષ માને છે,...'** છે? રાગાદિભાવ આવે. મકાન દેવતા બનાવે. ચક્રવર્તીને લ્યોને. વળી એમ કહે ઠીક થયું છે. આ સમવસરણ બનાવે છે લ્યોને. ઈન્દ્રો ભગવાનનું સમવસરણ બનાવે છે. પણ એ બનાવ્યું છે મેં એમ નથી ત્યાં. કારણ કે મેં જે બનાવ્યું એના પ્રમાણમાં આ તો વિશેષતા પરિણમી છે એની-સમવસરણની. આ શું? એ તો એ કાળે ભગવાનના પુણ્ય, એને લઈને બન્યું છે. આવે છે ને? સમવસરણમાં આવે છે. એવું આવે છે. ઈન્દ્રો બનાવે અને વિસ્મય પામે કે આ શું બની ગયું આ? કારણ કે એ કાળે એ જ રજકણો એ જ રીતે બનવાના હતા. એમાં કોણ બનાવે એને? આહાહા..! એ સમવસરણની રચનાનો રાગ અને રચનાનો સ્વામી સમકિતી નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'શરીરાદિ પર પદાર્થો પ્રત્યે ઉદાસીન હોય છે.'** એમાં એકતાબુદ્ધિ હોતી નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. કહે છે ને. પણ પાછો ઓલો ગોટો છે ને મોટો? નિહાલભાઈને નિશ્ચયાભાસ કહો. એ તો બહારની હવે એમાં બની ગયું છે કોણ કરે? અમથું કોણે ધાર્યું હતું? રામજીભાઈએ ધાર્યું હતું દસ લાખનું થાશે પહેલું? ૩ લાખ ને ૫ લાખ ને ૧૦ લાખને. ઓલો કહેતો હતો હોં

તમારો રમણિકભાઈ અને ઓલો ચંદ્રકીર્તિ. ચંદ્રાનંદ. શું કીધું? ચંદ્રકાંત. એ આવ્યા હતા મારી પાસે. એ હજી શરૂ થતું હતું. ૨૫ લાખનું કરવું છે કહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. અંદર બોલેલો. બોલશો નહિ કીધું તમે. બન્ને બોલ્યા હતા હોં. રમણીક અને એ. બેય ભાઈબંધ હતા ને. પચ્ચીસ લાખનું કરવું છે મારે. ખર્ચ થાશે. પૈસા થઈ જશે. બોલશો નહિ અત્યારે. દસ લાખનું રાખો. બહાર ન પાડો એટલું બધું. એને ઠેકાણે ૨૬ લાખનું થઈ ગયું. થવાકાળે થયું હોય એને કોણ કરે ને કોણ મૂકે? આહાહા..! ૨૬ હજાર માણસ અને ૨૬ લાખનો ખર્ચ. કોણ કરે બાપુ? આહાહા..! એના પરાવર્તનના પરમાણુ શરીરના અને આના થવાના એ જે કાળે તે થાય એ આવે. આહાહા..!

મુમુક્ષુ :- એ બનાવવાનો વિચાર તો કોઈને આવ્યો હશે ને?

ઉત્તર :- વિકલ્પ આવે એટલે શું? કીધું હતું ત્યાં. મુંબઈવાળાને આવ્યો હતો પહેલો કે આપણે કાંઈક કરવું. એમ સાંભળ્યું હતું કાંઈક નહિ? એમ હતું? કે ભાઈ આ કાંઈક નવું કરવું. ત્યારે પાંચ લાખનું, ત્રણ લાખનું કરો. એમ કાંઈક સાંભળ્યું હતું. એમાં ત્રણ લાખને કાંઈક પાંચ લાખ ઊપજી ગયા. પાંચ લાખના કરોડો થઈ ગયા. એવું સાંભળ્યું છે આપણને બહુ ખબર નથી. એવું કોક કહેતું હતું. ત્યારે તો પાંચ લાખનું કરો, પછી કહે દસ લાખનું કરો, પછી તો થઈ ગયું છે. આમ કરવાનું નથી. એને કાળે એની પર્યાય.. આહાહા..!

તે તે પરમાણુ તે તે ક્ષેત્રે, તે તે કાળની પર્યાય એની જન્મક્ષણ છે માટે ઉત્પન્ન થાય, ભાઈ! વસ્તુ તો આમ છે. આહાહા..! ધર્મીને વિકલ્પ આવે, પણ એ વિકલ્પથી બન્યુ છે આ એમ માનતો નથી. વિકલ્પને અસ્થિરતાનો દોષ માને છે. આહાહા..! ઝીણી વાત ભારે ભાઈ!

**વિશેષ :— 'અજ્ઞાનીઓ માને છે કે શરીરાશ્રિત ઉપવાસ, વ્રત, નિયમાદિથી શરીરને કૃશ કરતાં ઇન્દ્રિયોનો નિગ્રહ થાય છે,...'** 'શરીરાશ્રિત ઉપવાસ આદિ માટે' છે ને મોક્ષમાર્ગપ્રકાશક? આવૃત્તિ ગુજરાતી પૃષ્ઠ-૨૨૯ અને ૩૪૪. **'જો દેહાશ્રિત વ્રત-સંયમને પણ પોતાનાં માને તો તે મિથ્યાદૃષ્ટિ છે.'** આવે છે. ચિઠ્ઠીમાં નહિ? ચિઠ્ઠી આવે છે. દેહાશ્રિત.. આહાહા..! **'ઉપવાસ, વ્રત, નિયમાદિથી શરીરને કૃશ કરતાં ઇન્દ્રિયોનો નિગ્રહ થાય છે, વિષયોમાં તેમની પ્રવૃત્તિ અટકી જાય છે અને તેથી રાગ-દ્વેષાદિ થતાં નથી;...'** એમ અજ્ઞાની માને છે. આહાહા..! **'પણ આ માન્યતા ભૂલ ભરેલી છે, કારણ કે શરીરાશ્રિત...'** એકડો છે જુઓ.

**'ઉપવાસ કરવા, પંચાગ્નિ તપ કરવું, મૌન રાખવું,...'** આહાહા..! એ તો ભાષાની પર્યાય નહોતી તે મૌન છે એમાં એણે શું મૌન રહ્યો? આહાહા..! હું મૌન છું. બોલું નહિ. એમ. વાણીનો કાળ નહોતો એ થવાનો માટે મૌન છે. આહાહા..! **'ત્રાટક કરવું,...'** આમ કોઈપણ ચીજ ઉપર લક્ષ કરવું. ભગવાનની મૂર્તિ ઉપર લક્ષ. ઓલા ભાઈ હતા ને ઝવેરી? મુળશંકર ઝવેરી હતા. મોરબી. એના દીકરાના દીકરા છે ને આપણે આમાં છે. આમાં બોર્ડિંગમાં. તે દિ' તો બહુ ..

છોકરાઓ.. તો એનો બાપ હતો. એનો બાપ એનો બાપ મુળસુંદર. એ આમ માળા રાખતો સામે. ભગત કહેવાતો ભગત. માળાના એક એક મણકા ઉપર ત્રાટક રાખે આમ. હાથમાં નહિ. સામી રાખે. નમો અરિહંતાણં... નમો સિદ્ધાણં... નમો આઈરિયાણં... બીજા ઉપર, ત્રીજા ઉપર... ૧૦૮. એ .. વઢવાણ-વઢવાણ.

અરે.. આ ચીજની ખબર નહિ. આ ચીજ હતી નહિ એટલે. એમાંથી એમ કે ધ્યાન ત્રાટક આમ રાખે ને આમ. બરાબર એકાગ્ર થાય. માળાના એક એક મણકા ઉપર ધ્યાન રાખીને નમો અરિહંતાણં બોલે, નમો અરિહંતાણં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એની સાથે શું સંબંધ?

**'કારણ કે શરીરાશ્રિત ઉપવાસ કરવા, પંચાગ્નિ તપ કરવું, મૌન રાખવું, ત્રાટક કરવું, અનેક યોગ-આસનો કરવાં,...'** આસન લગાવવા ઊંચા બેસીને. **'વગેરે પૌદ્ગલિક જડ ક્રિયાઓ છે.'** આહાહા..! **'તેનો સંબંધ શરીર સાથે છે,...'** શરીરને આમ પલોંઠી વાળવી, ફલાણું કરવું, ઢીંકણું કરવું એ તો બધી જડની ક્રિયા છે. 'તાવ કાયં ઠાણેણં માણેણં જાણેણં' આવે છે કે નહિ? શરીરને આમ રાખવું. તાવ કાયં. ત્યાં સુધી કાયાને .. 'ઠાણેણં માણેણં જાણેણં...' દેહને સ્થિર રાખવું, મૌન રાખવું, મનને ધ્યાનમાં રાખવું. 'અપ્પાણં વોસરે' પછી કહે. કાંઈ ખબર ન મળે બાપુ! આહાહા..!

તસ્સ ઉતરી કર્યું હતું કે નહિ? તમે કર્યું હતું કે નહિ? આ ઓલા ભાઈ નથી નટુભાઈ? વકીલ વકીલ. એ આમાં આવ્યા ને પછી મોટી ઉંમર થઈને. નાની ઉંમરથી આમાં આવેલા એટલે. વકીલ નહોતા આવ્યા પરમ દિ'? પાલિતાણા નટુભાઈ. એ કહે નથી કર્યું... પહેલેથી આવે. અહીં તો દસ વર્ષની ઉંમરથી કાંઈક. ઈચ્છામી પડિક્કમિયુ તસ્સ ઉતરી. પાઠશાળામાં, જૈનશાળામાં. સોમચંદ ભગત ભણાવતા.

**'શરીર સાથે છે, આત્મા સાથે નથી.'** આહાહા..! એ સંબંધ શરીર સાથે છે. આત્મા સાથે નથી. કોનો? એ ઉપવાસ કરવા, પંચાગ્નિ તપ કરવું, મૌન રાખવું, ત્રાટક કરવું, અરે..! આસનો લગાવવા શરીરના એ બધું પુદ્ગલ સાથે સંબંધ છે. આત્મા સાથે નહિ. **'શરીર તો જડ છે. એને સુખ-દુઃખ હોતું નથી.'** એને સુખ-દુઃખ થાય છે? દુઃખ તો આનંદસ્વરૂપથી વિપરીત પર્યાયમાં જીવને થાય છે. આહાહા..! દેહને બહુ કષ્ટ આપીએને તો આપણને નિર્જરા થાય. આહાહા..!

એક અઠમ કર્યો હોય એમાં એક પોરસી ચડાવે પચ્ચીસ અપવાસનું પુણ્ય. છે તો પાપ. એય..! આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન છે એમાં, એને આ ને આ ને આ એવો વિકલ્પ પણ જેમાં નથી. એનો નથી, એમાં નથી. એને આ શરીરનું આ કરું અને આનાથી આ કરું. અભિપ્રાય, અભિપ્રાય મિથ્યા છે. આહાહા..!

**'તેને સુખ-દુઃખ હોતું નથી. અજ્ઞાનીને શરીર સાથે એકતાબુદ્ધિ છે, તેથી તે શરીરની જે**

**અવસ્થાઓ થાય છે તે પોતાની (આત્માની) થઈ માને છે,...**' આહાહા..! નિરોગ થયો, રોગ થયો. આ ડોક્ટરો અને વૈદો શરીરમાં નિરોગતા કરી દેતા હશે કે નહિ? દવા-બવા ન કરે? આમ ખાય તો આમ થાય ને આમ કાંઈક... નહોતો આવ્યો એક માણસ? નહોતો આવ્યો ભાવનગરથી એક? શરીરને આમ કરે તો આમ થાય. આવ્યો હતો એક. ભાવનગરમાં એક. એ અહીં આવ્યો હતો. અમુક પગનું દાબે અહીં તો અમુક અહીં ઠીક રજકણ આમ. અહીંથી અટકી જાય પગ ખેંચે ત્યાં. એવો આવ્યો હતો. આવ્યો હતો ખબર છે ને. નસ. આમ કરીને દબાવે...

મુમુક્ષુ :- .. મટાડે.

ઉત્તર :- ધૂળેય મટાડે નહિ. આહાહા..! જડની પર્યાયનો સંબંધ તો જડ સાથે છે. એ આત્મા મટાડી દે એને?

મુમુક્ષુ :- દવાથી રોગ ન મટે?

ઉત્તર :- ધૂળેય મટતો નથી રોગ. એ તો એની પર્યાયમાં એ પ્રકારનું હોય ત્યારે દવાને નિમિત્ત કહેવામાં આવે. નિમિત્ત અડે છે ક્યાં અહીંયાં? ભારે માર્ગ બાપા! આહાહા..! આ તો દુનિયાથી નિરાળો માર્ગ છે.

'**શરીરની જે અવસ્થાઓ થાય છે તે પોતાની (આત્માની) થઈ માને છે, એ તેનો ભ્રમ છે.**' આહાહા..! શરીર પાતળું પડે તો એમ માને કે પાતળું મેં કર્યું અને પાતળું થયું. કૃશ થયું કૃશ. કોણ કરે? ભાઈ! ભ્રમ છે અજ્ઞાનીનો. '**વળી અજ્ઞાની મોહવશાત્ વસ્ત્ર-આભૂષણાદિ દ્વારા શરીર ઉપર અનુગ્રહ (ઉપકાર) કરવાની બુદ્ધિ કરે છે.**' શરીર સારું રહે. તેલ ચોપડે છે નહિ આ બધા? શું કહેવાય? માલિશ કરાવે છે. મગદળીયા ઉપાડે આમ અહીં નથી આવ્યું? માંડ માંડ આમ કરે. .. મૂકે. ત્યારે લોહી ફરતું થાય. આ દોડે છે સવારમાં નહિ? તો સારું શરીર રહે. એ બધી ભ્રમણા છે. દામોદરભાઈ! આકરું કામ બહુ. સવારમાં શિયાળો હોયને બહુ કામ ન થાય એટલું. દોડે ને વળી ટાઢ ઓછી થાય. લોહી ફરતું થઈ જાય.

મુમુક્ષુ :- દોડે ત્યારે લોહી ફરે તો છે.

ઉત્તર :- ફરે તો એને કારણે ફરે છે. મરી જાય છે ત્યાં. એક જણો મરી ગયો એમ કરતો હતો જામનગર. ઉપાડીને આમ આમ કરતો હતો તો એકદમ શ્વાસ એવો વધી ગયો તો મરી ગયો. કસરત કરતા મરી ગયો. જામનગરમાં હતું.

મુમુક્ષુ :- ફરવા ગયો હતો.

ઉત્તર :- ફરવા ગયો, બગીચામાં મરી ગયો, નહિ?

મુમુક્ષુ :- ઠાકરસીભાઈના દીકરા.

ઉત્તર :- હા. હા. ઠાકરના દીકરા. ફરવા ગયો હતો, જ્યાં બેઠો હતો ત્યાં મરી ગયો નહિ? દેહની સ્થિતિ પૂરી થવાનો એનો કાળ હોય એમાં કરે શું? આહાહા..! એને ખબર ન પડે કે આ શરીરથી હમણાં છૂટશે. ત્યાં તો દેહ છૂટી જાય. આહાહા..! શું થયું જરી (એવો) ઉપયોગ એનો

કાળ પણ ન રહે એને. આહાહા..! રજકણને છૂટવાનો એક સમય છે જે, કોણ રાખે? આ શ્વાસ હું લઉં અને દઉં. એ ક્રિયા જડની છે, એ શરીરની સાથે સંબંધ છે.

મુમુક્ષુ :- ધીમે ધીમે ચાલે તો લાંબુ જીવાય.

ઉત્તર :- હા, એક જણો કહેતો હતો. ૭૧માં જોયું હતું. લાઠીમાં હતા એક. ત્રિભુવન ડોસા હતા. ત્રિભોવન વિઠલ. વિઠલ શેઠ હતા લાઠીમાં. એનો દીકરો અહીં ગુજરી ગયોને ક્ષયમાં. ઘણાં વર્ષ પહેલાની વાત છે. એ બહુ હળવે હળવે ચાલતા હતા તો મેં પૂછ્યું. શરીર નિરોગી, સારું શરીર. પણ હળવે ચાલે. મેં કોઈને પૂછ્યું આમ કેમ ચાલે છે ડોસા? લાઠીના છે એય.. કાનજીભાઈ! ઓલા ડોસા નહિ વિઠલ શેઠ. ત્રિભુવન વિઠલને?

મુમુક્ષુ :- ત્રિભુવનભાઈના બાપા.

ઉત્તર :- હા. ત્રિભુવનભાઈના બાપા લાંબા હતા. મેં કીધું આમ કેમ ચાલે છે આ? કહે એ શ્વાસ બહુ ન ચાલે અને શરીરમાં એવો ઘસારો ન થાય તો આયુષ્ય વધારે લંબાય. ધીમે ધીમે ચાલવાથી આયુષ્ય વધે. પણ ધૂળેય વધે નહિ. આહાહા..! શરીરના રાગીલા પ્રેમીઓ આમ ફસાઈ ગયા છે. આહાહા..!

**'વસ્ત્ર-આભૂષણાદિ દ્વારા શરીર ઉપર અનુગ્રહ (ઉપકાર) કરવાની બુદ્ધિ કરે છે, કારણ કે તેને દેહાધ્યાસ છે-શરીરમાં તેને આત્મબુદ્ધિ છે, એટલે તેના પ્રત્યે રાગના કારણે તેવો અનુગ્રહ કરવા ઈચ્છે છે, પરંતુ આ પણ તેનો ભ્રમ છે.'** આહાહા..! **'માટે શરીર વિષે નિગ્રહ-અનુગ્રહબુદ્ધિ કરવી તે અજ્ઞાનતા છે.'** આહાહા..! હમણાં જ આવ્યું નથી કાંઈક ઓલું? પુસ્તક દાનનું નહિ? દેહને મેં આમ કર્યું. તને બહુ સંભાળ્યું, ધ્યાન રાખ્યું. છાપામાં આવ્યું હતું પુસ્તક કાઢી નાખ્યું. આપણે આમાં આત્મધર્મમાં આવ્યું હતું અને પછી ચોપડી છપાણી નથી નાની?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એ. સંવાદ. ચેતન અને કાયાનો સંવાદ. એ કહેતો હતો આત્મધર્મમાં આવ્યું હતું. આપણને કાંઈ ખબર નથી. એમાંથી આ ચોપડી છાપી છે નહિ બહાર? છે ને અહીં ચોપડી ઘણી છે. ચેતન કહે, મેં બહુ તારી સંભાળ રાખી. તેલ ચોપડ્યા, આ આપ્યા, આ આપ્યા હવે તું સાથે ચાલ.. ચાલ.. અમારી જે અનાદિની સ્થિતિ એ છોડશું નહિ. અમે તો અમારામાં રહેશું. તું જ ચાલ્યો જાને અહીંથી. આહાહા..! બહુ સંભાળ રાખી. રાત્રે આટલી નિદ્રા લેવી, આમ પગ વાળવા, આમ ઘણું કરવું, આમ કસરતું કરવી. આહાહા..! અરે.. તારે માટે આટલી મહેનતું કરી, એ બધી મહેનતું મારી મફત જાય. આ પક્ષઘાતની અસર થાય ત્યારે ઘણી મહેનત કરે છે શરીરને આમ રાખવાની. ચંદુભાઈ! આહાહા..!

यावच्च शरीरादावात्मबुद्धया प्रवृत्तिस्तावत्संसारः तदभावान्मुक्तिरिति दर्शयन्नाह–

स्वबुद्धया यावद्गृह्णीयात् कायवाक्चेतसां त्रयम्।
संसारस्तावदेतेषां बेदाभ्यासे तु निर्वृत्तिः॥६२॥
જ્યાં લગી મન-વચન-કાયને આતમરૂપ મનાય,
ત્યાં લગી છે સંસાર ને ભેદ થકી શિવ થાય. ૬૨.

टीका :– स्वबुद्धया आत्मबुद्धया यावद् गृह्णीयात्। किं? त्रयम्। केषाम्? कायवाक्चेतसां सम्बन्धमिति पाठः। तत्र कायवाक्चेतसां त्रयं कर्तृ। आत्मनि यावत्सम्बन्धं गृह्णीयात्स्वीकुर्यादित्यर्थः। तावत्संसारः। एतेषां कायवाक्चेतसां भेदाभ्यासे तु आत्मनः सकाशात् कायवाक्चेतांसि भिन्नानीति भेदाभ्यासे भेदभावनायां तु पुनर्निर्वृत्तिः मुक्तिः॥६२॥

---

જ્યાં સુધી શરીરાદિમાં આત્મબુદ્ધિથી પ્રવૃત્તિ છે, ત્યાં સુધી સંસાર છે. તેના અભાવે મુક્તિ છે. તે દર્શાવતાં કહે છે :–

શ્લોક – ૬૨

અન્વયાર્થ :– (यावत्) જ્યાં સુધી (कायवाक्चेतसां त्रयं) શરીર, વચન અને મન – એ ત્રણને જીવ (स्वबुद्धया) આત્મબુદ્ધિથી (गृह्णीयात्) ગ્રહણ કરે, (तावत्) ત્યાં સુધી (संसार) સંસાર છે, (तु) પરંતુ (एतेषां) એ મન-વચન-કાયનો (भेदाभ्यासे) આત્માનો ભિન્નરૂપ અભ્યાસ થતાં (निवृत्तिः) મુક્તિ થાય છે.

ટીકા :– સ્વબુદ્ધિથી એટલે આત્મબુદ્ધિથી જ્યાં સુધી ગ્રહણ કરે, શું (ગ્રહણ કરે)? ત્રણને (ત્રણને). કોના (ત્રયને)? કાય, વાણી અને મનના ત્રયને – અર્થાત્ જ્યાં સુધી આત્મા વિષે કાય-વાણી-મનનો સંબંધ ગ્રહણ કરે-સ્વીકાર કરે, એવો અર્થ છે – ત્યાં સુધી સંસાર છે, પણ એ કાય-વાણી-મનના ભેદનો અભ્યાસ થતાં અર્થાત્ આત્માથી કાય-વાણી-મન ભિન્ન છે એવો ભેદનો અભ્યાસ થતાં એટલે ભેદભાવના થતાં નિર્વૃત્તિ એટલે મુક્તિ થાય છે.

ભાવાર્થ :– જ્યાં સુધી જીવને મન-વચન-કાયમાં આત્મબુદ્ધિ રહે છે, તેને આત્માનાં અંગ સમજે છે એટલે કે તેની સાથે અભેદબુદ્ધિ-એકતાબુદ્ધિ કરે છે, ત્યાં સુધી તે સંસારમાં પરિભ્રમણ કરતો રહે છે, પરંતુ જ્યારે તેને મન-વચન-કાયમાં આત્મબુદ્ધિનો ભ્રમ ટળી જાય છે, અર્થાત્ તે ત્રણે 'આત્માથી ભિન્ન છે' એવો નિશ્ચયપૂર્વક અનુભવનો અભ્યાસ થાય છે, ત્યારે તે સંસારના બંધનથી મુક્તિ પામે છે.

વિશેષ

જ્યાં શરીરાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ છે ત્યાં એકતાબુદ્ધિ છે. જ્યાં એકતા-

**બુદ્ધિ હોય છે, ત્યાં કર્તા-ભોક્તાબુદ્ધિ અવશ્ય હોય છે અને જ્યાં કર્તા-બુદ્ધિ છે, ત્યાં સંસારના કારણભૂત રાગાદિ ભાવ અનિવાર્યપણે હોય છે. એ રીતે શરીરાદિ પર પદાર્થોમાં આત્મ-બુદ્ધિ જે સંસારનું કારણ છે અને આત્મા તથા શરીરાદિનો ભેદ-વિજ્ઞાનપૂર્વક દૃઢ અભ્યાસ તે મુક્તિનું કારણ છે.**

**મન-વચન-કાયની પ્રવૃત્તિ એ સંસારનું કારણ નથી, કારણ કે તે જડની ક્રિયા છે, પરંતુ તેમાં આત્મબુદ્ધિ-એકતાબુદ્ધિ કરવી તે સંસારનું કારણ છે. પ્રસ્તુત શ્લોકમાં 'स्वबुद्धया' શબ્દથી આ વાત સૂચિત થાય છે.**

**''કર્મબંધ કરનારું કારણ, નથી બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, નથી ચલન સ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ), નથી અને પ્રકારનાં કારણો કે નથી ચેતન-અચેતનનો ઘાત. 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે તે જ એક (-માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ) ખરેખર પુરુષોને બંધનું કારણ છે.''૧**

**માટે શરીરાદિની ક્રિયામાં આત્મબુદ્ધિ અર્થાત્ તે ક્રિયાઓ હું કરું છું એવી માન્યતા તે સંસારનું કારણ છે અને તે ક્રિયાઓમાં આત્મબુદ્ધિ અર્થાત્ કર્તાબુદ્ધિનો અભાવ તે મોક્ષનું કારણ છે. ૬૨.**

## શ્લોક-૬૨ ઉપર પ્રવચન

**'જ્યાં સુધી શરીરાદિમાં આત્મબુદ્ધિથી પ્રવૃત્તિ છે, ત્યાં સુધી સંસાર છે.'** આહાહા..! ભગવાન આત્મા નિરાળી ચીજ એ પરપદાર્થને પોતાપણાની બુદ્ધિએ પ્રવર્તે છે ત્યાં સંસાર છે. રખડવાનું છે. **'તેના અભાવે મુક્તિ છે. તે દર્શાવતાં કહે છે :-'** લ્યો! ૬૨.

**स्वबुद्धया यावद्‌गृह्णीयात् कायवाक्‌चेतसां त्रयम्।**
**संसारस्तावदेतेषां बेदाभ्यासे तु निर्वृत्तिः॥६२॥**

**'ટીકા :- સ્વબુદ્ધિથી એટલે આત્મબુદ્ધિથી...'** નીચે લખાણ આવી ગયું છે. 'શરીરાશ્રિત ઉપવાસાદિ માટે મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ પૃ.૨૨૯ અને ૩૪૪.' **'જો દેહાશ્રિત વ્રત-સંયમને પણ પોતાના માને (અર્થાત્ પોતાને તેનો કર્તા માને) તો તે મિથ્યાદૃષ્ટિ છે.'** છે નીચે? નીચે છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે. દેહાશ્રિતની ક્રિયાને પોતાની માને. ક્રિયાની વાત છે હોં એ.

૧. જુઓ - શ્રી સમયસાર કલશ ૧૬૪ અને ગા. ૨૩૭ થી ૨૪૧.

અશુદ્ધ પરિણામ થાય એ પોતે જાણે છે. એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. દેહાદિની ક્રિયા જડની એને પોતાના માને પાછા. આહાર છૂટ્યો, અપવાસ ન કર્યો, પાણી ન પીધા ને આ કર્યું. એમાં શુભભાવ થાય એ પોતાનો છે એ જાણે છે. શ્રદ્ધામાં માને કે આ હેય છે. આહાહા..!

**'સ્વબુદ્ધિ એટલે આત્મબુદ્ધિથી જ્યાં સુધી ગ્રહણ કરે, શું (ગ્રહણ કરે)? ત્રયને (ત્રણને) કોના (ત્રયને)? કાય, વાણી અને મનના ત્રયને...'** લ્યો! દેહને, વાણીને અને મનને.. આહાહા..! મનના પરમાણુ અંદર જુદા છે, વાણી જુદી ચીજ છે, કાયા જુદી ચીજ છે. **'અર્થાત્ જ્યાં સુધી આત્મા વિષે કાય-વાણી-મનનો સંબંધ ગ્રહણ કરે...'** સ્વબુદ્ધિથી, આત્મબુદ્ધિથી એને ગ્રહણ કરે, કોને? કાય, વાણી, મનને. અને **'આત્મા વિષે કાય-વાણી-મનનો સંબંધ ગ્રહણ કરે...'** એની સાથે આમ સંબંધ કરે અને મારા વિષે આમ સંબંધ છે. મારામાં છે. **'સ્વીકાર કરે, એવો અર્થ છે – ત્યાં સુધી સંસાર છે,...'** આહાહા..!

આત્મબુદ્ધિથી કાયા, વાણી અને મનને ગ્રહણ કરે મારા છે એમ. ત્યાં સુધી સંસાર છે. અહીં તો મુનિને છઠ્ઠે ગુણસ્થાને વ્રતનો જે શુભરાગ આવે એ સંસાર છે. આહાહા..! કેમકે એ ઉદયભાવ છે, એ સંસાર છે. સ્વભાવમાં એ સંસાર નથી એથી એ ઉદયભાવને પોતાનો માને એ સંસાર છે, મિથ્યાત્વ છે. આહાહા..!

**'સ્વબુદ્ધિથી એટલે આત્મબુદ્ધિથી જ્યાં સુધી ગ્રહણ કરે,...'** શું? કે મન, વચન અને કાયાને. **'જ્યાં સુધી આત્મા વિષે કાય-વાણી-મનનો સંબંધ ગ્રહણ કરે-સ્વીકારે, એવો અર્થ છે – ત્યાં સુધી સંસાર છે, પણ એ કાય-વાણી-મનના ભેદનો અભ્યાસ થતાં...'** આહાહા..! રાગથી ભિન્ન ચૈતન્યનો અભ્યાસ. કાયા, વાણી અને મનનું તો જુદાપણું, પણ અંદરમાં આ રાગ અને આ સ્વભાવ ચૈતન્યની સત્તા શુદ્ધ અને રાગ અશુદ્ધ. બેનો ભેદજ્ઞાનનો અભ્યાસ થતાં ભેદજ્ઞાનથી. આહાહા..!

**'આત્માથી કાય-વાણી-મન ભિન્ન છે એવો ભેદનો અભ્યાસ થતાં એટલે ભેદભાવના થતાં નિવૃત્તિ એટલે મુક્તિ થાય છે.'** વાણી મન એક .. એકતાબુદ્ધિ સંસાર છે. નિવૃત્તબુદ્ધિ મોક્ષ છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૮, મંગળવાર તા. ૦૧-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૬૨-૬૩,**
**પ્રવચન - ૭૭**

૬૨ ગાથા. સમાધિતંત્ર. ભાવાર્થ.

'**જ્યાં સુધી જીવને...**' બહુ નજીકમાં પોતાનું માને ત્યાં લઈ ગયા છે. બહારની ચીજો તો ક્યાંય ભિન્ન રહી ગઈ. પણ નજીકમાં અહીં મન, વચન અને કાયા એ પરચીજ છે. એમાં '**स्वबुद्धया**' એમ છે ને પાઠમાં? આત્મબુદ્ધિ. જે નજીકના જાણે અવયવો અને હું એક અંગી, એના આ અંગો હોય એમ અજ્ઞાની અનાદિથી માને છે. '**તેને આત્માના અંગ સમજે છે...**' છે ને? પોતાનું અસ્તિત્વ જે હયાતી છે એ તો જ્ઞાન અને આનંદના અતિ અનંત ગંભીર શક્તિઓનો સ્વભાવ એ આત્મા છે.

જેની શક્તિઓ અનંત સંખ્યાએ, એનો અંત નહિ, સંખ્યાનો અંત નહિ. આહાહા..! એવી જેની શક્તિની હયાતી છે અને જેનો એક એક શક્તિનું અસ્તિત્વ, અમાપ, અપરિમિત છે એને દૃષ્ટિનું, પરનું અવલંબન છોડી અને મન-વચન-કાયાની જોડે પરદ્રવ્યની પર્યાયરૂપ પરિણમન છે એને એ પોતાનું માને છે. આ સંસાર છે. એ મિથ્યાત્વ છે એ સંસાર છે. આહાહા..! મન, વચન અને કાયા '**चेतसौं**' શબ્દ પડ્યો છે. ત્યાં અર્થ કર્યો છેને એણે? '**चेतसौं**' એટલે મન. એમ કર્યો છે અર્થ. ચિત્ત. ચેતન એમ નહિ. ચિત્ત એટલે મન અહીં.

જોડે, ચૈતન્યના સ્વભાવના ક્ષેત્રમાં જોડે રહેલા મન, વાણી અને દેહ એ બધી ચેષ્ટાઓ અને એનું જે વાણીનું અસ્તિત્વ છે એ મારું છે એવી જે બુદ્ધિ. આહાહા..! સ્વબુદ્ધિ. અને જેને સ્વબુદ્ધિ થાય એનો એ કર્તા ને ભોક્તા થયા વિના રહે નહિ. એથી સંસાર છે કહે છે. આહાહા..! સૂક્ષ્મ ધીરજની વાતું છે આ તો. આહાહા..! ચૈતન્યનું અસ્તિત્વ જે હયાતી, એ તો અનંતગુણ ગંભીર, સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એમાં સ્વબુિદ્ધ ન કરતાં, એનામાં નથી અને જોડે રહેલા અવયવો જડના અવયવ. અવયવી ભગવાન આત્મા એનો અવયવ એની પર્યાય અને ગુણ એના અવયવ કહેવાય. રાગ પણ નહિ. તેને ઠેકાણે શરીર અને મન, વાણી એને પોતાના અંગ ગણે, પોતાના અવયવ ગણે. કેમકે જાણવામાં ઈન્દ્રિયથી જણાય, કાનથી સંભળાય, એટલે જાણે કે મારા અંગ અને અવયવ હોય એમ એ માને છે. આહાહા..!

'**તેને આત્માનાં અંગ સમજે છે એટલે કે તેની સાથે અભેદબુદ્ધિ-એકતાબુદ્ધિ કરે છે,...**' કહો, '**ત્યાં સુધી તે સંસારમાં પરિભ્રમણ કરતો રહે છે,...**' એટલે ત્યાં સુધી સંસાર

ઈચ્છે. રખડતો, પરિભ્રમણમાં. આહાહા..! અહીં તો નજીકની લીધી વાત. બહારની ચીજ સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધા, વેપાર એ તો ક્યાંય બહાર રહી ગયા. પણ એના એક ક્ષેત્રમાં પરચીજનો જે સંબંધ, પર્યાયને વસ્તુનો સ્વભાવ છે એની સાથે સંબંધ જોઈએ. કેમકે એ પર્યાય જે છે નિર્મળ એનો સંબંધ આત્મા સાથે છે. દ્રવ્ય સાથે પણ છે. એ સંબંધને ન માનતા, એને રાગ અને મન, વાણીના દેહથી જ મને સંબંધ છે. આહાહા..! એ મિથ્યાબુદ્ધિ છે. આહાહા..!

પર્યાય મન, વાણી, દેહની ક્રિયાને કે એના અસ્તિત્વને પોતાની બુદ્ધિથી આ હું છું એમ તે અસ્તિત્વ જે જ્ઞાયક ચૈતન્ય અસ્તિત્વ, જેની મોજુદગી-હયાતી અનંતગુણ ગંભીર એવો તત્ત્વ પ્રતીતમાં, જ્ઞાનમાં, જ્ઞેય તરીકે આવ્યું નહિ એથી એને શરીર, મન, વાણી દેહ, નજીકના અંગો એ જાણે હું એક અંગી એટલે આખો અવયવી અને એ મારા અંગ છે. એમ અજ્ઞાની માને છે. આહાહા..!

મુમુક્ષુ :- આખી દુનિયા...

ઉત્તર :- આખી દુનિયા તો સંસારી છે. જેઠાભાઈ! આવી વાત છે આ.

બહુ નજીકની વાત લે છે. મન, વચન અને કાયા ત્રણ ચીજ પર છે. પણ એના સંબંધમાં એને એમ લાગે કે એ સંબંધે મને જ્ઞાન થાય છે. મન છે તો જ્ઞાન થાય છે. ઈન્દ્રિય છે તો જ્ઞાન થાય છે. ઈન્દ્રિય ન હોય તો જ્ઞાન ક્યાંથી થાય? આહાહા..! એટલે નજીકના ત્રણ લીધા. દૂરના બાયડી, છોકરા, કુટુંબ, રાજ-પાટ એ તો ક્યાંય રહી ગયું. પોતાનું હોવાપણું મન, વચન અને કાયાની બુદ્ધિથી ગ્રહણ કરીને આ હું છું એમ માને છે એ જ સંસાર છે અને એ સંસારના પરિભ્રમણના ચોર્યાસીના અવતારનું એ કારણ છે.

**'પરંતુ જ્યારે તેને મન-વચન-કાયામાં આત્મબુદ્ધિનો ભ્રમ ટળી જાય છે,...'** ભેદ અભ્યાસ કીધો છે ને? હું તો એક જાણનાર જ્ઞાયક ચૈતન્યની હયાતીવાળું મહાતત્ત્વ, જેના સ્વ-ભાવની અચિંત્યતા, ગંભીરતા અનહદ એવું તે તત્ત્વ હું એમ રાગથી ભિન્ન પડીને અભ્યાસ કરતા મન, વચન અને કાયા એ મારા એ બુદ્ધિ છૂટી જાય છે. આહાહા..! વળી બીજા આ બધા બાયડી, છોકરા, વેપાર ને ધંધા એના નહિ? આ કારખાના કરે છે. એ બેઠો હોય તો કારખાનું ચાલે નહિતર ન ચાલે.

એનું કારખાનું ત્યાં વિનોદમીલમાં ગયા હતા નહિ વિનોદ? ઉજ્જૈન-ઉજ્જૈન. તો એક બે માણસ ઊભા હોય બસ. અહીંથી અહીં નાખો સુતર, કપડું થઈને નીકળી જાય. બસ કાંઈ કોઈ કામ નહિ. ક્યાંક દોરો તૂટે તો એને ઊભો રહીને સાંધવો પડે એટલું. એટલું .. એ કાંઈ માણસ વિના થાય? આહાહા..! અહીં નાખે કપાસ, કપડું થઈને નીકળે બહાર એવી બધી શૈલી છે. મોટું હતું ને આ ભાઈને. લાલચંદભાઈને? કેવા એ? લાલચંદ શેઠ. લઈ ગયા હતા એક ફેરી જોવા. પાંચસો રૂપિયા મૂક્યા હતા જ્ઞાન ખાતે.

અરેરે..! સંચા. એમ આ મન, વચન અને કાયા ત્રણના સંચા એને (પોતાને) કારણે ચાલે

છે. આત્માનું નિમિત્ત છે માટે ચાલે છે એમ નથી. આહાહા..! જેને એવો આત્મબુદ્ધિ મન, વચન, કાયામાંથી ખસી જાય છે, બસ એને સંસાર નથી. કારણ કે આત્મામાં એ છે નહિ, આત્મા તો સંસાર અને સંસારના ફળ ચાર ગતિ એ ભાવ વિનાની ચીજ છે. આહાહા..! એ ચિદાનંદ સ્વભાવનો અનુભવ થતાં પરની બુદ્ધિ છૂટી જાય છે. પોતાનું હોવાપણું મન, વચન અને કાયાથી ભિન્ન છે એ વસ્તુની સ્થિતિ એવી છે.

એમ ભિન્નનો અનુભવ થતાં '**નિશ્ચયપૂર્વક અનુભવનો અભ્યાસ થાય છે,...**' નિશ્ચયપૂર્વક અનુભવનો એમ. ધારણામાં આવી જાય એમ પણ નહિ. અનુભવ. આ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય ધ્રુવ, મન, વચન અને કાયાના સંયોગીભાવ, અરે.. વિકારભાવ એ પુણ્ય અને પાપ એ સંયોગીભાવ. સંયોગ લક્ષણં. એનાથી હું જુદો છું એવું ભાન થતાં એને સંસાર રહેતો નથી. કહો, જેઠાભાઈ! આ મુક્તિ છે. આ તો ક્રિયા હું આ કરું, અપવાસ મેં કર્યો, શરીર જીર્ણ મેં કર્યું, ફલાણું મેં કર્યું. પરનો ગ્રહણ-ત્યાગ. એમ માને મિથ્યાત્વ છે. પરના ગ્રહણ-ત્યાગ એના સ્વરૂપમાં છે જ નહિ. આહા..! બુદ્ધિથી એમ માને કે હું આ છોડું છું પરચીજ અને આટલી ગ્રહણ કરું છું. લ્યો! સાતમા વ્રતમાં નથી આવતું? અમુક પદાર્થને છૂટા કરીને બીજાને છોડે નથી આવતું? આવે છે ને? એ તો વિકલ્પની વાત છે. આ છોડું-ગ્રહું એવું સ્વરૂપમાં છે નહિ. આહાહા..! બહુ ઝીણી, બાપુ!

કહે છે એ '**નિશ્ચયપૂર્વક અનુભવનો અભ્યાસ થાય છે,...**' શરીર, વાણી, મનથી મારી હયાતી ભિન્ન છે. એમ અંતરના સ્વસન્મુખના અભ્યાસથી પરથી ભિન્ન પડીને અનુભવ થાય ત્યારે તે સંસારના બંધનથી મુક્તિ પામે, એટલે એને બંધન છે નહિ પછી. અબંધ સ્વરૂપ એવો ભગવાન આત્મા દૃષ્ટિમાં, જ્ઞાનમાં, પરિણામે પરિણામીનો સ્વીકાર કર્યો. સમજાણું કાંઈ? વર્તમાન પરિણામે જે પરિણામી ત્રિકાળ ધ્રુવસ્વરૂપ છે તેનો સ્વીકાર એટલે સન્મુખ થયો, સ્વીકાર કર્યો. એને મુક્તિ છે. આહાહા..! એને મુક્તિનો માર્ગ છે. આવી વાત છે.

અહીં તો પરથી (ભિન્નનું) ભાન ન મળે અને પછી આ કાંઈક છોડ્યું, મૂક્યું, આ લીધું, એ ત્યાગ કર્યો આનો. આહાહા..! એ તો જેને પોતાનું માન્યું હતું તો તે ત્યાગ કર્યો. કર્યું હતું એમ માન્યું હતું. બુદ્ધિ જૂઠી છે. એની માન્યતામાં ફેર હતો એટલો. આ વસ્તુ મારી છે અને આ હું નહિ એટલો ફેર બુદ્ધિમાં હતો. એ બુદ્ધિને ફેરવા નાખી અંદર. હું છું એ ચૈતન્ય જ્ઞાયકસ્વભાવવાળું તત્ત્વ તે હું છું. એમ અનુભવ થતાં સંસાર એને રહેતો નથી. એટલે કે સંસારનું બંધન એને થતું નથી એટલે સંસાર રહેતો નથી.

**વિશેષ.** ટીકા, ભાવાર્થ અને વિશેષ. ત્રણ-ત્રણ અર્થ ભર્યા છે. '**જ્યાં શરીરાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ છે ત્યાં એકતાબુદ્ધિ છે.**' કારણ કે એ હું છું એનો અર્થ એકતાબુદ્ધિ છે. આહાહા..! '**જ્યાં એકતાબુદ્ધિ હોય ત્યાં કર્તા-ભોક્તાબુદ્ધિ અવશ્ય હોય છે...**' જ્યાં પરને પોતાનું માન્યું એવી એકતાબુદ્ધિ છે તો એનો કર્તા હું છું. કારણ કે જે મારી ચીજ છે એ મારી ચીજનો કર્તા હું છું એમ અજ્ઞાનીએ માન્યું. આહાહા..! સવારમાં ભાવનામાં ઘણું આવ્યું હતું. ઘણા દ્રવ્યલિંગ

ધારણ કર્યા પણ ભાવ-જિનભાવના પ્રગટ ન કરી. જિનભાવના એટલે સમ્યગ્દર્શન. આહાહા..! કેમકે આત્મા(માં) અનંત ગુણો વીતરાગ સ્વભાવથી ભરેલા ગુણો છે. એની શ્રદ્ધા, એનો અનુભવ થયા વિના બહારના ત્યાગમાં રોકાઈ જાય છે. એ સંસાર છે. સમજાણું કાંઈ?

**'ત્યાં કર્તા-ભોક્તાબુદ્ધિ...'** કેમકે જેને પોતાનું માને એનો કર્તા થાય. શરીર, વાણી, મન. જ્ઞાનમાં એમ આવે કે આ આંગળી આ પુસ્તકના ફેરવે આમ પાના. જોવે એવું કામ ચાલે છે કે નહિ કામ? જ્ઞાનમાં એમ આવે કે આ પાનું આમ થવું જોઈએ. તેમ પાધરું એમ થાય. જેઠાભાઈ! કોનાથી થયું? એ તો એનાથી થયું છે. એક ઠેકાણે લખ્યું છે. એક ઠેકાણે આવે છે. જો ધાર્યા પ્રમાણે કામ ઈન્દ્રિયો એ પ્રમાણે જાય છે ત્યાં માટે એટલું તો સચેતપણું આત્માને સંબંધ છે કે નહિ શરીરને એને? એવું છે એક ઠેકાણે લખાણ ક્યાંક. બિલકુલ નહિ. એની ઈચ્છા અને જ્ઞાનમાં આવ્યું કે આ પાનું ફરે કે રોટલીનો ટૂકડો થાય, એ ક્રિયા મારી છે મારા ધ્યાનમાં આવ્યું માટે ક્રિયા આમ થઈ. બુદ્ધિ અજ્ઞાન છે. આહાહા..! આવું ભારે ભાઈ!

મુમુક્ષુ :- એવું નક્કી કર્યા વિના ભેદજ્ઞાન ન થાય.

ઉત્તર :- માટે કહે છે નક્કી કરવું જોઈએ ત્યારે ભેદજ્ઞાન થશે. એ પરની ક્રિયા તો મારી છે જ નહિ. હું એનો કર્તા ભોક્તા નથી. એકતા માને તો કર્તા-ભોક્તા થાય. એકતા ન માને તો કર્તા-ભોક્તા ન થાય. આહાહા..!

૭૫માં એ કહ્યું હતું. એ કાંઈક કહેવું હતું બીજું હોં રાતે પણ પછી વઈ ગઈ વાત. ૭૫મી ગાથા. કાંઈક કહેવું હતું બીજું કાંઈક. આવ્યું હતું પાછું વયુ ગયું. પણ ત્યાં એટલું તો એક આવ્યું છે ને? કે રાગનું જ્ઞાન એ મારો કર્મ છે. જ્ઞાનીનું કર્મ નામ કર્તવ્ય શરીર, વાણી, મન અને રાગ જે રીતમાં જેટલા પ્રકારના જેમ વર્તે છે તેનું તેના કારણે નહિ, પણ મારામાં થયેલું જ્ઞાન એ સંબંધીનું મારું જ્ઞાન જે થયું એ મારું કાર્ય છે. ચંદુભાઈ! આહાહા..! ભાષા તો એમ આવે કે રાગનું જ્ઞાન તે જ્ઞાનીનું કર્મ છે. એ રાગનું જ્ઞાન નથી. રાગનું, જેવો રાગ હતો તેવું જ જ્ઞાન સ્વપરપ્રકાશકપણાની શક્તિને લઈને પોતાના સામર્થ્યથી તે થયું જાણવાનું. પણ લોકોને સમજાવ્યું જગતને. તો એ રાગ એનું જ્ઞાન, શરીર આમ ચાલે એવું જ અહીંયાં જ્ઞાન. એ જ્ઞાન જે છે એ આત્માનું કર્મ છે, કાર્ય છે. આ નહિ. સમજાણું કાંઈ?

જ્યાં આત્મબુદ્ધિ છે એટલે પોતાપણાની માન્યતા છે ત્યાં એકતાબુદ્ધિ છે. **'એકતાબુદ્ધિ હોય છે, ત્યાં કર્તા-ભોક્તાબુદ્ધિ અવશ્ય હોય છે...'** આહાહા..! **'અને જ્યાં કર્તા-બુદ્ધિ છે, ત્યાં સંસારના કારણભૂત રાગાદિભાવ અનિવાર્યપણે હોય છે.'** વિકારભાવ થયા વિના રહે જ નહિ ત્યાં. મિથ્યાત્વનો વિકાર હોં એટલે. આહા..! ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... વ્યવહાર તો કરી શકે ને? એમ કહે છે કેટલાક. નિશ્ચયથી નહિ. એમ કે નિર્ધાર છે.

મુમુક્ષુ :- નથી પણ કહેવામાં આવે છે.

ઉત્તર :- છે. એ તો બોલવામાં આવે છે. અમારું રાજકોટ. રાજકોટ (તારું) થઈ ગયું? એ તો

આવ્યું છે ને ત્યાં. સર્વવિશુદ્ધમાં આવ્યું ને? વ્યવહારે થઈ ગઈ ભાષા? વ્યવહારે બોલે એમ માની લે મૂઢ છે. અમારું રાજકોટ. રાજકોટમાં એનું મકાન પણ ન હોય.

મુમુક્ષુ :- હોય તો એનું.

ઉત્તર :- હોય તો એનું ક્યાં છે એ? આહાહા..! પથરાનું અને ઈંટોનું છે. જાદવજીભાઈ! મકાન-મકાન ઈંટોનું શેનું છે? પથરાનું છે. ઓછું સાંભળે છે.

મુમુક્ષુ :- શેઠિયાનું નહિ?

ઉત્તર :- ધૂળ. શેઠિયા શેના? ધૂળના શેઠિયા? આહાહા..!

આત્મા આનંદનો નાથ અનંતસ્વભાવથી ભરેલો જેની શક્તિની અચિંત્યતા. ઓહોહો..! જેના કાળની અસ્તિ જે તત્ત્વ ભગવાન, ક્યારનું.. આહાહા..! જેના કાળની અચિંત્યતા. એમને એમ છે અનાદિ-અનાદિ છે. આહા..! શું વસ્તુ છે! અને જેના ભાવની અચિંત્યતા કે જેને ક્ષેત્રની (આકાશના પ્રદેશની) અનંતતા એથી અનંતગુણા ભાવ એની સંખ્યાનો અંત નહિ. ક્ષેત્રમાં આટલ-ામાં આવી ગયું આમ. સાડા ત્રણ હાથમાં કે આ. એ તો ક્ષેત્ર એટલે આમ પહોળાઈમાં આવ્યું. પણ એની સંખ્યાની હદ ન હોય ત્યાં. આહાહા..!

એક ડુંગળીનો કટકો લ્યો તો આટલો હાથમાં આવી જાય. એટલા જીવો અનંતા. પણ એ તો ક્ષેત્રની અપેક્ષાની વાત છે. એના ભાવ જે છે... આહાહા..! અનંત-અનંત અંગુલના અસંખ્ય ભાગમાં પણ અનંત નિગોદના જીવો, એ જીવની શક્તિઓની સંખ્યાની હદ નહિ. ઓહોહો..! એવી જ્યાં અંતર વિચારધારા ચાલે એ વિચાર ત્યાં રોકાઈ જાય અંદર. સમજાણું કાંઈ? જેમાં ગુણની સંખ્યાનો અંત નહિ. આ શું? અને જેની એક એક શક્તિની સામર્થ્યતાનું હદ નહિ, માપ નહિ. એનું માપ જે જ્ઞાનપર્યાય કરે.. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! શશીભાઈ! આવી વાતું છે. આહાહા..!

એવો જ્યાં રાગથી અને પરથી ભિન્ન પડીને પોતાનું અસ્તિત્વનો સ્વીકાર અંતરમાં થયો અનુભવમાં... આહાહા..! એટલે? કે વસ્તુ જે ધ્રુવ છે, ધ્રુવમાં અનંતગુણો બધા ધ્રુવ છે, એનું એકરૂપ તે દ્રવ્ય છે. એવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતાં, એવા દ્રવ્ય ઉપર જ્ઞાનની પર્યાય વળતાં એને એકાગ્ર થાય છે. એને મન, વચન, કાયાની જુદાઈ થઈ ગઈ અંદરથી. આહાહા..! સમજાણું કાંઈ?

અંદરમાં મુખ કરીને જો. બહારને જોવાને આંધળો થઈ જા એમ કીધું. આહાહા..! કારણ કે બહારને જોવામાં તો બહાર દેખાય. એ ચીજ તો તારી નથી. અંતર ચીજ જે ભગવાન પૂર્ણ મહાગંભીર. ઓહોહો..! ક્ષેત્ર ભલે શરીરના કદ પ્રમાણે હો. કીધું ને ડુંગળી એટલામાં હાથમાં આવી જાય એટલે શું કહે? આમાં આવી જાય એટલે જ્ઞાનમાં, એની શક્તિઓ અને એના શક્તિનો સ્વભાવ અચિંત્ય છે. ક્ષેત્ર મોટું હોય તો અચિંત્ય એમ કાંઈ નથી. એના કારણે. આહાહા..!

એક પરમાણુ લ્યોને એક પરમાણુ. આહાહા..! જે અનંતા પરમાણુ એક આકાશના પ્રદેશમાં રહે એવા એક પરમાણુમાં પણ જીવની સંખ્યા જેટલા ગુણની એટલા ગુણની એમાં છે. ઓહો..!

એવા અનંતગુણ રંગ, ગંધ, રસ, સ્પર્શથી ભરેલું. આહાહા..! એક રંગગુણ એવા અનંતગુણની જ્યાં સંખ્યાનું માપ નહિ. પરમાણુમાં હોં. એ વસ્તુ એમ ન જો કે આટલામાં છે ને રૂપી છે. એક સ્વભાવિક તત્ત્વ મૂર્ત તત્ત્વ સ્વભાવથી ભરેલું એવા તત્ત્વની પણ જ્યાં અચિંત્યતા અને ગંભીરતા, પણ એને જાણનારો કોણ? એ તો આ. એને પરમાણુને ખબર નથી. પરમાણુમાં અનંતગુણ છે, એની અનંતગુણી પર્યાય થાય. આહાહા..! એનું અસ્તિત્વ છે, પણ એના અસ્તિત્વની એને ખબર નથી. એ બધી અસ્તિત્વની ખબર તો ભગવાન આત્માને છે. આહાહા..! કહેશે પ્રવચનસારમાં. આ જ્ઞેય અધિકાર છે પણ આત્મા પોતે જ્ઞેય પણ છે અને આત્મા જ્ઞાન છે. પછી આવશે ને? ૪૪ વિશેષ સમાપ્ત થાય છે. ૪૫માં પ્રાણનું લે છે. જીવના પ્રાણ ત્યાં એમ લે છે. જ્ઞેય, આત્મા જ્ઞેય પણ છે, અનંતગુણ અને અનંતની પર્યાય તેનું તે જ્ઞેય છે અને એ પોતે જ્ઞાન છે.

લ્યો એ તો આવ્યું હતું ને? સમયસારનું. જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય પોતે જ છે. છ દ્રવ્ય જ્ઞેય અને આત્મા જ્ઞાન એમ ન કરો, ભ્રમ ન કરો. આહાહા..! જેનો એક સમયમાં અચિંત્ય અનંતગુણ ગંભીર તત્ત્વ તે પોતે જ્ઞાનની પોતાની પર્યાયનું પોતે જ્ઞેય. દ્રવ્ય જ્ઞેય, ગુણ જ્ઞેય, પર્યાય જ્ઞેય અને જ્ઞાનની પર્યાય તે તેની, તેનો તે જ્ઞેય. અને તેનો જ્ઞાતા. ઓલામાં એમ લીધું. જ્ઞેયની એક શક્તિ, જ્ઞાનની એક શક્તિ, જ્ઞાતાની અનંત. કળશટીકામાં. એ કળશમાં લીધું છે. જ્ઞેયની એક પ્રમેય શક્તિ, જ્ઞાન એક જાણવાની શક્તિ અને જ્ઞાતાની અનંત શક્તિ. પણ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એ વચનભેદે એમાં... આહાહા..! સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા... આહાહા..! અનંતગુણ ગંભીર. સર્વજ્ઞ પરમેશ્વરે જોયો અને કહ્યો એવી જેની અંતર દૃષ્ટિ થાય એને સંસાર હોય નહિ. આહાહા..! પરિભ્રમણ એનું રહી શકે નહિ.

કહે છે, '**શરીરાદિ પર પદાર્થોમાં આત્મ-બુદ્ધિ...**' ત્યાં કર્તાબુદ્ધિ હોય છે '**ત્યાં સંસારના કારણભૂત રાગાદિ ભાવ અનિવાર્યપણે હોય છે. એ રીતે શરીરાદિ પર પદાર્થોમાં આત્મ-બુદ્ધિ તે જ સંસારનું કારણ છે...**' આહાહા..! પોતે ભગવાન અનંત આનંદનો નાથ પ્રભુ, એનું હોવાપણું પોતાનું ભૂલીને, પરની સામગ્રીમાં મારાપણું... મન, વચન અને કાયા. આહાહા..! '**તે જ સંસારનું કારણ છે...**' આહાહા..! એ રખડવાનું કારણ છે.

'**આત્મા તથા શરીરાદિનો ભેદ-વિજ્ઞાનપૂર્વક દૃઢ અભ્યાસ...**' પણ ભગવાન આત્મા ને રાગ ને શરીર, મન, વાણી એનાથી ભિન્ન એવો જે ભેદનો અભ્યાસ થતાં ભેદ પડે તે મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..! એકતાબુદ્ધિએ સંસાર છે અને ભેદબુદ્ધિએ મોક્ષ છે. ટૂંકામાં એમ કહ્યું. શરીર, વાણી, મન આ તો જડ પર. એ મારા અંગો છે અને એનાથી હું કામ લઉં, તે બુદ્ધિ મિથ્યાત્વ અને સંસાર છે. આહાહા..!

અહીં તો ત્યાં સુધી કહ્યું હતુંને કે હું કોને સમજાવું? કારણ કે વિકલ્પ ઊઠે તે હું નહિ, વાણી થાય એ હું નહિ. આહાહા..! સમજાવનારું જ્ઞાન છે એ બહાર આવતું નથી રાગમાં. વાણીમાં આવતું હશે કે નહિ? વાણી તો જડ છે. એમાં જ્ઞાનસ્વરૂપ ભગવાન ચિદાનંદ સ્વરૂપ વાણીમાં

ક્યાંથી આવે? ત્યારે સાંભળનારને જ્ઞાન થાય છેને વાણીથી? ભ્રમ છે. એનો જ્ઞાનનો પર્યાય એમાંથી આવે એમાંથી થાય છે. આહાહા..! એ વાણીથી થાય એ પણ પરની સાથે એકતાબુદ્ધિ છે. આહાહા..! બહુ ઝીણી વાત બાપુ! અનંતકાળથી પરિભ્રમણ કરે છે. જગતને એના એકતાબુદ્ધિનું કેટલું સંસારનું દુઃખ છે અને ભેદબુદ્ધિમાં કેટલું આનંદનું સુખ છે એની ખબર નથી. એ સંયોગને લઈને દુઃખ નથી. સંયોગી ચીજ મારી એવી માન્યતા તે દુઃખ છે. આહાહા..!

'**ભેદ-વિજ્ઞાનપૂર્વક દૃઢ અભ્યાસ એ મુક્તિનું કારણ છે.**' આહાહા..!

'**મન-વચન-કાયની પ્રવૃત્તિ એ સંસારનું કારણ નથી,...**' જડની પ્રવૃત્તિ છે. આ વાણી, દેહ એ તો જડની પ્રવૃત્તિ. એ કાંઈ સંસારનું કારણ નથી. '**કારણ કે તે જડની ક્રિયા છે,...**' આહાહા..! '**પરંતુ તેમાં આત્મબુદ્ધિ...**' વાણી, મન અને જડ શરીર, એમાં પોતાની સ્વબુદ્ધિ તે સંસારનું કારણ છે. '**પ્રસ્તુત શ્લોકમાં 'સ્વબુદ્ધ્યા' શબ્દથી આ વાત સૂચિત થાય છે.**' પાઠ છે ને ત્યાં? '**સ્વબુદ્ધ્યા**' પહેલો જ. પહેલો જ બોલ છે. સ્વબુદ્ધિ એટલે પરમાં પોતાની માન્યતા આ સંસાર છે. પરની ક્રિયા એ સંસાર નથી, એ દુઃખ નથી. આહાહા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરે જે જોયો આત્મા એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા છે. એમાં એને સ્વબુદ્ધિમાં પોતે આ છે એમ ન માનતા રાગ ને શરીર ને મન, વાણી, દેહ એ '**સ્વબુદ્ધ્યા**' પોતાની બુદ્ધિથી આ મારા માનતા, બસ એ સંસાર. એ પરિભ્રમણનું મૂળિયું. ઓહોહો..!

મુમુક્ષુ :- એ તો નાની ભૂલ છે.

ઉત્તર :- નાની ભૂલ છે? મોટી ભૂલ છે. આહાહા..!

કહ્યો નહોતો દાખલો એક ફેરી? ભાવનગર દરબાર હતા તખ્તસિંહજી. તખ્તસિંહજી હતા. આ તો હમણાં ગુજરી ગયા કૃષ્ણકુમાર. એના બાપ ભાવસિંહજી એના બાપ તખ્તસિંહજી. અમારી નાની ઉંમર હતી. ભાવનગર દરબાર હતા. તખ્તસિંહજી. તે એણે એક બાઈ રાખેલી. મુસલમાન કે એમ હતી. એમાં એક વાણિયો અંદર આવ્યો સોનાની ઘડિયાળ લેવા. મોઢા આગળ આરબ બેઠેલા અને ઓલા પીવે શું કહેવાય? કાવો. બુંદ બુંદ. બુંદનો દાણો પીવે એટલે ઊંઘ ન આવે એમ. એ દરબારને એવું હતું.

હવે એ ભલે ત્યાં બારણે બેઠા. પણ એ વાણિયો એવો હુશિયાર કે ગઢ જેવી એક મોટી નિસરણી લાવ્યો, નિસરણીથી ગઢે ચડ્યો અને એ નિસરણી પાછી અંદર ઉતારી, એમાંથી ઉતર્યો. ઉતરીને એના દરબાર જ્યાં સૂતા હશે ત્યાં સોનાની ઘડિયાળ ને લઈ ગયો. વળી પાછો ફરીવાર આવ્યો. ત્યાં તો ઓલા દરબાર સૂતા એટલે ખબર ન રહી. ફરીવાર આવ્યો લેવા. એમાં દરબાર જાગ્યા. ઉઘાડી તલવાર પડી હતી. એ તો દરબાર ને? એ ઉઘાડી રાખે કોક આવે તો જોખમ બહુ એને. ઉપાડી. એ બાઈ કહે, હા. હા. અરે.. કે અમે જ્યાં સૂતા છીએ ત્યાં ચોર? અમે રાજા ઘરમાં... આ મહા ગુનેગાર છે. પણ પછી બાઈએ છોડી દીધો. એમ આ ઘરની દુકાન અંદર માલ

એમાં ચોર આ કહે.

ચિદાનંદ અનંત આનંદનો નાથ એવા સ્વભાવનું ઘર, એને ભૂલીને મન, વાણી, દેહને માનવા મોટો ચોર છે. મોટો ગુનેગાર છે. આહાહા..! સમજાણું કાંઈ? અનાદિકાળથી એમ ને એમ કરી આવ્યો છે. સાધુ નામ ધરાવ્યા, સાધુ થયો, તોપણ બુદ્ધિમાં આ રહ્યું કે આ હું કરું છું, ઇન્દ્રિયથી દયા પાળું છું, ઇન્દ્રિયથી આ કામ કરું છું. બધા કામ સારા કર્યા. એ બધી મિથ્યાબુદ્ધિ, અજ્ઞાનબુદ્ધિ સંસાર છે. આહાહા..!

'**કર્મબંધ કરનારું કારણ,...**' હવે બંધનું આપ્યું. બંધમાં આવે છે ને પેલી ગાથાઓ? '**કર્મ બંધ કરનારનું કારણ, નથી બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક,...**' બંધ અધિકારની ગાથાઓ છે ને. '**બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક,...**' બંધનું કારણ નથી. '**નથી ચલન સ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ),...**' એ બંધનું કારણ નથી. આહાહા..! બંધ અધિકારની છે આ. કળશ-૧૬૪. ગાથા-૨૩૭ થી ૨૪૧.

જગતમાં કર્મથી ભરેલો કર્મ થવાને યોગ્ય એવા પુદ્‌ગલો ભર્યા છે. એ કાંઈ બંધનું કારણ નથી. આ કાયા, મન, વચન ક્રિયા થાય એ કાંઈ બંધનું કારણ નથી. એ તો જડની અવસ્થા છે.

'**અનેક પ્રકારના કારણો...**' ઇન્દ્રિયો એ પણ બંધનું કારણ નથી. '**ચેતન-અચેતનનો ઘાત.**' આહાહા..! એ પણ બંધનું કારણ નથી. '**ઉપયોગભૂ**' ઉપયોગભૂ. ઉપયોગની ભૂમિકા એવો જે ભગવાન આત્મા... આહાહા..! એની સાથે '**રાગાદિક સાથે જે ઐક્ય પામે છે તે જ એક...**' બંધનું કારણ છે. ઉપયોગ એવો જે ભગવાન આત્મા એને પુણ્ય અને પાપના વિકલ્પથી એકતાપણું માને, ઉપયોગભૂ, ઉપયોગ આનંદનો ઉપયોગરૂપ ભૂમિકા એવો આત્મા. એમાં રાગ અને શરીર, વાણી, મનને પોતાના માને એ માન્યતા એ દુઃખરૂપ છે. એ બંધનું કારણ છે. આહાહા..! દરકાર કરી નથી એવા અવતાર અનંતવાર થયા. વયા ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બુદ્ધિ સરખી ચાલતી નથી એમ?

મુમુક્ષુ :- અત્યારે બુદ્ધિ નથી ચાલતી. જ્ઞાનની બુદ્ધિ અત્યારે નથી ચાલતી. .. લાગી ગઈ છે.

ઉત્તર :- ચાલતી નથી એવો નિર્ણય કરનારો (કોણ)? એ એની હયાતીમાં એ નિર્ણય કરે છે. જાગતો. આહાહા..! એ નિર્ણય પોતાના સ્વભાવ સન્મુખ થઈને કરે, ભેદજ્ઞાન છે. એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે, એનું નામ મુક્તિનું કારણ છે, બાકી બધા થોથા છે. આહાહા..! સમજાણું કાંઈ?

**એક માત્ર.** આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ ઉઠે છે રાગ, એ રાગ સાથે આત્માને જે ઉપયોગનો ધરનારો ભૂમિ આત્મા આનંદ એને આ રાગ સાથે એકતાબુદ્ધિ, બસ એ સંસાર, એ મિથ્યાત્વ અને એ પાખંડ પાપ છે. આહાહા..! ભાન વિનાના ભવ એવા અનંતા કર્યા. બહારની ક્રિયાઓ પણ ત્યાગની અનંતવાર કરી. એની સાથે શું સંબંધ છે? બાયડી,

છોકરા છોડ્યા, દુકાનું છોડી, ધંધા છોડ્યા, પણ ઓલું મિથ્યાત્વ છોડ્યું નહિ. રાગના વિકલ્પની સાથે એકતાબુદ્ધિ એ છોડ્યા વિના એનો સંસાર છૂટે નહિ. આહાહા..! અજ્ઞાની એમ કહે આણે દીક્ષા લીધી, સંસાર છોડ્યો, પણ સંસાર કહેવો કોને એની ખબર નથી. સંસાર ક્યાં રહેતો હશે? આહાહા..!

મેલ અહીં હોય તલ અને કાચમાં દેખાય, ત્યાં ઘસે એટલે મેલ જાય? એમ આ ચીજ બહાર છે એને છોડે, એ તો છૂટેલી પડી જ છે. એને એકતાપણે જે રાગની સાથે બુદ્ધિ હતી એને એણે છોડવી જોઈએ એ છોડી નહિ. સંસાર એમ ને એમ ઊભો રહ્યો ચારગતિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'ખરેખર પુરુષોને બંધનું કારણ (આ એક જ) છે.'** આહાહા..! જે પોતાની ચીજ નથી, રાગાદિ હોં. વિકલ્પ ઉઠે દયા, દાનનો એ આત્માની ચીજ નથી. એની સાથે એકતાબુદ્ધિ, બસ એ સંસાર છે. એ નરક અને નિગોદનું કારણ છે. પરિભ્રમણનો ઉપાય એક જ છે. આહાહા..! દરકાર કરી છે ક્યાં એણે? મારું શું થશે? ક્યાં જઈશ? અહીંથી દેહ છૂટી તો જશે. ક્યાંક જાશે તો ખરો કે નહિ? ક્યાં જાશે? જેની દૃષ્ટિમાં રાગની એકતા તો ત્યાં જઈને રહેશે. રાગની એકતાબુદ્ધિ લઈને ગયો તો રાગમાં રહેશે ત્યાં. આહાહા..! અને રાગની એકતા તોડીને અહીંથી ગયો તો જ્ઞાનમાં રહેશે. આહાહા..! છે તો અનાદિનો અનંત(કાળથી) છે. અનંતકાળ રહેશે. કઈ રીતે રહેશે? જેવી દૃષ્ટિ છે તેવી રીતે રહેશે. પરથી એકતાબુદ્ધિ હશે તો મિથ્યાત્વમાં રહેશે, પરથી ભિન્નતાબુદ્ધિ તો આત્મામાં રહેશે. ચંદુભાઈ! આહાહા..!

**'માટે શરીરાદિની ક્રિયામાં આત્મબુદ્ધિ અર્થાત્ તે ક્રિયાઓ હું કરું છું એવી માન્યતા તે સંસારનું કારણ છે...'** આહાહા..! શરીરથી આમ દયા પળે અને શરીરથી આમ પૂજા, ભક્તિ થાય, સ્વાહા. એ બધી ક્રિયાઓ છે. વાણીની ક્રિયા, ભગવાનને હું પૂજું. એ તો જડની ક્રિયા છે. એ ક્રિયા મારી છે, હું કરું છું એ માન્યતા સંસાર છે. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનની પૂજા ન થઈ.

ઉત્તર :- મિથ્યાત્વની પૂજા થઈ. આહાહા..!

**'અને તે ક્રિયાઓમાં આત્મબુદ્ધિ અર્થાત્ કર્તાબુદ્ધિનો અભાવ તે મોક્ષનું કારણ છે.'** હું તો એ ક્રિયાનો જાણનાર તે પણ વ્યવહાર. કર્તા તો નહિ, પણ એનો જાણનાર પણ વ્યવહાર છે. હું તો મારા જ્ઞાનની પર્યાયને જાણનારો છું. એ મારા અસ્તિત્વમાં છે તેને હું જાણનારો. મારા અસ્તિત્વમાં એ ક્રિયા નથી એને જાણનારો કહેવો એ તો અસદ્ભૂત વ્યવહારથી કથન છે. આહાહા..! વીતરાગમાર્ગ, એનો માર્ગ અલૌકિક છે. ૬૨ થઈ લ્યો.

शरीरादावात्मनो भेदाभ्यासे च शरीरदृढतादौ नात्मनो दृढतादिकं मन्यते इति दर्शयन् धनेत्वादि श्लोकचतुष्टयमाह–

घने वस्त्रे यथाऽऽत्मानं न घनं मन्यते तथा।
घने स्वदेहेप्यात्मानं न घनं मन्यते बुधः।।६३।।
સ્થૂલ વસ્ત્રથી જે રીતે સ્થુલ ગણે ન શરીર,
પુષ્ટ દેહથી જ્ઞાનીજન પુષ્ટ ન માને જીવ. ૬૩.

टीका :– घने निविडावयवे वस्त्रे प्रावृते सति आत्मानं घनं दृढावयवं यथा बुधो न मन्यते। तथा स्वदेहेऽपि घने दृढे आत्मानं घनं दृढं बुधो न मन्यते।।६३।।

---

''શરીરાદિમાં આત્માનો ભેદાભ્યાસ થતાં, તે (અન્તરાત્મા) શરીરની દઢતાદિ થતાં આત્માની દઢતાદિક માનતો નથી,'' એમ બતાવી 'ધન' ઈત્યાદિ ચાર શ્લોક કહે છે :–

શ્લોક – ૬૩

અન્વયાર્થ :– (यथा) જેવી રીતે (घने वस्त्रे) જાડું વસ્ત્ર પહેરવાથતી (बुधः) બુદ્ધિમાન પુરુષ (आत्मानं) પોતાને એટલે પોતાના શરીરને (घनं) જાડો – પુષ્ટ (न मन्यते) માનતો નથી, (तथा) તેવી રીતે (स्वदेहे अपि घने) પોતાનું શરીર જાડું – પુષ્ટ થવા છતાં, (बुधः) અન્તરાત્મા (आत्मानं) આત્માને (घनं न मन्यते) જાડો – પુષ્ટ માનતો નથી.

ટીકા :– ઘન એટલે ગાઢ (જાડું) વસ્ત્ર પહેરવાથી, જેમ બુધ (ડાહ્યો પુરુષ) પોતાને (શરીરને) જાડો-પુષ્ટ માનતો નથી, તેમ પોતાનું શરીર જાડું-પુષ્ટ થવા છતાં બુધ (અન્તરાત્મા) આત્માને જાડો-પુષ્ટ માનતો નથી.

ભાવાર્થ :– જેમ જાડું વસ્ત્ર પહેરવાથી, ડાહ્યો માણસ, પોતાને જાડો થયેલો માનતો નથી, તેમ શરીર જાડું થતાં, આત્મા જાડો થયો, એમ અન્તરાત્મા કદી માનતો નથી.

જેમ શરીર અને વસ્ત્ર ભિન્ન-ભિન્ન છે, તેમ શરીર અને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે. આમ છતાં દેહમાં આત્મબુદ્ધિને લીધે અજ્ઞાની જીવ શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ માને છે; આ ભ્રાન્તિથી તે સારા ખોરાકાદિથી શરીરને પુષ્ટ કરવાની બુદ્ધિ કરે છે; પરંતુ જ્ઞાની તે બાબતમાં ઉદાસીન રહે છે, કારણ કે તે શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ કદી માનતો નથી. તેને શરીર અને આત્મા-બંનેનું ભેદજ્ઞાન વર્તે છે; તેથી તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ પોતાના આત્માની પુષ્ટિ માને છે. ૬૩.

# શ્લોક-૬૩ ઉપર પ્રવચન

**'શરીરાદિમાં આત્માનો ભેદાભ્યાસ થતાં,...'** શરીર, વાણી, મનથી જુદો પડતાં, સમ્યક્ ભાન થતાં **'(અન્તરાત્મા) શરીરની દઢતાથી થતાં આત્માની દઢતાદિક માનતો નથી,...'** શરીર પુષ્ટ એટલે હું પુષ્ટ છું એમ માનતો નથી. શરીર જીર્ણ થાય તો હું જીર્ણ થયો એમ માનતો નથી ધર્મી. શરીરને રોગ થયો તો મને રોગ થયો એમ જ્ઞાની માનતો નથી. આહાહા..! ૬૩. ચાર શ્લોક છે. પરમાત્મપ્રકાશમાં પણ છે.

**घने वस्त्रे यथाऽऽत्मानं न घनं मन्यते तथा।**
**घने स्वदेहेप्यात्मानं न घनं मन्यते बुधः॥६३॥**

**સ્થૂલ વસ્ત્રથી જે રીતે સ્થુલ ગણે ન શરીર,**
**પુષ્ટ દેહથી જ્ઞાનીજન પુષ્ટ ન માને જીવ. ૬૩.**

**'ટીકા :- ઘન એટલે ગાઢું (જાડું) વસ્ત્ર પહેરવાથી,...'** જાડું વસ્ત્ર પહેર્યું મખમલનું એટલે પોતાને જાડો થયેલો માને? એ તો જાડું વસ્ત્ર જડ છે. એનાથી હું જાડો થયો એમ માને? માનતો નથી. એમ શરીર જાડું થતાં, આ તો રજકણ, માટી, ધૂળ. નિરોગી અને જાડું થતાં એમ અંતરાત્મા કદી માનતો નથી (કે) મારો આત્મા જાડો થયો, મારું બળ વધ્યું, શરીરની નિરોગતાથી મારું બળ વધ્યું એમ ધર્મી માનતો નથી. આવી વાત.

શું કહ્યું એ? જાડું વસ્ત્ર પહેરવાથી હું જાડો થયો શરીરમાં એમ માનતો નથી. એમ શરીર જાડું થયું એટલે હું જાડો થયો આત્મા, એમ જ્ઞાની માનતો નથી. એ તો જડની અવસ્થા જાડી થઈ. આહાહા..! નથી કહેતા? મારી કાઠી પાતળી છે. મારું શરીર અદોદરું છે. મારા શરીરમાં શું કહેવાય? મેદ છે બહુ. પણ શરીર જ ક્યાં તારું છે? હું મેદવાળો છું, હું તો સદાય રોગી જ રહું છું. ક્યાંક ક્યાંક રોગ રહ્યા જ કરે. પણ તું કે શરીર? આહાહા..! આ કેટલાકને અભિમાન ૮૦ વર્ષ સુધીના. ૮૦-૮૦ વર્ષ થયા સુંઠ ચોપડી નથી કોઈ દિ'. માથું દુઃખ્યું નથી. તે શું છે પણ હવે? એ તો જડની દશા છે. એ પ્રમાણે રહેવાની હતી. એમાં તને ક્યાં નિરોગતા આવી ગઈ? આહાહા..!

**'જેમ શરીર અને વસ્ત્ર ભિન્ન-ભિન્ન છે, તેમ શરીર અને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે.'** આ માટી છે ભગવાન ચૈતન્ય છે. આ માટી છે. માટી નથી કહેતા? ખીલો ખીલો વાગે. કે ભાઈ પાણી મને (અડાડશો) નહિ. મારી માટી પાકણી છે. એમ કહે છે ને? બોલે ખરો મારી માટી પાકણી. પણ માટી એટલે શું? ગાંડાની પેઠે સનેપાતિયા છે. શરીરમાં વાગે ને ખીલો કે ચુક વાગે. પછી પાણી અડાડશો નહિ બહુ એને ઠેકાણે. મારી માટી પાકણી છે. માટી આ માટી. વળી કહે કે મારી. આહાહા..!

કહે છે, **'શરીર અને વસ્ત્ર ભિન્ન ભિન્ન છે, તેમ શરીર અને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે. આમ છતાં દેહમાં આત્મબુદ્ધિને લીધે અજ્ઞાની જીવ શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ માને છે;...'** હમણા શરીર બહુ હું નિરોગી છું. મારું શરીર એટલે હું પુષ્ટ છું. આહાહા..! આ જુઓને શું કહેવાય કસરત ને. કસરત કરે છે ને? દોડે માણસ. શરીર નિરોગી રાખું છું. મારૂં....

મુમુક્ષુ :- એ રહે છે ખરું?

ઉત્તર :- રહે તો રહે અને મરી જાય છે એમાંથી. જામનગરમાં એક કસરત કરતો કરતો મરી ગયો. દેહ છૂટી ગયો. મોટો મગદળ ઉપાડતો હતો આમ. એકદમ જોર આવ્યું ત્યાં શ્વાસ બંધ થઈ ગયો. ઉપાડેને આ લોઢાના. બે-ત્રણ મણ, ચાર મણ આમ ઊંચી કરવા ગયો ને. એ તો દેહની સ્થિતિ એમાં આત્માને શું? આહાહા..!

એ તો ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપે ભિન્ન છે. એની પુષ્ટિ તો અંતર આનંદના રમણતાથી એની પુષ્ટિ થાય. શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ, ભ્રમ છે ભ્રમ. આહાહા..! આ પ્રૌષધ નથી કરતા પ્રૌષધ? પ્રૌષધમાં પુષ્ટિ છે. શેની? અતીન્દ્રિય આનંદનો ખજાનો ભગવાન છે. આહાહા..! જેની ખાણમાં અનંત આનંદ પડ્યો છે પ્રભુમાં. જેના ખજાને ખોટ નથી. સંપદા પૂર્ણ પડી છે. કેમ બેસે? રાંક થઈને માન્યો એને આ આત્મરાજા અનંતગુણનો સ્વામી છે. કહે છે કે આનંદનો ખજાનો ભગવાન છે. આહાહા..!

દાખલો આપે ત્યારે વાત કરે કે મૃગની નાભિમાં કસ્તુરી છે. તે કસ્તુરીને ન માને અને એ કસ્તુરી દુંટીમાં પડેલી, હવા જરી આવે તો આમ પ્રસરે એટલે જાણે ગંધ બહાર છે. એમ ગોતવા જાય મૂર્ખ. એમ આનંદનો નાથ પ્રભુ પોતાનો આનંદ બહારમાં ગોતવા જાય, બાયડીમાં, છોકરામાં ને પૈસામાં. મૃગલા જેવા છે કહે છે. રાજા, મહારાજા બધા બિચારા દુઃખીના દાળિયા છે.

મુમુક્ષુ :- મોટું રાજ્ય છે તોપણ?

ઉત્તર :- રાજ ધૂળેય નથી. અહીં અત્યારે જુઓને બહારમાં દુઃખ કેટલું છે? ઓલાને પૂર્યા તે ખળભળાટ થઈ ગયો છે. ખાનગી છે હજી કાંઈક ગુપ્ત. કંઈક વાતું કરે છે લોકો. છસ્સો, સાડા છસ્સોને પૂર્યાને ઓલા મોટા મોટાને? ખળભળાટ... ખળભળાટ... બહારથી હોં.

મુમુક્ષુ :- સામા થાય તો પૂરી ન દે? આપણે છોકરા ઘરમાં સામા થાય તો પૂરી ન દઈએ?

ઉત્તર :- એને ત્યાં ક્યાં સખ હતું પણ? રાજમાં અંદર ચિંતા... ચિંતા... ચિંતા... કઈ રીતે રહેવુ આવા જીવનમા? મોટા મોટાને પૂર્યા. એને માનનારા વિરોધ થઈ ગયા એના. કે આવું કામ કર્યું? એક ઠેકાણે નહોતું આપણે જાતા ને. મકાન ઉપર લખેલું હતું. ઈન્દિરા.. છે એક ગામમાં નહિ? વ્યાખ્યાન વાંચવા જતાં. ભોપાળ. મોટા અક્ષરથી ઈન્દિરાનો વિરોધ લખેલો. ઈન્દિરા આવી છે ને ઈન્દિરા આવી છે. ભોપાળ વ્યાખ્યાન વાંચવા જતા હતા બહાર. ત્યાં છે. ભોપાળ રહ્યા ને હમણાં આઠ દિ'. એમાં બહુ લખ્યું હતું. ઈન્દિરા શું કાંઈક ભાષા? મોટા અક્ષરે.

મુમુક્ષુ :- હઠાવો હઠાવો.

ઉત્તર :- હઠાવો એ નહિ પણ બીજું લખ્યું હતું. ભૂલી ગયા. ત્યાંથી નીકળતા હતા. ભોપાળ. ૪૦-૪૫ હજાર માણસ વ્યાખ્યાનમાં. આઠ દિ' રહ્યા ને આઠ દિ'. ત્યાં દૂર હતું. જાતા હતા રસ્તામાં આવતું હતું. દુઃખી... દુઃખી... દુઃખી... બિચારા. આત્મામાં આનંદ છે એમ ભૂલી અને પરમાં કાંઈક છે, ભ્રમણામાં દુઃખી છે એ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૯, બુધવાર તા. ૦૨-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૬૩ થી ૬૫,**
**પ્રવચન - ૭૮**

૬૩ ગાથા. ભાવાર્થ. એનો બીજો પેરેગ્રાફ. '**જેમ શરીર અને વસ્ત્ર ભિન્ન-ભિન્ન છે, તેમ શરીર અને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે.**' જેમ વસ્ત્ર જાડું હોય એથી શરીર જાડું છે એમ કાંઈ માને? જેમ જાડું શરીર હોય તેથી શું આત્મા જાડો છે એમ માને? આહાહા..! શરીરની સ્થિતિ ચૈતન્યની સ્થિતિથી ભિન્ન છે. શરીરની સ્થિતિથી વસ્ત્રની સ્થિતિ ભિન્ન છે. એ જ રીતે આ ભિન્ન છે. આહાહા..!

'**આમ છતાં દેહમાં આત્મબુદ્ધિને લીધે અજ્ઞાની જીવ શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ માને છે;...**' ખરેખર તો શરીરથી જેમ વસ્ત્ર ભિન્ન એમ ભગવાન આત્માથી શરીર ભિન્ન. અંતર જતા તો રાગથી પણ ભિન્ન. અંતર જતાં વર્તમાન પર્યાયથી પણ ભિન્ન. આહાહા..! શુદ્ધ પર્યાય હોય તો પણ પર્યાયથી તો ભિન્ન છે. વસ્તુ કૂટસ્થ છે, પર્યાય પરિણમતી અવસ્થા છે. અવસ્થાનું પરિણમન એનાથી ધ્રુવ વસ્તુ ભિન્ન છે. સત્યાર્થ છે એને ભૂતાર્થ કીધી ને? '**भूदत्थमस्सिदो खलु**' એ જ સત્યાર્થ વસ્તુ છે એમ કીધું ત્યાં તો. શરીર તો એનું નથી, રાગ તો નથી, પર્યાય પણ સત્યાર્થ-ત્રિકાળમાં આવતી નથી. આહાહા..!

પર્યાય એમ જાણે છે કે આ સત્યાર્થ તે હું છું. શરીર હું છું એ તો ક્યાંય રહ્યું. રાગ છે એ વિભાવ છે. ત્રિકાળ શુદ્ધ ચૈતન્યના ધ્રુવ સ્વભાવની આગળ રાગ તો ક્યાંય ભિન્ન છે. પણ એ ભિન્ન છે એવી જાણનાર પર્યાય જે છે. આહાહા..! એ પર્યાય પણ જે ધ્રુવ ત્રિકાળ સત્યાર્થ છે તે હું છું એમ એ માને છે. આહાહા..! પર્યાય છે એક સમયની અવસ્થા એ હું છું એમ એ (માન્યતા) નથી. એ હું છું એવી માન્યતા તો મિથ્યાત્વ છે. આહાહા..! પર્યાય જે નિર્ણય કરે છે કે સત્યાર્થ તો આ છે. આહાહા..! ધ્રુવ અનંતગુણરૂપ ધ્રુવસ્વરૂપ. ગુણ પોતે ધ્રુવ, ગુણ અનંત છે. વસ્તુ એક છે. એવી જે એકની દૃષ્ટિમાં પર્યાયથી પણ જ્યાં ભિન્ન છે તો શરીરની વાતું શું કરવી? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શરીર તો દ્રવ્ય અને પર્યાય બેયથી ભિન્ન.

ઉત્તર :- એ તો ક્યાંય રહી ગયું ભિન્ન. આહાહા..! એનું તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે શરીરના. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે એમાં આત્માની નાસ્તિ છે. આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં શરીરની નાસ્તિ છે. છે જ નહિ. ત્યાં ભલે હોય. આહાહા..!

'**અજ્ઞાની જીવ શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ માને છે;...**' જ્ઞાની પર્યાયની પુષ્ટિથી હું

પુષ્ટ છું એમ નથી માનતો. હું તો પૂર્ણ ધ્રુવ છું. પર્યાયમાં કેવળજ્ઞાનની પુષ્ટિ આવે તોપણ તે ધ્રુવમાં પુષ્ટ થયો છે એમ નથી. ક્ષયોપશમની દશા જ્ઞાનની થોડી હોય તોપણ તે પર્યાય કહે છે કે હું તો પર્યાય નથી. હું તો આ છું. અલ્પ પર્યાય પણ ત્રિકાળી દ્રવ્યનો સ્વીકાર કરીને સન્મુખ થાય છે. તે સન્મુખ જેને થાય છે તે હું છું એમ માને છે. આહાહા..! ગંભીર.. ગંભીર.. એક સમયમાં. આ તે કાંઈ વાત છે! આહાહા..! એ તત્ત્વ છે. છે. એ તત્ત્વ છે એ તો પલટતું પણ નથી. પલટે છે તે પર્યાય છે એ તત્ત્વ નથી, વસ્તુ નથી. આહાહા..! આવી દૃષ્ટિ અંદર લઈ જવી એણે તત્ત્વને વાસ્તવિક સ્વીકાર્યું છે. આ તો ક્યાંય રહી ગયું શરીર.

'**શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ માને છે; આ ભ્રાન્તિથી તે સારા ખોરાકાદિથી શરીરને પુષ્ટ કરવાની બુદ્ધિ કરે છે;...**' સવારમાં દૂધ, માખણ, શીરો, પુરી, બદામની પુરી. હવે તો બદામની પુરી ક્યાં આવે છે? બહુ મોંઘી થઈ ગઈ. પહેલા તો બાર આનાની પુરી આવતી. ઘણા વર્ષની વાત છે. બદામની તે દિવસે તો બાર આનાની શેર બદામ મળતી હતી. અત્યારે તો સવાસો રૂપિયાની કીલો.

મુમુક્ષુ :- મણનું વજન નીકળી ગયું.

ઉત્તર :- નીકળી ગયું. કીલો. એ આપણે કીલોની (ખબર નથી). બે શેર ને ત્રણ છ ભાર એમ કાંઈક કહે છે નહિ? બે શેર ને છ ભારને? આહાહા..! એનાથી શરીરને.. એમ કહેતાને બદામ ખાય છે. બદામથી કંઠ સારો રહે. વ્યાખ્યાનમાં કંઠ ઠીક નીકળે. આહાહા..! ભ્રમણા છે. એને નોકર્મ ગણવામાં આવ્યું ગોમ્મટસારમાં. ઓલા શીતલપ્રસાદ ને ગાતાં ને? મતિજ્ઞાનને નોકર્મ ગણ્યું છે. ગોમ્મટસારમાં છે. આહાહા..! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. એનાથી આત્માને બદામ ને પિસ્તા ખાતા મગજ વધે, જ્ઞાન પુષ્ટિ થાય, ભ્રમણા છે. આહાહા..!

ખોરાક. સારા ખોરાક એમ. સવારમાં બદામની પુરી અને કેસરિયા દૂધ. કંઠ સારો રહે, પુષ્ટિ રહે. આહાહા..! ભ્રમણા છે કહે છે.

'**પરંતુ જ્ઞાની તે બાબતમાં ઉદાસીન રહે છે,...**' શરીરની સ્થિતિ કેમ રહેવી એ તો એને કારણે છે. ખોરાક આપે સારો... અને ખોરાક આવવાનો હોય એ તો આવવાનો હોય એ આવે. જે રજકણો આવે છે એ આવે એ કાંઈ તારા ધાર્યા.. કે આ બદામને લાવું ને આ પિસ્તાને લાવું. ઊંચા-માં ઊંચી ચીજ તો બદામ કહેવાય ને? ઘીમાં તળીને નાખે ઘી આમ ખાય. આહાહા..! બદામનો શીરો બનાવે લ્યો. બદામનો શીરો બનાવ્યો હતો ભાઈએ. નહિ આપણે ગયા હતા મદ્રાસ-મદ્રાસ. જોડેવાળો કચ્છી હતો એક ગૃહસ્થ હતો. ઉતર્યા હતા ને અહીં. ચંદુભાઈ મોરબીવાળા છે ને? ત્યાં ઉતર્યા હતા. ત્યાં ઉતરીએ છીએ ને મદ્રાસમાં. અને જોડે એક હતા કચ્છી. પગલા કર્યા હતા. બદામનો શીરો કરીને લાવ્યો. ભાઈ અમે બદામ.. બદામ ઊંચી એમાં પાછો ઘીમાં તળી શીરો કરીને લાવ્યો હતો લ્યો. એ પાછો હમણાં મળ્યો હતો નહિ મુંબઈ? આ મોટાણીને ત્યાં આવ્યો હતો. મોટાણીને ત્યાં આપણે ઉતર્યા હતા ત્યાં આવ્યો હતો. અન્યમતિ છે. પણ પ્રેમ થઈ ગયો ઓલા જોડે. અરે..

બદામના શીરા. આહાહા..! એથી શરીર સારું રહે.

મુમુક્ષુ :- આયુર્વેદમાં તો એમ લખ્યું છે.

ઉત્તર :- એ બધું લખેલું. આમાં પણ એમ લખ્યું. એ તો થવાની પર્યાયે થાય તો એને નિમિત્ત કહેવાય. જેને મોસંબી પચે નહિ એવા જઠર એને બદામના શીરા પચે? ભ્રમણા અજ્ઞાનીની છે. રજકણની જે અવસ્થા થવાની તે થાય છે. આહાહા..!

**'જ્ઞાની તે બાબતમાં ઉદાસીન રહે છે,...'** જે કાંઈ શરીરની અવસ્થા ને જે મળવાનો ખોરાક તે મળે અને જે થવાની પર્યાય તે થાય એમાં આત્માને કાંઈ સંબંધ નથી. આહાહા..! **'કારણ કે તે શરીરની પુષ્ટિથી આત્માની પુષ્ટિ કદી માનતો નથી.'** આહાહા..! શરીરની નિરોગતાથી આત્મા નિરોગ છે એમ માને? શરીરમાં સરોગતા માટે આત્મા રોગી છે એમ માને? એ તો જડની દશા છે. આહાહા..!

**'તેને શરીર અને આત્મા-બંનેનું ભેદજ્ઞાન વર્તે છે;...'** આહાહા..! ધર્મીને તો જ્યાં પર્યાયથી દ્રવ્ય ભિન્ન વર્તે છે એને રાગ ને શરીર તે તો ભિન્ન ક્યાંય રહી ગયું. એની સંભાળ કરું તો રહે એમ ક્યાં છે? બીજું તત્ત્વ છે જ્યાં શરીર સંબંધ. આવ્યોને સંબંધ? નાસ્તિ. આહાહા..! ભગવાન ચૈતન્ય તત્ત્વને જડ તત્ત્વની સાથે શું સંબંધ છે? આહાહા..! એ શરીર એ બાહ્ય લોટે-ફરે એને આત્માની પર્યાયને એ શરીર સ્પર્શે નહિ. એમ આત્માની પર્યાય શરીરને સ્પર્શે નહિ. એકબીજામાં તો અત્યંત અભાવ છે. એકબીજામાં અત્યંત અભાવ, એમાં એ પુષ્ટિ થઈ એમાં આત્માની પુષ્ટિ માને? આહાહા..!

**'તેથી તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ પોતાના આત્માની પુષ્ટિ માને છે.'** આહાહા..! ભગવાન પૂર્ણ આનંદ અને સ્વભાવ સંપન્ન, એની સમ્યગ્દર્શનદશા, એની પ્રતીતિની આવો તે સ્વ-ભાવ ભગવાન પૂર્ણ. ગંભીરતાનો પાર નહિ. અચિંત્ય શક્તિના સ્વભાવનો સાગર મોટો પ્રભુ. એવી વસ્તુની જ્યાં અંતર્મુખ પ્રતીતિ થઈ, એનું જ્ઞાન થયું અને એમાં રમણતા એ આત્માની પુષ્ટિ છે. એ પર્યાયમાં. આહાહા..! દ્રવ્ય તો છે એ છે. એ તો સદાય પડ્યું જ છે એમ આખું. કેવળજ્ઞાન થાય તો ત્યાં ઘટાડો થાતો નથી અને અક્ષરનો અનંતમો ભાગ તે નિગોદમાં રહે તો ત્યાં ધ્રુવમાં વિશેષતા પુષ્ટિ રહે છે એમ પણ નથી.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં પુષ્ટિ માને છે. પર્યાયમાં. આહાહા..! વસ્તુ ભગવાન પૂર્ણ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય સ્વભાવ એને અવલંબીને થતી પરિણતિ-પર્યાય દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પુષ્ટિ પર્યાયની છે. પ્રૌષધ કરે છે ને? પ્રૌષધ એ પ્રૌષધ આ હોય તો પ્રૌષધ છે. બહારનો અપવાસ કર્યો અને આહાર ન કર્યો માટે પ્રૌષધ થઈ ગયો એમ નથી. ભગવાન અનંત ગુણનો ખજાનો એ ખજાનાને ખોલીને... આહાહા..!

જેમ ફુગ્ગો, ફૂંક મારીને ફુગ્ગાને મોટો કરે છે ને? ફુલાવે છે. એમ ચૈતન્ય ધ્રુવ એની એકાગ્રતાની દૃષ્ટિમાં પર્યાયને ફુલાવે છે. આહાહા..! ઓલો ફુગ્ગો છે એ પોલો છે. પોલો એ તો આવડું મોટું દેખાય

આમ. આ તો નકોર ચીજ છે. આહાહા..! એ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ પર્યાયની પુષ્ટિ છે. છે ને?

**'તેથી તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ...'** એમ. **'પોતાના આત્માની પુષ્ટિ પર્યાયમાં માને છે.'** આહાહા..!

*जीर्णे वस्त्रे यथाऽऽत्मानं न जीर्णं मन्यते तथा।
जीर्णे स्वदेहेऽप्यात्मानं न जीर्णं मन्यते बुधः।।६४।।
જીર્ણ વસ્ત્રથી જે રીતે જીર્ણ ગણે ન શરીર,
જીર્ણ દેહથી જ્ઞાનીજન જીર્ણ ન માને જીવ. ૬૪.

टीका :– जीर्णे पुराणे वस्त्रे प्रावृते यथाऽऽत्मानं बुधो जीर्णं न मन्यते तथा जीर्णे वृद्धे स्वदेहेऽपि स्थितमात्मानं न जीर्णं वॉद्धमात्मानं मन्यते बुधः।।६४।।

શ્લોક – ૬૪

**અન્વયાર્થ :– (यथा) જેવી રીતે (वस्त्रे जीर्णे) પહેરેલું વસ્ત્ર જીર્ણ થતાં (बुधः) બુદ્ધિમાન પુરુષ (आत्मानं) પોતાને એટલે પોતાના શરીરને (जीर्णं न मन्यते) જીર્ણ માનતો નથી, (तथा) તેવી રીતે (स्वदेहे अपि जीर्णे) પોતાનું શરીર જીર્ણ થતાં પણ (बुधः) અન્તરાત્મા (आत्मानं) આત્માને (जीर्णं न मन्यते) જીર્ણ માનતો નથી.**

**ટીકા :– જીર્ણ અર્થાત્ પુરાણું વસ્ત્ર પહેરવાં છતાં, જેમ બુધ (ડાહ્યો માણસ) પોતાને (પોતાના શરીરને) જીર્ણ માનતો નથી, તેમ પોતાનો દેહ જીર્ણ-વૃદ્ધ થવા છતાં, તે અન્તરાત્મા (શરીરમાં) રહેલા આત્માને જીર્ણ-વૃદ્ધ માનતો નથી.**

**ભાવાર્થ :– જેમ પહેરેલું વસ્ત્ર જીર્ણ થવા છતાં, ડાહ્યો માણસ પોતાના શરીરને જીર્ણ થયેલું માનતો નથી, તેમ અન્તરાત્મા શરીર જીર્ણ થતાં, પોતાના આત્માને જીર્ણ માનતો નથી.**

**જેમ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે, એકના પરિણમનથી બીજાનું પરિણમન થતું નથી, તેમ શરીર અને આત્મા એકબીજાથી ભિન્ન હોઈ શરીરના જીર્ણરૂપ પરિણમનથી આત્માનું જીર્ણરૂપ પરિણમન થતું નથી.**

વિશેષ

શરીર જીર્ણ હોય; રોગગ્રસ્ત હોય, છતાં જીવ આત્મહિત કરી શકે છે એમ જ્ઞાની જાણે

* जिण्णि वत्थि जेम बुहु देहु ण मण्णइ जिण्णु।
देहि जिण्णं णाणि तहँ अप्पु ण मण्णइ जिण्णु।। (२–१७९)
– परमात्मप्रकाशे, योगीन्दुदेवः।

**છે અને માને છે; તેથી શરીરની પ્રતિકૂળતામાં પણ તેની આત્મ-પ્રવૃત્તિ ચાલુ જ હોય છે.**

**અજ્ઞાનીને શરીર સાથે એકતાબુદ્ધિ હોવાથી શરીરની પ્રતિકૂળતામાં તે આત્મહિત માટે પોતાને અસમર્થ સમજે છે. તે તો એમ જ માને છે કે શરીર સ્વસ્થ હોય - નીરોગી હોય તો જ ધર્મ થાય, જીર્ણ કે રોગગ્રસ્ત શરીરે ધર્મ ન થાય. એ એનો ભ્રમ છે. ૬૪.**

## શ્લોક-૬૪ ઉપર પ્રવચન

૬૪.

***जीर्णे वस्त्रे यथाऽऽत्मानं न जीर्णं मन्यते तथा।**
**जीर्णे स्वदेहेऽप्यात्मानं न जीर्णं मन्यते बुधः।।६४।।**
**જીર્ણ વસ્ત્રથી જે રીતે જીર્ણ ગણે ન શરીર,**
**જીર્ણ દેહથી જ્ઞાનીજન જીર્ણ ન માને જીવ. ૬૪.**

'**ટીકા :- જીર્ણ અર્થાત્ પુરાણું વસ્ત્ર પહેરવા છતાં, જેમ બુધ (ડાહ્યો માણસ) પોતાને (પોતાના શરીરને) જીર્ણ માનતો નથી,...**' આહાહા..! જીર્ણ વસ્ત્ર સડી ગયેલા જેવા હોય તો ગરીબ માણસને.. તેથી જીર્ણ વસ્ત્ર ફાટલા, ટુટલા હોય, ચોરણી ફાટેલી હોય એથી શરીર મારું જીર્ણ છે એમ માને? '**પુરાણું વસ્ત્ર પહેરવા છતાં,...**' જીર્ણ '**(ડાહ્યો માણસ) પોતાને (પોતાના શરીરને) જીર્ણ માનતો નથી, તેમ પોતાનો દેહ જીર્ણ-વૃદ્ધ થવા છતાં,...**' શરીર વૃદ્ધ થયે જાય, જીર્ણ થઈ જાય, લીજરી પડી જાય, બેસવાનું કામ પણ કરી શકે નહિ, ઓઠીગણે માંડ બેસી રહે. આહાહા..! એવું શરીર જીર્ણ થયું એટલે આત્મા જીર્ણ થયો? આહાહા..!

શરીરની એવી જીર્ણતા હોય અને અંદરમાં ધ્યાનમાં કેવળજ્ઞાન થાય. આહાહા..! શરીર જીર્ણ થઈ ગયું હોય. આવે છને ઉપસર્ગની વાત આવે છે શાસ્ત્રમાં. શિયાળીયા શરીર ખાય કટકા. આહા..! પણ અંદરમાં ધ્યાનમાં ગયો જ્યાં આનંદમાં, કેવળજ્ઞાન થઈ જાય છે. પણ એ વખતે ઉપસર્ગ હોય નહિ. ઓલા ઉપસર્ગથી શરીર જીર્ણ થઈ ગયું હોય, કટકા કરી નાખ્યાં. આહાહા..!

સુકુમાર જુઓને આવે છે ને? શિયાળિયા ખાય છે. એથી શું? એથી શરીર જીર્ણ થઈ ગયું? આત્મા જીર્ણ થઈ ગયું? શરીર તો શરીરની અવસ્થા છે. અંતર આનંદ સ્વરૂપમાં સચ્ચિદાનંદ આનંદના સ્વાદમાં પડ્યો છે એ તો પર્યાયમાં પુષ્ટિ થઈ છે. શરીર જીર્ણ થઈ ગયું અને આ કેવળજ્ઞાન થઈ ગયું. આહાહા..! શરીરમાં એક પગ કાપી નાખ્યો હોય અને આવું હોય લ્યો.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન થાય પછી શરીર સરખું થાય.

ઉત્તર :- પછી શરીર સરખું થઈ જાય. એ તો એનો સ્વભાવ છે એવો. પણ આવું હતું ને

કેવળજ્ઞાન થયું. કેવળ થયે શરીર પછી તો ખાડા-બાડા હોય, કટકા હોય એ બધું ભેગું સરખું.

મુમુક્ષુ :- શરીરને ખબર પડતી હશે કે...

ઉત્તર :- એ જાતના રજકણની અવસ્થાનું સ્વરૂપ જ એ કાળે હોય. એનો સ્વકાળ જ એવો હોય. આહાહા..! જે પ્રમાણમાં રાગ કરે એ જ પ્રમાણમાં ચારિત્રમોહની પર્યાયમાં કર્મની પર્યાય થાય છે એને ખબર છે કે આવો રાગ આટલો કર્યો? પણ સ્વભાવ જ એવો છે પૂર્ણ. એ પરમાણુમાં જેટલા પ્રમાણમાં એ રાગ કર્યો એટલા જ પ્રમાણની ચારિત્ર મોહનીયની પર્યાય થાય. એ આને લઈને નહિ. આહાહા..! એ સમયના તે પરમાણુનો તે ચારિત્રમોહનીય પર્યાયપણે પરિણમવાનો સ્વકાળ હતો. આહાહા..! અને આત્મા અંદરમાં ધ્યાનમાં આવીને કેવળજ્ઞાન પામે, ત્યારે એ કર્મની અવસ્થા અકર્મરૂપ થાય એ એનો ક્રમ અને કાળ હતો. આહાહા..! ભારે આકરું કામ.

પુદ્ગલમાં તે કાળે કર્મની અવસ્થાનો અભાવ થઈ અકર્મરૂપ થવાનો સમય હતો એનો. આણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું માટે કેવળજ્ઞાનાવરણીયને આવું અકર્મરૂપે થવું પડ્યું એમ નથી. આહાહા..! ભારે માર્ગ ભાઈ!

મુમુક્ષુ :- તત્ત્વાર્થસૂત્રમાં તો લખ્યું છે..

ઉત્તર :- એ બધા નિમિત્તના કથન છે. એ વખતે ત્યાં થાય છે એથી એમ જણાવ્યું છે. થાય તે એની પર્યાયને કાળે, એને કારણે થાય છે. નાશ થવું એટલે શું? જે કર્મરૂપી પર્યાય હતી તે અકર્મરૂપ થાય એનું નામ કર્મનો નાશ.

એ ભાઈએ નાખ્યું છે નહિ? તત્ત્વજ્ઞાન. જૈન...માં નાખ્યું છે ફુલચંદજીએ. આમાં પણ એમ આવે છે કળશટીકામાં પણ. અકર્મરૂપ થવું. એ અહીંયાં ધ્યાન કરીને આનંદ આવ્યો કેવળનો. એવું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે સત્ત્વ, એનું જ સત્ત્વનું એકાગ્ર થતાં જે પર્યાયમાં સત્ત્વ આવ્યું કેવળજ્ઞાન અને અનંત આનંદ, માટે કેવળજ્ઞાનાવરણીયને નાશ થવું પડ્યું. એમ નથી. જેઠાભાઈ! તમારે ચર્ચાનું હતું ને? કે કર્મથી થાય એમ માનો તો આપણે ચર્ચા કરીએ. આ કહે, ભાઈ! કર્મથી એ અમે માનતા નથી. કર્મથી થાય રાગ વિકાર એમ માનો. આહાહા..!

અહીં તો રાગ થાય એ પણ પરની અપેક્ષા વિના અને એ વખતે કર્મની પર્યાય તે પ્રકારે થાય તેટલાં જ પ્રમાણમાં, એ પણ રાગની અપેક્ષા વિના. ઓહોહો..! આવું જ્યાં વસ્તુનું સ્વરૂપ જ છે. એમ પરની જીર્ણતા એ પોતાને જીર્ણ માનતો નથી. '**અન્તરાત્મા (શરીરમાં) રહેલા આત્માને જીર્ણ-વૃદ્ધ માનતો નથી.**'

'**ભાવાર્થ :- જેમ પહેરેલું વસ્ત્ર જીર્ણ થવા છતાં,...**' .. હતો ને અહીં? હિંમતભાઈનું મકાન છે ત્યાં હતા ને એક? ક્યા ગામવાળા નહિ? ભાવનગરવાળા? વૈષ્ણુવ. ઘોઘાવાળા. ઘોઘાવાળા હતા. જીર્ણ થઈ ગયું શરીર. અહીં હતા ને ઓલા નહિ? વૈષ્ણવ નહોતા આ ગામમાં? એના સગા થાય. એની બહેન હતા. બે બૈરા હતા. તે દિ' હીરાભાઈના મકાનમાં હતા. છેલ્લી સ્થિતિ. ડોક્ટર બોક્ટર આવ્યા ને શ્વાસ છૂટ્યો એને. ને વસ્ત્ર. એમ કે શરીર હવે જીર્ણ થયું છે તો છૂટી જશે હવે. પોતે

કહે. આ બીજું શરીર. વૈષ્ણવ હતા વૈષ્ણવ. ૯૪ની વાત છે. હજી અહીં આવ્યા નહોતા અહીં. હીરાભાઈના મકાનમાં હતા. હિંમતભાઈની જરીક છે ને ત્યાં હતા એ. ત્યાં અહીં નહોતા ઓલા? ભૂલી ગયા. વૈષ્ણવ.

મુમુક્ષુ :- કરશનજી

ઉત્તર :- કરશનજી. કરશનજી મોદી. એની બહેન હતા. આહાહા..! શરીર જીર્ણ થઈ ગયેલું. ડોક્ટરો બધા ધમાધમ કરે. પણ શરીર જીર્ણ. માણસ જરી ડાહ્યો ખરો અંદર, એટલે એમ કહે શરીર જીર્ણ થઈ ગયું. શરીર નાશ થઈ જશે. હવે શરીર બીજું આવશે. એમ બોલતો હતો બિચારો. આહાહા..! એ શરીરના જીર્ણ થયે કાંઈ આત્મા જીર્ણ થાય છે? અહીં જીર્ણ થાય અને અહીં કેવળજ્ઞાન થાય. આહાહા..! ક્યાં ગયા? ગયા?

**'જેમ પહેરેલું વસ્ત્ર જીર્ણ થવા છતાં, ડાહ્યો માણસ પોતાના શરીરને જીર્ણ થયેલું માનતો નથી, તેમ અન્તરાત્મા શરીર જીર્ણ થતાં, પોતાના આત્માને જીર્ણ માનતો નથી.'** આહાહા..! અરે.. પર્યાયમાં હીણી થયે ઘણી હીણી. એથી પૂર્ણ ધ્રુવ હીણું થયું એમ માને? આહાહા..! એને ઠેકાણે શરીરની જીર્ણતાથી આત્માની જીર્ણતા એ વાત ક્યાં છે? આહાહા..! ધર્મની દૃષ્ટિ.. શરીર ઉપર લક્ષ પણ ક્યાં છે? એ શિયાળ કરડે અને કટકા કરે, ધર્માત્માની દૃષ્ટિ તો આત્મા ઉપર પડી છે. એ શરીરના કટકા કરે શિયાળ તો ત્યાં અંતરમાં તો આનંદ વેદાય છે. બટકું ભરે અહીં આનંદ પુષ્ટ થાય. આહાહા..! એ એને ને આને સંબંધ શું છે? આહાહા..! ઓલો ટૂકડો જાય અહીં પુષ્ટી આનંદની થાય. આહાહા..! ચીજ જ જુદી છે.

અહીં લખે છે નહિ નિહાલભાઈ? કરોડો સોયું ધગધગતી શરીરમાં આવે, તોપણ જ્ઞાનીને એની ચિંતા નથી. કારણ કે એ અડતું નથી મને. છે ને? નિહાલભાઈમાં છે. ધર્મી એ તો હર સમયે તૈયાર. શરીરમાં ધગધગતી કરોડો સોયું પહેરે તોપણ એને હું અડતો નથી, એ મને અડતી નથી. આહાહા..! જેનાથી મારામાં અત્યંત અભાવ શરીરનો, એમાં શરીરમાં એ થાય એમાં મને શું? આહાહા..!

સાતમી નરકનો નારકી એ મરે ત્યારે ભલે મિથ્યાત્વમાં જાય છે. પણ વચમાં રવ રવ નરકની અપરિઠાણ નરકની, શરીરની પીડા છતાં શરીરથી ભગવાન ભિન્ન છે, માટે એ શરીરની પીડા મને છે એમ માનતો નથી. આ જેટલો રાગનો અંશ બાકી રહે છે એટલો દ્વેષનો અંશ દુઃખ હોય છે, પણ એ એને કારણે નહિ. નબળાઈને કારણે. આહાહા..! એ શરીરની આ સ્થિતિ થાય માટે દુઃખી છે એમ છે જ નહિ. એટલા પ્રમાણમાં હજી એની આસક્તિ પર પ્રત્યેની અસ્થિરતા, તેટલા પ્રમાણમાં પ્રતિકૂળ સંયોગમાં દ્વેષનો અંશ આવે એનું નામ દુઃખ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ પણ નરકમાં પડ્યા છે. એને જેટલે અંશે ભિન્ન પડ્યું છે તત્ત્વ એટલે અંશે તો આનંદ છે. જેટલે અંશે અંદર રાગ હજી બાકી છે એટલે અંશે ખેદનું દુઃખ પણ છે. આહાહા..! પણ એથી શરીરને કારણે આ થયું માટે દુઃખ થયું એમ નથી. આહાહા..!

મારી સહનશીલતાનું કમીપણું એને કારણે દુઃખનો ભાવ વેદાય છે. શરીરમાં કટકા થાય અને

જીર્ણ થાય માટે આ દુઃખ થાય છે એમ છે નહિ. માર્ગ આવો ભારે ભાઈ! આહાહા..! વીરનો માર્ગ છે આ. શુરવીરનો માર્ગ છે આ. કાયરના કામ નથી આ. કાળજા ધ્રુજે અંદર. આહાહા..!

'**જેમ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે, એકના પરિણમનથી બીજાનું પરિણમન થતું નથી,...**' ભાવાર્થનો બીજો પેરેગ્રાફ. વસ્ત્ર અને શરીર બે ભિન્ન-ભિન્ન છે. આહાહા..! '**એકના પરિણમનથી બીજાનું પરિણમન થતું નથી, તેમ શરીર અને આત્મા એકબીજાથી ભિન્ન હોઈ શરીરના જીર્ણરૂપ પરિણમનથી આત્માનું જીર્ણરૂપ પરિણમન થતું નથી.**' ચોખવટ કરી. જેમ વસ્ત્રના જીર્ણ પરિણમનથી શરીરનું જીર્ણ પરિણમન થતું નથી. એમ શરીરના જીર્ણ પરિણમનથી, આત્માનું જીર્ણ પરિણમન થતું નથી. આહાહા..!

**વિશેષ :—** '**શરીર જીર્ણ હોય; રોગગ્રસ્ત હોય,...**' શરીર ને પણ? '**છતાં જીવ આત્મહિત કરી શકે છે...**' આહાહા..! તેના તરફનું લક્ષ છોડીને આત્માના ધ્યેયમાં લક્ષમાં જાય તો રોગ વખતે પણ આત્મા કલ્યાણ કરી શકે છે. આહાહા..! જેણે અભિમાન સેવ્યા છે. શરીર તે હું, એની ક્રિયા તે હું, વાણી તે મારી. આહાહા..! વાણીની કળા કહેવાની તાકાત પણ મારી. આહાહા..! દૃષ્ટિમાં જ સડો પડ્યો છે. આહાહા..!

વાણી, મન અને શરીર, એ આવી ગયું ને પહેલું? ત્રણ શબ્દ આવ્યા હતા. મન, વચન અને કાયા. કાયા, વાણી અને ચેતસા એમ આવ્યું હતું. મન. ત્રણ તદ્દન ભિન્ન છે. એ ત્રણને જેણે પોતાના માન્યા એ પરનો સ્વીકાર કરનારો સ્વને છોડીને ભ્રાંતિમાં પડ્યો છે. પોતાનું હોવાપણું તે પરની ક્રિયાથી ભિન્ન છે એમ ન જાણતાં એ બધી ક્રિયાઓ જે મન, વચન અને કાયાની થાય, મારી ઉપસ્થિતિ ચૈતન્યની છે માટે થાય છે. એ ભ્રમમાં પડ્યા છે. એ ભ્રમથી દુઃખી છે.

'**શરીર જીર્ણ હોય; રોગગ્રસ્ત હોય, છતાં જીવ આત્મહિત કરી શકે છે એમ જ્ઞાની જાણે છે...**' આહાહા..! '**અને માને છે; તેથી શરીરની પ્રતિકૂળતામાં પણ તેની આત્મ-પ્રવૃત્તિ ચાલુ જ હોય છે.**' પ્રતિકૂળતાના વીર્યની વિશેષ સ્ફુરણા હોય છે. શ્રીમદ્ એમ લખ્યું છે એક પત્રમાં. એક પત્રમાં છે. ચેતનજી! એક પત્ર છે આ બાજુનો. આહાહા..! આ શું? મારા સમીપમાં ભિન્ન ચીજમાં આ શું? એમ વીર્યની સ્ફુરણા સ્વ તરફ જાય છે વિશેષ તો. આહાહા..! એટલે એને કારણે ત્યાં અટકે છે એવું કાંઈ નથી. હોય શરીરમાં.

'**તેથી શરીરની પ્રતિકૂળતામાં પણ તેની આત્મ-પ્રવૃત્તિ ચાલુ જ હોય છે.**' જેમ શરીરની અનુકૂળતામાં પોતાના તરફમાં વલણની પ્રવૃત્તિ છે એવી જ પ્રતિકૂળતાના સમયે પણ પોતાના વલણમાં પ્રવૃત્તિ છે. આહાહા..! એ પ્રતિકૂળતાને કારણે મંદ પડે છે એમ નથી. હા, એમાં અશુભભાવ થાય તો એ વખતે શુદ્ધતાની પરિણતિ મંદ છે. અને શુભનો ભાવ હોય એ વખતે શુદ્ધની પરિણતિ જરી વિશેષ છે અને શુદ્ધ હોય ત્યારે તો વિશેષ છે જ. આહાહા..! એટલે પરને કારણે ન થયું ત્યાં. પોતાનો અશુભભાવ હોય એ વખતે શુદ્ધ તરફનું વલણ ઓછું હોય. વલણ તો છે દૃષ્ટિની અપેક્ષાએ. પણ સ્થિરતાની અપેક્ષાએ. શુભભાવ હોય ત્યારે વલણ કાંઈક વિશેષ છે. શુદ્ધમાં

તો વલણ એક જ છે. એ પોતાને કારણે છે એમ. પરને કારણે કાંઈ છે નહિ. પ્રતિકૂળતા છે માટે અહીં યાં શુદ્ધની પ્રવૃત્તિ કાંઈક મંદ છે એમ નહિ. એ અશુદ્ધભાવ છે એ તો પોતાના પુરુષાર્થની ઉંધાઈને લઈને અશુભમાં છે તો આની સ્વ તરફ પ્રવૃત્તિ મંદ છે એમ. એના પરિણમનના આવા પડખાં છે એમ કહે છે. પરને લઈને નહિ. આહાહા..!

મુમુક્ષુ :- શુભ વખતે વિશેષ હોય.

ઉત્તર :- વિશેષ આ બાજુ ઢળી તીવ્રતાના પરિણામ કરે છે ને. દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે જ. પણ શુભ વખતે પુરુષાર્થ આ બાજુ વિશેષ છે. અશુભ વખતના કાળની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આહાહા..! અને આમ ગણો તો છઠ્ઠા ગુણસ્થાનવાળાનું આર્તધ્યાન હોય તોપણ પરિણતિ તો વિશેષ છે ત્યાં. અને ચોથા ગુણસ્થાનવાળો નિર્વિકલ્પ પરિણતિમાં પડ્યો હોય તોપણ એની પરિણતિની શુદ્ધતા થોડી છે. કષાયના ઉપર છે ને? આહાહા..!

'**અજ્ઞાનીને શરીર સાથે એકતાબુદ્ધિ હોવાથી...**' છેલ્લો પેરેગ્રાફ. પરમાત્મપ્રકાશનો દાખલો આપ્યો છે. નીચે છે ને? નીચે શ્લોક આપ્યો છે ને?

**जिण्णि वत्थि जेम बुहु देहु ण मण्णइ जिण्णु।**
**देहि जिण्णं णाणि तहँ अप्पु ण मण्णइ जिण्णु।। (२–१७९)**
**– परमात्मप्रकाशे, योगीन्दुदेवः।**

સમાધિશતક. '**અજ્ઞાનીને શરીર સાથે એકતાબુદ્ધિ હોવાથી શરીરની પ્રતિકૂળતામાં તે આત્મહિત માટે પોતાને અસમર્થ સમજે છે. તે તો એમ જ માને છે કે શરીર સ્વસ્થ હોય – નિરોગી હોય તો જ ધર્મ થાય,...**' ડાબા અને જમણા પડખામાં શૂળ આવતા હોય શૂળ. એ વખતે કેમ ધર્મ થાય કહે. એમ અજ્ઞાની માને છે. સબાકા આવતા હોય અંદરથી. રાડ નખાવે રાડ.

શ્રીમદ્‌ને છેલ્લે અવાજ ઘુંટાતો હતો બહુ. ઝવેરભાઈ કહેતા. એના બનેવી કહેતા કે છેલ્લે અવાજ ઘુંટાણો. એટલો પાંચ-પાંચ ઘર સુધી સંભળાતો હતો. એટલે અમને તો એમ કે લ્યો આવું આ મરણ! પણ એ તો દેહની ક્રિયા કાંઈક હતી ઠીક, એથી અંદર ધ્યાનમાં ગયા હશે. એ ક્રિયા શરૂ થઈ ગઈ એવી. એથી કાંઈ આત્માને અંદર નુકસાન છે એ કાંઈ છે નહિ. આહાહા..! કારણ કે ઊભા થયા, એટલી શરીરની તાકાત હતી બેસે (કે) આમ. શું કાંઈક બીજું. આરામખુરશી. બસ આમ લૂગડું નાખીને. એ તો આનંદમાં ગયા. બહારમાં ઓલો શ્વાસ ઘૂંટાવા માંડ્યો. લોકો એ કહેવા માંડ્યા કે એના બનેવી કહે કે અમને તો શ્રદ્ધા કાંઈ નથી. અરે.. ભાઈ એ દેહની ક્રિયા છે. એની સાથે કાંઈ અંતરના આનંદના ભાનને કાંઈ વિઘ્ન નથી. આહાહા..!

૭૬ની સાલ. એ ધ્રાંગધ્રામાં એક સંઘવી હતા અપાસરાની પાસે. પહેલું. ખડકીમાં ઘર પહેલું. ઓલા સુરચંદ સંઘવી નહોતા? એ ખડકી. ૭૬ની વાત છે. એ સંઘવી હતા. અમે ત્યાં હતા. મંગળીક. પણ પીડા.. પીડા.. પીડા... ખાટલો નહોતો. નીચે નાખ્યા. ત્યાં પણ રહી શકે નહિ.

મુમુક્ષુ :- આખા ઘરમાં ગાદલા નાખ્યા.

ઉત્તર :- હા. આ તો પડ્યું હતું. મંગળિક સાંભળવું હતું. આમ સ્થિર (રહી શકે નહિ) એટલી પીડા. વાત એ કે ઓલી એકતાબુદ્ધિ છે ને? આહાહા..! પથારીમાં બેસી શકે નહિ, રહી શકે નહિ, સૂઈ શકે નહિ. એટલું અંદર. આમ ગુલાંટ ખાય.. આમ ગુલાંટ ખાય.. આમ ગુલાંટ ખાય.. માણસ વૃદ્ધ હતા. ૫૦-૫૫ વર્ષ હશે. આ ૭૬ની વાત છે. પહેલાં ધ્રાંગધ્રા ગયાને ત્યારે. મરી ગયા થોડા વખતમાં. આહાહા..!

ધર્મીને એ શરીરની પ્રતિકૂળતાના વખતે પોતાનું આત્મહિત અસમર્થ નથી થતું. '**શરીર સ્વસ્થ હોય – નિરોગી હોય તો જ ધર્મ થાય,...**' એવું માનતા નથી. આહાહા..! શરીરની અવસ્થામાં પોતે ક્યાં છે? અને શરીરની અવસ્થા પોતામાં ક્યાં છે? આહાહા..! આવું કામ ભારે! પોતે તો આનંદસ્વરૂપ છે એવું જે જાણ્યું છે, આનંદનું વેદન થયું છે, એ વેદનનો ધણી જે ધ્રુવ છે ત્યાં એની દૃષ્ટિનું જોર છે. પર્યાય ઉપર પણ જેનું જોર નથી. આહાહા..! એને તો કહે છે કે એ પ્રતિકૂળતા વખતે એ ધર્મ સાધન થાય છે. આહાહા..!

શ્રીમદ્નો પત્ર છે એક ઠેકાણે. પ્રતિકૂળતા વખતે ધર્મીની વીર્યની સ્ફુરણા વિશેષ હોય છે. એવો છે એક પત્ર. છેલ્લા ... આનંદનો નાથ ભગવાન જ્યાં હાથમાં આવ્યો. આહાહા..! એ ચીજ હતી અને તે છે. વસ્તુ પરિપૂર્ણ આનંદ અને જ્ઞાનથી પડી જ છે. છે. આહાહા..! એનો જેના અંતરમાં સ્વીકાર કર્યો, તો શરીરની પ્રતિકૂળતા કાળે એની અંદર અસમર્થતા થઈ જાય, એવું છે નહિ. એમાં છે જ નહિ ને. એ અહીં નથી, આ એમાં નથી. આહાહા..! 'એક રે દિવસ એવો આવશે, આવ્યું છેને ગાયન નહિ? હમણાં હિંમતભાઈએ ચોપડી લખી એમાં હતું. આ હિંમતભાઈ નહિ.

'એક રે દિવસ એવો આવશે જે મનુષ્ય હોય ...
સગી નારી એ તારી કામની, ઉભી ટગ ટગ જોવે જી
આ રે કાયામાં હવે કાંઈ નથી, એ ધ્રુસકે ધ્રુસકે રોવે જી,
એક રે દિવસ એવો આવશે. આવશે કે પણ નહિ એને?'

દેહ સંયોગી ચીજ છૂટવાનો કાળ તો આવ્યા વિના રહેશે આ ભવમાં? સો ટકા. ધીરૂભાઈ કહેતા હતા હમણાં. આવું, આ બધું છૂટશે .. કાંઈ હજી થાતું નથી કહે લ્યો. ધીરૂભાઈ! લાઠી. દીકરો નથી, દીકરી એક જ છે. પૈસા બે-ચાર લાખ હશે અને એ લાડ લડાવે ભાણિયાને. પણ આ જાવું છે છોડીને આ બધું. એકલો રહેવું ત્યાં નહીં સંગાથ આવે સાથે. આહાહા..!

મુમુક્ષુ :- હજી વાર છે.

ઉત્તર :- વાર છે હજી. આહાહા..!

એ સમય તો અચાનક આવશે. આહાહા..! આ કીધું ને ૩૫-૩૫ વર્ષનો જુવાન માણસ આંહી મરી ગયો, કુચામણનો કહેતો હતો ને? કુચામણ. જુવાન આમ કાંઈ નહોતું કહે. કીધું માણસ બેઠો હતો પતિ એનો. આમ બેઠો એમાં બગાસું ખાધું. દેહ છૂટી ગયો. બસ દેહ છૂટી ગયો. એ તો સ્થિતિ પૂર્ણ થાય એને. આહાહા..! ક્યાં એનામાં એ હતી કે એમ ને એમ રહે. આહાહા..! એને છૂટવાનો

સમય હોય તે છૂટ્યે છૂટકો. પોતે સ્વસ્થ આમ હોં. બસ બગાસુ ખાધું. બીજું કાંઈ નહિ. ૩૫ વર્ષનો જુવાન. દેહ છૂટી ગયો. એ તો પણ એનો સમય છે. ક્ષેત્રે ભેગો છે, ત્યાં ભાવે ભેગો કે દિ' હતો? એક ક્ષેત્રે તે એનું ક્ષેત્રમાં આના ક્ષેત્રમાં અત્યંત અભાવ છે. આહાહા..! આ તો આકાશની અપેક્ષાએ ક્ષેત્ર એક છે એમ કહેવામાં છે. એ પણ ક્યાં? આકાશનું ક્ષેત્ર અને આત્માનું ક્ષેત્ર એકબીજામાં અભાવ છે. આહાહા..!

**'તે તો એમ જ માને છે કે શરીર સ્વસ્થ હોય – નિરોગી હોય તો જ ધર્મ થાય, જીર્ણ કે રોગગ્રસ્ત શરીરે ધર્મ ન થાય. એ એનો ભ્રમ છે.'** આહાહા..! મિથ્યાદષ્ટિનો ભ્રમ છે. પ્રભુ જ્યારે જ્યારે તું કરવા માગ ત્યારે કરી શકે, પરની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! પાણીમાં ડૂબકા મારતા શરીર સાધુના. અંદર આમ જાય એમાં ત્યાં ને ત્યાં કેવળ પામે લ્યો. આહાહા..! દેવે નાખ્યા દરિયામાં. એ વખતે પ્રમતભાવ હોય ત્યારે એને નાખે. એમાં અંદરમાં પણ પાણીના હિલોળા, પાણી.. આહાહા..! એમ આ આત્મા મારામાં શરીર લીન ક્યાં છે કે શરીરની સ્થિતિ મને રોકે? એમાં કેવળ પામે ત્યાંથી. દેહ પડ્યો રહે અને કેવળજ્ઞાન થયે છૂટકે. એવી રીતે અનંતા મોક્ષ ગયા છે. આહાહા..!

દરિયામાં પણ એક એક બિંદે અનંત મોક્ષ ગયા છે આ રીતે. ૪૫ લાખ યોજનમાં અનંતા સિદ્ધ એક સાથે પડ્યા છે, ત્યાંથી સીધા ગયા છે ને? સીધા ગયા તો ત્યાંથી ગયા તો આ રીતે ગયા છે. આહાહા..! હું જ્યાં છું ત્યાં શરીર નથી, રાગ નથી. આહાહા..! જેનો નિશ્ચયથી તો કૂટસ્થ સ્વભાવ છે. એમાં પરિણતિનો-પર્યાયનો પણ જેમાં અભાવ છે. આહાહા..! કોણ રોકે એને? કોનાથી નબળો થાય? કોનાથી સબળો થાય? ભ્રમ છે. ૬૪ થઈ.

---

***नष्टे वस्त्रे यथाऽऽत्मानं न नष्टं मन्यते तथा।**
**नष्टे स्वदेहेऽप्यात्मानं न नष्टं मन्यते बुधः।।६५।।**
**વસ્ત્ર નાશથી જે રીતે, નષ્ટ ન ગણે શરીર,**
**દેહ નાશથી જ્ઞાનીજન, નષ્ટ ન માને જીવ. ૬૫.**

**टीका :– प्रावृत्ते वस्त्रे नष्टे सति आत्मानं यथा नष्टं बुधो न मन्यते तथा स्वदेहेऽपि विनष्टे कुतश्चित्कारणाद्विनाशं गते आत्मानं न नष्टं मन्यते बुधः।।६५।।**

---

* वत्थु पणट्ठइ जेम बुहु देहु ण मण्णइ णट्ठु।
णट्ठे देहे णाणि तहँ अप्पु ण मण्णइ णट्ठु।। (२–१७९)
– परमात्मप्रकाशे, योगीन्दुदेवः।

શ્લોક – ૬૫

અન્વયાર્થ :– (यथा) જેવી રીતે (वस्त्रे नष्टे) વસ્ત્રનો નાશ થતાં (बुधः) બુદ્ધિમાન પુરુષ (आत्मानं) પોતાને એટલે પોતાના શરીરને (नष्टं न मन्यते) નાશ પામેલું માનતો નથી, (तथा) તેવી રીતે (बुधः) અન્તરાત્મા (स्वदेहे अपि नष्टे) પોતાના દેહનો નાશ થવા છતાં (आत्मानं) આત્માને (नष्ट न मन्यते) નાશ થયેલો માનતો નથી.

ટીકા :– જેમ પહેરેલું વસ્ત્ર નાશ પામવા છતાં, ડાહ્યો પુરુષ પોતાનો (પોતાના શરીરનો) નાશ માનતો નથી, તેમ પોતાનો દેહ નાશ પામતાં અર્થાત્ કોઈ કારણે તેનો વિનાશ થતાં, અન્તરાત્મા આત્માને નાશ થયેલો માનતો નથી.

ભાવાર્થ :– જેમ પહેરેલું વસ્ત્ર નાશ પામતાં, ડાહ્યો માણસ પોતાના શરીરને નાશ થયેલું માનતો નથી, તેમ શરીર નાશ પામતાં અંતરાત્મા પોતાના આત્માને નાશ પામેલો માનતો નથી.

જેમ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે, તેમ શરીર અને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે.

શરીર અને આત્માનો સંયોગ સંબંધ છે, છતાં અજ્ઞાનીને તે બંનેની એકતાબુદ્ધિ હોવાથી તે શરીરના વિયોગથી (નાશથી) પોતાના આત્માનો નાશ માને છે અને તેના સંયોગથી પોતાના આત્માની ઉત્પત્તિ માને છે. કહ્યું છે કે :–

'તન ઉપજત અપની ઉપજ જાન, તન નશત આપકો નાશ જાન.'

મિથ્યાદષ્ટિ શરીરની ઉત્પત્તિને આત્માનો જન્મ માને છે અને શરીરના નાશને આત્માનો નાશ માને છે.[1]

વિશેષ

શરીરમાં આત્મબુદ્ધિ હોવાથી તેને આવી ઊંધી માન્યતા હોય છે. પરના શરીર સંબંધી પણ તેને આવો જ ભ્રમ હોય છે. સ્ત્રી કે પુત્રના શરીરનો નાશ થતાં, તેના આત્માનો નાશ માની તે દુઃખી થાય છે.

''...જેમ કોઈ નવીન વસ્ત્ર પહેરે, કેટલોક કાળ તે રહે, તે પછી તેને છોડી કોઈ અન્ય નવીન વસ્ત્ર પહેરે, તેમ જીવ પણ નવીન શરીર ધારણ કરે, તે કેટલોક કાળ ધારણ કરી રહે પછી તેને પણ છોડી નવીન શરીર ધારણ કરે છે. માટે શરીર સંબંધની અપેક્ષાએ, જન્માદિક છે. જીવ પોતે જન્માદિક રહિત નિત્ય છે, તો પણ મોહી જીવને ભૂત–ભવિષ્યનો વિચાર ન હોવાથી પર્યાયમાત્ર જ પોતાનું અસ્તિત્વ માની પર્યાય સંબંધી કાર્યોમાં જ તત્પર રહ્યા કરે

૧. જુઓ – શ્રી દોલતરામજી કૃત 'છ ઢાલા' –૨/૫

છે...''૨

**જ્ઞાનીને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે, તેથી શરીરના નાશ વખતે વ્યાકુલ થતો નથી. કદાચિત્ અસ્થિરતાને લીધે અલ્પ વ્યાકુલતા થાય, પણ શ્રદ્ધા અને જ્ઞાનમાં તે એવો દૃઢ છે કે શરીરના નાશથી આત્માનો નાશ કદી માનતો નથી અને આકુલતાનો સ્વામી થતો નથી. ૬૫.**

## શ્લોક-૬૫ ઉપર પ્રવચન

૬૫.

***नष्टे वस्त्रे यथाऽऽत्मानं न नष्टं मन्यते तथा।**
**नष्टे स्वदेहेऽप्यात्मानं न नष्टं मन्यते बुधः।।६५।।**
**વસ્ત્ર નાશથી જે રીતે, નષ્ટ ન ગણે શરીર,**
**દેહ નાશથી જ્ઞાનીજન, નષ્ટ ન માને જીવ. ૬૫.**

બહુ આ તો સાદી ભાષા છે. સવારનું જરી ઝીણું છે. હજી કાલનું એક ઝીણું કાલે છે. એક છે. પણ એ તો સમજાય એવું છે. આચાર્યોએ બહુ સરળ, ઘણી સરળ ભાષા છે. ભાષાની સરળતા જ એવી આવી છે. ભાવ... બહુ સરળ, ઘણું સરળ. દિગંબર સંતોએ તો અનંત અનંત ઉપકાર કર્યો છે. સાદી ભાષામાં એને ઠેઠ અંદરમાં પહોંચાડી દે. આહાહા..! ભગવાન! તને શરીર નથી, રાગ નથી. જ્યાં તું છો ત્યાં તો પર્યાય નથી. આહાહા..! પરમાત્મપ્રકાશનો શ્લોક આપ્યો ૧૮૦.

'**ટીકા :- જેમ પહેરેલું વસ્ત્ર નાશ પામવા છતાં, ડાહ્યો પુરુષ પોતાનો (પોતાનો શરીરનો) નાશ માનતો નથી,...**' વસ્ત્ર બળી જાય એટલે હું બળી ગયો એમ માને શરીર? '**તેમ પોતાનો દેહ નાશ પામતાં અર્થાત્ કોઈ કારણે તેનો વિનાશ થતાં, અન્તરાત્મા આત્માને નાશ થયેલો માનતો નથી.**' આત્મા નાશ ક્યાં? આત્મા તો છે અવિનાશી ભગવાન! દેહનો નાશ એ આત્માનો નાશ નહિ અને વસ્ત્રના નાશે દેહનો નાશ નહિ. એમ દેહના નાશે આત્માનો.. આ વસ્તુ ભિન્ન છે એ. અંતરમાં બેસવી જોઈએ ભાઈ વાત. એકલા શબ્દે કામ આવે એવું નથી અહીં.

'**જેમ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે, તેમ શરીર અને આત્મા પણ એકબીજાથી ભિન્ન છે.**' સાદા દાખલા આપ્યા છે. '**શરીર અને આત્માનો સંયોગ સંબંધ છે,...**' આહાહા..! સંયોગ

૨. **મોક્ષમાર્ગ પ્રકાશક – ગુ. આવૃત્તિ પૃ. ૪૭.**

સંબંધ છે એટલે બીજી ચીજરૂપે એ ચીજ છે બસ એટલું. આહાહા..! **'છતાં અજ્ઞાનીને તે બંનેની એકતાબુદ્ધિ હોવાથી તે શરીરના વિયોગથી (નાશથી)...'** સંયોગી ચીજ છે તો સંયોગનો વિયોગ થાય જ. **'શરીરના વિયોગથી પોતાના આત્માનો નાશ માને છે...'** હાય.. હાય.. મરી ગયા રે મરી ગયા. **'અને તેના સંયોગથી પોતાના આત્માની ઉત્પત્તિ માને છે.'** શરીરનો સંયોગ થયો ત્યારે હું જન્મ્યો, શરીરનો વિયોગ ત્યારે હું મર્યો. અજ્ઞાનીને એવી ભ્રમણા છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**જેઠ વદ ૧૦, ગુરુવાર તા. ૦૩-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૬૫-૬૬,**
**પ્રવચન - ૭૯**

૬૫ ગાથા. સમાધિતંત્ર.

**'તન ઉપજત અપની ઉપજ જાન, તન નશત આપકો નાશ માન.'** છ ઢાળા.

**'મિથ્યાદૃષ્ટિ શરીરની ઉત્પત્તિને આત્માનો જન્મ માને છે...'** હું જન્મ્યો એમ. **'અને શરીરના નાશને આત્માનો નાશ માને છે.'**

**વિશેષ :— 'શરીરમાં આત્મબુદ્ધિ હોવાથી તેને આવી ઊંધી માન્યતા હોય છે. પરના શરીર સંબંધી પણ તેને આવો જ ભ્રમ હોય છે. સ્ત્રી કે પુત્રના શરીરનો નાશ થતાં, તેના આત્માનો નાશ માની તે દુઃખી થાય છે.'** હાય.. હાય.. મારો દીકરો મરી ગયો. એમ માને છે. શરીરનો નાશ થતાં જાણે આત્માનો નાશ થયો. આત્મા ક્યાંક ગયો. એમ નહિ. અને રોવે છે તો એની સગવડતા જાય એને રોવે છે. પણ મરીને નરકમાં ગયો કે ઢોરમાં ગયો એની ક્યાં એને પડી છે? .. આહાહા..!

એનું શરીર હતું, કામકાજમાં, વેપારમાં, ધંધામાં મદદ થાતી. લ્યો એને દુઃખ એમ છે. મરી ગયો એટલે કે શરીર નાશ થયું. આત્મા ક્યાં ગયો અને ક્યાં રહ્યો છે એની કાંઈ એને પડી નથી. આહાહા..! કારણ કે એની નજરમાં તો શરીર આવ્યું હતું. એનો આત્મા છે એ તો નજરમાં આવ્યો નહોતો. શરીર સાથે એનો સંબંધ માન્યો હતો. એ સંબંધ છૂટ્યો એટલે જાણે આત્માનો નાશ થઈ ગયો એને. આહાહા..!

**'જેમ કોઈ નવીન વસ્ત્ર પહેરે, કેટલોક કાળ તે રહે, તે પછી તેને છોડી કોઈ અન્ય નવીન વસ્ત્ર પહેરે, તેમ જીવ પણ નવીન શરીર ધારણ કરે, તે કેટલોક કાળ ધારણ કરી રહે પછી તેને**

**પણ છોડી અન્ય નવીન શરીર ધારણ કરે છે.**' આહાહા..! એ કાંઈ જન્મે છે અને મરે છે આત્મા એમ તો છે નહિ. એ તો શરીરનું નવું થવું અને એનું જવું એ તો શરીરની વાત છે. પણ પોતાનું અસ્તિત્વ ભિન્ન છે એની ખબર નથી. એથી એના અસ્તિત્વની વિમુખ થતાં જાણે આત્મા મરી ગયો અને એનું અસ્તિત્વ સંયોગ થાય એટલે કે આત્મા જન્મ્યો. આહાહા..!

'**શરીર સંબંધની અપેક્ષાએ, જન્માદિક છે.**' કાંઈ આત્માને કાંઈ જન્મ અને આત્માને મરણ છે નહિ એ તો વસ્તુ અનાદિઅનંત. '**જીવ પોતે જન્માદિક રહિત નિત્ય છે,...**' જન્મ અને મરણ એ વસ્તુને ક્યાં છે આત્માને? ભલે એની પર્યાય પલટાય પણ વસ્તુ તરીકે તો નિત્ય છે. અને વર્તમાન પરિણામને પણ આશ્રય તો દ્રવ્યનો છે. ધ્રુવ એ તો નિત્ય છે. વર્તમાન પરિણામ છે એનો આધાર છે એ તો ધ્રુવ છે. એ તો નિત્ય છે. શરીર પલટતાં આત્મા પલટ્યો એમ નહિ, પર્યાય ભલે પલટે. પર્યાય પલટતાં વસ્તુ પલટે છે? વસ્તુ તો નિત્ય રહે છે. આહાહા..! આવા અસ્તિત્વની શ્રદ્ધા અને રુચિ અંતરમાંથી થવી એનું નામ પ્રથમ ધર્મની દશા છે. બધી વાતું બાકી તો. એમાં લખ્યું છે બૌદ્ધને .. કેવળ થયુ. પછી એણે વિચાર્યું કે હું બીજાને ઉપદેશ દેવા રોકાઈશ તો મારી એકાંતતા .. કેવળજ્ઞાન થયા પછી. અરે..

મુમુક્ષુ :- કેવળજ્ઞાન થયા પછી વિચાર આવે..

ઉત્તર :- વિચાર આવ્યો. પછી એનો એક ભગત હતો એણે કહ્યું, સાહેબ! એવા જીવો છે તૈયાર ઘણા. એ આપનો ઉપદેશ મળે એટલે તરત સમજી શકે એવા જીવો છે. માટે ઉપદેશ શરૂ કર્યો પછી. ધર્મચક્ર ચલાવ્યું નહિતર નહિ... કેવળજ્ઞાનીના આવા લખાણ આ જૈન પ્રકાશ. શું કરે છે આ તે કાંઈ? આહાહા..!

જૈન પરમાત્મા સર્વજ્ઞ સ્વરૂપી પર્યાયે હોં. એ ચીજ છે ક્યાં બીજે? ક્ષણિકવાદ, વેદાંત કૂટસ્થવાદ, એક પદ વિનાનું. .. એક વસ્તુ છે એનો નિર્ણય કરનાર તો પર્યાય છે. એ પર્યાયને જેણે માની નથી એ વસ્તુ જૂઠી બધી. આહાહા..! કેમકે પર્યાયમાં જ કાર્ય થાય છે. હું ત્રિકાળ નિત્ય શુદ્ધ ધ્રુવ. મારું પૂર્ણ અસ્તિત્વ ધ્રુવ છે. એવું તો પર્યાયમાં જણાય અને નિર્ણય થાય છે. સમજાણું કાંઈ? હવે એ જે ન માને અને શરીરને પલટે બધું પલટ્યું. એ આત્મા પણ પલટી ગયો. ભ્રમ છે અજ્ઞાનીનો. અને દેહ છૂટતા જ્યાં જાય ત્યાં બધા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બીજા થઈ જાય છે. સંયોગી દ્રવ્ય બીજું, ક્ષેત્ર બીજું, એની પર્યાય પણ બીજી થઈ, એનો ભાવ પણ એમ થયો કે આ હું છું, આ હું છું, રાગ હું છું, આ હું છું. અહીંયાં તો અત્યારે બીજા રાગાદિ.. એને એ જાતના બન્યા. એ તો એની દૃષ્ટિ પર્યાય ઉપર દૃષ્ટિ હતી પર્યાયની એટલે એમ માન્યું હતું. વસ્તુ એમ નથી. પર્યાયની દૃષ્ટિ છોડી, દ્રવ્યદૃષ્ટિ જ્યાં જાણે, દ્રવ્ય દૃષ્ટિને જાણનાર તો પર્યાય છે. પૂર્ણ છે એવો સ્વીકાર તો પર્યાય કરે છે. એવું જે નિત્ય દ્રવ્ય પરિણામના પક્ષમાં આવવું અથવા તેનો ધ્રુવનો પક્ષ થવો એ તો નિત્ય છે. એને જનમવું કે મરવું એને છે નહિ. અરે.. એને પર્યાયમાં પરિણમવું એ જ્યાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયમાં પરિણમન જે છે એ તો પર્યાયનું છે. એક ઠેકાણે આવ્યું છે નિહાલભાઈમાં. કે પરિણામી

અપરિણામી કહીએ તો પરિણામી પરિણામ.

મુમુક્ષુ :- અપરિણામી પરિણામ.

ઉત્તર :- અપરિણામી. પરિણામ પોતે અપરિણામી ઉપર લક્ષ છે એથી અપરિણામી પરિણામ છે. ચેતનજી! છે આ બાજુ. કારણ કે અપરિણામને પરિણામે જ્યારે જાણ્યું ત્યારે અપરિણામી અપરિણામ એમ. ચંદુભાઈ! માર્ગ એવો છે. અને એ સર્વજ્ઞ પંથમાં જ આ માર્ગ હોય આવો. બીજે ક્યાંય હોય નહિ ત્રણ કાળમાં. આહાહા..! એની એક સમયની પર્યાય નિત્યને સ્વીકારે છે. એ સત્યાર્થ છે. એને જન્મ ક્યાં, મરણ ક્યાં, એને પર્યાયનું ઉપજવું અને વિણસવું એ ધ્રુવમાં ક્યાં છે? સમજાણું?

'**જીવ પોતે જન્માદિક રહિત નિત્ય છે,...**' આ શબ્દની આ તો વ્યાખ્યા કરી. જે ધ્રુવ છે એને જન્મ અને મરણ ને એ ક્યાં છે એમાં? એ તો નિત્ય વસ્તુ ભગવાન છે. અને તેને જ આત્મા કહ્યો છે. પર્યાયને આત્મા-વ્યવહાર આત્મા, અભૂતાર્થ આત્મા કહ્યો. આહાહા..! પર્યાયને આત્મા અભૂતાર્થ, અસત્યાર્થ કહ્યો ત્રિકાળની અપેક્ષાએ. અને ત્રિકાળ (સ્વીકારનાર) પર્યાય એમ સ્વીકારે છે કે હું તો જન્મ-મરણરહિત છું અને પરિણામની પરિણતિ રહિત એવી ચીજ છું. આહાહા..! એ તો નિત્ય છે. સુજાનમલજી!

મુમુક્ષુ :- એક મ્યાનમાં બે તલવાર.

ઉત્તર :- એક મ્યાનમાં એક જ તલવાર.

કહ્યું નહિ? '**જીવ પોતે જન્માદિક રહિત નિત્ય છે,...**' ખરેખર તો જીવતત્ત્વ જે નિશ્ચયજીવ છે એ તત્ત્વાર્થમાં કહ્યું નહિ પહેલા શુભભાવના અધિકારમાં. એ જીવ છે.

મુમુક્ષુ :- પર્યાય તો વ્યવહાર છે.

ઉત્તર :- પર્યાય તો વ્યવહાર છે. આહાહા..! વ્યવહાર નિશ્ચયને સ્વીકારે છે. આહાહા..! એ તો નિત્ય છે.

મુમુક્ષુ :- અભૂતાર્થ ભૂતાર્થ..

ઉત્તર :- અભૂતાર્થ ભૂતાર્થને સ્વીકારે છે. અભૂતાર્થ કઈ અપેક્ષાએ? ત્રિકાળની અપેક્ષાએ. છે વર્તમાન અપેક્ષાએ ભૂતાર્થ છે. આહાહા..! ત્રિકાળ છે એની અપેક્ષાએ પર્યાયને ગૌણ કરીને અસત્યને અભૂતાર્થ કીધી છે. અભાવ કરીને અસત્યને.. ન હોય તો પછી નિર્ણય કર્યો કોણે? આહાહા..! કારણ કે કાર્ય ને બધું નિર્ણય ને બધું પર્યાયમાં થાય છે. ધ્રુવ તો કૂટસ્થ છે એમ ને એમ છે, છે ને છે. આહાહા..!

પરમાત્મપ્રકાશમાં ન કહ્યું? 'બંધુ મોક્ખુ ન ...' બંધ અને મોક્ષ એ પરિણામ જીવને નથી. ઠીક એમ કહ્યું ત્યાં. આહાહા..! એ જીવ એને કહીએ કે જેને બંધ અને મોક્ષના પરિણામ નથી. આહાહા..! બંધના મોક્ષના પરિણામ તો વ્યવહાર છે. ગૌણ કરીને એને મોક્ષના પરિણામ પણ નથી (એમ) અસત્યાર્થ કહ્યા. અને છઠ્ઠી ગાથામાં તો એમ લીધું કે પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયો એમાં છે જ

નહિ. એક સમયની દશા વસ્તુમાં ક્યાં? દશા દશામાં છે.

મુમુક્ષુ :- પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી.

ઉત્તર :- હા.

એવો જે '**જીવ પોતે જન્માદિક રહિત નિત્ય છે,...**' આહાહા..! સર્વજ્ઞ સ્વભાવથી ભરેલું તત્ત્વ એ જન્માદિકથી રહિત નિત્ય છે. '**તો પણ મોહી જીવને ભૂત-ભવિષ્યનો વિચાર ન હોવાથી...**' કાયમ ટકતા તત્ત્વની ખબર નહિ હોવાથી... આહાહા..! '**પર્યાયમાત્ર જ પોતાનું અસ્તિત્વ માની...**' એક સમયની અવસ્થા જ એ પોતાની હયાતી માની, '**પર્યાય સંબંધી કાર્યોમાં જ તત્પર રહ્યા કરે છે...**' મોક્ષમાર્ગનું આપ્યું છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક - ગુ. આવૃત્તિ પૃ.૪૭.' એમાં એનો વિસ્તાર આપ્યો છે.

'**જ્ઞાનીને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે,...**' પરમાત્માને સમ્યગ્દર્શન થતાં શરીર અને આત્માની જુદાઈનું ભાન છે. ચાહે તો એ લડાઈની ક્રિયામાં દેખાય, છતાં પોતાનું અસ્તિત્વ દેહની આ ક્રિયાઓથી ભિન્ન છે એવું તે ક્ષણે પણ ભાન છે. સમજાણું કાંઈ? આહાહા..! '**તેથી શરીરના નાશ વખતે તે વ્યાકુલ થતો નથી.**' શરીર બદલતા-છૂટવાને કાળે તે ખેદ પામતું નથી. આહાહા..! કારણ કે બેથી બેનું ભેદજ્ઞાન કર્યું છે, તો ભેદજ્ઞાનમાં જુદો છું એ તો અનુભવ છે. હવે શરીરનો નાશ થતાં એને ખેદ થાય એ રહ્યું નથી. આહાહા..! કારણ કે એનાથી જુદો છું. જુદો છું અને એ જુદું થાય છે એમાં ખેદ શો? સમજાણું કાંઈ?

'**કદાચિત્ અસ્થિરતાને લીધે અલ્પ વ્યાકુલતા થાય, પણ શ્રદ્ધા અને જ્ઞાનમાં તે એવો દૃઢ છે કે શરીરના નાશથી આત્માનો નાશ કદી માનતો નથી...**' બહુ સરસ. આહાહા..! કારણ કે શરીર છૂટતા જરી આકુળતા થાય એ છૂટવાને કારણે નથી. નબળાઈને કારણે છે. નબળાઈને કારણે જરી આકુળતા થાય અને એની સાથે આનંદ પણ સાથે છે.

'**શરીરના નાશથી આત્માનો નાશ કદી માનતો નથી અને આકુળતાનો સ્વામી થતો નથી.**' લ્યો! મારામાં આકુળતા છે સ્વરૂપમાં એમ માનતો નથી. આહાહા..! એ ૬૫ થઈ. જેટલું કષાયનું અસ્તિત્વ છે એટલી આકુળતા છે. વસ્તુ અકષાય સ્વભાવી અનુભવ થયો એટલી તો આનંદ અને અનાકુળતા પણ છે. બેય છે. પણ એ શરીર છૂટે છે માટે આકુળતા છે એમ નથી. આહાહા..! કેવળજ્ઞાન થાય ને શરીર છૂટે, લો. છૂટે માટે દુઃખ છે? એટલે આકુળતા છે એમ નથી. ફક્ત કમજો-રીને લઈને. અજ્ઞાનીને આકુળતા થાય છે કે આ જાય છે એ હું જાઉં છું. આ મરે એટલે હું મરું છું. શરીર જન્મે એટલે હું જન્મ્યો. એવી નિત્યતાની એને ખબર નથી એટલે સંયોગ ઉપર એનું લક્ષમાં જોર જાય છે. ઈન્દ્રિયો પાંચ મળી તો મને અવયવ મળ્યા, મને સાધન મળ્યા. એમ માને છે અજ્ઞાની. એ સાધન ન હોય તો હું જાણી શી રીતે શકું?

મુમુક્ષુ :- લાકડી ન હોય તો નથી ચલાતું.

ઉત્તર :- લાકડી ચાલે છે લાકડીને લઈને. એકકોર છત્રી અને એકકોર બટુક. ચાલે છેને જોયું છે.

કાંઈ નથી. પરને ટેકે શરીર ચાલતું જ નથી.

મુમુક્ષુ :- આપે જ કીધું, નજરે જોયું.

ઉત્તર :- નજરે જોયું શું? કે ચાલે છે આમ. હાથ આમ ઝાલ્યો છે ઓલા બટુકનો. બટુક ને એનું નામ શું છે? ગરાસીયો. અને એકકોર છત્રી. સવારમાં આવે છે ત્યાં દેખાયને આમ અંદર બારીમાંથી. એ રજકણે રજકણ એના ક્ષેત્રાંતરના કાળમાં કારણે એને કોઈ પરની મદદ નથી. આહાહા..!

મુમુક્ષુ :- એક પદાર્થના પરિણમનને બીજાની જરૂર...

ઉત્તર :- કાંઈ છે જ નહિ ને. આહાહા..! લાકડી પણ જ્યાં આમ ચાલે છે, હાથ આમ ચાલ્યો માટે લાકડી આમ ચાલે છે એમ નથી. વસ્તુ આવી છે. વસ્તુની સ્થિતિ જ એવી નહિતર બીજી સ્થિતિ સિદ્ધ થાય જ નહિ. અનેક દ્રવ્યો સિદ્ધ છે એમ કહો તો અનેક અનેકપણે રહીને પોતાની પરિણતિ પોતામાં કરે છે. ચંદુભાઈ! પરની સાથે શું સંબંધ છે કાંઈ?

ભાઈ! પદાર્થ ભલે લોટે ફરે આમ. બહિર્ લુઠંતિ. પણ એને અંદરમાં ક્યાં પ્રવેશ છે? આહાહા..! ઓહોહો..! આવો માર્ગ છે. અને આને તુચ્છ કરી નાખ્યો આત્માને. જેને સર્વજ્ઞદશા શું છે એક સમયની... આહાહા..! ત્રણ કાળ ત્રણ લોકને જાણે એમ કહેવું એ પણ અસદ્ભુત વ્યવહાર છે, પણ એ પર્યાયનું સામર્થ્ય એટલું છે. આહાહા..! એક સમયની જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય જ પર ને સ્વસંબંધીનું પોતાનું જ્ઞાન છે એ આત્મજ્ઞાન છે, એ આત્મજ્ઞ છે. આવો જે સ્વભાવ જેનો એને અપૂર્ણ જ્ઞાની માનવો અને એને અપૂર્ણ જ્ઞાનીવાળા જાણ્યા છે આત્માને. આહાહા..! જેનો સ્વભાવ જ સર્વજ્ઞ સ્વરૂપી.. સર્વજ્ઞ સ્વરૂપી...

જ્ઞાનનો સૂર્ય સ્વ-પરપ્રકાશનો પિંડ પ્રભુ એને સર્વજ્ઞપણું તો એની સત્તામાં, શક્તિમાં, સ્વભાવ-માં પડ્યું જ છે. ઓલામાં ન આવ્યું? પુણ્ય-પાપમાં સવ્વનાણં સવ્વદર્શી. છે તો એવો. આહાહા..! પુણ્ય-પાપ અધિકાર છે. ઓલા આવ્યા ત્યારે ગાથા ચાલતી હતી ને એ?

મુમુક્ષુ :- પંડિત આવ્યા હતા વાંધો ઉઠાવ્યો.

ઉત્તર :- વાંધો ઉઠાવ્યો એ. કર્મને લઈને.. અરે.. સાંભળતો ખરો.

સર્વજ્ઞ અને સર્વદર્શી તો એવું એનું સ્વરૂપ જ છે. એ જ આત્મા અને એને આત્મા કહીએ. પણ એ પોતાના કર્મ રજના અપરાધને. રજ શબ્દ ભલે રજકણ ત્યાં નથી લીધા. પોતાના વિકા-રની પર્યાયમાં પરિણમતા પરલક્ષે પરિણમતા એ સર્વને સર્વ જાણવું-દેખવું એને રહ્યું નથી. છે તો એવો. આહાહા..! ચૈતન્યના તેજ જેના અંબાર. ચૈતન્યના તેજનો અંબાર એવો પરિપૂર્ણ સ્વભાવી ભગવાન આત્મા એની શક્તિ જ સર્વને દેખવું-જાણવું એવો એનો સ્વભાવ છે. આહાહા..! એવો આત્મા જેણે માન્યો નથી, એણે આત્મા જ માન્યો નથી. સમજાણું કાંઈ?

આત્મા એટલે જ્ઞાન ને દર્શન જેનો સ્વભાવ. સ્વભાવ એટલે પરિપૂર્ણ ભાવ. પરિપૂર્ણ ભાવ એટલે જેનો એકરૂપ જાણવું-દેખવું એવો સ્વભાવ. ચિદાનંદ એક સ્વભાવરૂપી આત્મતત્ત્વ. આવ્યું હતું ને? ટીકામાં આવ્યું હતું. ચિદાનંદ એક સ્વભાવ એવું નિજ આત્મતત્ત્વ. આ આત્મતત્ત્વ. ત્યાં

પર્યાયને ક્યાં ગણી છે? ચિદાનંદ જ્ઞાનાનંદ નિજ એક સ્વભાવી નિજ આત્મા. એક સ્વભાવ બસ ભેદ પણ નહિ. આહાહા..! આવું સ્વરૂપ જ એનું જીવનું છે. એને જીવ કહીએ. એમ કે બીજા બૌદ્ધે આમ કર્યું. ભગવાને તો બીજા બધા પ્રાણીની દયાનો પણ ઉપદેશ આપ્યો. અરરર..! ભારે ભાઈ! આવા લખાણ જૈનમાં?

જૈન પ્રકાશ તો સર્વજ્ઞ સ્વભાવી આત્માને જે સિદ્ધ કરીને સાબિત કરે અને પર્યાયમાં પ્રગટ કરે એ જૈનપ્રકાશ છે. આ જૈન. ચંદુભાઈ! એ છાપુ આ છે. છાપાને ક્યાં ખબર છે કે હું કોણ છું? છે ખબર? તો એને જાણનારો જે છે એ તો સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવ છે. આહાહા..!

અહીં કહે છે કે જરી શરીરનો નાશ થતાં જરી આકુળતા થાય જ્ઞાનીને, એ આકુળતા શરીરનો વિયોગ થાય છે એ કારણે નહિ. પણ નબળાઈને લઈને. નબળાઈ ને સ્વરૂપી એ જ્ઞાન જાણે. નબળાઈ આદરણીય નથી. છે એને જાણે તો ખરુને. જ્ઞાન તો બરાબર જાણે. એવી અસ્તિત્વની સ્થિતિ પર્યાયમાં છે અને પૂર્ણ દ્રવ્યમાં જેવી અસ્તિત્વની સ્થિતિ છે એમ બેયને જ્ઞાન તો જાણે. આહાહા..! પોતાના વસ્તુના સ્વભાવમાં અસ્તિત્વની મોજૂદગી જેટલી જેવડી છે એને જાણે અને પર્યાયમાં જેટલી મોજૂદગી જ્ઞાનની અને રાગ આદિની છે એને જાણે. પરની સાથે શું સંબંધ? આહાહા..! સમજાણું કાંઈ? એ ૬૫ થઈ.

---

***रक्ते वस्त्रे यथाऽऽत्मानं न रक्तं मन्यते तथा।**
**रक्ते स्वदेहेऽप्यात्मानं न रक्तं मन्यते बुधः।।६६।।**
**રક્ત વસ્ત્રથી જે રીતે રક્ત ગણે ન શરીર,**
**રક્ત દેહથી જ્ઞાનીજન રક્ત ન માને જીવ. ૬૬.**

**टीका :– रक्ते वस्त्रे प्रावृते सति आत्मानं यथा बुधो न रक्तं मन्यते तथा स्वदेहेऽपि कुंकुमादिना रक्ते आत्मानं रक्तं न मन्यते बुधः।।६६।।**

---

શ્લોક – ૬૬

**અન્વયાર્થ :– (यथा) જેવી રીતે (वस्त्रे रक्ते) પહેરેલું વસ્ત્ર લાલ હોવા છતાં (बुधः) ડાહ્યો માણસ (आत्मानं) પોતાને–પોતાના શરીરને (रक्तं न मन्यते) લાલ માનતો નથી, (तथा) તેવી રીતે (स्वदेहे अपि नष्टे) પોતાનું શરીર લાલ હોવા છતાં (बुधः) અન્તરાત્મા (आत्मानं) આત્માને (नष्ट न मन्यते) લાલ માનતો નથી.**

**ટીકા :– જેમ લાલ વસ્ત્ર પહેરવા છતાં, ડાહ્યો પુરુષ પોતાને (પોતાના શરીરને) લાલ માનતો નથી, તેમ પોતાનો દેહ કુકુંમાદિથી લાલ થવા છતાં અન્તરાત્મા આત્માને લાલ માનતો નથી.**

**ભાવાર્થ :- જેમ પહેરેલા લાલ વસ્ત્રથી શરીર લાલ થતું નથી, તેમ પોતાનું શરીર કુંકુમાદિથી લાલ થતાં, આત્મા કાંઈ લાલ વર્ણનો થતો નથી.**

**જેમ લાલ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે, તેમ લાલ વર્ણવાળું શરીર અને આત્મા પણ ભિન્ન ભિન્ન છે.**

**આત્મા રસ, વર્ણ, ગંધ અને સ્પર્શ રહિત છે, છતાં શરીર સાથે એકતાબુદ્ધિ હોવાને લીધે, અજ્ઞાની શરીરનો જેવો વર્ણ હોય તેવા વર્ણનો આત્માને (પોતાને) માની રાગ-દ્વેષ કરે છે.**

**જ્ઞાનીને આત્મસ્વરૂપનું ભાન છે, તેથી તેને શરીરના કોઈ પણ વર્ણથી રાગ-દ્વેષ થતો નથી-અર્થાત્ પોતાનું કે પરનું સુંદર વર્ણવાળું શરીર જોઈને તે ખુશ થતો નથી કે અણગમતા વર્ણવાળું શરીર જોઈને નાખુશ થતો નથી, તે જાણે છે કે રૂપ, રસ, ગંધાદિ પુદ્ગલના ધર્મ છે, આત્માના ધર્મ નથી. આત્મા તો નિરંજન, નિરાકાર, અરૂપી, અતીન્દ્રિય અને સ્વ-સંવેદન-ગમ્ય છે. ૬૬.**

## શ્લોક-૬૬ ઉપર પ્રવચન

૬૬.

***रक्ते वस्त्रे यथाऽऽत्मानं न रक्तं मन्यते तथा।**
**रक्ते स्वदेहेऽप्यात्मानं न रक्तं मन्यते बुधः।।६६।।**
**રક્ત વસ્ત્રથી જે રીતે રક્ત ગણે ન શરીર,**
**રક્ત દેહથી જ્ઞાનીજન રક્ત ન માને જીવ. ૬૬.**

આહાહા..!

'**ટીકા :- જેમ લાલ વસ્ત્ર પહેરવા છતાં, ડાહ્યો પુરુષ પોતાને (પોતાને શરીરને) લાલ માનતો નથી,...**' આહાહા..! તે વખતે લાલનું જ્ઞાન થાય એ લાલનું જ્ઞાન નથી. લાલ વસ્ત્ર તો હું નથી, એમ રક્ત શરીર લાલ કે ધોળું, ગોરો શરીર એને જે જાણતું જ્ઞાન એ રક્તને-લાલને જાણે છે એમ નથી. આબાળ-ગોપાળ આવે છેને ૧૭-૧૮. ખરેખર તો એ જ્ઞાનની પર્યાય જ ત્યાં જાણે છે. કેમકે એના અસ્તિત્વમાં શરીરાદિ લાલ, રાગ એના અસ્તિત્વ અહીં તો નથી. અહીં જે છે એ તો સ્વ-પરને જાણવાનું જ્ઞાનની દશાનું અસ્તિત્વ છે. એ પરને જાણવું એ પણ પરસંબંધી પોતાના સામર્થ્યને જાણવું. એમ છે. આહાહા..!

ભાઈ! આ માર્ગ એવો છે. આ તો ધીરાના માર્ગ છે. હો..હા..ને કુદવું ને આ ને આ. ધમાધમ શું કહ્યું ચેતનજી? ધામ ધુમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર. એ યશોવિજયજીએ લખ્યું છે.

‘**લાલ વસ્ત્ર પહેરવા છતાં, ડાહ્યો પુરુષ પોતાને લાલ માનતો નથી,...**’ શરીરને લાલ માને છે. ‘**એમ પોતાનો દેહ કુંકુમાદિથી લાલ થવા છતાં...**’ કુંકુમાદિથી લાલ એ પણ રંગ લાલ હોય લ્યોને એનો. રાતો ઘઉંવર્ણો શરીર હોય ‘**છતાં અંતરાત્મા આત્માને લાલ માનતો નથી.**’ આહાહા..! ઘઉંવર્ણો શરીર કે ગૌર શરીર એ તો બધી જડની અસ્તિત્વની દશા બતાવે છે. એથી હું લાલ છું એમ માને? લાલ કપડું છે માટે હું શરીર લાલ છું એમ માને? એમ લાલ શરીર છે માટે લાલ છું એમ માને? આહાહા..! લાલ શરીર છે તે હું, લાલ તે હું એ મિથ્યાભ્રમ અસમાધિ છે. પણ હું લાલ શરીરને પણ જાણનારનું અસ્તિત્વ, લાલ શરીરના અસ્તિત્વથી જુદું એમાં નહિ રહેલું અસ્તિત્વ એ મારું અસ્તિત્વ છે. આહાહા..! આ ગોરું શરીર, ગોરા જેવું શરીર. એ ગોરું શરીર એ આત્મા થઈ ગયો ગોરો?

મુમુક્ષુ :- આત્માને રંગ જ ક્યાં છે?

ઉત્તર :- રંગ ક્યાં છે? અરે.. ગોરાનું જ્ઞાન છે એ કાંઈ ગોરાનું એને લઈને ક્યાં છે? સમજાણું કાંઈ? ગોરાને લઈને ગોરો તો નથી, પણ ગોરાનું જ્ઞાન છે એ ગોરાને લઈને નથી. આહાહા..! ઝીણું છે.

‘**દેહ કુંકુમાદિથી લાલ થવા છતાં...**’ એમ નાખ્યું. શરીરમાં એમ કે કંકુ નાખ્યું. આ નથી નાખતા બધા હોળીમાં? કાંઈ અંતરાત્મા આત્માને લાલ માનતો નથી. એ તો જડની દશા છે. કુંકુમ તો ઠીક, પણ રંગ એનો જે શરીરનો એ તો જડની દશા છે. એના અસ્તિત્વમાં આત્માનું અસ્તિત્વ ક્યાં? અને આત્માના અસ્તિત્વમાં એ લાલ રંગના અસ્તિત્વનું અસ્તિત્વ ક્યાં? આહાહા..! અરે..! એ લાલ રંગનું જ્ઞાન એના જ્ઞાનના અસ્તિત્વમાં એ લાલ રંગનું શરીર એવું અસ્તિત્વ છે, માટે અહીં જ્ઞાન અસ્તિત્વ થયું એવું ક્યાં છે? આહાહા..! માર્ગ એવો છે. અંતર્મુખનો માર્ગ. બહિર્મુખથી માનીને લોકો..

અને પર્યાયમાં અલ્પજ્ઞતાની રમતમાં એને એનો આખો સ્વભાવ વસ્તુ છે, જે એક સમયની પર્યાયમાં આવતી નથી ચીજ, એ ચીજ જે છે એ હું છું. એવડું જે અસ્તિત્વ છે હયાતી. એના સ્વભાવની નિરાલંબ-પર્યાયના અવલંબન વિનાની અથવા પર્યાયના અસ્તિત્વ વિનાની... આહાહા..! એવું જે અસ્તિત્વ એ કાંઈ લાલ રંગને લઈને નથી, એમ લાલનું જ્ઞાન થયું માટે તેનું અસ્તિત્વ જ્ઞાનનું અહીંયાં, લાલનું જ્ઞાન થયું માટે લાલના અસ્તિત્વથી જ્ઞાન એનું થયું એમ નથી. એ તો જ્ઞાનના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ પરને અને સ્વને જાણવાનું પ્રગટ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે.. એની જાતની શું કિંમત છે?

શ્રીમદ્‌માં આવે છે ને? જિનવાણીનું માપ કરતા પોતે મપાઈ જાય છે. નહિ? માપવાથી નિજમતિ મપાય છે. કેટલીવાર તો એમના શબ્દો ઘણા ભાવ... જિનવાણીનું માપ કરતા.. આહાહા..! એટલે કે એના કહેલા સ્વભાવનું માપ કરતા માપવાળી પર્યાય મપાઈ જાય છે. એની હદવાળી થઈ જાય છે. આહાહા..! શું એની ભાવની શ્રેણીધારા! કથન શ્રેણીએ લીધી ભાષા. પણ મૂળ તો... ચૈતન્યની

નિર્મળ શ્રેણી ધારા શું એની તેજતા, એની પ્રભાવતા! આહા..! એ પ્રભાવ બધો પ્રગટ્યો છે એ પરને જાણ્યું માટે પ્રગટ્યો છે જાણવાને, એમ નહિ. જાણનારના જાણવામાં તે પ્રગટી છે પર્યાય. આહાહા..!

ભગવાન આત્મા જાણનાર છે એ જાણનારના સ્વભાવમાંથી જાણવાની પર્યાય સ્વપરને જાણવાની... એ પરને જાણવાની(નો) અર્થ એ તો સ્વસંબંધીનું પોતાનું જ્ઞાન. આહાહા..! એવો જે ભગવાન આત્મા એ પોતે લાલ શરીરથી લાલ થયું એમ કેમ માને? અરે.. લાલ શરીરને લાલનું જ્ઞાન થયું માટે લાલને લઈને જ્ઞાન થયું એમ કેમ માને? આહાહા..! એ તો મારો સ્વભાવ જ જ્ઞાનસ્વભાવ છે. મારા સામર્થ્યને લઈને સ્વપરપ્રકાશકનું સામર્થ્ય, મારી હયાતીમાંથી તે હયાતી આવી છે. આહાહા..! '**અન્તરાત્મા આત્માને લાલ માનતો નથી.**'

'**ભાવાર્થ :- જેમ પહેરેલા લાલ વસ્ત્રથી શરીર લાલ થતું નથી, તેમ પોતાનું શરીર કુંકુમાદિથી લાલ થતાં, આત્મા કાંઈ લાલ વર્ણનો થતો નથી.**' એ તો ઠીક, એ તો રક્તવર્ણી. શરીર જ રક્તવર્ણે લાલ હોય. માણસ નથી કહેતા? એની માતાનું શરીર ઘઉંવર્ણે હતું એથી એનું શરીર ઘઉંવર્ણે થયું. એમ કહે છે ને? હા. એક એના પિતાજીનું શરીર ગોરું હતું તે એનું ગોરું થયું. એક જ માને કૂખે બે થાય. થાય છે ને? માને ઘઉંવર્ણે હોય તો ઓલાને ઘઉંવર્ણે શરીર. કારણ કે માતાના જેવું છે એમ. અને પિતાજીનું ગૌરવર્ણે હોય શરીર, તો એનો એ ઉત્પન્ન થયેલો એ ગૌરવર્ણે થયો, પણ એ તો શરીરની પર્યાય થઈ એથી આત્મા ક્યાં ગૌરવર્ણે થઈ ગયો? આહાહા..! એ તો જડની પર્યાય થઈ. જડની પર્યાયથી આત્મા જડ પર્યાય(રૂપ) થઈ ગયો ગોરો? આહાહા..! આવી વાત.

સરળ ધારા કેવળજ્ઞાનની, પરમાત્માની ધારામાં આ પ્રવાહ આવ્યો છે. એ અહીં આચાર્યો સમાધિનું તત્ત્વ જણાવવા બતાવે છે, ભાઈ! હું મારાથી છું. મારું જ્ઞાન પણ પરને લઈને નહિ, એવી દશામાં એને શાંતિ અને સમાધિ થાય છે. સમજાણું કાંઈ? એમાં એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપી સમાધિ થાય છે. આહાહા..!

'**જેમ લાલ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે, તેમ લાલ વર્ણવાળું શરીર...**' જુઓ! અહીં લાલ વર્ણ '**અને આત્મા પણ ભિન્ન ભિન્ન છે.**' પરમાત્મપ્રકાશમાં નાખ્યું છે.

**रत्ते वत्थे जेम बुहु देहु ण मण्णइ रत्तु।**
**देहे रत्तिं णाणि तहँ अप्पु ण मण्णइं रत्तु।।** (૨-૧૭૮)

પરમાત્મપ્રકાશમાં છે. '**આત્મા રસ, વર્ણ, ગંધ અને સ્પર્શ રહિત છે,...**' નથી વર્ણ જીવને. છે ને? ૫૦મી. ત્યાં તો હમણાં કહ્યું નહોતું? નથી વિશુદ્ધ, સંકલેશ પરિણામ જેને. મારા અનુભૂતિથી ભિન્ન છે એમ કહ્યું ત્યાં. કારણ કે દ્રવ્યથી તો ભિન્ન એ પછી, પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં જે અનુભૂતિ છે એનાથી પણ શુભપરિણા તે ભિન્ન છે. આહાહા..! હવે એ શુભ પરિણામ ભિન્ન છે એનાથી અહીં ધર્મ થાય, લાભ થાય, ભારે ગડબડ ભાઈ! ઊંડે ઊંડે મિથ્યાત્વના શલ્ય પડ્યા છે ને. અહીં તો એ કીધું કે વિશુદ્ધિ ને સંકલેશ પરિણામ એ અનુભૂતિથી ભિન્ન છે. ચૌદ ગુણસ્થાનના ભાવ

એ અનુભૂતિથી ભિન્ન છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એથી તો ભિન્ન છે, પણ લબ્ધિસ્થાન જે કીધા. એમ આવ્યું ને પાછું?

મુમુક્ષુ :- સંયમ લબ્ધિસ્થાન.

ઉત્તર :- હા. એનાથી અભેદ અનુભૂતિ છે તે ભિન્ન છે. આહાહા..! શું શૈલી સંતોની! શું રચના સિદ્ધાંતની! શું સ્વભાવની રચનાને સિદ્ધ કરવાની યુક્તિ ને તર્ક! આહાહા..!

મુમુક્ષુ :- યુક્તિ, આગમ ને અનુભૂતિ.

ઉત્તર :- બધું.

આત્મા રસ વિનાનો, રંગ વિનાનો, ગંધ વિનાનો '**અને સ્પર્શ રહિત છે, છતાં શરીર સાથે એકતાબુદ્ધિ હોવાને લીધે, અજ્ઞાની શરીરનો જેવો વર્ણ હોય તેવા વર્ણનો આત્માને (પોતાને) પણ માની રાગ-દ્વેષ કરે છે.**' આહાહા..! '**જ્ઞાનીને આત્મસ્વરૂપનું ભાન છે,...**' ધર્મીને રાગથી અને પરથી જ્ઞાનાનંદ સ્વભાવ ભિન્ન છે એવું ભાન છે, ભિન્ન છે એવું ભાન છે. '**તેથી તેને શરીરના કોઈપણ વર્ણથી રાગ-દ્વેષ થતો નથી-**' હું રૂપાળું શરીર અને લોકો મને જોવે અને જોવા લાયક મારા શરીરની સ્થિતિ, નમણાઈ, લોકોની આંખુ ઠરે એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ?

આ ભગવાનની ભક્તિનો વિકલ્પ આવે અને નિર્વિકલ્પ જ્ઞાન પણ વર્તે. ઓલામાં આવ્યું છે ને? સ્તુતિમાં નહોતું આવ્યું? ઋષભદેવની સ્તુતિ. પ્રભુ! આ બે હાથ જોડીને પગે લાગે છેને આપને? એમાં હું એમ માનું છું કે એક તો અનુભૂતિની પરિણતિ ઊભી છે ત્યાં અને એક વિકલ્પ ઊભો છે એ બે. એક વિકલ્પનું ફળ સંયોગ અનુકૂળ મળશે અને નિર્વિકલ્પ પરિણતિ તો ત્યાં વેદાય છે. એય..! ઋષભદેવની સ્તુતિમાં આમ લખેલું. ભોપાળમાં કરી હતી ને? ભોપાળમાં કરી હતી. પછી બીજી અહીં લીધી હતી બેંગ્લોર. કોટા-કોટામાં લીધી હતી. એ ત્યાં લાવ્યા હતા ને. કાગળ લાવ્યા હતા.

આ બે હાથ જોડાય છે માટે હું એમ માનું છું, પ્રભુ! ધર્માત્માની દૃષ્ટિ નિર્મળતા તો છે એનું ફળ ત્યાં નિર્મળતા છે અને એક બીજો વિકલ્પ ઊઠે છે એનું ફળ સંયોગી અનુકૂળતા છે. સંયોગીભાવનું ફળ સંયોગ આવશે. સ્વભાવભાવનું ફળ ત્યાં આનંદ અને શાંતિ આવશે. સમજાણું કાંઈ? સંયોગીભાવ કીધો છે ને? ભક્તિ આદિનો ભાવ સંયોગીભાવ છે. સ્વભાવભાવ નથી. આહાહા..!

મુમુક્ષુ :- સંયોગભાવલક્ષી કહે તો..

ઉત્તર :- હા, એ ક્યાં છે વસ્તુ?

એ કહે છે '**અજ્ઞાની શરીરનો જેવો વર્ણ હોય તેવો વર્ણનો આત્માને (પોતાને) પણ માની...**' બેસે છે અને પછી રાગ-દ્વેષ કરે. આહાહા..! મારું સુંદર શરીર રૂપાળું. ભાઈ! તારા રૂપની શું વાત કરવી ભાઈ! તારું રૂપ તો અંતર છે. ભગવાનનું શરીર જોવા તો હજાર નેત્ર કરે છે ને જુઓ ઈન્દ્રો. એ જોવાનો વિકલ્પ છે એ દુઃખરૂપ છે. બહારથી તો આમ હરખ મનાવે કે બહુ પ્રેમ..

આહાહા..! ભગવાનને આમ..

ઈન્દ્ર સમ્યગ્દૃષ્ટિ છે. આમ જોવે છે તો જાણે ખુશી થાય છે એમ માને, પણ અંદરમાં રાગ થાય છે એ દુઃખ છે. એ રાગ પોતે છે ને? ઓલું થયું એ પોતે રાગ છે. આહાહા..! આમ તો હરખ મનાવે. જુઓ ભગવાનનો જન્મ. મા-બાપ ભેગા થાય, સભા ભરાય. નાચ કરે છે ને શું કહેવાય એ?

મુમુક્ષુ :- દેવીઓ નાચે છે.

ઉત્તર :- એ નહિ. એ નહિ. નામ કહે છે. તાંડવ. તાંડવ એમ કાંઈક કહે છે. દેવો. પણ એ ક્રિયા ઝાંઝરને લઈને એની ક્રિયા જડ અને વાણી નીકળેલા વખાણ એ પણ જડ, એમાં વિકલ્પ ઊઠ્યો છે એ પણ ખરેખર તો .. છે. એ દુઃખ છે. આહાહા..!

સહજાનંદ સ્વભાવથી વિરૂદ્ધભાવ એ જીવની શુદ્ધિને કેમ મદદ કરે? સમજાણું કાંઈ? આ લોકોને એ નિમિત્તથી થાય અને વ્યવહાર આ શુભથી શુદ્ધ થાય. અને ક્રમબદ્ધ નહિ આ બધા વાંધા પાંચના છે. આહાહા..! આ તકરારું આ. ગામોગામ જ્યારે પ્રશ્ન ખાનગી ઊઠે તો એને આવા ઊઠે. બહારથી ન બોલી શકે બહુ. આહાહા..!

ધર્મીને '**જ્ઞાનીને આત્મસ્વરૂપનું ભાન છે, તેથી તેને શરીરના કોઈ પણ વર્ણથી રાગ-દ્વેષ થતો નથી...**' ગોરો માટે ઠીક છે અને કાળો માટે ઠીક નહિ, કુબડું શરીર કાળું હોય, શીતળા નીકળ્યા ચાઠાં, શીતળા નીકળ્યા હોય ને પછી સુકાઈ જાય તો એમ ને એમ ચાઠાં રહે શરીર ઉપર. એથી હું ખરાબ છું એમ માનતો નથી, તેમ એના ઉપર દ્વેષ થતો નથી. એ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહાહા..!

'**શરીરના કોઈ પણ વર્ણથી રાગ-દ્વેષ થતો નથી અર્થાત્ પોતાનું કે પરનું સુંદર વર્ણવાળું શરીર જોઈને તે ખુશ થતો નથી...**' આહાહા..! '**કે અણગમતા વર્ણવાળું શરીર જોઈને નાખુશ થતો નથી,...**' શરીર બગડેલું હોય, ઈયળું પડે. આહાહા..! એ તો શરીરની દશા છે. એથી એને દ્વેષ થતો નથી કે આમ કેમ? પણ એ જડની અવસ્થા છે જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞેયના બે ભાગ પાડવા કે આ ઠીક-અઠીક એવું છે નહિ. આહાહા..! વૃત્તિ અસ્થિરતાની ઊઠે એ જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ?

'**અણગમતા વર્ણવાળું શરીર જોઈને નાખુશ થતો નથી, તે જાણે છે કે રૂપ, રસ, ગંધાદિ પુદ્ગલના ધર્મ છે,...**' આહાહા..! 'રજકણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની, જાણ્યા એ પુદ્ગલ સ્વભાવ.' '**તે જાણે છે કે રૂપ, રસ, ગંધાદિ પુદ્ગલના ધર્મ છે,...**' ધર્મ એટલે સ્વભાવ એનો. આત્માનો ધર્મ નથી, આત્માનો એ સ્વભાવ નથી. આહાહા..! '**આત્મા તો નિરંજન નિરાકાર** જડરૂપી આકાર, **અરૂપી, અતીન્દ્રિય અને સ્વસંવેદનગમ્ય છે.**' '**આત્મા તો નિરંજન...**' અંજન મેલ-બેલ વિનાની ચીજ છે. નિરાકાર-જેને શરીરનો આકાર નથી. અરૂપી છે એ તો રૂપ વિનાની ચીજ છે. આહાહા..! અને કર્મના સંબંધથી એને રૂપી કહો, હવે એ તો સંબંધનું જ્ઞાન કરાવે. રૂપ એ તો રૂપી જ છે. એ પ્રવચનસારમાં ન આવ્યું? અમૂર્તના અમૂર્તગુણ છે. એને અમૂર્તને એમ કીધું છે કે મૂર્ત છે?

બેયને જુદા પાડ્યા નહિ? દ્રવ્ય તરીકે ગણી પછી મૂર્ત અને અમૂર્ત બે જુદા પાડ્યા. અમૂર્ત દ્રવ્યના, અમૂર્ત ગુણ અને અમૂર્ત પર્યાય.

**'આત્મા તો નિરંજન, નિરાકાર,...'** નિરાકાર શબ્દે પ્રદેશ ગુણને લઈને આકાર છે એ આકારવાળી એનો અહીં નિષેધ નથી. આકાશ એ પણ આકારવાળી ચીજ છે. સર્વવ્યાપક, ક્યાંય અંત નહિ, તો એને પણ પ્રદેશગુણને કારણે આકાર છે. કહો, વસ્તુની સ્થિતિ જ કોઈ અલૌકિક છે. આકાશ સર્વવ્યાપક છતાં તેને આકાર છે કહે છે. પરનો આકાર નહિ. આકાર એનું કદ આવું, કદ આવું છે. આહાહા..! પ્રદેશગુણને કારણે આવે છે કે નહિ? જુઓ તો ખરા.

અહીં તો શરીર અને વાણીનો આકાર તે આકારે (આત્માનો) આકાર નથી. પણ પોતાનું કદ છે જેટલામાં તેટલો આકારવાળો તો એ છે. આહાહા..! સર્વવ્યાપક આકાશને પણ જ્યાં આકાર છે. આહાહા..! શું વાત આ તે કાંઈ!

મુમુક્ષુ :- હદ..

ઉત્તર :- હદ જ્ઞાનમાં આવી. હદ ત્યાં નથી. અનહદને અનહદે જાણી છે. આહાહા..! એક વસ્તુની સ્થિતિ તો જુઓ! કેટલી આશ્ચર્યકારી વસ્તુ છે! એકકોર અરૂપી આકાશ, અહીં અરૂપી ભગવાન, એને આકાર નથી એમ કહેવું છતાં પ્રદેશગુણને લઈને એની વ્યંજન પર્યાયનો આકાર હોય છે. આહાહા..! એના અસ્તિત્વમાં એ આકાર છે. શરીરના અસ્તિત્વનો આકાર એનામાં નથી. એ અપેક્ષાએ નિરાકાર કહ્યું. અરૂપી અતીન્દ્રિય. આહાહા..! અને સ્વસંવેદનગમ્ય. એ તો પોતાના જ્ઞાનના પ્રત્યક્ષના અનુભવમાં ગમ્ય છે. પરોક્ષ રીતે પણ જણાય એવો નથી એમ કહે છે. એનું સ્વરૂપ જ સ્વસંવેદનગમ્ય છે. એને અહીં આત્મા કહેવામાં આવે છે. એ ૬૬ થઈ. ૬૭ લેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**एवं शरीरादिभिन्नमात्मानं भावयतोऽन्तरात्मनः शरीरादेः काष्ठादिना तुल्यताप्रतिभासे मुक्तियोग्यता भवतीति दर्शयन्नाह–**

**यस्य सस्पन्दमाभाति निःस्पन्देन समं जगत्।**
**अप्रज्ञमक्रियाभोगं स शमं याति नेतरः।।६७।।**
**સક્રિય જગ જેને દીસે જડ અક્રિય અણભોગ,**
**તે જ લહે છે પ્રશમને, અન્યે નહિ તદ્યોગ. ૬૭.**

**टीका :– यस्यात्मनः सस्पन्दं परिस्पन्दसमन्वितं शरीरादिरूपं जगत् आभाति प्रतिभासते। कथम्भूतं? निःस्पन्देन समं निःस्पन्देन समं निःस्पन्देन काष्ठपाषाणादिना समं तुल्यं। कुत स्तेन तत्समं? अप्रज्ञं जडमचेतनं यतः। तथा अक्रियाभोगं क्रियापदार्थपरिस्थितिः भोगः सुखाद्यनुभवः तौ न विद्येते**

यत्र। यस्यैवं तत्प्रतिभासते स किं करोति? स शमं याति शमं परमवीतरागतां संसारभोगदेहोपरि वा वैराग्यं गच्छति। कथम्भूतं शमं? अक्रिया–भोगमित्येतदत्रापि सम्बंधनीयम्। क्रिया वाक्कायमनोव्यापारः। भोग इन्द्रियप्रणालिकया विषयानुभवनं विषयोत्सवः। तौ न विद्येते यत्र तमित्थंभूतं शमं स याति। नेतरः तद्विलक्षणो बहिरात्मा॥६७॥

એ રીતે શરીરાદિથી ભિન્ન આત્માની ભાવના કરનાર અંતરાત્માને, શરીરાદિ કાષ્ઠાદિ સમાન પ્રતિભાસતાં, મુક્તિની યોગ્યતા થાય છે–એમ બતાવીને કહે છે :-

શ્લોક – ૬૭

અન્વયાર્થ :- (यस्य) જેને એટલે જે જ્ઞાની પુરુષને (सस्पन्दं जगत्) પક્રિયાઓ–ચેષ્ટાઓ કરતું (શરીરાદિરૂપ) જગત (निःस्पन्देन समं) નિઃશ્ચેષ્ટ કાષ્ઠ–પાષાણાદિ સમાન (अप्रज्ञं) ચેતના–રહિત જડ અને (अक्रियाभोगं) ક્રિયા અને સુખાદિ અનુભવરૂપ ભોગથી રહિત (आभाति) માલૂમ પડે છે, (सः) તે (अक्रियाभोगं शमं याति) મન-વચન-કાયાની ક્રિયાની તથા ઈન્દ્રિય વિષયભોગથી રહિત એવા પરમ વીતરાગતારૂપ શાન્તિ–સુખને પામે છે; (इतरः न) બીજો કોઈ અર્થાત્ તેનાથી વિલક્ષણ બહિરાત્મા જીવ ઉપરોક્ત શાન્તિ–સુખને પામતો નથી.

ટીકા :- જે આત્માને (જ્ઞાની આત્માને) સસ્પંદ એટલે પરિસ્પન્દયુક્ત (અનેક ક્રિયાઓ કરતું) શરીરાદિરૂપ જગત્ લાગે છે – પ્રતિભાસે છે, કેવું (જગત)? નિઃસ્પન્દ (નિશ્ચેષ્ટ) સમાન, અર્થાત્ કાષ્ઠ–પાષાણાદિ સમાન એટલે તુલ્ય નિઃસ્પન્દ (નિશ્ચેષ્ટ). શાથી તે સમાન (ભાસે છે)? કારણ કે તે ચેતનારહિત જડ – અચેતન છે તથા અક્રિયાભોગ અર્થાત્ ક્રિયા એટલે પદાર્થોની પરિણતિ અને ભોગ એટલે સુખાદિ અનુભવ – એ બંનેનો જેમાં અભાવ છે, એવું તે (જગત્) જેને પ્રતિભાસે છે તે શું કરે છે? તે શાંતિ પામે છે, અર્થાત્ શમ એટલે પરમ વીતરાગતા અથવા સંસાર, ભોગ અને દેહ ઉપર વૈરાગ્ય – તેને પામે છે. કેવી શાન્તિ? અહીં પણ તેની (શમની) સાથે અક્રિયાભોગનો સંબંધ લેવો. ક્રિયા એટલે વાણી, કાય અને મનનો વ્યાપાર અને ભોગ એટલે ઈન્દ્રિયોની પ્રણાલિકાથી (ઈન્દ્રિયો દ્વારા) વિષયોનું અનુભવન એટલે વિષયોત્સવ – તે બંને જેમાં વિદ્યમાન ન હોય એવી શાન્તિને પામે છે. બીજો કોઈ નહિ, અર્થાત્ તેનાથી વિપરીત લક્ષણવાળો બહિરાત્મા (તેવી શાન્તિ પામી શકતો નથી.)

ભાવાર્થ :- જેને શરીરાદિરૂપ જગત્ કાષ્ટ–પાષાણાદિ તુલ્ય અચેતન–જડ અને નિશ્ચેષ્ટ ભાસે છે, અર્થાત્ પરિણમનરૂપ ક્રિયાથી અને સુખાદિ અનુભવરૂપ ભોગથી રહિત પ્રતિભાસે છે, તે એવી પરમ વીરાગતારૂપ શાન્તિને પામે છે, કે જેમાં મન-વચન-કાયની પ્રવૃત્તિનો તથા ઈન્દ્રિયોના વિષયભોગનો અભાવ હોય છે. અજ્ઞાની બહિરાત્મા આવી શાન્તિ પામતો નથી.

**જે સમયે અન્તરાત્મા આત્મસ્વરૂપની ભાવના કરતાં કરતાં સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે, તે સમયે તેને આ જડક્રિયાત્મક-પ્રવૃત્તિમય જગત્ તરફનું લક્ષ છૂટી જાય છે અને તે પરમ વીતરાગતાને પ્રાપ્ત થઈ નિર્વિકલ્પ નિરાકુલ આનંદ અનુભવે છે. ૬૭.**

---

**જેઠ વદ ૧૧, શુક્રવાર તા. ૦૪-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૬૭,**
**પ્રવચન - ૮૦**

એ શીખવ્યું નથી. આ સાધુ. એય..! ત્રસ કે સ્થાવર? ઘણા વર્ષની વાત છે. ૭૬. મોહનલાલજી નહિ આ લીંબડીની અંદર? એની પાસે દીક્ષા લીધી હતી. વીરમગામનો ડોસો હતો. પછી એને મેળ ન ખાધો તો એકલો રહેતો હતો. કારણ કે લૂગડા ધોવા માટે દીધેલા અને એમાં કાંઈ મેળ ન ખાધો તો એકલો રહેતો. આહાહા..! શું આ તે લોકોને! કીધું. કીધું, આ સામાયિક અથવા સાધુપણું એ ત્રસ હશે કે સ્થાવર? ગુરુએ શીખવ્યું નથી કહે. હવે આ સાધુ થઈને બેસે. આહાહા..! હજી વસ્તુ... જાણનારો-જાણનારો ધર્મ કરનારો.. એ ધર્મ કરનારો કેવડો ક્યાં કેમ છે? એની જેને ખબર નથી એને ધર્મ ક્યાંથી થાય? આહાહા..!

જાણનારને જાણ્યો નહિ અને માથાકૂટ બીજી કરી, સુજાનમલજી! આ એવું બધું કર્યું ત્યાં સાદડીમાં? આહાહા..! એ અહીં કહે છે. શાંતિ સમ એટલે પરમવીતરાગતા. આહાહા..! પરની ચેષ્ટાઓનું જ્યાં લક્ષ જતાં લક્ષ છોડી દે છે. એમાં હું નથી. એ મારામાં નથી. એથી એની દૃષ્ટિ ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ વસ્તુ, એના ઉપર ઢળતાં એને શાંતિ થાય છે, વીતરાગતા થાય છે. એ વીતરાગતા થાય તે ધર્મ છે. આહાહા..! અને તે વીતરાગતા થઈ એની મૂળ મુદ્રા-છાપ શું એની? અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એ એની મુદ્રા-છાપ છે. અનુભવમાં આનંદનો સ્વાદ આવવો એની પ્રધાનતા છે. આહાહા..! સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્યે કહ્યું ને? કે હું મારા નિજવૈભવથી સમયસાર કહીશ. મારો નિજવૈભવ એટલે? પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ એવું જે મારું નિજવૈભવસ્વરૂપ, જેની.. આહાહા..! નિરંતર ઝરતા સુંદર સુખ એ જેની છાપ છે. જ્યારે પરના ઉપરનું લક્ષ હતું ત્યારે તો રાગનું વેદન. પર્યાય ઉપર લક્ષ કર્યું તો પણ રાગનું વેદન. એ વેદનના તરફથી પરના લક્ષને છોડી દીધું. આહાહા..! અને જ્યાં સ્વભાવના આશ્રયે જ્યાં આવ્યો. ત્યાં તો એને વેદન પલટી ગયું. એ અહીં કહે છે.

પરમ વીતરાગતા. ઉત્કૃષ્ટ વાત લીધી છે ને? જ્ઞાતા-દૃષ્ટાના ભાવમાં વીતરાગતા વહે છે. પર આખું જગત કંપન્ન અને ચેષ્ટાવાળું જડ છે. ભગવાનની વાણી એ પણ જડ, ભગવાનનું શરીર જડ. આહાહા..! સમવસરણની રચના બધી જડની. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાન જડ..

ઉત્તર :- શરીર જડ કીધું ને. ભગવાન અંદર છે એની તો દૃષ્ટિ નથી. એ તો પોતાની દૃષ્ટિ જ્યારે શરીરથી, રાગથી ભિન્ન પડીને જાણે ત્યારે એ બીજા ભગવાન અંદર છે (એવું) એનું દેહથી ભિન્ન જ્ઞાન સાચું થાય એને. આહાહા..! પોતાની પર્યાયબુદ્ધિ જઈને દ્રવ્યબુદ્ધિ થાય એ બીજાને દ્રવ્યપણે દેખે કે એ ભગવાન આત્મા કેવળજ્ઞાની છે. આહાહા..! આવું સ્વરૂપ! આહાહા..!

'**अप्रज्ञमक्रियाभोगं स शमं याति**' એમ છે. પાછું '**अप्रज्ञमक्रियाभोगं स शमं याति**' બે શબ્દ લીધા છે ને? '**अप्रज्ञमक्रियाभोगं**' ભોગથી રહિત છે અને '**अप्रज्ञमक्रियाभोगं स शमं याति**' એમ લીધું પાછું. આહાહા..! '**अप्रज्ञमक्रियाभोगं स शमं याति**' રાગની ક્રિયારહિત અને રાગના અનુભવરહિત અંતર આત્માના અનુભવની ક્રિયા થાય એ વીતરાગી પર્યાય થાય. આહાહા..! કેવી શૈલી લીધી છે!

ભગવાન અંદર અકષાયસ્વરૂપે બિરાજમાન છે. વીતરાગ સ્વરૂપે જ બિરાજમાન છે આત્મા. આહાહા..! ચારિત્રસ્વરૂપ છેને ગુણ. વીતરાગસ્વરૂપ પ્રભુ જ્ઞાનસ્વરૂપ છે, શ્રદ્ધાસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. એ કોઈપણ ગુણથી લ્યો તો એ આત્મસ્વરૂપે જ છે. તો એવા સ્વરૂપમાં પરની ચેષ્ટાની દૃષ્ટિ છોડી દઈને, અહીં તો ભગવાનની વાણી અને ભગવાનને પણ ઈન્દ્રિય કીધી. ઈન્દ્રિય છે એ. આ અણિન્દ્રિય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? જડ ઈન્દ્રિય, ભાવ ઈન્દ્રિય અને એનો વિષય એ બધા ત્રણેય ઈન્દ્રિય. આહાહા..! એમ જડ બધી વાણી-બાણી ભગવાન કહે છે કે એ ઈન્દ્રિય છે. એની ચેષ્ટા અને એનું આચરણ જે જડનું એના તરફથી લક્ષ છોડી દે. આહાહા..! વાણીનું સાંભળવું અને ભગવાનને જોવું એ પણ છોડી દે એમ કહે છે.

મુમુક્ષુ :- ભગવાનને જોવું પણ છોડી દે?

ઉત્તર :- છોડી દે. ભગવાન એટલે એનું શરીર. ત્યાં ભગવાન ક્યાં ઓલા? ગાજે છે નહિ? આહાહા..!

'**अप्रज्ञमक्रियाभोगं**' '**સંસાર, ભોગ અને દેહ ઉપર વૈરાગ્ય - તેને પામે છે.**' આહાહા..! સંસારનો ઉદયભાવ, એનો ભોગ અને દેહ—ત્રણથી ધર્મી જીવને પરથી દૃષ્ટિ ફરી જાય છે એટલે વૈરાગ્ય પામે છે. વૈરાગ્યની વ્યાખ્યા એ એમ નથી કે પરને છોડ્યું માટે વૈરાગી. ફક્ત પરના તરફના લક્ષને છોડી દે છે અને સ્વના આશ્રયમાં આવે છે તેને અહીં વૈરાગ્ય કહેવામાં આવે છે. આહાહા..! જૈન પરમેશ્વરનું પરમસત્ય.

કહે છે કે સંસારનો ઉદયભાવ, એનો ભોગ, ઉદયનું કરવું અને એનું ભોગવવું અને શરીર—એ ઉપરથી વૈરાગ્ય પામે છે. રાગનું પુણ્યના ભાવનું કરવું અને એનું ભોગવવું એનાથી પણ દૃષ્ટિ ખસી

જાય છે. એથી તેનાથી એને વૈરાગ્ય છે એમ કહે છે. એટલો વૈરાગ્ય એનાથી ખસ્યો એમ નહિ, અંદરમાં દૃષ્ટિ પડી એટલે અહીંથી ખસી ગયો છે. એને વૈરાગ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

સંસાર, ભોગ અને દેહ ઉપર વૈરાગ્ય. પરમ વીતરાગ સમુહને પામે કીધુંને સમ્ પામે છે એટલે વીતરાગતાને પામે છે. આહાહા..! બહુ ટૂંકામાં. સમાધિ કહો કે ધર્મ કહો. સમાધિ કહો કે મોક્ષનો માર્ગ કહો. સમાધિ કહો કે વીતરાગની વીતરાગી પર્યાય કહો. આહાહા..! એ ક્યારે પામે છે? કે પર તરફના ભાવની જડ-આદિની ચેષ્ટા ઉપરનું અસ્તિત્વનું લક્ષ છોડી દઈ આખું જગત જડ છે. એથી એનો આશ્રય અથવા લક્ષ છોડી દઈ અને સ્વભાવ સન્મુખ જાય છે એથી પરથી તેને વૈરાગ્ય થાય છે.

મુમુક્ષુ :- રાગથી ખસીને.

ઉત્તર :- આમ પરથી વૈરાગ્ય થાય છે. એ વૈરાગ્ય છે.

પુણ્ય-પાપના અધિકારમાં આવશે. પુણ્ય-પાપરહિત થાવું એ વૈરાગ્ય છે, શુભાશુભભાવરહિત થવું એ વૈરાગ્ય છે. પુણ્ય-પાપના અધિકારમાં આવશે. આહાહા..!

ચૈતન્યના પૂર્ણ સ્વભાવમાં આવતાં—એ અસ્તિ થઈ. એ પુણ્ય-પાપના વિકલ્પથી હઠી જાય છે. જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ ચાલે છે ને? નિર્જરા અધિકારમાં નહિ? સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, એનું જ્ઞાન. અને પુણ્ય-પાપના પરિણામથી વિરક્તતા એનું નામ વૈરાગ્ય. આવું ધર્મીને હોય છે. આહાહા..! અજ્ઞાની બહારથી માની લે કે દયા કરી, વ્રત પાળ્યા, ભક્તિ કરી એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

રાગની ક્રિયાને ધર્મ માન્યો. આહાહા..! અને દેહની ચેષ્ટા જે કાંઈ દયા પાળવામાં રહી કે હિંસામાં ન ગઈ, વિષયની ક્રિયામાં, ભોગની ક્રિયામાં ન ગઈ શરીરની ક્રિયા, એથી જાણે કે મેં બ્રહ્મચર્ય પાળ્યું, એ મિથ્યાભ્રમ છે અજ્ઞાનીનો. આહાહા..! એમાં જે શુભભાવ થાય, શરીરથી બ્રહ્મચર્ય પાળવાનો, એ પણ વિકાર છે, દોષ છે. આહાહા..! એનાથી હઠી જેમાં રાગ નથી એટલે કે જેમાં વીતરાગતા પડી છે.

જેનું ભગવાન આત્માનું સ્વરૂપ તો વીતરાગ જિનસ્વરૂપ છે, એની દૃષ્ટિ થતાં એને સમતા પ્રગટે છે. પુણ્ય અને પાપનો પ્રેમ હતો એ છૂટી જાય છે. સમ્યગ્દૃષ્ટિ(પૂર્વે) પુણ્ય અને પાપમાં ભાગ પાડતો કે આ પુણ્ય ઠીક છે અને પાપ ઠીક નથી. એ દૃષ્ટિ ઉપરથી છૂટી જાય છે. આહાહા..! ત્યારે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. અખંડાનંદ પ્રભુ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સ્વરૂપ જે સર્વજ્ઞે જોયું અને કહ્યું. આહાહા..! એમાં દૃષ્ટિ જતાં એને શાંતિ થાય છે. આહાહા..! એ શાંતિ થઈ તે ધર્મ છે. આહાહા..! ભારે આકરું કામ. આ ધમાધમ. જાત્રા ને ધમાધમ.

આ ત્રણ મહિના જાત્રા ન કરી? કેટલું માણસ. કેટલું માણસ ભેગું થાતું હતું. રાતના બાર-બાર વાગ્યા સુધી ત્યાં...

મુમુક્ષુ :- ભોપાલમાં..

ઉત્તર :- મોડા આવ્યા હશે. અમદાવાદમાં પણ મોડા આવ્યા હતા નહિ કાંઈક? બાબુભાઈ ને

જુનાગઢથી. સાડા દસે. ત્યાં જુનાગઢથી આવ્યું હતું ને? રાજકોટ થઈને. જૂનાગઢ હતા ને અમે? ત્યાં હતા ને? ત્યાંથી રાજકોટ અને ત્યાંથી અમદાવાદ. એમાં ધર્મ ક્યાં આવ્યો?

મુમુક્ષુ :- આટલી મોટી પ્રભાવના થઈ ને ધર્મ ક્યાં?

ઉત્તર :- કરે એ તો માણસ બહારથી. આહાહા..! એ બધી બહારની ચેષ્ટાઓ થઈ જડની. શું કહેવાય એ? બસ-બસ ધર્મચક્ર કર્યું હતું ને? બહુ શોભા કરી હતી. લાખ રૂપિયા. ત્યાં જુનાગઢમાં બીજે દિ' નીકળ્યો વ્યાખ્યાની બહાર જોવા તો ત્યાં આવીને ઊભું રહ્યું એ ધર્મચક્ર. બીજે દિવસે. ત્રીજ. મહાસુદ બીજે ગયા હતા ને ત્યાં? બપોરે વ્યાખ્યાન. ત્રીજે સવારમાં. મહારાજ અહીં બેસો. બહાર નીકળ્યા બરાબર ને વ્યાખ્યાનમાં જાવું હતું તળેટીમાં. ત્યાં એ ધર્મચક્ર (આવ્યું). અરે..! એ ક્રિયાઓ બધી પરની છે. આહાહા..!

મુમુક્ષુ :- એ થયા વગર રહેતી નથી.

ઉત્તર :- થાય તે એને કારણે થાય છે એમાં આત્માને શું છે? આત્મા કરે તો થાય છે એમ છે? શરીરનું હાલવું, ચાલવું, બોલવું એ તો એની ક્રિયા એના કાળે, એનો જન્મક્ષણ છે તે ઉત્પત્તિ થાય જડની. આહાહા..! એના ઉપરથી દૃષ્ટિ હઠાવી અને દૃષ્ટિને દોલત બતાવે અંદર આત્મા. આહાહા..! ત્યારે એને શાંતિ થાય, વીતરાગતા થાય, એને અહીંયાં ધર્મ અને સમકિત કહેવામાં આવે છે. આહાહા..! ચંદુભાઈ! અને એમાં પણ એક તો આખી રાત ચાલવું અને દિવસે જાત્રા એનો કોઈએ વિચાર કર્યો નહિ.

મુમુક્ષુ :- મોટા માણસ જોડે ચાલવું.

ઉત્તર :- મોટા માણસની દોરે આવું. આ તો માર્ગ પ્રભુ એવો છે ને. આહાહા..! રાત્રે આખી રાત ચાલે તો રાતના આઠ વાગ્યાથી, નવ વાગ્યાથી, બે વાગ્યા, ત્રણ વાગ્યા સુધી પંચેન્દ્રિય જીવના કચ્ચરઘાણ થઈ જાય. કહો, જેઠાભાઈ! ધર્મ થઈ જાય કે નહિ? ભાઈ અહીં તો એવી વાત છે. અહીંનો માણસ હોય કે પરનો. અહીં ક્યાં? આહાહા..! રાત્રીનો ભાગ નવ વાગ્યા પછી પ્રાણીઓ— સર્પ, નોળ, ઘો બહાર નીકળે છે ખોરાક માટે. એ અંધારે બસ ચાલે. સ્થાનકવાસી, એકેન્દ્રિય જીવને દુઃખ દે તો ધર્મ નહિ (એમ). ત્યાં એણે મનાવ્યું. હવે અહીં એટલો બધો અતિરેક થઈ ગયો. ભાઈ આ તો માર્ગ છે.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે. પૂજા વખતે પણ એકેન્દ્રિયના જીવને પણ જતના રાખવી. મકાન બને એમાં પણ જતના. એવો શબ્દ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં.

મુમુક્ષુ :- જૈન ચરિત્ર?

ઉત્તર :- નહિ. એ નહિ. આ તો જતનની વાત છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં. જૈન ચરિત્ર તો બીજું છે, એ મુનિનું છે.

અહીં તો કહે છે કે પરચીજની જે ક્રિયા થાય એની ઉપરથી દૃષ્ટિ હઠાવી દે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ચાહે તો સમ્મેદશિખર ઉપર શરીર ચાલે આમ એકદમ. પહેલો તો ભાઈ

વિરોધ કર્યો હતો એક ફેરી. શાંતિસાગર ગયા હતા ને સમ્મેદશિખર. કો'કે સાંભળ્યું હતું ક્યાંક એવું? કે ઈર્યાસમિતિ ન પળે એમાં. એટલે બધે ઊંચે જાવું, એકદમ ઝપટથી ચાલે. ઈર્યા સમિતિ ન પળે ત્યાં. એ (વાત) આવી હતી. આવી હતી. એ આવી હતી. આ ભાઈએ કીધું હતું બંસીધરજીએ. વાત સાચી. આહાહા..!

ઊંચે એટલે બધે જાવું પડે અને એકદમ જાય તો ચાલે, હવે એમાં નીચે કીડી, કોણ ક્યાં જીવજંતુ. આ તો માર્ગ વીતરાગનો છે ભાઈ! એને રાગ ને એ બહારની ચેષ્ટાથી ધર્મ થઈ જાય એવું નથી. અહીં તો કહે છેને એ બાહ્યની ચેષ્ટા છે એ બધી જડ જેવી ચેષ્ટા છે. આહાહા..! હાલવું ને ચાલવું ને બોલવું એ બધું.. આહાહા..!

મુમુક્ષુ :- ધર્મચક્રની ક્રિયા થઈ એ બધી જડની?

ઉત્તર :- બહારની તો જડની હતી તો શું હતું?

મુમુક્ષુ :- મહાવીરનો સંદેશ.

ઉત્તર :- મહાવીરનો સંદેશ બોલતો હતો ઓલો અંદર બાબુભાઈનો નાનો બાબુ. પ્રવચન ચાલતું હતું અડધો અડધો કલાક, કલાક. સાંભળતો હતો. પણ હવે આ વાતમાં જરી...

ધર્મ એ કાંઈ બહારની ચેષ્ટાથી નથી, તેમ બહારની ચેષ્ટાની ઉપર જતાં ભાવ એ તો શુભભાવ છે. જાત્રાનો ભાવ થવો એ તો શુભભાવ છે. એ કાંઈ ધર્મ નથી. ભારે આકરું કામ.

મુમુક્ષુ :- માટે સ્થાનકવાસી જાત્રાની ના પાડે.

ઉત્તર :- એ જાત્રા કઈ? એ તો કઈ અપેક્ષા છે? એ જાણતા નથી, એકાંત નથી. એવા શુભભાવ આવે. એ ચેષ્ટા તો જડની થવાની હોય તે કાળે થાય. તેના ઉપર એનું જોર ન હોય. આહાહા..! વચમાં એવો શુભભાવ અશુભથી બચવા અથવા કાળક્રમમાં એ ભાવ આવે. એ ન જ આવે તો એ પણ જૂઠી વાત છે. અને તેને ધર્મ માનવો એ બીજી જૂઠી વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- ..નિષ્ઠાપૂર્વક..

ઉત્તર :- પછી શુભને ધર્મ માનો તો મિથ્યાત્વ થઈને શું થયું? આહાહા..!

અહીં કહે છે કે એ બધું જડની ચેષ્ટાઓ ઉપરથી લક્ષ છોડી દે. અને ચેષ્ટા તરફના ભાવ થાય છે એથી લક્ષ છોડી દે. આવી વાત છે. તો તને સંસાર, ભોગ ને દેહથી તને વૈરાગ્ય થશે. આહાહા..! શાંતિ થશે. '**કેવી શાંતિ? અહીં પણ તેની (શમની) સાથે અક્રિયાભોગનો સંબંધ લેવો. ક્રિયા એટલે વાણી, કાય અને મનનો વ્યાપાર...**' એ અહીં લીધું. વાણી, કાય, મનનો વેપાર એ ક્રિયા, ભોગ એટલે ઇન્દ્રિયોની પ્રણાલિકાથી એટલે એના દ્વારાથી **વિષયોનું અનુભવન એટલે વિષયોત્સવ.** આહાહા..! વિષયનો ઉત્સાહ. '**તે બંને જેમાં વિદ્યમાન ન હોય...**' આહાહા..! '**એવી શાન્તિને પામે છે.**' એને વીતરાગી ધર્મ કહેવાય છે. આહાહા..!

'**વિષયોનું અનુભવન એટલે વિષયોત્સવ...**' વિષય ઉત્સવ. ઠીક. આહાહા..! '**अक्रिया–भोगमित्येतदत्रापि सम्बंधनीयम्। क्रिया वाक्कायमनोव्यापारः। भोग इन्द्रियप्रणालिकया**

**विषयानुभवनं विषयोत्सवः।**' શબ્દ પડ્યો છે. આહાહા..! વિષયનો એ ઉત્સવ છે. આહાહા..! શુભ-અશુભ રાગનો વિષયનો એ ઉત્સવ છે. ઓલા કહે કે પૂજામાં આ છે. પૂજામાં વિશુદ્ધભાવ છે. પણ વિશુદ્ધભાવ એટલે પોતે શુભ છે રાગ છે. એ તો સંક્લેશની અપેક્ષાએ વિશુદ્ધ કહ્યું. વિશુદ્ધનો અર્થ ત્યાં શુદ્ધતાની વિશુદ્ધતા એ નથી કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા તો અનુભૂતિના અંતરના સન્મુખ જતાં અનુભૂતિ થાય એનાથી તો શુભભાવ ભિન્ન છે. આ તો અંતરના માર્ગ બાપા! વીતરાગ સ્વભાવે ચૈતન્યસ્વરૂપનું 'જિન સો હી એ આત્મા, અન્ય સો હી એ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' વિષયોત્સવ. આહાહા..! ઈન્દ્રિયો દ્વારા વિષયોનું અનુભવ. એટલે પર તરફના લક્ષવાળા રાગનો અનુભવ. આહાહા..! એ બંને જેમાં વિદ્યમાન ન હોય એવી શાંતિને પામે. કેમકે ભગવાન આત્મા અકષાયરસ સ્વરૂપ છે. ચારિત્રની અપેક્ષાએ અકષાય. જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાનરસ. એવો જે અકષાય સ્વભાવ એને પરનો આશ્રય છોડીને એને આશ્રયે જાય તો એને અકષાયભાવ થાય એને અહીં શાંતિ કહે છે.

અકષાયભાવ વસ્તુ છે એમાં એકાગ્ર થાય એટલે અકષાયભાવ પર્યાયમાં પ્રગટ થાય. આહાહા..! ઓહો..! વીતરાગ સર્વજ્ઞદેવે તો પૂર્ણ સ્વભાવનો આશ્રય લઈને વીતરાગતા પ્રગટ કરી છે. હવે એને આશ્રય લેવો રહ્યો નથી. થઈ રહ્યું. આહાહા..! પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા એના અવલંબે જતા વીતરાગતા થાય છે. પરના અવલંબે જતાં રાગ થાય છે. આહાહા..!

'**વાણી, કાય અને મનનો વ્યાપાર...**' એ ક્રિયા. '**ભોગ એટલે ઈન્દ્રિયોની પ્રણાલિકાથી (ઈન્દ્રિયો દ્વારા) વિષયોનું અનુભવન એટલે વિષયોત્સવ – તે બંને જેમાં વિદ્યમાન ન હોય એવી શાન્તિને પામે છે.**' આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ ચારિત્ર—એ ત્રણેય સ્વભાવના આશ્રયે પામે છે. પરનો આશ્રય અને લક્ષ છોડી દે એને. આહાહા..! ધર્મસિદ્ધાંત એ આપણે પુસ્તક આવ્યું હતું પહેલા નહિ? ભાઈનું. માણેકચંદનું. અહીં પડ્યું હતું એ? કોકે મૂક્યું હતું કાલે. પૂઠાવાળું છે. વાંચ્યું હતું થોડુંઘણું કાલે. એમ કે ગોમ્મટસારને હિસાબે કહેતા સમ્યગ્દષ્ટિ જીવો બહુ થોડા છે, માટે છોટો ધર્મ કરવો. છોટો-છોટો. નાનો ધર્મ. રાગની ક્રિયા એ પુણ્ય એ નાનો ધર્મ.

મુમુક્ષુ :- રાગની ક્રિયા એ છોટો ધર્મ ક્યાં હતો? એ તો અધર્મ છે.

ઉત્તર :- પુણ્યના ભાવને ધર્મ શબ્દ એક વાપર્યો છે ને? એ તો વ્યવહારથી વાતું છે. ધર્મ નથી એને ધર્મ કહેવું એ વ્યવહારનું વચન છે. આહા..!

'**એવી શાન્તિને પામે છે. બીજો કોઈ નહિ,...**' એટલે? કે જેને પર તરફનો આશ્રય છૂટી અને સ્વનો આશ્રય પામે તેને શાંતિ પ્રાપ્ત થાય છે. બીજો કોઈ નહિ. પરને આશ્રયે રહેનારાઓને શાંતિ મળતી નથી. આહાહા..! '**અર્થાત્ તેનાથી વિપરીત લક્ષણવાળો બહિરાત્મા (તેવી શાન્તિ પામી શકતો નથી.)**' એટલે? બાહ્ય ચીજ જે દેહાદિની ચેષ્ટા, રાગાદિનો ભાવ એના ઉપર જેનું લક્ષ છે તે હું છું એવો બહિરાત્મા. બહિર્ નામ એની ચીજમાં એ નથી. એને પોતાની માને, એને આવી શાંતિ થાય નહિ. આહાહા..! બહિર્ ચીજો જે છે રાગાદિથી

માંડીને બાહ્ય બધા પદાર્થો, એના ઉપરનું લક્ષ છોડી દઈ, અંતર સ્વરૂપ ભગવાન અંતરાત્મા, અંતરાત્મા. આહા..! જ્યાં શુદ્ધ સ્વરૂપ પૂર્ણ છે ત્યાં એને પર્યાયને વાળતા એ શાંતિ થાય એ બહિરાત્માને એવી શાંતિ હોતી નથી. આહાહા..! ભલે રાગની મંદતા, દયા, દાન, વ્રત, તપ કરે પણ બધી અશાંતિ છે તો રાગ છે. આવો માર્ગ ભારે આકરો. એથી કહે નિશ્ચય. પણ નિશ્ચય એટલે સત્ય આ જ છે.

મુમુક્ષુ :- વ્યવહારથી...

ઉત્તર :- વ્યવહાર તો નિશ્ચયથી ભાન થયું એને રાગ આવે એને વ્યવહાર ધર્મનો ઉપચાર કરવામાં આવે છે. ધર્મ બે પ્રકારના નથી, ધર્મ એક જ છે.

મુમુક્ષુ :- આ પ્રથમ કરવા યોગ્ય છે?

ઉત્તર :- પહેલું આ જ છે. કરવાનું એ જ છે અને એ જ શરૂઆત છે એની. આહાહા..! એ બીજું પછી ઠરવાનું એ. આહાહા..! આવો માર્ગ અનંતકાળથી એને ખબર નથી. આહાહા..!

'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ સમજે ત્યારે ને? આહાહા..! એવો વિકલ્પ આવે એ જુદી વાત છે. નિશ્ચયથી પોતે પોતાના સ્વભાવને ગુરુ તરીકે જાણીને જેણે જાણ્યું, ત્યારે બીજા ગુરુને આરોપ આપવામાં આવે કે આ ગુરુ મારા. એવી વાત છે.

'**ભાવાર્થ :- જેને શરીરાદિરૂપ...**' શરીર, વાણી, મન '**જગત્ કાષ્ટ-પાષાણાદિ તુલ્ય અચેતન-જડ અને નિશ્ચેષ્ટ ભાસે છે,...**' આહા..! એટલે જ્ઞાનની ચેષ્ટા ક્યાં છે એ બધી જડની ચેષ્ટા છે ને? એટલે જડની ચેષ્ટા (એ) નિશ્ચેષ્ટ છે એમ. '**અર્થાત્ પરિણમનરૂપ ક્રિયાથી અને સુખાદિ અનુભવરૂપ ભોગથી રહિત પ્રતિભાસે છે,...**' એ જાણવાની ક્રિયારૂપ પરિણમે એમ. જાણવારૂપ આચરણ. એવા પરિણમનથી રહિત છે અજ્ઞાની. સુખાદિથી રહિત છે જગત. આહાહા..!

'**તે એવી પરમ વીતરાગતારૂપ શાન્તિને પામે છે,...**' જેને આ રીતે પરનો પ્રતિભાસ—પર તેમાં જ્ઞાનનું આચરણ અને ભોગવવું છે જ નહિ એમાં એવો એનો પ્રતિભાસ જેના જ્ઞાનમાં થાય તે જ્ઞાન '**પરમ વીતરાગતારૂપ શાન્તિને પામે છે,...**' આહાહા..! એ સમજીને સમાય એમાં. આવે છે ને એ? શ્રીમદ્‌માં આવે છે.

મુમુક્ષુ :- સમજીને સમાઈ જાય તો પછી ઉપદેશકને ..

ઉત્તર :- એ ઉપદેશક પોતે જ છે. પોતે પોતાને સમજાવે છે અને પોતે ઉપદેશક. એવી વાત છે. બહારના ઉપદેશને પછી નિમિત્ત તરીકે કહેવાય. પોતે પોતાને સમજાવે છે કે નહિ? હે પ્રભુ! તું પૂર્ણ શુદ્ધ છો, આનંદ છો. એવા અસ્તિત્વની શ્રદ્ધાનું જ્ઞાન કોણ કરે છે? પોતે.

મુમુક્ષુ :- એ નિર્ણય પોતાને

ઉત્તર :- એ નિર્ણય પોતાને. એ ત્યારે ઓલો વ્યવહાર કહેવાય.

મુમુક્ષુ :- અંતરમાં જાય તે નિર્ણય.

ઉત્તર :- નિર્ણય તે અનુભવનો નિર્ણય એ નિર્ણય. આહાહા..! માર્ગ આવા ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં પણ આ હતું.

મુમુક્ષુ :- સમજ્યા વગર..

ઉત્તર :- સાંભળ્યા વિના નિર્ણય કરે. સાંભળ્યું એ તો પર ઉપર ગયું. પરનું લક્ષ છે, પરના લક્ષે જે જ્ઞાન થયું એ જ્ઞાન પણ કાંઈ આત્માનું નથી. વ્યવહાર એમ છે. શ્રીમદ્‌માં એમ આવે છે ને. બારમા ગુણસ્થાન સુધી શ્રુતજ્ઞાન ભાવશ્રુત છે. આણે નાખ્યું છે ધર્મસિદ્ધાંત ફળમાં. આણે. કેવા? માણેકચંદજી. બારમા ગુણસ્થાન સુધી શ્રુતનો આધાર છે. અરે.. ભાઈ! એ તો શ્રુતજ્ઞાન હોય છે. એટલે કે પ્રત્યક્ષ કેવળજ્ઞાન નથી એ અપેક્ષાએ શ્રુતજ્ઞાન હોય છે. એ સાંભળેલું છે માટે શ્રુતજ્ઞાન થાય છે એમ નથી. અંદર ભગવાન આત્માને સાંભળ્યો, અંદર વેદનમાં આવ્યું. આહાહા..!

નથી કહ્યું? સમસ્ત જીવો એ બંધની કથાને અનંતવાર સાંભળી છે. નિગોદના જીવ નીકળ્યા નથી એણે સાંભળી છે એમાં તો એમ આવ્યું. પરિણમન છે ને? એ સાંભળ્યું છે. બધા જીવોએ રાગની કથા પૂર્વે અનંતવાર સાંભળી છે. એમ ચોથી ગાથામાં છે. પણ છતાં એકેન્દ્રિય નિગોદના જીવ હજી બહાર નીકળ્યા નથી એણે સાંભળી છે? એનો અર્થ કે રાગનું વેદન છે એ સાંભળ્યું જ છે એણે. આહાહા..! શુભ-અશુભભાવ, શુભ-અશુભભાવ તો થયા જ કરે છે એકેન્દ્રિયને. એનું એને સાંભળેલું છે વેદન છે. સાંભળ્યું, પરિચય અને વેદન. પણ એ વેદન છે તો શ્રુત એનું થઈ ગયું, એનો અર્થ એ. આહાહા..! પણ રાગથી ભિન્ન ભગવાન આત્મા અને અંતર પૂર્ણ સ્વભાવથી અભિન્ન સ્વભાવવાન, પૂર્ણ વીતરાગસ્વભાવથી સ્વભાવવાન અભિન્ન એ વાત સાંભળી નથી તેં. આહાહા..! સાંભળી એને કહીએ, રાગથી રુચિ છોડીને સ્વભાવ સન્મુખ જાય એણે એ રાગરહિતની વાત સાંભળી. સમજાણું કાંઈ? આવો માર્ગ.

**'જેમાં મન-વચન-કાયાની પ્રવૃત્તિનો તથા ઈન્દ્રિયોના વિષયભોગનો અભાવ હોય છે. અજ્ઞાની બહિરાત્મા આવી શાન્તિ પામતો નથી.'** કષાયની મંદતા કરે ઉદાસ પરથી આદિ. પણ એને શાંતિ હોતી નથી. આહાહા..! એ હમણાં મળ્યા હતાને દેવચંદજી. જામનગર. ઓળી કરી અને શંખેશ્વરમાં બહુ શાંતિ. કીધું શાંતો-બાંતો બાપુ! એ શાંતિ. એમ કે શ્રદ્ધા ફેર છેને એમ. તમારી શ્રદ્ધા ને અમારી શ્રદ્ધા એમ. એવા ને એવા માણસ. આહાહા..!

મુમુક્ષુ :- સમજીને સમાઈ ગયા અને સમજીને સમાઈ રહ્યા.

ઉત્તર :- રહ્યા. એ તો બધું એનું એ થયું. બે શબ્દ આવે છે ખબર છે. સમજીને સમાઈ રહ્યા અંદરમાં. સમજીને સમાઈ ગયા અંદરમાં.

**'અજ્ઞાની બહિરાત્મા આવી શાન્તિ પામતો નથી.'** થોડું છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

यद्यात्मनः स्वरूपमात्मत्वेन बहिरात्मानो न बुद्धयन्ते तदा किमात्मत्वेन ते बुद्धयन्ते इत्याह–

प्रविशद्गलतां व्यूहे देहेऽणूनां समाकृतौ।
स्थितिभ्रान्त्या प्रपद्यन्ते तमात्मानमबुद्धयः।।६९।।
અસ્થિર અણુનો વ્યુહ છે સમ-આકાર શરીર,
સ્થિતિભ્રમથી મૂરખ જનો તે જ ગણે છે જીવ. ૬૯.

टीका :– तं देहमात्मानं प्रपद्यन्ते। के ते? अबुद्धयो बहिरात्मानः। कया कृत्वा? स्थितिभ्रान्त्या। क्व? देहे। कथम्भूते देहे? व्यूहे समूहे। केषां? अणूनां परमाणूनां। किं विशिष्टानां? प्रविशद्गलतां अनुप्रविशतां निर्गच्छतां च। पुनरपि कथम्भूते? समाकृतौ समानाकारे सदृशपरापरोत्पादेन। आत्मना सहैकक्षेत्रे समानावगाहेन वा। इत्थम्भूते देहे या स्थितिभ्रान्तिः स्थित्या कालान्तरावस्थायित्वेन एक-क्षेत्रावस्थानेन वा भ्रान्तिर्देहात्मनोरभेदाध्यवसायस्तया।।६९।।

---

જો બહિરાત્માઓ આત્મસ્વરૂપને આત્મપણે ન જાણતા હોય, તો તેઓ કોને આત્મપણે જાણે છે? તે કહે છે :-

શ્લોક – ૬૯

અન્વયાર્થ :- (अबुद्धयः) અજ્ઞાની બહિરાત્મા જીવો, (प्रविशद् गलतां अणूनां व्यूहे देहे) પ્રવેશ કરતા અને બહાર નીકળતા-એવા પરમાણુઓના સમૂહરૂપ દેહમાં, (समाकृतौ) આત્મા અને શરીરની આકૃતિના સમાનરૂપમાં (स्थितिभ्रान्त्या) આત્મા સ્થિત હોવાથી – અર્થાત્ શરીર અને આત્મા એક ક્ષેત્રમાં સ્થિત હોવાથી – બંનેને એકરૂપ સમજવાની ભ્રાન્તિથી (तम्) તેને એટલે શરીરને (आत्मानं) આત્મા (प्रतिपद्यते) સમજી લે છે.

ટીકા :- તેઓ દેહને આત્મા સમજે છે. કોણ તેઓ? બુદ્ધિ વિનાના બહિરાત્માઓ. શાથી (એમ સમજે છે)? સ્થિતિની ભ્રાન્તિથી. શામાં? દેહમાં. કેવા દેહમાં? વ્યૂહરૂપ એટલે સમૂહરૂપ (દેહમાં). કોના (સમૂહરૂપ)? અણુઓના-પરમાણુઓના (સમૂહરૂપ). કેવા પ્રકારના (પરમાણુઓના)? પ્રવેશતા-ગલતા અર્થાત્ પ્રવેશ કરતા અને નીકળતા (પરમાણુઓના). વળી કેવા (દેહમાં)? સમાકૃત-એકબીજાના સદૃશ ઉત્પાદથી સમાન આકારવાળા (દેહમાં) – અર્થાત્ આત્માની સાથે સમાન અવગાહથી એક ક્ષેત્રવાળા (દેહમાં). આવા દેહમાં જે સ્થિતિ ભ્રાન્તિ-સ્થિતિથી એટલે કાલાન્તર-અવસ્તાયિપણાને લીધે યા એક ક્ષેત્રમાં રહેવાના કારણે – જે ભ્રાન્તિ અર્થાત્ દેહ અને આત્માના અભેદરૂપ અધ્યવસાય – તેના કારણે (દેહને આત્મા માને છે).

ભાવાર્થ :- નિરંતર પ્રવેશ કરતા અને બહાર નીકળતા પુદ્‌ગલ-પરમાણુઓના સમૂહરૂપ દેહમાં સમાન આકૃતિએ-એક ક્ષેત્રે આત્મા સ્થિત હોવાથી, દેહ અને આત્માની એકપણાની ભ્રાન્તિને લીધે બહિરાત્મા શરીરને જ આત્મા માને છે.

આ શરીર પુદ્ગલ પરમાણુઓનું બનેલું છે, આ પરમાણુઓ તેના તે કાયમ રહેતા નથી. સમયે સમયે અગણિત પરમાણુઓ શરીરની બહાર નીકળે છે અને નવા નવા પરમાણુઓ શરીરની અંદર દાખલ થયા છે. પરમાણુઓના નીકળી જવાથી તથા બીજાઓ પ્રવેશ થવાથી શરીરની બાહ્ય આકૃતિમાં સ્થૂલ દષ્ટિએ કાંઈ ફેર લાગતો નથી. વળી આત્મા અને શરીરને એકક્ષેત્રાવગાહ સંયોગ સંબંધ છે, તેથી બંનેની સમાન આકૃતિ હોવાથી અજ્ઞાની જીવને ભ્રમ થાય છે કે 'આ શરીર જ હું છું.' તેને અભ્યંતર રહેલા આત્મતત્ત્વનું જ્ઞાન જ નથી.

શરીર અને આત્માને દૂધ-પાણીની જેમ એકક્ષેત્રાવગાહ સ્થિતિ છે. શરીર ઈન્દ્રિયગમ્ય છે અને આત્મા અતીન્દ્રિયગમ્ય છે. અજ્ઞાનીને ઈન્દ્રિયજ્ઞાન હોવાથી તે શરીરને જ દેખે છે, આત્માને દેખતો નથી; તેથી તે શરીરને જ આત્મા માની એકતાબુદ્ધિ કરે છે અને શરીર સંબંધી રાગ-દ્વેષ કરે છે.

### વિશેષ

''જ્યાં સુધી આ આત્માને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને શરીરાદિ નોકર્મમાં 'આ હું છું' અને હુંમાં (આત્મામાં) આ કર્મ-નોકર્મ છે - એવી બુદ્ધિ છે, ત્યાં સુધી આ આત્મા અપ્રતિબુદ્ધ (અજ્ઞાની) છે.''૧

શ્લોકમાં કર્મના કારણે જીવ ભ્રમમાં પડે છે એમ કહ્યું નથી, પણ પોતાના અપરાધથી જ તે તેવા ભ્રમમાં પડે છે. ૬૯.

## જેઠ વદ ૧૨, શનિવાર તા. ૦૫-૦૭-૧૯૭૫
## શ્લોક - ૬૮-૬૯, પ્રવચન - ૮૧, નોંધ : ઉપલબ્ધ નથી.

## જેઠ વદ ૧૪, સોમવાર તા. ૦૭-૦૭-૧૯૭૫
## શ્લોક - ૬૯, પ્રવચન - ૮૨

સમાધિતંત્ર. ૬૯ ગાથા છે. '**જો બહિરાત્માઓ આત્મસ્વરૂપને આત્મપણે ન જાણતા હોય, તો તેઓ કોને આત્માપણે જાણે છે?**' પોતાનું અસ્તિત્વ જેને જ્ઞાનમાં આવતું નથી તો એને ન જાણે તો એ કોને જાણે છે એ? એવો પ્રશ્ન શિષ્યનો છે.

प्रविशद्गलतां व्यूहे देहेऽणूनां समाकृतौ।
स्थितिभ्रान्त्या प्रपद्यन्ते तमात्मानमबुद्धयः।।६९।।

૧. નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે,'
-એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. (૧૯)
(શ્રી સમયસાર-ગુ. આવૃત્તિ-ગા.૧૯.)

**અસ્થિર અણુનો વ્યુહ છે સમ-આકાર શરીર,**
**સ્થિતિભ્રમથી મૂરખ જનો તે જ ગણે છે જીવ. ૬૯.**

આ દેહને જ આત્મા સમજે છે. જે જીવ આ દેહને આત્મા જાણે છે આ દેહ છે એને. '**કોણ તેઓ? બુદ્ધિ વિનાના.**' લ્યો! આહાહા..! આ દેહ છે જડ-માટી એને પોતાનું સ્વરૂપ જાણે છે એ હું છું. કારણ કે એમાં ઘણો કાળ એમાં રહે છે અને એક ક્ષેત્ર અવગાહ છે. એક ક્ષેત્રમાં સાથે છે ને? '**શાથી (એમ સમજે છે) ? સ્થિતિની ભ્રાન્તિથી.**' આ દેહને આત્મા કેમ સમજે છે અજ્ઞાની-અબુદ્ધિ જીવ? '**સ્થિતિની ભ્રાન્તિથી.**' આ શરીરમાં ઘણો કાળ રહે છે અને એક ક્ષેત્રાવગાહમાં હોય છે એથી જાણે આ શરીર તે હું.

સવારમાં આવ્યું હતું ઓલું. શરીરનું ઉત્પાદ-વ્યય અને ધ્રુવનું અસ્તિત્વ તો પરમાણુ પરમાણુમાં છે. આહાહા..! શરીરની નવી અવસ્થા થાય, જૂની જાય અને ધ્રુવ એ તો એનું અસ્તિત્વ એનામાં રજકણમાં છે. ખરેખર તો એ આત્માના ક્ષેત્રમાં પણ નથી અને આત્મા એમાં ઘણો કાળ રહ્યો પણ નથી. આહાહા..! ફક્ત બાહ્ય ક્ષેત્રથી અંદર છે અને ઘણો કાળ એમાં રહે એટલે જાણે આ તે હું. મૂઢ બુદ્ધિ થઈ ગઈ.

જુઓને આ લોકો કહે છે ને. હમણાં કોક કહેતું હતું. વિનોબાજીએ ઈન્દિરાને ભલામણ કરી, અભિનંદન આપ્યું. તમે આ રીતે ગરીબી હઠાવશો. ઓલા સંગ્રહ કરનારાઓને કેદમાં નાખ્યા ને? એથી લોકની ગરીબી હઠશે. આહાહા..! ગરીબી કહેવી કોને? અહીં ગરીબી તો, ભગવાન અનંત આનંદ અને અનંત શાંતસ્વરૂપ છે એને ન માનતા હું એક પર્યાય જેટલો કે શરીરમાં રહું છું માટે શરીર જેટલો (માનવો). એ ગરીબાઈ છે.

વરાકા શબ્દ કહ્યો શાસ્ત્રમાં. એને વરાકા-ગરીબ ભિખારા બિચારા ગરીબ છે. આહાહા..! એની ગરીબાઈ એની પર્યાયમાં આખો ભગવાન પૂર્ણ એક સમયમાં જ્ઞાન, આનંદ આદિ સ્વભાવથી પરિપૂર્ણ છે એની અસ્તિપણાની પ્રતીત નથી, જ્ઞાનમાં તે જ્ઞેય ભાસ્યું નથી. જ્ઞાનમાં રાગ અને આ શરીરની પર્યાય અથવા પોતાની એક સમયની પર્યાય એટલી ભાસી છે તો એ ગરીબ છે. એ ગરીબીને હઠાવી કોણ શકે? બીજો હઠાવી શકે? ભાઈ નથી આવ્યા હિંમતભાઈ? મહેમાન આવ્યા.

અનંત આનંદ અને અનંત જ્ઞાન એવી લક્ષ્મી પોતાની પડી છે એને એટલી એવડી ન માનતા હું એક સમયની પર્યાય જેટલો કાં રાગવાળો કાં શરીરની સ્થિતિમાં ઘણો કાળ રહું છું માટે શરીર તે હું. આહાહા..! આ ગરીબાઈ છે.

મુમુક્ષુ :- બીજી જાતની ગરીબાઈ અને આ પૈસાની

ઉત્તર :- ધૂળેય ગરીબાઈ નથી પૈસાની. આહાહા..! સાતમી નરકનો નારકી, પાણીનો બિંદુ નહિ, આહારનો કણ નહિ, રહેવાના સ્થળ નહિ, રહેવાના ઓટલા નહિ. આહાહા..! પણ ભગવાન અંદર આનંદસ્વરૂપ પૂર્ણ શક્તિ અને પૂર્ણ સ્વભાવ પડ્યો છે, એનો અંતરમાં અનુભવ અને સ્વીકાર થયો છે એ ગરીબ નથી. એ સમ્યક્ પૂર્ણ સત્યને સ્વીકાર્યું, પૂર્ણ સત્યને સમ્યક્દૃષ્ટિએ એટલે સમ્યક્પણે

સ્વીકાર્યું એથી એ લક્ષ્મીવાન છે. આહાહા..!

કેવળજ્ઞાન અને પૂર્ણસ્વભાવને જેણે શ્રદ્ધામાં શ્રદ્ધાએ પ્રગટ કર્યું છે. શ્રીમદ્‌માં આવે છે. આહાહા..! આ ગરીબાઈ તો પાછી મિથ્યાદૃષ્ટિ પાપી પાપ કરશે અને વળી ફરીને પાછી ગરીબાઈ તો મળશે જ એને બહારની. આહાહા..! જે ગરીબાઈ ટળે અને શ્રીમંત થાય. શ્રીમંત. સ્વરૂપ જે... આને પણ શ્રીમંત કહે છેને આ બાળક રહે એને. એને શ્રીમંત કહે છે. બાળક પેટમાં આવે ને. આવ્યો ખરોને એક. શ્રીમંત તો આ છે. આહાહા..!

જેણે વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પૂર્ણનો સ્વીકાર એ પર્યાય પણ એને સન્મુખ થઈ એથી એનો આશ્રય લીધો એટલું કહેવામાં આવે. પણ પર્યાયમાં શ્રીમંતપણું એને પ્રગટ્યું. આહાહા..! હું આ પૂર્ણ છું, શુદ્ધ ધ્રુવ છું, અખંડ એકરૂપ મારી ચીજ છે. જેના ખજાને અનંતગુણના રતન ભર્યા છે જેમાં. એવું જેણે વર્તમાન પર્યાયના સત્‌સ્વભાવમાં એનો સ્વીકાર કર્યો. પર્યાયે આશ્રય લીધો દ્રવ્યનો એમ કહેવાય. શાસ્ત્રમાં તો એમ ભાષા આવે ને. '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થનો આશ્રય. એનો અર્થ એ જે પર્યાયમાં પોતાની કબુલાત નહોતી એ પર્યાયે પોતાના અંશને આખો માન્યો હતો, રાગ ને દયા, દાનના વિકલ્પને માન્યો હતો, એ પર્યાયે દિશા ફેરવી એથી એને દ્રવ્યનો આશ્રય લીધો એમ કહેવામાં આવે છે. આહાહા..! બાકી તો એની પર્યાયમાં આખી ચીજ એ છે, એની શ્રદ્ધામાં આખી ચીજ આવી ગઈ તો જ્ઞાનની પર્યાયમાં આખું જ્ઞેય જ્ઞાનમાં આવી ગયું છે. આહાહા..! એ શ્રીમંત છે કે જેને કેવળજ્ઞાન થશે, થશે ને થશે. આહાહા..! કહો, સમજાણું આમાં? જયંતિભાઈ છે કે ગયા? તમારા.

મુમુક્ષુઃ- ભાવનગર ગયા.

ઉત્તર :- ગયા, ઠીક.

મુમુક્ષુ :- નિયમસારમાં કહ્યું...

ઉત્તર :- નિયમસારમાં શું?

મુમુક્ષુ :- એ તો સ્વતંત્ર દ્રવ્ય..

ઉત્તર :- એ તો ધ્યાનની વાત કરી. આત્મા અંદર પૂર્ણ સ્વરૂપ છે તેનું જેણે ધ્યાન કર્યું. એનો અર્થ જ એ કે જેણે વર્તમાન પર્યાયને તે બાજુ વાળી, એ સર્વસ્વ છે. ત્યાં આવે છે ને ભાઈ! વ્રત ને તપ ને બધું સર્વસ્વ ધ્યાન છે. આહાહા..! કારણ કે જેણે પૂર્ણાનંદના નાથને... પૂર્ણ ચતુષ્ટય ભર્યા છે, અનંત આનંદ આદિ ચતુષ્ટય. એ સિવાય અનંતગુણો પૂર્ણ ભર્યા છે. એ ગુણની સંખ્યાનો તો પાર નથી, પણ ગુણની શક્તિનો પાર નથી. એક એક ગુણની. આહાહા..! એવી લક્ષ્મી જેને પર્યાયે તાબે કરી કે આ હું. ગીરધરભાઈ! આવી વાત છે. આહાહા..! આ બધી તમારી શેઠાઈને નહિ? કાર્યકર્તા અને શેઠ—બે. આ દુનિયામાં તો એમ કહે છે ને બહારથી તો. આહાહા..!

કાર્યનો કરનારો તો જેણે આત્માના પૂર્ણાનંદના સ્વભાવને પર્યાયમાં.. પર્યાય કહો કે કાર્ય કહો. એ કાર્યમાં કારણ પરમાત્મા જેણે સ્વીકાર્યો એ કાર્યકર્તા છે. આહાહા..! આ બધી બહારની ગરીબાઈ અને બહારના તવંગર એ તો બહારમાં ભેખ એ તો અનંતવાર આવે અને ગયા એ કાંઈ વસ્તુ નથી.

આહાહા..! ખાવા-પીવાના સાધન હોય, સુવા-બેસવાના મકાન હોય, રોગના સાધન હોય. અત્યારે રાખે છે ને કપાટમાં બધું? કંઈક જાતની દવાઓ રાખે. વીંછી કરડે તો ઓલું રાખે, સર્પ કરડે તો. રેકર્ડના કટકાઓ. શું કહેવાય?

મુમુક્ષુ :- ગ્રામોફોન.

ઉત્તર :- ગ્રામોફોન. રેકર્ડ રાખે. કપાટ ભરી રાખે.

મુમુક્ષુ :- વીંછી કરડે એટલા માટે.

ઉત્તર :- હા. કાંઈક કામ આવે. ધૂળેય નથી સાંભળને. આહા..!

અહીં તો અનંત સ્વભાવના શણગારવાળો પ્રભુ એવું જેને જ્ઞાનમાં, પર્યાયમાં... પર્યાય છે સત્. એ સત્ કાંઈ પરની અપેક્ષા રાખતું નથી. સમજાણું કાંઈ? પણ એ પર્યાય આમ વળે છે એટલે એટલો આશ્રય લીધો એમ કહેવામાં આવે છે. બાકી તો એ પર્યાય સ્વતંત્ર છે. આખું દ્રવ્યને કબુલ્યું જેણે દ્રવ્યને અડ્યા વિના. આહાહા..! જે પર્યાયે પર્યાયવાનને સ્પર્શ્યા વિના જેણે કબુલ કર્યું. ઓહોહો..! એવી સત્ પર્યાય એ શ્રીમંત છે. રતિભાઈ! આ બધા તમે પૈસાવાળાને બહુ કહે. લ્યો! આ કરોડપતિ છે ને આમ છે ને તેમ છે. માણસ વાતું બહુ કરે. પૈસા ઘણા પેદા કરે છે, આવું કરે છે. કોણ પૈસા પેદા કરે? જડ? અને કરોડ પૈસા એ આત્મા કરોડપતિ? જડનો પતિ?

મુમુક્ષુ :- એક લાખ રૂપિયા કમાય.

ઉત્તર :- ધૂળેય નથી. એક લાખ કમાય છે નહિ ઓલો? મરી ગયો. શાંતિલાલ ખુશાલ. ગોવાવાળા. એક દિ'ના એક લાખની પેદાશ. મરી ગયો પાંચ મિનિટમાં. પણ એ ચીજ ક્યાં એની હતી અને એનામાં હતી? આહાહા..!

૧૯ ગાથામાં નથી કહ્યું? આમાં આવશે. શેમાં? એમાં હતું ને? હું હુંમાં વળી કર્મ ને નોકર્મ છે. એ બુદ્ધિ જ્યાં લગી જીવની અજ્ઞાની ત્યાં લગી રહે છે. ૧૯ ગાથા મૂકી છે. ઓલી કોર. ઠીક પણ ગોઠવ્યું છે. સારું કર્યું છે. ગાથાનો જે ભાવ છે એનું સ્પષ્ટીકરણ કર્યું છે. આ જડ આત્મા માટી અને ભગવાન અંદર ચૈતન્ય. ઓલી શું કહેવાય આ પુસ્તક તમારે બાળકની? બાળપોથી. એય..! નવરંગભાઈ! બાળપોથી નથી આવતી? એમાં નથી આવતું? કે આ શરીર, એ હું નહિ. હું જ્ઞાન તે આત્મા, હું જાણનારી પર્યાય તે જાણું, એ પર્યાય મારી. આ જણાય એ ચીજ હું નહિ. એમ નથી? શરીરના આકાર મૂકે છે. આહાહા..! ભાઈ નથી હરિભાઈ? આવ્યા નથી? ઠીક નથી. હરિભાઈ. કારણ કે એણે કર્યું છેને એ બધું. .. નથી. આહાહા..!

કાયમની ગરીબી જાય અને કાયમનો તવંગર થાય એ વસ્તુને વસ્તુ કહેવાય છે. હવે આ તો ગરીબી હઠે અને પાછો જશે નરકમાં. અરેરે..! પાછો જશે એકેન્દ્રિયમાં. આહાહા..! ત્યાં તો એને...

મુમુક્ષુ :- આપ ભવિષ્યની વાત કરો છો.

ઉત્તર :- ભવિષ્યની, વર્તમાન... છે ભવિષ્યનો પણ તે દિ' તો વર્તમાન થશેને એને? અત્યારે વર્તમાન તે ભવિષ્યનું તે વખતે વર્તમાન થશે ને? આહાહા..!

જ્યાં જ્યાં જશે ત્યાં તેને વર્તમાનકાળ થશે. અહીં કહે છે, પ્રભુ! તું ભૂલ્યો છો મૂળમાં હોં કહે છે. આહાહા..! અને તેથી એને બુદ્ધિ વિનાનો કીધો. આહાહા..! આ શરીર તે હું અને આત્મા અંદર એ ચીજ છે સચ્ચિદાનંદ પ્રભુ, એનો જેને સ્વીકાર નથી એ બુદ્ધિ વિનાના છે કહે છે. તારી બુદ્ધિમાં આ આવ્યું નહિ બુદ્ધિવાન. તારી બુદ્ધિમાં બુદ્ધિવાન એટલે જ્ઞાનવાન સ્વરૂપ ભગવાન એ આવ્યો નહિ તો બુદ્ધિ વિનાનો છો તું. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બુદ્ધિ વિનાનો તો જડ હોય.

ઉત્તર :- એ જડ જ છે. જડ શરીરને માન્યું. આહાહા..! મોટો ચૈતન્ય ભગવાન પરમાનંદ સ્વરૂપ જ પરમાત્મસ્વરૂપ પોતે છે. એને ન માનતા રાગને, શરીરને પોતાનું માને એ તો જડ છે, અચેતન પોતે ચેતન માન્યું એણે. આહાહા..!

જુઓને કીધું છે પાઠમાં હોં. '**अबुद्धयो**' અજ્ઞાની બહિરાત્મા. આ બુદ્ધિ વિનાના ટીકામાં લીધું. અર્થ કર્યો એ. '**अबुद्धयो बहिरात्मानः**' આહાહા..! '**સ્થિતિની ભ્રાન્તિથી.**' કેમ એમ માન્યું? સ્થિતિની ભ્રાન્તિથી. આ શરીરમાં કાંઈક લાંબો કાળ ૨૫-૫૦ વર્ષ રહ્યો અને એક ક્ષેત્ર રહ્યો એથી સ્થિતિની ભ્રાંતિ થઈ ગઈ એને કે આમાં છું માટે એ હું છું. આહાહા..! સમજાણું કાંઈ? આ દેહ ચામડા હાડકાંનું પૂતળું છે આ તો. એમાં કાળાન્તરની અપેક્ષા ત્યાં કાળથી રહ્યો ૨૫-૫૦-૬૦ વર્ષ. અને એક ક્ષેત્રે રહ્યો. એથી એને સ્થિતિને લઈને ભ્રાન્તિ થઈ ગઈ કે આ તે હું, શરીર તે હું છું. આહાહા..! આ તો અહીંયાં પણ આ ઢોરને જુઓ તો ક્યાં એને એક જ વાત એ શરીર તે આ. આ ખાવું, આ લઉં, આ ખાઉં છું, આ લઉં છું એ હું છું. બકરા, ભેંસુ, ઢોર એને આમ બધું આમ થાય આ... આ... આ.. આ.. એ ભલે એની ખબર ન હોય, પણ આ છે તે હું છું. આખો દિ' ખાય. આહારસંજ્ઞાએ. મોઢા ભર્યા કરે જ્યાં-ત્યાં. આહાહા..! હવે વળી આ લીલા ખડ મળ્યા. આ વરસાદ આવ્યો. આઠ મહિના નહોતું એને સૂકું ખડ મળતું હતું. અંતે જૂનું ક્યાંકનું. એટલે એને એમ કે આહાહા..! હવે મને ઠીક મળ્યું. મને એટલે શરીરને અને શરીર એટલે હું. આહાહા..!

આ સૂક્ષ્મ શલ્યને બતાવે છે. આમ તો એમ માને.. એમ નથી કીધું ત્યાં? કે ભાઈ, અનાદિથી અજ્ઞાની, અભવિ આ બધું ધર્મ આદિ કરે છે ને ક્રિયાઓ બધી? કે એ શરીરાશ્રિત ક્રિયાઓ મારી છે અને તે હું છું એવી બુદ્ધિથી એ બધું કરે માટે મિથ્યાદૃષ્ટિ છે.

શામાં સ્થિતિભ્રાંતિ છે? '**દેહમાં. કેવા દેહમાં? વ્યૂહરૂપ એટલે સમૂહરૂપ (દેહમાં).**' સમૂહ વ્યૂહ-વ્યૂહ. વ્યૂહ નથી કહેતા? લશ્કરની રચનાને વ્યૂહ. એમ આ પરમાણુનો વ્યુહ છે બધો. આ રજકણોનો સમૂહ છે આ વ્યૂહ. '**અણુઓના-પરમાણુઓના (સમૂહરૂપ). કેવા પ્રકારના (પરમાણુઓના)? પ્રવેશતા-ગલતા અર્થાત્ પ્રવેશ કરતા અને નીકળતા (પરમાણુઓના).**' આમાંથી અનંતા રજકણો આવે અને અનંતા જાય. જુવાનીમાં ઘણા ઓછા જાય અને ઘણા આવે. વૃદ્ધાવસ્થામાં ઘણા જાય અને થોડા આવે. એટલે જીર્ણ થયું. એ જાણે મને થયું. ઘણાં રજકણ આવ્યા એટલે જાણે હું જાડો થયો, હું યુવાન થયો. હું યુવાન થયો. આહાહા..!

હું બાળક હતો, કૂણા અવયવ હતા એ હવે મજબુત થયા અને એ હવે ઈન્દ્રિયો દ્વારા હું કામ સારું કરી શકું છું.

કાવડ દ્વારા જેમ ભાર ઉપાડી શકે ને? કાવડ નથી કાવડ? સારી કાવડ હોય તો સારું કામ લઈ શકે. એ દાખલો આપ્યો છે પરદેશી રાજાનો. રાય પસેણ. અહીં તો .. દાખલો આવ્યો ૮૯માં. સંપ્રદાયમાં વ્યાખ્યાન ચાલ્યું હતું. વંડે. રાજકોટ. એ કાવડ જો મોળી હોય તો કામ ન કરી શકે. પાણી બે બાજુ અધમણ અધમણનું પાણી. કાવડ મજબુત હોય તો. આમ શરીર મજબુત હોય. કાવડ સમજો છો? આ ઉપાડવાનું. બે બાજુ. વાંસ હોય ને વાંસ? નીચે લટકતા હોય એમાં પાણી મૂક્યું હોય મણ-મણ પાણી. આહાહા..! એમ આ શરીર મજબુત હોય તો કામ સારું કરી શકે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી. એ તો જડનું કામ છે. આહાહા..! જડના કામને પોતાના માન્યા એ અબુદ્ધિ-બુદ્ધિ વિનાના (છે) જેને જ્ઞાનસ્વરૂપ ભગવાન પ્રતીતમાં, શ્રદ્ધામાં અસ્તિ છે એ આવ્યો નહિ અને જેમાં ઘણો કાળ અને ક્ષેત્રમાં રહ્યો એ સ્થિતિથી જાણે હું એ છું એવી સ્થિતિ ભ્રાંતિ થઈ ગઈ છે. આહાહા..! આ અણુ ઘણા રજકણો આવે, ગળે અને આવે. જાય ને આવે.

**'વળી કેવા (દેહમાં)? સમાકૃત-એકબીજાના સદૃશ ઉત્પાદથી સમાન...'** કારણ કે જેવું શરીરનો આકાર થાય એવી રીતે જ આત્માનો આકાર હોય અંદર, પણ એ આકાર પોતાનો પોતાથી છે અને આનો આકાર પરથી છે. આહાહા..! બાળક હોય તો એના પ્રમાણમાં એના આત્માનો આકાર. વળી મોટું શરીર તો એના પ્રમાણમાં આકાર. પણ એ આકારે આકાર બેય ભિન્ન છે. આહાહા..! શરીરનો આકાર પુષ્ટ થયો એટલે મારો આકાર આ થયો એમ એને... આહાહા..!

કૂવામાં ભાંગ પડી. નથી કહેતા? એ ભાંગ પીવે એ બધા ગાંડા થાય. કૂવામાં ભાંગ પડી. ભગવાન આત્મા શરીરમાં કેટલો કાળ અને એક ક્ષેત્રે રહે અને એના રજકણોનો આકાર બદલાય, એમ હું બદલી ગયો, શરીર પાતળું તો હું પાતળો, શરીર પુષ્ટ તો હું પુષ્ટ. આહાહા..! એણે શરીરને પોતાનું માન્યું. આહાહા..! શરીર આશ્રિત ક્રિયાનું આવે છે ને. આવી ગયું. શરીરાશ્રિત ક્રિયાને પણ પોતાની માને. નહોતું આવ્યું? આવ્યું હતું ત્યાં. પહેલાં. આમાં આવ્યું છે આમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. શરીરાશ્રિતનો દાખલો આપ્યો હતો ને? ૯૬ પાને છે. ૬૧ ગાથામાં છે.

**'અજ્ઞાનીઓ માને છે કે શરીરાશ્રિત ઉપવાસ, વ્રત, નિયમાદિથી શરીરને કૃશ કરતાં ઈન્દ્રિયોનો નિગ્રહ થાય છે,...'** છે ને? ૬૧ ગાથાના અર્થમાં છે. અને ૯૬ પાને છે. **'અજ્ઞાનીઓ...'** નીચે દાખલો આપ્યો છે જુઓ. 'શરીરાશ્રિત ઉપવાસાદિ માટે મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ પૃ.૨૨૯ અને ૨૪૪.' જોવું. **'જો દેહાશ્રિત વ્રત-સંયમને પણ પોતાનાં માને (અર્થાત્ પોતાને તેનો કર્તા**

**માને) તો તે મિથ્યાદષ્ટિ છે.**' છે ને. એ આવી ગયું આપણે. આહાહા..! ફુટનોટમાં છે.

શરીર આદિ ઉપવાસ ને વ્રત, નિયમથી શરીર કૃશ થાય એથી ઇન્દ્રિયનો નિગ્રહ થાય એમ માને અજ્ઞાની. એથી '**વિષયોમાં તેમની પ્રવૃત્તિ અટકી જાય છે અને તેથી રાગ-દ્વેષાદિ થતા નથી; પણ આ માન્યતા ભૂલ ભરેલી છે,...**' આહાહા..! મુનિ હોય છે ને એને એવી લબ્ધિ હોય છે કે મહિના-મહિના, બબ્બે-પાંચ-છ-છ મહિનાના અપવાસ કરે તો શરીર એવું ને એવું રહે.

'**આવા દેહમાં સ્થિતિ-ભ્રાન્તિસ્થિતિથી એટલે કાલાન્તર-અવસ્થાયિપણાને લીધે...**' ઘણો કાળ શરીરમાં રહે, ૧૦, ૨૦, ૫૦ વર્ષ. એટલે એને એમ થઈ જાય કે આ રહ્યો છો તે શરીર તે જ હું છું. આહાહા..! '**યા એક ક્ષેત્રમાં રહેવાના કારણે...**' બે વાત. સ્થિતિ-ભ્રાન્તિની વ્યાખ્યા. '**જે ભ્રાન્તિ અર્થાત્ દેહ અને આત્માના અભેદરૂપ અધ્યવસાય-તેના કારણે (દેહને આત્મા માને છે).**' ઘણો કાળ દેહમાં રહેવું. રહે છે તો આત્મા આત્મામાં, દેહ દેહમાં. પણ આમ દેહના સંબંધમાં ઘણો કાળ રહેવું અને એક ક્ષેત્રે રહેવું. એથી એને ભ્રાંતિ થાય છે કે શરીર તે હું. મારાથી શરીર રહ્યું, મેં કૃશ ન કર્યું અને આહાર-પાણી અનુકૂળ આપ્યા એથી રહ્યું અને એમાં હું રહેનારો એને લઈને રહ્યો. આહાહા..!

આવે છે નહિતર જ્ઞાની ઉપવાસ આદિ કરે છે ને? કે એ તો ઇચ્છાનો ઉત્પન્ન ન થતાં અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિનો શુદ્ધ ઉપયોગ થાય છે એને માટે નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! તપસા ચ નિર્જરા. આવે છે ને? બસ અપવાસ કર્યો, એકટાણું કર્યું એ અપવાસ અને તપસ્યા અને તપસ્યા એ નિર્જરા, નિર્જરા એ મોક્ષનું કારણ. એમ નથી. એ તો નિમિત્તના કથનો છે. આમ નથી કહ્યું? સ્વાધ્યાય પરમ તપ. સ્વાધ્યાય તો પરનો વિકલ્પ છે. સ્વાધ્યાય અંદર આત્માના આનંદનો સ્વાધ્યાય કરવો અંદર. એકાગ્રતાની રમતું માંડવી, રમતમાં ભગવાનની ઓલી.. આહાહા..! એનું નામ સ્વાધ્યાય છે. શાસ્ત્રના ભણતરનો સ્વાધ્યાય એ તો બધો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! અને જે જ્ઞાન થાય શાસ્ત્રનું એ પણ વિકલ્પવાળું જ્ઞાન છે. એમાં નિર્જરા એ સ્વાધ્યાય ક્યાંથી આવ્યું? આહાહા..! પણ એ માને છે એમ. કંઠ બરાબર, વાણી એવું બોલાય, ચોખ્ખા અક્ષરો, શાસ્ત્રમાં એમ આવે ને કે અક્ષર બરાબર બોલવું, શુદ્ધિ કરવી, હીણો અધિક અક્ષર ન બોલવા. જુઓ! આવે છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહાહા..! અક્ષર બરાબર એમ કે અક્ષરની શુદ્ધિ રાખવી. અરેરે..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે છે ને બધી વ્યવહાર ભાષા. અક્ષરની શુદ્ધિ કોણ આત્મા કરે? આહાહા..! પણ એવી જ ભાષા જ બરાબર આવે એટલે એને એમ થઈ જાય કે અક્ષરની શુદ્ધિ મેં કરી. આહાહા..!

'**ભાવાર્થ :- નિરંતર પ્રવેશ કરતા અને બહાર નીકળતા પુદ્ગલ-પરમાણુનો સમૂહરૂપ દેહમાં સમાન આકૃતિએ...**' સમાન આકૃતિ છે ને? કારણ કે દેહનો આકાર છે એવો જ અંદર આત્માનો આકાર રહે. પણ પોતપોતાને કારણે છે એમ ન માનતા, આને આકારે મારો આકાર

થયો. આહાહા..! '**નિરંતર પ્રવેશ કરતા અને બહાર નીકળતા પુદ્ગલ-પરમાણુનો સમૂહરૂપ દેહમાં...**' આ પુદ્ગલ પરમાણુનો સમૂહરૂપ દેહ.

એ છોકરો હતો ઘણા વર્ષ પહેલાં અહીં રહેતો. પછી કહે, જો ભાઈ આત્મા આત્મા કાંઈ શરીરનું... બીજાને માર્યો ધબ્બો. આત્મા ધબ્બો ક્યાં મારી શકે? મેં માર્યો નથી ધબ્બો. પણ તને વિકલ્પ આવ્યો, દેહની ક્રિયા થઈ એ તો દેહને કારણે. એ ઘણા વર્ષ પહેલાં અહીં થયું હતું. આત્મા બીજાને મારી શકે? હું ક્યાં મારી શકું? એ તો હાથે માર્યું. પણ ભાવ... થબ્બો સમજ્યા? થપ્પડ. એ થપ્પડ તો થપ્પડને લઈને થઈ છે, પણ એનો ભાવ હતો કે નહિ? એ ભાવને હું કાંઈ કરતો નથી. મેં ક્યાં માર્યો છે? આહાહા..! અને છોકરાઓ પાછા એવા હોય ને કે એક-બે જણા બેઠા હોય આમ કરે અને આમ જોવે પછી. એ જાણે મેં કર્યું નથી. આમ ચાળો કરે આમ અને નજર કરે પછી આમ. એમ ઘણીવાર જોયું છે અહીં. દેરાસરમાં બેઠા હોય છોકરા બહાર. બધા બેઠા હોય પછી આમ કરીને અને પછી આમ જોઈ જાય. અમે કાંઈ કર્યું છે. આહાહા..! દેહની ક્રિયા ને ભાવ હતો કે આમ કરું આને, એને ગોપવ્યો, જૂઠો બોલ્યો. ભાવ તો તારો હતો કે નહિ આમ કરું આને? ચાળા-ચાળા કરે છોકરાઓ. આહાહા..!

'**દેહમાં સમાન આકૃતિએ-...**' પુદ્ગલ પરમાણુના પ્રવેશ અને નીકળતા એના સમૂહ આકૃતિએ '**એક ક્ષેત્રે આત્મા સ્થિત હોવાથી, દેહ અને આત્માની એકપણાની ભ્રાન્તિ લીધે...**' આહાહા..! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઘાટો છે ને. આવ્યું છેને મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. એથી જાણે આ ક્રિયા બધી થાય એ મારાથી થાય. આહાહા..! ઘનિષ્ઠ સંબંધ છેને એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પણ એથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ નિમિત્ત કાંઈ કરે છે એમ નથી. ત્યારે તો એને નિમિત્ત કહેવાય છે. આહાહા..!

મુમુક્ષુ :- નિમિત્ત કરે છે કે નથી કરતો...

ઉત્તર :- નથી કરતો માટે નિમિત્ત કહેવાય છે. કરે તો તો ઉપાદાનમાં ગરી ગયું એ તો. સમજાણું કાંઈ?

બધા એમ કહે છે ને. એમ કહેતા ને પહેલા ઢેબરભાઈ. કે આપણે નિમિત્ત તો થઈને બીજાને. નિમિત્ત થઈને બીજાના કાર્યમાં અમે નિમિત્ત થઈએ. અરર..! આવા ને આવા ભ્રમણા. હમણાં મળ્યા હતા ત્યાં પ્લેનમાં. પૂછ્યું આવીને મારી પાસે બેસીને. ગાંધીની શું કક્ષા હતી? કહે. ગાંધીની હતી લૌકિક કક્ષા. કીધું, ધાર્મિક નહિ. એય..! ઉમરાળા ઉતર્યા હતા. અમારે બીજ ઉપર જવું હતું ને અમદાવાદ, નહિ? ચૈત્ર વદ દશમે. મુંબઈથી. આહાહા..! જગતને ક્યાં..

એના કાર્યકાળે થાય ત્યારે એ બીજું નિમિત્ત હોય ત્યારે એને નિમિત્ત કહેવાય. પણ હું નિમિત્ત થયો માટે ત્યાં થયું એ તો નિમિત્ત ક્યાં રહ્યું? નૈમિત્તિક કાર્યનો કાળ જેનો છે તે કાળે તે થાય ત્યારે બીજી ચીજ નિમિત્ત કહેવાય એમાં એણે ક્યાં કર્યું એમાં? મોટો ગોટો છે નિમિત્તનો. એ આ શરીરની ક્રિયા બરાબર ધાર્યા પ્રમાણે થાય. લાડવાનું બટકું પાડે, બે બટકા સાથે અડદની દાળ લે. પતરવેલીયાના ભજીયા લે. મોટું હોય તો નાનો ટૂકડો કરે. બે-ત્રણ ચીજ ભેગી થઈ ગઈ હોય તો

ઓલું પતરવેલીયું મોટું ન સાથે આવે એટલે નાનું લે. નાનું લેવાય લ્યો! એ ભ્રમ થઈ જાય છે એને. આહાહા..!

શરીરમાં રહેલો આત્મા લાંબો કાળ અને એક ક્ષેત્ર, એથી એ ક્રિયાઓમાં મારો અધિકાર છે અને મેં એ રીતે.. શરીરને ક્યાં ખબર હતી આંગળીઓને કે આ રોટલીનું બટકું પાડવું? એને ખબર હતી? રોટલી બટકું પાડ્યું એ જાણ્યું. એ વાતું .. કરે નહિ? મોટર છે. એ શું થાય છે? જાતા હશે. એ હશે. એ મોટર લઈને. .. આહાહા..! જેની કોર વાળવી હોય એમ વળે પાછી લ્યો. સીધી હોય તો આમ ચાલે. એ પર્યાયનું કામ કરે છે કે નહિ એ મોટરનું?

સોનગઢવાળા કહે છે કે મોટર મોટરને લઈને ચાલે છે. પેટ્રોલને લઈને નહિ.

મુમુક્ષુ :- સોનગઢની મોટર પેટ્રોલથી ન ચાલે અને અમારી મોટર પેટ્રોલથી ચાલે.

ઉત્તર :- પેટ્રોલથી ચાલે. અરે.. ભગવાન! એમ કે આપણે આ મોટરમાં બેઠા છીએ, માટે મોટર ચાલે છે માટે આપણે એમાં ચાલીએ છીએ એમ નહિ. આપણે ચાલીએ છીએ (એમાં) મોટર છે એ તો નિમિત્ત છે એને પોતાને કારણે ચાલે છે. એમ એ (સોનગઢ) કહે છે. અને આપણે (અન્યો) તો આ મોટર ચાલે છે એમ આ દેહ આમ ચાલે છે. માટે મોટરના પ્રમાણમાં દેહ ચાલ્યો, એટલે મોટરે ચલાવ્યું. આહાહા..! એ વાત તો ચાલી હતી.

**'દેહ અને આત્માની એકપણાની ભ્રાન્તિને લીધે બહિરાત્મા શરીરને જ આત્મા માને છે.'**

**'આ શરીર પુદ્‌ગલ પરમાણુઓનું બનેલું છે,...'** એ આવશે આપણે પ્રવચનસારમાં હવે ગાથાઓ. કર્તા ન કારયિતા એ આવશે. એના શરીરનો હું કર્તા નથી. એ આવશે ગાથામાં.

મુમુક્ષુ :- પ્રતિક્રમણના અધિકારમાં.

ઉત્તર :- હા. એ. એ પ્રતિક્રમણનો અધિકાર તો નિયમસારમાં આવે છે. હા એમાં પણ આવે છે. પણ આમાં. એમાં પણ આવે છે. ઓલો નિયમસારમાં આવે છે પ્રતિક્રમણ અધિકાર પાંચ ગાથા પહેલી. શરીરની પર્યાયનો હું કર્તા નથી, કરાવનાર નથી, એને હું સંમત નથી, એનું હું કારણ નથી. આહાહા..! ઓલો વ્યવહાર કારણ છે એ વાતને ઉડાવી ત્યાં. એ તો કહેવામાત્ર કારણ છે. એની પર્યાય એને કાળે, એને કારણે તે થાય છે. એને પરની અપેક્ષા છે નહિ. વાત એવી લોકોને લાગે આ નિશ્ચયની.

**'આ શરીર...'** છે ને? **'પુદ્‌ગલ પરમાણુઓનું બનેલું છે, આ પરમાણુઓ તેના તે કાયમ રહેતા નથી.'** એના એ રજકણ કાયમ રહેતા નથી. **'સમયે સમયે અગણિત પરમાણુઓ શરીરની બહાર નીકળે છે...'** અગણિત. અનંત પરમાણુ બહાર નીકળે છે **'અને નવા નવા પરમાણુઓ શરીરની અંદર દાખલ થાય છે. પરમણુઓના નીકળી જવાથી તથા બીજાનો પ્રવેશ થવાથી શરીરની બાહ્ય આકૃતિમાં સ્થૂલ દૃષ્ટિએ કાંઈ ફેર લાગતો નથી.'** જાણે એવું ને એવું શરીર છે એમ લાગે.

**'વળી આત્મા અને શરીરને એકક્ષેત્રાવગાહ સંયોગ સંબંધ છે,...'** આત્માને અને શરીરને

એક જગ્યાએ રહેવું. એકક્ષેત્રાવગાહ એટલે રહેવું. સંયોગ સંબંધ છે. '**તેથી બંનેની સમાન આકૃતિ હોવાથી અજ્ઞાની જીવને ભ્રમ થાય છે કે આ શરીર જ હું છું.**' જેની પર્યાય ઉપર બુદ્ધિ છે એ આઘી જાય તો શરીર ઉપર જ જાય છે એનું લક્ષ. એની ક્રિયા તે હું કરું છું. આહાહા..! જોઈને ચાલવું, વિચારીને બોલવું એમ નથી આવતું શાસ્ત્રમાં? જોઈને ચાલું છું એ જોઈને હું ચાલું છું. આહાહા..! અને વિચારીને બોલું. બોલવાની ક્રિયામાં મારો વિચાર છે તેથી એ બોલવાની ક્રિયા થાય છે. ભ્રમ છે.

'**તેને અભ્યંતર રહેલા આત્મતત્ત્વનું જ્ઞાન જ નથી.**' સમાન આકૃતિ હોવાથી અજ્ઞાનીને ભ્રમ થાય કે આ શરીર જ હું છું. આવે છે ને '**शरीराद्यं खलुं धर्म साधनं**. નથી આવતું? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવે છે લ્યો. પુરુષાર્થસિદ્ધિમાં આવે છે. આહાહા..! ધર્મમાં સાધન-ફાધન કેવા શરીર? રાગ એ ધર્મનું સાધન નથી તો શરીર વળી ક્યાં રહી ગયું હતું? આહાહા..! બહુ માર્ગ જુદો ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે, સમય સમયની પર્યાય પ્રત્યેક દ્રવ્યની સ્વતંત્રપણે થાય એવું એનું સ્વરૂપ છે એમ ભગવાને જાણીને કહ્યું છે. ભગવાને કાંઈ કર્યું નથી પરનું કાંઈ? જાણ્યું એવું વાણી દ્વારા આવ્યું. આવી વાણી દ્વારા ભાષા. ભાષા ભાષાથી. કોણ ભાષા કરે? આહાહા..! અભ્યંતર ભગવાન આત્મા બાહ્ય શરીરની અવસ્થાને આકારે રજકણો આવે જાય એવો આકાર થાય એટલે એવો આકાર મને થયો. પુષ્ટ થયો તો હું થયો, કૃશ થયો તો હું થયો, રોગી થયો તો હું અને નિરોગ થયો તો હું. એવી શરીરની સ્થિતિમાં ભ્રાંતિ અજ્ઞાનીની થાય છે. તેને અભ્યંતર રહેલા આત્મતત્ત્વ... બાહ્ય રહેલાની વાત છે ને પહેલી? બાહ્ય થતી ક્રિયાઓ એમાં મારો અધિકાર છે. એ હું છું. એવા બુદ્ધિ વિનાના માણસો એને આત્મતત્ત્વનું જ્ઞાન નથી. ભગવાનને સમયે સમયે જડની પર્યાયના ફેરફાર કાળે પણ જ્ઞાનને કારણે એમાં ફેરફાર થાય છે એમ નથી.

'**શરીર અને આત્માને દૂધ-પાણીની જેમ એકક્ષેત્રાવગાહ સ્થિતિ છે.**' આ સ્થિતિ-ભ્રાન્તિની વ્યાખ્યા કરી. '**શરીર અને આત્માને દૂધ-પાણીની જેમ એકક્ષેત્રાવગાહ સ્થિતિ છે.**' એક ક્ષેત્રાવગાહ એટલે એક શરીર વ્યાપ્ય બરાબર એ. '**શરીર ઈન્દ્રિયગમ્ય છે...**' આ શરીર તો ઈન્દ્રિયગમ્ય છે. આત્મા ઈન્દ્રિયગમ્ય નથી. આહાહા..! આ શરીર છે તે ઈન્દ્રિયથી જણાય છે. આત્મા ઈન્દ્રિયથી જણાય એવો નથી. આહાહા..! '**આત્મા અતીન્દ્રિયગમ્ય છે.**' આહાહા..! એ તો નિજસ્વભાવથી જણાય એવો છે. ઈન્દ્રિયગમ્ય.. આ તો બેયની ચીજ જ જુદી છે તદ્દન. '**અજ્ઞાનીને ઈન્દ્રિયજ્ઞાન હોવાથી તે શરીરને જ દેખે છે,...**' ઈન્દ્રિયથી જણાય એટલે આ દેખે આ શરીર છે. '**આત્માને દેખતો નથી;...**' પણ દેખનારને દેખતો નથી. આહાહા..! '**તેથી તે શરીરને જ આત્મા માની એકતાબુદ્ધિ કરે છે...**' હાથીની જેમ મલપતી... હાથીની ગતિ શરીરની હોય છે. એ મારી ગતિ છે એમ હું... ઊંટિયાની જેવી ગતિ હોય એક પગ આમ આડો હાલે. એ ગતિ મારી છે એમ માને છે. આહાહા..!

'**શરીરને જ આત્મા માની એકતાબુદ્ધિ કરે છે અને શરીર સંબંધી રાગ-દ્વેષ કરે છે.**' હવે

વિશેષ. ૧૯ ગાથાનું. સમયસારની ૧૯ ગાથા. '**જ્યાં સુધી આ આત્માને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ...**' ભાવકર્મ પુણ્ય-પાપના, દયા, દાન, વ્રતના ભાવ અને શરીરાદિ નોકર્મ, આ હું છું.

**નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે',**
**-એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે.**

વાણી દ્વારા ઉપદેશ થાય તે હું કરું છું. અને બીજાને કાંઈક જ્ઞાન થાય એમાંથી મને લાભ મળે. બીજા સમજે એનો લાભ મળે કે નહિ એને? એ માન્યતા બધી ભ્રમ છે. આહાહા..! લાખો માણસ ધર્મ સમજે તો એમાંથી કાંઈ લાભ થાય કે નહિ સમજાવનારને? જેઠાભાઈ! નહિ? કોણે સમજાવ્યું છે? વાણી કાળે વાણી નીકળી છે. આહાહા..!

'**જ્ઞાનાવરણાદિ...**' જડ કર્મ એ મારા અને એમાં હું. પુણ્ય-પાપના ભાવકર્મ એ મારા અને એ મારા હું. એ મારા અને એમાં હું. શરીરાદિ મારા અને એમાં હું એ નોકર્મ. અને હુંમાં એટલે મા-રામાં આ કર્મ-નોકર્મ છે. એમાં હું છું અને મારામાં એ છે. કર્મ છે પુણ્ય-પાપના ભાવ મારામાં છે. આહાહા..! '**એવી બુદ્ધિ છે, ત્યાં સુધી આ આત્મા અપ્રતિબુદ્ધ (અજ્ઞાની) છે.**' આ તો ૧૯ ગાથા સમયસારની.

'**શ્લોકમાં, કર્મના કારણે જીવ ભ્રમ પડે છે એમ કહ્યું નથી,...**' એમ કહ્યું ને? નોકર્મ કર્મે હું, હું માં વળી કર્મ ને નોકર્મ છે. એ બુદ્ધિ જ્યાં લગી જીવની, કર્મને લઈને બુદ્ધિ થઈ છે એમ નથી. અજ્ઞાની ત્યાં લગી તે રહે. આહા..! '**કર્મના કારણે જીવ ભ્રમમાં પડે છે એમ કહ્યું નથી, પણ પોતાના અપરાધથી જ તે તેવા-ભ્રમમાં પડે છે.**' ખુલાસો તો ઠીક કર્યો છે. એમાં એમ કહ્યું નથી. ત્યાં એમ નથી કહ્યું કે કર્મમાં, નોકર્મમાં હું અને કર્મ ને નોકર્મ—એ કર્મના કારણે આવી બુદ્ધિ થાય છે. કર્મ અનુસારની બુદ્ધિ. એમ નથી. એ પોતે જ એવી બુદ્ધિ ઊભી કરે છે. જે આત્મામાં નથી અને જેમાં એ નથી—એ મારાં છે એવી બુદ્ધિ અજ્ઞાની ઊભી કરે છે. એમાં કર્મનું કોઈ કારણ નથી. આહા..!

મુમુક્ષુ :- જ્ઞાનાવરણી જ્ઞાન..

ઉત્તર :- એ તો નિમિત્તપણાનું જ્ઞાન કરાવ્યું છે. જ્ઞાનની હિણી દશા પોતે કરે ત્યારે જ્ઞાનાવરણીયનું નિમિત્તપણું હતું એટલું. પણ એણે હિણી કરાવી છે. મોટી તકરાર થઈ હતી ત્યારે. શું કહેવાય એ? મધુવન. છપાઈ ગયું છે બહુ કહે છે ત્યાં. આ આત્મામાં જ્ઞાનની હિનાધિક દશા થાય એ પોતાની યોગ્યતાથી એ થાય છે એમ કહે છે. હું કરું (છું.) કર્મથી, જ્ઞાનાવરણીથી નહિ. આવ્યું છે બહાર. પુસ્તક છે. છે ને ક્યાંક? બીજાનું હશે. જ્ઞાનની હિણી દશા એ પણ પોતાના કારણે કરે છે. કર્મને કારણે જ્ઞાનાવરણીયને લઈને હિણી દશા છે એમ નથી. અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય ત્યાં જડમાં તેથી અહીંયાં જ્ઞાનના ક્ષયોપશમનો વિકાસ થાય છે એમ નથી. આહાહા..! સમય સમયની સ્વતંત્રતા. ત્યારે ઓલા કહે શરીર અને આત્મા જુદા છે. ઘોદો મારો સોયનો કહે. છઠ્ઠી સાલમાં થયું હતું ત્યાં પાલિતાણે. પરમ દિ' ગ્યા હતા ત્યાં. શરીર અને આત્મા જુદા જુદા? મારો ઘોદો, કહે. અરે.. ભગવાન! ત્રણે કાળે જુદા છે ભાઈ. તેં માન્યા છે. એ વિશેષ કહેશે...

ततो यथावदात्मस्वरूपप्रतिपत्तिमिच्छन्नात्मानं देहाद्भिन्नं भावयेदित्याह–

*गौरः स्थूलः कृशो वाऽहमित्यङ्गे नाविशेषयन्।
आत्मानं धारयेन्नित्यं केवलज्ञप्तिविग्रहम्।।७०।।
હું ગોરો કૃશ સ્થૂલ ના, એ સૌ છે તનભાવ,
એમ ગણો, ધારો સદા આત્મા જ્ઞાનસ્વભાવ. ૭૦.

टीका :– कौरोऽहं स्थूलोऽहं कृशोवाऽहमित्यनेन प्रकारेणाङ्गेन विशेषणेन अविशेषयन् विशिष्टं अकुर्वन्नात्मानं धारयेत् चित्तेऽविचलं भावयेत् नित्यं सर्वदा। कथम्भूतं? केवलज्ञप्तिविग्रहं केवलज्ञानस्वरूपं। अथवा केवला रूपादिरहिता ज्ञप्तिरेवोपयोग एव विग्रहः स्वरूपं यस्य।।७०।।

---

તેથી યથાર્થરૂપે આત્મસ્વરૂપને સમજવાની ઇચ્છા કરનારે આત્માને દેહથી ભિન્ન ભાવવો. તે કહે છે :–

શ્લોક – ૭૦

અન્વયાર્થ :– (अहं) હું (गौरः) ગોરો છું, (स्थूलः) જાડો છું, (वा कृशः) અથવા પાતળો છું; (इति) એવી રીતે (अंगेन) શરીર સાથે (आत्मानं) આત્માને (अविशेषयन्) એકરૂપ નહિ કરતાં (नित्यं) સદા (आत्मानं) પોતાના આત્માને (केवलज्ञप्तिविग्रहम्) કેવલ જ્ઞાનરૂપ શરીર–વાળો (धारयेत्) ધારવો–માનવો.

ટીકા :– હું ગોરો છું, હું સ્થૂલ (જાડો) છું કે હું કૃશ (પાતળો) છું – એવા પ્રકારે શરીર વડે આત્માને, વિશેષરૂપે એટલે વિશિષ્ટરૂપે નહિ માની (તેને) ધારવો અર્થાત્ ચિત્તમાં તેને નિત્ય–સર્વદા અવિચલપણે ભાવવો. કેવા (આત્માને)? કેવલ જ્ઞાનવિગ્રહરૂપ એટલે કેવલ જ્ઞાન–સ્વરૂપ અર્થાત્ કેવલ રૂપાદિરહિત જ્ઞપ્તિ જ–ઉપયોગ જ જેનું વિગ્રહ એટલે સ્વરૂપ છે તેવા આત્માને (ચિત્તમાં ધારવો).

ભાવાર્થ :– ગોરાપણું, સ્થૂલપણું, કૃશપણું વગેરે અવસ્થાઓ શરીરની છે–પુદ્‌ગલની છે, આત્માની નથી. આ શરીરની અવસ્થાઓ સાથે આત્માને એકરૂપ નહિ માનવો અર્થાત્ તે અવસ્થાઓને આત્માનું સ્વરૂપ નહિ માનવું. તેને શરીરથી ભિન્ન, રૂપાદિરહિત અને કેવલ જ્ઞાનસ્વરૂપ જ સમજવો અને તે સ્વરૂપે જ તેનું નિરંતર ચિત્તમાં ધ્યાન કરવું. ૭૦.

---

૧. हउँ गोरउ हउँ सामलउ हउँ जिवि भिण्णउ वण्णु।
हउँ तणुअंगउ थूलु हउँ एहउँ मूढउ मण्णु।।८०।।
(श्री परमात्मप्रकाशे–योगीन्द्रदेवः)

**જેઠ વદ ૧૪, મંગળવાર તા. ૦૮-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૭૦-૭૧,**
**પ્રવચન - ૮૩**

સમાધિતંત્ર. ૭૦ ગાથા છે. '**તેથી યથાર્થરૂપે આત્મસ્વરૂપને સમજવાની ઈચ્છા કરનારે આત્માને દેહથી ભિન્ન ભાવવો. તે કહે છે :-**'

*गौरः स्थूलः कृशो वाऽहमित्यङ्गे नाविशेषयन्।
आत्मानं धारयेन्नित्यं केवलज्ञप्तिविग्रहम्।।७०।।

**હું ગોરો કૃશ સ્થૂલ ના, એ સૌ છે તનભાવ,**
**એમ ગણો, ધારો સદા આત્મા જ્ઞાનસ્વભાવ. ૭૦.**

સવારમાં એ ૫૪માં આવ્યું હતું. પર્યાયમાં દ્રવ્યને જાણવું. એનો અર્થ કે દ્રવ્ય ઉપર એને લક્ષ દેવું. દૃષ્ટિપ્રધાન કથનમાં તો સત્યાર્થ ભૂતાર્થ ઉપર દૃષ્ટિ. અહીં તો જ્ઞાનપ્રધાન કથન છે. એ જ્ઞાન વસ્તુ જે ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... દ્રવ્ય. જે અન્વય સત્ કાયમ રહેનારું એને જાણે. ત્યારે એને 'જાણે'નો અર્થ શું થયો? એ પર્યાય એના તરફ ઢળી. એટલે ચૈતન્ય સત્તા અવિચ્છિન્ન ધારે દ્રવ્યરૂપ છે એમ જ્ઞાનની પર્યાય જાણે. અને એના ગુણ છે વિશેષપણે ભેદરૂપ, એને જ્ઞાનની પર્યાય જાણે. જાણવામાં કાંઈ રાગ થાય છે એમ નથી. અને પર્યાય વ્યતિરેક છે ભિન્ન-ભિન્ન એને પર્યાય જાણે. એનો અર્થ એ થયો કે પર્યાયે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવી. આહાહા..!

જેને આત્મા જાણવો હોય અને જેને ધર્મ કરવો હોય, જેને સુખી થવું હોય એણે શું કરવું એ વાત છે. એ સુખનો સાગર દ્રવ્યસ્વભાવ કાયમ છે, બીજા ઉપર લક્ષ છોડી દઈ અને એ વસ્તુ છે કાયમની જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... એ ઉપર દૃષ્ટિ દેવી. આહાહા..! અને એના ગુણો જે ભેદરૂપ વિશેષરૂપ છે એને પણ એણે જાણવું. અને પોતે જે પર્યાય જાણનાર છે ઉત્પાદવ્યય એને પણ જાણવું. આહા..!

મુમુક્ષુ :- જાણવું-જાણવું-જાણવું બીજું કામ ..

ઉત્તર :- બીજું શું હોય? પણ એનો સ્વભાવ જ જ્ઞાન છે ત્યાં. એ જ અહીં કહેશે. '**ज्ञप्तिविग्रहम्**' જ્ઞાન જેનું શરીર છે, ઉપયોગ જેનો સ્વભાવ છે ત્રિકાળ હોં. આહાહા..! જ્ઞાનજ્ઞપ્તિ જેનો વિગ્રહ છે. એમ છે ને? શરીર. એનું શરીર એટલે એનું સ્વરૂપ ચેતન જ્ઞ-સ્વભાવ, ઉપયોગસ્વભાવ જાણવું-દેખવું. ક્રિયા નહિ. એનો સ્વભાવ. ત્રિકાળ છે એને પર્યાયે જાણવું. આહાહા..!

એ પર્યાય પોતાના દ્રવ્યને... એ અહીં કહે છે કે ને કે '**હું ગોરો છું, હું સ્થૂલ (જાડો) છું કે હું કૃશ (પાતળો) છું - એવા પ્રકારે શરીર વડે આત્માને, વિશેષરૂપે એટલે વિશિષ્ટરૂપે નહિ**

**માની...**' એને ન માનવો. એનો અર્થ તો આવ્યો એ ત્યાં. કે પોતાનું જે દ્રવ્ય છે... છે... છે... છે... એવું જે જ્ઞાન થયું એને ગુણનું જ્ઞાન થયું પોતાનું પર્યાય... એ જ્ઞાનમાં સ્વપરપ્રકાશક પર્યાય પ્રગટી. એને પણ એ જ્ઞાન જાણે. એ જ્ઞાન જાણતાં પોતામાં નથી એવી બીજી ચીજ અચેતનદ્રવ્ય... એમ લીધું ને? એક એક પરમાણુનું ઓહોહો..! અચેતન... અચેતન... અચેતન... અચેતન... અચેતન.. દ્રવ્ય. એમ જ્ઞાન જાણે એને. અને એના ગુણની વિશેષતાને પણ જાણે અને એની ઉત્પાદ-વ્યય થતી પર્યાયને પણ એ જાણે. એ પર છે અને આ સ્વ છે એમ જાણતા પર મારા છે એ મોહ ઊડી જાય છે. એના સંબંધીનું જ્ઞાન એ પોતાથી થયું છે. બીજું દ્રવ્ય છે એ બીજા દ્રવ્યનું છે. એનું દ્રવ્ય, એનો ગુણ અને પર્યાય એવું જે એ સંબંધીનું જ્ઞાન એ પોતામાં પોતાથી થયું છે. એથી એને પરદ્રવ્યની મમતા કે પરદ્રવ્ય મારા છે એ વાત ઊડી જાય છે. ભ્રાંતિ, મોહ મિથ્યાત્વ. આહાહા..!

મિથ્યાત્વના નાશ કરવાનો આ ઉપાય છે. આહાહા..! પોતે વસ્તુ છે આ વસ્તુ... વસ્તુ.. વસ્તુ.. એનો ગુણ છે અને એની પર્યાય છે. એના અસ્તિત્વને જ્ઞાનપર્યાય જાણે. અને એ પર્યાય, પરનું અસ્તિત્વ મારામાં નથી છતાં એના સંબંધીનું અસ્તિત્વ છે એને હું જાણું છું એવો મારો સ્વ-ભાવ છે, એ છે માટે જાણવાનો સ્વભાવ છે એમ નહિ. મારો સ્વભાવ છે કે સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતા, સ્વપરપ્રકાશક પર્યાય થાય છે એમાં એ ચીજ જણાય છે એમ વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે. આવી શૈલી ઓહોહો..! કેવી વાત કરે છે! જ્યાં દ્રવ્ય-ગુણ-પર્યાયની પણ વાત ક્યાં લઈ ગયા!

એની વર્તમાન પર્યાય જે છે જેમ સત્યાર્થનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન કીધું તો એની સાથે થયેલું જ્ઞાન એ પણ સત્યાર્થને જાણે છે, એના ભેદને જાણે છે. જાણવાના સ્વભાવમાં કાંઈ અનેકપણું જાણવું એ કાંઈ વિકારનું-વિકલ્પનું કારણ નથી. એ તો જ્ઞાનનો સવિકલ્પ સ્વભાવ જ છે. કે સ્વને-પરને જાણવું એવું સવિકલ્પ એટલે સ્વ-પરપ્રકાશક એવો ભાવ. સવિકલ્પ એટલે ઓલો રાગ એ નહિ. આહાહા..!

એને પોતાના સ્વભાવ, આ શરીરાદિની વિશેષ અવસ્થાઓ જે ગૌર, ઘઉંવર્ણ, કૃશ-પાતળું એ ખાસ દશાઓ છે તે મારામાં નથી. મારા અસ્તિત્વમાં એના સંબંધીનું તે પ્રકારનું તે ક્ષણે, તે જ્ઞાન મારાથી થયું છે એથી એ જ્ઞાનમાં આ પરચીજ છે એટલું વસ્તુનું જ્ઞાન થાય છે, પણ એ વસ્તુ મારી નહિ. આહાહા..! જેનું અસ્તિત્વ પોતાથી સ્વયંસિદ્ધ છે, એવું જે અસ્તિત્વ હયાતી એ મારી નહિ. પરની છે. આહાહા..! એવી અંતરમાં જ્ઞાન દૃષ્ટિ કરવી... આહાહા..! જ્ઞાનની વર્તમાનદશાને દ્રવ્યનું અને ગુણનું અને પોતાનું જ્ઞાન થાય. આહાહા..! એ જ્ઞાન પોતાનું અસ્તિત્વ—સત્તા જેટલી છે તેનું જ્ઞાન થયું. એ જ્ઞાનમાં પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? અને સ્વનું(જ્ઞાન) થતાં શરીરાદિની અવસ્થાનું જ્ઞાન, એનું અસ્તિત્વ છે-હયાતી છે એ એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એની હયાતી છે. તો અહીં એ કહ્યું આ ધોળું શરીર છે ને ગોરું શરીર છે ને કૃશ શરીર છે, સુંવાળું શરીર છે ને રૂપાળું શરીર છે. એ તો બધી જડની વિશેષ અવસ્થાઓ દ્રવ્ય-ગુણસહિતની એની દશા છે એ

તો. આહા..!

'**એવા પ્રકારે શરીર વડે આત્માને, વિશેષરૂપે એટલે વિશિષ્ટરૂપે નહિ માની...**' એમ. એવી દશાઓ જે છે એ રૂપે જીવને ન માની. આહાહા..! માર્ગ એવો છે ભાઈ આ તો. '**ચિત્તમાં તેને નિત્ય-સર્વદા અવિચલપણે ભાવવો.**' છે? '**आत्मानं धारयेन्नित्यं**' આહાહા..! જ્ઞાનની પર્યાયમાં ભગવાન નિત્ય છે એમ એણે માનવું. આહાહા..! પર્યાય પોતે અનિત્ય છે (એણે) નિત્ય છે તેને માનવું. આહાહા..! કેવી શૈલી છે! ઓહોહો..! સવારની ગાથા હતી ૧૫૪. એ કેવળજ્ઞાનીના કેડાયતોની કથનની શૈલી. ઓહોહો..! જ્યાં વસ્તુની સ્થિતિ જ્ઞાનમાં આવે અને એ સિવાયની વસ્તુની સ્થિતિ જ્ઞાનમાં જણાય, પણ અહીં આવે નહિ, મારી થઈને રહે નહિ. આહાહા..! આવી અલૌકિક વાત. સમજાણું કાંઈ? એનું એણે જ્ઞાન કરવું જોશે. બધી ક્રિયાકાંડોની બધી વાતું એ બધા શુભભાવ, એ તો કહેશે.. પુણ્યબંધનું કારણ છે. એ કાંઈ ધર્મ નથી.

ધર્મ તો આ ધર્મી એવો જે ચૈતન્યસ્વરૂપ એની અસ્તિત્વની હયાતીની પર્યાયમાં જ્ઞાન થવું અને તેના ગુણો છે અનંત વિશેષપણે. વિશેષપણે એટલે? વિશેષ ગુણ એમ નહિ કે સામાન્યગુણ અને વિશેષગુણ એમ નહિ. આ તો ગુણોની વિશિષ્ટતા, ભિન્ન-ભિન્નતા, સામાન્યગુણ હો કે વિશેષ હો. એ ગુણો એ વિશેષ એ દ્રવ્યનું વિશેષ સ્વરૂપ છે. આહાહા..! એને પર્યાયે જાણી અને એ રીતે માનવું અને એમાં ઠરવું એનું નામ દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે.

આમાં કાંઈ કોકનું કરવું એવું તો આવ્યું નહિ. ગીરધરભાઈ! પરનું કરવાની કોઈ અવસ્થા એ મારામાં નથી, મેં એની કરી ક્યાંથી આવ્યું? મારામાં હોય મારી સત્તામાં તેનું પરિણમન કરું કે ટાળું એમ હોય, પરનું પરિણમન છે એ મારી સત્તામાં નથી તેને હું કરું શી રીતે? આહાહા..! પરની દયા પાળવાની દશા એ કાંઈ મારી નથી, હું કરી શકતો નથી. આહાહા..! પરનું જીવન રહે અસ્તિત્વ એને હું જાણું, પણ એનું અસ્તિત્વ દયા (વડે) જીવતું રાખું, એનું અસ્તિત્વ મારામાં નથી. આહાહા..! આ અહિંસા પરમો ધર્મ લોકોએ આમ ઠરાવ્યું. બહારની અહિંસા એ ધર્મ. એ નથી અહીં.

અહીં તો એ પરદ્રવ્યનો જે દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેનું અસ્તિત્વ છે. એવું એ સમયે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયના અસ્તિત્વના જ્ઞાનમાં એનું જ્ઞાન થઈ જાય છે. એ જ્ઞાન થવું એ એકાગ્રતા, શુદ્ધતા એનું નામ અહીંયાં ધર્મ છે, એનું નામ અહિંસા છે. આહાહા..!

કહે છે કે '**ચિત્તમાં તેને નિત્ય-સર્વદા અવિચલપણે ભાવવો.**' આહાહા..! એટલે? હું નિત્ય વસ્તુ છું એમ પર્યાયની ભાવના નિત્યમાં કરવી. આહાહા..! '**નિત્ય-સર્વદા અવિચલપણે ભાવવો. કેવા (આત્માને)? કેવલ જ્ઞાનવિગ્રહરૂપ એટલે કેવલ જ્ઞાન-સ્વરૂપ...**' વિગ્રહ એટલે સ્વરૂપ કર્યું. કેવલ જ્ઞાન સ્વરૂપ, કેવલ જ્ઞાન વિગ્રહ. કેવળ જ્ઞાન વિગ્રહ. કેવળજ્ઞાન શરીર એટલે કેવળજ્ઞાન સ્વરૂપ. આહાહા..! એકલું જ્ઞાન જેનું સ્વરૂપ છે, જ્ઞાન જેનું શરીર છે. શરીર એટલે એ સ્વરૂપ છે એનું. જેમ આ જડનું શરીર છે, એમ આત્માનું જ્ઞાન શરીર છે. આહાહા..!

'**કેવલ જ્ઞાનવિગ્રહરૂપ એટલે કેવલ-જ્ઞાન-સ્વરૂપ...**' વિગ્રહનો અર્થ સ્વરૂપ કર્યો. 'અર્થાત્

**કેવલ રૂપાદિરહિત જ્ઞપ્તિ...**' જેમાં રૂપ, ગંધ, રસ, સ્પર્શની દશાઓ નથી. એવી ઉપાધિરહિત જ્ઞપ્તિ એટલે '**ઉપયોગ જ...**' ત્રિકાળ જાણવું-દેખવું એવો ઉપયોગ જ '**જેનું વિગ્રહ એટલે સ્વરૂપ છે...**' આહાહા..! આ શરીરની વ્યાખ્યા ચાલે છેને એટલે શરીર લીધું આ. આ જડનું શરીર. આ જ્ઞાનસ્વરૂપ છે શરીર. જ્ઞાનનો પુંજ, જ્ઞાનનો પુંજ નિત્ય એની ભાવના કરવી, એમાં એકાગ્ર થવું એમ. આહાહા..! ત્યારે તેને અહિંસા એટલે કે વીતરાગતા પ્રગટે. અહિંસા એટલે વીતરાગતા. આહા..!

'**જ્ઞપ્તિ જ – ઉપયોગ જ જેનું વિગ્રહ એટલે સ્વરૂપ છે...**' એ બીજાના અસ્તિત્વથી આ થયું છે એમ છે નહિ. આહાહા..! એ તો આવ્યું હતું સવારમાં. અજીવ-અજીવના, તું તારા જ્ઞાનની પર્યાયથી અજીવ... અજીવ... અજીવ... અજીવ... અજીવ... અચેતન કાયમ છે અને એના ગુણો પણ વિશેષ છે એમ જાણ અને એની પર્યાય ભિન્ન-ભિન્ન થાય છે એમ જાણ લ્યો. ભિન્ન-ભિન્ન કેમ થઈ? કે હું હતું ને થઈ, નિમિત્ત હતું ને થઈ—એમ નહિ. એની પર્યાય વ્યય ને ઉત્પાદ... વ્યય ને ઉત્પાદ... થવાનો એનો અસ્તિત્વનો ગુણ જ છે. ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ છે. આહાહા..!

એ તો કહે નિશ્ચયથી વાત કહે. બે નય છે કે નહિ? બીજી નય.. બીજો નય છે એ જાણે છે. પણ બીજો નય છે એમ પરને હું કરું છું એવો એ નયનો વિષય નથી. આહાહા..! માર્ગ એવો છે, બાપુ! અંતરમાં સન્મુખ થવું અને પરથી વિમુખ થવું, પરના અસ્તિત્વથી જ્ઞાન કરે. પણ લક્ષમાં એને વિમુખ કરે. આહાહા..! લક્ષ તો સ્વભાવ સન્મુખ કરે. જેનું જેમાં અસ્તિત્વ છે. આહાહા..! એને ચિત્તમાં ધારવો. એટલે જ્ઞાનની પર્યાયમાં એને ધારવો, એને જાણવો, એને માનવો. આહાહા..!

મુમુક્ષુ :- એને આચરવો.

ઉત્તર :- એને આચરવો અર્થ ચેતવું. આહાહા..! આવી વાત છે ભાઈ! વાદવિવાદ કરે તો પાર આવે એવું નથી. વ્યવહારના લક્ષણ આવે ને. અને આવે છેને પહેલી ગાથામાં નહિ? પંચાસ્તિકાયમાં, નિયમસારમાં. જિનવાણીમાં બે નયનું કથન છે. પહેલો જ શ્લોક આવે છે. સર્વસ્વકથન... પદ્ધતિ બે નય છે. દ્રવ્ય અને પર્યાય બે છે ખરી ને? એટલે બે નયનું સર્વસ્વ કથન છે, પણ કથન છે માટે બીજા નયનું કથન આદરણીય છે, આશ્રય કરવા જેવું છે એમ નથી. આહાહા..! એ કહે છે. ગાથા આવે છે ને નિયમસારમાં. અને પંચાસ્તિકાયમાં આવે છે.

પર્યાય અને રાગાદિ છે એને જાણવાનો વિષય બતાવે છે. પણ એથી વ્યવહારનયનો વિષય છે, એનાથી નિશ્ચય થાય છે એમ નયનો વિષય રહે તો બે નયનો વિરોધ છે. એટલે એમ અહીંયાં આવ્યું જુઓ. ભગવાને તો બે નયનું કહ્યું. તમે એકલા નિશ્ચય-નિશ્ચયની વાતું કરો. અરે.. બે નયનું આવે બાપા! આહાહા..! પરની ઉપેક્ષા કરી ત્યાં વ્યવહારની અસ્તિત્વતા આવી ગઈ અંદર. સમજાણું કાંઈ? ભાઈએ નાખ્યું છે ફૂલચંદજીએ. ભાઈ આ તો .. પણ પરની ઉપેક્ષા થઈ એ વ્યવહારની અપેક્ષાએ સિદ્ધ કરી. બસ. ઉપેક્ષા જેનાથી થઈ અને અહીં અપેક્ષા કરી દ્રવ્ય ઉપર. આવી ગયો વ્યવહાર છે એટલું. આહાહા..! બે નયનું કથન છે.. દરેક દ્રવ્યને માટે છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે ત્યાં. એક નયનું સ્વરૂપ છે તે આદરણીય છે, બીજા નયનો વિષય છે તે જાણવાલાયક છે. આદરવો

અને જાણવો એમ બે છે. હેય તરીકે જાણવો અને આને ઉપાદેય તરીકે ગ્રહણ કરવો. આહાહા..!

અહીં કહે છે કે ઉપયોગ જેનું સ્વરૂપ. વિગ્રહ છે ને? વિગ્રહ એટલે શરીર. એટલે એનું હોવાપણું જ્ઞાનસ્વરૂપે છે પ્રભુ. જ્ઞાનનું સ્વરૂપ એનું છે એટલે જ્ઞાનશરીર એનું છે. જ્ઞાન એનું શરીર છે. શરીર એટલે સ્વરૂપ છે એ ત્રિકાળ જ્ઞાનસ્વરૂપનો પુંજ છે એમ જ્ઞાનની પર્યાયમાં ધારવું, ભાવવું. આહાહા..! ભારે વાતું ઝીણી. ઓલો મહાવીરનો સંદેશ દેવા જાય છે. ગયા, કહે છે. સાથે માણસો ઘણા છે. હોય એની શૈલીવાળા. શેઠિયાઓ હોય, પૈસાવાળા હોય, પૈસા ખરચે. જાણે એમ લાગે ઓહોહો...! હવે એ એને ખબર નથી કે મહાવીરનો સંદેશ શું છે? આહાહા..!

નમો લોએ સવ્વ સાહુણં. બધા સાધુ એમાં આવ્યા. એમાં જૈનના જ આવ્યા એમ ક્યાં આવ્યું? આહાહા..!

મુમુક્ષુ :- મુસલમાનના ફકીર પણ આવી ગયા?

ઉત્તર :- એ બધા આવી ગયા.

મુમુક્ષુ :- અને ક્રિશ્ચનના પાદરી પણ આવી ગયા.

ઉત્તર :- .. એ તો અમારે તારાચંદભાઈ કહેતા હોં. વીરજીભાઈના બાપ. એ આંકડા ઉપરથી કહેતા. આટલો આંકડો શાસ્ત્રમાં છે સાધુનો. તો એ સાધુ બધા ક્યાંથી? બીજા બધા ભેગા કરશો ત્યારે. એમ કહેતા.

મુમુક્ષુ :- એ આંકડો મળે એને.

ઉત્તર :- આંકડો શું? આહાહા..!

સાધુ તો સ્વરૂપ જે પૂર્ણાનંદનું સ્વરૂપ છે એને સાધે છે એ તો વીતરાગદશામાં જ હોય છે. એ વીતરાગમાર્ગ સિવાય એ બીજે હોઈ શકે નહિ. સાધુ ક્યાંથી આવ્યા? અનંત ગુણનું એકરૂપ એને જે પર્યાય સાધે છે (એટલે) નિર્ણય કરીને ઠરે છે, એ તો વસ્તુના સ્વરૂપમાં છે, એને સાધુ કહીએ અને એને મોક્ષના માર્ગમાં સર્વ સાધુ એને કહીએ. સર્વ સાધુ એટલે આમ તો શાસ્ત્રમાં એમ છે લ્યો.

નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. આહાહા..! એમ છે ને? ધવલમાં એમ છે. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં... નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી... આહાહા..! અરિહંતાણં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. એનું નામ નોકારનું પદ છે લ્યો. ત્રિકાળવર્તી એમાં ભવિષ્યના સાધુ જે થશે એને પણ નમસ્કાર છે. ભવિષ્યમાં તીર્થંકરનો આત્મા થશે એને અહીં વર્તમાનમાં નમસ્કાર છે. આહાહા..! એ સાધુ આ. જે અનંતગુણની સંખ્યાનો પાર નથી અને એનું ક્ષેત્ર ફક્ત શરીરના કદ સમાન. એવો જે કદ પ્રમાણે પહોળો અને અનંતગુણના વિસ્તારથી ભરેલો એ સર્વજ્ઞે જોયો તે આત્મા. એવા ગુણ(મયને) પર્યાયમાં માની, જાણી અને એમાં ઠરે એ તો વીતરાગમાર્ગમાં જ હોય છે. બીજે એ હોઈ શકતું નથી. આહાહા..!

અહીં કહે છે કે એવો જે ભગવાન આત્મા વસ્તુ તરીકે જ્ઞાનસ્વરૂપ છે. ઉપયોગ સ્વરૂપ. ઉપયોગ એટલે ત્રિકાળ હોં. જ્ઞપ્તિ કીધું છે ને? જ્ઞપ્તિનો અર્થ ઉપયોગ કહ્યો. જેનું વિગ્રહસ્વરૂપ છે એવો આત્મા. એને ચેતના નામ જ્ઞાનની પર્યાયમાં એને ધારવો, એને માનવો, એને જાણવો, એની ભાવના કરવી. આહાહા..! આ વસ્તુ છે. એનું જ્ઞાન તો કરે પહેલું સાચું કે વસ્તુ તો આ છે. જ્ઞાનમાં એને લક્ષમાં આ નક્કી કરે, સ્વરૂપ તરફમાં એકાગ્ર થવું તે જ ધર્મ છે, બાકી કોઈ ધર્મ છે નહિ. આહાહા..!

'**ભાવાર્થ :– ગોરાપણું,...**' એ પરમાત્મપ્રકાશનું લખ્યું નીચે. ગોરાપણું એટલે રૂપાળાપણું. '**સ્થૂલપણું, કૃશપણું...**' મોટું હાથીનું શરીર આમ રહે આમ. અને ક્ષય લાગુ પડે શરીરમાં જ્યારે ત્યાં ચકલાના ટેંટા જેવા અંદરથી. પથારીમાં પડ્યો હોય. આહાહા..! એ બધી દશાઓ–અવસ્થાઓ શરીરની છે. આત્માની એ અવસ્થા છે નહિ. પુદ્‌ગલની છે, એ આત્માની નથી. આહાહા..! પરમાણુના અસ્તિત્વમાં એની દશા છે. આત્માના અસ્તિત્વમાં એ દશા નથી. પાણીનો લોટો હોય લોટો, એ લોટાનો આકાર અને અંદર પાણીનો આકાર બે ભિન્ન-ભિન્ન છે. પાણીના આકારરૂપે પાણી એના આકારમાં રહ્યું છે, પણ એ તો પોતાના આકારમાં છે. એ એના (લોટાના) આકારમાં નથી. એ લોટાનો આકાર એમાં પાણીનો આકાર નથી, એમ આ લોટો શરીરના આકારે લોટો છે. એના આકારમાં ચૈતન્યનો આકાર ભિન્ન છે. આ આકારમાં આત્મા છે એમ નથી. આહાહા..! આત્માના પ્રદેશ આમ એવા દેહસ્થાન, આંખ-કાન, અને એ આકાર દેહના છે, એ આત્માના નથી.

'**આ શરીરની અવસ્થાઓ સાથે આત્માને એકરૂપ નહિ માનવો...**' આહાહા..! '**અર્થાત્ તે અવસ્થાઓને આત્માનું સ્વરૂપ નહિ માનવું. તેને શરીરથી ભિન્ન, રૂપાદિરહિત...**' એટલે એના ગુણો. આ શરીર ગોરું, સુવાળું, આકૃતિ આ બધી. દરેક અવયવની આકૃતિ સુંદર ને એ તો બધી જડની પર્યાય છે. આહાહા..! '**અને કેવલ જ્ઞાનસ્વરૂપ જ સમજવો...**' જોયું! ભગવાન આત્માને એકલો જાણક સ્વભાવ, પર્યાયમાં એમ સમજવું કે આ તો જ્ઞાયક જાણકસ્વભાવ છે. ધ્રુવમાં ધ્રુવ અને ધ્રુવના ગુણ માટે આ સમજવાનું નથી. તેથી ચિત્તમાં કીધું ને? એની પર્યાયમાં. આ આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. એમ જાણવું. આહાહા..!

શરીરની અવસ્થા થવામાં હોંશુ જેને છે હોંશ-હોંશ. આહાહા..! ભગવાનની ભક્તિ વખતે ભાષા જોરથી નીકળે અને તાળીયું પડે આમ. એ બધી અવસ્થાઓ સ્વતંત્ર છે. એમાં આત્મા નથી. આહાહા..! ભોગીભાઈ ભક્તિ કરતા કોઈવાર જોયું છે? ભોગીભાઈ. ભુલી ગયા હોય. ધૂન ચડે. એ તો બધી અવસ્થાઓ શરીરની છે. એમાં આત્મા ક્યાં આવ્યો અને આત્માએ ક્યાં કર્યું હતું કાંઈ?

'**કેવલ જ્ઞાનસ્વરૂપ જ સમજવો અને તે સ્વરૂપે જ તેનું...**' તે સ્વરૂપ એટલે જ્ઞાનસ્વરૂપ '**તેનું નિરંતર ચિત્તમાં ધ્યાન કરવું.**' આહાહા..! જ્ઞાનની પર્યાયમાં તેને ધ્યેય બનાવવો. ધ્યાનની પર્યાયમાં, જ્ઞાનની પર્યાયમાં એને વિષય બનાવવો એનું નામ ધ્યાન અને એનું નામ ધ્યાતાએ ધ્યાન જીવનું કર્યું પોતે. આહાહા..! ૭૦ થઈ.

यश्चैवं विद्यमात्मानमेकाग्रमनसा भावयेत्तस्यैव मुक्तिर्नान्यस्येत्याह–

मुक्तिरेकान्तिकी तस्य चित्ते यस्याचला धृतिः।
तस्य नैकान्तिकी मुक्तिर्यस्य नास्त्यचला धृतिः॥७१॥
જો નિશ્ચળ ધૃતિ ચિત્તમાં, મુક્તિ નિયમથી હોય;
ચિત્તે નહિ નિશ્ચળ ધૃતિ, મુક્તિ નિયમથી નોય. ૭૧.

टीका :– एकान्तिकी अवश्यम्भाविनी तस्यान्तरात्मनो मुक्तिः। यस्य चित्ते अविचला धृतिः आत्मस्वरूपधारणं स्वरूपविषया प्रसत्तिर्वा। यस्य तु चित्ते नास्त्यचला ऋतिस्तस्य नैकान्तिकी मुक्तिः॥७१॥

---

જે એવા પ્રકારના આત્માની એકાગ્ર મનથી ભાવના કરે તેને જ મુક્તિ હોય છે, બીજા કોઈને નહિ – તે કહે છે :–

શ્લોક – ૭૧

અન્વયાર્થ :– (यस्य) જેના (चित्ते) ચિત્તમાં (अचला) આત્મસ્વરૂપની નિશ્ચલ (धृतिः) ધારણા છે (तस्य) તેની (एकान्तिकी मुक्तिः) એકાન્તે એટલે નિયમથી મુક્તિ થાય છે. (यस्य) જેને (अचला धृतिः न अस्ति्) આત્મસ્વરૂપમાં નિશ્ચલ ધારણા નથી (तस्य) તેની (एकान्तिकी मुक्तिः न) અવશ્યપણે મુક્તિ થતી નથી.

ટીકા :– એકાન્તિક એટલે અવશ્ય થવાવાળી મુક્તિ તે અન્તરાત્માને થાય છે કે જેના ચિત્તમાં અવિચલ (નિશ્ચલ) ધૃતિ અર્થાત્ આત્મસ્વરૂપની ધારણા હોય કે સ્વરૂપમાં પ્રસત્તિ (લીનતા) હોય; પરંતુ જેના ચિત્તમાં અચલ ધૃતિ (ધારણા) હોતી નથી, તેને અવશ્યંભાવી મુક્તિ થતી નથી.

ભાવાર્થ :– જેનો ઉપયોગ બીજે નહિ ભમતાં આત્મસ્વરૂપમાં જ સ્થિર થાય છે, તેની નિયમથી મુક્તિ થાય છે, પરંતુ જેનો ઉપયોગ એકથી બીજે ભમે છે અને આત્મસ્વરૂપમાં સ્થિર થતો નથી, તેની કદી મુક્તિ થતી નથી.

જ્યાં મોહભાવ સહિત ઉપયોગ પર પદાર્થોમાં અટકે છે ત્યાં સવિકલ્પ દશા વર્તે છે. આ સવિકલ્પ દશામાં ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી. નિર્વિકલ્પ દશામાં જ ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થઈ શકે છે. જેનો ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે તેને જ મુક્તિ થાય છે, બીજા કોઈને નહિ. ૭૧.

# શ્લોક-૭૧ ઉપર પ્રવચન

૭૧. '**જે એવા પ્રકારના આત્માની એકાગ્ર મનથી ભાવના કરે...**' એ આત્મા વસ્તુ તરીકે ચેતન, ગુણ તરીકે ચૈતન્ય, પર્યાય તરીકે એની પર્યાય વ્યતિરેક ભિન્ન-ભિન્ન, એવું જે જ્ઞાન કરીને એમાં આત્માની એકાગ્ર ભાવના કરે. મનથી એટલે ભાવ અંદરથી. '**તેને જ મુક્તિ હોય છે,...**' કેમકે રાગથી મુક્ત છે. રાગના અસ્તિત્વથી પણ એનું અસ્તિત્વ ભિન્ન છે. અબદ્ધસ્પૃષ્ટ કીધો ને? અબદ્ધસ્પૃષ્ટ કહો કે મુક્તસ્વરૂપ કહો. આહાહા..! આમ બદ્ધસ્પૃષ્ટ નથી એમ કહ્યું, આમ કહો તો મુક્ત વસ્તુ છેને ચૈતન્યસ્વરૂપ. વસ્તુ બંધાણી નથી. પર્યાયે અવસ્થામાં બંધ અને મોક્ષ છે. એ બંધ-મોક્ષ સ્વરૂપમાં નથી. આહા..! લ્યો ભાષા એમ લીધી પરમાત્મપ્રકાશમાં. 'જીવો ન કરે બંધન, જીવો ન કરે મોક્ષ' જીવ બંધ અને મોક્ષને ન કરે. ઓહોહો..!

ત્રિકાળ ચૈતન્યમૂર્તિ ભગવાન એ બંધ-મોક્ષ પર્યાયને શી રીતે કરે? આહાહા..! પરમાણુ જેમ બીજા પરમાણુના ચિકાશ-લુખ્ખાશની યોગ્યતાથી વ્યવહારથી બંધાયેલો-છૂટો એમ કહેવાય. એમ વ્યવહારનયથી એમ જણાય. રાગનો સંબંધ હતો એ રાગનો અભાવ થયો એ વ્યવહારનયનું કથન છે. પુદ્‌ગલનો સંબંધ હતો અને છૂટ્યો એ વ્યવહારનયનું જ્ઞાન. અને નિશ્ચયનું, પોતે જ પોતાથી શુભરાગથી બંધાણો (હતો) તે છૂટ્યો એ પોતાનો નિશ્ચયસ્વભાવ. એના પુદ્‌ગલનું નિમિત્ત અને અભાવ એનો સંબંધ એમાં નિશ્ચયનયમાં ન આવે. ૪૭ નય છે ને. વ્યવહારનય ને. વ્યવહારનય, નિશ્ચયનય છે તો એક જ સમયે બેય. આહાહા..! પરની અપેક્ષાથી જે જાણવું કે આ બંધ હતો અને બંધનો અભાવ એ વ્યવહારનય છે. અને પોતે જ પોતાથી રાગમાં અટકેલો (હતો) બંધમાં અને પોતે જ રાગથી છૂટીને મુક્ત થયો એમાં પરની કોઈ અપેક્ષા આવી નહિ. એ નિશ્ચય થયો. આહાહા..! એવા શાસ્ત્રના કથનો આગળ-પાછળના મેળવે નહિ અને એકાંત માને. એ આમ કહ્યું છે.

પંચાસ્તિકાયમાં નથી પહેલું આવતું? ભાઈ! વ્યવહારનયથી એમ કે આ બંધ-મોક્ષ પરથી જુદો છે. વ્યવહારથી એવું આવે છેને વ્યવહારનય? શું કીધું પહેલી? પંચાસ્તિકાયની નહિ? ૧૭૨ ગાથા. છે? ૧૭૨ નહિ? '**અનાદિકાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે ભિન્ન સાધ્યસાધનને અવલંબીને...**' છે ને? **સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે.** એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સ્વનો આશ્રય લઈને જે નિર્મળદશા છે એને અહીં નિશ્ચય કીધું. એની સાથે જરી રાગભાગ બાકી છે અને એ પર્યાય પોતે જ વ્યવહાર છે. ત્રિકાળી નિશ્ચય છે એની અપેક્ષાએ મોક્ષનો માર્ગ પોતે જ વ્યવહાર છે. ભેદરૂપ પર્યાય છે ને? આહાહા..!

અહીં કહે છે કે '**એવા પ્રકારના આત્માની એકાગ્ર મનથી...**' ભાષા એમ છે ને? મનસા. મન નામ જ્ઞાનની પર્યાય. '**ભાવના કરે તેને જ મુક્તિ હોય છે, બીજા કોઈને નહિ – તે કહે છે :–**'

**मुक्तिरेकान्तिकी तस्य चित्ते यस्याचला धृतिः।**
**तस्य नैकान्तिकी मुक्तिर्यस्य नास्त्यचला धृतिः।।७१।।**
**જો નિશ્ચળ ધૃતિ ચિત્તમાં, મુક્તિ નિયમથી હોય;**
**ચિત્તે નહિ નિશ્ચળ ધૃતિ, મુક્તિ નિયમથી નોય. ૭૧.**

અસ્તિ-નાસ્તિથી વાત કરે છે. આહાહા..!

'**ટીકા :- એકાન્તિક એટલે અવશ્ય થવાવાળી મુક્તિ તે અન્તરાત્માને થાય છે...**' એકાન્તિક એટલે જરૂર થવાવાળી મુક્તિ, એમ. '**તે અન્તરાત્માને થાય છે કે જેના ચિત્તમાં અવિચલ (નિશ્ચલ) ધૃતિ અર્થાત્ આત્મસ્વરૂપની ધારણા હોય...**' જેની પર્યાય જ્ઞાનમાં લીન છે તેની મુક્તિ થાય છે. '**જેના ચિત્તમાં અવિચલ (નિશ્ચલ) ધૃતિ અર્થાત્ આત્મસ્વરૂપની ધારણા હોય...**' ધારણા એટલે? જેના જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનસ્વભાવનું એકાગ્ર(પણું) છે.

'**કે સ્વરૂપમાં પ્રસક્તિ (લીનતા) હોય;...**' જેને આનંદસ્વરૂપ ભગવાન. જ્ઞાનસ્વરૂપ જેનું ત્રિકાળ, એમાં જેની લીનતા છે. શુભ વ્યવહાર મોક્ષમાર્ગ છે એ મોક્ષમાર્ગ ન કહ્યો અહીં. વસ્તુ જે છે ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ એમાં જેની લીનતા છે, એની મુક્તિ છે. જેનું ચિત્ત ભક્તિ ને વ્રત ને નિયમમાં ડામાડોળ થાય છે એની મુક્તિ નથી એમ કહે છે. સમજાણું? જેની જ્ઞાનપર્યાય ત્રિકાળમાં લીન છે, મુક્તસ્વરૂપમાં જેની પર્યાય લીન છે એની મુક્તિ થાય છે. આહાહા..! રાગ એ તો બંધસ્વભાવ છે. એ તો આવી ગયું. બંધનું લક્ષણ છે. રાગ એ તો બંધનું લક્ષણ છે અને ભગવાન આત્માનું ચેતના-લક્ષણ છે.

જેની જ્ઞાનની પર્યાય ત્રિકાળમાં લીન છે, મુક્તસ્વરૂપમાં જેની પર્યાય લીન છે એની મુક્તિ થાય છે. રાગ એ તો બંધસ્વભાવ છે. એ તો આવી ગયું ને? બંધનું લક્ષણ છે. રાગ એ તો બંધનું લક્ષણ છે. ભગવાન આત્માનું ચેતના લક્ષણ છે. બંધના લક્ષણમાં એકાગ્ર થાય અને મુક્તિ થાય, વ્યવહાર (કથન) છે એ તો. એવું સ્વરૂપ નથી. આહાહા..! એ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય પ્રભુ કેવળજ્ઞાન વિગ્રહ— એકલું જ્ઞાન જ જેનું સ્વરૂપ. રાગાદિ જાત નહિ જેને. અરે.. જેમાં અલ્પજ્ઞતા નથી. કેવળજ્ઞાન સ્વરૂપ કહ્યું ને એમાંથી? કેવળજ્ઞાનની પર્યાય એમ નહિ. કેવળ જ્ઞાન. એકલું જ્ઞાનસ્વરૂપ. એમાં જેની લીનતા છે એની મુક્તિ છે. આહાહા..!

ત્યારે એમ કહે કે પણ અત્યારે મુક્તિ તો નથી. અરે સાંભળને ભાઈ! જ્યાં દૃષ્ટિએ નિત્યસ્વરૂપને સ્વીકારી એટલી તો મુક્તિ તો પર્યાયને થઈ ગઈ. મુક્તસ્વરૂપ છે, અબંધસ્વરૂપ છે, મુક્તસ્વરૂપ વસ્તુ છે, એનો જેને પર્યાયમાં સ્વીકાર થયો એ તો મુક્તસ્વરૂપ છે એમ સ્વીકાર થયો. અને એવો સ્વીકાર થતાં પર્યાયમાં પણ મિથ્યાત્વ અને અનંતાનુબંધી તો છૂટી ગયા છે. અને સમ્યગ્દર્શનની સ્થિરતાનો અંશ પ્રગટ્યો એ તો મુક્તસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં તો ભાઈ બહુ જેને આત્માની દરકાર હોય એની વાત છે અહીં તો. બહારમાં ધમાધમ કરે, આ બધા મકાનો બનાવે, અમે આમ કર્યું, અમે હાજર ત્યાં ઊભા રહીને આ કર્યું, એનાથી અમને લાભ થશે ધર્મનો.

.. ગયા હતા.. .... મંદિર બનાવવું હોય ને .. બનાવતા હતા. સાધુ બધું કરાવતા હતા. આહાહા..! કેટલો બગાડ થઈ ગયો છે જૈનધર્મમાં. સાધુની ખબર ન મળે કે સાધુપણું કોને કહેવું? આત્મા આનંદમૂર્તિ પ્રભુ એમાં લીનતા થવી, દર્શન-જ્ઞાન-ચારિત્ર એનું નામ સાધુ. પંચ મહાવ્રત એ પણ સાધુપણું નથી. આહાહા..! સમજાણ પડી?

**'એકાન્તિક એટલે અવશ્ય થવાવાળી મુક્તિ તે અન્તરાત્મા...'** જે વસ્તુ છે એમાં જેની લીનતા એ અન્તરાત્મા. આહાહા..! સમજાણું કાંઈ? **'જેના ચિત્તમાં અવિચલ (નિશ્ચલ) ધૃતિ અર્થાત્ આત્મસ્વરૂપની...'** પર્યાયમાં અનુભવની લીનતા છે કે **'જે સ્વરૂપમાં પ્રસક્તિ (લીનતા) હોય; પરંતુ જેના ચિત્તમાં અચલ ધૃતિ (ધારણા) હોતી નથી,...'** આહાહા..! જ્યાં ચિત્ત ..વિકલ્પમાં ફર્યા કરે છે આમ. આ કરું.. આ કરું.. આ કરું... એની મુક્તિ નથી. સમજાણું કાંઈ? મંદિર બનાવું, પુસ્તક બનાવું અને .. શાસ્ત્ર બનાવું, ગ્રંથ બનાવું—એવી ચીજની વૃત્તિ જેની બહાર ફરે છે એને ધર્મ નથી એટલે મુક્તિ નથી એને. આહા..!

**'જેના ચિત્તમાં અચલ ધૃતિ (ધારણા) હોતી નથી,...'** એટલે અખંડ આનંદસ્વરૂપમાં જેની દર્શન-જ્ઞાન-ચારિત્રથી લીનતા નથી **'તેની અવશ્યભાવી મુક્તિ થતી નથી.'** તે જરૂર મુક્ત થતો નથી. આહાહા..! સમજાણું? સમયસારમાં તો કહ્યું ને. છઠ્ઠે ગુણસ્થાને પણ વિકલ્પ મહાવ્રતનો છે એ સંસાર છે. આહાહા..! હવે એને મોક્ષનો માર્ગ માનવો.

મુમુક્ષુ :- વ્યવહાર છે ને.

ઉત્તર :- વ્યવહાર એટલે છે નહિ એને કહ્યું-જાણ્યું છે. આહાહા..! જગપંથ કીધું છે ત્યાં, લ્યો. શુભભાવ. આહાહા..! ભૂમિકાને યોગ્ય મહાવ્રતના પરિણામ એ તો સંસાર છે. એ સંસાર તરફ ઝુક્યો. મોક્ષ તરફથી ખસી ગયો છે. આહાહા..! જેની દૃષ્ટિમાં, જ્ઞાનમાં પૂર્ણ સ્વરૂપ તરવરે છે, જેને સ્વરૂપનો અનુભવ છે. એની સ્થિરતા પણ સ્વરૂપમાં લીનતા તેટલી છે. પણ એ જે પ્રમત્તદશામાં આવ્યો છે એથી એને પંચ મહાવ્રતના વિકલ્પો, પરનો વિનય કરવો એ જીવને એવો ભાવ આવે છે. એ જગપંથ તરફ ઝુકાયેલો છે. આહાહા..! શું શૈલી! એ સંસાર તરફ ઝુકાયેલો ભાવ છે.

પંચ મહાવ્રતના .. સમિતિ, ગુપ્તિ, વ્યવહાર એનો ભાવ વિકલ્પ એ સંસારપંથ છે. આહાહા..! એટલે સંસાર તરફ ઝુકાયેલો છે. અને જેને ..માં રસ પડે છે કે પુણ્યમાં રસ પડે છે એ તો શુદ્ધ તરફથી ખસી ગયો છે. એ રસ પડે છે એમાં પુણ્ય કરવાનો ભાવ થાય છે. એ તો શુદ્ધસ્વભાવથી ખસી ગયો છે. એને મુક્તિ નથી. એને સંસાર મળશે. પછી સ્વર્ગ મળે કે રાજા કે શેઠાઈ મળે. એ બધો સંસાર છે. આહાહા..! એટલે દુઃખરૂપ દશામાં જાશે. આહાહા..!

મુમુક્ષુ :- એકલું દુઃખરૂપ..

ઉત્તર :- બીજું શું હતું ત્યાં? એય.. ગીરધરભાઈ!

મુમુક્ષુ :- .. તોપણ દુઃખરૂપ?

ઉત્તર :- એની અનુકૂળતાની વાત ક્યાં છે? એથી શું? શેઠ એટલે શું? કોનો? રાગનો પરનો કે

સ્વનો? મુક્તિ તો મુક્ત જેને નિશ્ચય સ્વસ્વભાવમાં એ મુક્તિ છે મુક્તમાં. આ બધા વ્યવહાર મિથ્યા બધા .. નીચે પડ્યા છે. શેઠિયા નથી, બધા વેઠિયા છે. આવી વાત છે. વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૧૫, બુધવાર તા. ૦૯ -૦૭-૧૯૭૫**
**શ્લોક - ૭૧, ૭૨**
**પ્રવચન - ૮૪**

૭૧ ગાથા.

મુમુક્ષુ :- ભાવાર્થ.

ઉત્તર :- ભાવાર્થ બાકી છે? ઠીક.

**'ભાવાર્થ :- જેનો ઉપયોગ બીજે નહિ ભમતાં આત્મસ્વરૂપમાં જ સ્થિર થાય છે,...'** એવી વસ્તુ આત્મા જે છે એ શુદ્ધ પૂર્ણ આનંદઘન એનો પ્રથમ દૃષ્ટિ થઈને અનુભવ થવો એ માર્ગની શરૂઆત છે. આ બધી તકરાર. નથી આવ્યો. ઓલો આવ્યો હતો એક આવે છે ને. સાધુ હતો નહિ? જવાહરની સાથે સાધુ હતો. મૂકી દીધું હતું પછી આવ્યો હતો. બેઠા હતા કલાક. કાંઈ ઠેકાણા નહિ. બોટાદમાં આવ્યા હતા. અહીંયાં ઘણીવાર આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ઠેકાણા વિનાના માણસ. ચેલા બનાવી દ્યો મને. નથી? એક આવે છે રખડાઉ. સ્થાનકવાસી સાધુ હતો જવાહરલાલજીનો. બોલકો. ભાષણ આપે બધે. સ્થાનકવાસીમાં આપે, દેરાવાસીમાં આપે, વૈષ્ણવમાં આપે. માસિક કાઢ્યું છે એક. સર્વામ્બર... સર્વામ્બર.. દિગંબર અને શ્વેતાંબર એમ નહિ સર્વામ્બર. કાંઈ ઠેકાણા નહિ. એમ કે આ બધા ભવિષ્યમાં મરીને ત્યાં જાય છે એનું અહીં નક્કી કરવાનું છે અહીં કાંઈ? એ કરો. એમ કહે છે. કાંઈક ભવિષ્યમાં શું થાશે કોને ખબર? આહાહા..! એમ કે એ પહેલું અહીં કાઢો એવું હોય તો. માર્ગ અહીં છે. કે ભવિષ્યમાં એને આપણે આ ફલાણું અહીં દ્યો. એને શોધવાનું. પણ શોધવાનું નક્કી જ છે.

જેની દૃષ્ટિ સ્વભાવની થઈ એને કાંઈ રાગ બાકી હોય એ સ્વર્ગમાં જાય વ્યવહારે. અને જેની દૃષ્ટિના ઠેકાણા નથી એ મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડે અને જાય. જાશે ત્યાં.. એમ નક્કી કરે બહારથી તો જાય અને નહિતર નથી એમ છે? આહા..! વાત એ ભવિષ્યમાં થાવું હોય એ થાશે. અત્યારનું

આપણે કરી લ્યો સરખું. બસ. આહાહા..! ભવિષ્યમાં શું થાશે? આત્મા અનાદિ અનંત છે. એની દૃષ્ટિ કે અનુભવ કર્યો, એનો આશ્રય કર્યો તો ભવિષ્યમાં પણ તેમાં રહેશે. થોડો કાળ રાગાદિ હશે ત્યાં સુધી ભવ કરશે. પણ એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે. અને જેના ઠેકાણા નથી શ્રદ્ધાના. બધા ધર્મ સરખા. બસ. બધા ધર્મ સમભાવે જુઓ.

મુમુક્ષુની કાંઈ તકરાર.. ફરે છે ને બહુ ફરે છે. કાંઈક થઈ છે ગુનામાં તકરાર. ગુનાના ખંડવાની વાત કરે છે પછી સાચી હોય કે નહિ. એમ કે આ તમારા બધા મુમુક્ષુઓ બીજાને ખોટા ઠરાવીને પાછા તકરાર કરે છે, મારે છે. એવું છે. આવ્યા નથી. કહેતા હતા ભાઈ ત્રણથી ચાર વ્યાખ્યાન છે.

મુમુક્ષુ :- મેં પૂછયું હતું.

ઉત્તર :- પૂછયું હતું ને. પણ એને બોલવાનું ખરું ને. અહીં બોલવાનું ખરું કીધું અહીં વાંચવાનું નહિ. અહીં કોઈનું વાંચવાનું નહિ. ખાવાનું, ખાવાનું? બહુ પૈસા ખર્ચીને ખાય છે. છે. નથી તમે ઓળખતા નથી. આપણે આવ્યો હતો પહેલાં. બહુ બોલકો છે. ભાષણ બહુ આપે સ્થાનકવાસીમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તરઃ- આવ્યો હતો નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા એ. એ આજે પણ અહીં. આજે પણ કહે કલ્યાણ આપો. આશીર્વાદ આપો કહે. શું આશીર્વાદ આપું? કહ્યું. ...

અહીં તો કહે છે 'જેનો ઉપયોગ બીજે નહિ ભમતાં આત્મસ્વરૂપમાં જ સ્થિર થાય છે,...' જેની દૃષ્ટિ, અંતર્મુખ જેની દૃષ્ટિ થઈ છે એટલે કે જેની વર્તમાન પર્યાય જે છે એ તો આખા અસંખ્ય પ્રદેશે છે ને? એ અસંખ્ય પ્રદેશે પર્યાય જે છે એનું લક્ષ બહાર ઉપર છે. એને એક સમયની પર્યાય કે એવું અહીં કામ નથી અત્યારે. એ પર્યાય જે સામાન્ય ઉપર નથી અને વિશેષ જે પર્યાય બહાર ઉપર જાય છે એ વિશેષ પર્યાયને... એક સમયની કે એવું કાંઈ નહિ. જે પર્યાય છે તેને અંતર્મુખ દ્રવ્ય જ્યાં ધ્રુવ છે, અબદ્ધસ્પૃષ્ટ કહો, ધ્રુવ કહો, ત્યાં આગળ એની દૃષ્ટિ મૂકવી કે જેથી એને આત્મા શું છે એની પ્રાપ્તિ પર્યાયમાં થાય. આવી વાત છે, ભાઈ! આહાહા..! એ સિવાય બધી જેટલી ક્રિયાઓ અને એમાંથી ધર્મ માનવોને બધા ધર્મ સરખા એ બધો મિથ્યાત્વભાવ છે.

અહીં કહે છે, જેને એ આત્મામાં દૃષ્ટિ થઈ છે એણે ઉપયોગ બીજે નહિ ભમતા આત્મસ્વરૂપમાં સ્થિર કરવો એને. આહાહા..! તેને નિયમથી મુક્તિ થાય છે. કેમકે એ મુક્તસ્વરૂપ પૂર્ણ શુદ્ધ અબદ્ધસ્પૃષ્ટ એની દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો અને એણે એમાં સ્થિરતા કરી એને નિશ્ચયથી પરમાનંદરૂપી, પરમ આનંદનો લાભ એવો મોક્ષ એને થાય છે. આવું છે. મોક્ષ નથી કહ્યું ત્યાં? નિયમસારમાં કહ્યું છે ને?

મુમુક્ષુ :- આત્મલાભ

ઉત્તર :- પરમ આનંદનો આત્મલાભ એ મોક્ષ. એમ કહ્યું છે.

મૂળ તો પરમ આનંદસ્વરૂપ જે આત્માનું એવું જે અંતર દૃષ્ટિમાં, વેદનમાં આવ્યું, એથી એને સ્થિરતા થતાં-થતાં એ પરમાનંદ જે સ્વભાવમાં પૂર્ણ છે એ પર્યાયમાં પ્રાપ્ત થાય, એનું નામ મુક્તિ. આહાહા..! એને નિશ્ચયથી મુક્તિ થાય. જેણે આત્માને દૃષ્ટિમાં લીધો, પર્યાયબુદ્ધિ છોડી દીધી. અંશ ઉપર જે દૃષ્ટિ હતી અને અંશની દૃષ્ટિ લાંબી જતી તો રાગમાં અને પરમાં જતી. એવું જેને આત્મસ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય ધ્રુવ, જે વાસ્તવિક જેને આત્મા કહીએ નિશ્ચય, એની દૃષ્ટિ થતાં એને આત્મા કેવો છે એ પ્રાપ્ત પર્યાયમાં થયો. પછી તેણે સ્વરૂપમાં સ્થિરતા કરવી, બસ એ એનું કર્તવ્ય છે. પછી પણ વ્રત પાળવા ને એ વિકલ્પ આવે એ જુદી વસ્તુ છે. પણ અંદર વસ્તુમાં સ્થિરતા કરવી એ શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણ આનંદનું ધામ શુદ્ધ પૂર્ણસ્વરૂપ એવી જે દૃષ્ટિ થઈ છે એમાં આ વસ્તુ એમ પ્રાપ્ત થઈ, પણ હવે એમાં સ્થિરતા કરતા પૂર્ણ આનંદની પ્રાપ્તિ થાય એવો મોક્ષ થાય, એને નિશ્ચયથી મોક્ષ થાય. આહાહા..!

'**પરંતુ જેનો ઉપયોગ એકથી બીજે ભમે છે...**' શુભભાવમાં કે અશુભભાવમાં રમે બહારમાં '**અને આત્મસ્વરૂપમાં સ્થિર થતો નથી, તેની કદી મુક્તિ થતી નથી.**' ભવિષ્યમાં ક્યાં જશે? એ આ સ્થિતિ થશે. જેને ભવિષ્યમાં આત્માના સ્વરૂપમાં જેણે દૃષ્ટિ કરીને રમણતા કરી છે એને ભવિષ્યમાં મુક્તિ પૂર્ણ આનંદની પ્રાપ્તિ થશે જ. એ બધું સમજવા જેવું હતું. એમ કાંઈ નક્કી થાય એવું કાઢો કે ભવિષ્યમાં ક્યાં ગયો એનું નક્કી થાય. એટલે કે એનું સમજો બધું. આહાહા..! શું થાય? જગતના પ્રાણીમાં...

આ વસ્તુ અને તે પરમસત્ય વસ્તુ તે આ. આ રીતે જ અહીં છે. દિગંબર ધર્મમાં જ આ વસ્તુ છે. બીજે ક્યાંય આ છે જ નહિ. માટે દિગંબર ધર્મ એ પક્ષ છે અને દિગંબર ધર્મ માન્યો માટે દિગંબર મુનિઓ નગ્ન એને માનવાનો એ તો ધર્મ, એવું નથી. દિગંબર મુનિ હોવા જોઈએ ને? આહાહા..!

મુમુક્ષુ :- મુનિની જે વ્યાખ્યા છે એ પ્રમાણે.

ઉત્તર :- એ હોવું જોઈએ.

એ ચર્ચા ચાલી હતી. કે આ બધા દિગંબર મુનિઓ કહે છે કે અમને માનતા નથી. અમે દિગંબર છીએ. એ કહે કે અમે દિગંબર ધર્મને માનીએ છીએ. કાંઈ ઠેકાણા વિનાના. ત્યારે એમ કહે લંગોટી તમે પહેરો તો તમને માનશે એ. એમ બોલે.

મુમુક્ષુ :- પંચાતમાં પડવાનું શું કામ?..

ઉત્તર :- શું કામ બાપા! આ અવસર ક્યારે આવે ભાઈ! તારું કરવામાંથી નવરો થા ત્યારે પરની પંચાત માંડને? આહાહા..! અરેરે..! આત્મા ભવિષ્યમાં ક્યાં જશે? અને ચોર્યાસીના અવતારમાં ક્યાં રખડશે? આહાહા..! દીર્ઘદૃષ્ટિ નથી. દીર્ઘકાળનું રહેનારું તત્ત્વ એને દીર્ઘદૃષ્ટિથી અંતર જોતા એને અંતરમાં સ્થિર થતાં એની મુક્તિ થયા વિના રહે નહિ. અને જેને એવો દીર્ઘદૃષ્ટિસ્વરૂપ દૃષ્ટિમાં આવ્યો નથી, અને આવ્યો છતાં જેનો (ઉપયોગ) શુભાશુભ પરિણામમાં ભટક્યા કરે છે એની મુક્તિ નહિ થાય. કારણ કે દર્શન અને જ્ઞાનની સાથે ચારિત્રની પૂર્ણતા, સ્થિરતા જોઈએ ને? સ્થિરતા વિના મુક્તિ

ક્યાંથી થાય? સમજાણું કાંઈ?

**'આત્મસ્વરૂપમાં સ્થિર થતો નથી, તેની કદી મુક્તિ થતી નથી.'** આહાહા..! છઠ્ઠા ગુણસ્થાનમાં એક મહાવ્રતનો વિકલ્પ આવે એ પણ સંસાર, ત્યાં સુધી એની મુક્તિ નહિ. એ છોડીને સ્થિર થશે તેની મુક્તિ. આહાહા..! જન્મ-મરણના અનંત સંસારના અંત લાવવા અને અનંત-અનંત આનંદની પ્રાપ્તિ કરવી અલૌકિક વાત છે. એ કાંઈ સામાન્ય વાત નથી. આહાહા..!

**'જ્યાં મોહભાવ સહિત ઉપયોગ પર પદાર્થોમાં અટકે છે ત્યાં સવિકલ્પ દશા વર્તે છે.'** ત્યાં તો રાગવાળી દશા વર્તે છે. **'આ સવિકલ્પ દશામાં ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી. નિર્વિકલ્પ દશામાં જ ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થઈ શકે છે.'** જેને શુભાશુભ વિકલ્પ રહિત સ્થિર થાય છે અંદર. આહાહા..! કેટલું એને કરવાનું છે. ક્યાં સુધી કરવાનું છે? કે અનુભવ થયો છતાં સ્થિરતા એને પૂરી કરવાની છે. સ્થિરતા કર્યા વિના એની મુક્તિ થાય નહિ.

**'જેનો ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે તેને જ મુક્તિ થાય છે, બીજા કોઈને નહિ.'** આહાહા..!

---

चित्तेऽचलाधृतिं च लोकसंसर्गे परित्यज्यात्मस्वरूपस्य संवेदनानुभवे सति स्यान्नान्यथेति दर्शयन्नाह–

जनेभ्यो वाक् ततः स्पन्दो मनसश्चित्तविभ्रमाः।
भवन्ति तस्मात्संसर्गं जनैर्योगी ततस्त्यजेत्।।७२।।
**જનસંગે વચસંગ ને તેથી મનનો સ્પંદ,**
**તેથી મન બહુવિધ ભમે, યોગી તજો જનસંગ. ૭૨.**

**टीका :–** जनेभ्यो वाक् वचनप्रवृत्तिर्भवति। प्रवृत्तेः स्पन्दो मनसः व्यग्रता मानसे भवति। तस्याऽऽत्मनः स्पन्दाच्चित्तविभ्रमाः नानाविकल्पप्रवृत्तयो भवन्ति। यत एवं, तत्तस्मात् योगी त्यजेत्। कं? संसर्गं सम्बन्धम्। कैः सह? जनैः।।७२।।

---

**ચિત્તમાં અચલ ધૃતિ, લોકના સંસર્ગનો પરિત્યાગ કરીને આત્મસ્વરૂપના સંવેદનનો અનુભવ થતાં થાય છે. બીજી રીતે નહિ. તે દર્શાવી કહે છે કે :–**

શ્લોક – ૭૨

**અન્વયાર્થ :– (जनेभ्यः) લોકોના સંસર્ગથી (वाक्) વચનની પ્રવૃત્તિ થાય છે; (ततः) તેનાથી એટલે વચનપ્રવૃત્તિથી (मनसः स्पन्दः) મનની વ્યગ્રતા થાય છે – ચિત્ત ચલાયમાન થાય છે, (तस्मात्) તેનાથી એટલે ચિત્તની ચંચલતાથી (चित्त–विभ्रमाः भवन्ति) ચિત્તમાં**

**વિવિધ પ્રકારના વિકલ્પો ઊઠવા લાગે છે અર્થાત્ મન વિક્ષિપ્ત થઈ જાય છે; (ततः) તેથી (योगी) યોગીએ-યોગમાં સંલગ્ન થવાવાળા અન્તરાત્માએ – (जनैः संसर्गं त्यजेत्) લૌકિક જનોના સંસર્ગનો ત્યાગ કરવો.**

**ટીકા :- લોકો સાથે બોલવાથી વચનની પ્રવૃત્તિ થાય છે, પ્રવૃત્તિથી મનનું સ્પંદન-મનમાં વ્યગ્રતા-થાય છે, તે આત્માના (ભાવમનના) સ્પંદનથી ચિત્તવિભ્રમો અર્થાત્ વિવિધ પ્રકારના વિકલ્પોની પ્રવૃત્તિ થાય છે; તેટલા માટે યોગીએ તજવો. શું (તજવો)? સંસર્ગ-સંબંધ કોની સાથેનો? લોકો સાથેનો.**

**ભાવાર્થ :- લૌકિક જનો સાથે વાર્તાલાપ કરવાથી મન વ્યગ્ર બને છે, – ચિત્ત ચલાયમાન થાય છે અને વિવિધ પ્રકારના સંકલ્પ-વિકલ્પો ઊઠે છે. તેનાથી આત્મસ્વરૂપમાં સ્થિરતા રહેતી નથી. માટે આત્મસ્વરૂપના અભ્યાસીએ લૌકિક જનોના સંસર્ગથી દૂર રહેવું યોગ્ય છે.**

**વિશેષ**

**સાધકને જેમ જેમ ભેદ-વિજ્ઞાનનું બળ વધતું જાય છે તેમ તેમ તેને પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષાભાવ થાય છે અને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતાના પ્રમાણમાં તે આત્મસ્થિરતા પ્રાપ્ત કરે છે. સ્વરૂપ-સ્થિરતાના કાળે લૌકિક જનો સાથેનો સંસર્ગ સ્વયં છૂટી જાય છે. ૭૨.**

## શ્લોક-૭૨ ઉપર પ્રવચન

૭૨. '**ચિત્તમાં અચલ ધૃતિ,...**' જ્ઞાનમાં અચળ સ્થિર થવું, '**લોકના સંસર્ગનો પરિત્યાગ કરીને...**' કારણ કે લોકનો સંસર્ગ કરશે ત્યાં સુધી વાણીનો વિકલ્પ વાણી ઉઠશે અને મનમાં પરિસ્પંદ વિકલ્પ ઉઠશે. આહા..! '**આત્મસ્વરૂપના સંવેદનનો અનુભવ થતાં થાય છે.**' સંસર્ગનો પરિત્યાગ કરીને, અચળ સ્થિર થતી દૃષ્ટિ સ્વભાવમાં, ત્યારે સંવેદન થતાં એને આત્માનો અનુભવ થાય છે. '**બીજી રીતે નહિ. તે દર્શાવી કહે છે કે :-**'

**जनेभ्यो वाक् ततः स्पन्दो मनसश्चित्तविभ्रमाः।**
**भवन्ति तस्मात्संसर्गं जनैर्योगी ततस्त्यजेत्।।७२।।**

અહીં તો અંતરમાં સ્થિર થવાનો પ્રશ્ન છે ને. સમાધિ છે ને? દૃષ્ટિ સમ્યગ્દર્શનમાં સમાધિ આવી, પણ સ્વરૂપની સ્થિરતા વિના પૂર્ણ સમાધિ ન થાય અને પૂર્ણ સમાધિ શાંતિ વિના મુક્તિ ન થાય. આહાહા..! આમાં પરને કરી દઉં, પરનું આ કરું એ ક્યાં છે આમાં? એ પ્રશ્ન છે. આ મકાન કર્યા વિના થયું?

મુમુક્ષુ :- કોણે કર્યું?

ઉત્તર :- કર્યું. કરનારે કર્યું. કરનારે કર્યું કે લ્યો આ પથરો એની મેળાએ આમ જાય? આ મેં ઉપાડીને મૂક્યો તો મુકાણો. આહાહા..!

જેને એ નિશ્ચય કરવો નથી, ફક્ત લોકમાં માન મેળવવું બહારમાં. અરે..એમાં શું થયું? ભાઈ! એ માન નહિ મુકાય. સ્વર્ગથી જતાં કાંઈ ગરેણે મુકાશે? આહાહા..! ભગવાન આત્મા તદ્દન નિવૃત્ત સ્વરૂપ છે. પરિગ્રહ પાંચ નથી આવતા નિયસારમાં? પાંચમામાં આવે છે. નિવૃત્ત સ્વરૂપ છે. પરની અપેક્ષા પરિગ્રહની છે જ નહિ. પાંચમા મહાવ્રતની વ્યાખ્યામાં આવે છે. આહાહા..! જેને અંતરમાં ઠરવું છે જેને બહારના કોઈ સાધનની જરૂર હોતી નથી. એ માને ને આ વ્યવહાર સાધન છે. કહ્યું છે ખરું ને શાસ્ત્રમાં.

મુમુક્ષુ :- બહારમાં ખરું સાધન છે?

ઉત્તર :- આ વાંધા એ બધા ઊઠે છે ને. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. ભાઈ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સાધન-ફાધન છે જ નહિ. આહાહા..! સત્ય જેને જોતું હોય એની અહીં તો વાત છે ભાઈ. પોતાની માન્યતાને પુષ્ટિ કરવી હોય એ તો અનાદિથી કરી રહ્યો છે માનીને.

**જનસંગે વચસંગ ને તેથી મનનો સ્પંદ,**
**તેથી મન બહુવિધ ભમે, યોગી તજો જનસંગ. ૭૨.**

સ્પંદ એટલે કલ્પના.

'**ટીકા :- લોકો સાથે બોલવાથી વચનની પ્રવૃત્તિ થાય છે,...**' આહાહા..! દેખો! બીજાને ધર્મનો સંદેશ દેવો છે. એ આવ્યું છે મોટું ઓલા વીરનું. અહીં ગયા ને અહીં ગયા ને અહીં ગયા. મોટા ખ્રીસ્તીઓએ આદર આપ્યો છે ઓલા સુશીલને. '**લોકો સાથે બોલવાથી વચનની પ્રવૃત્તિ થાય છે,...**' આહાહા..! જેને પોતાનું કામ કરવું છે એને લોક સાથે સંસર્ગથી તો વિકલ્પ ઉઠશે કહે છે. આહાહા..! કહો, કાંતિભાઈ! આવો માર્ગ છે. અને એ પાછા માને, ન માને એની સાથે વળી, આમ હોય નહિ, બાપા! વ્યવહાર કહ્યો છે, આમ કહ્યું છે નિશ્ચય. આહાહા..! માથા ફૂટે.

'**લોકો સાથે બોલવાથી વચનની પ્રવૃત્તિ થાય છે, પ્રવૃત્તિથી મનનું સ્પંદન-મનમાં વ્યગ્રતા થાય છે,...**' મનમાં. આહાહા..! અરે.. આણે માન્યું, આણે ન માન્યું, આણે નિષેધ કર્યો, આણે મારી વાત તોડી નાખી. એવા વિકલ્પો ઉઠે અંદર. અથવા આણે માન્યું તો રાજી થાય. એ વિકલ્પ છે. આહાહા..! એકલો જ્ઞાનધામ સ્વરૂપ પ્રભુ, નિષ્ક્રિય વસ્તુ જ્યાં, જ્યાં પર્યાયની ક્રિયા પણ જ્યાં નથી. આહાહા..! એવા આત્મામાં સ્થિર થવું એ પણ એક પર્યાય ક્રિયા છે.

'**તે આત્માના (ભાવમનના) સ્પંદનથી ચિત્તવિભ્રમો અર્થાત્ વિવિધ પ્રકારના વિકલ્પોની પ્રવૃત્તિ થાય છે;...**' શાસ્ત્રની ચર્ચા, કથા-વાર્તાઓ, વિકલ્પો ઉઠે છે કહે છે. આહાહા..! એમ કહે. એક જીવ પણ ધર્મ પામે તો લાભ થાય ને. એમ કહે છે. કોને શું લાભ થાય? એ તો તને વિકલ્પ આવ્યો અને કહ્યું, વાણી નીકળી, એમાં લાભ એને કારણે એને થયો એમાંથી તને લાભ શું થયો?

અને લોકનો સંસર્ગ છોડી દઈ, વચનની પ્રવૃત્તિ છોડી દઈ અને એને લઈ મનની કલ્પના છે એને પણ છોડી દે એમ કહે છે. આહાહા..! આવો માર્ગ છે.

એને કેટલું... ભાઈ અમારું ગમે તે થાય, પણ લોકને એકવાર તારવા માટે અમારે ભલે ભવ કરવો પડે. એને ભવ જ કરવો છે. આહાહા..! જગતના હિતને માટે ભવ કરવો પડે તોપણ વાંધો નથી એમ કહે. આહાહા..!

મુમુક્ષુ :- પરનું હિત કોણ કરે?

ઉત્તર :- કોણ કરે? કોનું કરે? ભાઈ!

સંબંધ. '**અર્થાત્ વિવિધ પ્રકારના વિકલ્પોની પ્રવૃત્તિ થાય છે; તેટલા માટે (ધર્મીએ) યોગીએ...**' યોગીએ એટલે સ્વરૂપમાં જેને જોડાવું છે એને. યોગ એટલે સ્વરૂપમાં જેને જોડાવું છે, સ્વરૂપમાં જેને દૃષ્ટિ સહિત સ્થિરતા કરવી છે એને સંસર્ગ છોડવો. આહાહા..! સાધુ છે એ જુઓને પહેલા આચાર્ય ઉપાધ્યાય હોય, પણ છેલ્લે એ પદ પણ છોડી દેવું પડે. કોક પૂછવા આવે કે ભાઈ આનું થાય.. આનું થાય.. સાધુ થાય એટલે એ છૂટી જાય એ વાત. એ આચાર્ય ઉપાધ્યાયને હોય એ વાત. આહાહા..!

શ્વેતાંબરમાં એવું આવે છે કે આચાર્ય થાય એ અલ્પભવે મોક્ષ જાય. જુઓ! અહીં કહે છે કે આચાર્યપણું છોડીને સાધુ થાય ત્યારે મોક્ષ થાય. આચાર્યમાં તો હજી શિષ્યોને માટે.. આમ તેમ.. આહાહા..! એવી વિકલ્પની જાળમાં રોકાવું પડે ત્યાં સુધી સ્થિરતા ન થાય અને શ્રેણી મંડાય નહિ. શ્રેણી એટલે ધારાવાહી ધ્રુવમાં, ધ્રુવમાં ધારાવાહી પરિણતિ ન થાય. આહાહા..!

'**શું (તજવો)? સંસર્ગ–સંબંધ. કોની સાથેનો? લોકો સાથેનો.**' લોકોને ધર્મ પમાડવા, લોકોને આ કરવા ને આ કરવા. એ બધી વિકલ્પની દશા અને એમાં લાભ માને એ ભ્રમણા છે. આવી વાતું ભારે આકરી. પરોપકાર થાય પરોપકાર. ભગવાને પણ હિતોપદેશ નહિ? ભગવાન હિતોપદેશીક હતા કે નહિ? લ્યો. નાભિ રાજાએ આ લોકને... આ ખાવા ટાણે વળી એ વિચાર આવ્યો કે કીધું આ ઘઉંની રોટલીનું કે દિ'નું થયું હશે? પૂછ્યું હતું ને? આ ઘઉંની રોટલી ખોરાકમાં ક્યારથી હશે? ઘઉં પાકતા હશે? એવું આવે છે કે તાવડી બનાવવા માટે હાથીનું ઓલું હોય ને આમ ખંધ એમાં તાવડી બનાવી. ભગવાને શીખવ્યું. બીજું સાધન કાંઈ હતું નહિ ત્યાં. તાવડી સમજ્યાને? એની ઓલી હોયને ખંધ ખંધ મોટો? એ તાવડી જેટલો ખંધ હશે ત્યાં એ વખતે? જુગલિયા મટ્યા ને પછી ઘઉં થાતા હશે? ઘઉંની રોટલી થાય ઓલી. ક્યાંથી શરૂ થયું હશે?

પંડિતજીને પૂછ્યું, પણ પંડિતજીએ જવાબ ન આપ્યો કાંઈ. હિંમતભાઈને. આહાર વખતે પૂછ્યું હતું. આજે આહાર એનો હતો ને. છોકરો આવ્યો હતો. પ્રવિણ આવ્યો હતો. કીધું, આ ઘઉંની રોટલીનો ખોરાક ક્યાંથી શરૂ થયો હશે? જુગલિયા વખતે તો ઘઉં હતા નહિ અને જુગલિયા મટ્યા પછી ત્યાં ઘઉં કે દિ' પાકવા માંડ્યા પાછા? જુગલિયા વખતે મટીને એમ. દાણા દાણા પાકતા હશે.

મુમુક્ષુ :- જો ઘઉંનો દાણો ન હોય તો ઘઉં ક્યાંથી થાય?

ઉત્તર :- એ અંદર હશે કાંઈક થાતું હશે. અમથું કલ્પવૃક્ષ પાકે છેને લ્યો ને. કલ્પવૃક્ષ કાંઈ ન હોય ને એ કલ્પવૃક્ષ પાકે છે. અંદર એવી જાતની બીજડા રહે છે. આ કલ્પવૃક્ષ થાય. ત્યાં વાવે છે કોણ ત્યાં? અને અસંખ્ય ભવમાં અથવા અસંખ્ય વર્ષમાં એ ન હોય કલ્પવૃક્ષ. પાધરા ઉપર ઊગે નવા લ્યો. જમીનમાંથી ઉગતા. એમાં એવું થાતું હશે. ઘઉંનું વાવેતર જ ક્યાં જુગલિયામાં હતું? આ ઘઉંની રોટલી ખાવી ક્યારનું શરૂ થયું હશે? એ સંસ્કાર આવ્યા હોય ને. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! તારે જો આત્માનું કામ કરવું હોય તો આ લોકની સાથે સંસર્ગ-પરિચયમાં આવીશ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- તો આટલા બધા ઉપદેશક તમે કેમ મોકલો છો?

ઉત્તર :- એ બધું રામજીભાઈની નીચે કરે છે. ખીમચંદભાઈ અને હિંમતભાઈ બેય. એ રામજીભાઈની માથે. નાયકની નીચે એ કરે છે.

મુમુક્ષુ :- કોઈની માથે કોઈ હોય?

ઉત્તર :- એ કહેતો હતો કે રામજીભાઈ છે ને? હા.

મુમુક્ષુ :- બહુ ઉંમર થઈ ગઈ.

ઉત્તર :- હા. અહીં આવ્યો હતો ને. અહીં રહી ગયો હતો. બોટાદમાં આવ્યા હતા. અહીં બે-ત્રણવાર આવ્યા. અરેરે..! વસ્તુ.. વસ્તુ.. બધા ધર્મ સરખા અને બધામાં સમભાવ રાખવો ને બધું.. આહાહા..!

મુમુક્ષુ :- સમભાવ રાખવો એટલે શું?

ઉત્તર :- બધા ધર્મ સરખા એનું નામ સમભાવ એમ.

મુમુક્ષુ :- એનું નામ (સમભાવ) હોય? એનું નામ તો એકલું અજ્ઞાન છે. ધર્મ હોય જગતમાં તો અધર્મ હોવો જોઈએ કે નહિ? આટલા મોટા સંત કેમ થઈ ગયા?

ઉત્તર :- શ્રીમદ્દે તો સમભાવની વ્યાખ્યા કરી નહિ? શ્રીમદ્દે સમભાવની વ્યાખ્યા કરી. કુદેવને કુદેવ તરીકે જાણે, માને, સુદેવને સુદેવથી જાણે, માને. કુગુરુને કુતરીકે જાણે, માને, સુગુરુને જાણે, માને એનું નામ સમભાવ છે. બેય સરખા છે તો મૂર્ખાઈ છે. લખ્યું છે. બેયને સરખા માને એ મૂર્ખ છે. મૂર્ખાઈ. સત્યને સત્ય તરીકે જ જાણે, અસત્યને અસત્ય તરીકે જૂઠું એમ જાણે. જાણવું એમાં કાંઈ વિષમતા ક્યાં આવી? આહાહા..! એમ દ્વેષ કરવો એના પ્રત્યે એ દ્વેષ ન હોય.

અહીં કહે છે કે '**લૌકિક જનો સાથે વાર્તાલાપ કરવાથી મન વ્યગ્ર બને છે,–**' કારણ કે મન ત્યાંને ત્યાં રોકાયા કરે. આ શું આમ કહે છે ને આ આમ કહે છે ને. આમ કેમ ને આમ કેમ? આહાહા..! જુઓને! સંતોએ કામ... સમાધિ સ્થિરતા કરવી છે, એને આનંદમાં સ્થિર થવું છે એવા સંતની વાત છે આ. આહાહા..! સમ્યગ્દર્શન અને જ્ઞાન પ્રગટ્યું ત્યાં અંશે સમાધિ આવી, શાંતિ આવી, આનંદનો અનુભવ આવ્યો. આહાહા..! પણ પૂર્ણ કરવા માટે એણે સ્વરૂપમાં, સ્થિરતા માટે લોકનો સંગ છોડવો પડશે. અને સંગ કરશે તો ચિત્તનો ભ્રમ વિકલ્પ ઉઠશે. વિકલ્પ ઉઠશે તો ભ્રમણા

થાશે. આ સમજ્યો. આ સમજ્યો, ન સમજ્યો. આહાહા..! પંચમ આરાના સંત આવી વાત કરે છે. આહાહા..! સંતપણું તો એવું જ હોય છે ને.

'**ભાવાર્થ :- લૌકિક જનો સાથે વાર્તાલાપ કરવાથી મન વ્યગ્ર બને છે, - ચિત્ત ચલાયમાન થાય છે અને વિવિધ પ્રકારના સંકલ્પ-વિકલ્પો ઊઠે છે.**' પંડિતોનો શાસ્ત્ર સંસાર કહ્યો છે ને. આ શાસ્ત્રમાં આમ કહ્યું. એના ને એના વિકલ્પમાં રોકાયા જ કરે. આહાહા..! આકરી વાત ભાઈ! પંડિતોને શાસ્ત્ર સંસાર કીધો છે એને. શાસ્ત્ર એનો સંસાર છે. કારણ કે આ જાણ્યું, મને આ આવડ્યું, મને આ ન આવડ્યું, બીજાને આ સમજાવ્યું, આ બધા રાજી થયા મારું વ્યાખ્યાન સાંભળીને. એમાં તારે શું? આહાહા..!

કહે છે, '**ચિત્ત ચલાયમાન થાય છે અને વિવિધ પ્રકારના સંકલ્પ-વિકલ્પો ઊઠે છે. તેનાથી આત્મસ્વરૂપમાં સ્થિરતા રહેતી નથી.**' આહાહા..! આનંદમાં રહેવું, અનુભવીને એટલું કે આનંદમાં રહેવું રે. એ અમારે નાની ઉંમરમાં બ્રાહ્મણ બોલતા ન્હાતા. દશ વર્ષની ઉંમરની વાત છે. બ્રાહ્મણ હતા. મામા કહેતા. મારા બાના મોસાળના ગામના હતા. મુળજીમામા કહીએ. એકલા રહેતા. બૈરા-બૈરા પછી કો'ક દિ' આવે. બાકી એકલા રહેતા. નોકરી. પછી ન્હાતા વખતે ઓલું અબોટિયું પહેરેને? એ આ બોલતા. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે. ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.' પરિબ્રહ્મ એ શબ્દ બીજો પરમાત્મા, પરિબ્રહ્મ શબ્દે આત્મા. આહાહા..! મારો પરિબ્રહ્મ ભગવાન તો મારો મારી પાસે છે. ભગવાન ક્યાં ઓલાથી તો દૂર છે. આહાહા..!

આત્માના અનુભવી જીવે તો અનુભવમાં રહેવું અને ભજવા પરિબ્રહ્મ એટલે આત્માના પૂર્ણસ્વરૂપનું ભજન કરવું. ભજન એટલે તેમાં સ્થિર થાવું. આહાહા..! એવી વાત છે ભાઈ! મોક્ષમાર્ગપ્રકાશકમાં કીધું. ભગવાને પણ ઉપકાર કર્યો હતો માટે.. નથી આવતું આઠમા અધ્યયનમાં? એ તો વ્યવહારની વાતું આવે તો આવે. કોણ ઉપકાર (કરે)? વિકલ્પ ઊઠે. વિકલ્પ ઊઠે તે નુકસાનકારક છે. આહાહા..! ભાઈએ તો ત્યાં સુધી લખ્યું છે નહિ? નિહાલભાઈએ તો. સાંભળનારને નુકસાન અને સંભળાવનારને પણ નુકસાન. લખ્યું છે? બેયને... આહાહા..! એને એમ કે આ વાત સમજે તો ઠીક. એટલી દીનતા... આહાહા..!

ઓલામાં નથી આવ્યું મોક્ષમાર્ગ પ્રકાશકમાં? શુભમાં શુદ્ધનો અંશ છે એ તેં માન્યું તો તને શાબાશ છે. આવે છે? કારણ કે જ્ઞાનની નિર્મળતા જ્ઞાનથી થાય અને ચારિત્રની નિર્મળતા જ્ઞાનથી ન થાય, તો એ વખતે શુદ્ધનો અંશ હોય એ શુદ્ધની સ્થિરતા વધતી-વધતી સ્થિરતા થાય. પણ શુભમાં એ ગ્રંથીભેદ થાય એટલે કે રાગની એકતા તૂટે ત્યારે શુદ્ધની એકતાની સ્થિરતા વધે. આહાહા..! એ તેં માન્યું કે નહિ? એમ કહ્યું છે એમાં નહિ?

મુમુક્ષુ :- માન્યું તો શાબાશ.

ઉત્તર :- શાબાશ. આહાહા..! ન માને તો તારું દ્રવ્ય એ રીતે પરિણમ્યું છે. બાપુ! શું કરીએ? આહાહા..! અમે તને સમજાવી દઈએ એવું કાંઈ છે નહિ. તીર્થંકરમાં તાકાત નથી બીજાને સમજાવે.

આહાહા..! એની પર્યાયનો કર્તા એ એને બીજો કેમ કરી દે? અહીં આવશે આગળ. ગુરુ તું તારો છો ભાઈ! આગળ આવશે. તને તારું સમજાય છે એ તું ગુરુ. એમ કહ્યું. બીજું કોણ? ૭૫માં છે. ૭૫ ગાથામાં. '**नान्यो गुरुरस्ति परमार्थतः। व्यवहारेण तु यदि भवति तदा भवतु।। यत एवं तस्मात् परमार्थतो गुरुरात्मात्मनः।**' આત્માનો ગુરુ આત્મા છે. આહાહા..! એય.. છોટાભાઈ! છે એમાં હોં. '**यत एवं तस्मात् परमार्थतो गुरुरात्मात्मनः।**' ઠીક, મૂળ પાઠ પણ છે. '**गुरुरात्मात्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थतः।।**' '**न्नान्योऽस्ति**' એમ. આહાહા..!

પોતે પોતાના આત્માની પર્યાયમાં, દ્રવ્ય-ગુણમાં લક્ષ જાય, આશ્રય કરે એ તો પોતે સમજ્યો અને પોતે પોતાનો ગુરુ થયો હતો. આહાહા..! આવું કરવા જાશો તો ગુરુનું માન નહિ રહે વળી એને એમ કહે. પણ તારે.. આહાહા..! તો એને મોટા તરીકે માનશે નહિ. પણ તારે એનું કામ શું છે? આહાહા..! આ તો પછી એમ કે પંડિતોથી બીજા સમજે. એવું જો ન હોય તો પંડિતોનું માન અને પંડિતોનો આદર કોણ કરશે? પાટે બેસે, આમ માણસ ભેગું થાય, આમ વાતું કરે અંદર. કેટલી શોભા ધર્મની થાય લ્યો! એય.. જેઠાભાઈ! બાપુ! બહારની શોભા એ કાંઈ ધર્મ છે? આહાહા..!

મુમુક્ષુ :- ધર્મચક્ર ફર્યું તો..

ઉત્તર :- ક્યાં ધર્મચક્ર? કીધું ને ધર્મચક્રમાં થયું? એ તો ઘણું કહ્યું ત્યાં. અને કહ્યું એમાં બીજી વાત પણ કાઢી હતી રાતે. રાતે ચાલ્યા છે તે સારું નથી, કહ્યું. કોઈ પૂછનાર નહિ એટલે શું, બાકી તો ન્યાયથી જુઓ તો આ બરાબર નથી. રાતે ચાલવું દિવસે જાત્રા! કોના ઘરનો? વ્યવહારનો પણ ન્યાય નથી. અંધારામાં ચાલવું.. આહાહા..! અરે.. પ્રભુનો માર્ગ તો જો ભાઈ! વાત તો જેમ સત્ય હોય એ રહેશે. બાકી કાંઈ પક્ષથી કોકે કર્યું માટે એને સારું માની લેવું. એય.. ગીરધરભાઈ! આહાહા..!

અને તે શું? ત્રણ મહિનામાં લાખ માણસ સાથે લઈને. આ તો ત્રણ મહિનામાં દશ લાખ ખર્ચ્યા કહે છે. એથી શું એમાં? કોઈ રાગની મંદતા હોય એ વખતે કર્યું હોય. અને દબાણથી કરવું પડે. આપણે આવ્યા છીએ અગ્રેસરો મોઢા આગળ પૈસાવાળા છીએ એટલે કાંઈક દેવું પડે. નહિતર તો પછી આ.. એવું કાંઈક દબાણ રહીને થાય તો એ પણ કાંઈ છે નહિ. આહાહા..! ભારે માર્ગ બાપા! એમ કે આ સાથેના માણસો બે-પાંચ લાખવાળા છે અને હું કાંઈક પચાસ લાખવાળો છું. એ એટલું ભરે અને મારે એટલું નહિ ... તો પછી સરખી શોભા નહિ રહે. કાંતિભાઈ! આ તો ભાઈ મારગડા જુદા હોં. આહાહા..!

વિકલ્પ રહ્યા જ કરે. એક માણસ કહેતા હતા કે ક્યાંક ગયા હતા તો આખી રાત ચાલ્યા, કહે. સાંજથી તે સવાર સુધી. થાકીને થોક થઈ ગયા બધા માણસો. આખી રાત ઊંઘ ન આવે ચાલે એમાં તો કાંઈક તો વળી બહુ હોય એવા ઊંઘી જતા હશે. લ્યો! ચાલતી બસે. બીજાને તો ઉંઘ પણ ન આવે સાધનમાં. એવું છે. આખી રાત સવારથી સાંજ. સાંજથી સવાર. આહાહા..!

અહીં તો કહે છે કે એવા સંકલ્પ-વિકલ્પોમાં રોકાવું એ તો બંધનું કારણ છે. માર્ગ એવો છે. એય.. ચેતનજી! ક્યાં સુધી લઈ જવું છે આ?

મુમુક્ષુ :- એક-બે વખત થયું છે.

ઉત્તર :- એ રાતે તો ઘણીવાર આવે. પણ એક-બે વાર આખી રાત. બાકી આમ તો ઘણી રાત દસ-દસ વાગ્યા સુધી, અગ્યાર-અગ્યાર વાગ્યા સુધી તો ઘણી વખત. આ તો વસ્તુસ્થિતિ છે, બાપુ! પ્રવૃત્તિમાં પણ વિવેક જોઈએ.

એક ફેરી તો નિહાલભાઈને પૂછયું છે કે વિવેક ક્યાં? વિવેક-વિવેક. મૂકી દે એકકોર. અને એકફેરી પાછું કહ્યું હશે કે વિવેક જોઈએ પહેલો. બે પ્રશ્ન છે. છે ૪૫માં બે પ્રશ્ન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ વળી જુદું. આ તો બીજું છે. વિવેકની વાત છે. અને એક ઠેકાણે પછી વિવેકને સ્થાપ્યું છે. વિવેક જોઈશે. પણ પર્યાયબુદ્ધિ રાખવી નહિ, પર્યાય ઉપરનું જોર ન દેવું એમ. છે એ ક્યાંક. કેટલામી ખબર છે? નથી ખબર? નહિ. પ્રશ્નમાં છે? કયે ઠેકાણે છે? આપણને તો બહુ યાદ રહે નહિ. ન્યાય યાદ રહે. એવું ક્યાંક આવ્યું હતું હોં. આહાહા..!

એકનો અર્થ એમ કે આવો રાગ હોવો જોઈએ, નહિતર આમ થાય અને તેમ થાય એમ. જેવું થાય એવું એ થાશે. એને સમ્યગ્દર્શનમાં એવો સ્વચ્છંદી રાગ ન થાય એને. એને યોગની લાયકાત પ્રમાણે જ થાય. પણ એનું જોર જવું જોઈએ વસ્તુ ઉપર. જે મહા ખાણ છે એ ખાણ ઉપર નજર નાખવી જોઈએ. જોર ત્યાં જવું જોઈએ. પર્યાયનો વિવેક હોય છે એને પ્રમાણમાં. પણ એનું જોર પર્યાય ઉપર ન જોઈએ.

મુમુક્ષુ :- સાત નંબરનું છે.

ઉત્તર :- ક્યાંક છે. બે બોલ છે. એક બોલ કાઢશો ત્યાં બીજો બોલ આવે છે. લખી લીધો હશે મેં. વિવેકનો નકાર કર્યો છે ત્યાં પણ પાનું લખ્યું હશે, વિવેકનો હકાર કર્યો... એમાં છે ઘણું વિશેષ.

અહીં તો કહે છે કે રાગથી ભિન્ન પડીને જ્યાં આત્માનું ભાન થયું એ વિવેક નામ ભેદજ્ઞાન થયું, એ વિવેક થયો. આહાહા..! '**લૌકિકજનો સાથે...**' આવી ગયું ને એ? '**માટે આત્મસ્વરૂપના અભ્યાસીએ...**' આત્મસ્વરૂપના અભ્યાસીએ. આમ વાત છે. અપેક્ષાથી સમજવું જોઈએને. '**માટે આત્મસ્વરૂપના અભ્યાસીએ લૌકિક જનોના સંસર્ગથી દૂર રહેવું યોગ્ય છે.**'

મુમુક્ષુ :- એક સાધુ સાથે બીજો સાધુ હોય તો લોકિક સંસર્ગ..

ઉત્તર :- એ બધું ઠીક. એની સાથે આ વિનય કરવો, વ્યવહાર રાખવો, એ બધું આવે છે ને? એ વ્યવહાર છોડે..આહાહા..! યોગસારમાં આવે છે એ. છોડ વ્યવહાર બધો હવે. આકરો માર્ગ ભાઈ! આવે ખરો. એ વ્યવહારમાં જે લક્ષ જાય છે એ તો વિકલ્પ છે અને બંધનું કારણ છે. વયાવચ્ચમાં નથી આવતું? વયાવચ્ચ કરવી. પ્રવચનસારમાં. એ તો રોગી માણસ સાધુ હોય અને આને એવો પ્રસંગ હોય ધ્યાનમાં ન હોય અંદરમાં, તો બહાર લક્ષ જાય છે તો એને એ જાતનો ભાવ આવે એમ. પણ એની ભાવના હોય એમ કે આવું થાય તો મારે .. સેવાનો વિકલ્પ લાવવો છે. એવું નથી. આહાહા..! એવો પ્રસંગ હોય તો એને એવો વિકલ્પ આવે જરી. બસ એટલી વાર. ધ્યાનમાં ન

હોય અને બાહ્ય સાધુને કાંઈ ઊલટી થતી હોય કે ઓલું થતું હોય તો વયાવચ્ચનો ભાવ આવે એને. આહાહા..! ભારે માર્ગ ભાઈ!

વીતરાગભાવે રહીને વિકલ્પ આવે, જ્ઞાતાદ્રષ્ટાપણે રહીને વિકલ્પ આવે, પણ એનો નિષેધ છે. આહાહા..! ઈન્દ્ર પણ ભગવાનનો તાંડવ નાચ કરે ત્યારે જુઓને કેવા નાચે? અહીં જાય છે. બાવન જિનાલયમાં જાય છે ને? ક્યાં? નંદીશ્વરદીપ. અહીંયાં આપણે બાવન થાંભલા છે.

મુમુક્ષુ :- આજે જ ગણવાનો પ્રસંગ બન્યો.

ઉત્તર :- આજે ગણ્યા હતા ત્યાં. ૨૪ નીચે અને ૨૪ ઉપર. ૪૮. ઓલા ચાર છે ને. નીચે ચાર છે. બાવન છે, કીધું, આ બાવન જિનાલય. આ છે જુઓ ને આઠ આમ છે, આઠ આમ, સોળ. ચાર આમ ચાર આ વીશ. ચોવીસ થયા. ઉપર ચોવીસ. આ થાંભલા. ઉપર થાંભલા છે બીજા? હા ઉપર પણ છે હોં. આ ચાર નીચે ગણ્યા હતા. ઉપર પણ ચાર છે? લ્યો તો તો ૫૬ થયા. આ નીચે. ચાર એ થયા. આઠ. ૫૬ થયા. આહાહા..! એ થવા કાળે થઈ ગયું. કોણ કરે એને? અરે.. લોકોને...

મુમુક્ષુ :- ઈજનેરો કરે બીજું કોણ કરે?

ઉત્તર :- ઈજનેર પણ કોઈ કરે નહિ.

**વિશેષ :— 'સાધકને જેમ જેમ ભેદ–વિજ્ઞાનનું બળ વધતું જાય છે...'** જોયું! આવે છે ને ઓલામાં? ભેદ અભ્યાસ કરતા કરતા સ્થિરતા વધે છે. ભેદ અભ્યાસનું. આવે છે નિયમસારમાં. ભેદ અભ્યાસ કરતા કરતા, પરથી ભિન્ન પડતા પડતા સ્થિરતા વધે છે. ચારિત્રની. આહાહા..! પહેલા એને જ્ઞાનમાં નિર્ણય તો કરે પાકો કે વસ્તુ આ સ્થિતિએ છે. એ સ્થિતિમાં રહ્યા વિના કોઈ રીતે મુક્તિ થાય, મોક્ષ થાય.. આહાહા..! અરે.. જાત્રાના ધમાધમ. સમ્મેદશિખરની જાત્રા, શેત્રુંજય, પાવાગીરીને આ બધા. અસંખ્યગુણનું તીર્થધામ તો તું છો. અનંતગુણનું તીર્થધામ. આહાહા..!

**'સાધકને જેમ જેમ ભેદ–વિજ્ઞાનનું બળ વધતું જાય છે તેમ તેમ તેને પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષાભાવ થાય છે...'** લ્યો જોયું! આહાહા..! **'અને વીતરાગતા વધતી જાય છે.'** આહાહા..! **'વીતરાગતાના પ્રમાણમાં તે આત્મસ્થિરતા પ્રાપ્ત કરે છે.'** જેટલી વીતરાગતાના પ્રમાણમાં આત્મ-ામાં સ્થિરતા થાય છે. **'સ્વરૂપ–સ્થિરતાના કાળે લૌકિક જનો સાથેનો સંસર્ગ સ્વયં છૂટી જાય છે.'** આહાહા..! આ તો જગતને હું ધર્મ પમાડું છું. જગતને ધર્મ પમાડવા નીકળ્યા છે. એ પોતાને ધર્મ કેમ થાય છે એની ખબર નથી. આહાહા..!

**'લૌકિક જનો સાથેનો સંસર્ગ સ્વયં છૂટી જાય છે.'** સ્વરૂપની સ્થિરતા પણ કોને થાય? જેને દૃષ્ટિમાં પહેલો આત્મા આવ્યો હોય એને. આ **'पस्सदि जिणसासणं सव्वं'** વાંચીને જો વિચારે તો બેસી જાય કે આ બધું આપણે માનીએ છીએ એ બધું ખોટું છે. આહાહા..! સામાન્યનો આવિર્ભાવ, વિશેષનો તિરોભાવ. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન, એનું પ્રગટપણું થવું એ સામાન્યનો આવિર્ભાવ અને જ્ઞેય દ્વારા જ્ઞાનનું થવું એ વિશેષનો આવિર્ભાવ. એનો તિરોભાવ થાય એ.. આહાહા..!

જ્ઞેય દ્વારા જ્ઞાનનું પ્રગટ થવું એ તો વિશેષ થયું. સામાન્ય ન આવ્યું. છે? બે લીધા છે. જુઓ

એ ૩૫૭. જોયું! '**પરિણામ કા વિવેક તો જો અનંત સુખી હોના ચાહતે હૈં, ઉનકો સહજ હોના ચાહિયે.**' થયું? અને ૬૮.

મુમુક્ષુ :- નંબર

ઉત્તર :- લખ્યો છે ને. પણ આ તો ૬૮માં આવે છે. ૬૮ આવે છે. ત્યાં ના પાડશે. '**અનુભવ હોને કે બાદ પરિણામમેં મર્યાદા આ જાતી હૈ ન? વિવેક હો જાતા હૈ ન?**' એમ પ્રશ્ન છે. '**ઉત્તર : વિવેકકી બાત એક બાજુ રખો. એક દફા વિવેક કો છોડ દો. પર્યાયકી સાવધાની છોડ દો. પરિણામમાત્ર મૈં નહીં. મૈં તો અવિચલિત ખુંટા હું. મેરેમેં ક્ષણિક અસ્તિત્વ હૈ હી નહીં. વિવેકકે બહાને ભી જીવ પરિણામમેં એકત્વ કરતે હૈં.**' ત્યાં એ કહ્યું અને અહીં આમ. અપેક્ષાથી સમજવું જોઈએ ને? અહીં હા પાડી જુઓ. '**પરિણામ કા વિવેક તો જો અનંત સુખી હોના ચાહતે હૈં ઉનકો સહજ હોના ચાહિયે.**' પ્રશ્ન બેય ઠેકાણે મૂક્યા છે હોં પાનું. ૭૨ ગાથા થઈ.

'**તો શું તેમનો (લોકોનો) સંસર્ગ છોડી જંગલમાં નિવાસ કરવો?**' ગામ હોય કે જંગલ હોય, આત્મામાં રમવું. એ કાંઈ ગામ-જંગલ નડતું નથી ત્યાં કાંઈ. '**તો શું તેમનો (લોકોનો) સંસર્ગ છોડી જંગલમાં નિવાસ કરવો? એવી આશંકાનું નિરાકરણ કરતા કહે છે :-**' લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**तर्हितैः संसर्ग परित्यज्याटव्यां निवासः कर्तव्य इत्याशंकां निराकुर्वन्नाह–**

**ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽनात्मदर्शिनाम्।**
**दृष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चलः।।७३।।**
**અનાત્મદર્શી ગામ વા વનમાં કરે નિવાસ;**
**નિશ્ચળ શુદ્ધાત્મમહીં આત્મદર્શીનો વાસ. ૭૩.**

**टीका :– ग्रामोऽरण्यमित्येवं द्वेधा निवासः स्थानं अनात्मदर्शिनाम–लब्धात्मस्वरूपोपलम्भानां दृष्टात्मनामुपलब्धात्मस्वरूपाणां निवासस्तु विविक्तात्मैव रागादिरहितो विशुद्धात्मैव निश्चलः चित्तव्याकुलतारहितः।।७३।।**

---

**તો શું તેમનો (લોકોનો) સંસર્ગ છોડી જંગલમાં નિવાસ કરવો? એવી આશંકાનું નિરાકરણ કરતાં કહે છે :-**

શ્લોક – ૭૩

**અન્વયાર્થ :-** (**अनात्मदर्शिनां**) જેમને આત્માનો અનુભવ થયો નથી તેવા લોકોને (**ग्रामः अरण्यम्**) ગ્રામ કે અરણ્ય (**इति द्वेधा निवासः**) એવા બે પ્રકારના નિવાસસ્થાન છે;

(तु) કિન્તુ (दृष्टात्मनां) જેમને આત્મસ્વરૂપનો અનુભવ થયો છે તેવા જ્ઞાની પુરુષોને, (निश्चल) ચિત્તની વ્યાકુલતા રહિત (विविक्तात्मा एव) રાગાદિરહિત શુદ્ધ આત્મા જ (निवासः) નિવાસસ્થાન છે.

ટીકા :- ગ્રામ અને અરણ્ય એ બે પ્રકારના નિવાસસ્થાન, અનાત્મદર્શીઓ માટે અર્થાત્ જેમને આત્માનો અનુભવ થયો નથી, જેમને આત્માની ઉપલબ્ધિ થઈ નથી તેવાં લોકો માટે છે, પરંતુ જેમને આત્માનો અનુભવ થયો છે, જેમને આત્મસ્વરૂપની ઉપલબ્ધિ થઈ છે, તેવા (જ્ઞાની) લોકોને માટે તો નિવાસસ્થાન વિવિક્ત એટલે વિમુક્ત આત્મા જ અર્થાત્ રાગાદિરહિત શુદ્ધ આત્મા જ છે જે નિશ્ચલ, એટલે ચિત્તની આકુલતારહિત છે.

ભાવાર્થ :- જેને આત્માનો અનુભવ નથી, ભેદ-જ્ઞાન નથી તે પુરુષને જ ગામ કે જંગલમાં વસવાનો વિકલ્પ આવે છે.

જે આત્મદર્શી છે - જેમને આત્માનો અનુભવ છે - તેમનું નિવાસસ્થાન વાસ્તવમાં પોતાનો શુદ્ધાત્મા જ છે. તે રાગ-દ્વેષાદિ રહિત અને નિશ્ચલ હોવાથી, તેમને ગ્રામનિવાસ માટે કે વનનિવાસ માટે પ્રેમ હોતો નથી અન તેમનું ચિત્ત સંકલ્પો-વિકલ્પોથી આકુલિત હોતું નથી. તેઓ ગ્રામ કે વનને પોતાના આત્મસ્વરૂપથી બહિર્ભૂત સમજે છે; તેથી કોઈમાં પણ આસક્તિ રાખવી કે તેને પોતાનું નિવાસસ્થાન માનવું એ તેમને ઈષ્ટ નથી. તેઓ તો શુદ્ધાત્મસ્વરૂપને જ પોતાની વિહાર-ભૂમિ બનાવે છે અને તેમાં જ સદા રમ્યા કરે છે.

''ચટાઈ, પત્થર, ઘાસ, જમીન, લાકડાનું પાટિયું, વગેરે ધ્યાન માટે નિસ્સાર છે, કારણ કે જેણે રાગ-દ્વેષ અને વિષય-કષાયરૂપી શત્રુઓને દૂર કર્યા છે તેવા પુરુષને તો તેનો આત્મા જ ધ્યાન માટે સાચું અત્યંત નિર્મળ આસન છે - એવું જ્ઞાનીજનોએ માન્યું છે.''૧

આત્મસ્વરૂપના અનુભવ માટે ગ્રામ-અરણ્યની જેમ અન્ય પર પદાર્થો પણ નિસ્સાર છે; ત્રિકાલી શુદ્ધાત્માનું અવલંબન જ સારભૂત છે. ૭૩.

---

૧. न संस्तरोऽश्मा न तृणं न मेदिनी, विधानतो नो फलको विनिर्मितः
यतो निरस्ताक्षकषायविद्विषः, सुधीभिरात्मैव सुनिर्मलो मतः।।२२।।
(શ્રી અમિતગતિ આચાર્યકૃત 'સામાયિક પાઠ')

**અષાઢ સુદ ૧, ગુરુવાર તા. ૧૦-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૭૩,**
**પ્રવચન - ૮૫**

સમાધિતંત્ર. ૭૩ ગાથા. '**તો શું (લોકોનો) સંસર્ગ છોડી જંગલમાં નિવાસ કરવો?**' સંસર્ગ છોડવો એમ કહ્યું હતું ને? આત્માર્થીને પોતાનું પ્રયોજન સિદ્ધ કરવા પરનો સંસર્ગ છોડવો, સંસર્ગથી વાણી આવે અને વાણીને લઈને મનમાં વિકલ્પ પણ ઊઠે (અને) એથી ચિત્તમાં અસ્થિરતા થાય. એથી એને સંસર્ગ છોડવો. ત્યારે શું એણે સસંર્ગ છોડીને જંગલમાં રહેવું? એવો પ્રશ્ન ઉઠ્યો. '**એવી આશંકાનું નિરાકરણ કરતાં કહે છે :-**'

**ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽनात्मदर्शिनाम्।**
**दृष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चलः।।७३।।**
**અનાત્મદર્શી ગામ વા વનમાં કરે નિવાસ;**
**નિશ્ચળ શુદ્ધાત્મમહીં આત્મદર્શીનો વાસ. ૭૩.**

હવે અહીં તો વનવાસને, અનાત્મદર્શી વનવાસને-ગામને માને એમ કહે છે. મુનિઓને તો વનવાસ જ હોય. આત્મદર્શી આત્મામાં રહે એમ કહે છે. ગ્રામ અને અરણ્ય એમને માટે વાસ નથી એમ કહેવું છે. અહીં તો નિશ્ચયથી વાત કહેતા વન અને ગામ બેય, એને નિવાસનું સ્થાન તો આત્મા છે, બે નહિ. છતાં વનવાસમાં મુનિ હોય એને વિકલ્પ એવો આવે, એ વાતની ગૌણતા કરીને વનવાસ અને ગામમાં રહેવું એ તો બેમાં અનાત્મદર્શીની વાત છે એમ કહે છે.

મુમુક્ષુ :- બેયમાં.

ઉત્તર :- અનાત્મદર્શી. એને ગામ અને આ ઠીક છે એ તો અનાત્મદર્શીની વાત છે. આત્મદર્શી માટે તો પોતે નિવાસસ્થાન પોતાના આત્મામાં છે. હવે વનવાસ છે ખરો, એ વાતને અહીં ગૌણ કરીને.. કોઈ એમ જ કહે કે આ તો નિશ્ચયની વાત કરી. વ્યવહાર તો ઉડાવ્યો. એમ કહે ને?

આ હમણાં ભાઈએ છાપ્યું છે ને? હુકમચંદજીએ આ ભગવાન મહાવીર. એની સમાલોચના કરી છે આમાં. જૈન ગેજેટમાં. એમ કે એકાંત સ્થાપ્યું છે એને. અહીં આ શું કહે છે? વનવાસ અને ગામ અનાત્મદર્શી માટે... અને એક બાજુ કહે કે મુનિ તો વનવાસમાં જ રહે.

મુમુક્ષુ :- એ વ્યવહારની વાત.

ઉત્તર :- એ એનું સિદ્ધ કર્યું. એવો ભાવ એને વિકલ્પ હોય.

મુનિ જંગલમાં જ રહે, વનવાસમાં રહે. પણ એ વનવાસમાં રહું તો મારું આત્મધ્યાન સ્થિર વિશેષ થાય એમ નથી. એટલું નિષેધ કરવા માટે... એવી વાત છે જરી. આમાંથી એમ કાઢે લ્યો ત્યાં તો નિશ્ચયની વાત સ્થાપી. વ્યવહાર વનવાસની હોય એ વાત.. કઈ અપેક્ષા કહેવી છે? આહાહા..!

મુનિ તો વનવાસમાં જ હોય, જંગલમાં જ હોય. ગામમાં ન હોય. એ તો ગામમાં આહાર લેવા આવે અને કોઈ ઉપદેશનો વખત હોય, માણસો આવે તો ઉપદેશ દઈને ચાલ્યા જાય. આહાહા..! એવો માર્ગ છે.

આમાં કહે કે ભાઈ એ તો વનવાસ. એમ કહ્યું ને?

**અનાત્મદર્શી ગામ વા વનમાં કરે નિવાસ;**
**નિશ્ચળ શુદ્ધાત્મમહીં આત્મદર્શીનો વાસ. ૭૩.**

પાઠ છેને એ જુઓને.

'**ટીકા :- ગ્રામ અને અરણ્ય એ બે પ્રકારનાં નિવાસસ્થાન, અનાત્મદર્શીઓ માટે અર્થાત્ જેમને આત્માનો અનુભવ થયો નથી,...**' લ્યો ઠીક! એટલે કે જંગલમાં રહું તો આત્મસ્થિરતા વિશેષ થાય એવું નથી. એમ. એ સિદ્ધ કરવા આમ કહ્યું છે. સમજાણું કાંઈ? મુનિને તો ગુફામાં વનવાસ આદિ એકાંતમાં જ રહેવાનો એને ભાવ હોય. પણ એને એકાંતમાં ત્યાં રહું તો આત્મસાધન વધારે થાય એમ નથી. એટલું સિદ્ધ કરવા આ વાત કરી છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે '**ગ્રામ અને અરણ્ય...**' જંગલ. '**બે પ્રકારના નિવાસસ્થાન, અનાત્મદર્શીઓ માટે અર્થાત્ જેમને આત્મા...**' આનંદસ્વરૂપ, શુદ્ધ ચૈતન્યજ્યોતિ આનંદધામ એનો અનુભવ નથી, એને અહીં ગામમાં રહેવું કે અરણ્યમાં રહેવું એવા વિકલ્પો આવે, એ અનાત્મદર્શી છે એમ કહેવું છે. આહાહા..! વ્યવહાર તો ઉડાવ્યો આમાં. નહિતર વનવાસ છે મુનિને. જંગલમાં જ રહે. પણ ક્યા માટે? એ તો એ જાતની સહજ સ્થિતિ હોય છે. પણ વનવાસમાં રહું તો આત્મસાધન વધારે થાય એમ નથી. આહાહા..!

વસ્તુ જે છે આત્મા ચૈતન્ય જ્ઞાન અને આનંદનું ધામ જ્યાં દૃષ્ટિમાં અનુભવમાં આવ્યું ત્યારે તો સમ્યગ્દર્શન થયું. અને એમાં વસ્યો ખૂબ, સ્થિરતાથી, રમણતાથી. ત્યારે ચારિત્ર થયું. એથી કહે છે કે અંદરની રમણતા માટે વનવાસ ઠીક અને ગામ ઠીક નહિ એવું જ્ઞાનીને હોતું નથી. આ અપેક્ષાએ. સમજાણું કાંઈ? આહાહા..! મુનિ તો સ્થિર સ્થવિર હોય કે.. શું કીધું ભાઈ? કેવા?

મુમુક્ષુ :- જિનકલ્પી.

ઉત્તર :- જિનકલ્પી. સ્થવિરકલ્પી હોય કે જિનકલ્પી હોય બેય વનવાસી નગ્નમાં જ હોય, નગ્ન જ હોય. આહાહા..!

૮૬માં ત્યાં આવ્યા હતા ને એક મુનિન્દ્રસાગર ભાવનગર. ૮૬ની સાલ. ત્યારે વ્યાખ્યાન બંધ કરીને ત્યાં ગયા હતા. કીધું ભાઈ કેવા છે તમારા .. વજુભાઈ છે ને આ સુતરિયા? એવું માખણ ચોપડવા લાગ્યો. સ્થવિરકલ્પી અને જિનકલ્પી બેય સાધુ હોય. સ્થવિરકલ્પી વસ્ત્રવાળા હોય અને આ.. આ મારે ગપ્પા. સાધુ થઈને. સ્થવિરકલ્પી પણ વસ્ત્રરહિત હોય, જિનકલ્પી વસ્ત્રરહિત હોય. જિનકલ્પી એકાકી વીચરે, સ્થવિરકલ્પી ઘણા સાધુના સમુદાયમાં હોય. બસ એટલો ફેર. બીજો કાંઈ ફેર નથી એમાં. આહાહા..! કે સ્થવિરકલ્પી એટલે વસ્ત્ર રાખે અને ગામમાં રહે તોપણ એ સાધુ છે.

એમ નથી.

મુમુક્ષુ :- શ્વેતાંબર એવા જ ભેદો પાડે છે.

ઉત્તર :- શ્વેતાંબર ભેદ પાડે. શ્વેતાંબર ધર્મ જ ક્યાં સાચો છે? શ્વેતાંબર છે એ જૈન વીતરાગમાર્ગનું કહેલું તત્ત્વ જ નથી. આ તો માર્ગ એવો છે, બાપુ! આહાહા..! સર્વજ્ઞ પરમાત્માએ કહેલામાંથી ભ્રષ્ટ થયા અને વસ્ત્રનો ટૂકડો રાખી આટલો ફાલક અને સાધુપણું મનાવવા લાગ્યા ત્યાં દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! અને એ મિથ્યાત્વમાં શાસ્ત્રો રચ્યાં. આકરું લાગે લોકોને, શું થાય? વસ્તુની સ્થિતિ એવી છે ત્યાં. કોઈ પ્રત્યે વિરોધ અને દ્વેષ નહિ, પણ વસ્તુની સ્થિતિ જ આવી છે એ રીતે. સર્વજ્ઞ ભગવાનને અનુસારે દિગંબર સંતોએ કહ્યું છે. અને એ વસ્તુ એવી જ છે, એમ જ છે. આ તો બધી કલ્પિત રચના. આહાહા..!

મહાસતી દ્રુપતિ એને પાંચ પતિ. સજ્જનતાના ઠેકાણા ક્યાં? દ્રુપતિ કોણ? આહાહા..! સમ્યગ્દૃષ્ટિ અને મહાસતી એને એક પતિ. અર્જુન. એને ઠેકાણે પાંચ પતિ ઠરાવ્યા. આહાહા..! ગજબ કર્યો છે ને. અને તે પાંચેય ધર્માત્મા. અને ધર્માત્માને આ રીતે ઠરાવ્યા. આહાહા..! ગજબ કર્યો છે કામ. સર્વજ્ઞને નામે. જ્ઞાતાસૂત્રમાં પાઠ છે. એ વાત સાચી નથી. આહાહા..! આ તો એક દૃષ્ટાંત આપ્યું. એ કથન સમ્યગ્દૃષ્ટિનું જ નથી. આહાહા..! એથી એ બધા ભાગ પાડે કે આમ છે ને તેમ છે. જિનકલ્પી જંગલમાં રહે અને સ્થવિરકલ્પી વસ્ત્રવાળા. બિલકુલ જૂઠી વાત છે.

અહીં તો એમ સિદ્ધ કરવું છે કે અરણ્યમાં રહીએ તો લાભ થાય, ગામમાં રહીએ તો લાભ (નહિ). એ ક્ષેત્રને કારણે લાભ થાય એવી બુદ્ધિ જ્ઞાનીને હોતી નથી એટલી વાત. આહાહા..! માર્ગ એવો છે, ભાઈ! આ કાંતિભાઈની બા માંદા છે ને. મેનેજર. સવારમાં જરી કંઈક હશે વધારે. પાછું વળી થઈ ગયું. શરીર જીર્ણ. આમ જરી ઉંહકારો કર્યો કે એટલે આ પૂછ્યું વૈદે. રવિભાઈ આવ્યા હતા ને. બહેન આ શું? તમે તો.. ભાઈ! ભગવાન પાસે જાવું ભારે આકરું છે કહે. શરીરમાં ઉંહકારો થઈ ગયો એ આત્માથી નહિ. એમ કહ્યું. આજે સવારની વાત છે. હમણાં રવિભાઈ આવ્યા હતાને તો કહ્યું. એવું થઈ જાય શરીર જીર્ણ પાતળું એટલે. પણ એ ઉંહકારો એને દુઃખ છે માટે થઈ ગયું એમ નથી. એની નબળાઈને લઈને થાય, પણ એની નબળાઈને લઈને થાય તો એ દૃષ્ટિ પર ઉપર હોય ને નબળાઈને લઈને થાય (એમ કહે) તો તે વસ્તુ ખોટી.

શ્રીમદ્ રાજચંદ્ર. કહ્યું હતું ને? દેહ છૂટવા ટાણે. મનસુખ! બાને દિલગીર થવા દેશો નહિ. હું મારા સ્વરૂપમાં જાઉં છું. આહાહા..! ઊભા થયા. એટલી શક્તિ હતીને જરી? શું કહેવાય એ? આરામખુરશી. લૂગડું ઢાંક્યું મોઢે અને અંદરથી અવાજ એકદમ. પોતે ધ્યાનમાં. પણ આ ઓલી શક્તિ એટલી હતી એટલે ઘસવાની વાણીના અવાજો એટલા આવ્યા ચાર-ચાર ઘર સંભળાય પાંચ-પાંચ. અને ઝવેરભાઈ એના બનેવી કહે, મહારાજ! અમને તો એ વખતે શ્રદ્ધા કાંઈ નહોતી. કે આવું મરણ! એય..! ભાઈ! તમને ખબર નથી કે દેહની સ્થિતિનું એટલું જરી ક્રિયાવાળી સહનશક્તિ હતી એટલે એનું કે જેથી ઉઠ્યા અને એટલું ઘસાવું જોઈએને? તો અંદરમાં ઉતર્યા. ધ્યાનમાં અંદર ગયા.

એટલે એ અવાજ આવા થયા એ દુઃખથી થયા એમ નથી. વાતું ભારે આકરી. એનો જે શ્વાસ અને જરી દેહને જીર્ણ થઈને છૂટવું છે ને? એમ ને એમ કસાવામાં કાંઈ છૂટવું નથી. આહા..! એથી આમ ધ્યાનમાં ગયા એટલે એનું ઘૂંટણ શરૂ થઈ ગયું અવાજવાળું. એથી એને દુઃખથી અવાજ થયા છે એમ નથી.

મુમુક્ષુ :- દુઃખથી અવાજ તો કોઈને થાય નહિ.

ઉત્તર :- ના આ તો દુઃખ લાગે અને અવાજ થાય. દુઃખ લાગે. વેદનાનું દુઃખ લાગે અને થાય એ જુદી વસ્તુ. સમજાણું કાંઈ? વેદના અંદર દુઃખરૂપ લાગે અને થાય એ ઉંહકાર જુદી જાતની વાત છે. અને અહીં તો વેદના નથી, દુઃખ નથી, આનંદમાં છે છતાં એ ક્રિયા થાય છે જડની જડને કારણે. આહાહા..! આવું ભારે આકરું કામ.

અહીં જે બે વાત કરી છે કે અનાત્મદર્શીઓ બે વાસ માને. એ આ અપેક્ષાએ વાત છે. એમ કે ગામમાં સંસર્ગમાં રહેવાથી આત્માને નુકસાન થાય છે અને બહારમાં રહેવાથી આત્માને લાભ થશે. એવા ક્ષેત્રફેરની અપેક્ષા રાખીને વાસનાને વાસરૂપ રહેવાનું નક્કી કરે એ અનાત્મદર્શી છે. આહાહા..!

હવે આમાંથી કોઈ એમ કહે કે ભાઈ આ તો વનવાસમાં રહેવાનો વિકલ્પ હોય નહિ એને? એ વાત અહીંયાં ગૌણ કરી નાખી છે વાતને. સમ્યગ્દૃષ્ટિ મુનિ છે, ધર્માત્મા એને તો વનમાં એકાંત... એકાંત.. એકાંત... એવો વિકલ્પ હોય. એ અસ્થિરતાને કારણે હોય છે. વાસ ત્યાં રહેશે માટે મારે એ આત્મસાધન વધારે ક્ષેત્રને લઈને થશે એમ નથી. આહાહા..! માર્ગ તે માર્ગ છે.

‘**ગ્રામ અને અરણ્ય એ બે પ્રકારના નિવાસસ્થાન, અનાત્મદર્શીઓ માટે...**’ વનવાસનો નિષેધ કરી દીધો આમાં. કઈ અપેક્ષાએ કહ્યું? એને વનવાસમાં રહેવાથી મારું આત્મસાધન વધશે ક્ષેત્રમાં બહારથી, એમ નથી. વિકલ્પ આવે જંગલમાં એકાંત સ્થાનમાં. આહાહા..! એ તો ફક્ત નિવૃત્તિને માટેનો પ્રશ્ન છે. એને ત્યાં આત્મસાધન વધારે થશે એવું કાંઈ માનતા નથી. એ તો આત્મા આનંદનું ધામ છે, જ્યાં એની દૃષ્ટિ ત્યાં પડી છે ત્યાં એનો વાસ છે. આહાહા..! બહુ માર્ગ ઓલો.

‘**જેમને આત્માનો અનુભવ થયો નથી,...**’ ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મ ચૈતન્યવસ્તુ ભગવાન સ્વરૂપે, આનંદનું ધામ એવા ધામને જેણે જાણ્યો નથી, એવા ધામનો જેને અનુભવમાં એ ચીજ આ છે એમ જાણી નથી. એને આવા વિકલ્પ હોય કહે છે. એમને ‘**આત્માની ઉપલબ્ધિ થઈ નથી...**’ આત્મા. જેનો સ્વભાવ ત્રિકાળ શુદ્ધ પવિત્ર, એવી દૃષ્ટિમાં એની પ્રાપ્તિ થઈ નથી. ‘**એવા લોકો માટે છે,...**’ બે વાસ કહેવામાં આવે જંગલ અને ગામ. એમ કહે. આહાહા..! કઈ અપેક્ષાથી કહેવા માગે છે? એનું જોર વસ્તુમાં અંતરમાં રહેવું એ નિવાસસ્થાન છે. ધર્મીનું જોર ત્યાં અંતર નિવાસ.

વિકલ્પ આવે, પણ વિકલ્પમાં એ જોર આ બાજુનું ઢળવાનું ત્યાં છે. આહાહા..! માર્ગ ભારે ભાઈ! થોડો સહેજ ફેરમાં અનાત્મદર્શી કહી દીધા. ગામ અને અરણ્ય એવા બે ભાગ પાડવા હોય તારે તો તે આત્મા જાણ્યો નથી. આહાહા..! અનંતગુણનું નિવાસસ્થાન પ્રભુ પોતે છે. આહાહા..!

**'પરંતુ જેમને આત્માનો અનુભવ થયો છે, જેમને આત્મસ્વરૂપની ઉપલબ્ધિ થઈ છે,...'** પ્રાપ્તિ. આ આત્મા એ શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ, પૂર્ણાનંદ એવું જ્ઞાનમાં, અનુભવમાં આવ્યું છે. જ્ઞાનમાં એ જ્ઞેય બનીને ખ્યાલમાં આવી ગઈ છે વાત. આહાહા..! **'તેવા (જ્ઞાની) લોકોને માટે તો નિવાસસ્થાન...'** પાઠ છે ને એ. વિવક્ત એટલે વિમુક્ત આત્મા જ એટલે કે વિકલ્પ વિનાની આત્મા ચીજ જ ધર્મીને માટે નિવાસસ્થાન છે. આહાહા..! સમજાણું?

વિવિક્ત. પાઠમાં છે ને? **'વિવિક્તાત્મૈવ નિશ્ચલઃ'** ભગવાન આત્મા તો શુભ-અશુભ વિકલ્પના ભાગ એનાથી રહિત છે. એવો અનુભવ થયો એટલે કે એ આત્મા જેવો છે તેવી ઉપલબ્ધિ, પર્યાયમાં જેવડો આત્મા તેવી પર્યાયમાં પ્રાપ્તિ થઈ. પર્યાયમાં આવડો આત્મા છે એનું જ્ઞાન થયું. ભલે પર્યાયમાં આત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ આવ્યો નથી. સમજાણું કાંઈ? પણ પર્યાયમાં ધ્રુવ સ્વરૂપ આવું શુદ્ધ છે પૂર્ણ એની પર્યાયમાં જ્ઞાન થયું, એથી એને આત્મા આવો છે એની ઉપલબ્ધિ પર્યાયમાં થઈ. આહાહા..! માર્ગ ભારે ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. આહાહા..! લોકોએ ચુંથી નાખ્યો એને. વ્યવહારના વિકલ્પથી નિશ્ચય થાય. નિમિત્તને અકિંચિત્કર માને છે એવું લખ્યું છે. ઓલા ઓલો થયો છે ને હમણાં પારસ. વર્ધમાન પારસનાથ. શું વર્ધમાન પારસનાથ? હુકમીચંદજીએ ટીકા કરી છે અને ઓલા જૈનદર્શનમાં આ ફતેપુરનું સોનગઢનું કહેવાયને એ ધર્મચક્ર? એની ટીકા કરી હશે. એમાં આ શ્રુતસ-ાગરે.. ઓલો તો ટીકા જૈનદર્શનની. એ ધર્મચક્ર નહિ સોનગઢનું ઈ. આણે કીધું, નહિ, ધર્મચક્ર છે. શ્રુતસાગર છે ને.

ફતેપુરનું એટલે સોનગઢનું કહેવાયને એ? સોનગઢ. લખ્યું છે સોનગઢનું ધર્મચક્ર. શ્રુતસાગર છે ને કોક. જૈનદર્શનમાં એમ આવ્યું હતું એ ધર્મચક્ર નહિ. એ ગલત કર્યું છે, જૂઠું કર્યું છે. ધર્મચક્ર છે એ. આમ આવ્યું છે. જૈન ગેજેટમાં. આહાહા..! કારણ કે એ ધર્મચક્ર તો સોનગઢની વાત પ્રસિદ્ધ કરે ને બહાર? અને સોનગઢનું એકાંત છે એમ. આહાહા..! એટલે એ લોકો ટીકા કરે છે. આ હમણાં એ થયો છે ને ઓલો વર્ધમાન પારસનાથ. લાલબહાદુર નીકળી ગયો. એ થયો છે. સોલાપુરવાળો. એણે લખ્યું છે. હો, કરે, એમાં કાંઈ એથી કરીને દ્વેષ કરવા જેવું નથી. આહાહા..!

વસ્તુ જે નિશ્ચય છે તે સત્ય છે અને તેનો પ્રચાર ને પ્રસાર એ સત્ય છે. આહાહા..! આ જુઓને શું કહ્યું? આચાર્ય પોતે કહે છે કે અરણ્ય અને ગામમાં બેમાં વાસ માને એ અનાત્મદર્શી છે. ત્યારે મુનિ તો અરણ્યમાં જ રહેનારા હોય છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં નથી કહ્યું? કે ગામમાં નજીકમાં કોણ આવે? શિયાળિયા આવે. આ શિયાળ-શિયાળ. એમ મુનિ આવે નહિ નજીકમાં. એ તો અરણ્યમાં રહેનારા હોય છે. લખ્યું છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. બરાબર છે. છતાં આવે, રહે એ જુદી વસ્તુ. પણ એની લાઈન તો અંદરની. એકાંત જ્યાં કોઈ પરિચય નથી, માણસનો પગરવ નથી, પશુનો જ્યાં પગરવ નથી એવા ઊંડે જઈને આત્મસાધના સાધતા હોય છે. પણ અહીં એ આત્મસાધનામાં જંગલમાં રહેવું એથી આત્મસાધના વધે એવું માને એ અનાત્મદર્શી એટલી વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો નિમિત્ત, ઉપાદાન..

ઉત્તર :- આહાહા..! અહીં ઉપાદાન. આહાહા..! ત્યારે એ કહે છે ને કે ઉપાદાનનું કાર્ય થાય એની મેળે થઈ જાય? લખ્યું છે. નિમિત્ત વિના થઈ જાય? નિમિત્ત અકિંચિત્કર છે. પરને માટે અકિંચિત્કર છે. ભારે આકરું કામ. અરે! આ ઝઘડાએ પાર આવે બાપુ? સત્યની સ્થિતિ વસ્તુની સ્થિતિ શું છે એમ જાણવા માગે તો આ થાય. તમે માન્યું એ પ્રમાણે આવે તો એ વાત સાચી એવું કાંઈ હોય નહિ. આચાર્યે આમ સ્થાપ્યું જુઓ ત્યારે. આહાહા..!

ધર્મી સમકિતી આત્મદર્શી માટે તો આત્મા વિમુક્ત આત્મા એટલે વિવિક્ત આત્મા, રાગાદિ-રહિત શુદ્ધ આત્મા. આહાહા..! એ એનું નિવાસસ્થાન છે. છઠ્ઠા બોલમાં ન કહ્યું અવ્યક્તમાં? અવ્યક્ત છઠ્ઠો બોલ. પોતે પોતાથી પોતા વડે જાણવામાં આવ્યું. વ્યક્ત જે આ વ્યક્તપણું એમાં એ ઠરતું નથી, રહેતો નથી. ફરી ફરીને આમ આવે છે. વ્યક્ત પ્રત્યે ઉદાસીન પ્રદ્યોતમાન છે. આહાહા..! એ શું કહે છે? પર્યાય પ્રત્યે ઉદાસીન પ્રદ્યોતમાન છે.

પોતે પોતા વડે અનુભવમાં આવતો એવો જે આત્મા એ વ્યક્ત પ્રત્યે ઉદાસીન પ્રદ્યોતમાન છે. આહાહા..! એક સમયની પર્યાયમાં એ ટકતું નથી. આમ ફરી ફરીને આમ આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? મુનિઓને તો ફરી ફરીને આત્મા ત્યાં આવે છે. સમ્યગ્દૃષ્ટિને દૃષ્ટિની અપેક્ષાએ તો ત્યાં જ છે વાસ. અસ્થિરતા જરી છે. આહાહા..! જ્યાં જે આત્મા ઉપલબ્ધિ થઈ, પર્યાયમાં ઉપલબ્ધિનો અર્થ કે જેવો આત્મા છે તેવું અંદર જ્ઞાનની પર્યાયમાં જણાણું. આહાહા..! ભલે એ ચીજ વસ્તુ છે એ પર્યાયમાં આવી નહિ. કારણ કે પર્યાયમાં ક્યાંથી? વસ્તુ તો વસ્તુમાં છે. પણ એને ઉપલબ્ધિ થઈ પર્યાયમાં કે આ આત્મા. જે જ્ઞાનની પર્યાયે રાગ અને પરને માન્યો ત્યાં આત્માની ઉપલબ્ધિ નહોતી જ્ઞાનમાં. જ્ઞાનની પર્યાયમાં એનીકોર ઢળતાં આ આત્મા શુદ્ધ અખંડ અભેદ પૂર્ણાનંદ સ્વરૂપ એ આત્માની પર્યાયમાં પ્રાપ્તિ થઈ એમ કહેવાણું. આહાહા..! સમજાણું કાંઈ? એ આત્માની ઉપલબ્ધિ પ્રાપ્તિ થઈ, આત્મા એમાં આવ્યો નથી. સમજાણું કાંઈ? સુજાનમલજી! આવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયમાં એ આખી ચીજ આવી છે એનું જ્ઞાન આવી ગયું. એટલે ઉપલબ્ધિ થઈ ગઈ આ આત્મા એમ પ્રાપ્તિ થઈ ગઈ. પ્રાપ્તિ થઈ એનો અર્થ એ આત્મા પર્યાયમાં આવ્યો નથી. આહાહા..! પણ પર્યાયમાં એ જેવડો છે, જેવો છે એનું જ્ઞાન આવ્યું. એટલે આત્મ ઉપલબ્ધિ થઈ ગઈ એમ કહ્યું. આહાહા..!

એને શુદ્ધાત્મા જ નિશ્ચલ છે. જે છે એ નિશ્ચલ. ચિત્તની આકુળતારહિત છે. આહાહા..! જેમાં વિકલ્પનું સ્થાન નથી જેમાં. એ તો નિર્વિકલ્પ ચૈતન્ય દ્રવ્ય છે એની પ્રાપ્તિ પર્યાયમાં થઈ. આહાહા..! એમ શબ્દ છે ને? આત્મસ્વરૂપની ઉપલબ્ધિ થઈ. એટલે કે જે આત્મા દ્રવ્યસ્વભાવે શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ એનું અસ્તિત્વ હતું એ પર્યાયમાં ખ્યાલમાં નહોતું આવ્યું, પર્યાયમાં રાગ અને પરનું ખ્યાલમાં આવ્યું હતું, એ પર્યાયમાં આ દ્રવ્ય આવું પૂર્ણ છે, શુદ્ધ છે, અભેદ અખંડ છે એવું

પર્યાયમાં એનું ભાન થઈ ગયું (તો) દ્રવ્યની પર્યાયમાં ઉપલબ્ધિ પ્રાપ્તિ થઈ. આહાહા..! સમજાણું કાંઈ? કાંતિભાઈ! આવો માર્ગ છે, બાપા! અરે.. એને દેહને છૂટવાને કાળે એને આ આત્મા પરથી ભિન્ન છે અનુભવ થયો હશે એને ત્યાં છૂટવામાં નિર્વિકલ્પતા રહેશે. ત્યાં ભિન્ન રહેશે બાકી ભીંસાઈ જશે. આહાહા..!

અનાદિનો દેહનો આ અભ્યાસ અને દેહમાં કાંઈક રોગ થાય. દેહમાં રોગ આવે તો મને રોગ આવ્યો, એમાં શૂળ ચડે, શૂળ ચડે. આહાહા..! આંચકા મારે. કોણ હમણાં કહેતું હતું આંચકા મારે. આ આ.. ને... આંચકા મારે. દેહની ક્રિયા થાય. પણ ત્યાં એનું વસ્તુસ્વરૂપ જે છે, જે રીતે અને જેવડું. એવું જેને જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી તો એની બુદ્ધિ રાગમાં જ જાય છે. એના જ્ઞાનમાં રાગની પ્રાપ્તિ છે. આહાહા..! એવો અનાત્મદર્શી અરણ્ય અને ગામનો ફેર પાડે છે એમ કહે છે. આહાહા..!

જેને પર્યાયમાં વસ્તુ આવી છે સામાન્ય ધ્રુવ, એ ધ્રુવની પર્યાયમાં પ્રાપ્તિ થઈ. એ આત્મા નહોતો પર્યાયમાં એ આત્માનું (જ્ઞાન) આવ્યું, એ આત્મા આવ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? એ પર્યાયમાં આત્મા નહોતો, એની પર્યાયમાં રાગાદિ એ હતું. એ પર્યાયમાં આત્મા આવ્યો. આહાહા..! એને કહે છે કે નિવાસસ્થાન તો આત્મા છે હવે. જેઠાભાઈ! આવી વાતું છે. આહાહા..! એનું નિવાસસ્થાન તો અસંખ્ય પ્રદેશી આનંદધામ એ છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને આ ગામ અને રણ એવા ભાગ પાડીને વાસ માને છે. એ પરમાં ક્યાં વાસ છે એને? જંગલમાં છે આત્મા? ગામમાં આત્મા નથી?

મુમુક્ષુ :- માટે જંગલમાં મુનિઓ રહે છે.

ઉત્તર :- એનો તો કાંઈ બિચારાને... અરે.. એની કાંઈ આપણે વ્યક્તિને શું કહીએ? વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા..!

ઓહોહો..! મુનિપણું એટલે.. હજી સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે. આહાહા..! વ્યવહારના ક્રિયાકાંડો કરે એ સાધુપણું અને એ મુનિપણું. આહાહા..! એવું તો અનંતવાર અભવિએ માન્યું અને ભવિએ પણ માન્યું હતું. અને એવી (ક્રિયા) ક્યાં છે? નવમી ગ્રૈવેયક જૈનદર્શનની વ્યવહાર ક્રિયાવાળો દ્રવ્યલિંગી જે ગયો એવી ક્રિયા ક્યાં છે અત્યારે? આહાહા..! વ્યક્તિને માટે નથી. સૌને જવાબદારી તો તેના પરિણામની સૌને સૌનામાં છે બાપુ! એ કાંઈ જવાબદારીનું બીજાને કાંઈ નુકસાન લાભ નથી. આહાહા..! ઓહોહો..! શું વાત કરી!

જેને જ્ઞાનની પર્યાયમાં આત્મા પ્રાપ્ત થયો. આહાહા..! આત્મા જડ્યો, હાથ આવ્યો. એય..! જ્ઞાનની દશામાં જે રાગ હાથ આવ્યો હતો. એક સમયનો અંશ તે હું એને હાથ એ આવ્યું. એ અનાત્મદર્શી છે. આહાહા..! જેના જ્ઞાનની પર્યાયમાં અને શ્રદ્ધાની પર્યાયમાં. શ્રદ્ધા પચવે છે ને પૂર્ણને? પૂર્ણ એની પર્યાયમાં આવતો નથી, તેમ પર્યાય પૂર્ણમાં જાતી નથી. આહાહા..! બે ધર્મો ભિન્ન છે ને? છતાં અહીં કહ્યું કે '**दृष्टात्मनां निवासस्तु**' એમ કહ્યું ને. '**दृष्टात्मनां**' જેને આત્મા

દૃષ્ટિમાં આવ્યો છે, એમ કીધું ને પાઠમાં? ભાઈ! એમ આવ્યું હતું. '**ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽ नात्मदर्शिनाम्।**' આહાહા..! શું પણ આચાર્યોએ, આહાહા..! મુનિઓએ કામ કર્યા છે. '**दृष्टात्मनां निवासस्तु**' પણ જેણે આત્માને પ્રાપ્ત થયો છે, દેખ્યો છે એમ કહે છે. આહાહા..! પર્યાયબુદ્ધિવ-ળાએ આત્મા દેખ્યો નથી. દ્રવ્યદૃષ્ટિ એટલે કે દૃષ્ટિ જે દ્રવ્યની થઈ ત્યારે એણે આત્માને દેખ્યો. આહાહા..! આવું છે બાપુ માર્ગ આ.

પાઠમાં તો '**दृष्टात्म**' છે ને? '**दृष्टात्मनां**' એટલે કે આત્માના સ્વરૂપનો અનુભવ થયો એટલે પર્યાયમાં આત્મા છે એવો દેખાણો, છે એવો અનુભવ થયો, છે એની પ્રાપ્તિ થઈ. આહાહા..! એને તો નિવાસસ્થાન તો આત્મા છે. આહાહા..! આ બહારના મકાન ને ફકાન ને ગામ ને અપાસરા ને, એ એનું નિવાસસ્થાન નહિ કહે છે. આહાહા..! એમ અરણ્યનું નિવાસસ્થાન એનું નહિ. આહાહા..! જેને પર્યાયમાં દ્રવ્ય હાથ આવ્યું-એ દ્રવ્ય જ્યાં પર્યાયમાં જણાણું, ત્યાં પર્યાયનું વાસ ત્યાં દ્રવ્યમાં છે. પર્યાય તો પર્યાયમાં રહી છે. સમજાણું કાંઈ? પણ એ પર્યાયનું ધ્યેય જે દ્રવ્ય છે જણાણું એના ઉપર એનું જોર છે રહેવાનું. આહાહા..! સમજાણું કાંઈ? ચેતનજી! આવી વાતું છે. આ બધા ના પાડે. અરણ્યની ના પાડી. અરણ્ય અને ગામ એ તો અનાત્મદર્શી માટે. એને આ સિદ્ધ કરવું છે ને. એટલી વાત. માટે તે વ્યવહાર ઉડાવે છે અને માટે તે નિશ્ચયાભાસ છે. એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

જેને પર્યાયમાં દ્રવ્ય ભાસ્યો નથી એને આ રહેવું અહીં રહેવું, ગામમાં રહેવું, જંગલમાં રહેવું, એકાંતમાં રહેવું—એવા ભેદ એને પાડે છે એમ કહે છે. વસ્તુ જેને હાથ આવી... આહાહા..! જેને પર્યાયમાં પ્રભુ પ્રાપ્ત થયો. ઓલા પેંડાવાળા છે કોક. એની માથે એવું લખ્યું છે. રાજકોટના પેંડાવાળા. કોક છે. વેદાંતના ચારેય પડખે લખ્યું છે. ભાષા બહુ. રામ સચ્ચિદાનંદ પ્રભુ જ્યાં છે ત્યાં બીજું રાગાદિ છે નહિ. એણે વ્યાપક કીધું. આ પેંડાવાળા ભાઈ હોય છે ને ઓલું બોક્સ. બોક્સ. રામજીભાઈ લાવ્યા હતા આજે પટેલ. રાજકોટથી. એમાં ચારેય બાજુ .. ભલે વેદાંતની શૈલી. સર્વવ્યાપક ભગવાન છે પણ જેનો પ્રેમ થાય તેને દેખાય છે.

મુમુક્ષુ :- પેંડા ઉપર લખ્યું

ઉત્તર :- પેંડાના બોક્સ ઉપર. બોક્સ ઉપર લખ્યું હતું. આહાહા..! રામ સચ્ચિદાનંદ પ્રભુ ત્યાં બીજું ક્યાં એમાં છે કાંઈ? ભલે એણે એ માન્યું પણ વસ્તુસ્થિતિ તો અહીં છે. સર્વવ્યાપક એ કાંઈ ક્ષેત્રથી નથી. વિભુ પોતાના અનંતગુણમાં વ્યાપક છે. આહાહા..! અને પર્યાય બધાને જાણે એ અપેક્ષાએ વ્યાપક કહેવામાં આવે છે. આહાહા..! કારણ કે એક સમયની પર્યાય એ વસ્તુ જે દ્રવ્ય આખી છે પરમાત્મસ્વરૂપ, એને જેણે પર્યાયમાં હાથ લઈ લીધો એને એ પર્યાયમાં લોકાલોકનું પણ જ્ઞાન હાથ આવી ગયું. આહાહા..! એટલે એને માટે આ સ્થાન ઠીક અને આ સ્થાન ઠીક નહિ. આહાહા..!

હવે આને કોઈ એમ કહે કે આ તો નિશ્ચયની એકલી વાત કરી. અરણ્યમાં રહે નહિ? ભાઈ!

સાંભળને કઈ અપેક્ષાએ વાત છે? એમ ટીકા ન થાય. આહાહા..! પોતે અરણ્યમાં રહે—જંગલમાં રહે, ગામમાં રહે નહિ અને વળી કહે કે અરણ્યમાં રહે એ અનાત્મદર્શી. એય..!

મુમુક્ષુ :- એ તો દ્રવ્યની અપેક્ષાથી.

ઉત્તર :- એ તો કઈ અપેક્ષાએ બાપુ! જ્યાં જાય પોતામાં છે એ. આહાહા..!

શ્રીમદ્‌ને પૂછ્યુંને કોઈએ. શ્રી કૃષ્ણ ક્યાં છે ભાઈ! શ્રીકૃષ્ણ આત્મામાં છે. લોકોને બહારની ઓલી ગતિ-ફતિના તકરાર હોય છે ને એના વાંધા. એ જ્યાં છે ત્યાં આત્મામાં છે ભાઈ! એ રાગમાં અને નરકના સ્થાનમાં એ નથી. આહાહા..! વ્યવહાર હોય એને જાણે છે. ભાઈ! આત્મજ્ઞાન અને આત્મદર્શન તો અલૌકિક ચીજ છે. આત્મદર્શન ને? આત્મદર્શન ને? અને આત્મજ્ઞાન ને? આહાહા..!

પૂર્ણ સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જેની પર્યાયમાં ભાસ્યું એ પરમાત્માપણું પર્યાયમાં ભાસ્યું. પરમાત્મા એટલે પરમસ્વરૂપ જે છે પરમ પારિણામિક જ્ઞાયકભાવ. આહાહા..! એ પર્યાયમાં ભાસ્યું એને તો નિવાસ આત્મામાં છે હવે. વનવાસનો અહીં નિષેધ કર્યો છે એમ નથી. ફક્ત વનવાસ અને ગામમાં ફેર પડે આત્માનું સાધન થાય એવું નથી. આહાહા..! ગામને નજીક તો શિયાળીયા અને કુતરા હોય, એમ કહે. લખ્યું હતું એમ ભાઈએ. મોક્ષમાર્ગ પ્રકાશમાં. એવી વાત છે. જંગલના ઢોર પણ ગામની સમીપે ન રહે. કુતરા અને શિયાળીયા એવા નજીક આવીને રહે. આહાહા..!

એમ જેને અરણ્યમાં પોતાનું સાધન થાય છે એવી વસ્તુની સ્થિતિ અરણ્યને લઈને નહિ. આહાહા..! ભગવાન આત્મા જ્યાં અંદર દૃષ્ટિમાં આવ્યો, વસ્તુ દૃષ્ટિમાં આવી અને વસ્તુ જ્ઞાનની પર્યાયમાં આવી એટલે જણાણી એમ. 'તે તો પ્રભુએ આપિયો.' આવે છે ને? લ્યો આત્મા આપ્યો એનો અર્થ શું થયો? કે પર્યાયમાં જે આત્મા નહોતો એ જણાણો એ આત્મા આવ્યો. એ આત્મા પ્રાપ્ત થયો. આહાહા..!

મુમુક્ષુ :- ગુરુએ આપ્યો એમ.

ઉત્તર :- એ વ્યવહારની વાતું. પર્યાયમાં દ્રવ્ય આવ્યું એ વ્યવહારની વાતું. દ્રવ્ય ક્યાં આવ્યું? દ્રવ્ય તો દ્રવ્યમાં છે. ઉપલબ્ધિ થઈ. પર્યાયમાં તેવડો જેટલો છે તેનું જ્ઞાન થયું એટલે ઉપલબ્ધિ થઈ એમ કહેવામાં આવ્યું. ભાઈ ભાષાની ઉપર પકડે તો આરો નહિ આવે. એનો હાર્દ શું છે? ભાવ શું છે? ઓહોહો..!

એ શરીરના અવયવે અવયવથી છૂટું પડવું હોય જ્યારે, ત્યારે જેને છૂટો આત્મા જ્ઞાનની પર્યાયમાં આવ્યો નથી જેને, એને તો ત્યાં ભીંસાઈ જશે. પ્રતિકુળતા થતાં એને દ્વેષ થયા વિના રહેશે નહિ. કારણ કે આત્મા જે વસ્તુ છે એ પર્યાયમાં તો આવી નથી, ત્યારે એ પર્યાયમાં તો આ આવ્યું. આહાહા..! શરીરમાં પ્રતિકૂળતા થાય, તો મને દુઃખ એને લઈને થયું એમ માન્યું એણે. આહાહા..! અને દેહ છૂટવા ટાણે આમ આંતરડે આંતરડા... છૂટું પડવું છેને અસંખ્ય પ્રદેશથી. છૂટું તો છે. પણ એ અત્યારે અજ્ઞાનીને ક્ષીરનીરની પેઠે ભેગું દેખાય છે. બાકી ક્ષીર ક્ષીરમાં—દૂધ દૂધમાં અને પાણી પાણીમાં છે. ઓહોહો..! દિગંબર સંતોએ કેવળજ્ઞાનનો કક્કો ઘુંટાવ્યો છે. કેવળજ્ઞાન કેમ પ્રાપ્ત થાય?

પૂર્ણદશા કેમ પ્રાપ્ત થાય? કે પૂર્ણની દૃષ્ટિમાં લેવાથી અને પૂર્ણમાં સ્થિર થવાથી કેવળજ્ઞાન થાય. આહાહા..! એ સંહનન છે માટે કેવળજ્ઞાન થાય, મનુષ્યપણું મળ્યું માટે થાય એમ નથી. આહાહા..! આ તો મારગડા અંદરની જેને પડી હોય એની વાતું છે, ભાઈ! એકલી વાતું કરીને રાજી થઈ જાય. આપણને આવડ્યું, આપણે શીખ્યા. હવે આપણે કાંઈ નવું શીખવાનું નથી. આહાહા..! સમજો છો? ભાષા સમજો છો ને? ગુજરાતી થોડી થોડી. એ તો અભ્યાસ થઈ જાય તો થઈ જાય હોં.

આપણે ભાઈ આવ્યા છે રોહતક. શું નામ? જયંતિપ્રસાદ. નામ શું? જ્યોતિપ્રસાદ. રોહતકથી આવ્યા છે. થોડી થોડી ભાષા ગુજરાતી. અહીં હિન્દી ચાલે છે જ્યારે ઓલું ક્લાસ ચાલશેને ત્યારે. હિન્દી લોકો આવે ત્યારે હિન્દી ચાલે. પણ આવું તત્ત્વ ચોખ્ખું હિન્દીમાં આવવું બહુ મુશ્કેલ છે. આ તો સહેજે અંદરથી.. ઓહોહો..!

'**ભાવાર્થ :– જેને આત્માનો અનુભવ નથી,...**' એટલે આત્મા શું ચીજ છે તેની પર્યાયમાં પ્રાપ્તિ નથી. આહાહા..! અને એની પર્યાયમાં રાગની અને પરના નિમિત્તની પ્રાપ્તિ છે. આહાહા..! એવા '**ભેદ–જ્ઞાન નથી તે પુરુષને જ ગામ કે જંગલમાં વસવાનો વિકલ્પ આવે છે.**' એ પણ વ્યવહારથી બાકી.. મુનિને પણ આવે છે. પણ એ તો એકાંતમાં સ્થાન હોય છે એવો વિકલ્પ આવે. પણ એકાંતમાં સ્થાન છે માટે આત્મસાધન ત્યાં વધારે થાશે એમ નથી. આહાહા..! જંગલમાં રહેવાનો જ વિકલ્પ હોય છે. પણ એ જંગલમાં રહીશ માટે આત્મામાં નિવાસ વધારે થાશે એવો વિકલ્પ નથી. સમજાણું કાંઈ?

'**તે પુરુષને જ ગામ કે જંગલમાં વસવાનો વિકલ્પ આવે છે.**' '**જે આત્મદર્શી છે–જેમને આત્માનો અનુભવ છે...**' આહાહા..! આત્માનો અનુભવનો અર્થ કે પર્યાયમાં, આત્મા છે એવું જ્ઞાન આવે છે, એવો અનુભવ છે એમ. '**તેમનું નિવાસસ્થાન વાસ્તવમાં પોતાનો શુદ્ધાત્મા જ છે.**' આહાહા..! દેહ છૂટતા કોઈને નિર્વિકલ્પદશા પણ હોય, કોઈને સવિકલ્પ હોય છતાં સમાધિમરણ છે. કેમકે એ દૃષ્ટિ ને પર્યાયનું જોર ત્યાં દ્રવ્ય ઉપર છે અને આવું દ્રવ્ય છે એનું એને ભાન થઈ ગયું છે. એથી કદાચિત મરતાં, દેહ છૂટતાં વિકલ્પ હોય કે આ.. આ.. આમાં કાંઈક થાય છે તે હું. ઉપસર્ગ–પરિષહનો ખ્યાલ પણ આવી જાય અને દેહ છૂટી જાય. પણ છતાં પર્યાયમાં જે દ્રવ્યનું ભાન થયું છે એથી એને વિકલ્પ ત્યાં નુકસાનકર્તા સમાધિને નથી. આહાહા..! નિર્વિકલ્પ દેહથી છૂટે એ તો જબ્બર અભ્યાસ. સમજાણું કાંઈ? વિકલ્પમાં હો, અંદર સમાધિમાં પડ્યો છે. દેહથી ભિન્ન અને રાગથી પણ ભિન્ન એવી પર્યાયમાં વસ્તુની પ્રાપ્તિ થાય છે, એને વિકલ્પની પ્રાપ્તિ પર્યાયમાં નથી થઈ. આહાહા..! સમજાણું કાંઈ? અરે.. એક દિ' એવું આવશે. આ ભવમાં આવશે? આહાહા..!

મુમુક્ષુ :– નજીક આવતો જાય છે ને દરેકને.

ઉત્તર :– નજીક આવતો જાય છે. જેટલા જેટલા દિવસો જાય એટલા મરણની સમીપે જાય છે. પ્રાણભાઈ આઘા બેઠા છે. પ્રાણભાઈ! જીજ્ઞાસુ બહુ છે. બોટાદમાં એક પાક્યા છે એ. આહાહા..!

વસ્તુ એની વસ્તુની દૃષ્ટિનું–રુચિનું જોર એને જોઈએ પહેલું. એ રુચિના જોરે જ્યારે અનુભવ

થાય ત્યારે પર્યાયમાં આત્મા આવી ગયો. આહાહા..! નહોતો. રખડતો (હતો એટલે) નહોતો જ એની પર્યાયમાં. આહાહા..! એને કહે છે **'નિવાસસ્થાન વાસ્તવમાં પોતાનો શુદ્ધાત્મા જ છે.'** આહાહા..! આવું હવે વ્યાખ્યાન. ગીરધરભાઈ! ઓલું ઝપટ બોલાવતા હોય આમ બધા ૫૦ હજાર માણસ, લાખ માણસની અંદર. આમ થાય ને આમ થાય ને આમ થાય. બાપુ! બધા માર્ગ સરખા છે, બધા પ્રત્યે સમભાવ રાખો.

પોતપોતાના ધર્મમાં જે જે માણસ પડ્યા છે તે બધા ધર્મના સાધક જ છે. એમ કહે. આહાહા..! બધાને સારું કેવું લાગે! આહાહા..! ધર્મનું સાધક તો ધર્મી જે ચીજ છે વસ્તુ એ દૃષ્ટિમાં ન આવે, જ્ઞાનમાં ન આવે ને સાધક ક્યાંથી થાય? એને સમન્વય નાખવો ક્યાંથી? આહાહા..! એ ગાયુ હતું હમણાં ત્યાં. ભાવનગરમાં નહોતું ગાયું? દેરાવાસી છેને એક પંડિત. ત્યાં હતા તમે આવ્યા હતા ભાવનગર? આ પંચકલ્યાણક વખતે. હા એ. રાતે નહોતું ગાયું? કલાક, સવા કલાક ગાયું હતું. કલાક. પંદરસો રૂપિયા આપ્યા હતા એક કલાકના. એવું કરીને આવેલા નક્કી કરીને એટલે શું કરે? હતું તો કાંઈ નહિ.

મુમુક્ષુ :- પિનાકીન શાહ.

ઉત્તર :- હા, તમારે ત્યાં આવ્યા હતા. અહીં હમણાં એમને ત્યાં આહાર હતો ને અમારે. નજીક પ્લેનમાં આવવું હતું ત્યારે આહાર હતો. આહાર પહેલાં પહોંચ્યા હતા અમે વહેલાં એટલે ત્યાં આવ્યા હતા. બે ગાયન બોલ્યા હતા.

ઊંચા મંદિર ને માળિયા, સોડ તાણીને સૂતો,

કાઢો કાઢો રે એને સહુ કહે, જાણે જન્મ્યો જ નહોતો.

પણ એ તો વૈરાગ્યની વાતું. મૂળ તત્ત્વની દૃષ્ટિ વિનાનો વૈરાગ્ય હોઈ શકે જ નહિ.

મુમુક્ષુ :- વૈરાગ્ય પણ નથી.

ઉત્તર :- એ વૈરાગ્ય ક્યાં છે? આહાહા..!

મુમુક્ષુ :- વૈરાગ્ય તો આત્માનો ...

ઉત્તર :- અંદર અસ્તિત્વનું ભાન થઈ અને રાગથી ભિન્ન પડે તે વૈરાગ્ય છે. આહાહા..! 'સગી નારી રે તારી કામની, ઊભી ટગ ટગ જોવે રે, આરે કાયામાં હવે કાંઈ નથી, ધ્રુસકે ધ્રુસકે રોવે.' બે ગાયન બોલ્યા હતા ને નહિ? બે બોલ્યા હતા. આહાર વખત પછી વખત હતો ને. વહેલા આવ્યા હતા ને ત્યાં. દિશાએ બહાર ગયા હતા, ગામમાંથી આવવું હતું. આ તમારા દાદ..ના દર્શન કરીને. દાદ..ના દર્શન કરીને ગયા હતા ને ત્યાં. તમારે ત્યાં વહેલા આવ્યા હતા. પછી આહાર કરવાની વાર હતી ત્યાં એ ગાયું હતું. કીધું, લોકો આવી વાતમાં બધું માની લે કે આહાહા..!

પણ જેને આત્મા દૃષ્ટિમાં નથી આવ્યો એના વૈરાગ્ય જ કહેવાય નહિ એને. એ તો મિથ્યાત્વ-સહિત મંદ કષાય હોય. આજે જ લેખ આવ્યો છે એમાં હોં પાછો. કાંતિલાલનો. બીજેથી ઓલું તે દિ' ગેજેટમાં આવ્યો છે. આજે વાંચ્યો. તે દિ' વાંચ્યો નહોતો. વિશુદ્ધભાવથી નિર્જરા થાય છે. એ

રાગ નથી, ભલે રાગ સાથે હોય. અરે.. અરે.. ભગવાન! દુનિયાને સારું લાગે અને પોતાની માન્યતાનું પોષક થાય, વિશુદ્ધભાવ (સાથેનો) રાગ બંધનું જ કારણ છે. અંશે પણ નિર્જરાનું કારણ નથી. હા, ભલે શુભભાવથી એને જરી અશુભ ટળે થોડું, પણ એ કાંઈ અશુભ મૂળ ટળતું નથી. આહાહા..!

અહીં તો કહે છે જેને '**તે રાગ-દ્વેષાદિ રહિત અને નિશ્ચલ હોવાથી,...**' આત્મા. શુદ્ધાત્મા પોતાનો આત્મા છે એ રાગ-દ્વેષાદિ રહિત અને નિશ્ચલ હોવાથી '**તેમને ગ્રામ નિવાસ માટે કે વનનિવાસ માટે પ્રેમ હોતો નથી...**' બસ એટલું. '**અને તેમનું ચિત્ત સંકલ્પો-વિકલ્પોથી આકુલિત હોતું નથી. તેઓ ગ્રામ કે વનને પોતાના આત્મસ્વરૂપથી બહિર્ભૂત સમજે છે;...**' બેય બહાર છે ને? '**તેથી કોઈમાં પણ આસક્તિ રાખવી કે તેને પોતાનું નિવાસસ્થાન માનવું એ તેમને ઈષ્ટ નથી. તેઓ તો શુદ્ધાત્મસ્વરૂપને જ પોતાની વિહાર-ભૂમિ...**' આહાહા..! ત્યાં વિહાર કર નથી આવતું? સમયસારમાં. ત્યાં વિહાર કર, ભાઈ! તારું નિવાસસ્થાન મહાપ્રભુ છે.

'**તેઓ તો શુદ્ધઆત્મસ્વરૂપને જ પોતાની વિહાર-ભૂમિ બનાવે છે અને તેમાં જ સદા રમ્યા કરે છે.**' વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**અષાઢ સુદ ૨, શુક્રવાર તા. ૧૧-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૭૩-૭૪,**
**પ્રવચન - ૮૬**

૭૩ ગાથાનું છેલ્લું છે. જ્યાં જ્યાં આત્માનું ભાન થયું છે... નથી થયું એને આત્માનું ભાન કરવું એ વાત. પોતાનો સ્વભાવ શુદ્ધ ધ્રુવ છે એમાં પર્યાયને પ્રસરાવવી. પર્યાયને દ્રવ્ય તરફ ઢાળવી. એ પહેલું કર્તવ્ય છે. આત્મજ્ઞાન એટલે જે જ્ઞાનની પર્યાયમાં આત્મા દ્રવ્ય આવે એટલે કે એનું જ્ઞાન આવે. એ પહેલામાં પહેલું કર્તવ્ય તો આ છે. હવે કહે છે કે જેને આત્મજ્ઞાન થયું અને દર્શી—આત્મ-દર્શી એટલે દૃષ્ટિમાં, એ આત્મા છે એવો અનુભવમાં આવ્યો એને બહારના આસનોની કાંઈ જરૂર નથી. એ ગામ રહે કે અરણ્યમાં રહે તો એને લાભ થાય એવું કાંઈ છે નહિ. આહાહા..! એને તો અંદર આત્માનું જ અવલંબન છે.

એને **ચટાઈ** હોય તો એનો પણ આધાર એનો આશ્રય નથી. છે ને? છેલ્લી બે લીટી. પોતે જ આત્મા આનંદસ્વરૂપ ધ્રુવ, જેમાંથી પર્યાય ઊભી થાય છે. એ પર્યાયનો આધાર જે ધ્રુવ છે એનો જ્યાં અંતર અનુભવ થયો એને હવે વિશેષ આગળ જતાં ધ્યાન માટે એ આત્મા જ સાધન છે. એને ચટાઈ સારી હોય તો ત્યાં ધ્યાન થઈ શકે, એવું છે નહિ. આહાહા..!

'**પત્થર,...**' સારા હોય બેસવાની શિલા બરાબર આમ. એ પણ કાંઈ આત્માના અવલંબનના

ભાવમાં એની કોઈ જરૂર નથી. આહાહા..! '**ઘાસ,...**' સુંવાળુ ઘાસ હોય બેસવાનું તો એને ઠીક પડે ધ્યાન માટે એવું કાંઈ છે નહિ. આહા..! નદીમાં, દરિયામાં નાખ્યા સાધુને. આહાહા..! ત્યાં તણાતા તણાતા પણ આત્માના ધ્યાનમાં હતા. આહાહા..! એમાં એકાગ્ર થઈને ત્યાં કેવળજ્ઞાન પામ્યા છે લ્યો. ત્યાં આસન પણ કાંઈ નથી. આહાહા..!

જેને આત્મા ધ્યેય સ્વરૂપમાં પકડાયું છે એને ધ્યાનને માટે એ અવલંબન આત્મા છે. આહાહા..! કહો, મેરુ પર્વત ઉપર આમ પછાડે સાધુને. હવે એમાં ત્યાં આત્મા ઉપર ધ્યાન લગાવ્યું છે. આહાહા..! બહાર ઉપરથી વિકલ્પથી ખસી જઈને, અંતરના ધ્યાનમાં મોટો આધાર ભગવાન આત્માનો છે ત્યાં. આહાહા..! તે શરણ છે, તે આધાર છે. એને આવા બહારના જમીન અનુકૂળ હોય તો ધ્યાન થાય એવું કાંઈ છે નહિ. નિસ્સાર છે. આહાહા..! નિસ્સાર છે ને છેલ્લે? એવું જ્ઞાનીજનોએ માન્યું છે. છે નિસ્સાર જુઓ પાછળ.

'**આત્મસ્વરૂપના અનુભવ માટે ગ્રામ-અરણ્યની જેમ અન્ય પદાર્થો પણ નિસ્સાર છે;...**' છે? આહાહા..! જ્યાં દૃષ્ટિમાં અને જ્ઞાનની પર્યાયમાં ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ જ્યાં આવ્યું, એને હવે બીજા આધાર અને અવલંબનની જરૂર નથી. આહાહા..! છતાં એ સામાયિક કરે ત્યારે શું એવું પણ આવે છે રત્નકરંડ શ્રાવકાચારમાં. સામાયિક બેસે, વાળ-બાળ બાંધવા, કપડા આમ કરવા. લૂગડા ફર ફર થાય ને આમ. એ બધી વ્યવહારની વાતું છે. આવે છે ને સામાયિક? શ્રાવકરત્નકરંડ, સામાયિક વખતે સુખે કરીને ધ્યાન થઈ શકે એવું આવે છે. વ્યવહારની વાત આવે તો એમ બતાવે. આહાહા..! એટલે બહારના કપડા ફર ફર થાય તો ધ્યાન ન થાય એવું કાંઈ છે નહિ. અહીં તો મુનિની અપેક્ષાએ વાત છે ત્યાં એને કપડા-બપડા.. લૂગડા જ નથી જ્યાં.. આહાહા..! એકલું શરીર, નગ્નદશા. આહાહા..! એને અંતર ધ્યાનને માટે બહારના કોઈ પદાર્થ નિસ્સાર છે—સાર છે નહિ. આહાહા..!

કહ્યું નહોતું કે ભગવાન શું ધ્યાન કરે? ભગવાન તો કેવળી છે. એ ભગવાન આનંદનું ધ્યાન કરે. આહાહા..! આનંદને અનુભવે એમ વાત છે. આહાહા..! પ્રશ્ન ચાલ્યો છે ને. કેવળી ધ્યાન શું કરે? કે એ તો આનંદનું સ્વરૂપ જે પ્રગટ્યું છે એને વેદે છે. એને ધ્યાન કહેવામાં આવે છે. આહાહા..! નીચલી દશામાં પણ આનંદસ્વરૂપ ભગવાન આત્મા, જે દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આવ્યો છે એનું સ્વરૂપ આવ્યું છે પર્યાયમાં. એ પર્યાય ત્યાં જ વળ્યા કરે છે વારંવાર. આહાહા..! એના આલંબન ધ્યાનને માટે તો આત્મા છે. કહો, સુજાનમલજી! આહાહા..! પરમસત્ય વાત છે.

એ ગુફામાં જાવું અને એકાંતમાં જાવું ત્યાં ધ્યાન... પણ ધ્યાન કરનારો તો ત્યાં બધે તું છો. એટલે અંતરમાં વળવું છે એને માટે બહારના કોઈ સાધન અનુકૂળ હોય કે એ કાંઈ છે નહિ. આહાહા..! એટલું નિરાલંબન. નિરાલંબન આત્મા. સમવસરણ (સ્તુતિ)માં આવ્યું છે ને. જેવો નિરાલંબ આત્મા એવો નિરાલંબ ભગવાન આમ. અદ્ધર. શું કહેવાય એ? કમળ. સિંહાસન હોય અને એના ઉપર શું કહેવાય એ? ગંધકુટી. ગંધકુટીમાં બેસે નહિ કાંઈ ભગવાન. દેહસહિત કેવળી છે.

તો એ ગંધકુટીને નીચે શરીર ન અડે એનું. અદ્ધર રહે. આહાહા..! એવી દશા થઈ જાય છે. કરવી છે ક્યાં એને કે આમ કરવું છે કે આમ કરવું છે? આહા..!

અને કેવળીઓ પણ તીર્થંકરની સભામાં હોય છે. એ કાંઈ સાંભળવા માટે બેઠા છે? એ જાતની યોગ્યતાને કારણે શરીર ત્યાં થંભી ગયું. કેવળજ્ઞાન છે એને સાંભળવું છે ક્યાં અને કહેવું છે ક્યાં? ભગવાનની વાણી નીકળે છે ત્યાં. એ તો ધ્યાનમાં છે. આનંદના ધ્યાનમાં છે એ ટાણે તે. આહાહા..! પણ એ આનંદસ્વરૂપ છે એવું દળ છે આત્મા એવું એને ધ્યાનમાં, સમકિતમાં આવવું જોઈએ. જે કાંઈ તું સુખ માગે છો, આનંદની ભાવના તારી. એ ભાવનાને સાર્થક કરનાર તો આત્માનું સ્વરૂપ છે, કારણ કે એ આનંદસ્વરૂપ છે. આહાહા..! એને સ્પર્શવાથી, પર્યાય એને સ્પર્શે (તો) એ આનંદની દશા પ્રગટ થાય, એના આધાર માટે તો આત્મા છે? આહાહા..!

આ તો પાંચમા આરાના સાધુ છે. કોઈ કહે આ તો ચોથા આરાની વાત છે. આહાહા..! આરો ફારો ત્યાં કાંઈ છે? ચોથો પણ નથી અને પાંચમો પણ નથી. મુનિ પોતે કુંદકુંદાચાર્ય પાંચમા આરાના સાધુ, અમૃતચંદ્રાચાર્ય પાંચમા આરાના સાધુ છે લ્યો. આ બધા બીજા છે. આહાહા..! એ લાકડાનું પાટિયું સારું હોય બેસવાનું સુંવાળુ સરખું તો ધ્યાન થાય એમ છે નહિ કહે છે.

'**વગેરે ધ્યાન માટે નિસ્સાર છે,...**' છે? આહાહા..! '**नो फलको विनिर्मितः**' એ ને? ઓલીકોર છે ને શ્લોક?

**न संस्तरोऽश्मा न तृणं न मेदिनी, विधानतो नो फलको विनिर्मितः**

**यतो निरस्ताक्षकषायविद्विषः, सुधीभिरात्मैव सुनिर्मलो मतः।।२२।।**

ધર્માત્મા જ્ઞાનીનો તો આ મત છે કહે છે. આહાહા..!

'**કારણ કે જેણે રાગ-દ્વેષ અને વિષય-કષાયરૂપી શત્રુઓને દૂર કર્યા છે તેવા પુરુષને તો તેનો આત્મા જ ધ્યાન માટે સાચું અત્યંત નિર્મળ આસન છે...**' આહાહા..! એ નિર્મળ... નિહાલભાઈએ કહ્યું છે નહિ એક ઠેકાણે? હું તો પલોઠી વાળીને અંદર બેસી જાઉં છું. ભાષા એવી સાદી કરી નાખી છે. પલોઠી વાળીને હું તો અંદરમાં બેસી જાઉં છું એમ. એય.. ચેતનજી! પલોઠી વાળીને એમ (શબ્દ) છે. ત્યાં પલોંઠી વાળતા હશે? એનો અર્થ કે મારી પર્યાય ત્યાં થંભી જાય છે. એમ. આહાહા..! લોકોને વિશેષ એવું લાગે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

પર્યાયને દ્રવ્યમાં સ્થાપી એમાં લીન કરી એ પલોંઠી વાળીને બેસી ગયો એનો અર્થ એ. આસન નાખ્યું ધ્રુવમાં. એમ. આવો માર્ગ ભારે ભાઈ! આ તો પંચમ આરાના સાધુને માટેનો માર્ગ આ છે. એમ નહિ આ ચોથા આરાની વાત નથી કાંઈ. અરે.. જેને સમ્યક્ થયું તેને પણ આ જ ઉપાય છે. પાંચમા આરામાં પણ. અને સમ્યક્ થવા માટે પણ એક જ ભાગ છે. આહાહા..! પાંચમા આરા માટે કે ચોથા આરા માટે. ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર એમાં ધ્યાન કરીને એને વિષયમાં લેવો લક્ષમાં એ સમ્યક્ પામવાની કળા અને રીત આ છે. અને પછી પણ ધ્યાન કરવા માટે આત્મા જ અવલંબન છે. બહારના કોઈ સાધન અવલંબન છે નહિ. આહાહા..!

**'તેવા પુરુષને તો તેનો આત્મા જ ધ્યાન માટે સાચું અત્યંત નિર્મળ આસન્ન છે – એવું જ્ઞાનીજનોએ માન્યું છે.'** છે ને? **'સુધી'**. એ ને? સુધી છે ને? જ્ઞાની–સુધી જેની બુદ્ધિ સમ્યક્ થઈ છે. એવા જ્ઞાનીએ આમ માન્યું છે કે બહારના આસનની કોઈ એને જરૂર નથી. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં જેને આસન લગાવ્યા છે. આહાહા..! એમાં જેની પર્યાય થંભી છે, બસ એને પરના આસનની કાંઈ જરૂર નથી. આહાહા..!

**'આત્મસ્વરૂપના અનુભવ માટે ગ્રામ–અરણ્યની જેમ...'** ગ્રામ-અરણ્ય તો પાઠમાં હતું ને? અને આ તો બીજા શ્લોકનો આધાર આપ્યોને એટલે કહ્યું. **'અન્ય પર પદાર્થો પણ નિસ્સાર છે;...'** પાઠમાં તો એ હતું ને ૭૩માં તો. **'ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽनात्मदर्शिनाम्'** પણ કહે છે કે એ સિવાય બીજા પણ અન્ય પદાર્થો પણ નિસ્સાર છે. **'ત્રિકાલી શુદ્ધાત્માનું અવલંબન જ સારભૂત છે.'** આહાહા..! શરણ એ, ઉત્તમ એ, મંગળિક એ. આહાહા..!

---

अनात्मदर्शिनो दृष्टात्मनश्च फलं दर्शयन्नाह–

देहान्तरगतेबींजं देहेऽस्मिन्नात्मभावना।
बीजं विदेहनिष्पत्तेरात्मन्येवात्मभावना।।७४।।

દેહે આતમ–ભાવના દેહાન્તરગતિ–બીજ;
આત્મામાં નિજ–ભાવના દેહમુક્તિનું બીજ. ૭૪.

टीका :– देहान्तरे भवान्तरे गतिर्गमनं तस्य बीजं कारणं किं? आत्मभावना। क्व? देहेऽस्मिन् अस्मिन्कर्मवशाद्गृहीते देहे। विदेहनिष्पत्तेः विदेहस्य सर्वथा देहत्यागस्य निष्पत्तेर्मुक्तिप्राप्तेः पुनर्बीजं स्वात्मन्येवात्मभावना।।७४।।

---

**આત્મદર્શી અને આત્મદર્શીના ફલને દર્શાવી કહે છે :–**

શ્લોક – ૭૪

**અન્વયાર્થ :– (अस्मिन् देहे) આ શરીરમાં (आत्मभावना) આત્માની ભાવના અર્થાત્ શરીરને જ આત્મા માનવો તે (देहान्तरगतेः) અન્ય શરીરગ્રહણરૂપ ભવાન્તરપ્રાપ્તિનું (बीजं) બીજ એટલે કારણ છે અને (आत्मनि एव) આત્મામાં જ (आत्मभावना) આત્માની ભાવના અર્થાત્ આત્માને જ આત્મા માનવો તે (विदेहनिष्पत्तेः) શરીરના સર્વથા ત્યાગરૂપ મુક્તિનું (बीजं) બીજ છે.**

**ટીકા :– અન્ય દેહમાં એટલે અન્ય ભવમાં ગતિ એટલે ગમન–તેનું બીજ એટલે કા–રણ. ક્યું? આત્મભાવના. શામાં? આ દેહમાં એટલે કર્મવશ ગ્રહેલા આ દેહમાં. વિદેહ–નિષ્પત્તિનું–વિદેહની અર્થાત્ સર્વથા દેહત્યાગની નિષ્પત્તિનું એટલે મુક્તિ પ્રાપ્તિનું બીજ પોતાના આત્મામાં જ આત્મભાવના (કરવી તે) છે.**

ભાવાર્થ :- શરીરમાં આત્મબુદ્ધિ કરવાથી એટલે શરીરને જ આત્મા માનવાતી અન્ય ભવમાં પણ શરીરની જ પ્રાપ્તિ થાય છે અને પોતાના આત્મામાં જ-નિજ સ્વરૂપમાં જ આત્મબુદ્ધિ કરવાથી અર્થાત્ આત્માને જ આત્મા માનવાથી મુક્તિ થાય છે-દેહનો સંબંધ સર્વથા છૂટી જાય છે.

માટે ફરીથી શરીરની પ્રાપ્તિ ન થાય - પુનર્ભવ કરવો ન પડે તે માટે જ્ઞાનીને શરીરમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરીને પોતાના આત્મામાં જ આત્મ-ભાવના કરવી એ જ યોગ્ય છે.

વિશેષ

''જ્યાં સુધી દેહપ્રધાન વિષયોમાં મમત્વ છોડતો નથી, ત્યાં સુધી કર્મથી મલિન આત્મા ફરી ફરીને અન્ય અન્ય પ્રાણો ધારણ કરે છે.''૧

''જે ઈન્દ્રિયાદિનો વિજયી થઈને ઉપયોગમાત્ર આત્માને ધ્યાવે છે તે કર્મો વડે રંજિત થતો નથી; તેને પ્રાણો કઈ રીતે અનુસરે? (અર્થાત્ તેને પ્રાણોનો સંબંધ થતો નથી.)''૨

''જે અજ્ઞાની જીવ (શરીરાદિક) પુદ્ગલ દ્રવ્યને અભિનંદે છે-અર્થાત્ તેને પોતાનું માને છે-તેમાં આત્મીય ભાવ કરે છે, તે જીવની સાથેનો સંયોગ-સંબંધ ચારે ગતિઓમાં તે પુદ્ગલ દ્રવ્ય છોડતું નથી.''૩ ૭૪.

## શ્લોક-૭૪ ઉપર પ્રવચન

'અનાત્મદર્શી અને આત્મદર્શીના ફલને દર્શાવી કહે છે :-' ૭૪.

देहान्तरगतेर्बीजं देहेऽस्मिन्नात्मभावना।
बीजं विदेहनिष्पत्तेरात्मन्येवात्मभावना।।७४।।

'ટીકા :- અન્ય દેહમાં એટલે અન્ય ભવમાં ગતિ એટલે ગમન...' બીજો ભવ થવો તેનું કારણ 'તેનું બીજ એટલે કારણ. ક્યું? આત્મભાવના. શામાં? આ દેહમાં...' આહાહા..! અને

---

૧. કર્મે મલિન જીવ ત્યાં લગી પ્રાણો ધરે છે ફરી ફરી,
મમતા શરીરપ્રધાન વિષયે જ્યાં લગી છોડે નહિ. (૧૫૦)
(શ્રી પ્રવચનસાર-ગુ. આવૃત્તિ-ગાથા ૧૫૦)

૨. કરી ઈન્દ્રિયાદિક-વિજય, ધ્યાવે આત્મને-ઉપયોગને,
તેત કર્મથી રંજિત નહિ, ક્યમ પ્રાણ તેને અનુસરે? (૧૫૧)
(શ્રી પ્રવચનસાર-ગુ. આવૃત્તિ-ગા.૧૫૧)

૩. 'ઈષ્ટોપદેશ' - શ્લોક ૪૬.

પરપદાર્થની અનુકૂળતા તે હું, રાગાદિ અનુકૂળતા હોય તો ઠીક, શરીરની અનુકૂળતા હોય તો ઠીક એ બધી દેહબુદ્ધિ છે. આહાહા..! ત્યારે ઓલા કહેતાને પેટમાં ભૂખ હોય એને પછી આત્માની વાત કરો. એક કોક કહેતું હમણાં. અંદરમાં બડબડિયા બોલતા હોય ભૂખના અને એને તમે આત્મા-આત્મા કરો. હવે પણ એ તો દેહની ક્રિયા છે, એમાં આત્માને શું? આહાહા..! તમારો ઓલો નહિ? કાંપવાળા. ક્યાં?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કીરચંદભાઈ. બોર્ડિંગ. એ ત્યાં કહ્યું હતું. ૯૦ની સાલમાં રાજકોટ. બહાર જંગલ ગયા હતા ને સાથે આવતા. હવે તો ત્યાં મકાન થઈ ગયા. જાગનાથ-જાગનાથ. મકાનો થઈ ગયા. એ ખેતરમાં ત્યાં જાતા. મહારાજ! તમે આ બધી વાતું કરો પણ પેટમાં આહાર ન પડ્યો એને આત્મા-આત્મા શી રીતે બેસે? હવે કીધું જ્યારે આહાર ન પડે ત્યાં સુધી આત્મા સમજાય નહિ. આહાર પડે પછી પચે નહિ ત્યાં સુધી.. પછી જંગલ સરખુ ન થાય ત્યાં સુધી, હવે, ક્યારે એને આત્માને કરવો? પછી તો ફરી ગયા હતા.

અહીં કહે છે '**અન્ય દેહમાં એટલે અન્ય ભવમાં ગતિ એટલે ગમન – તેનું બીજ...**' કોણ? એનું મૂળ કારણ કોણ? આહાહા..! '**આત્મભાવના. શામાં?**' આત્મભાવના તો કીધી. આમ તો શ્રીમદ્ કહે 'આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે.' પણ આમાં આત્મભાવના શેમાં? ઓલી આત્મભાવના આત્મામાં. આહા..! આવે છે ને એ? 'આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે.' બોલે ગોખે. પણ આત્મા શું ચીજ છે એનું જેને ભાન થયું એ એમાં એકાગ્રતાની ભાવના કરે. સમજાણું કાંઈ?

ભાવ, આત્માનો ભાવ—જ્ઞાયકભાવ જણાણો હોય એ એની ભાવના કરે. જે ભાવ દૃષ્ટિમાં આવ્યો નથી એની ભાવના શી રીતે કરે? એટલે કે આત્મભાવના ભાવતા.. બસ થઈ રહ્યું લ્યો ગોખો. ગોખે શું થાય? ધુન લગાવો. ધુન એ વિકલ્પ છે એ તો.

મુમુક્ષુ :- સંસ્કાર તો પડે ને.

ઉત્તર :- એમાં સંસ્કાર પડે? વિકલ્પના સંસ્કાર છે એ તો બધા. આહાહા..!

અહીં તો નિર્વિકલ્પ ચૈતન્ય જે અભેદ આનંદસ્વરૂપ છે એના સંસ્કાર પડે અંદર. એ તો નિર્વિકલ્પથી એના સંસ્કાર પડે. એવી વાત છે.

'**આત્મભાવના, શામાં? આ દેહમાં એટલે કર્મવશ ગ્રહેલા આ દેહમાં.**' કર્મના તાબે થયેલા, કર્મના કારણે મળ્યો જે દેહ. એમાં જેની આત્મભાવના છે. આહાહા..! જેને આત્મા પરથી ભિન્ન, રાગથી ભિન્નની ખબર નથી, એની આ ભાવના શરીરમાં જ જાય છે એમ કહે. આહાહા..! સમાધિતંત્ર છે ભાઈ આ તો. કાયરના કામ નથી આ. આ તો વીરાના—વીરના કામ છે. આહાહા..! '**કર્મવશ ગ્રહેલા આ દેહમાં.**' એમ ભાષા છે ને? '**कर्मवशाद्गृहीते देहे।**' છે ને? સંસ્કૃતમાં છે. દેહ જે છે એ તો કર્મને કારણે મળ્યો છે. કેમકે એ આત્માનું સ્વરૂપ નથી અને આત્માને કારણે મળ્યો

નથી. આહાહા..! આત્માનો સ્વભાવ તો કાંઈ મળે નહિ એવો છે. આહાહા..!

'**કર્મવશ ગ્રહેલા આ દેહમાં.**' આત્મભાવના. એટલે કે એ શરીરાદ્યં ખલુ ધર્મ સાધનમ્ આવે છે ને? શરીર અનુકૂળ હોય, નિરોગ હોય તો મન ઠીક રહે અને મન ઠીક રહે તો ધ્યાન થઈ શકે. એવું આવે છે. એ બધી વ્યવહારની વાતું છે. આહાહા..! ઘાણીમાં પીલે દેહને, ભગવાન ધ્યાનમાં અંદર રહે કેવળ પામી જાય. આહાહા..! કારણ કે પર્યાયનું ધ્યેય જે વસ્તુ છે, જેની પર્યાય છે તેમાં તેને વાળી છે. આહાહા..! પર્યાય જેની છે જ્ઞાનની, એ જ્ઞાનની પર્યાયને આમ જ્ઞાયક તરફ જે જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન... છે. તેના ઉપર વાળી છે એટલે એને દ્રવ્યનું જ્ઞાન થાય છે, એથી એને ગુણનું જ્ઞાન થાય છે અને એથી એને પર્યાય નિર્મળ એનું જ્ઞાન થાય છે. આહાહા..! એ આવી ગયું ૧૫૪માં નહિ? ૧૫૪. પ્રવચનસાર.

મુમુક્ષુ :- દ્રવ્ય, ગુણ અને પર્યાય અને ઉત્પાદ-વ્યય.

ઉત્તર :- દ્રવ્ય, ગુણ અને પર્યાય અને ધ્રુવ અને ઉત્પાદ-વ્યય. ધ્રુવ અને ઉત્પાદ-વ્યય. ત્યાં ધ્યેય ધ્રુવનું છે ને. જ્ઞાનની જે પર્યાય છે એ પર્યાય આમ અંતર જે જ્ઞાનસ્વરૂપી વસ્તુ છે એને જ્ઞાનની પર્યાય ત્યાં વાળતા અહીં દ્રવ્યનું જ્ઞાન એને થાય છે. એને ગુણનું જ્ઞાન થાય છે અને એને પર્યાયનું જ્ઞાન થાય છે. એ આત્મા દ્રવ્ય-ગુણ અને પર્યાયમાં છે, એ રાગમાં પણ નથી અને પરમાં પણ નથી ક્યાંય. આહાહા..! ધ્રુવ ને ઉત્પાદ, વ્યય. જે પર્યાય ઉત્પાદ-વ્યયવાળી છે એ ધ્રુવને અવલંબે છે એટલે ઉત્પાદની પર્યાયમાં ધ્રુવનું જ્ઞાન થાય છે. એથી એ જ્ઞાનમાં ધ્રુવ એટલે દ્રવ્યસ્વભાવ આ કાયમ ટકતું તત્ત્વ છે એવું પર્યાયમાં જ્ઞાન થાય, તે જ્ઞાન ધ્રુવને જાણે અને પોતાની પર્યાયને જાણે. આહાહા..! એને અહીંયાં આત્મજ્ઞાન અને આત્માનું ધ્યાન કહેવામાં આવે છે. જેઠાભાઈ! ભારે વાતું. આહાહા..!

એક જણો બિચારો કહેતો હોં. ઓલો વીરમગામથી નહોતો આવ્યો? ઈન્કમટેક્સ. ઈન્કમટેક્સ ને? કેવું?

મુમુક્ષુ :- કસ્ટમ.

ઉત્તર :- કસ્ટમ. કસ્ટમ. કસ્ટમ ખાતાનો દેરાવાસી આવ્યો હતો એક. ઘણા વર્ષ થઈ ગયા ૨૦-૨૫ વર્ષ. મહારાજ! અમે ચાલતા હતા રસ્તે એમાં તમે પથરા માર્યા. અમે શેત્રુંજય દર્શન કરવા જઈએ. એય.. જેઠાભાઈ! ત્યાં કેવા અમારે ભાવ થાય. હવે તમે કહો કે એ ધર્મ નહિ. આહાહા..! ઘરની દુકાન, ધંધા છોડી એકાંત નિવૃત્ત જંગલ જેવા જંગલમાં-તીર્થમાં એમાં જઈએ, વાતાવરણ એમાં કેવું! એ વળી સ્થાનકવાસી કહેતો હતો. દીક્ષા પહેલા એક આવ્યો હતો. ફરતો હતો. એ મળ્યો હતો. એ કહે, આ શેત્રુંજય જઈએ ત્યાં વાતાવરણ બહુ સારું. અરે.. પણ તું સ્થાનકવાસી....

એ ૬૮ની વાત છે. ત્યાં એકાંત શાંત વાતાવરણ. પણ શાંત વાતાવરણ એ તને ક્યાંથી આવ્યું? શાંત વાતાવરણ તો અહીં અંદર છે. .. કંઈક રહે છે અને દેડકાને ખાય. શાંત વાતાવરણ છે. દેડકા હોય (એને) કાગડા ખાય. મોર નીકળે સર્પને ખાય-પકડે. ક્યાં ગયું શાંત વાતાવરણ? બહારને કારણે

શું છે? એથી પછી આ કહેને પ્રતિમાને કારણે કાંઈ નથી. એમ કરીને ઉડાવે. પણ એ પ્રતિમા, જ્યાં સુધી અંદર સ્થિરતા ન થાય ત્યાં સુધી અશુભથી બચવા એવો શુભભાવ હોય અને એ શુભભાવમાં એ લક્ષ નિમિત્ત ત્યાં જાય છે. એ ધર્મ નથી. પણ ધર્મીને એવો ભાવ શુદ્ધ પૂર્ણ જેની દશા પ્રગટ થઈ છે, એની પ્રતિમા, એનું મંદિર. દેવ કહ્યા છે ને ભાઈ! મંદિરને દેવ કહ્યું છે. સાત દેવ, સાત. નવ દેવ નવ. મંદિર દેવ, વાણી દેવ, જિનધર્મ દેવ, દર્શન-જ્ઞાન-ચારિત્ર દેવ... આહાહા..! એ ભાવ પરદ્રવ્યના ઉપર લક્ષ જાય છે એટલે એને શુભભાવ થાય છે. શુભભાવ પોતાથી થાય છે એ કાંઈ એને કારણે થાતો નથી. એવું હોય છે, પણ એ વ્યવહાર છે. એ પુણ્યબંધનું કારણ છે.

અહીં તો એનો નિષેધ કરવો છે કે એને લક્ષે તો રાગ થશે. માટે એ કાંઈ એકાંત ત્યાં જંગલમાં ત્યાં ધ્યાન થાય એવું છે નહિ. તારો આત્મા જ જંગલ છે. આહાહા..! વિકલ્પ ને સંગ વિનાની ચીજ, અસંગ ચીજ છે એ તો. એ અસંગનો પરિચય કર તો તને સંગના સાધનોની જરૂર છે નહિ. આહાહા..! એમ એના નિરાલંબન તત્ત્વને દૃષ્ટિમાં, જ્ઞાનમાં પહેલું બેસવું જોઈએ. સમજાણું કાંઈ?

તેથી ઓલા કહે છે ને ભગવાનના દર્શન કરી આસ્રવ ટળે, સંવર વધે. એય.. ચેતનજી! આવે છે? દેવચંદજી. ભગવાનના દર્શનથી આસ્રવ ટળે, સંવર વધે. ધૂળેય નથી. દેવચંદજીએ કીધું. એમ કે ભગવાનના દર્શનથી આસ્રવ ટળે, સંવર વધે. જય. પરદ્રવ્યને આશ્રયે સંવર વધે. ઘણા લાકડા ઊંધા. આચાર્ય નામ ધરાવે, સાધુ નામ ધરાવે. સત્‌નો એ અનાદર કરે છે. પરમ સત્ પ્રભુ, પરમ સત્ય સાહેબો, પૂર્ણાનંદનો નાથ જેના અવલંબે કેવળજ્ઞાન થાય. એને બીજા અવલંબનની જરૂર નથી. આહાહા..! એનો ઉગ્ર આશ્રય લે તો કેવળ થાય. મંદ આશ્રયમાં સમકિત થાય, મધ્યમ આશ્રયમાં ચારિત્ર થાય અને ઉગ્ર આશ્રયમાં કેવળ થાય. પણ એનું માહાત્મ્ય ન આવે ત્યાં સુધી એને અહીંથી થાશે... અહીંથી થાશે... અહીંથી થાશે... ગીરનારમાં જઈએ તો થાશે. સમ્મેદશિખર કાંકરે કાંકરે મુક્ત થયા છે. તે શું છે પણ? દરેક ઠેકાણે. આ ઠેકાણા અનંતા મોક્ષ ગયા છે. કારણ કે ત્યાં અનંતા કોઈ જગ્યાએ અનંત વિના ખાલી નથી ઉપર. એટલે જાય છે એમ સીધા જાય. ત્યાં પણ છે અનંતા અને અહીંથી (પણ) ગયા છે. આહાહા..!

જ્યાં બોકડા કપાય છે અત્યારે તે ઠેકાણેથી અનંતા મોક્ષ ગયા છે. કારણ કે ત્યાં ૪૫ લાખ યોજનમાં અનંત સિદ્ધો બિરાજે છે તો તે અહીંથી સીધા ગયા છે. આડાઅવળા અહીંથી આમ જાય ને એમ નથી. આહાહા..! ૪૫ લાખ યોજનનો એક કણ ખાલી નથી. દરિયાના પાણીમાં પણ અનંતા મોક્ષ ગયા છે. આહાહા..! બે લાખ યોજનનું લવણ સમુદ્ર એ ઉપર અનંતા સિદ્ધ છે. એ ક્ષેત્રે ઉપર. એ ક્ષેત્રે ઉપર અનંત ક્યાંથી આવ્યા? અહીંથી ત્યાં ગયા છે? આહાહા..! ત્યાંથી સીધા ગયા છે. આહાહા..! અને આ સિદ્ધની જાત્રા એનો હેતુ તો આ છે મૂળ તો. એ ત્યાં શુભભાવ એનું સ્મરણમાં આવે કે આ સિદ્ધ. એ મોક્ષ બિરાજે ત્યાં. એટલે નીચે એનું સ્મરણનું સ્થાન થાય તો શુભભાવ થાય. આહાહા..!

મુમુક્ષુ :- હવે જાત્રા-બાત્રા થઈ ગઈ એટલે એનો મહિમા ઉડાવો છો.

ઉત્તર :- હવે જાત્રા-બાત્રા થઈ ગઈ એટલે એનો મહિમા ઉડાવી દ્યો એમ કહે છે. એ તો હોય. હજી પણ હોય, હોય તો બધાને. એવો વિકલ્પ હોય ને .. છે એ. પરદ્રવ્યના સ્મરણના કારણ છે એ પુણ્યબંધનું કારણ છે.

એક ફેરી કહ્યું હતું ઓલા જગજીવનભાઈ હતા ને બરવાળાવાળા નહિ? બરવાળાવાળા દિનશા. દિનશાના ભાઈ.

મુમુક્ષુ :- સોનાની ચકલીવાળા?

ઉત્તર :- ના એ નહિ. એ ચુડાવાળા એ તો. સોનાની ચકલી ચુડાવાળા. આ તો જગજીવનભાઈ હતા. સંતબાલના ભગત પાકા હતા. દિનશા નહોતા આપણે અહીં? બરવાળાના. ચીમનભાઈ! અમૃતલાલ. એ અમૃતલાલના ભાઈ હતા જગજીવનભાઈ. પાકા, પાકા સ્થાનકવાસી. પછી પહેલા ગયેલાને જ્યારે મુંબઈ ૧૩ની સાલમાં. ત્યારે એ આવીને પૂછયું કે મહારાજ! આ બધું શું? આ જાત્રા ને આ બધું? તે દિ' જાત્રામાં જવાનું હતું ખરું ને? પહેલું વહેલું ત્યાંથી શરૂઆત થતીને ત્યાંથી.

કીધું ભાઈ! એવી વાત છે તે સ્થાનની ઉપર અનંતા સિદ્ધો તે ક્ષેત્રથી ઉપર ગયા છે, એથી એનું સ્મરણનું કારણ છે, બીજું કોઈ કારણ નથી. એ કાંઈ આપી દેતા નથી એ ક્ષેત્રે અને એ ક્ષેત્રે એનું સ્મરણ કરે તો ત્યાં નિર્જરા અને સંવર થાય એમ પણ નથી. ત્યાર કહે હા. હતા સ્થાનકવાસી. વાત સાચી લાગે છે. ભાઈ! એમ છે વસ્તુસ્થિતિ. ભગવાન પરમાત્માનો એને ખ્યાલ હોય છે. એ તો આવા હોય. એ ક્ષેત્રેથી એ જ માથે રહેલા અનંત સિદ્ધો બિરાજે છે. એની અસ્તિત્વતાનું સ્મરણ થાય એ શુભભાવ છે. પણ એ શુભભાવ,એ ત્યાં ગયો અને એ ક્ષેત્રથી થયું એમ નથી. આહા..! એ તો થયો પોતાથી ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય છે. ભારે કઠણ વાત!

**'વિદેહની અર્થાત્ સર્વથા દેહત્યાગની નિષ્પત્તિનું એટલે...' 'વિદેહ-નિષ્પતિનું. વિ-દેહની અર્થાત્ સર્વથા દેહત્યાગની નિષ્પત્તિનું એટલે મુક્તિ પ્રાપ્તિનું બીજ પોતાના આત્મ-ામાં જ આત્માભાવના (કરવી તે) છે.'** જ્યાં આત્મસ્વરૂપ પડ્યું છે મોટું મહા પરમાનંદ એની ભાવના એટલે એકાગ્રતા કરવી. એ મુક્તિનું બીજ છે. છે? પાઠમાં છે ને જુઓને. **'बीजं विदेहनिष्पत्तेरात्मन्येवात्मभावना'** આત્મામાં આત્માની ભાવના. એમ. **'સર્વથા દેહત્યાગની નિષ્પત્તિનું એટલે મુક્તિ પ્રાપ્તિનું બીજ પોતાના આત્મામાં જ આત્માભાવના (કરવી તે) છે.'** 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન' એ. આત્મભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે. પણ એ આત્મભાવનાની જેને અંદર ખબર પડી છે, દૃષ્ટિમાં આવ્યો છે, અનુભવમાં આવ્યો છે. પર્યાયમાં એનું પૂર્ણ સ્વરૂપ છે એ જ્ઞાનમાં આવી ગયું છે. એ પૂર્ણ સ્વરૂપનું ધ્યાન કરે છે એને મુક્તિનું કારણ કહેવામાં આવે છે. આહાહા..! સિદ્ધનું ધ્યાન અને અરિ-હંતનું ધ્યાન એ મુક્તિનું કારણ નહિ એમ કહે છે. આગળ લેશે થોડું નિમિત્તથી કથન.

**'ભાવાર્થ :- શરીરમાં આત્મબુદ્ધિ કરવાથી...'** જ્યાં પ્રભુ બિરાજે છે એને ન જાણતાં એના અસ્તિત્વનું સામર્થ્ય કેટલું છે તેની નહિ ખબરને લઈને, શરીરમાં એટલે પોતાનું અસ્તિત્વ ત્યાં

માને છે. '**શરીરમાં આત્મબુદ્ધિ કરવાથી એટલે શરીરને જ આત્મા માનવાથી...**' એનો અર્થ એ થયો કે એ વિકલ્પ છે અને રાગ છે એને પણ પોતાનું માન્યું એટલે એ શરીરને જ માન્યું છે. આહાહા..! એણે આત્મા રાગ વિનાની ચીજ છે, મહાપ્રભુ છે, ભલે પર્યાયમાં પામરતા બીજાની અપેક્ષાએ, કેવળીની અપેક્ષાએ દેખાય, છતાં વસ્તુ તરીકે તો પ્રભુ પૂર્ણસ્વરૂપ છે. આહાહા..! એવા પૂર્ણનું ધ્યાન એ આત્મભાવના એ મુક્તિનું કારણ છે. આ બધી ક્રિયાકાંડો મુક્તિનું કારણ નથી એમ કહે છે.

ત્યાં કહે છે વિદ્યાનંદજીએ લખ્યું હતું ત્યાં. કોટામાં આવ્યું હતું. ચોપાનીયું આવ્યું હતું. કોક જૈનદર્શનમાં આવ્યું હશે ત્યારે વિદ્યાનંદજીએ કહ્યું હશે. છપાણું હશે. એક ઓલો અભયકુમાર છે. મેં તો પૂછયું હતું જંબુભાઈને. જંબુકુમાર છે ને? શાંત માણસ છે શેઠ ગૃહસ્થ. જુવાન અવસ્થા છે. ગંભીર માણસ છે. મેં કીધું આ કોણ છે? કે ભાઈ ઓળખતા નથી. ગામમાં કોણ છે. ચોપાનિયામાં નામ આપેલું અભયકુમાર કોટા. કે આ બધું શ્રાવક અને સાધુનો જે આચાર એનો લોપ કરે છે, (એ) દિગંબર ધર્મનો લોપ કરે છે કહો. એને ખબર નથી કે શ્રાવક અને સાધુનો આચાર જે વિકલ્પ છે એ તો સંસાર છે. આહાહા..! એમાં એમ કે મનાવો સાધુ ધર્મ. એ સાધુ છે, એ શ્રાવક આવા છે, આવા છે. આહાહા..! ક્યાં હતા? અરે.. ભાઈ!

હમણાં એક મોટું ચોપાનિયું આવ્યું છે. વાંચો, વંચાવો, મંદિરમાં ચોડો. ચાર દિ' પછી આવ્યું હતું. પાંચમે દિ'એ સવારમાં. કોણ જાણે? ત્યાં તો પાંચ-પાંચ હજાર માણસ સવાર, બપોર ક્યાંય સમાય નહિ. ભાઈનું બહુ ઓલું જુગલકિશોર. આપવા કાળે બોલતા હતા વીસ મિનિટ. શાંત માણસ. બોલે તો ધારાવાહી.

મુમુક્ષુ :- પાકા પંડિત.

ઉત્તર :- પાકો પંડિત હોંશિયાર. એકોકર હુકમચંદજી અને એકકોર એ અને શેઠ તરીકે જંબુભાઈ. એટલે બધી સરખાઈ કોટામાં છે. જંબુભાઈ તો પાછળથી બેસે. અરે.. ભાઈ મોઢા આગળ આવોને ત્યારે માંડ આવે મોઢા આગળ. એને પ્રેમ હતો.

અરે..! આ વાતું ભાઈ! મોક્ષનું કારણ આત્મભાવના. આત્મામાં આત્માની ભાવના. સંસારનું કારણ શરીરમાં આત્માની ભાવના. રાગમાં, શરીરમાં એ ભાવના એ સંસારનું કારણ. એ રાગ એ શરીર છે, કારણ શરીર છે. આહાહા..! શરીરનું કાર્ય અને શરીરનું ફળ છે એ બધું. સ્વભાવની અપેક્ષાએ. એ સંસારનું બીજડું છે કહે છે. ભવ મળે એનું બીજ દેહમાં આત્મબુદ્ધિ. કે જે દેહનો વિયોગ નહિ થાય એને. જ્યાં જશે ત્યાં દેહ જ મળશે. આહાહા..! અને મોક્ષનું બીજ પ્રભુ આત્મસ્વરૂપ જે પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એની દૃષ્ટિમાં આવ્યા પછી, એમાં એકાગ્રતા. આહાહા..! એ મુક્તિનું કારણ છે. આ બે મોક્ષના કારણ એમ ન સિદ્ધ કર્યું. મોક્ષમાર્ગ બે છે એમ નથી સિદ્ધ કર્યું. આ તો આત્મામાં એકાગ્રતા તે જ એક મોક્ષનું કારણ છે તે સિદ્ધ કર્યું.

મુમુક્ષુ :- નિશ્ચય અને વ્યવહાર બે કારણ છે.

ઉત્તર :- છે ક્યાં વ્યવહાર-ફ્યવહાર? એ તો નિમિત્તનું કથન છે. મોક્ષમાર્ગ તો એક જ છે. એ તો કથનની શૈલી કરતા, રાગ જોડે છે એને આરોપ કરીને વ્યવહાર સમકિત કહ્યું છે. સમકિત ક્યાં છે? એ તો રાગ છે. આહાહા..! અભૂતાર્થ દૃષ્ટિથી વાત કરી છે. આહાહા..!

ભગવાન આત્મા મોક્ષસ્વરૂપ જ છે. એ મોક્ષસ્વરૂપને આશ્રયે જે ક્રિયા થાય અબંધની એ ક્રિયા મોક્ષનું કારણ છે. અબંધસ્વરૂપ એવો ભગવાન આત્મા એને અબંધ તરીકે દૃષ્ટિમાં જ્યાં લીધો ત્યાં એ દૃષ્ટિના પરિણામ પણ અબંધ થયા. આહાહા..! અબંધસ્વરૂપના શ્રદ્ધા જ્ઞાન થયા એ પણ અબંધ પરિણામ થયા. અને એ અબંધ પરિણામ પૂર્ણ અબંધ એટલે મુક્તિનું કારણ છે. આહાહા..!

‘**શરીરમાં આત્મબુદ્ધિ કરવાથી એટલે શરીરને જ આત્મા માનવાથી અન્ય ભવમાં પણ શરીરની જ પ્રાપ્તિ થાય છે...**’ પ્રવચનસારમાં નથી આવ્યું એક ઠેકાણે નહોતું આવ્યું? શરીરનું સંક્રમણ થાય છે એટલે બીજું મળે છે. આવે છે ને. શરીર પોતે શરીરના ઉદયનું કારણ થાય છે, સંક્રમણ થાય છે. આવે છે એક પદમાં. સંક્રાતિ-હા સંક્રાતિ પામી દેહની. એ શરીર જ સંક્રાંતિ પામે છે. આહાહા..! છે એ શ્લોક. હમણા સજ્ઝાયમાં આવી ગયું છે.

‘**શરીરમાં આત્મબુદ્ધિ કરવાથી એટલે શરીરને જ આત્મા માનવાથી અન્ય ભવમાં પણ શરીરની જ પ્રાપ્તિ થાય છે અને પોતાના આત્મામાં જ...**’ પોતાનો આત્મા પાછો હોં! આ પરનો એમ નહિ. ‘**નિજ સ્વરૂપમાં જ આત્મબુદ્ધિ કરવાથી અર્થાત્ આત્માને જ આત્મા માનવાથી મુક્તિ થાય છે – દેહનો સંબંધ સર્વથા છૂટી જાય છે.**’ દેહના સંબંધ વિનાની આત્માના સંબંધવાળી ભાવના એને દેહનો સંબંધ થતો નથી. આહાહા..!

‘**માટે ફરીથી શરીરની પ્રાપ્તિ ન થાય – પુનર્ભવ કરવો ન પડે તે માટે જ્ઞાનીએ શરીરમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરીને પોતાના આત્મામાં જ આત્મ-ભાવના કરવી...**’ બીજી માતા કરવી નથી જેને. એ તો ધર્મીજીવની વાત છે. જેને ધર્મ સમજાણો છે, જેને અનુભવ થયો છે એ એમ કહે છે કે મારે બીજી માતા કરવી નથી. આજ છે ને આ ચુનીલાલનો દીકરો ગુજરી ગયો છે ને આજ દિવસે ને. કામાણી? દામાણી. એ આજ દિવસ. તે દિ’ ગયા હતા ને ત્યાં? હોસ્પિટલમાં હતો ને? અકસ્માત થઈ ગયો હતો ને. બાબરાવાળા એ કયું નામ? નરભેરામ. એની દીકરી છે ને એ? એ બોલી હતી. કે ફરીને મા કરીશ નહિ ભાઈ! પણ એને ભાન કે દિ’ હતું? પછી અહીં કીધું હોય ને? એમ બોલી હતી. નરભેરામને. ચુનીભાઈની દીકરી. એ તો અહીં નથીને હમણાં. અમદાવાદ છે. તે દિ’ ગયા હતા ને. હોસ્પિટલમાં એને દર્શન કરવા હતા તો ગયા હતા. એ બોલી હતી. ફરીને મા કરીશ નહિ, દીકરા! આહાહા..! પણ ક્યાં એને ભાન છે? ધર્મ શું છે એની ખબર નથી. આહાહા..! કરીશ નહિ મા (એમ) કોને હોય? કોણ કહે એ? આહાહા..!

જેને આત્મા રાગથી અને શરીરથી ભિન્ન જાણ્યો છે અને એમાં જેને લગની છે. એ એમ કહે છે કે, માતા! એકવાર રોવું હોય તો રોઈ લે. મા ફરીને અવતાર નહિ કરીએ અમે. આહાહા..! ફરીને જનેતા અમે નહિ જન્મીએ. આહાહા..! એ આ એક ધ્રુવનું નાટક આવે છે ને ધ્રુવ? ધ્રુવ અને

પ્રહલાદ અવિચળ પદ આપ્યા. એવી વાતું કરે. એ ધ્રુવનું નાટક ત્યાં હતું ભાવનગરમાં. રાજકુમાર હતો અને એની મા મરી ગઈ હતી અને એની બાપ નવી પરણી હતી. પછી આ પોતે બાવો-સાધુ થયો છે. ઓલી હોય છે ને લાકડી આમ. પાવડી. ધ્યાનમાં બેસે છે આમ.

અપ્સરાઓ આવે છે એને ચળાવવા. રાજકુમાર છે ને. નાટકમાં. ૬૮-૬૯ની વાત છે. ભાવનગરમાં થિયેટર છે ત્યાં. પછી એ અપ્સરાઓ બહુ એને લલચાવે છે. કે આ જો અમારા શરીર સુંદર આવા. અમારા મોઢા કેવા, અમારા પગ કેવા, અમારા શરીર કોમળ આ બધા. હે રાજકુમાર! જરી ધ્યાન આપ.. ધ્યાન આપ... અમારા તરફ ધ્યાન આપ.. અમે.. પછી કહે છે, માતા! દેવી! જો જન્મ કરવો નહિ હોય તો તો કાંઈ નથી. એની એ શૈલી ત્યાં. પણ જો જન્મ લેવો હશે તો માતા! તારે કૂખે લઈશ. બીજું તો છે નહિ હવે. આહાહા..! જન્મ કરવો હશે, બા! મા! માતા! તારે કૂખે આવીશ. બીજી વાત નથી. ઓહો..! તે દિ' આ તો. પહેલાં બધા વૈરાગ્યના નાટક હતા. ભલે એની દૃષ્ટિ પણ. આ તો બધું ફિલ્મ-ફિલ્મ કરીને મારી નાખ્યા છે. આહાહા..! બજાર વચ્ચે અમદાવાદ અને મુંબઈ મોટા ફોટા. સ્ત્રી આમ જોવે છે, આદમી આમ હાથ નાખે. અરે.. આ સજ્જનતાના લક્ષણ? આવા.

મુમુક્ષુ :- સિનેમા ખેલ.

ઉત્તર :- સિનેમાના ખેલ તે પણ કેવા ખરાબ! આહાહા..! સજ્જનને ન શોભે એવા તો બહાર ચિહ્ન કરે. આ છોકરાઓ એના .. બહુ ફેરફાર કરી નાખ્યો. અનીતિના ધોરણ બહુ ઉતરી ગયા નીચે.

અહીં તો જ્યાં લોકોત્તર નીતિ પ્રગટી જ્યાં. આહાહા..! એમ આવે છે ને. '**जिननीतिमलंघयन्तः**' (કળશ-૨૬૫)કળશમાં આવે છે ને ભાઈ પાછળ. જિન નીતિ અલંઘ્યમાનમ્. આહાહા..! જેને વીત-રાગનો માર્ગ જે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને જે ઓળંગતું નથી, એ નિશ્ચયથી મુક્તિ પામે છે. આહાહા..! એને દેહ ધારવા હોતા નથી એને. અને કોઈ એકાદ દેહ હોય તોપણ એ જ્ઞાનનું જ્ઞેય તરીકે રહે છે, મારા તરીકે રહેતું નથી. આહાહા..!

**'માટે ફરીથી શરીરની પ્રાપ્તિ ન થાય – પુનર્ભવ કરવો ન પડે તે માટે જ્ઞાનીએ શરીરમાં આત્મબુદ્ધિનો ત્યાગ કરીને પોતાના આત્મામાં જ આત્મ-ભાવના કરવી એ જ યોગ્ય છે.'** આહાહા..! આ ઓલા જઈએ છીએને આપણે શેત્રુંજય. ચાર-છ મહિના, આઠ મહિના છેલ્લે ગયા. પછી ઓલા ત્યાં શેઠના ભાઈ છે ઓલા. વનમાળી શેઠ હતા ને એના ભાઈ છે. આવે ત્યાં આવે. મેં કીધું જુઓ આ દયા, દાન, વ્રતાદિના ભાવ એ શુભ છે. અને આ ભક્તિ પણ.. ત્યારે તો એ કીધુંને એ શુભનો બાપ છે એટલે સારો છે એમ. જાત્રા-બાત્રામાં આવવું. તમે પણ આવો છે એમ કહે. એ તો એમ કે ધર્મનો બાપ છે. એ બિચારા.. લોકોને એવું ઠસાવી દીધું છે ને. બહારની ક્રિયાકાંડનો ભાવ, જાત્રાનો, આનો એ બધો ધર્મ છે અને મોક્ષનું કારણ છે. શાસ્ત્રમાં પણ એવું આવે વ્યવહાર ધર્મની વાત. વ્યવહાર ધર્મ છે વ્યવહાર. વ્યવહાર ધર્મ એટલે પુણ્ય, પુણ્ય એટલે બંધનું કારણ. આહાહા..!

**વિશેષ :—** **'જ્યાં સુધી દેહપ્રધાન વિષયોમાં...'** આ આપણે ગાથા હમણા આવી ગઈ છે. પ્રવચનસારની ૧૫૦. **'જ્યાં સુધી દેહપ્રધાન વિષયોમાં...'** દેહ મુખ્ય છે જેને વિષયનું. **'મમત્વ**

**છોડતો નથી, ત્યાં સુધી કર્મથી મલિન આત્મા ફરી ફરીને અન્ય અન્ય પ્રાણો ધારણ કરે છે.'** નવા નવા પ્રાણ ધારણ કરે છે. એ આવી ગયું આપણે. ૧૫૦.

બીજી ૧૫૧. એ પણ આવી ગઈ છે. **'જે ઇન્દ્રિયાદિનો વિજયી થઈને ઉપયોગમાત્ર આત્માને ધ્યાવે છે...'** શુદ્ધ સ્વભાવ જે ઉપયોગસ્વરૂપ. ઉપયોગસ્વરૂપ ત્રિકાળ હોં. ત્રિકાળ શુદ્ધ ઉપયોગ તે જ આત્મા. શુદ્ધ ઉપયોગ પર્યાયની વાત નથી આ. શુદ્ધ ઉપયોગ ત્રિકાળ શુદ્ધ જ્ઞાનદર્શનનો ઉપયોગ તે ત્રિકાળ શુદ્ધ. એવા **'ઉપયોગમાત્ર આત્માને ધ્યાવે છે...'** એવા આત્માનું ધ્યાન કરે છે એ પર્યાય છે. ઉપયોગમાત્ર આત્મા એ દ્રવ્ય છે. વસ્તુ. એને ધ્યાવે છે. **'તે કર્મો વડે રંજિત થતો નથી;...' એ રાગ વડે અને કર્મ વડે રંગાતો નથી. 'તેને પ્રાણો કઈ રીતે અનુસરે?'** એ આવી ગયું આપણે. એને પ્રાણ કઈ રીતે પ્રાપ્ત થાય? એ પ્રાણરહિત જ થશે. આ દસ પ્રાણ છે એના રહિત જ થઈ જશે. આહાહા..!

**'જે અજ્ઞાની જીવ...'** ઈષ્ટોપદેશ. શ્લોક-૪૬. ઈષ્ટોપદેશનો છે. **'જે અજ્ઞાની જીવ (શરીરાદિક) પુદ્‌ગલ દ્રવ્યને અભિનંદે છે-અર્થાત્ તેને પોતાનું માને છે...'** શરીર અનુકૂળ હોય તો ધર્મ થાય એમ માનનારા શરીરને જ આત્મા માને છે. શરીરની નિરોગતા હોય.

મુમુક્ષુ :- પંડિતોની ચર્ચામાં પ્રશ્ન થયો.

ઉત્તર :- છે ને? શરીર નિરોગ હોય તો એનું આ થાય.. આ થાય. અરેરે..!

મુમુક્ષુ :- શરીર વિના ધર્મ થાય?

ઉત્તર :- શરીર વિના જ ધર્મ થાય.

**'તેને પ્રાણો કઈ રીતે અનુસરે? (અર્થાત્ તેને પ્રાણોનો સંબંધ થતો નથી.)'** આહાહા..! **'પુદ્‌ગલદ્રવ્યને અભિનંદે છે...'** ઈષ્ટોપદેશનું. **'તેને પોતાનું માને છે-તેમાં આત્મીય ભાવ કરે છે,...'** એ સાધન છે એક, એમ જે માને છે એ શરીરને જ માને છે પોતાનું. **'તેમાં આત્મીય ભાવ કરે છે, તે જીવની સાથેનો સંયોગ-સંબંધ ચારે ગતિઓમાં...'** તે જીવની સાથેનો સંબંધ સંયોગ. **'ચારે ગતિઓમાં તે પુદ્‌ગલ દ્રવ્ય છોડતું નથી.'** જેના ઉપર પ્રેમ છે તે ચીજ એને છોડતી નથી. એટલે શરીરમાં રખડશે એમ કહે છે.

**'તો મુક્તિ-પ્રાપ્તિનો હેતુ કોઈ ગુરુ હશે-...'** ત્યાં લાવ્યા જુઓ હવે. **'એવું બોલનાર પ્રતિ કહે છે-'** મુક્તિ-પ્રાપ્તિનો હેતુ ગુરુ. ગુરુ મળે એટલે એની મુક્તિ થાય જ.

મુમુક્ષુ :- નિમિત્ત તો જોઈએ ને?

ઉત્તર :- એ અહીં નિમિત્તની વાત જ નથી અહીં તો. આહાહા..!

**'એ મુક્તિ-પ્રાપ્તિનો હેતુ કોઈ ગુરુ હશે-એવું બોલનાર પ્રતિ કહે છે-'** કહેશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

तर्हि मुक्तिप्राप्तिहेतुः कश्चिद्गुरुर्भविष्यतीति वदन्तं प्रत्याह–

नयत्यात्मानमात्मैव जन्म निर्वाणमेव च।
गुरुरात्मात्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थतः।।७५।।
જીવ જ પોતાને કરે, જન્મ તથા નિર્વાણ;
તેથી નિજ ગુરુ નિશ્ચયે જીવ જ, અન્ય ન જાણ. ૭૫.

टीका :– जन्म संसारं नयति प्रापयति। कं? आत्मानं। कोऽसौ? आत्मैव देहादौ दृढात्मभावना–वशात्। निर्वाणमेव च आत्मानमात्मैव नयति स्वात्मन्येवात्मबुद्धि–प्रकर्षसद्भावात्। यत् एवं तस्मात् परमार्थतो गुरुरात्मात्मनः। नान्यो गुरुरस्ति परमार्थतः। व्यवहारेण तु यदि भवति तदा भवतु।।७५।।

---

તો મુક્તિ-પ્રાપ્તિનો હેતુ કોઈ ગુરુ હશે-એવું બોલનાર પ્રતિ કહે છે :-

શ્લોક – ૭૫

અન્વયાર્થ :- (आत्मा एव) આત્મા જ (आत्मानं) આત્માને (जन्म निर्वाणम् एव च नयति) જન્મ અને નિર્વાણ પ્રતિ દોરે છે-અર્થાત્ પ્રાપ્ત કરાવે છે; (तस्मात्) માટે (परमार्थतः) નિશ્ચયથી (आत्मनः गुरुः) આત્માનો ગુરુ (आत्मा एव) આત્મા જ છે; (अन्यः न अस्ति) બીજો કોઈ નહિ.

ટીકા :- જન્મ એટલે સંસાર પ્રતિ દોરે છે-પ્રાપ્ત કરાવે છે. કોને? આત્માને. કોણ તે? દેહાદિમાં દઢ આત્મભાવનાવશ આત્મા જ (જન્મ પ્રાપ્ત કરાવે છે); અને પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિના પ્રકર્ષ સદ્ભાવથી આત્મા જ આત્માને નિર્વાણ પ્રતિ લઈ જાય છે, કારણ કે વાસ્તવમાં આત્મા આત્માનો ગુરુ છે; પરમાર્થે બીજો કોઈ ગુરુ નથી. વ્યવહારે તે હોય તો ભલે હો.

ભાવાર્થ :- જે આત્મા દેહાદિમાં દઢ આત્મબુદ્ધિ કરે છે તે જન્મ-મરણરૂપ સંસારમાં ભ્રમણ કરે છે-અર્થાત્ આત્મા જ પોતાના આત્માને સ્વ-અપરાધથી સંસારમાં રખડાવે છે, અને તે જ આત્મા જો પોતાના આત્મામાં જ દઢ આત્મબુદ્ધિ કરે, તો તે સંસારભ્રમણથી મુક્ત થાય છે-નિર્વાણ પામે છે-અર્થાત્ આત્મા જ પોતાના આત્માને નિર્વાણ પમાડે છે; તેથી પરમાર્થે આત્મા જ આત્માનો ગુરુ છે, બીજો કોઈ ગુરુ નથી.

વિશેષ

અહીં આચાર્યે સ્પષ્ટ કર્યું છે કે જીવ પોતાના શુદ્ધ કે અશુદ્ધ ઉપાદાનથી જ પોતાના આત્માનું હિત-અહિત કરે છે. તેમાં કર્મ કે પર પદાર્થો અહેતુવત્ છે અકિંચિત્કર છે.

જ્યાં સુધી જીવ પોતાના આત્માના સામર્થ્યનું ભાન કરી અંતરંગ રાગાદિ શત્રુઓ અર્થાત્ કષાયપરિણતિ પર વિજય પ્રાપ્ત કરી સ્વયં પોતાના આત્માનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન

કરતો નથી, ત્યાં સુધી તે સંસારરૂપી કીચડમાં ફસ્યો રહે છે અને જન્મમરણનાં અશહ્ય કષ્ટો ભોગવતો રહે છે, પરંતુ જ્યારે તે આત્મસ્વરૂપનું બરાબર જ્ઞાન કરી સ્વભાવ-સન્મુખ વિશેષ ઉગ્ર પુરુષાર્થ આદરે છે, ત્યારે ક્રમે ક્રમે રાગ-દ્વેષાદિ કષાય-ભાવોનો યા વિભાવ પરિણતિનો સ્વયં ત્યાગ થઈ જાય છે અને રાગાદિ ભાવથી સર્વથા મુક્ત થતાં અર્થાત્ પરમ વીતરાગતા પ્રાપ્ત થતાં તે મોક્ષ પામે છે.

'આત્મા, પોતાના આત્મામાં મોક્ષસુખની સદા અભિલાષા કરે છે, અભીષ્ટ મોક્ષસુખનું જ્ઞાન કરાવે છે અને સ્વયં કલ્યાણકારી આત્મ-સુખની પ્રાપ્તિમાં પોતાને યોજે છે, તેથી આત્મા જ આત્માનો ગુરુ છે.'[૧]

માટે આત્મા પરનું - નિમિત્તનું અવલંબન છોડી પોતે પોતાનો ગુરુ બને અર્થાત્ ધર્મની સિદ્ધિ માટે સ્વાશ્રયી બને, તો તે જન્મ-મરણનાં દુઃખોથી મુક્ત થઈ નિર્વાણ પામે. ૭૫.

## અષાઢ સુદ ૩, શનિવાર તા. ૧૨-૦૭-૧૯૭૫
## શ્લોક - ૭૫,
## પ્રવચન - ૮૭

૭૫-ગાથા. સમાધિતંત્ર. '**તો મુક્તિ-પ્રાપ્તિનો હેતુ કોઈ ગુરુ હશે...**' એમ પૂછનાર પ્રત્યે જવાબ દેવાય છે.

**नयत्यात्मानमात्मैव जन्म निर्वाणमेव च।**
**गुरुरात्मात्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थतः।।७५।।**
**જીવ જ પોતાને કરે, જન્મ તથા નિર્વાણ;**
**તેથી નિજ ગુરુ નિશ્ચયે જીવ જ, અન્ય ન જાણ. ૭૫.**

'**ટીકા :- જન્મ એટલે સંસાર પ્રતિ...**' '**नयति**' છે ને '**नयति**'. દોરી જાય છે આ. રખડ-વામાં સંસારમાં જીવ પોતે પોતાને કારણે દોરી જાય છે.

---

૧. **स्वस्मिन् सदाभिलाषित्वादभीष्टज्ञापकत्वतः।**
**स्वयं हितप्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः।।३४।।**
**(ઈષ્ટોપદેશ - શ્લોક ૩૪)**

મુમુક્ષુ :- દોરવામાં કર્મનો ઉદય અનાદિનો છે ને.

ઉત્તર :- એ અહીં વાત જ નથી અહીં. ભેદવિજ્ઞાનતઃ સિદ્ધા સિદ્ધા યે કિલ કેચનમ. તસ્યૈવ અભાવ તો બદ્ધા.. એમ વાત લીધી. ભેદવિજ્ઞાનના અભાવને લઈને સંસારમાં પરિભ્રમણ કરે છે. અને ભેદજ્ઞાનના સદ્‌ભાવથી જન્મ-મરણરહિત મુક્તિને પામે છે. એમાં કોઈ કર્મ નિમિત્ત છે ને એ આ ગુરુ... એ અહીં તો બધું ગુરુને કાઢી નાખ્યું. ગુરુ વિના જ્ઞાન ન થાય. એમ આવે છે ને. શ્રીમદ્‌માં એમ આવે છે. 'ઉપાદાનનું નામ લઈને જે તજે નિમિત્ત, પામે નહિ પરમાર્થને રહે ભ્રાંતિમાં સ્થિત.' એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એના બાપ પણ શ્રીમદ્‌ના ભગત હતા ને. એ વાત એવી છે આ તો. આહાહા..!

**'જન્મ એટલે સંસાર...'** ચોર્યાસીના અવતારમાં રખડવું એ પોતે સંસાર જન્મ પ્રાપ્ત કરાવે છે. કોણ? **'કોને? આત્માને. કોણ તે? દેહાદિમાં દઢ આત્મભાવનાવશ...'** આહાહા..! રાગ દેહાદિ મારા છે એવી માન્યતાવાળો જીવ જ સંસારમાં રખડે છે. એને કર્મ રખડાવે છે એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ગોમ્મટસારમાં છે.

ઉત્તર :- એ તો નિમિત્તનું કથન છે. જ્ઞાનાવરણીય, એનો ક્ષયોપશમ થાય તો આ થાય.

આ પણ બધા કહેતા હતા. હંસરાજભાઈ કહેતા હતા ગઢડામાં ૮૧માં આવ્યા હતા. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો જ્ઞાનમાં ક્ષયોપશમ આવે. વર્ણીજી એમ કહેતા હતા. કે જ્ઞાનાવરણીય કર્મના નિમિત્તને કારણે હીનાધિક દશા જીવમાં હોય છે. અહીં તો ના પાડે છે. એય..!

ભગવાન આત્મા 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' એને કોઈ કર્મ રખડાવે છે. આહાહા..! 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' એ વાત છે. નિમિત્તવાળાને જરી કઠણ પડે એવું છે. આહાહા..! પોતાનો ભગવાન આનંદસ્વભાવ સ્વરૂપ પ્રભુ, એને ભૂલીને રાગ ને શરીર તરફ દોરાયેલી બુદ્ધિ એ સંસારમાં રખડવાનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :- આ નવી શોધ કરી.

ઉત્તર :- નવી શોધ છે. આ નવી શોધ છે એમ કહે સોનગઢની એમ કહે છે. આ લખાણ કોનું છે? આ સોનગઢનું છે આ લખાણ? ઓલાએ લખ્યું છે ભંવરલાલજીએ. છે ને ભંવરલાલજી, નહિ? પદ્મપુરાણ. ભવંરલાલ નહિ પંડિત છેને આ પુસ્તક કાઢે છે. એમ કહે, સોનગઢનું નામ પડે ત્યાં લોકો ભડકે છે. એણે તો અનુકૂળ માટે કહ્યું છે. એ તો અનુકૂળ માટે લખ્યું છે. એ હમણાં ત્યાં વ્યાખ્યાન આપ્યું હતું ત્યાં. ઘણું માણસ હતું. આખી સભા ભરાઈ હતી. અને જયપુરમાં વ્યાખ્યાન હતું. તો માણસ મ્હાય નહિ. મોટું મંદિર જબ્બર. આહાહા..! માણસ તો બહુ આવે.

એમ કે સોનગઢ છે એ નિશ્ચયની એકાંત વાત કરે છે અને વ્યવહારથી પણ લાભ થાય, વ્યવહારથી નુકસાન થાય. ગુરુથી જ્ઞાન થાય, કર્મથી વિકાર થાય—એમ કહેતા નથી. અત્યારે તો

આ બધા એમ કહે છે. અહીં ના પાડે છે જુઓ. '**नयत्यात्मानमात्मैव जन्म**' આ શબ્દ છે. આત્મા પોતાના સંસારને પોતે સંસારમાં પોતે દોરે છે. રખડવાનો ભાવ પોતે કરે છે. આહાહા..! કર્મથી થાય...

મુમુક્ષુ :- પોતે પોતાનું નાક કાપે છે?

ઉત્તર :- હા પોતે નાક કાપે છે પોતાનું. આહાહા..!

'**नयत्यात्मानमात्मैव जन्म**' આ શબ્દ છે. આત્મા પોતે જન્મ નામ સંસાર, પરિભ્રમણ. એ આત્મા પોતે પોતાથી કરે છે. એને કોઈ કર્મ કરાવે છે, નિમિત્ત-ફિમિત્ત એની વાત અહીં છે નહિ. આહાહા..! અને '**આત્મા જ (જન્મ પ્રાપ્ત કરાવે છે);...**' '**દેહાદિમાં દૃઢ આત્મભાવનાવશ...**' આહાહા..! રાગાદિ વિકલ્પ જે છે એને તાબે થયેલો આત્મા પોતે જ અજ્ઞાનથી સંસારમાં રખડે છે. આહાહા..!

'**અને પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિના પ્રકર્ષ સદ્ભાવથી...**' પોતાના છે ને શબ્દ? '**नयति आत्मानमात्मैव निर्वाणमेव**' એમ લીધું. મોક્ષ પણ પોતે જ આત્માનો પોતે કરે છે. એને કોઈ ગુરુથી મોક્ષ થાય. આહાહા..! ભારે કામ ભાઈ! ગુરુ પરદ્રવ્ય છે. એનાથી આત્માને લાભ થાય? પોતે ભગવાન, પોતે આત્મા, પોતાનો ગુરુ છે. જે રાગથી ભિન્ન પડીને ધ્રુવના અવલંબનમાં પોતે આવે છે ત્યારે ધ્રુવના આશ્રયે તેને મુક્તિ થાય છે. આહાહા..! કહો, ચેતનજી! તો આ કર્મને લઈને સંસાર નહિ અને ગુરુને લઈને ધર્મ નહિ. આ તો બેય વાત. આહાહા..! એ વાત એને બેસવી કઠણ ભારે પડે. વસ્તુ તો આ છે એમ આચાર્ય પોકાર કરે છે. ચોખ્ખી વાત કે સંસાર નામ ચોર્યાસીના અવતારમાં દોરી જાય છે જીવ એ પોતાના મિથ્યાત્વને કારણે. આહાહા..! એને સંસારમાં લઈ જવાનું બીજું કોઈ કારણ નથી. '**नयति**' છે ને? દોરી જાય, પ્રાપ્ત કરે. આહાહા..!

મુમુક્ષુ :- બે કારણ છે.

ઉત્તર :- બે કારણ, કારણ એક જ છે વાસ્તવિક. ઉપાદાન કારણ આ છે. આહાહા..! અશુદ્ધ ઉપાદાન કારણ, વિકલ્પ છે એ શુભાશુભભાવરૂપ સંયોગીભાવ છે. ખરેખર એ પણ એક કાર્મણ શરીર જ છે. ભાવકારણ અંતરંગભાવ. ભાવકર્મ છે ને એ? એને દૃઢપણે પોતાના છે એમ માનનારો સંસારમાં પોતે રખડે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અને પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિના પ્રકર્ષ સદ્ભાવથી...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન નિર્મળાનંદ પ્રભુ એવો અનુભવ કરીને આત્મા પોતે પોતાના ધ્રુવને આશ્રયે મુક્તિ કરે છે. ગુરુને આશ્રયે મુક્તિ કરે છે. ...આ ગુરુનું કામ કરે તો ગુરુનો આશ્રય.. એ તો નિમિત્તની વાતથી કથન છે. સાંભળ્યું એને શ્રુત કહેવું છે ને એ અપેક્ષાએ વાત લીધી.

ત્યારે આવ્યા ત્યારે એ બોલતા હતા ને ઓલા નરોતમદાસ. જેસિંગભાઈના જમાઈ. અહીં મીલમાં રહેતા ને? ભાવનગર. તો એકફેરી આવ્યા હતા. નિમિત્ત-ઉપાદાનનું નામ લઈએ જે તજે નિમિત્ત. પણ ઉપાદાનનું નામ લઈને તજે નિમિત્ત એની વાત છે કે નહિ? પણ ઉપાદાનનો ભાવ

લઈને નિમિત્તને તજે એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! પોતે ભગવાન આત્મા શુદ્ધ ચિદ્દ્ઘન. રાગની ક્રિયા વિનાનો અને નિશ્ચયથી તો એના સ્વભાવમાં પર્યાયની ક્રિયા વિનાનો જીવ. એવો નિષ્ક્રિય તત્ત્વમાં જે દોરાય છે, આહાહા..! રાગને પોતાનું માનનાર સંસારને પામે છે અને નિષ્ક્રિય એવો ભગવાન આત્મા ધ્રુવ એને અવલંબનારો મુક્તિને પામે છે. કોઈ એ ગુરુને અવલંબે આ થાય છે આ દેરાસર, મંદિર ને ભગવાનની પ્રતિમાને અવલંબે ધર્મ થાય. એમ ના પાડી અહીં તો.

મુમુક્ષુ :- હવે વાંધો નહિ.

ઉત્તર :- હવે થઈ ગયા એમ કે આ બધું. મંદિર થઈ ગયું, માનસ્તંભ થઈ ગયું, સમવસરણ થઈ ગયું, એમાં આ થયું. પણ થયું, ન થયું એ તો.. એ તો એને કારણે થયું છે. એ રામજીભાઈએ ધ્યાન રાખ્યું માટે થયું છે? એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- એણે ધ્યાન રાખ્યું માટે નથી થયું, વજુભાઈએ ધ્યાન રાખ્યું માટે થયું.

ઉત્તર :- કોઈના ધ્યાન રાખે થયું નથી. ત્યાં એણે આ કર્યું છેને એ? માનસ્તંભ. ઘીયાનું માનસ્તંભ છે અને સમવસરણ એનું છે ને ઓલું કુંવરજીભાઈનું. બહારથી કહેવાય નિમિત્તથી. હમણાં તો એ માનસ્તંભ નહોતોને આ. બાર મહિનાનું. ત્યાં હતા તે દિ'. કોને કરે? ભારે વાતું ભાઈ! પૈસા એણે આપ્યા માટે એણે માનસ્તંભ બનાવ્યો. આપે કોણ ને લે કોણ? અહીં તો વસ્તુ કહે છે એ જુદી છે.

મુમુક્ષુ :- માનવું કાંઈક ને બોલવું કાંઈક. એ કેમ મનાય? કહેણી કુછ, કરની કુછ.

ઉત્તર :- ત્યાં રતિભાઈનું મુખ્યપણું છે બધું લ્યો બધાનું. ધ્યાન રાખે છે. મંત્રી છે. રામજીભાઈ તો અહીં બેઠા છે. ત્યાં નામ ભલે આપે એને. પણ એ કહે છે કે એ પરનું રતિભાઈ કરતા નથી એ સમવસરણ ને માનસ્તંભ ને એ. કેટલા સાડા સાત લાખ રૂપિયાનું બધું એટલામાં બનાવ્યું લ્યો. મંદિર, સમવસરણ, લ્યો શું કહેવાય? હોલ. ત્યાં તો ભાઈનું નામ છેને મોહનભાઈ ઘીયા. ઓલીકોર શું કહેવાય એ હોલ પાછળ? ધર્મશાળા. એ બધું રતિભાઈએ કર્યું હતું. ધ્યાન નથી રાખતા તમે બધાનું.

મુમુક્ષુ :- બોલાય કાંઈક માનવું કાંઈક.

ઉત્તર :- એ તો ત્યાં નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવે છે. નિમિત્ત અકિંચિત્કર છે. એ લોકોને આકરું પડે છે.

મુમુક્ષુ :- નિશ્ચયે અકિંચિત્કર પણ વ્યવહારે કિંચિત્કર ને?

ઉત્તર :- વ્યવહારે કિંચિત્કરનો અર્થ એ જૂઠી દૃષ્ટિ છે અકિંચિત્કર એમ. જૂઠી દૃષ્ટિથી કિંચિત્કર, સાચી દૃષ્ટિથી અકિંચિત્કર. આહાહા..!

મુમુક્ષુ :- લોકવાર્તિકમાં કિચિત્કર કહ્યું.

ઉત્તર :- એ તો લોકો ભાષામાં બોલે કથન, એમાં એ વસ્તુ ક્યાં આવી? આ જુઓને કહેશે. ત્યાં પણ આવે છે ને બંધ અધિકારમાં નહિ? અકિંચિત્કર. આહાહા..! ટીકામાં છે. આહાહા..! જે

આત્મા પોતાના શુદ્ધ સ્વભાવને ભૂલે છે, વાસ્તવિક પદાર્થની દૃષ્ટિ જેને નથી અને વિપરીત દૃષ્ટિમાં જે રોકાય છે એ પોતે રોકાય છે. એને કારણે એને નયતિ—સંસારની પ્રાપ્તિ થાય છે. આહાહા..! નિગોદની પ્રાપ્તિ પણ એના પોતાને કારણે એમ કહે છે. કેટલાક કહે છે કે ભાઈ નિગોદ સુધી તો કર્મનું જોર ખરું. ત્યાં કર્મ પછી જ્યારે પંચેન્દ્રિય થાય, ક્ષયોપશમ થાય ત્યારે એને પુરુષાર્થથી ત્યાં. નહિતર કર્મનું જોર ત્યાં સુધી તો ખરું એકેન્દ્રિય સુધી. અહીં તો ના જ પાડે છે. એય.. કાંતિભાઈ!

કહે છે કે પ્રભુ તું ડાકલી આમ વગાડ તો તું રખડ અને આમ વગાડ તો મુક્તિ થાય. આમ વાત છે. આત્મા પોતાના વિભાવભાવને પોતાનો માને તો ડાકલી પર ઉપર વગાડી તો સંસારમાં જાય. અને આત્માના આનંદ તરફ ડાકલી વગાડે તો મુક્તિને પામે. આમ વાત છે. પરને કારણે કાંઈ છે નહિ. આહાહા..! એવી જેને સ્વતંત્રતાની હજી ખબર જ નથી એની શ્રદ્ધામાં ઠેકાણા શું હોય એને? આહાહા..!

કહે છે.. પુસ્તક છે કાંતિભાઈ? નહિ હોય. આ જોડે છે છોટુભાઈ પાસે. આહાહા..! ભારે ગાથા! સમાધિ પામે તોપણ પોતાને કારણે અને અસમાધિ થાય તોપણ પોતાને કારણે. સમાધિતંત્રનો અધિકાર છે ને? ઓહોહો..! **'પોતાના આત્મામાં જ...'** આત્મા પોતે તે આનંદસ્વરૂપ ભગવાન. રાગની વિકલ્પની ક્રિયા વિનાનો પ્રભુ એવું પોતે પોતાને જાણે અને અનુભવે એમાં કોઈ નિમિત્તની જરૂર છે નહિ. આહાહા..! ગુરુની કૃપા તે સમકિત છે. લ્યો એવું આવે છે.

મુમુક્ષુ :- કર્મના અભાવમાં નિમિત્તની જરૂર છે?

ઉત્તર :- કોઈમાં નિમિત્તની જરૂર નથી. અભાવ પણ પુરુષાર્થથી સ્વભાવનો આશ્રય લે ત્યારે કર્મ. એને કારણે અકર્મરૂપી પરિણમી જાય છે. આહાહા..! એ પણ અકર્મરૂપે પરિણમનમાં આ મોક્ષની પર્યાય પ્રગટ કરી માટે એમ થયું એમ નથી. આહાહા..! પરની અપેક્ષા રાખ્યા વિના કર્મની પર્યાય અકર્મરૂપે થઈ. આહાહા..!

મુમુક્ષુ :- આ તો સોનગઢનું છે.

ઉત્તર :- સોનગઢનું છે કે કોનું છે? રમેશભાઈ! આ રમેશભાઈ બહાર બહુ જાય છે ત્યાં. વાંચે છે બહુ ત્યાં.

એક બાઈએ તો અહીં રહો એમ પાસ કર્યા હતા. ક્યા ગામ ઈટાવા? ક્યું? ઈટાવાને ભાઈ ક્યું? ઈટાવા. આઠ લાખ રૂપિયાની મુડી હતી બધી. મકાન-બકાન. ભાઈ જાય છને આપણા તરફથી ત્યાં. રેકોર્ડિંગ લઈને. ખુશી થયા છે. ભાઈ! તું અમારે ત્યાં રહે. તું મારો દીકરો અને હું તારી મા. આ બધી આઠ લાખની પુંજી તારી. અને રહે. આ કહે, ના, અહીં રહું નહિ હું. પણ ત્યાં રહેવું એનો અર્થ શું? આઠ લાખ પૈસા મળે માટે રહેવું ત્યાં? આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! તને જે સંસારનું જન્મ-મરણ નિગોદ અને ચાર ગતિના ભવસિંધુ.. ઓહોહો..! ભવનો મોટો સિંધુ—દરિયો પરિભ્રમણનો. એમાં તું તારી મેળાએ રખડે છો. ભવના

અભાવ-સ્વભાવ સ્વરૂપ પ્રભુ, એનો આશ્રય ન લેતા, ભવના કારણરૂપ રાગાદિભાવ, એનો આશ્રય લઈને તું સંસારને પ્રાપ્ત કરે છે. આહાહા..! આ દિગંબર સંતોની આવી વાણી છે. સમજાણું કાંઈ? સનાતન વીતરાગ જૈનધર્મ તો આ છે. આહાહા..! મુનિ પંચમ આરાના પુજ્યપાદસ્વામી, લ્યો.

'ગુરુ વિના જ્ઞાન નહિ અને ગુરુથી જ્ઞાન નહિ.' એમ કોક કહે. અહીં તો, ગુરુ વિના જ જ્ઞાન થાય એમ કહે છે. એ તો નિમિત્તપણું સિદ્ધ કરવું. દેશનાલબ્ધિ લ્યો. દેશનાલબ્ધિ પામ્યા વિના સમકિત થાય? એય..! પણ એના વિના જ પામે છે એ. જે લક્ષમાં આવ્યું કે આ ભગવાને શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો. આહાહા..! ગુરુએ એમ કહ્યું. શુદ્ધાત્મ તત્ત્વ કહ્યું ને? કુંદકુંદાચાર્ય. અમારા ગુરુએ અમને શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો. એમાંથી અમારો વૈભવનો જન્મ થયો. ઠીક! એય..! આ ભાઈએ લખ્યું છે. હિંમતભાઈએ લખ્યું છે આ બધું. રાજેશ નહિ? આહાહા..!

ગર્જના તો સિંહની જેમ આત્મા અંદર પોકારીને કરે, અરે..! હું તો પૂર્ણાનંદનો નાથ છું, મારામાં અલ્પજ્ઞતા નથી અને રાગ અને સંસાર તો ત્રણકાળમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? સિંહની ગર્જના જેમ સાંભળીને હરણના ટોળા ભાગે, એમ આત્માની ગર્જના સાંભળતા અશુદ્ધતા ક્યાંય ચાલી જાય બધી. આહાહા..! સમજાણું કાંઈ? એ સિંહ જેવો ભગવાન. અનંત શક્તિના સામર્થ્યવાળો પ્રભુ, એનો એને વિશ્વાસ આવતો નથી. આવો હું હોઈશ? આવો આવડો મોટો! આહા..! અરે. એવડો મોટો તો કેવડો! સિદ્ધની પર્યાય પાસે દ્રવ્યનું જ્યાં.. સિદ્ધની પર્યાયની પણ જ્યાં કિંમત નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયની કિંમત એ તો સિદ્ધની પર્યાય. એ તો એક સમયની દશા છે. આ તો ત્રણ લોકનો નાથ અનંતી સિદ્ધની પર્યાય જેને અંદરમાં પેઠી છે એક સમયમાં. આહાહા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો...' એવું જાણનાર, માનનાર, ઠરનાર કોણ? એ તો પોતે છે. એ તો પોતે ગુરુ છે. આહાહા..! એકાંત છે એમ માને. પણ બાપુ એ સમ્યક્ એકાંત એ જ વસ્તુ છે. આહાહા..!

આત્મા નિત્ય છે સર્વથા, ત્યારે એમ કહે કે આત્મા દ્રવ્યે નિત્ય પણ છે અને અનિત્ય પણ છે? એમ આત્મા પોતાને આશ્રયે સર્વથા મુક્તિ કરે છે. આહાહા..! અરે.. એને ક્યાં શ્રદ્ધામાં બેસે આ તે કોણ છે પ્રભુ અંદર? આહાહા..! શાસ્ત્રનું શ્રવણ કરું, પછી એનો ખ્યાલ આવે. એય.. છોટાભાઈ! છોટાભાઈ! શાસ્ત્ર સાંભળે તો ખ્યાલ આવે ને? એ અહીં ના પાડે છે લ્યો. આહાહા..! વ્યવહારથી એમ કહેવાય. 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' આવે છે ને? પણ એ લક્ષ કર્યું કોણે?

પૂર્ણ સ્વરૂપ ભગવાન, એની પ્રતીતિ એના જ્ઞેયની, જ્ઞાનની પર્યાયમાં એ આખો આવો આત્મા બેસે એ પુરુષાર્થથી બેસે છે. એ કોઈ ગુરુથી બેસે છે અને કોઈની કૃપાથી થાય છે (એમ નથી). આહાહા..! એ આત્માની કૃપાથી થાય છે. આહાહા..! કરુણા સાગર પરમાત્મા પોતે આત્મા, એનો અંતર આશ્રય લઈને મુક્તિ થાય છે. એના ગુરુથી થાય છે એ વાત છે નહિ. કહો, સમજાણું કાંઈ? તો પછી આ તમે ઉપદેશ, ઉપદેશકની આ બધી.. ભાઈ! સાંભળ ભાઈ! ઉપદેશને કારણે, વાણીને

કારણે યોગમાં વાણી હોય, પણ એની યોગ્યતા પ્રમાણે એની જિજ્ઞાસાના ભાવમાં એ સાંભળવા મળે. પણ મળે માટે ત્યાં જ્ઞાન થાય. આહાહા..! સમજાણું કાંઈ?

નિરાલંબન એવો આત્મદેહ.. ભાઈએ લખ્યું છે નહિ? સમવસરણ (સ્તુતિ)માં. એવો ભગવાન આમ અદ્ધર બિરાજે છે. એમ અહીં પણ ભગવાન કોઈ ક્ષેત્રને, કોઈ રાગને આધારે બિરાજે છે એમ છે નહિ. આહાહા..! એ આત્મા પોતે આત્માને જ આત્મામાં જ '**આત્મબુદ્ધિના પ્રકર્ષ સદ્‌ભાવથી...**' ટીકામાં છે ખરું ને. '**स्वात्मन्येवात्मबुद्धि–प्रकर्ष**' વિશેષે પોતામાં બુદ્ધિ પુરુષાર્થથી. આહાહા..! મારો સ્વામી પૂર્ણાનંદનો નાથ એને જેણે સ્વીકાર્યો.. આહા..! હે નાથ! તારજે. એ વાણીમાં સામું આવ્યું કે હે નાથ! તું. એ તારજે તું તારજે એમ આવ્યું. સામો અવાજ-ધ્વનિ એમ આવ્યો. આહાહા..! ઓલામાં લખ્યું છે ઓલું પુસ્તક નહિ? કલકત્તામાં. દિલીપનું. ભગવાન તું, કહેનાર તું. એમ મોઢા આગળ બે શબ્દ છે મોઢા આગળ. ચોપડીમાં છે. પુસ્તક મળ્યું છે કલકત્તાનું મળ્યું છે ભાઈ! મળ્યું? ક્યાંથી? કલકતાનું. આ છોકરાઓએ હમણાં છપાવ્યું છે. દિલીપ ને એ. ક્યાં મળ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ ઠીક લ્યો. ક્યાંક મોઢા આગળ શબ્દ છે. એય.. શાંતિભાઈ! પુસ્તક મળ્યું તમને? લઈ જજો આજે. છોકરાએ બનાવ્યું દિલીપ-દિલીપ. આ જાદવજીભાઈનો પૌત્ર. એના દિકરા જયંતિભાઈ આવ્યા છે કે ગયા? છે? આ જયંતિભાઈ. એનો પુત્ર એના ગુરુ છે એ. એય.. શાંતિભાઈ! એના બાપનો અને દાદાનો ગુરુ છે એ. એને સમજવા માટે બેસે ત્યાં એની પાસે. બેસે છે કે નહિ? જયંતિભાઈ બેસે છે કે નહિ? વાંચે ત્યારે. એ નિમિત્ત હોય. પણ એ સમજે છે ત્યારે જીવ પોતાથી સમજે છે. પરથી સમજતો નથી. આહાહા..! આવી સત્ય વાતને લોકો એકાંત માની લે છે. પણ એ સમ્યક્ એકાંત જ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..!

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનું કારણ, પણ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કોને આશ્રયે થાય? ગુરુ આશ્રયે થાય? નિમિત્ત કે રાગને આશ્રયે થાય? આહાહા..! અરે.. પર્યાયને આશ્રયે થાય? આહાહા..! પૂર્ણ આનંદનો નાથ પ્રભુ અનંત શક્તિનો સાગર, જેની પરમાત્મદશાની વાત શું વસ્તુની? એનો જેણે આશ્રય (એટલે) પોતે પોતાનો આશ્રય કર્યો. આહાહા..! ત્યારે તે મુક્તિનું કારણ પોતે થયો. ગુરુ નહિ તો પછી કર્મનો અભાવ કારણ થાય એ પણ રહ્યું નહિ અહીં તો. આહાહા..!

મુમુક્ષુ :- .. ગુરુ હતા એ વાત હમણાં કરી.

ઉત્તર :- એ ભાષા કહી ને? કીધું તો ખરું એ. પણ એ નિમિત્તથી કથન છે. શુદ્ધાત્મ તત્ત્વનો અમને ગુરુએ ઉપદેશ આપ્યો છે. એનાથી અમારો નિજવૈભવ પ્રગટ્યો છે. એ તો નિમિત્ત કોણ હતું એ જણાવ્યું છે. આહાહા..! એ જ ગુરુ આ સમાધિશતકના કર્તા ગુરુ એ જ જાતના છે. જેવા કુંદકુંદાચાર્ય હતા એવા યોગીન્દ્રદેવ છે. પુજ્યપાદ સ્વામી છે. આહાહા..! એ તો કોઈપણ મુનિ છે એ કુંદકુંદાચાર્યની નાતના છે બધા. સાચા સંત. દિગંબર સંત હોં. આહાહા..! એવી વાત સંતની.

ભવનો અંત કરનાર પ્રભુ તું પોતે છો કહે છે. આહાહા..! કેમકે જેમાં ભવ અને ભવના ભાવનો જેમાં અભાવ, એવા સદ્ભાવનો જેણે આશ્રય લીધો.. આહાહા..!

ભવ નરકાદિ અને એનું કારણ ભાવ એ ભાવ વિનાની ચીજ જે છે એવો ભગવાન પૂર્ણ શુદ્ધસ્વરૂપ એનો જેણે આશ્રય લીધો એ તો પોતે લીધો પોતાનો. આહાહા..! એને મુક્તિ નયન નામ પામે છે. એ મુક્તિને પામે છે. આહાહા..! નયન શબ્દ છે ને? દોરે છે, પ્રાપ્ત કરે છે, પામે છે. નયનો અર્થ. નિ-ધાતુ લ્યોને અહીં આપણે. નિ-ધાતુ. એમાંથી નયન. દોરે છે, પામે છે, લઈ જાય. પોતાની પૂર્ણ મુક્તિની પર્યાય તરફ આત્મા લઈ જાય છે. એને કોઈ રાગ લઈ જાય છે કે ગુરુ લઈ જાય છે એમ છે નહિ. આહાહા..! અરે.. આવું સ્વયંસિદ્ધ સ્વતંત્ર જેને કોઈ મુક્તિને માટે પરની અપેક્ષા નથી. અરે.. જેને સંસારના મિથ્યાત્વ ભાવને માટે પણ પરની અપેક્ષા નથી. આહાહા..!

કાર્યના બે કારણ હોય ને? તત્ત્વાર્થ રાજવાર્તિકમાં એમ કહ્યું છે. એ તો નિમિત્તથી પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. નિશ્ચયથી તો આત્મા પોતે પોતાને કારણે એક જ કારણે મુક્તિ પામે, બીજું કારણ છે જ નહિ. આહાહા..! અરે.. એવી એને દઢતા બેસવી જોઈએ ને પહેલી? એ દઢતા એ બેસાડે કે દઢતા કોઈ બીજો બેસાડે? આહાહા..! અહીં તો ગુરુની ના છે પાઠમાં જુઓ. '**नान्यो गुरुरस्ति परमार्थतः।**' લ્યો! પરમાર્થે બીજો ગુરુ છે નહિ કોઈ. તું તારો ગુરુ છો. આહાહા..!

ઓલામાં આવે છે ને 'નિશ્ચયવાણી સાંભળી, સાધન કરવા..' 'તજવા નોય, નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય.' એ કોણ? સાધન શું એય? આહાહા..! એ બધી વ્યવહારની વાતું છે. શ્રીમદ્માં આવે છે ને. ક્યું સાધન? ભાઈ! રાગનું સાધન? વિકલ્પનું સાધન? ગુરુનું સાધન, શાસ્ત્રનું સાધન? આહાહા..! એ કોઈ સાધન છે જ નહિ. ભગવાન પૂર્ણ શુદ્ધસ્વરૂપ અનાકુળ આનંદના સ્વાદથી રહેલો એવા અનંતગુણથી ભરેલો પદાર્થ એવો આત્મા એ આત્માને, આહાહા..! એવા આત્માને, આત્મા એવા આત્માને પોતાની નિર્મળ પર્યાય દ્વારા તેને પહોંચે છે, એ મોક્ષને પહોંચે છે. આવું છે, ભાઈ!

વ્યવહારના સ્થાનમાં વ્યવહાર હોય, પણ એનાથી કાંઈ નિશ્ચય પામે છે એમ નથી. આહાહા..! ભલે હો કહે છે ને. '**व्यवहारेण तु यदि भवति तदा भवतू**' હો. વ્યવહાર એથી શું? એથી કરીને એનાથી પામ્યો છે એમ છે નહિ. આહાહા..! પોતે પોતાનો ગુરુ થઈને પોતે પોતાને તારે છે ત્યારે એને બાહ્યથી ગુરુ એને વ્યવહાર નિમિત્ત કહેવાય છે. આહાહા..! નિમિત્તને તો અકિંચિત્(કર) કરી નાખ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે નિમિત્ત કહેવાય. કાંઈક કરે તો નિમિત્ત કહેવાય ક્યાંથી? આહા..!

'**આત્મા જ આત્માને નિર્વાણ પ્રતિ લઈ જાય છે,...**' નયતિ છેને (એટલે) દોરી જાય છે. આહાહા..! પૂર્ણાનંદનો આશ્રય લઈને પોતે જ પોતાને આત્મા પૂર્ણ પર્યાયની પ્રાપ્તિને પામે છે. આહાહા..! એમાં કોઈ વિકલ્પ ને ગુરુ ને શાસ્ત્ર તે બધા અકિંચિત્કર છે. આહાહા..! વ્યવહાર મોક્ષનો

માર્ગ પણ સ્વના આશ્રયવાળાને અકિંચિત્કર છે. જેઠાભાઈ! બહુ માર્ગ ઓલો. આહાહા..! હવે ઓલા કહે કે કર્મને લઈને વિકાર થાય, એમ માનો તો ચર્ચા કરીએ જેઠાભાઈ સાથે. અહીં તો ના પાડે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધાય ઘણા એમ જ કહે છે. વર્ણીજી એમ કહેતા હતા. આત્મામાં જ્ઞાનની હીનાધિકતા એ જ્ઞાનાવરણીય ક્ષયોપશમને કારણે થાય. એકલી ન થાય. કહેતા હતા. ચેતનજી! એને ખબર છે કે નહિ? એને એ મળ્યું નહોતું ને. એ વાત મળી નહોતી.

આત્માને વિકાર તે કર્મ વિના ન થાય. અહીં કહે છે, કર્મ વિના પોતાને કારણે વિકાર થાય. આહાહા..! એમ મનુષ્યપણું અને સંહનન વજ્રનારાચ સંહનન, સંસ્થાન એ હોય તો અહીં કેવળ પામે એમ નથી. એમ અહીં ના પાડે છે. આહાહા..! એ મુક્તિને પામવાને માટે પોતાનો આશ્રય પોતે કરે ત્યારે મુક્તિ પામે છે. પરનું નિમિત્તપણું એમાં અકિંચિત્કર છે. આહાહા..! એ વાત બેસવી જોઈએ અંદર હોં.

**'કારણ કે વાસ્તવમાં આત્મા આત્માનો ગુરુ છે; પરમાર્થે બીજો કોઈ ગુરુ નથી.'** ટીકા પ્રમાણે અર્થ કર્યો છે. **'વ્યવહારે તે હોય તો ભલે હો.'** વ્યવહારે કહેવામાં આવે નિમિત્ત. હો. આહાહા..! એટલે એનો અર્થ (કે) કાંઈ કર્યું નહિ. આહાહા..!

**'ભાવાર્થ :- જે આત્મા દેહાદિમાં (રાગાદિમાં) દૃઢ આત્મબુદ્ધિ કરે છે...'** જે એના સ્વભાવમાં નથી એવા ભાવને દૃઢબુદ્ધિએ પોતે કરે છે. આહાહા..! જે ભગવાન આત્મા શુદ્ધ સિદ્ધ સમાન પ્રભુ, એમાં રાગ અને ભવનો અભાવ છે. એવા ભાવને જેમાં નથી, એને પોતાની આત્મ-બુદ્ધિએ માને, ભાઈ! શરીર નિરોગ હોય તો કામ ચાલે, નિરોગ હોય તો મનમાં સ્ફુરણા રહે, મનમાં સ્ફુરણા થાય તો અંદર આત્મા તરફ વળવાનો પ્રયત્ન કરે. અહીં ના પાડે છે. આહાહા..! નારકીના જીવ હોય છે ને. એનું શરીર, પરમાધામી, લોઢાના સરિયાથી બાંધે આમ આખું. માથું ને પગ બધું ભેગું કરીને કચરડીને. લોઢાના ધગધગતા સરિયા કરી અને બાંધે. આહાહા..! કહે છે કે પણ એમાં એને સમકિત પામવાને એ કોઈ બિલકુલ નડતર કરતા નથી. આહાહા..!

અંદરમાં પર્યાયને દોરે છે એ પોતે દોરે છે. એમાં આ બહારના આ કચ્ચરઘાણ આમ બધું આમ થઈ ગયું. આંખ ફોડી નાખી હોય, કાનમાં ખીલા નાખ્યા હોય અને આખું શરીર ને માથુ આમ.. જેમ લૂગડાને દડો કરીને બાંધે એમ દડો કરે. આહાહા..! પણ એ તો દેહની દશા. આહાહા..! ભગવાન આત્મા તો એ દશાથી ભિન્ન છે. પછી એવી દશામાં સમકિત ન પામે અને નિરોગ શરીર અને મજબુત શરીર હોય અંદર એવી દશાથી કેવળ પામે એમ નથી. આહાહા..! ખાવા-પીવાના સાધન સરખા હોય, દીકરો રળતો હોય, પોતાને નિવૃત્તિ. એટલું હોય તો નિવૃત્તિ લઈ શકે ને? આ બે જણા તમે છો તો પૈસા કાંઈક છે તો નિવૃત્તિ લીધી. નહિતર નિવૃત્તિ લેવાય? રળવું પડે તો, દોડવું પડે તો. .. આહાહા..!

અંતરમાં નિવૃત્તિ લેવા માટે પરની કોઈ અપેક્ષા છે નહિ. એમ કહે છે. અને અંતરમાં ઢળવા

માટે બહારની અનુકૂળતા હોય તો એ અંદર ઢળી શકે છે. આહાહા..! એની સાથે સંબંધ શું છે? એ વાત સાંભળવા પણ મળવી કઠણ પડે એવું છે. ઓશિયાળો થઈ ગયો છે ને અનાદિનો. કાર્ય નિમિત્ત વિના થાય એકલા ઉપાદાનથી? એમ રાડ પાડે છે. ઓલો એ કહેતો હતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આત્મા કોઈની વાત સાંભળતો નથી. એ કહે છે બીજાને સંભળાવે છે, પણ સાંભળતો નથી. સાંભળતા નથી મારું કૈલાસચંદજી એમ કહે છે. કૈલાસચંદજી. આ બધું અહીં કીધું પણ એ સાંભળતા નથી. અમારું તો કાંઈ ગણ્યું જ નહિ કહે. એ તો એની પોતાની દીધે રાખે છે. કહ્યું હતું. છાપામાં આવ્યું હતું. હમણાં છાપામાં આવ્યું હતું. એ બધાને સંભળાવે છે, પણ સાંભળતા નથી કોઈનું. સંભળાવતા પણ નથી અને સાંભળતા પણ નથી. સાંભળને! આહાહા..! ખુલાસો ભાઈએ સારો કર્યો છે છોટાભાઈએ.

**'જે આત્મા દેહાદિમાં દઢ આત્મબુદ્ધિ કરે છે તે જન્મ-મરણરૂપ સંસારમાં ભ્રમણ કરે છે- અર્થાત્ આત્મા જ પોતાના આત્માને સ્વ-અપરાધથી સંસારમાં રખડાવે છે,...'** આહાહા..! ૬૨ ગાથામાં આવ્યું ને? પંચાસ્તિકાયની. એ વર્ણીજી સાથે ચર્ચા થઈ હતી. કે ભાઈ આમાં તો આમ કહ્યું છે કે મિથ્યાત્વમાં અને રાગ-દ્વેષ કરવામાં કર્મના શું કીધું એ? કારક. કર્મના કારકની અપેક્ષા નથી. ૧૩ની સાલ. ૧૮ વર્ષ થયા. ત્યાં શું કહેવાય એ? મધુવન. શાંતિભાઈ હતા? શાંતિભાઈ હતા ત્યાં આવ્યા હશે. આહાહા..! આકરું કામ ભારે! નહિ, એ તો અભેદનું કથન છે. પણ અભેદનું કથન એટલે શું કીધું? પરની અપેક્ષા વિકાર કરવામાં બિલકુલ નથી. આહાહા..!

જુઓને કેટલા ભણેલા બહારમાં પુણ્યશાળી માણસ, આબરૂ એ બાજુમાં તો બહુ પ્રસિદ્ધ, બાપુ! આ વાત નહિ બેઠેલી. વિકાર થાય છે (એને) પરની અપેક્ષા નહિ. પાછું કહેવાયું ત્યાં કલકતે ગજરાજજીને ત્યાં આહાર હતો ગજરાજજીને.. ગુજરી ગયા ને. ગજરાજજી કલકત્તામાં. ત્યાં આહાર હતો. આહાર હતો એમાં ભાઈ આવ્યા શેઠ. શાહુજી-શાહુજી. કાગળ લઈને આવ્યા. આહાર કરીને બેઠા હતા ખુરશી ઉપર. આમ આવ્યું છે કહે. ખુલાસો કરો. વિકાર પરથી ન થાય તો સ્વભાવ થઈ જાય. કીધું, બધા ઉત્તર આપ્યા છે ત્યાં. ઉઠો. શાહુજી હોય કે ફલાણા હોય અમારે શું છે?

ચોખ્ખી વાત કરી હતી કે વિકારમાં પરકારકની અપેક્ષા નથી. સંસ્કૃત ૬૨ ગાથા. પંચાસ્તિકાય. મૂકી હતી ત્યાં. ભાઈએ કહ્યું ફુલચંદજી. સ્વામીજી કહે છે કે નિશ્ચયમાં વિકાર કરવામાં પરની અપેક્ષા નથી. ચોખ્ખી મૂકી વાત. એણે પકડી હતી. એમ નિશ્ચયથી મોક્ષ થવામાં પરના કારણની બિલકુલ જરૂર નથી. આહાહા..! એ ઓલો આવ્યો હતો ને એક પંડિત નહિ ઓલો? વજ્રનારાચ સંહનનથી થાય, એક પંડિત આવ્યો હતો ને કુચામણનો. અહીં આવ્યો હતો ને એક ફેરી. ઘણા વર્ષ પહેલાં. મનુષ્યપણું, સંહનન વિના કેવળ થાય? આહાહા..! અહીં કહે કે કર્મના અભાવની પણ જેને કેવળ પામવામાં અપેક્ષા નથી. આહાહા..! જ્ઞાનાવરણીયનો અભાવ થાય તો કેવળ થાય એમ છે નહિ. આહાહા..! હો. અભાવ તો એને કારણે એમાં અહીં શું છે? આહાહા..!

ભગવાન પોતે પોતાના આશ્રયમાં જ્યાં પડ્યો છે.. આહાહા..! નિર્વિકલ્પ આનંદસ્વભાવમાં એ પોતે પડ્યો છે જ્યાં, ત્યાં કોઈની અપેક્ષા છે નહિ. આહાહા..! એવું વસ્તુનું સ્વયંસિદ્ધ સ્વતંત્ર સ્વરૂપ જ છે. ભગવાને જેવું હતું એવું કહ્યું. એણે કાંઈ કર્યું નથી, બનાવ્યું નથી પરનું સ્વરૂપને એ તો. જેવું હતું એવું જણાવ્યું છે બાપુ. વિકાર કર તોપણ તારાથી અને મોક્ષ કર તોપણ તારાથી. અહીં તો બેય વાત લીધી. અસમાધિ ઉત્પન્ન કર સંસારમાં જવાની રખડવાની, આહાહા..! તોપણ તારાથી અને સમાધિ પ્રગટ કર તોપણ તારાથી. એમાં કોઈ પરની અપેક્ષા છે નહિ. આહાહા..! એક ભાવ પણ એને અંતરમાં યથાર્થ બેસવો જોઈએ. એ વિના અંતરમાં બેઠા વિના એ ભાવ અદ્ધર રહી જાય એ કામ નહિ કરે એ. સમજાણું કાંઈ? શાંતિભાઈ! આવો માર્ગ છે. આહાહા..!

છોકરા બધા કામે વળગે એવા થઈ જાય રળતા તો પોતાને નિવૃત્તિ મળે. એ અહીં ના પાડે છે. એમ છે નહિ. ના પાડે છે એટલે. કહો, ભરત! તું એકલો જો ત્યાં કામ કરે તો આ ખીમચંદભાઈને નિવૃત્તિ મળી કે નહિ એટલી? આહાહા..! કહે છે અંતરના પરિણામને રાગરહિત કરવા એમાં પરની કોઈ અપેક્ષા છે નહિ. આહાહા..! ને રાગસહિત કરવા એને પણ પરની કોઈ કર્મની નિમિત્તની અપેક્ષા છે નહિ. આહાહા..!

**'સ્વ-અપરાધથી સંસારમાં રખડાવે છે, અને તે જ આત્મા જો પોતાના આત્મામાં જ દૃઢ આત્મબુદ્ધિ કરે,...'** એટલે કે પોતાની પર્યાયને દૃઢ આત્મામાં દૃઢ કરે.. આહાહા..! **'તો તે સંસારભ્રમણથી મુક્ત થાય છે-નિર્વાણ પામે છે-અર્થાત્ આત્મા જ પોતાના આત્માને નિર્વાણ પમાડે છે; તેથી પરમાર્થે આત્મા જ આત્માનો ગુરુ છે, બીજો કોઈ ગુરુ નથી.'** આહાહા..!

મુમુક્ષુ :- એ તો ભાવાર્થમાં છે.

ઉત્તર :- એ આવ્યું ને. આમાં નથી. **'परमार्थतः व्यवहारेण तु यदि भवति तदा भवतु।'** વ્યવહાર એટલે કે નથી, એનો અર્થ.

મુમુક્ષુ :- વ્યવહાર હોય તો ભલે હોય

ઉત્તર :- એ ભલે હોય એનો અર્થ શું? કે એ તો ભલે અંદર નિમિત્ત હોય, પણ એને લઈને આમ થયું છે એમ છે નહિ. આહાહા..!

**વિશેષ :— 'અહીં આચાર્યે સ્પષ્ટ કર્યું છે કે જીવ પોતાના શુદ્ધ કે અશુદ્ધ ઉપાદાનથી જ...'** લ્યો! શુદ્ધ કે અશુદ્ધ ઉપાદાન. સ્વનો આશ્રય લેવો તે શુદ્ધ ઉપાદાન અને પરના આશ્રય લેવાની બુદ્ધિ તે અશુદ્ધ ઉપાદાન. પણ પોતાને લઈને છે એ. આહાહા..! **'અશુદ્ધ ઉપાદાનથી જ પોતાના આત્માનું હિત-અહિત કરે છે.'** શુદ્ધ ઉપાદાનથી પોતે હિત કરે અને અશુદ્ધથી પોતે અહિત કરે. **'તેમાં કર્મ કે પર પદાર્થો અહેતુવત્ છે...'** છે ને? એ ત્યાં પણ કહ્યું છે અહેતુવત્. પંચાધ્યાયીમાં. .. મખ્ખનલાલજીએ અર્થ કર્યો છે. પાઠમાં છે. વળી પાછા અર્થ કરે ત્યારે કહે આ શું કરે છે પ્રભુ? ભગવાનની પેઢીમાં આવું હલવે. વીતરાગ ત્રણ લોકના નાથ એનો માર્ગ છે. એના માર્ગમાં કલ્પનાએ અર્થ કરવા. પેઢીને દૂષણ છે એ. પેઢીનું એ

દેવાળું કાઢે છે. આહાહા..!

મુમુક્ષુ :- પેઢીની આબરૂ વધે છે.

ઉત્તર :- આબરૂ કરે છે. કલંક લગાડે છે. આહાહા..!

**'અહેતુવત્ છે અકિંચિત્કર છે.'** ભાષા સ્પષ્ટ કરી નાખી. આહાહા..! ગુરુએ આત્માના મોક્ષને માટે અકિચિંત્કર છે. અને મિથ્યાત્વ અને અજ્ઞાન કરવા-થવામાં કર્મ અકિંચિત્કર છે. **'જ્યાં સુધી જીવ પોતાના આત્માના સામર્થ્યનું ભાન કરી...'** પોતાના સ્વભાવના સામર્થ્યનું ભાન કરી **'અંતરંગ રાગાદિ શત્રુઓ અર્થાત્ કષાય પરિણતિ પર વિજય પ્રાપ્ત કરી સ્વયં પોતાના આત્માનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરતો નથી,...'** આહાહા..! પોતાના આત્માના સામર્થ્યનું ભાન કરી, અંતરંગ રાગાદિ શત્રુ કષાય પરિણતિ પર વિજય પ્રાપ્ત કરી સ્વયં પોતાના આત્માનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરતો નથી **'ત્યાં સુધી તે સંસારરૂપી કીચડમાં ફસ્યો રહે છે...'** આહાહા..! સમજાણું કાંઈ?

**'અને જન્મમરણના અસહ્ય કષ્ટો ભોગવતો રહે છે,...'** લ્યો! આહાહા..! નિગોદમાં એક અંતર્મુહૂર્તમાં એક શ્વાસમાં અઢાર ભવ. એનું કારણ? આહાહા..! પોતાની ઊંધાઈની વાત છે. કર્મને કારણે ત્યાં અઢાર ભવ કરે છે એમ નથી એમ કહે છે. પોતાનું જે સ્વરૂપ છે તેનું ભાન કર્યા વિના અથવા તેનો અનાદર કરીને, જે એનામાં નથી એના રાગમાં પોતાપણું માને છે એ સંસાર રખડવાનું કારણ છે. કોઈ કર્મફર્મ રખડવાનું કારણ છે... આહાહા..! ૭૦ ક્રોડાક્રોડીનું કર્મ. લ્યો! પણ એ તો એની સ્થિતિમાં છે. અહીં ક્યાં આવ્યું? એ તો પોતે એવી અયોગ્યતાના કારણે જે કાંઈ વિકાર કર્યા તે કાળે તે કર્મની સ્થિતિને થવાને લાયક જીવો, પરમાણુઓ એ રીતે થયા એ તો એને કારણે થયા, અહીં તે મિથ્યાત્વ સેવ્યું અને વિપરીત માટે દર્શનમોહનું પરિણમન ત્યાં થયું એમ નથી. આહાહા..! એ દર્શનમોહનું પરિણમન અને મિથ્યાત્વના ભાવનું અકિંચિત્કરપણું છે. આહાહા..! અને મિથ્યાત્વ-ભાવના પરિણમનને દર્શનમોહનો ઉદય અકિંચિત્કર છે.

મુમુક્ષુ :- લોકવાર્તિકમાં...

ઉત્તર :- એ તો વ્યવહારની વાત છે. અહીં અકિંચિત્કરનો સ્વભાવ છે પોતાથી, ત્યારે નિમિત્તમાં અકિંચિત્કરનો આરોપ. અકિંચિત્કર છે પર, પણ પોતે કર્યુંને પોતાનાથી? એથી એને અહીં કર્યું, એના કર્તાપણાનો અકિંચિત્કરનો આરોપ આપ્યો ત્યાં. એ બધા આધાર આપે છે. આમાં આમ કહ્યું છે ને આમાં આમ. લાખ વાત કરી હોય. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આવે છે ને? 'છોડી જગત દ્વંદ્વ ફંદ...' આહાહા..!

એ ચોર્યાસીનો ભવસિંધુ મોટો દરિયો. એની ખાણમાં અનંતાભવ કરવાની તાકાત એ પોતે કરે છે. આહાહા..! મિથ્યા દઢતાની શ્રદ્ધા પોતે કરે છે. એને લઈને ભવસિંધુમાં એ રખડે છે. કર્મને લઈને નહિ. અને ભવસિંધુનો અભાવ, જેમાં ભવ અને ભવનો અભાવ નથી એવો આત્મા આત્માનો આશ્રય કરીને, કેવળજ્ઞાન અને મુક્તિને પામે છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું એક ઠેકાણે. આવું કરશે તો

એને નિમિત્ત સારા મળશે અને ત્યાં ધર્મ પામો તો પામશે. આવે છે ને? પણ એ પામશે તો પામશે એનો અર્થ શું? એનાથી એને લઈને શું છે? આહાહા..!

મુમુક્ષુ :- નિમિત્ત.

ઉત્તર :- હા, એ તો નિમિત્ત. પણ નિમિત્તનો અર્થ શું? એને લઈને પામશે એ ત્રણ કાળમાં નહિ. એ વ્યવહારના વચનો એને. રાગની મંદતા હોય તો પુણ્ય બાંધશે અને પુણ્ય બાંધશે તો એને નિમિત્ત અનુકૂળ મળશે અને એમાં જો પામવાનો આશ્રય કરશે તો પામશે, નહિતર નહિ પામે. એ તો એને આશ્રયે થયો એમ કાંઈ થયું નહિ. આહાહા..! છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં? આ શબ્દ છે. એ તો યાદ આવી જાય અંદરથી. આહાહા..! એણે પણ સ્પષ્ટ કર્યું છે. એણે જરી ત્યાં કહે, ભાઈ! આવા નિમિત્ત અનુકૂળ હશે તો ત્યાં પામવું હશે તો પામશે. એનો અર્થ કે એ નિમિત્તથી પામશે એમ કાંઈ છે નહિ. આહાહા..! અહીં તો ના પાડે છે.

**'ત્યાં સુધી તે સંસારરૂપી કીચડમાં ફસ્યો રહે છે...'** આહાહા..! 'ભાવકલંક પહુરા' નથી? ગોમ્મટસારમાં. કર્મ તીવ્ર છે માટે નિગોદમાં રહ્યો. એમ નથી કહ્યું ત્યાં. ભાવકલંક પહુરા. પ્રચુર. ભાવકલંકની પ્રચુરતા પોતે કરે છે. આહાહા..! એમાં કોઈ કર્મના નિમિત્તની અપેક્ષા છે એવું છે નહિ. આહાહા..! આકરી વાતું ભારે. વસ્તુનો સ્વભાવ જ આવો છે ત્યાં શું થાય?

**'અને જન્મમરણનાં અસહ્ય કષ્ટો ભોગવતો રહે છે,...'** આહાહા..! જન્મવું અને મરવું એ તો નિમિત્તથી કથન છે. વિકારના ભાવને વેદતો રહે છે ત્યાં. અસહ્ય વિકાર એવા ભાવને વેદે છે. ઓહોહો..! એક શ્વાસમાં ૧૮ ભવ! જેને રાગનો, મોહનો પ્રેમ છે ને? એ વારંવાર આવા ભવ કરે. આહાહા..! સ્ત્રીને કપડાનો પ્રેમ હોય છે ને? એ દસ જાતના સાડલા રાખે. દિશાએ જાય ત્યારે બીજો, ફરવા જાય ત્યારે બીજો, ઓલામાં જાય ત્યારે બીજો. આહાહા..! સાંજે કાણ માંડે છે ને મરી જાય તો. નથી? થોડા દિ' ચાલે છે. રોવા જાય નહિ? ચાર વાગે જાય. હવે નહિ હોય પહેલાં હતું. ચાર વાગે જાય બધા ભેગા થઈ અડધો કલાક રોવે. પાંચ, સાત, દશ દિ' કરે, પછી બંધ થઈ જાય. ત્યારે સાડલો બીજો. લગનમાં બીજો. પ્રેમ છે ને ફેરવ્યા ફેરવ કરે. એને ભવનો પ્રેમ છે અજ્ઞાનીને.. આહાહા..! ફેરવ્યા ફેરવ ભવ કરે.

પણ.. છે ને? **'પુરુષાર્થ આદરે છે,...' 'જન્મમરણના અસહ્ય કષ્ટો ભોગવતો રહે છે, પરંતુ જ્યારે તે...'** એ વિશેષ લેશે હવે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૪, રવિવાર તા. ૧૩-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૭૫-૭૬,**
**પ્રવચન - ૮૮**

સમાધિતંત્ર. ૭૫-ગાથા. એનું વિશેષ. ફરીને. '**અહીં આચાર્યે સ્પષ્ટ કર્યું છે કે જીવ પોતાના શુદ્ધ કે અશુદ્ધ ઉપાદાનથી...**' એટલે પોતાના સ્વભાવથી કે વિભાવથી '**પોતાના આત્માનું હિત-અહિત કરે છે.**' શુદ્ધ ઉપાદાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય, અશુદ્ધ ઉપાદાનમાં મિથ્યાદર્શન, અજ્ઞાન અને રાગની પર્યાય. એ પોતે પોતાથી કરે છે. કોઈ બીજાનું એમાં સહચર નિમિત્ત છે નહિ.

કીધું છે ને ત્યાં સહચર નિમિત્તને ઉપચારથી કહેવું. મોક્ષમાર્ગપ્રકાશક. સહચર નિમિત્ત અને વ્યવહારથી ઉપચાર એનો કરવો. એનો અર્થ કે એ તો વસ્તુ બીજી હતી એટલી. એનાથી આત્મા થાય છે એ વ્યવહાર સમ્યગ્દર્શનનો આરોપ આપ્યો છે. વાસ્તવિક વ્યવહારથી નિશ્ચય થાય છે એમ છે નહિ. આહાહા..! પોતે જ સ્વરૂપ શુદ્ધ આનંદ એના પોતાના સ્વભાવના સાધન દ્વારા પોતે જ દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત કરી, પોતે જ મુક્તિને પામે છે. અને પોતે જ પોતાના સ્વભાવના સામર્થ્યનું ભાન વિના પોતાની સામર્થ્યતા જાણે નથી, એમ માનીને રાગાદિ કે મોક્ષમાર્ગની પર્યાય પરથી થાય, એમ માને છે તે સંસારના દુઃખમાં પરિભ્રમણ કરશે. દુઃખમાં પરિભ્રમણ કરશે. આહાહા..!

'**જ્યારે...**' છે? '**પરંતુ જ્યારે તે આત્મસ્વરૂપનું બરાબર જ્ઞાન કરી...**' સ્વભાવ સન્મુખ વિશેષ ઉગ્ર પુરુષાર્થ આદરે છે '**ત્યારે ક્રમે ક્રમે રાગ-દ્વેષાદિ કષાયભાવનો યા વિભાવ પરિણતિનો સ્વયં ત્યાગ થઈ જાય છે...**' સ્વયં ત્યાગ થઈ જાય છે. ત્યાગ કરવો પડતો નથી. '**ત્યારે ક્રમે ક્રમે...**' ત્યાગ થઈને '**અને રાગાદિ ભાવથી સર્વથા મુક્ત થતાં અર્થાત્ પરમ વીતરાગતા પ્રાપ્ત થતાં તે મોક્ષ પામે છે.**' પોતાને કારણે પામે છે. એના કોઈ ગુરુ કે દેવ કે શાસ્ત્ર કે ધર્મ મિત્ર કોઈ એનાથી થતું નથી એમ કહે છે.

એ શ્લોક આપ્યો છે ઈષ્ટોપદેશનો ૩૪મો. કોઈ પૂછતું હતું ને બપોરના આહાર વખતે. કે કરવું કરાવવું અને અનુમોદવું પોતાના ધર્મનું એ શું? કોણ પૂછતું હતું નહિ? ભાઈ. ઓલું આવ્યું હતું ને ટીકામાં. કૃત, કારક, અનુમોદન શુદ્ધ ઉપાદાનમાં. હવે એ વાત અહીં શ્લોક છે.

**स्वस्मिन् सदाभिलाषित्वादभीष्टज्ञापकत्वतः।**
**स्वयं हितप्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः।।३४।।**

'**આત્મા પોતાના આત્મામાં મોક્ષસુખની સદા અભિલાષા કરે છે,...**' પરમાનંદસ્વરૂપની

પોતે અભિલાષા કરે છે કર્તા થઈને. પરમાનંદસ્વરૂપ પૂર્ણસ્વરૂપ આનંદનું ધામ એવો જે મોક્ષ એની સદા અભિલાષા કરે. એ પોતે કર્તા થયો. '**અભીષ્ટ મોક્ષસુખનું જ્ઞાન કરાવે છે...**' લ્યો! એ પ્રયોજક થયો. '**અભીષ્ટ મોક્ષસુખનું જ્ઞાન...**' પોતે કરાવે છે પોતાને. એ કર્તા થઈને કરાવે છે એમ. '**અને સ્વયં કલ્યાણકારી આત્મ-સુખની પ્રાપ્તિમાં પોતાને યોજે છે,...**' કરાવવું આવ્યું હતું ને? યોજવું. યોજવું. એ કરાવે. પોતે કરાવે એટલે યોજે છે. એમ. આહાહા..! એમાં કોઈ ગુરુ કે શાસ્ત્ર ત્યાં મદદગાર હોતા નથી. આહાહા..! શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે. એવો એક શબ્દ છે આનંદઘનજીનો. આનંદઘનજીમાં છે. દિશા દેખાડી અળગા રહે. એટલે આ તારી ચીજ અંદર છે, હવે એને કરવું તો એને કરવું છે.

મુમુક્ષુ :- ગુરુ મદદ તો કરે.

ઉત્તર :- જરીએ મદદ નથી એમ કહે છે અહીં તો. કહો, છોટાભાઈ! આ યોજે કીધું. કરે પોતે અને યોજે પોતે. આહાહા..!

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એવી પરિણતિને પોતે કરે. અને તેને યોજે અથવા મોક્ષસુખનું જ્ઞાન કરાવે પોતે પોતાને. મોક્ષસુખની અભિલાષા કરે અને મોક્ષસુખનું જ્ઞાન કરાવે પોતે. આહાહા..! આત્મા આત્માનો ગુરુ એમ સિદ્ધ કરે છે અહીંયાં. વ્યવહારે હો. એમ લખ્યું છે જુઓને. '**व्यवहारेण तु यदि भवति तदा भवतु**' હો. એથી એનાથી થયું છે એમ નથી. આહાહા..! તો તો આમાં ગુરુનું માહાત્મ્ય ઊડી જાય. આહાહા..!

મુમુક્ષુ :- ...

ત્યાં એવું કહ્યું છે. ઈષ્ટોપદેશમાં કહ્યું છે. શબ્દમાં છે પછી આ ઠેકાણે આ ગાથા હોય કે બીજી હોય. આ પ્રમાણે તો ઊડી જાય માહાત્મ્ય તો એનું. ઈષ્ટોપદેશમાં છે. એ આ ગાથાનું હોય કે એના પહેલા પછીનું. એ પરનું માહાત્મ્ય છે જ નહિ અહીંયાં. આહાહા..! પોતાનો જે સ્વભાવ ધ્રુવ અનંતગુણની ગાંઠડી, એનો જે અનુભવ કરે એ તો આત્મા પોતે કરે. એને કાંઈ ગાંઠડી.. બીજા લક્ષ બતાવે આ તારી ચીજ એમ. પણ એને કરવાનું તો એને પોતાને છે ને? આહાહા..!

ધ્રુવ સ્વભાવ જેના સ્વભાવમાં અચિંત્ય શક્તિઓનો ભંડાર એવું સામર્થ્યપણાનું જ્ઞાન કરાવે કોણ? પોતે. કહ્યું ને? '**અભીષ્ટ મોક્ષસુખનું જ્ઞાન કરાવે છે...**' આહાહા..! '**અને સ્વયં કલ્યા-ણકારી આત્મ-સુખની પ્રાપ્તિમાં...**' ભાષા ત્રણેયમાં આવી ગયું છે એ. મોક્ષસુખની અભિલાષા, અભીષ્ટ પ્રિય એવા મોક્ષસુખનું જ્ઞાન કરાવે. પોતે પોતાને કરાવે. પ્રભુ તું પ્રભુ છો ને. આહાહા..! તારા સ્વભાવમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે ને. એ કોણ કરાવે અને કોણ શીખવે? એ તો પોતે. આહાહા..!

મૃગની નાભિમાં કસ્તુરી, એને એની ખબર નથી. આને ખબર પડે ત્યારે પોતે ખબર પાડે છે. કે ઓહો..! જ્યાં હું ઊભો છું તે તો પર્યાય છે. અને એ પર્યાય જેની છે એ તો મહાતત્ત્વ છે. એ પર્યાય એના ઉપર ખડી રહી છે. છે એવી ભાષા? ચિદાનંદજી! ક્યાં ગયા ચેતનજી? નથી આવ્યા?

નિહાલભાઈમાં છે આ શબ્દ. કોઈએ એમ પૂછયું કે ન્યાયથી વાત આ મગજમાં બેસે છે. પણ હજી ધ્રુવસ્વભાવ તરફ (લક્ષ) જતો નથી એનું શું કારણ? આવે છે ને? આવે છે ક્યાંક આવે છે. મોટો દરિયો છે. ત્યારે કહે કે જે પર્યાયમાં તને ન્યાયથી બેસે છે વિકલ્પથી-ન્યાયથી. એ પર્યાય કોઈ ઉપર ખડી છે કે નહિ? સમજાણું?

જે પર્યાયમાં તને ન્યાયથી બેસે છે તો એ પર્યાય ક્યાં છે? કોના આધારે છે? નિશ્ચયથી આધાર એ કાંઈ લેવો નથી પર્યાય પર્યાયનો આધાર. જેના ઉપર પર્યાય રહે છે એવું જે ધ્રુવ. એનું લક્ષ કર તો તને અનુભવ થાય. આહાહા..! પર્યાયમાં તને એ વાત બેઠી હોય તો એ પર્યાય કોના ઉપર ઊભી છે? એટલે કે એનો ઉત્પાદ કોને આધારે, કોના આધારમાં? અદ્ધર ઉત્પાદ થયો છે? જેના ઉપર એ પર્યાય થઈ છે, ખડી છે, છે એના આધારમાં જા. આહાહા..! આવી વાત ઝીણી ભારે! એને કરવાનું તો આ છે. બાકી બધી વાતું છે. આહાહા..! વાતું કરે કે આનું આમ હોય ને આનું આમ હોય એમાં બીજું શું?

એ આવશે ક્યાંક. વિકલ્પમાં. આમાં જ આવશેને હવે. ૭૮ છે ને?

**व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे।**
**जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे।।७८।।**

ટીકા કરીને વ્યાખ્યાન કેમ કર્યું?

'**ટીકા :- વ્યવહારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ છે તેમાં ('વિકલ્પના સ્થાનરૂપ') અર્થાત્ પ્રવૃત્તિ-નિવૃત્તિ...**' રૂપ એવો જે વિકલ્પ. આહાહા..! શુભ કરું કે અશુભથી નિવર્તું? એવો જે વિકલ્પ. એમાં '**જે સૂતો છે-પ્રયત્નપરાયણ નથી,...**' તે સ્વરૂપમાં પ્રયત્ન પરાયણ નથી. વ્યવહારમાં સૂતો છે તે આત્મામાં જાગતો નથી. સૂતો એટલે આ સમજાણું? વિકલ્પ વ્યવહારમાં જે સૂતો છે તે '**પ્રયત્નપરાયણ નથી, તે આત્મદર્શનમાં એટલે આત્મવિષયમાં જાગે છે...**' એમાં પ્રયત્નપરાયણ નથી એમ. સૂતો છે એટલે એમાં પ્રયત્નપરાયણ નથી. '**તે આત્મદર્શનમાં એટલે આત્મવિષયમાં જાગે છે...**' આહાહા..!

આ શુભ કરું અને અશુભથી નિવર્તવું એવો જે વિકલ્પ વ્યવહાર. એમ કહેવું છે. એમાં જે તત્પર પરાયણ નથી તે આત્મામાં જાગે છે. આત્માનો પ્રયત્ન કરે છે. આહાહા..! વ્યવહારની ધૂન છે ને? ભક્તિની, પૂજાની, વ્રત ને તપ ને એવા વિકલ્પની ધૂન છે જેને, એ વિકલ્પમાં સૂતો છે, પ્રયત્ન એમાં એનો છે. આહાહા..! આમાં નથી. અને જેને આત્મામાં પ્રયત્ન છે. છે ને? '**પણ જે ઉક્ત પ્રકારના વ્યવહારમાં જાગે છે (તેમાં તત્પર છે) તે આત્મ-વિષયમાં સૂતો છે.**' આહાહા..! બહુ ઝીણું.

બહારના ત્યાગ-ગ્રહણને અંદરમાં શુદ્ધને ગ્રહુ અને અશુભ છોડું એવા વિકલ્પમાં જે તત્પર છે એ વ્યવહારમાં જાગતો છે (અને) એ આત્મામાં સૂતો છે. આત્મા જે તત્પર છે તે વ્યવહારમાં સૂઈ ગયો છે. હો ભલે. પણ એના તરફના પ્રયત્નથી મારું કર્તવ્ય છે એ નથી. આહાહા..! વ્યવહારવાળાને આકરું ભારે લાગે. વાત આ કહે. જે વિકલ્પથી રહિત છે એને જેને વિકલ્પમાં પ્રવૃત્તિની પ્રયત્નતતા

છે એને અહીં પ્રયત્ન નથી. વ્યવહારમાં જાગતો છે એ. આહાહા..! જયંતિભાઈ! આવું આકરું કામ ભારે! તમારા ભાવનગરના બધા માણસને આ કઠણ પડે બધાને. પૂજા ને ભક્તિ ને આ ને આ ને આ..

જે પર તરફના વિકલ્પમાં તત્પર છે, ભલે શુભમાં (પ્રવૃત્તિ) કે અશુભની નિવૃત્તિ કરું એની ભાવના. પણ બેય વિકલ્પનો વ્યવહાર છે. એ આત્મામાં જાગતો નથી. ત્યાં તત્પર છે એ. આહાહા..! અને જે પરમાં વિકલ્પની નિવૃત્તિ કે પ્રવૃત્તિનો વિકલ્પ, એમાં તત્પર નથી, તેમાં પ્રયત્ન પરાયણ નથી એ આત્મામાં જાગતો છે એ આત્મામાં પ્રયત્ન પરાયણ છે. કહો, વ્યવહારની વ્યાખ્યા કરી ભાઈ! વિકલ્પની પ્રવૃત્તિ-નિવૃત્તિનો શબ્દ જુઓને. એ આવે છે ને આપણે સર્વવિશુદ્ધમાં. શુભમાં રહું કે અશુદ્ધથી નિવર્તુ બધો એ વિકલ્પભાવ છે.

પડિક્કમણું નહિ, નિંદા ધરનાર એ બધો શુભવિકલ્પ છે. એ શુભવિકલ્પમાં અશુભથી તો નિવર્ત્યો છે ને? એવો જે વિકલ્પ છે. આહાહા..! એવો જે વ્યવહાર છે, એમાં જેની પ્રીતિ અને રુચિ ને તત્પર છે એ જાગતો છે વ્યવહારમાં. નિશ્ચયમાં સૂતો છે એ. આહાહા..! એ અહીં કહ્યું.

'**પોતાના આત્મામાં...**' પોતાના આત્મામાં. ભગવાનના આત્મામાં એમ નહિ. '**स्वस्मिन्**' છે ને? ઈષ્ટોપદેશ-૩૪. '**પોતાના આત્મામાં મોક્ષસુખની સદા અભિલાષા કરે છે,...**' વળી એક ઠેકાણે એવું આવે છે અભિલાષામાત્ર મિથ્યાત્વ છે, રાગ છે. એય..! પંચાધ્યાયી. પંચાધ્યાયીમાં એમ આવે છે. અભિલાષામાત્ર. એ અહીં અપેક્ષા નથી. અહીં તો મોક્ષસુખની જેને અંતરમાં ભાવના છે. એટલે વર્તમાન પ્રયત્ન સ્વભાવ તરફ છે એથી એને મોક્ષસુખની ભાવના છે. એમ. સમજાણું કાંઈ? એ અહીં શુભભાવ નથી લેવો. પૂર્ણ આનંદ તરફની જેને ગતિ વળી છે એટલું. શરીરની ગતિ એમ આવશે. ગતિ એટલે નાશ. ગતિનો નાશ થાય છે શરીરનો. ત્યારે અજ્ઞાની મુંઝાય છે. એ આવશે.

'**આત્મા, પોતાના આત્મામાં...**' હવે એને પરની ક્યાં જરૂર રહી? '**મોક્ષસુખની સદા...**' અંતરમાં જેની રુચિમાં વીર્ય મોક્ષસુખની ભાવનામાં છે. અને '**અભીષ્ટ મોક્ષસુખનું...**' પ્રિય જે મોક્ષનું સુખ એનું આત્મા પોતે પોતાને જ્ઞાન કરાવે છે. '**અને સ્વયં કલ્યાણકારી આત્મ-સુખની...**' સ્વયં કલ્યાણકારી આત્મસુખ એની '**પ્રાપ્તિમાં પોતાને યોજે છે,...**' પૂર્ણાનંદનો નાથ ભગવાન પોતે તેને આનંદમાં પોતે યોજે છે અંદર. આહાહા..! યોગ કરે છે, જોડે છે. '**તેથી આત્મા જ આત્માનો ગુરુ છે.**' ગુરુ કેમ? એનું કારણ આપ્યું કે પોતે મોક્ષનો અભિલાષી, મોક્ષની ભાવના કરે છે. અભીષ્ટ સુખનું એનું જ્ઞાન કરાવે છે. પોતે પણ જ્ઞાન કરાવે છે, એમાં ગુરુ ક્યાં આવ્યા? અને કલ્યાણકારી સુખની પ્રાપ્તિમાં પોતે પોતાને યોજે છે. આનંદસ્વરૂપ ભગવાન એમાં યોજના જોડાણ પોતે કરે છે. એમાં કાંઈ ગુરુને લઈને જોડાણ થાય છે એમ છે નહિ. ભારે વાત ભાઈ! વીતરાગમાર્ગ નિરાલંબી.

મુમુક્ષુ :- વીતરાગતા વ્યવહારને કહે?

ઉત્તર :- કહે એ તો એની ઉપેક્ષા. ઉપેક્ષા કરાવવા કહે છે. તાત્પર્ય, કહેવાનો આશય તો

વીતરાગતાનું છે. તો ગમે તે વાત કરે તો એનાથી એની ઉપેક્ષા કરીને વીતરાગતા કરે એ માટે કહે છે. આહાહા..! પરનું જ્ઞાન કરીને પણ પરમાં ઠરીશ નહિ એ માટે એનું જ્ઞાન કરાવે છે. ઠરવાનું તો અહીં છે. આહાહા..! ભારે વાતું. આવો ધર્મ!

'**તેથી આત્મા જ આત્માનો...**' ક્યા કારણે? કે પોતે મોક્ષસુખની ભાવના કરે છે, પોતે. પ્રિય મોક્ષસુખનું જ્ઞાન પોતે કરાવે છે અને કલ્યાણકારી આત્મસુખની પ્રાપ્તિમાં પોતે પોતાને યોજે છે અંદર. આહાહા..! '**તેથી આત્મા જ આત્માનો ગુરુ છે.**' હવે એક અર્થમાં કેટલું નીકળ્યું? કહો, નવરંગભાઈ! કર્તા, કરાવવું, અનુમોદવું બધું આવી ગયું એમાં. ઓલું આવ્યું હતું ને ટીકામાં સવારમાં. ભાઈએ. આ શું? મોક્ષસુખનો કર્તા પણ પોતે, યોજનારો પોતે, કરાવનાર અને અનુમોદન એટલે આ ઠીક છે, આ જ ઠીક છે એવું હિતનું માનનાર પણ પોતે. આહાહા..! વ્યવહાર ઠીક છે કે વ્યવહારનો કર્તા પોતે છે કે વ્યવહારનું જોડાણ કરનાર એ આત્મા નહિ. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર પોતે અણાત્મા.

ઉત્તર :- અણાત્મા છે તો આત્મા અણાત્મામાં કેમ જોડાય? જાણે. છે એમ જાણે. છે એમ જાણે તેથી મદદ કરી એણે?

પહેલું નહોતું આવ્યું એક ફેરી ભાઈનું? કોણ આ ભાઈ કલ્યાણભાઈ નહિ? ઇંદોરવાળા નહિ ઓલા શું નામ ભૂલી ગયા.

મુમુક્ષુ :- ભંવરલાલ.

ઉત્તર :- ના ભંવરલાલ નહિ. એ નહિ. એ તો આપણે અહીંયાં કામ કરતા કરતા બેસી ગઈ વાત પહેલી. દુલીચંદજી સાથે. છોટાલાલજી. છોટેલાલજી. છોટેલાલજી બ્રહ્મચારી છોટેલાલજી. એ કહે કે વ્યવહારમાં... પહેલાં કહેતા હતા બિચારા હોં. વ્યવહારમાં આવા તો જરી વિશ્રામ મળે એને. પછી અંદરમાં જવાને ઠીક પડે એમ. એમ આવ્યું હતું પહેલું. પછી અહીં આવીને ફરી ગયા. પહેલા માન્યું હતું, વળી ફરી ગયું અને વળી પાછું. હવે પહેલું. માર્ગ તો આ જ છે. એમ કે વ્યવહારમાં આવે તો થોડો થાક ઉતરે ત્યાં. અંદર જાણે થાક લાગતો હશે. પણ વ્યવહારમાં આવવું એ જ થાક છે. એ પોતે થાક છે. એ થાકને ઉતારવા માટે તો અંદરમાં જાવું પડે. આહાહા..!

એ ગાથાનો અર્થ થયો ઇષ્ટોપદેશનો. પોતે સાર લખે છે. '**માટે આત્મા પરનું – નિમિત્તનું...**' પરનું એટલે નિમિત્તનું '**આલંબન છોડી પોતે પોતાનો ગુરુ બને અર્થાત્ ધર્મની સિદ્ધિ માટે સ્વાશ્રયી બને,...**' સ્વ-આશ્રયી બને. '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ ભગવાન સત્યાર્થ ત્રિકાળનો આશ્રય લે તો સ્વ-આશ્રયી બન્યો એ. આહાહા..! '**તો તે જન્મ-મરણના દુઃખોથી મુક્ત થઈ નિર્વાણ પામે.**' પોતે આ કરે તો નિર્વાણ પામે. કોઈ બીજો કરાવે એમ છે નહિ. આહાહા..! અરે..! પણ જેને જન્મ-મરણના દુઃખનો થાક લાગ્યો હોય એને આ વાત છે. પણ એને લહેર કરતો હોય એમાં બહારથી.. આહાહા..! શરીર કાંઈક ઠીક હોય, પાંચ-પચ્ચીસ લાખ પૈસા મળ્યા હોય, બાયડી-છોકરા કાંઈક ઠીક હોય, ધંધો કાંઈક ઠીક ચાલતો હોય, છોકરા પણ

કમાવામાં પહોંચી ગયા હોય. આહાહા..! પહોંચી વળ્યા હોય એમ. બે-ચાર છોકરા હોય.

મુમુક્ષુ :- પોતાને કમાવું ન પડે

ઉત્તર :- પોતાને કમાવું ન પડે એટલે નિરાંતે પછી.. ત્યારે અમે સુખી છીએ. ધૂળમાંય નથી. આહાહા..! પરની અનુકૂળતાએ સુખી એ માન્યતા ભ્રમ અને પાખંડ છે. સુજાનમલજી!

મુમુક્ષુ :- જોગ મળે તો..

ઉત્તર :- એ જ કહે છે એ જોગ કોનો? શેનો? ભગવાન આત્મા પૂર્ણાનંદનો યોગ મળે એમ કહે છે. એ છોકરો ત્યાં રળે છે અને બાયડી ત્યાં ઘરે પડી છે માટે આપણે અહીં નિવૃત્તિ અહીં રોટલા પૂરે. આ તો દાખલો. એ કાંઈ છે નહિ. આહાહા..!

બહારની એમ કે અનુકૂળતા હોય, બહારનો સંયોગ જેમાં રહે છે એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અનુકૂળતા હોય તો એને ઠીક પડે અંદરમાં આત્માનું કલ્યાણ કરવા માટે. એમ નથી. આહાહા..! સ્વઆશ્રય કલ્યાણનું કારણ છે એમ કહે છે. સ્વઆશ્રયી બનવું. ભગવાન પૂર્ણાનંદનો નાથ છે એમાં. એને પડખે જવું અને વ્યવહારના, નિમિત્તના પડખાનું લક્ષ છોડી દેવું. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. ઝઘડા વ્યવહાર ને નિશ્ચયના એટલે બધા. સોનગઢને નામે આવે તો કહે એ સોનગઢ તો નિશ્ચયની વાતું માનનારા. એમ કરીને બધા કહે લ્યો. બધા એમ કહે લ્યો. બાબુભાઈએ હમણાં લખ્યું હતું. બે ભાગ પડી ગયા છેને એના લોકોમાં. વહેંચી નાખ્યું. છતાં વહેંચ્યું છે એ ધર્મશાળા એને આપી, એ ફલાણુ આ આપ્યું એને એક જણો, પણ અંદરમાં કહે અંદર આ દ્વેષ છે. સોનગઢને નામે ભાગ પાડ્યા આ તો. મારું એક જગ્યાએ ચાલતું હતું એમાં ભાગ પાડ્યા. એ ધર્મશાળાને એક કાંઈક આપ્યું છે ને બે નહિ? બીજું? .. આ નહિ કાંઈ ભાગ પાડ્યા. કાંઈ નહોતું, આ સોનગઢ થયું તો ભાગ પાડ્યા.

અરે.. ભાઈ! વ્યવહારને પરથી લાભ માનનારા પરાશ્રય, પરાધીન દૃષ્ટિવાળા મિથ્યાત્વી છે. આહાહા..! ચાહે તો સાધુ થઈને પંચ મહાવ્રત પાળીએ તો આત્માને કલ્યાણ થાય એ બધા પરાશ્રય દૃષ્ટિવાળા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીંયાં તો માર્ગ વીતરાગનો છે બાપા! વીતરાગમાં વીતરાગભાવને પ્રગટ કરવામાં પરાશ્રયની બિલકુલ જરૂર નથી. કેમકે પોતે વીતરાગભાવથી ભરેલો પદાર્થ છે. એટલે? ચારિત્ર સંપન્ન વસ્તુ પોતે છે. એટલે? અકષાયસ્વભાવ સ્વરૂપ જ એ છે. એથી અકષાયસ્વભાવનો આશ્રય લેતા, અકષાયભાવ પ્રગટ થાય.

બીજી ભાષાએ એમ કીધું ૧૪-૧૫માં કે આત્માને અબદ્ધસ્પૃષ્ટ જાણવાથી અબદ્ધ પરિણામ પ્રગટ થાય. એ અબદ્ધ પરિણામ પ્રગટ થાય તે જૈનશાસન એમ કહ્યું. આહાહા..! આત્મા અબદ્ધ છે, રાગથી બંધાયેલું નથી. વસ્તુ છે એ વસ્તુ પોતે છે એ રાગથી બંધાયેલી (નથી), રાગના સંબંધમાં પણ નથી. સંબંધ નથી એટલે એનો બંધ રાગનો નથી. એવું જે અબદ્ધ તત્ત્વ એનો આશ્રય લેતા અબદ્ધ પરિણામ, એટલે કે મુક્તિના પરિણામ, મોક્ષના પરિણામ તેને થાય. સ્વઆશ્રયથી મુક્તિના પરિણામ થાય મોક્ષનો માર્ગ. પરાશ્રય જતાં તો રાગ અને વિકલ્પ ઉઠશે. આહાહા..! ચાહે તો દેવ,

ગુરુ અને શાસ્ત્ર હોય. ત્યાં તો એમ પણ કહ્યું મોક્ષપાહુડમાં તો '**परदव्वादो दुग्गइ**' ત્રિલોકના નાથ એમ કહે, અમે તારા હિસાબે પરદ્રવ્ય છીએ અને પરદ્રવ્ય ઉપર તારું લક્ષ જતાં તને દુર્ગતિ મળશે. આહાહા..! એટલે? ચૈતન્યની ગતિનું પરિણમન તને નહિ થાય. રાગનું થશે એ તો દુર્ગતિ જીવની ગતિ નહિ એ. આહાહા..! આવો માર્ગ સાંભળવા મળે નહિ માણસને બિચારાને.

મુમુક્ષુ :- અમને તો મળ્યો છે ને.

ઉત્તર :- હા. ભાગ્યવાન, ભાગ્યશાળી ભાઈ! આહાહા..! પોતે વસ્તુ પોતે છે. એ તો રાગના સંબંધ નામ બંધ વિનાની સંબંધ નહિ એટલે બંધ વિનાની ચીજ છે. એનો આશ્રય લેતાં જે અબંધ પરિણામી એટલે મોક્ષસ્વભાવી એટલે વીતરાગભાવી પ્રભુ, એનો આશ્રય લેતા વીતરાગી પર્યાય થાય. એટલે કે મોક્ષના માર્ગની દશા થાય એનો ઉગ્ર આશ્રય લેતા મોક્ષ થાય. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? બહુ કઠણ બાપુ! માણસને એવું લાગે આ નહિ. ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- માણસ રહેવું નથી. માણસ, એ આત્મા માણસ જ નથી. શરીર નહિ હોં. માણસની ગતિ. એ ગતિ આત્મા નહિ. આહાહા..! શરીર આત્મા નહિ એ તો જડ એ કાંઈ ગતિ નથી. મનુષ્યની જે ગતિ છે એ આત્મા નથી. આહાહા..! મનુષ્યની ગતિથી ભિન્ન ભગવાન છે. એથી મનુષ્યની ગતિ ધર્મમાં કારણ થાય, મોક્ષમાં કારણ. કારણ કે મનુષ્યગતિમાં કેવળ થાય છે. માટે મોક્ષની ગતિ-કેવળજ્ઞાનમાં કારણ થાય નહિ. આહાહા..! જયંતિભાઈ! આ બધું સમજવું પડશે હોં. બહારમાં ધૂળમાં કાંઈ નથી પૈસામાં. કાંઈ ઠીક નહિ. હમણાં એમ કે અમે પૈસા રળીએ છીએ. પછી એ પૈસામાં મેલા હાથ થાય નહિ. પૈસા લેવા-દેવાની વાતું. એમાં કાંઈ મેલા હાથ થાય નહિ. કાંઈ ગણતરી બીજી કરવી પડે નહિ. કાપડનો ધંધો હોય તો હજી આમ ફેરવવું પડે અને આમ ફેરવવું પડે. આ તો પૈસા ને આ ધંધા. દોઢ ટકાને વ્યાજે આ લ્યો ને ફલાણું. અત્યારે આ મોંઘવાની અપેક્ષાએ હોં.

ઓલો તો તમારો છોકરો છે એ તો સાંભળીને એમ કહે. આહાહા..! આ ફેરી કહેતો હતો. પ્રવચનસાર સાંભળીને. આહાહા..! મહારાજ! આ સાંભળીને હવે તો અંદરમાં ઉતરી જઈએ એવી છે વાત. બાકી કાંઈ હવે... આહાહા..! એય.. લાલજીભાઈ! કહેતો હતો આ ફેરી. આ મહિનો રહી ગયો ને. પ્રવચનસાર અધિકાર. કહો. એના બાપ પાસે આટલા પૈસા છે, દુકાન હલાવશું અને પૈસા વધારશું એ વાતું કરતો નથી. ત્યારે એવું બોલ્યો હતો જ્યારે. પ્રવચનની ઝીણી વાત આવતી હતી.

દરેક દ્રવ્યની પર્યાયનો જન્મકાળ છે, તે તે પર્યાય તે કાળે તે ઉત્પન્ન થાય એને બીજું શું કરે? શું કરાવે? આહાહા..! મોક્ષમાર્ગની પર્યાય... આહાહા..! એનો પણ જન્મકાળ, એની ઉત્પત્તિનો એ કાળ છે. તેને બીજો શું કરે? રાગ શું કરે અને ગુરુ શું કરે? આહાહા..! એ વાત આવી હતી. મહિનો સાંભળીને પછી એકવાર બોલ્યો. ભલે અંદર અવ્યક્તપણે પણ આમ આનો રસ છે એને. આહાહા..! એમ બોલે હોં! એમ ન બોલે કે આ મને સમજાતું નથી. એય.. જયંતિભાઈ! આવું ઝીણું કાંઈ સમજાતું નથી. એમ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- દાદાને અને બાપને ના થોડી પાડે.

ઉત્તર :- એ દાદા-બાપ પડ્યા છે બીજામાં. એ તો એને પણ ખબર છે ને. અવ્યક્તપણે પણ એને રસ ભારે. એમ સાંભળીને એમ કહે, હવે તો અંદરમાં ઉતરી જઈએ. બીજું કાંઈ છે નહિ. ધંધા કરવા ને કરવું, ફરવું એ તો ક્યાંય નથી. આહાહા..! પણ વ્યવહારના વિકલ્પ કરવા એ હવે નથી એમ કહે છે. એમ કહેતો હતો.

જ્યાં પૂર્ણાનંદનો નાથ છે ત્યાં ઉતરી જઈએ અંદર. એય..! આત્મા જ છે ને. એ શું છે? અવ્યક્તપણે પણ હજી એનો પ્રેમ થાય છે ને? આહાહા..!

**'આત્મા પરનું-નિમિત્તનું અવલંબન છોડી પોતે પોતાનો ગુરુ બને અર્થાત્ ધર્મની સિદ્ધિ માટે સ્વાશ્રયી બને, તો તે જન્મ-મરણના દુઃખોથી મુક્ત થઈ નિવાર્ણ પામે.'** એ ૭૫ થઈ.

---

देहे स्वबुद्धिर्मरणोपनिपाते किं करोतीत्याह–

दृढात्मबुद्धिर्देहादावुत्पश्यन्नाशमात्मनः।
मिन्नादिभिर्वियोगं च बिभेति मरणाद्भृशम्।।७६।।
દેખી લય પોતાતણો, વળી મિત્રાદિવિયોગ,
દઢ દેહાતમબુદ્ધિને મરણભીતી બહુ હોય. ૭૬.

टीका :– देहादो द्दढात्मबुद्धिरविचलात्मद्दष्टिर्बहिरात्मा। उत्पश्यन्नवलोकयन्। आत्मनो नाशं मरणं मिन्नादिभिर्वियोगं च मम भवति इति बुद्धयमानो मरणाद्बिभेति भृशमत्यर्थम्।।७६।।

---

**દેહમાં આત્મબુદ્ધિ કરનાર (બહિરાત્મા) મરણ નજીક આવતા શું કરે છે? તે કહે છે :-**

**શ્લોક - ૭૬**

**અન્વયાર્થ :- (देहादौ द्दढात्मबुद्धिः) દેહાદિમાં દઢ આત્મબુદ્ધિવાળો બહિરાત્મા (आत्मनः नाशं) પોતાના એટલે પોતાના શરીરના નાશને (च) અને (मित्रादिभिः वियोगं) મિત્રાદિથી થતા વિયોગને (उत्पश्यन्) દેખીને (मरणात्) મરણથી (भृशम्) અત્યંત (बिभेति) ડરે છે.**

**ટીકા :- દેહાદિના દઢ આત્મબુદ્ધિવાળો એટલે અવિચલ આત્મદૃષ્ટિવાળો બહિરાત્મા, પોતાનો નાશ એટલે મરણ જોઈને-અવલોકીને તથા 'મિત્રાદિથી મારો વિયોગ થશે' એમ સમજીને મરણથી અત્યંત ભય પામે છે; એવો અર્થ છે.**

**ભાવાર્થ :- અજ્ઞાની જીવ શરીરને જ દઢપણે આત્મા માને છે, તેથી શરીર છૂટવાના સમયે અર્થાત્ મરણ સમયે પોતાના આત્માનો નાશ અને તેથી કરીને સ્ત્રી-પુત્ર-મિત્રાદિથી વિયોગ-એ બે વાત જાણી મરણથી ઘણો જ ભય પામે છે.**

**'संसारासक्तचित्तानां मृत्युर्भीत्यै भवेन्नृणाम्।**

**જે પુરુષોનું ચિત્ત સંસારમાં આસક્ત છે, તેમને માટે મૃત્યુ ભયનું કારણ છે. કારણ કે તે માને છે કે 'મારા શરીરનો નાશ થતાં, સ્ત્રી-પુત્રાદિથી વિયોગ થશે. હવે મને તેમના સંયોગનું સુખ મળશે નહિ.' આવા વિયોગના દુઃખથી તે મરણથી બહુ બીએ છે. ૭૬.**

# શ્લોક-૭૬ ઉપર પ્રવચન

૭૬. 'દેહમાં આત્મબુદ્ધિ કરનાર (બહિરાત્મા) મરણ નજીક આવતા શું કરે છે?' દેહની સ્થિતિ પૂરી થાય ને એને ખબર પડે. આહાહા..! ડોક્ટર ખાનગી કહે કે હવે બહુ લાંબુ નહિ ટકે અને એનો મિત્ર-બિત્ર સાંભળી ગયો હોય એને કહે કે ડોક્ટર આમ બોલી ગયા છે. બહારમાં (કહેતા) નથી પણ અંગત બોલી ગયા છે ભાઈ! આહાહા..! 'દેહમાં આત્મબુદ્ધિ કરનાર (બહિરાત્મા) મરણ નજીક આવતા શું કરે છે? તે કહે છે :-'

**दृढात्मबुद्धिर्देहादावुत्पश्यन्नाशमात्मनः।**
**मित्रादिभिर्वियोगं च बिभेति मरणाद्भृशम्।।७६।।**
**દેખી લય પોતાતણો, વળી મિત્રાદિવિયોગ,**
**દૃઢ દેહાતમબુદ્ધિને મરણભીતિ બહુ હોય. ૭૬.**

'**ટીકા :- દેહાદિના દૃઢ આત્મબુદ્ધિવાળો...**' દેહ અને દેખાતાં મિત્રો આદિ.. આહાહા..! બાયડી, છોકરા, કુટુંબ, દુકાન, મિત્રો એ દેખાય બહારમાં. આહાહા..! '**દેહાદિના દૃઢ આત્મબુદ્ધિવાળો એટલે અવિચલ આત્મદૃષ્ટિવાળો બહિરાત્મા,...**' ત્યાં જ એની પ્રીતિ અને પ્રેમ જેનો જાગ્યો છે, બેઠો છે. આહાહા..! એ '**પોતાના નાશ એટલે મરણ જોઈને...**' ગતિનું આવે છે બીજા વિષયનું. પોતાના છે ને?

'**પોતાનો નાશ એટલે...**' શરીરના નાશને દેખીને... '**અવલોકીને...**' આહાહા..! આ શરીર હવે છૂટી જશે. એટલે બુદ્ધિ તો ત્યાં છે. અને દેહના જે માતા-પિતા, મિત્રો, કુટુંબ બધું. બધું છૂટી જશે. આહાહા..! જેના અનુકૂળ સંયોગોમાં હું રહ્યો, ઉછર્યો છું. હું એટલે દેહ, એમ. આહાહા..! જેની સહાયથી અને મદદથી મારું શરીરાદિની સગવડતા અને બધી અનુકૂળતા થઈ, અરે..! એનો વિયોગ થાય છે.

'**મિત્રાદિથી મારો વિયોગ થશે...**' આ વ્હાલા મિત્રો, વ્હાલા દીકરા સામું જોવે ત્યાં રોવે છોકરાઓ. અરે.. બાપા જાય છે. એ બાપા જાય છે એ સગવડતાને માટે રોવે છે. મરીને નરકમાં જાય તો એને ક્યાં ન્હાવું છે એને? આહાહા..! બરાબર હશે? એની સગવડતાને. બાપા બેઠા હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. બાપા હતા, માથે છત્ર હતું છત્ર. બાપા હતા તો છત્ર હતું અને તમારે નિશ્ચિત

કામ.. બાપુ માથે છત્ર હોય એને શું? આવા ગાંડા વાતું કરે. પાગલ ભેગા થાય. આમેય એની હયાતીમાં તમારી એટલી પ્રવૃત્તિની જરૂર નહોતી. હવે તમારે માથે બધું પડ્યું. એય..! કાંતિભાઈ! આવી બધી વાતું કરે. આહાહા..! ઓલો મરીને ક્યાં જશે? એનો એણે વિચાર કર્યો છે? અને આ દેહ છૂટીને હું ક્યાં? પણ એ દેહને છૂટવાનું માને એમાં છૂટીને જાવું હતું ક્યાં એને? આહાહા..! દેહના નાશે પોતાનો નાશ અને એના મકાન, એ દશ-દશ લાખના મકાન હોય અને અત્યારની આ બધી શું કહેવાય? ફર્નિચર. કપાટો આમ ભર્યા હોય, રમકડાના, ફલાણાના, કાચના, અરિસાના, જુદી જુદી જાતના આવે છે ને અત્યારે તો? પૂતળા એક આમ ને તેમ. હવે એમાંથી એને જાવું.

એક ફેરી ત્યાં કહ્યું હતું ત્યાં લીલાધરભાઈને. લીલાધરભાઈને. રાજકોટ. ત્યાં તો બધું દાદરા સાફસુફ બધા. એના દિકરા શું છબીલ ને? છબીલભાઈ. અમે વહોરવા ગયા હતા ત્યારે દાદરા બાદરા સાફસુફ પાલિશ આમ. બધું આમ જુઓ તો. મેં કીધું આમાંથી નીકળવું આકરું પડશે.

મુમુક્ષુ :- ચોવીસે કલાક નોકરો હોય સાફ કરે.

ઉત્તર :- કર્યા જ કરે. લૂગડા રાખે મોટા ને એ લાકડાને સાફ જ કર્યા કરે. દાદરાને ઓલા પાટયા હોય એમાં પાછી ખુરશીઓ હોય. મહેમાન આવે ત્યારે બેસે. બેઠા-બેઠા ખાય.

હમણાં જ કહેતા હતા ભાઈ જયંતિભાઈ. ઓલા લાડવા ખાય છે ને ત્યાં? શેત્રુંજય નહિ ત્યાં લાડવા મળતા. ત્યાં એ તો થાળી મૂકે.. તે ઠેકાણે તો હવે ખુરશીઓ, ટેબલો, ટેબલ ને કરોડપતિ આવ્યો ત્યાં ખુરશી ઉપર બેસી જાય. ટેબલ પર મૂકે થાળી ને લાડવા આવે. ઓલા હેઠે લાડવા ખાતા હતા. અમે પણ ખાધા હતા. પહેલાં ઘણા વર્ષની વાત છે. અમારે શીવલાલભાઈ અને હું બે હતા. અમારે શીવલાલભાઈ આ નહિ? જાત્રા કરી હતી. બહેન હતા ગામમાં. હરકુંવરબહેન મોટી મોતીશાની ધર્મશાળામાં અગ્રેસર. પછી અહીં ખાય. મોડું થઈ ગયું હતું પછી ખાધું હતું ત્યાં ઘરે અને અહીં લાડવાને ખાધું. આજે કહેતા હતા કે એટલી સગવડતા થઈ છે હવે. તમે એકવાર મહારાજ આવો હવે જોવા. મંદિરને પાત્રીસ લાખનો તો એક દરવાજો બનાવ્યો છે. શ્વેતાંબરનું મંદિર છેને જે મુખ્ય? એના દરવાજામાં પાંત્રીસ લાખ નાખ્યા છે. કેમકે આ બધા ધર્મના પૈસા સરકાર લઈ જશે એના કરતા નાખો આમાં પથરામાં. આવું બધા. એવું ઠાઠ પડી ગયો હતો. માથે રાખે. છઠ્ઠી સાલમાં ગયા હતા ને? ૨૫ વર્ષ થઈ ગયા.

હવે તો ફરી ગયું છે .. પચાસ લાખના બંગલા મોટા એ શોભા છે? આહાહા..! અમે કરાવ્યા પૈસા ખર્ચીને. એ પણ એ મિથ્યાત્વભાવ છે. પરમાણુની પર્યાયને કાળે તે પર્યાય તેમાં જન્મક્ષણ છે માટે થઈ. આહાહા..! આકરું ભારે. પરમાણુનો તે સમયનો તે પર્યાયનો કાળ હતો માટે ત્યાં થાય છે. આવી વાત બેસવી જગતને કઠણ પડે. અભિમાની છે ને. જ્યાં હોય ત્યાં અમે કરીએ... અમે કરીએ... દુકાનમાં થડે અમે બેસીએ ત્યારે ગ્રાહકને સાચવીએ, પેદા થાય. એ કાંઈ માલ વિનાનો બેસે એનાથી થાતા હશે? લ્યો આ બધા. .. બળી ગયું હતું બધું લ્યો.

મુમુક્ષુ :- વીમો ઉતરાવ્યો હોય.

ઉત્તર :- બધું બળી ગયું હતું. પછી વળી કાંઈક મળ્યું હશે. શું કહેવાય એ? શું કહેવાય એ? વીમો. એ તો હિંમતભાઈને ત્યાં બળી ગયું હતું ને. પંચકલ્યાણકમાં. અને પૈસા પાછા મળી ગયા. પંચ કલ્યાણક વખતે પા, પા કલાકમાં ઊડી ગયું બધું. એવા ભડકા થયાં.

મુમુક્ષુ :- બીજું જે પછી બનાવ્યું એ ઊડી ગયું.

ઉત્તર :- એ તો થવાકાળ બાપા થાય એમાં શું? આહાહા..! હિંમતભાઈ જેવા હુશિયાર માણસ હતા ત્યાં લ્યો, કરનાર. આહાહા..!

દેહાદિ, મિત્રો આદિ મકાનમાં શણગારેલી એ બધી મકાનમાં શું કહેવાય એ? ફર્નિચર. એમાં આત્મબુદ્ધિ આવે આ મારા.. મારા.. મેં ભેગા કર્યા. આહાહા..! મેં મારા બાહુબળથી બધું આ ભેગું કર્યું. બાપ પાસે કાંઈ નહોતું. આવું હતું કાંઈ? હરજીવનભાઈ પાસે આટલું બધું ક્યાં હતું? એ તો નોકરી કરતા ગઢે જઈને. અમે મેળવ્યું, આવું કર્યું. લ્યો. શાંતિભાઈને ત્યાં બહુ ધનબાગમાં ઘણી જમીન મળી ગઈ છે. ઘણા લાખો રૂપિયાની જમીન. આ શાંતિભાઈને. દસ લાખ રૂપિયાની જમીન મોટી. કેટલી મોટી. ઓહોહો..! ઉભો રે પણ! કોની જમીન અને કોના પૈસા બાપુ? આહાહા..!

કહે છે કે જેને એમાં પરપદાર્થ... દેહાદિમાં બધું આવ્યું પછી. શરૂ તો અહીંથી કર્યું. '**દેહાદિમાં દૃઢ આત્મબુદ્ધિવાળો એટલે અવિચલ આત્મદૃષ્ટિવાળો બહિરાત્મા,...**' એટલે બહિર્ ચીજને પોતાની માનનારો. શરીરથી માંડીને બધી પરચીજ. આહાહા..! આ વજુભાઈને બિચારાને જુઓને કેદમાં નાખ્યા છે. ચીમનભાઈના ભાઈ. અમે ગયા હતા હોં અમદાવાદ. ત્યારે ઘરે હતા. અને રૂમનું ધારીને કાંઈક ઓલું રાખે. ગયા હતા. ગયા ને રોવા માંડ્યા. નહિતર માણસ તો વીર્યવાળો માણસ છે. પછી બહેનને ઘરે બૈરા કહે. શું કરો છો આ? કારણ કે જેલમાંથી હવે ક્યારે છૂટવાનું એ કાંઈ નક્કી ન મળે. આહાહા..! ભારે વાતું બાપા! આહાહા..! જેને પ્રેમથી પાળ્યા, મોટા કર્યા, રાખ્યા હવે એના વિયોગમાં રહેવું..

કહે છે એ '**પોતાનો નાશ એટલે મરણ જોઈને...**' આહાહા..! જોયું! '**અવલોકીને તથા મિત્રાદિથી મારો વિયોગ થશે...**' આ વ્હાલા દિકરાઓ ક્યાં મળશે હવે? આહાહા..! આ બાયડી આમ રોતી હોય ધ્રુસકે ધ્રુસકે. છાતી ફાટ આંખમાંથી ધારા ચાલતી હોય. અરે.. આ ક્યાં મળશે હવે? આ અજ્ઞાનીને આ બધા દુઃખના દાવાનળ સળગે છે એ વખતે. દેહ છૂટવા ટાણે. આહાહા..!

'**એમ સમજીને મરણથી અત્યંત ભય પામે છે;...**' હાય.. હાય.. આ સ્થિતિ હશે આ બધી? એ છૂટી જશે એટલે મારો નાશ થઈ જશે એમ. દેહનો નાશ એટલે મારો નાશ. આહાહા..! જુઓ આ સમાધિ-અસમાધિના લક્ષણનું વર્ણન કર્યું છે. દેહ છૂટવાનો કાળ તો આવશે. એ દેહમાં આવશે બીજે દેહે? આહાહા..! હાય.. હાય.. હાથ પણ ઊંચો થતો નથી. લ્યો. હું આ રહેતા હતા ને નહિ કરશનજીના બનેવી. આ ઓરાડામાં. ૯૨માં. આ કરશનભાઈ નહોતા અહીં વૈષ્ણવ? કેવા કહેવાય એ? કરશનજી નહિ? લાલુભાઈના જમાઈ. લાલુભાઈ લીમડાવાળા. કરશનજી હતા ને? એ કાંઈક બીજે ગયા છે. અહીં રહેતા.

મુમુક્ષુ :- મોદી.

ઉત્તર :- મોદી હા એ. વૈષ્ણવ. એના બનેવી હતા ઘોઘાના વૈષ્ણવ. પછી તમારા મકાનમાં રહેતા. ત્યાં એને માંગલિક સંભળાવવા ગયા હતા. ડોક્ટર-બોક્ટર પૈસાવાળા માણસ એટલે આમ ઈંજેક્શન તૈયાર ને આમ.. માંગલિક સાંભળવાનો વખત ન મળે. પણ માણસ જરી ડાહ્યો હતો હો જરી. હતો વૈષ્ણવ પણ. એમ બોલ્યો, મહારાજ! વસ્ત્ર જીર્ણ થઈ ગયું છે. હવે નવું વસ્ત્ર આવશે. એમ બોલ્યો ભાઈ! શરીરનું વસ્ત્ર જીર્ણ થઈ ગયું છે એ નહિ રહે.

સમાધિશતકમાં તો એમ આવ્યું છે. બીજે શું? મૃત્યુ મહોત્સવ. એ ક્યાંક છે. એ એમાં જ હશે. શ્લોક એમાં છે. એમાં શ્લોકમાં છે ને. પછીમાં છે ને. છે જુઓ. '**આવા વિચારથી જ્ઞાની મરણથી ભય પામતો નથી, પણ મરણને તે મિત્ર સમાન ગણે છે, તેને એક મહોત્સવ તરીકે લેખે છે,...**' ઓહોહો..! આ ગતિ ફેરવવાના કારણમાં તો મરણ કારણ છે. અને મારે જે ગતિ ફરીને જાવું છે મોક્ષમાં કે સ્વર્ગમાં... આહાહા..! એ મૃત્યુ વિના કોણ આ ફેરવે? મૃત્યુ વિના મારે જાવું છે સ્વર્ગમાં કાં મોક્ષમાં. દેહના છૂટ્યા વિના એ થાત ક્યાં? માટે દેહનું છૂટવું તો મિત્ર છે મારો. આહાહા..! મારી દશાનું પ્રાપ્તપણું મૃત્યુ પછી થવાનું એ મૃત્યુએ જ મને કરાવ્યું છે. આહાહા..! છે ને એ?

'**મિત્ર સમાન ગણે છે, તેને એક મહોત્સવ તરીકે લેખે છે, અને તેથી તે નિરાકુલતાપૂર્વક આત્મસ્વરૂપમાં સ્થિર થઈ સમાધિ-મરણ સાધે છે.**' આહાહા..! એ ત્યાં કહેશે લ્યો! '**ગર્ભથી લઈ આજ સુધી, દેહ પીંજરામાં તું અનેક પ્રકારનાં દુઃખ ભોગવતો પડ્યો રહ્યો છે. મૃત્યુરૂપી બલવાન રાજા સિવાય બીજો કોણ તને આ દેહ-પીંજરામાંથી મુક્ત કરી શકે તેમ છે?**' આહાહા..! નાખ્યું છે બધું ગોતીને. છે ને? ૭૮ ગાથામાં છે. આહાહા..!

'**ભાવાર્થ :- અજ્ઞાની જીવ શરીરને જ દઢપણે આત્મા માને છે, તેથી શરીર છૂટવાના સમયે અર્થાત્ મરણ સમયે પોતાના આત્માનો નાશ...**' થઈ રહ્યું. આપણે મરી જઈશું. કોણ મરે? આત્મા મરે? આત્મા જન્મે? આહાહા..! એ તો દેહનો સંયોગ એને જન્મ કહેવાય અને દેહના વિયોગને મૃત્યુ કહેવાય. આત્મા જન્મે નહિ અને આત્મા મરે નહિ. સાચું હશે? આ છોકરાઓને બેસે છે કે નહિ આ? આ છોકરાઓને સમજાય એવું છે આ તો. આ દેહ છૂટે તો કાંઈ મરી જાય એવો છે એ? બીજો જન્મે છે? એ તો છે એમ છે અનાદિનો છે. આહાહા..!

એવું જાણીને '**શરીર છૂટવાના સમયે અર્થાત્ મરણ સમયે પોતાના આત્માનો નાશ અને તેથી કરીને સ્ત્રી-પુત્ર-મિત્રાદિથી વિયોગ-એ બે વાત જાણી મરણથી ઘણો જ ભય પામે છે.**' આહાહા..! એક તો શરીરનો નાશ થશે એટલે મારો નાશ થશે એમ. અને મરણ સમયે પોતાનો નાશ એટલે સ્ત્રી-પુત્ર-મિત્રાદિ એનો વિયોગ બેનો એને ત્રાસ છે. આહાહા..! આ વ્હાલામાં જેને રક્ષા કરી એ બધા ક્યાં આવશે ભેગા? કોણ આવશે? આહાહા..! બધા અહીં પડ્યા રહેશે. રોતા રહેશે અહીં. અજ્ઞાનીને શરીર ઉપરના પ્રેમની બુદ્ધિમાં મરણ ટાણે આવો એને ત્રાસ થાય છે. જ્ઞાનીને ત્રાસ થતો નથી. આહાહા..! એ વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૬, સોમવાર તા. ૧૪-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૭૬-૭૭,**
**પ્રવચન - ૮૯**

૭૫ ગાથાનો છેલ્લો ભાગ. ૭૬નો. '**જે પુરુષોનું ચિત્ત સંસારમાં આસક્ત છે, તેમને માટે મૃત્યુ ભયનું કારણ છે.**' દેહ છૂટવાનો કાળ એને ભયનો કાળ છે. કારણ કે એને દેહ એ મારી ચીજ છે એમ આસક્તિથી માની છે એથી એને આમ દેહ છૂટવા કાળે ભય થાય છે. હાય.. હાય.. દેહ છૂટશે. '**કારણ કે તે માને છે કે મારા શરીરના નાશ થતાં, સ્ત્રી-પુત્રાદિથી વિયોગ થશે.**' એ મકાન પાંચ-પાંચ, દસ લાખના હોય, એ ફર્નિચર હોય, ભેંસુ, ગાયું દૂધ માટે તૈયાર રાખી હોય. હવે એમાંથી એને ખસવું...

મુમુક્ષુ :- ચાકરી કરનારા હોય ને.

ઉત્તર :- રાખનારા પણ ક્યાં રાખે? પણ એના પ્રત્યે જેને આસક્તિ છે અને એનાથી જે પોતે શોભા માને છે એને મૃત્યુ ટાણે છૂટતાં ભારે દુઃખ થાશે.

મુમુક્ષુ :- ભગવાનને નામે બધુ .. કેમ કરે? ચક્રવર્તી તો રાખે છે.

ઉત્તર :- એ તો પુણ્યનો ઉદય હોય અને એવો સંયોગ આવે. ચક્રવર્તીને પુણ્યનો ઉદય (હોય તો) ચક્રવર્તીપદ મળે. એથી શું? એ ચીજ મને શોભાદાયક છે અને મને લાભદાયક છે એમ છે નહિ.

મુમુક્ષુ :- અપટુડે રાખે.

ઉત્તર :- કોને અપટુડેટ રાખે. શરીરને રાખી શકે નહિ તો વળી કપડા-બપડા સરખા રાખે ને આ ને ટોપી ને. આહાહા..!

જેને બાહ્ય પદાર્થ પ્રત્યેની અનુકૂળતાથી જેને રસ છે અને પ્રેમ છે એને છૂટવા કાળે બહુ ભય થશે. દુઃખ થશે. આહાહા..! શરીરનો કટકો પણ સાથે નહિ આવે. આહાહા..!

મુમુક્ષુ :- રાખ થઈ જાય રાખ.

ઉત્તર :- એ વળી પછી થાશે પણ છૂટવા ટાણે તો આમ ને આમ પડ્યું રહેશે. આહાહા..!

મુમુક્ષુ :- શરીરને જીવ દગો દે છે, જીવ એને મૂકીને વયો જાય છે. એ કહે કે શરીર ..

ઉત્તર :- શું કરે સ્થિતિ પૂરી થાય તો જાય. પણ એ છોડતો નથી. એ છૂટી જાય છે. છોડતો તો હું આત્મા છું. આનંદસ્વરૂપ છું. આહાહા..! સવારમાં ન આવ્યું ઓલું એ? કે એ આનંદસ્વરૂપ છું એના પરિણમનવાળો જીવ એમ માને છે કે આ શરીરાદિના કર્તા, કર્મ, કરણ—સાધન હું નથી. એમ માને છે. આહાહા..! ભેદજ્ઞાન થયું છે એ એમ માને છે. એમ કહેવું છે ત્યાં. આહાહા..! હું એક આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ નિર્વિકાર પરમાનંદ સુખરૂપ લક્ષણ સંપન્ન તો એની પર્યાયમાં આનંદનું

પરિણમન, શાંતિનું પરિણમન થાય, તે ભેદજ્ઞાની જીવ એ શરીરને વાણી ને મનનું કર્તાપણું પુદ્‌ગલનું છે, એ મારું નથી એમ એ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મારી ક્રિયા તો એને થાય તેને જાણવાની, એનું અસ્તિત્વ છે માટે જાણવાની એમ પણ નહિ, પણ મારો સ્વભાવ જ એવો છે કે મને જાણતા અને પરને જાણતા મારી પર્યાય સ્વતંત્ર પરિણમે છે. આહાહા..! એ પરિણમનની પર્યાય પણ જેને ફેરવવી નથી. આહાહા..! જેનું લક્ષ, જે પર્યાય છે એનું લક્ષ પણ ધ્રુવ ઉપર છે. આહાહા..! એટલે પર્યાયનો પલટો ખાય એ પણ પર્યાયથી પલટો ખાય છે. આહાહા..! એમ પર્યાય જાણે છે. એને આ પરવસ્તુનું કરવું, અનુભવન કરતા એ હું નથી (એમ). એના જ્ઞાનમાં એ યથાર્થપણે આવ્યું. એમ. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં એના જ્ઞાનમાં આસક્તિમાં જે પડ્યો છે એ તો બહિરાત્મા છે. એને શરીરનો નાશ થતાં. આગળ કહેશે ૭૭માં. શરીરની ગતિ. ગતિ કહેશે. ગતિ એટલે નાશ એમ. શરીર ગતિ કરે છે. નાશ થાય. આહાહા..!

**'હવે મને તેમના સંયોગનું સુખ મલશે નહિ.'** એમ અજ્ઞાની માને છે. આહાહા..! જ્યારે ત્યારે ઉની ઉની રોટલી, ચોખા, દાળ, ઓસામણ તાજા ઊના. એ બધી સ્ત્રી, કુટુંબ, પરિવાર હોય તો મળે, એ ન હોય તો આપે કોણ?

મુમુક્ષુ :- આપ એમ કહો કે ઉપયોગ થવાનો હોય એ થવાનો..

ઉત્તર :- એમ અજ્ઞાની માને છે. એથી એને એના વિયોગે દુઃખ થાય છે કે આહાહા..! આ બધા મારા સંયોગી અનુકૂળના સાધન હતા. ભાવમાં એને પોતાની ચીજ જે ભિન્ન છે એમ ભાસ્યું નથી એથી આ સંયોગી ચીજમાં હું છું અને એ સંયોગનો વિયોગ થતાં એને દુઃખ થાય છે. આહાહા..!

**'હવે મને તેમના સંયોગનું સુખ મલશે નહિ. આવા વિયોગના દુઃખથી તે મરણથી બહુ બીએ છે.'** આહાહા..! એવા વિયોગને કારણે. સંયોગ છે એનો વિયોગ. સંયોગ છે એનો વિયોગ થાય જ તે. આહાહા..! સંયોગના સંબંધમાં જેણે મમતા કરી છે એને વિયોગના કાળે એને દુઃખ થયા વિના રહેશે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- જેટલો રાગ કરે એટલું સામું દુઃખ.

ઉત્તર :- જેટલો અંદર પ્રેમ છે તેટલો વિયોગે દુઃખ થશે એને. આહાહા..! એ ૭૬ કીધી.

---

**यस्तु स्वात्मन्येवात्मबुद्धिः स मरणोपनिपाते किं करोतीत्याह–**

**आत्मन्येवात्मधीरन्यां शरीरगतिमात्मनः।**
**मन्यते निर्भयं त्यक्त्वा वस्त्रं वस्त्रांतरग्रहम्।।७७।।**

નિજમાં નિજથી આત્મથી માને તન-ગતિ ભિન્ન,
અભય રહે જ્યમ વસ્ત્રને, છોડી ગ્રહે નવીન. ૭૭.

टीका :- आत्मन्येवात्मस्वरूप एव आत्मधीः अन्तरात्मा शरीरगतिं शरीरविनाशं शरीरपरिणतिं वा बालाद्यवस्थारूपां आत्मनो अन्यां भिन्नां निर्भयं यथा भवत्येवं मन्यते। शरीरोत्पादविनाशौ आत्मनो विनाशोत्पादौ (उत्पादविनाशौ इति साधुः) न मन्यत इत्यर्थः। वस्त्रं त्यक्त्वा वस्त्रान्तरग्रहणमिव।।७७।।

---

પરંતુ જેને પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિ છે તે મરણ નજીક આવતાં શું કરે છે? તે કહે છે :-

શ્લોક - ૭૭

અન્વયાર્થ :- (आत्मनि एव आत्मधीः) આત્મસ્વરૂપમાં આત્મબુદ્ધિવાળો અંતરાત્મા (शरीरगतिं) શરીરની ગતિને-શરીરના વિનાશને (आत्मनः अन्यां) આત્માથી ભિન્ન (मन्यते) માને છે અને (वस्त्रं त्यक्त्वा वस्त्रान्तरग्रहम् इव) મરણના અવસરને એક વસ્ત્રને છોડી બીજા વસ્ત્રનું ગ્રહણ કરવાની જેમ સમજી (निर्भयं मन्यते) પોતાને નિર્ભય માને છે.

ટીકા :- આત્મામાં જ એટલે આત્મસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો-અંતરાત્મા, શરીરની ગતિને એટલે શરીરના વિનાશને અથવા બાલાદિ અવસ્થારૂપ શરીરની પરિણતિને નિર્ભયપણે (નિઃશંકપણે) આત્માથી અન્ય-ભિન્ન માને છે, શરીરના ઉત્પાદ-વિનાશને આત્માનો ઉત્પાદ-વિનાશ એ માનતો નથી - એવો અર્થ છે, જેમ વસ્ત્રનો ત્યાગ કરીને અન્ય વસ્ત્રનું ગ્રહણ કરવું તેમ.

ભાવાર્થ :- અંતરાત્મા આત્માને શરીરથી ભિન્ન સમજે છે, બંનેને એકરૂપ માનતો નથી, તેથી તે શરીરની અવસ્થાને આત્માની અવસ્થા માનતો નથી, અર્થાત્ શરીરની ઉત્પત્તિથી આત્માની ઉત્પત્તિ અને શરીરના નાશથી આત્માનો નાશ માનતો નથી. જેમ એક વસ્ત્ર તજી બીજું વસ્ત્ર ગ્રહણ કરતાં શરીરને કાંઈ થતું નથી, તેમ એક દેહ તજી બીજો દેહ ધારણ કરતાં આત્માને કાંઈ થતું નથી-એમ સમજી તે મરણ-સમયે નિર્ભય રહે છે, મરણથી ડરતો નથી.

વિશેષ

જ્ઞાની સમજે છે કે જેમ મકાનનો નાશ થતાં તેમાં વ્યાપેલા આકાશ દ્રવ્યનો નાશ થતો નથી, તેમ શરીરનો નાશ થતાં તેમાં રહેલા આત્માનો કદી નાશ થતો નથી. આવી સમજણને લીધે તેને કોઈ પણ પ્રકારની આકુલતા રહેતી નથી. તે મરણ-પ્રસંગે નિર્ભયતા સેવે છે અને આત્મસ્વરૂપમાં મગ્ન રહે છે.

જ્ઞાની મરણ સમયે વધુ દઢતા માટે પોતાના આત્માને ઉદ્દેશીને કહે છે કે :-

'હે આત્મન્, તું તો જ્ઞાનરૂપી દિવ્ય શરીરનો ધારી છે, માટે સેંકડો કીડોના સમૂહથી

**ભરેલા આ જીર્ણ-શીર્ણ શરીરરૂપી પીંજરાના નાશ સમયે તને ભય કરવો ઉચિત નથી.'**

**'ગર્ભથી લઈ આજ સુધી, દેહ પીંજરામાં તું અનેક પ્રકારના દુઃખ ભોગવતો પડ્યો રહ્યો છે, મૃત્યુરૂપી બલવાન રાજા સિવાય બીજો કોણ તને આ દેહ-પીંજરામાંથી મુક્ત કરી શકે તેમ છે?'**

**'જે પુરુષે, મૃત્યુરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થવા છતાં, પોતાના આત્માનું હિત સાધ્યું નહિ, તે સંસારરૂપી કાદવમાં ફરી ફસાઈ જઈ પોતાનું શું કલ્યાણ કરશે?'**

**આવા વિચારથી જ્ઞાની મરણથી ભય પામતો નથી, પણ મરણને તે મિત્ર સમાન ગણે છે, તેને એક મહોત્સવ તરીકે લેખે છે, અને તેથી તે નિરાકુલતાપૂર્વક આત્મસ્વરૂપમાં સ્થિર થઈ સમાધિ-મરણ સાધે છે. ૭૭.**

---

## શ્લોક-૭૭ ઉપર પ્રવચન

**'પરંતુ જેને પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિ છે...'** એટલે ભેદજ્ઞાન છે જેને. આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપી પરમાનંદનું ધામ એવું જેને ભાન થયું છે. એને આત્મામાં આત્મબુદ્ધિ છે. સમજાણું કાંઈ? આહાહા..! એ કહ્યું હતુંને એક દામનગરમાં હતા એક શેઠ. હુશિયાર ગણાતા લૌકિકના કાર્યમાં બધે ભાગ બહુ લેતા. મરણ ટાણે જોવા આવે બધા શેઠિયાઓ ગામના. ખુશાલભાઈ હતા. આ જગુભાઈ નહોતા મોટા જગુભાઈ? ગઢડાવાળા. અહીં રહેતા ને જગુભાઈ નહિ? એના બાપા. જગુભાઈ રહેતા અહીં મોટા આપણે. દામનગરવાળા ત્યાં રહેતા નહિ ઓલા મણિભાઈને જોડે? નહિ વળાના ઉતારામાં. આ ગઢડાવાળા નહિ? એના બાપ હતા. આબરૂદાર. બહારમાં શેઠિયા ને બધા કામકાજ સંસારના હોય ત્યાં પહોંચી વળે. ત્યાં જાય એની છાપ પડે. એટલે છેલ્લે સ્થિતિ આવી તો જોવા માણસો બહુ આવે ગામના. આંખમાંથી આંસુની ધારા ચાલે.

અરેરે..! આહાહા..! મેં મારું કાંઈ ન કર્યું. અને આ બધી સંસારની અનુકૂળતા કરવામાં મારી જિંદગી ગઈ. એમ બિચારા બોલે. ખુશાલભાઈ હતા. એક આંખ ઓલી હતી. આહાહા..! આ તો એટલું કહેવાતા ડાહ્યા માણસો. લૌકિક અપેક્ષાએ. આહાહા..! એ આમ નિધિ જાય અંદરથી ભાઈ. આહાહા..! અને ભણકાર વાગ્યા કરે, થઈ રહ્યું. આ બધું ગામનું ને બધાને સાચવ્યું એ કોઈ અહીં મદદ કરવા આવતું નથી. આહાહા..! આ બધું મૂકીને હવે જાવું છે. આહાહા..! અને તે પણ મેં મારું કર્યું નહિ અને આમાં હવે થઈ રહ્યું. આહાહા..! આંસુની ધારા ચાલી જાય.

ઓલી નહિ આપણે ભાઈ ૯૦માં. ઓલા મ્યુનિસિપાલિટીના. નામ શું હતું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ.

મુમુક્ષુ :- પ્રેમચંદભાઈ હતા.

ઉત્તર :- પ્રેમચંદભાઈ. ૯૦માં. પ્રેમચંદભાઈ હતા. શરીર-બરીર બહુ મજબુત લઠ જેવું શરીર. પણ ક્યાંક ગયા હશે આ લગનમાં ને જલેબી-બલેબી ખાધી હશે એમાં આ બધું.. એમાંથી બેય આમ થઈ ગયું. જડબેસલાક કફ. શ્વાસ લીધો લેવાય નહિ, મૂક્યો મુકાય નહિ અને પીડા... પીડા... પીડા... દેરાવાસી હતા. પણ ચોમાસામાં હું ત્યાં હતો એટલે માણસ આવ્યા. મહારાજ! દર્શન કર-વા છે. મંગળિક સંભળાવો. ચાલો ભાઈ કીધું. બેઠા. તળાઈમાં સૂતા હતા. રૂપાળું શરીર ખાધે-પીધે લઠ પણ થઈ ગયા, બેય આ નળીયું ભરાઈ ગયેલી કફથી. આંસુ ચાલ્યા જાય બે આંખમાંથી. અને બાયડી બેઠી માથે. ત્યાં ખાટલે. પૂછવું હવે શું આ જાય છે તો પૂછી લઈએ. અરે.. પણ આ શું કરો છો પણ હવે આ. આહાહા..! અકસ્માત થઈ ગયો. કારણ કે લગનમાં ગયા હશે. બે-ત્રણ દિ' તે દિ' તો. ૯૦ની વાત છે ને? કેટલા વર્ષ થયા?

મુમુક્ષુ :- લગનમાં ગયા હતા.

ઉત્તર :- લગનમાં ગયા હતા. ૪૦ વર્ષ થયા. એ પહેલાં તો બધું બહુ હતું ને? હવે બધું થઈ ગયું સરખું. ત્રણ-ત્રણ દિ' સાચવે, આ બધુ કરે. મંગળિક સાંભળતા પણ આંસુની ધારા ચાલી જાય. સહન ન થાય. માથે બાયડી ખૂણે બેસે. તળાઈ ઉપર બેસીને પૂછે. શું કરો છો આ તમે? કીધું. હવે આ જવાની તૈયારી અને આ દેહ છોડીને. એય..! આહાહા..! હવે એને જાવું છે આ દેહ છોડીને. એને આ તમે આ બધું શું કરો છો? એય.. રતિભાઈ! એ તમે નહિ ઓળખતા હોય. પ્રેમચંદભાઈ હતા. સદરના મ્યુનિસિપાલીટીની નોકરી. ઘેટા-બેટાને મારવા હોય તો એ તપાસ કરીને મરાય. પાસ કરી દે. સડેલા ન હોય, ઓલા ન હોય. બધી ખબર છે. દેરાવાસી હતા. પણ આમાં આમ તો અમારો પ્રેમ હોય ને બધાને. તે દિ' ક્યાં સમજ હતી? મંગળિક સંભળાવતા. આંસુની ધારા. ક્યાંય લીધા લેવાય નહિ.

એ અને બીજા ભાઈ નહિ આપણે પુંજાભાઈના દીકરા અમુલખ બેચરભાઈના કુટુંબી. બેચરભાઈના નાનાલાલભાઈના. રાજકોટ. એ છેલ્લી સ્થિતિ આખું કુટુંબ ભેગું થયું. ઓરડો બધા નાનાલાલભાઈ, બેચરભાઈ, મોહનભાઈ, વહુઓ આખું કુટુંબ. હવે અહીં તૈયારી. નવી પરણેલા અને એમાંથી આ તૈયારી ઉપડવાની. આહાહા..! બોલાવ્યા મહારાજને કહે ચાલો મંગળિક. પણ ક્યાં બિચારાને લીધે જાય શ્વાસ. બેચરભાઈ જરી એને રકાબી આપી. રકાબીમાં કાંઈક મોસંબી કે કાંઈક હશે અચેત. આમ વહોરાવે. હાથ ઝાલ્યા રહે નહિ હાથ. બેચરભાઈ ઝાલી રાખે. એને તો પીડાનો પાર નહિ. આહાહા..!

એને માન્યું છે મારું, એનાથી જુદો પડ્યો નથી, એને જુદા પડવા ટાણે રાડ નાખી જાશે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! બધા બિચારા રોતા હોં. બેચરભાઈ રોવે, નારણભાઈ હતા, બધા હતા. મોહનભાઈ બધા હતા. એના કાકાનો દીકરો છે પુંજાભાઈનો દીકરો. આહાહા..! આ

જુઓ સંસાર... આ સંસાર... ઓળખતા હતા તમે? નહિ ઓળખતા હોય. હતા? લ્યો. ઓલા ઓરડામાં.

મુમુક્ષુ :- સાંભળ્યા..

ઉત્તર :- ના આ તો સંભળાવ્યું છે. .. આ તો સંભળાવ્યું હતું. આખું કુટુંબ ભેગુ થયું. એને તો પીડાનો પાર નહિ અને બેય ફેફસા ભરાઈ ગયેલા. શું કહેવાય તમારે ડબલ? ડબલ ન્યુમોનિયા. આહાહા..! બાપુ એ તો જડની દશા, જેણે આત્માને જડથી, રાગથી ભિન્ન છે એ રીતે જાણ્યું નથી, એ રીતે માન્યો નથી, એ રીતે માણ્યો નથી. આહાહા..! એનું માણવું એટલે આનંદની દશામાં અંદર પ્રગટ થઈને માણવું એ રીતે જેણે જાણ્યું-માન્યું ને માણ્યું નહિ, એને શરીર ટાણે છોડવા કાળે... આહાહા..! આંતરડે આંતરડા ભીંસાશે. અહીં કહે છે

**आत्मन्येवात्मधीरन्यां शरीरगतिमात्मनः।**
**मन्यते निर्भयं त्यक्त्वा वस्त्रं वस्त्रांतरग्रहम्।।७७।।**
**નિજમાં નિજથી આત્મથી માને તન-ગતિ ભિન્ન,**
**અભય રહે જ્યમ વસ્ત્રને, છોડી ગ્રહે નવીન. ૭૭.**

'**ટીકા :- આત્મામાં જ એટલે આત્મસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો...**' એટલે હું તો જ્ઞાન અને આનંદનો પિંડ પ્રભુ છું, એવો આત્માને જેણે અનુભવ્યો, જેણે રાગથી અને દેહથી જેની ચીજ ભિન્ન છે, એવી ભિન્નતાના ભાનમાં આવ્યો, એને અહીંયાં અંતરાત્મા કહેવામાં આવે છે. સમજાણું? આહાહા..! ભાવાર્થમાં અંતરાત્મા લેશે. મૂળ તો અહીં ભિન્ન કરેલા જીવની વાત છે. જેને રાગ અને વિકલ્પથી ભિન્ન જેણે કર્યો છે પર્યાય દ્વારા, એ પર્યાય પણ જ્યાં દ્રવ્યથી ભિન્ન છે. આહાહા..! જ્યાં પર્યાયનું ધ્યેય છે જે ધ્રુવ એ તો ત્રિકાળ એકરૂપ છે. એમ જેણે પર્યાયથી અંતરમાં વસ્તુના સ્વભાવને પર્યાયે સ્પર્શ્યો છે. એનું નામ અંતરાત્મા અને એનું નામ આત્મામાં આત્મબુદ્ધિ. આત્મામાં આત્મબુદ્ધિ. આહાહા..! આ એને કરવાનું, આ એને રમવાનું, ઠરવાનું આ છે. આહા..!

'**આત્મામાં જ એટલે આત્મસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો...**' આહાહા..! હું તો જ્ઞાનસ્વરૂપે, આનંદસ્વરૂપે, શુદ્ધસ્વરૂપે છું. આહાહા..! એવા '**અંતરાત્મા,...**' જુઓ ભાષા વાપરી છે ને? ટીકામાં જ છે. '**आत्मधीः अन्तरात्मा**' અંતરાત્મા એટલે એ આનંદ ને જ્ઞાનસ્વરૂપી જે વસ્તુ છે એમાં જેણે પોતાપણું સ્થાપ્યું છે, રાગ ને દેહની ક્રિયા ને વાણીથી જેણે પોતાપણું સ્થાપ્યું છે. આહાહા..! દૃષ્ટિ ત્યાંથી ખસી ગઈ છે. આ કાંઈ વાતુંએ વડા થાય એવું નથી. વાતુંના વડા નથી કહેતા માણસ? વાતે વડા ન થાય. વડા કર્યા આમ થાય ને તેમ થાય, અડદનો લોટ આવો હોય, પછી એને આમ કરે અને પછી એને તેલમાં તળે, પછી એને આવા વડા થાય પોચા. અંદરમાં પોલા. ફુલીને આમ દડા થાય. એ વાતું થાય ત્યાં વડા થઈ જાય? આહાહા..! એમ એને લોટ જોઈએ, એની ચીજ જોઈએ, એની કળા માટે તેલ જોઈએ તળવા માટે. આહાહા..! એમ આત્માની વાતું કરે એથી કાંઈ આત્મા થઈ જાય એવું નથી એમ કહે છે. આહાહા..!

**'આત્મામાં જ એટલે આત્મસ્વરૂપમાં જ...'** આહાહા..! આત્મસ્વરૂપ એટલે કે એનું જ્ઞાન અને આનંદ એ સ્વરૂપ છે. અવિનાશી પોતે એમ એનો જ્ઞાન અને આનંદ અવિનાશી છે. એવા સ્વરૂપમાં જ પોતાપણાની બુદ્ધિવાળો આત્મબુદ્ધિવાળો એટલે કે અંતરાત્મા. આહાહા..! **'શરીરની ગતિને...'** પાઠ છે ને? **'शरीरगतिमात्मनः'** **'શરીરના વિનાશને...'** ગતિ એટલે વિનાશ. આહાહા..! શરીરનો વિનાશનો અર્થ? શરીરની પર્યાય જે છે અહીં નજીક એ દૂર થઈ જાય છે રજકણોની પર્યાય. એ શરીરનો વિનાશ. આહાહા..!

એવા **'શરીરની ગતિને એટલે શરીરના વિનાશને અથવા...'** વિસ્તાર કર્યો છે. **'બાલાદિ અવસ્થારૂપ શરીરની પરિણતિને...'** બાલ અવસ્થા, યુવાન અવસ્થા, વૃદ્ધ અવસ્થા, રૂપાળી અવસ્થા, જાડી અવસ્થા, કૃશ અવસ્થા. શરીરની આદિ. આહાહા..! એની **'પરિણતિને નિર્ભયપણે (નિઃશંકપણે) આત્માથી અન્ય-ભિન્ન માને છે,...'** એને સમાધિ થાય છે. આહાહા..! પણ જે પરના પ્રેમમાં પડ્યો અને પર છૂટે ત્યારે એને અસમાધિ એટલે ભય થાય છે. આહાહા..! એકકોર ઝાડા રોકાય, ઊલટી થાય નહિ. આહાહા..! કાનમાં શૂળ પડે, લોહીના ધબકારા.. જેટલા રોગ છે એટલા તો બહાર ન દેખાય. આંગળે આંગળમાં છન્નું રોગ. એક તસુમાં છન્નું. અહીં એક એક પ્રદેશે અનંત આનંદ. આહાહા..! એવા આત્માને જેણે ભિન્ન જાણ્યો છે, ભિન્ન માન્યો છે, ભિન્ન જેણે રાગથી અને શરીરથી જુદો છે એવો જેણે અનુભવ્યો છે. આહાહા..! જે વર્તમાન પર્યાયને ઊંડે ઊંડે દ્રવ્યસ્વરૂપ છે ત્યાં લઈ ગયો છે. એણે શરીરને આત્માથી ભિન્ન જાણ્યું છે. આમ છે.

દામોદર શેઠને એક ફેરી વા થયેલો વા. પૈસાવાળા એ હતાને આ બાજુના વાણિયા. દશ લાખ રૂપિયા તે દિ'. હવે અત્યારે તો કેટલાય રાંડી રાંડ બાયુમાં દશ-દશ લાખ થઈ ગયા. આ તો તે દિ'ની વાત છે ૬૦ વર્ષ, ૭૦ વર્ષ પહેલાંની. દશાશ્રીમાળીમાં દશ લાખ તો એની પાસે હતા. દામોદર શેઠ. એને રોગ થયો. એવો રોગ.. એવો રોગ વાનો. પછી ઓલા પારા નથી બાંધતા કંઈક પારા ભાઈ! વાને પારા બાંધે. પારા કાચના. ડોકમાં નાખે. ફકીર બકીર આપે ને બધું હતું એવું બધું. પછી પીડા. એ ગામનો શેઠ, નગરશેઠ પૈસાવાળો, સંસારની બુદ્ધિવાળો. કહે છે કે મને બંદુક મારો. મારાથી સહન થતું નથી. આહાહા..! એવું સાંભળ્યું હતું. આહાહા..! હુશિયાર કહેવાય, ઘરે ઘોડા સાથે. એક ઘોડા એમ નહિ. ઘોડાની હારું. વાણિયા દશાશ્રીમાળી પણ દરબાર જેવા. ગરાસિયા. એય.. ચિમનભાઈ! તમારા સગા થાય. અને ઘોડે બેસીને જ્યારે નીકળે. એવી ઘોડી રાખી હતી એ કાંઈક. મોટા રાજા દેખાય. એ મરવા.. મરવા ટાણે નહિ એના પહેલાની વાત છે. પહેલાંની વાત છે. ઓહો..! મને સહન થાતું નથી. બંદુકે ઉડાવો. આહા..!

મુમુક્ષુ :- મરવા ટાણે કહે મને કોક તાણે છે.

ઉત્તર :- એ તો મરવા ટાણે. આ તો પહેલા. મરવા ટાણે તો મને કોઈ તાણે છે. કારણ કે દૃષ્ટિ ઊલટી ઘણી અને અભિમાન ઘણા સેવેલા. આકરું કામ છે. એટલે આમ પરિણતિ હીણી થવા માંડી. આહાહા..! બહુ આકરું કામ બાપા! આ વસ્તુની સ્થિતિ એવી છે. આહાહા..!

કહે છે કે જેણે એ શરીરથી આત્મા જુદો જાણ્યો છે, માન્યો છે, અનુભવ્યો છે એને શરીરની ગતિ એટલે નાશ વખતે નિર્ભય થશે. આહા..! એટલે કે એને સમાધિ અને શાંતિ રહેશે એમ. પણ જેણે ભગવાન આત્મા શરીરની પર્યાય ને રાગની દશા એનાથી ભિન્ન જાણ્યો નથી, અંતરમાં અનુભવમાં આવ્યો નથી, એને શરીરની ગતિ વખતે ભય થશે, ડર થશે. આહાહા..! ત્યાં કોઈ શરણ નથી. આહાહા..!

કહ્યું હતું ને અહીં એ કરશનજીના બનેવી હતા. બે બૈરા હતા બે બૈરા. વૈષ્ણવ હતા. માણસ ડાહ્યો મગજવાળો. અહીં હતો. તમારા મકાનમાં. ૯૨ની સાલની વાત છે. ૯૨ની.

મુમુક્ષુ :- સેનેટોરિયમમાં.

ઉત્તર :- હા. એના સેનેટોરિયમમાં. તે દિ' તો સેનેટોરિયમ ક્યાં લીધું હતું? પછી લીધું ને. બીજા ગ્રાહક ન થઈ જાય એટલે વહેલા જઈને એણે લઈ લીધું. છોટાભાઈને. એવું બધું સાંભળ્યું હતું. તે દિ' તો નહોતું એનું. ત્યારે એ રહેતા.

ડોક્ટરો આવ્યા મોટા-મોટા. એણે મને બોલાવ્યો. પણ ડોક્ટર ઈંજેક્શન આપે છતાં કહે, મહા-રાજ! મંગળિક મને સંભળાવો. શરીર જીર્ણ છે, વસ્ત્ર ફાટી ગયું હવે. આ ફાટલું વસ્ત્ર હવે નહિ રહે. એમ બોલ્યો હતો હોં! હવે બીજું વસ્ત્ર આવશે. હતા વૈષ્ણવ પણ બિચારા માણસ આમ.. નાની ઉંમર. બે બૈરા ઘરે અને કરશનજી હતા. મોટી એની બેન. આહાહા..! આમ પીડા થાય. નાડીઓ ઝાલે, ઈંજેક્શન આપે, પણ ઈંજેક્શન શું કરે ત્યાં? આહાહા..! કેમકે શરીરથી ભિન્ન આત્મા એવું તો ભાન નથી. પણ આ ઈંજેક્શનને લઈને જરી એને બહારની ભીંસ ઓછી દેખાય. પણ નક્કી તો થઈ ગયું કે હવે આ શરીર નહિ રહે બિલકુલ.

મહારાજ! જીર્ણ વસ્ત્ર થઈ ગયું છે શરીર. આ બીજું વસ્ત્ર હવે શરીર આવશે એવું લાગે છે. એમ કહેતા હતા. આહાહા..! 'એક રે દિવસ એવો આવશે..' શું કહે? સૂતો. 'મહેલ ને માળિયામાં સૂતો સોડ તાણીને સૂતો કાઢો રે કાઢો એને સહુ કહે.' આહાહા..!

અમદાવાદમાં એક ડોક્ટરનો દિકરો મરી ગયો, પછી એની વહુ બાંધવા નહોતી દેતી. શું કહેવાય તમારી ઓલી? ઠાઠડી. પછી ઠાઠડી બાંધવા નહોતા દેતી એટલે ડોક્ટર, ડોક્ટર માણસ ડાહ્યો જરી. કહે તારે હવે આપણે આને રાખીએ અહીં પટારામાં. એ પણ ના પાડે. બાંધવા દેવો નથી ઠાઠડીમાં, રાખવું પાલવતું નથી ત્યારે શું કરવું છે તારે? અને એ તો રાખીને પાછું ભૂત થઈને આવે તો? લો! આહાહા..!

અને એક ઠેકાણે એવું બનેલું. મર્યો અને અહીંયાં હજી મડદું પડ્યું હતું અને રોકકળ ચાલી અહીં. અને એ વ્યંતરમાં ગયેલો ભૂત. તરત આવ્યો. કેમ રોવો છો તમે? હું છું તમારો દીકરો હો હું. જુઓ હું દાખલો આપો લ્યો આપણે પૈસા દાટ્યા હતા એ. તમે કહો એટલે ૨૫-૫૦ વર્ષ રહું અહીં. ના. લે! અમને ભય થાય કે આ તો ભૂત છે. એમ ન ચાલે... એમ ન ચાલે.. પણ તારે શું કરવું છે? રોવું છોડવું નથી, મને અહીં રાખવો નથી. ઓલો આવ્યો વ્યંતરમાંથી તરત. શું કરવા રોવો છો તમે? તમે

કહો એટલું ૨૫-૫૦ વર્ષ અહીં રહું શરીરમાં. ભાઈ! અમને છોકરા ભય પામે ગામના, ઘરના. એય.. જેઠાભાઈ! લ્યો આ બધા એના સગા. આહાહા..! અરે.. બાળવા દે ને. ડૉક્ટર કહે જવા દેને હવે. રાખવો નથી અને જવા દેવો નથી, શું કરવું છે તારે? સડશે અહીં ઘરમાં. આહાહા..! પણ બીજું શું થાય? એ જડ છે, માટી છે આ તો. જીવ નીકળે પછી તો આમાં સડો શરૂ થાય, સોજા શરૂ થાય, સડો શરૂ થાય. આ તો માટી છે.

જેણે માટીને માટી તરીકે જાણી અને ચૈતન્યને ધણી આનંદનો નાથ છે.. આહાહા..! એવું જેણે ભેદજ્ઞાન કર્યું છે એને શરીરના ઉત્પાદ વિનાશને આત્માના ઉત્પાદ-વિનાશ માનતો નથી. છે એમાં? '**ભિન્ન માને છે,...**' તે. આહાહા..! 'જગતને મરણ તણી બીક છે મને આનંદની લહેર છે.' એમ કહે. મને તો આનંદ છે. આહાહા..! કારણ કે મરણના ભીંસ ટાણે મારું ભીંસપણું અંદરમાં વર્તે છે હવે. આહાહા..!

જેનું વીર્ય અંતર વળે છે એને આનંદ છે. આહાહા..! એને શરીરના વિયોગ ટાણે પણ આનંદ જ છે. અને આ શાતાશીળીયા થઈને મરે કેટલાક. પાણી પીતા હોય ને મરે છે જુઓને. એને રોગ ન દેખાય. આહાહા..! પણ જેણે શરીર ને શરીરના સ્વરૂપનું અજીવ અસ્તિત્વ એની સાથે મારો સંબંધ એટલે હું તે.. આહાહા..! એને એના શરીરની ગતિ એટલે નાશ કાળે રાખ થાશે, અસમાધિ થશે. દુઃખ થશે. આહાહા..!

ધર્મીને '**શરીરના ઉત્પાદ-વિનાશને આત્માનો ઉત્પાદ-વિનાશ એ માનતો નથી – એવો અર્થ છે,...**' સંસ્કૃતમાં છે ને. '**आत्मनो विनाशोत्पादौ (उत्पादविनाशौ इति साधुः) न मन्यत**' આહાહા..! '**એવો અર્થ છે, જેમ વસ્ત્રનો ત્યાગ કરીને...**' આહાહા..! મેલું અને સડેલું પહેર્યું હોય વસ્ત્ર એ આમ છૂટવા ટાણે(ને) નવા ગ્રહણ ટાણે એને દુઃખ હોય? આહાહા..! ધોતિયું રેશમનું, રેશમનો કોટ આ સડી ગયા બધા વસ્ત્ર કાઢવા ટાણે. આહાહા..! અને સળગતું હોય વસ્ત્ર લ્યોને. એ વસ્ત્રને છોડવા ટાણે એને દુઃખ થાય? સળગે છેને આ શરીર. આ વસ્ત્ર.. અગ્નિમાં નાશ થશે ફટ છોડી દે. આહાહા..! એમ કહે છે.

'**વસ્ત્રનો ત્યાગ કરીને અન્ય વસ્ત્રનું ગ્રહણ કરવું તેમ.**' ધર્મીને આ શરીર છૂટીને બીજું શરીરનો સંયોગ થશે. એમાં મારા આત્માની સાથે કાંઈ સંબંધ છે નહિ. આ વિનાશ અને ઉત્પાદ એમ કહે છે. શરીરનો વિનાશ, બીજા શરીરનો ઉત્પાદ. હું તો છું તે છું. આહાહા..! બાપુ! આ કાંઈ વાતે કાંઈ વળે એવું નથી આ. અંદર ભગવાન આત્મા રાગથી ભિન્ન એનું અસ્તિત્વ જ પડ્યું છે. રાગથી એકપણે એ છે જ નહિ. આવ્યું હતું ને નહિ? સંધિ. રાગ અને આત્મા વચ્ચે સાંધ છે. નિઃસંધિ થયું નથી. આહાહા..! રાગ અને ભગવાન સ્વભાવ બે નિઃસંધિ નામ એક નથી થયા. સંધિ છે. આહાહા..!

પથરાના મોટા પડ્યા હોય ઢગલા એમાં રગ પડી હોય રગ. રગમાં મારે દારૂનો સુરંગ. એ અંદર રગ પડી છે અંદર. આહાહા..! ભગવાન ચૈતન્ય સ્વભાવ દળ, ભગવાન સ્વભાવ સ્વરૂપનું

દળ અને રાગ વિકારીભાવ બે વચ્ચે સાંધ છે. સ્વભાવ અને વિભાવ બે એક થયા નથી. આહાહા..! ક્યાં વિકૃત વિભાવભાવ અને ક્યાં અવિકૃત ત્રિકાળી સ્વભાવભાવ. એની જેણે સંધિમાં જેણે પ્રજ્ઞા-છીણીને મારી છે. આહાહા..! એટલે કે પ્રજ્ઞાની પર્યાયને અંતર્મુખ જેણે વાળી છે એણે બે વચ્ચે છીણી મારી. આહાહા..! આ માણસને આકરું લાગે. આ બધું આ કરવું ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા. આહાહા..! પણ એને એવું લાગે આ ભપકા લાગે. અમારે જયંતિ કહેતા હતા કાલે. એક ૩૫ લાખનો તો એક ઓલું કર્યું છે મંદિરનો દરવાજો. ૩૫ લાખનો દરવાજો. મહારાજ! આવો હવે ૨૫ વર્ષ થઈ ગયા છે ઘણા. છઠ્ઠી સાલ. એકાદ વ્યાખ્યાન રાખીને બપોરે ને સવારે જાત્રા થાય. એકાદ દિ' તો આવો એમ કહેતા હતા બિચારા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા બધું કર્યું હતું ને. ઘણું કર્યું હતું પછી. માથે બહુ ફેરફાર કર્યો. પણ એમાં શું પણ એથી આત્માને શું? આહાહા..!

મુમુક્ષુ :- એનો મહિમા કેટલો..

ઉત્તર :- એનો મહિમા શું? ભગવાનના સમવસરણની રચના હોય છે એવી તો રચના ક્યાંય છે નહિ. એને દેખવું તો એ શું? એ તો એક શુભભાવ છે. આહાહા..! એ તે સમવસરણ દેખતા કાંઈ ધર્મ થાય છે? આહાહા..!

ભગવાન પોતે છે એને દેખતા એને આનંદ થાય છે. જે જ્ઞાન પરને જાણવા રોકાણું છે એ જ્ઞાનને સ્વને જાણવામાં રોકાવું, બસ એનું નામ ભેદજ્ઞાન છે, એનું નામ આત્મામાં આત્મબુદ્ધિ છે. આહાહા..!

**'ભાવાર્થ :- અંતરાત્મા આત્માને શરીરથી ભિન્ન સમજે છે,...'** રજકણે રજકણની આ ક્રિયા આત્માથી જુદી છે. આહાહા..! ભારે કામ ભાઈ! અંતરાત્મા-ધર્માત્મા એટલે કે હું શુદ્ધ સ્વરૂપી, પરમાત્મસ્વરૂપી, આનંદસ્વરૂપી આત્મા છું. મારામાં દુઃખના પરિણામ પણ જે રાગના એ નથી. આહાહા..! એવું જેને સમ્યગ્દર્શન થયું છે. આ તો ભાઈ એવી વાતું. બહારથી આમ હો.. હા.. કરે અને માને કાંઈક ધર્મ કર્યો. બાપુ! એ ધર્મ જુદી ચીજ છે, ભાઈ! એક સમયનો ધર્મ જન્મ-મરણના અંતને લાવે છે. આહાહા..! ચોર્યાસીના અવતાર કરી કરીને બાપુ! એ દુઃખી છે. એ ભલે થપાટ મારીને લાલ નથી કાંઈક કહેતા? શું કહે છે? મોં રાખે આમ. આમ લાલ ન હોય તો થપાટ મારીને લાલ રાખે. ઓલું લોહી બહાર આવે ને આમ થપાટ મારે તો. એમ આ બહારની ચીજની અનુકૂળ-તા દેખી, રાગની દેખી માને કે મેં કાંઈક કર્યું, મારો ધર્મ કર્યો. થપાટ મારીને લાલ કરવા જેવું છે. આહાહા..!

અહીં તો પ્રભુ એમ કહે છે કે એ રાગ છે એ મારું કર્તવ્ય છે (એમ માને છે). એણે આત્માને જાણ્યું નથી. કેમકે આત્મા તો શુદ્ધ સ્વભાવનો પિંડ છે. અનાકુળ આનંદનો રસકંદ છે. ત્રિકાળ કંદ પ્રભુ છે એને આ રાગનો કણ જે વિભાવ એ ક્ષણિક, કૃત્રિમ—એનો કર્તા એને માનવો એને

સ્વભાવનો અનાદર છે. આહાહા..! ભારે કામ ભાઈ! વીતરાગમાર્ગ એવો છે અને એ માર્ગ પામે એને ભવના અંત થયા વિના રહે નહિ. ભવ જ ન મળે જ્યાં. આહાહા..! અનંત આનંદ આનંદ સમાધિ સુખમાં. સમાધિતંત્ર છે ને!

કહે છે '**અંતરાત્મા આત્માને શરીરથી ભિન્ન સમજે છે, બંનેને એકરૂપ માનતો નથી,...**' જડના કામ જડથી, મારા કામ મારાથી એમ ભિન્ન જાણે છે. આહાહા..! '**તેથી તે શરીરની અવસ્થાને આત્માની અવસ્થા માનતો નથી,...**' યુવાન અવસ્થા એટલો હું, વૃદ્ધાવસ્થા મારી થઈ ગઈ, મારી બાળ અવસ્થા ગઈ એમ અજ્ઞાની માને છે. આહાહા..! બાળ અવસ્થા, યુવાન અને વૃદ્ધાવસ્થા એ તો જડની અવસ્થા અહીં છે. આત્મા બાળ પણ નથી, યુવાન પણ નથી અને વૃદ્ધ પણ નથી. આહાહા..!

હા, એ રાગ ને શરીરને પોતાનું માનનારો બાળ અવસ્થા—અજ્ઞાનદશામાં છે એ. એ બાળ અવસ્થા છે. અને જેણે રાગથી ભિન્ન પાડી પોતાનું અસ્તિત્વ જેવડું, જેટલું છે તેટલામાં બુદ્ધિને સ્થાપીને ભિન્ન પડ્યો એ યુવાન છે. એ ધર્મમાં યુવાન છે. ભલે આઠ વર્ષનો બાળક હોય. આહાહા..! અને જેને આત્માના જ્ઞાનથી ઉપરાંત સ્થિરતા અંદર વધતા વધતા જેને કેવળજ્ઞાન થઈ જાય છે એ આત્મા વૃદ્ધ છે. એ ગુણમાં પાકી ગયો. આહાહા..! શરીરની અવસ્થા તો માટીની આ જડની છે. આવી વાત છે, ભગવાન! બહુ ઝીણી બાપુ! આહાહા..! દુનિયાને તો એવું લાગે આ સોનગઢની વાતું સાંભળીને એય.. એકાંત.. એકાંત છે.. ત્યાં તો નિશ્ચય. બાપુ! વાત સાંભળ ભાઈ! તને ખબર નથી, બાપા! ભાઈ! તારો નાથ અંદર બિરાજે છે. જ્ઞાનનો લાડવો છે એ. આનંદનો એ પિંડ છે. આહાહા..! શાંતિનું સરોવર છે એ. ઓહોહો..! અનાકુળ વીર્યનો એકલો કંદ છે એ. અરે.. ભાઈ! તું કોણ છો તને ખબર નથી.

અમે આ દયા પાળનારા, વ્રત કરનારા, તપસ્યા કરનારા એવી માન્યતા ક્રિયાના રાગની એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! બહુ કામ ભાઈ આકરું. એને સત્ કેવું છે એની ખબર નથી. ચૈતન્યસ્વરૂપે સ્વરૂપે સ્વ-રૂપે તો શુદ્ધ આનંદનો નાથ છે. એવું જેને ભેદજ્ઞાન થયું એ શરીરની અવસ્થાને પોતાની માનતો નથી. રોગ થયો તો તે મને રોગ થયો અજ્ઞાની એમ કહે, હું તો આખી જિંદગી રોગીષ્ટ છું બાપા કહે છે. તું રોગી કે શરીર? આહાહા..! શરીરની નિરોગતા કોઈ દિ' જોઈ નથી. આખો રોગમાં ને રોગમાં ગયા. આ બાયડી હોય ને ધણી સરખો ન હોય તો રોવે. અરે.. કોઈ દિ' ધણીના સુખ ભાળ્યા નથી. જ્યારથી શું કહેવાય? મોડિયો-મોડિયો. ત્યારથી તો આ બધું સાંભળેલું છે હોં બધું જોયેલું છે. મોડિયો બાંધ્યા ત્યારથી હેરાન-હેરાન. રોટલે સરખા નથી. એય.. ચીમનભાઈ! આ સંસારની દશા. આહાહા..!

મુમુક્ષુ :- આપે ... એવી વાત છે.

ઉત્તર :- આ તો એનું સ્પષ્ટીકરણ થાય છે. આહાહા..!

જેણે પોતાના આત્માનો સ્વભાવ વિભાવ અને શરીરથી ભિન્ન જાણ્યો, તે વિભાવ અને શરીરની

અવસ્થા મારી માનતો નથી. આહાહા..! અને જેણે વિભાવ ને શરીરથી આત્મા જુદો જાણ્યો નથી, એ વિભાવની અને શરીરની અવસ્થા મારી છે એમાં એ હેરાન થઈને મરી જાય છે. દુઃખી છે એ.

**'શરીરની અવસ્થાને આત્માની અવસ્થા માનતો નથી, અર્થાત્ શરીરની ઉત્પત્તિથી આત્માની ઉત્પત્તિ...'** ઓલામાં આવે છે નહિ? છ ઢાળામાં આવે છે. 'તન ઉપજત' આવે છે. આ બધું એમાંથી કાઢ્યું છે. આહાહા..! પોતે ઉપજે ને પોતે નાશ થાય. આહાહા..! 'તન ઉપજત અપની ઉપજ જાન, તન નશત આપકો નાશ માન...' પણ એ તો અનાદિ અનંત નિત્યાનંદ પ્રભુ છે. આત્મા ઊપજે અને આત્મા મરે? આહાહા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથનો આ હુકમ છે, ભાઈ! તને તારી ખબર નથી, એથી તું પરની ખબરુંમાં વયો ગયો, દુઃખી છો, ભાઈ! આહાહા..! અને દેહ છૂટવા ટાણે તરફડીશ તું. આહાહા..! ટાંગા ધ્રુજશે. આહાહા..!

ઓલા કહેતા હતા ઓલા. ફાંસી આપીને હમણાં એક્ને, નહિ? લુહાણા નહિ રાજકોટમાં? એક બાઈને મારી નાખી હતી. સાંજ સુધી તો એને ઓલામાં હુશિયારીમાં રહ્યો. હિંમતમાં. સૂતો. ખબર છે સવારે તો ફાંસી ચડાવાની છે. સૂતો ત્રણ કલાક ઉંઘ લીધી. જાગ્યો તો કાંઈ ગત નહિ. અને જ્યાં લઈ ગયા. ત્યાં ગયા હતાને અમે એક ફેરી જેલમાં. કેદીઓ કહે અમારે દર્શન કરવા છે, અમારે સાંભળવું છે. રાજકોટની કેદમાં ગયા હતા. હમણા પણ ગયા હતા કીધુંને આ બેગમગઢ. ચાલીસ ડાકુ મોટા ડાકુ છે ને મોટા? એને જય નારાયણને શરણે જઈને છૂટ્યા છે. ત્યાં બેગમગઢ છે ત્યાં અમારો ઉતારો હતો અને ત્યાં જેલ હતી. એટલે ત્રણ-ચાર વાર ત્યાં જવું પડ્યું હતું અમારે.

એકફેરી ડાકુ કહે અમારે દર્શન કરવા છે મહારાજના. ભાઈ! અને મહારાજ બહુ પ્રસિદ્ધ છે. ડાકુ, ભારે ડાકુ તે. ખુન કરેલા કેટલાકને. પણ એને છૂટ હતી. ઘરે જાવું હોય તો આઠ-દશ દિ' જઈ આવે. પછી અહીં આવવું પડે પાછું. ગયા હતા દશ મિનિટ અંદર. ચાલીસ ડાકુ હતા. ચાલીસ આવ્યા હતા. ચાર તો મોટા જબરા ડાકુ હતા. અમારી પાસે બાપુ કાંઈ ન મળે. આત્મા તો ભગવાન છે બાપા! આ અજ્ઞાનપણે આ બધું કરીને દુઃખી થાય છે. એને બીજું શું એને બિચારાને. એ બિચારા ખુશી થતા હતા. તાળીયું પાડતા હતા. ખુશી થતા હતા.

હમણાં ત્યાં હતા ને. આનીકોર આવે ને. સાગરની આનીકોર આવ્યું નહિ? સાગરના આ શેઠિયા સાથે હતો વળતાં. ભગવાનદાસ સાથે હતા. મોઢા આગળ ધજા લઈને ચાલતા હતા છેક સાગરથી. ઓલા ખડખડિયા ઉપર. શું કહેવા તમારે? જીપ. ના ના જીપ નહિ. આ ખડખડિયું. સાયકલ, મોટર સાયકલ. સાગરથી તે ત્યાં સુધી સાથે. એના ઉપર બે માણસ અને ધજા. શેઠ સાથે હતા ખરા ને. શેઠની છાપ બહુ મોટી. ભગવાનદાસ કરોડોપતિ. કરોડપતિ જ કહેવાય છે ને. બહુ પૈસા ઘણા. મોટા બાદશાહ પણ છતાં નરમ માણસ હોં. એ સાથે આવ્યા હતા જેલમાં. ઓલા આવ્યા. ચાલો બધા ડાકુને જોઈએ તો ખરા. આહાહા..! પણ એને હૃદયમાં અંદરમાં કાંઈ ભાન ન મળે ને ત્રાસમાં. આહાહા..!

અહીં તો કહે છે કે ભાઈ! એ મરણ ટાણે જેણે આત્માની દશાને પોતાની માની છે, 'શરીરે

સુખી તે સુખી સર્વ વાતે સુખી; એમ આવે છે ને ક્યાંક? એ આવે. 'શરીરે સુખી તે સર્વ વાતે.' એવું આવે છે ક્યાંક. નિશાળમાં કે એમ. આવું જરી યાદ રહી જાય. 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે.' આ મૂઢ જીવોના લક્ષણ. એવું આવે છે નિશાળમાં આવે છે. કવિતા આવે છે. આહાહા..! બાપા! શરીરની સ્થિતિ જડની.. આહાહા..! આ તો માટી પરમાણુ પુદ્‌ગલની અવસ્થા છે. એક એક રજકણની દશા ભિન્ન છે. એની અવસ્થા મારાથી થાય અને મેં રાખી, કરી, બાપુ! તારા જ્ઞાતા-દૃષ્ટા આત્માને તે મારી નાખ્યો છે. હું આ નહિ.

જ્ઞાન-દર્શન-આનંદનો પિંડ પ્રભુ, એ નહિ. હું તો આ. એ નહિ એટલે એની હિંસા કરી. આહાહા..! પણ આ હું અને આ નહિ એણે જીવની દયા પાળી. પોતાની હોં, પરની કોણ પાળતું હતું? આહાહા..! નરસિંહ મહેતા નથી કહેતા? 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' કર્તાપણું. હું કરું (એમ) નથી (એટલે) કર્તા નથી એમ કહે. પરના કામ બધા હું કરું છું. પણ હું કરું એમ માનનારા અજ્ઞાની છે. એ તો એ છે માને છે ને. આહાહા..!

અહીં કહે છે કે 'શરીરની ઉત્પત્તિથી આત્માની ઉત્પત્તિ અને શરીરના નાશથી આત્માનો નાશ માનતો નથી.' ધર્મી. 'જેમ એક વસ્ત્ર તજી બીજું વસ્ત્ર ગ્રહણ કરતાં શરીરને કાંઈ થતું નથી,...' શરીરને કાંઈ થાય? વસ્ત્ર મેલું હોય તો છૂટીને બીજું વસ્ત્ર પહેરે. એમાં શરીરને કાંઈ થાય? શું કીધું એ? એક વસ્ત્ર શરીર ઉપર છે એને છોડીને બીજું વસ્ત્ર પહેરે, એમાં શરીરને કાંઈ થાય? એમ એક શરીર છોડીને બીજું આવે એમાં આત્માને કાંઈ થાય? આહાહા..! એય..!

**'તેમ એક દેહ તજી બીજો દેહ ધારણ કરતાં આત્માને કાંઈ થતું નથી...'** ઓલા વસ્ત્રના દૃષ્ટાંતથી. વસ્ત્ર એક છોડતાં બીજું ગ્રહણ કરતાં શરીરને કાંઈ થતું નથી. આહાહા..! **'તેમ એક દેહ તજી બીજો દેહ ધારણ કરતાં આત્માને કાંઈ થતું નથી,...'** ઠંડી હોય ને જાડું વસ્ત્ર ઓઢે તો શરીરને કાંઈ થાય એ અહીં લેવું નથી. અહીં તો શરીરની સ્થિતિ છે, એમ એક વસ્ત્ર એવું ને એવું હોય એને છોડ્યું અને એવું જ વસ્ત્ર બીજું ગ્રહણ કર્યું એમાં શરીરને કાંઈ છે નહિ. એમ એક શરીરને છોડતાં બીજું શરીર આવ્યું એમાં આત્માને કાંઈ છે નહિ. આહાહા..! જેણે આત્માને રાગ અને શરીરથી ભિન્ન જાણ્યો છે, એવા અંતરાત્મા નામ સમ્યગ્દૃષ્ટિ જીવ... આહાહા..! એને દેહ છોડતા અને નવો દેહ ગ્રહણ કરતાં કંઈપણ એને ફેરફાર આત્મામાં થતો નથી. આહાહા..!

**'એમ સમજી તે મરણ-સમયે નિર્ભય રહે છે,...'** આહાહા..! અંતરાત્મા જીવ. અંતરાત્મા એટલે અંદરનો આત્મા જે પૂર્ણ છે એને જેણે માન્યો એને જેણે અનુભવ્યો, એને જેણે આનંદથી, આનંદના વેદનથી જેણે જાણ્યો. આહાહા..! એ **'મરણ-સમયે નિર્ભય રહે છે, મરણથી ડરતો નથી.'**

**'જ્ઞાની સમજે છે કે જેમ મકાનનો નાશ થતાં તેમાં વ્યાપેલા આકાશ દ્રવ્યનો નાશ થતો નથી,...'** મકાન બળી જાય એમાં આકાશ જે અંદર છે એ બળી જાય છે? આકાશ છે ને સર્વવ્યાપક? આકાશ નામનો અરૂપી પદાર્થ. મકાન બળતાં... આહાહા..! હમણાં ત્યાં હતા ને મુંબઈ. ત્યાં એક મકાન સળગતું હતું ચાર માળનું. બીજે માળથી કાંઈક હતું નહિ? નીચેથી. પણ દિશાએ

જ્યારે નીકળતા હતા. હળ.. હળ.. હળ.. આમ ભડકાં. ત્યારે બધું સળગે અંદર ઓલું. આહાહા..! બારીમાંથી ભડકા નીકળતા હતા. ત્યાં અંદર બધી હોય ને એવું ફર્નિચર. બધું સળગતું હોય. ભડકા જોડેથી નીકળતા હતા. એમાં એ સળગ્યું તો એમાં આકાશ સળગતું હશે ત્યાં? આહાહા..!

**'મકાનનો નાશ થતાં તેમાં વ્યાપેલા આકાશ દ્રવ્યનો નાશ થતો નથી, તેમ શરીરનો નાશ થતાં તેમાં રહેલા આત્માનો કદી નાશ થતો નથી.'** આહાહા..! **'આવી સમજણને લીધે તેને કોઈ પણ પ્રકારની આકુળતા રહેતી નથી. તે મરણ-પ્રસંગે નિર્ભયતા સેવે છે...'** સમાધિ આનંદ... આનંદ... આનંદ... છે. આહાહા..! **'અને આત્મસ્વરૂપમાં મગ્ન રહે છે.'** લ્યો! દેહ છૂટવા કાળે પણ આત્માને પોતાને ભિન્ન માન્યો છે એમાં તે સ્થિર રહે છે. એને દુઃખ થતું નથી. અજ્ઞાનીને શરીર મારું માન્યું છે એ છૂટતાં અને મિત્રો ને કુટુંબી, સ્ત્રી ને બધા સગવડતાના સુખવાળા અરેરે.. ક્યાં જશે? વયા જશે? મને કોણ આપશે? એવી ચિંતામાં ભય પામીને દેહ છોડે છે. ઓલાને સમાધિ હોય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ ૭, મંગળવાર તા. ૧૫-૦૭-૧૯૭૫
## શ્લોક - ૭૭-૭૮,
## પ્રવચન - ૯૦

૭૭ ગાથાનો વિશેષ. **'જ્ઞાની મરણ સમયે વધુ દઢતા માટે...'** જ્ઞાની કહો કે ધર્મી કહો. કોઈ કહે કે ભાઈ! જ્ઞાની તો બહુ જ્ઞાન હોય એ જ્ઞાની. ધર્મી તો અમે રાગને કરીએ, પુણ્યને કરે એ ધર્મી. એમ નથી. જ્ઞાની તો એમ કે બહુ જ્ઞાન જેને હોય એ જ્ઞાની કહેવાય. પણ અમે જ્ઞાની નથી અમે ધર્મી છીએ. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કરીએ છીએ તો અમે ધર્મી છીએ. પણ ધર્મી જ નથી. જ્ઞાની અને ધર્મી એક જ ચીજ છે. જેને રાગથી (ભિન્ન) ચૈતન્યસ્વભાવ અંદર વીતરાગમૂર્તિ પ્રભુ, એનું જેને અવલંબન—આશ્રય થયો છે, એને રાગથી પણ જ્યાં ભિન્નતા ભાવમાં પરિણતિમાં વીતરાગતા વર્તતા રાગથી ભિન્નતા વર્તે છે એને ધર્મી કહીએ, એને જ્ઞાની કહીએ, એને સાધક કહીએ.

તો કહે છે કે જ્ઞાની એટલે ધર્મી **'મરણને સમયે વધુ દઢતા...'** દઢતા તો છે પહેલી. આત્મા શુદ્ધ ચિદ્‌ઘન, આનંદકંદ પ્રભુ આત્મા છે. એવું શ્રદ્ધામાં, જ્ઞાનમાં, અનુભવમાં આવ્યું છે એને આત્મા પ્રત્યે દઢતા તો છે. કે હું નિષ્ક્રિય ચૈતન્યઘન છું. એવું પરિણામે કબુલીને, પરિણામમાં સમ્યગ્દર્શન-જ્ઞાન, ચારિત્રનો અંશ પરિણમ્યો છે જેને. આહાહા..! એને અહીંયાં ધર્મી કહે છે, એને અહીંયાં જ્ઞાની કહે છે.

તો **'જ્ઞાની મરણને સમયે વધુ દઢતા માટે પોતાના આત્માને ઉદ્દેશીને કહે છે કે :-'** આહાહા..! એ ગાથાઓ છે મૃત્યુમહોત્સવની. ૯, ૧૦, ૧૨ અને ૧૪. મૃત્યુમહોત્સવ નામનો

ગ્રંથ શાસ્ત્ર છે એમાં આ ચાર ગાથાઓ છે. '**હે આત્મન્,...**' ધર્મી હોય એને રાગ પણ હોય. વિષયકષાયનો રાગ પણ હોય. છતાં તે રાગથી ભિન્નતાનું જ્યાં ભાન છે ત્યાં રાગનું થવું તેનો એ કર્તા થતો નથી.

સવારમાં કહ્યું હતુંને. આત્મામાં શરીરનો અભાવ છે. જેનો અભાવ છે તેનો એ કર્તા કેમ હોય? તેમ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એને રાગનો એમાં અભાવ છે. જેમાં રાગનો અભાવ એ રાગરૂપ ભાવનો કર્તા શી રીતે થાય? આહાહા..! આવી દૃષ્ટિ તો પહેલેથી થઈ છે. પણ દેહ છૂટવાને કાળે વધારે ભાવના દૃઢતાની કરે છે. સ્થિરતાની. સમ્યક્‌ની દૃઢતા તો છે. પૂર્ણ શુદ્ધ પરમબ્રહ્મ આનંદ એ જ હું છું. પરિણામમાત્રે—પરિણામે એમ માન્યું છે. આહાહા..! કે હું તો ધ્રુવ શુદ્ધ પૂર્ણ બ્રહ્મ આનંદ છું. તેમ પરિણામે એમ માન્યું છે. સમજાણું કાંઈ?

વસ્તુ જે છે એમાં કાંઈ માનવું નથી. એ તો વસ્તુ છે ધ્રુવ ચૈતન્ય, પણ એના તરફ ઢળતાં પરિણામ એણે માન્યું છે કે આ પૂર્ણ શુદ્ધ છું તે હું છું. આહાહા..! એવી દૃઢતા તો સમ્યક્ થતાં થઈ છે. પણ મરણને કાળે વધારે સ્થિરતા થાય એ માટે ભાવના ભાવે છે.

'**હે આત્મન્, તું તો જ્ઞાનરૂપી દિવ્ય શરીરનો ધારી છે,...**' જુઓ! એ કોણ માને-ધારે છે? પર્યાય. આહાહા..! હું તો જ્ઞાનસ્વરૂપ, જ્ઞાન જેનો વિગ્રહ એટલે કે શરીર એટલે કે સ્વરૂપ. એ તો જ્ઞાનસ્વરૂપ છે. '**દિવ્ય શરીરનો ધારી છે,...**' ભાષા દેખો! જ્ઞાનરૂપી દિવ્ય શરીરનો ધરનાર. આહાહા..! આત્મા લેવો છે ને. આત્મા જ્ઞાનરૂપી દિવ્ય શરીરનો ધરનાર. કહો, સમજાય છે કાંઈ?

'**હે આત્મન્, તું તો...**' આહાહા..! એમ પરિણામ જે પર્યાય છે એણે જે નિર્ણય કરેલો છે એમાં વધારે દૃઢતા કરે છે. ઓહોહો..! શ્રીમદ્ે લખ્યું છે એક પત્રમાં. '**ભવના અભાવ ટાણે જેણે ભવના અભાવભાવ રાખ્યો એને ભવ હોય નહિ લાંબો.**' એક ઠેકાણે છે. આહાહા..! ભવનો અભાવ એટલે દેહ છૂટવાનો કાળ એમ. ભવના અભાવકાળે. અહીં એમ કીધું, શરીરની ગતિ કરી. એમ છે ને ભાઈ! નાશ. ગતિ એટલે નાશ. એ જવાની સ્થિતિમાં છે. આહાહા..! જાય છે તો આત્મા એમાંથી. શરીર તો ત્યાં. પણ શરીરની ગતિ એટલે ત્યાં આગળ આત્મામાં રહેવાની ક્ષેત્રે એ આમ જુદી પડી જાય છે. આહાહા..! એવે ટાણે જ્ઞાની વિચારે છે કે કે તું તો... આહાહા..! '**જ્ઞાનરૂપી...**' જ્ઞાનસ્વરૂપી એકલો જ્ઞાનસ્વભાવ એવું '**દિવ્ય શરીરનો ધારી છે,...**' આહાહા..! રાગનો પણ ધરનાર નહિ અને શરીરનો ધરનાર પણ એ આત્મા નહિ. આહાહા..! દેહ છૂટવાના કાળ આવશે કે નહિ? આહાહા..! આ ભવમાં આવશે? આહાહા..! સંયોગી ચીજ છે તો છૂટવાનો વિયોગ લઈને તો આવી છે. આહાહા..! સંયોગી ચીજ છે, અરે.. રાગ પણ સંયોગીભાવ છે. તો એક ક્ષણમાં ઉત્પન્ન થઈને વિધ્વંસ થઈ જાય છે. આહાહા..!

આ શરીર એ હું નહિ અને રાગ તે હું નહિ એમ જે ન લેતાં, નાસ્તિ ન લેતા. પહેલું હું તો જ્ઞાનરૂપી જાણકસ્વભાવ, પ્રજ્ઞાસ્વરૂપ, જાણકસ્વભાવ, એ રૂપી દિવ્યશરીરનો આત્મા ધરનાર છું. આહાહા..! અહીં તો પર્યાયનો ધરનાર પણ ન લીધો ભાઈ! પર્યાય એમ નિર્ણય કરે છે, પર્યાય એમ

ભાવના કરે છે. આ હું ત્રિકાળ જ્ઞાનરૂપી શરીર. આખું હોં પર્યાય પણ નહિ. પર્યાય તો એ દઢતાની પર્યાયમાં પડી છે, પણ એ પર્યાયના એ ભાવમાં છે કે હું એટલે આ આત્મા... આહાહા..!

'**જ્ઞાનરૂપી દિવ્ય શરીરનો ધારી છે,...**' આહાહા..! આ તો હાડકા, ચામડા, લોહી, વીર્ય જેમાં ભર્યા છે એ તો માટી-જડ છે. આહાહા..! હું તો દિવ્ય જ્ઞાનશરીરનો ધરનાર છું. એનો અર્થ એ કે દિવ્ય શરીરનો ધરનાર, દિવ્ય આનંદનો ધરનાર, દિવ્ય શાંતિનો ધરનાર, દિવ્ય પુરુષાર્થનો ધરનાર. એને એક ગુણથી લઈએ તો આનો ધરનાર અને બધું સમુદાય આ બધા ગુણનો ધરનાર છે. આહાહા..!

આ ધીરાના કામ છે, ભાઈ! ભાઈએ પૂછયું હતું ચીમનભાઈએ. ધીરાના કામ એટલે શું કહે? ચીમનભાઈ. વેદન. વેદન ને? આ દેશના ક્યાં છે? આ ક્યા દેશના? અસંખ્ય પ્રદેશી દેશમાં રહે છે. આહાહા..! અને જ્ઞાનરૂપી જેનું શરીર છે. ધીરાનો અર્થ કે એને અંતરમાં બહુ શાંતિથી, ધીરેથી આત્માને કબજે લેવો છે. પર્યાયમાં આત્માને કબજે લેવો છે. આહાહા..! પર્યાયે રાગને કબજે લીધી છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગને કબજે એમાં શું થાય? એ તો દુઃખ થાય. આહાહા..! પણ પર્યાયે ભગવાનને કબજે લીધો છે. જ્ઞાનરૂપી શરીર ચૈતન્યઘન જાણકસ્વભાવરૂપ ત્રિકાળ હોં. ધ્રુવ. એ રૂપી દિવ્ય શરીરનો હું ધરનાર છું. આહાહા..!

'**માટે સેંકડો કીડાના સમૂહથી ભરેલા...**' આહાહા..! આ શરીર તો સેંકડો કીડાથી ભરેલું છે. ડોક્ટરો તો લોહીમાં પણ જીવ જોવે છે ને અનંતા? પણ ભગવાને તો જીવ કહ્યા છે ને અંદર કીડા થાય, શું કહેવાય? કરમિયા થાય. માથું સડે જીવાત પડે છે અંદર. આમ કરે તો જીવાત નીકળે. આ શીતળા નીકળે છે લ્યોને. દાણે દાણે ઈયળું. કહ્યું હતું ને એક લાઠીનું. યુવાન બાઈ હતી ૧૮ વર્ષની. એને દાણે દાણે ઈયળ.

'**સેંકડો કીડોના સમૂહથી ભરેલા આ જીર્ણ-શીર્ણ શરીરરૂપી...**' આહાહા..! '**એવા સેંકડો કીડોના સમૂહથી ભરેલા આ જીર્ણ-શીર્ણ શરીરરૂપી...**' મરવા ટાણે, દેહ છૂટવા ટાણે તો અનેક પ્રકારના રોગ પણ હોય છે. આહાહા..! શ્વાસ લેવાય નહિ, ઈયળ પડે અંદર, ડબલ ન્યુમોનિયા થયા હોય. આહાહા..! આખી છાતીમાં એકલો કફ અને જાળું. કફનું જાળું જામી ગયું હોય. આહાહા..! ખોરાકનો બધો કફ જ થઈ જાય એને. એ કફના જાળા ને આમ શ્વાસ લે. શ્વાસની ક્રિયા એ જડની છે. આત્મા લઈ શકે કે છોડી શકે એમ નથી. કારણ કે હું તો દિવ્ય જ્ઞાનશરીરનો ધરનાર છું. એ શ્વાસ લેવો કે છોડવો એ મારી ચીજ નથી. આહાહા..! આ તો મુદ્દાની રકમની વાત છે, ભાઈ! આહાહા..!

આનંદની લક્ષ્મીથી ભરેલો ભગવાન, એવો હું એટલે તું. એમ પોતાને કહે છે. '**તું તો જ્ઞાનરૂપી દિવ્ય શરીરનો ધારી છે,...**' એ તો જ્ઞાનથી લીધું કે આનંદરૂપી શરીર છે. આહા..! આનંદ જેનું શરીર છે, આનંદ જેનું સ્વરૂપ છે, આનંદ જેનો અતીન્દ્રિય આનંદ જેનો સ્વભાવ છે. એનો હું ધરનાર છું. કેમકે આનંદનો અને જ્ઞાનનો ધરનાર છું એવી પરિણતિ પર્યાયમાં ઊભી થઈ છે. એ પરિણતિ એમ જાણે છે કે હું આનંદનો ધરનાર છું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ત્યાં કાંઈ વાતું

કામ ન આવે. શાસ્ત્રના બહુ ધાર્યા હોય એ કામ ન આવે ત્યાં. આહાહા..! શાસ્ત્રના જાણપણા કરી અને અભિમાન સેવ્યા હોય. જ્યાં એને જ્ઞાનસ્વભાવ સ્વરૂપ છું. એવી તો દૃષ્ટિ નથી. એને તો આ અધિકતા લાગી છે. આહાહા..! પણ એથી ભિન્ન મારી ચીજ. શાસ્ત્રના જાણવાના પર્યાયથી તો મારૂં જ્ઞાનરૂપી શરીર ભિન્ન છે. આહાહા..!

'**માટે સેંકડો કીડોના સમૂહથી ભરેલા...**' ઓહોહો..! ઓલા .. નથી? જીવાત થઈ ગઈ... આમ ફરે ત્યાં કીડા નીકળે. એને બધે જીવડા થઈ ગયેલા. ત્યાં કાંઈ મોતી પાકે છે? આહાહા..! એવું '**જીર્ણ-શીર્ણ...**' જીર્ણ શરીર છેલ્લું કીધું છેને. જીર્ણ શરીર. જીર્ણ નામ વીખાવાની તૈયારી થઈ ગઈ હવે. આહાહા..! '**પીંજરાના નાશ સમયે...**' '**સેંકડો કીડોના સમૂહથી ભરેલા આ જીર્ણ-શીર્ણ શરીરરૂપી પીંજરાના...**' પીંજરું છે આ. આહાહા..! '**નાશ સમયે...**' પીંજરામાં પડ્યો અંદરથી. આહાહા..! મોટો સિંહ પાંજરામાં પુરાણો છે. આહાહા..! એવો હું ભગવાન જ્ઞાનસ્વરૂપી એ આ શરીરના '**નાશ સમયે તને ભય કરવો ઉચિત નથી.**' આહાહા..! એમ જીવને મૃત્યુ કાળે સમજણરૂપી બોધ કરે છે. સમજાણું? એવા સમયે તને ભય કરવો ઉચિત નથી. એ એક ગાથા. મૃત્યુ મહોત્સવની ગાથા. ૧૦મી. ૯મી.

૧૦મી. મૃત્યુ મહોત્સવ પુસ્તક છે આખું. મૃત્યુ મહોત્સવ છે. આહાહા..! 'જગતને મરણતણી બીક છે, જ્ઞાનીને આનંદની લહેર છે.' આહાહા..! દિવ્ય શરીર . સાધક છે ને? પંચમ આરાની વાત છે આ. એટલે એને શરીર બીજું થશે. ગમે તેવો મુનિ હોય તોપણ એને આ ભવમાં કેવળ નથી એથી એવા જીવને લીધો છને અહીં. એ '**સમયે તને ભય કરવો ઉચિત નથી.**' આહાહા..!

'**હે આત્મન્, આ મૃત્યુરૂપ મહોત્સવ પ્રાપ્ત થવાથી તું કેમ ડરે છે?**' દેહ છૂટવાના કાળે તને ડર શો છે? આહાહા..! આ તો હાડકાનું પીંજર છે, ભગવાન તો ચૈતન્ય અંદર ભિન્ન છે. આહાહા..! દેહદેવળમાં ભગવાન જિન સ્વરૂપે બિરાજમાન છે. એ દેવળ બળે એટલે કાંઈ દેવ બળી જાય ભેગો... આહાહા..! શરીરનો નાશ થાય તો તેનો આકાશ નાશ થઈ જાય એમ છે? આહાહા..! જેની દૃષ્ટિ દિવ્ય જ્ઞાનશરીર ઉપર પડી છે અને એ સત્તાનો અંદર જ્યાં સ્વીકાર થયો છે. એની પરસત્તાનો અભાવ છે જેમાં, એવા સ્વભાવના સ્વીકારને કાળે, જેમ ભાન થયું હતું પરથી ભિન્ન, એના મૃત્યુના કાળે, દેહના છૂટવાને કાળે.. આહાહા..! તું કેમ ડરે છે?

'**કારણ કે આ મૃત્યુ દ્વારા તો તું જ્ઞાનાદિક સ્વરૂપમાં સ્થિત રહીને...**' તું જ્યાં છો ત્યાં સ્થિર થઈને '**અન્ય શરીરરૂપ નવા નગર તરફ ગમન કરે છે.**' આહાહા..! અન્ય શરીર, અનેરા શરીર, નવું નગર. નવું નગર. આહાહા..! તરફ ગમન કરે છે. વસ્ત્રનો દાખલો આવ્યો હતો ને? વસ્ત્ર પહેલું છૂટે અને નવું પહેરે એમાં એને ખેદ થાય છે? આહાહા..! એમ જીર્ણ-શીર્ણ થવાને કાળે ઝાડા થઈ ગયા હોય એકકોર, ૨૫-૫૦-૨૦૦ ઝાડા હોં એક દિ'માં. ઉનવા નથી કાંઈક કહેતા? ઉનવા થાય. મોસંબી નાખે તો એ પાણી નીકળી જાય ત્યાં.

અમારે રાજપાલને એમ થયું હતું. જીવરાજજીના હતાને ભાઈ કાકાના દીકરા. ગુજરી ગયા

ને ત્યાં. ૯૪માં. મોસંબી અહીં નાખે અને નીચે નીકળી જાય. છેલ્લી સ્થિતિ. એક કાર્યક્રમમાં ભેગા થયા હતા. પારેખ હતા ને રાજકોટમાં. મસ્જિદની ઓલી કોર. નામ ભૂલી ગયા. ત્યારે આવતા એ. સંપ્રદાયમાં હતા. પચાસ, પોણોસો ઝાડા. ઉનવા. નામ શું ભૂલી ગયા. રાજકોટના પારેખ હતા. વૃદ્ધ હતા. ઓલી મસ્જિદ છે ને મુસલમાનની નહિ? એની ઓલીકોર હતા. ગયા હતા ત્યાં દર્શન કરવા હતા ને. સંપ્રદાયમાં હતા ને. ૮૯. ૮૯ની વાત છે. શું કહેવાય હીંડોળો. હીંડોળા ઉપર બેઠા. બેસે ને જાય, બેસે ને જાય. પચાસ-પોણોસો. આહાહા..! આ દેહમાં ઝાડા ન થાય ત્યારે આત્મામાંથી થાય? આહાહા..! એવે ટાણે શરીર છૂટવાને કાળે પ્રભુ તું તો આનંદ છોને, જ્ઞાન છોને. તું તો જાણનાર છો. શરીર હોય કે જાય એનો તું જાણનાર છો. શરીરને છોડવું કે નવાને ગ્રહું એ સ્વરૂપમાં નથી. આ તો ન્યાયથી એને વાત સમજાય છે. '**શરીરરૂપ નવા નગર તરફ ગમન કરે છે.**' આહાહા..!

'**ગર્ભથી લઈ આજ સુધી,...**' એ ત્રીજો બોલ. ૧૨મી ગાથા. આ ૧૦મી ગઈ. એથી એ શેઠીજીનો પત્ર હતો ને. કોનો હતો? નિહાલભાઈનો નથી પત્ર? ચેતનજી! શેઠીજી ઉપર. ઓલા આપણા શેઠની વાત નથી આ. આ પણ શેઠની વાત બીજા શેઠ... એમ કે દુનિયા ચારિત્ર કેમ પામે એ અમારો પ્રયત્ન છે. શેઠીજીએ લખ્યું છે. આપ્યો છે ને જવાબ તમે. તમે શું કરી શકો છો? પણ કરી શકું છું એટલો નિર્ણય કરે પહેલા. વિકલ્પરૂપ થવું એ પણ દુઃખદાયક અને .. છે એને ઠેકાણે બીજાને કાંઈક ધર્મ પમાડું, ચારિત્રની વિશેષતા થાય જગતમાં. ચારિત્ર સુધરે. એવું એના પત્રમાં છે. એને આવો પ્રયત્ન છે. એને અહીં જવાબ આપે છે કે બીજાના ચારિત્ર સુધારવાનો તમારો હક છે કાંઈ? આહાહા..! શેના પરમાં સુધારા માટે તમને આ બધો હરખ અને હોંશ વર્તે છે? તમે કોણ છો અને શું કરી શકો છો? એનો પહેલો નિર્ણય તો કરો. પરને સુધારવા માટે દોડધામ એ કરી શકે છે? ભ્રમણા છે અજ્ઞાનીને. આહાહા..!

બંધ અધિકારમાં તો ત્યાં સુધી આવ્યું. બીજાનો મોક્ષ કરું, કરી શકું એ અધ્યવસાય તારો મિથ્યાત્વ છે. આહાહા..! કેમ કે એના વીતરાગતાના ભાવ વિના એનો મોક્ષ નહિ થાય. એ વીતરાગભાવ કરે તો એ થાય, એ તારાથી થાય? આહાહા..! કામ ભારે ભાઈ! દેહ ને આમ બધું લક્કડ ફક્કડ થઈ ગયો છે ને સાથે આમ જાણે. આહાહા..! રજકણે રજકણની પર્યાય ભિન્ન છે.

સવારે ઓલું શબ્દનું કહ્યું નહોતું ભાઈ! શબ્દરૂપે જે થાય છે ને અનંત પરમાણુ. એની પર્યાયમાં પણ એ પરમાણુના સંબંધમાં, પરમાણુમાં પણ શબ્દરૂપ પર્યાયની સત્તા ત્યાં આગળ થઈ છે. એકમાં ન હોય, બીજામાં ન હોય, ત્રીજાની .. એક્લો પરમાણુ હોય ત્યારે એને શબ્દની પર્યાય નથી, પણ અહીં ભેગો થાય ત્યારે એને પોતાની લાયકાતથી શબ્દની પર્યાય થઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઘણા પરમાણુના સંબંધમાં એ પરમાણુ આવે છે, ત્યારે એના પોતામાં પણ શબ્દની પર્યાય પ્રગટ થવાની લાયકાત થઈ જશે. આહાહા..! એ ઘણા સંબંધમાં આવ્યો માટે નહિ. એ કાળે ઘણા પરમાણુની પર્યાય શબ્દની છે એ એના પોતાનો પરમાણુ ત્યાં તો જુદો જ છે અંદર. શબ્દની અનંત પરમાણુની પર્યાય એમાં એ પરમાણુ જુદો છે, એ કાંઈ ભેગો ભળી ગયો છે? આહાહા..!

એ શબ્દની અનંત પરમાણુના દ્રવ્યની પર્યાય, એના પણ શબ્દની યોગ્યતાવાળો પરમાણુ તે શબ્દની પર્યાયની પ્રગટતા યોગ્યતાવાળો ત્યાં છે. આહાહા..! એકલો નહોતો અને શબ્દની યોગ્યતા નહોતી, ના પાડી છે. ભેગો થયો ત્યારે ઓલો સંબંધને લઈને થયો કે નહિ? આહાહા..! એ શબ્દની પર્યાય અનંતા પરમાણુના દ્રવ્યની પર્યાય થાય ભાષામાં. એક પરમાણુમાં શબ્દ થવાની લાયકાત નથી. અનંતા પરમાણુની પર્યાય પિંડરૂપ એક પર્યાય થાય ત્યારે એને શબ્દની પર્યાય વ્યક્ત થઈ એની પર્યાય પોતામાં હોં. એવી અનંત પરમાણુમાં શબ્દની પર્યાયની યોગ્યતા હોય.. ઓહોહો..! કેટલી સ્વતંત્રતા છે રજકણની!

એકલો હતો એને શબ્દની પર્યાય નહોતી, ઘણા પરમાણુના સંબંધમાં આવ્યો ત્યારે તેની પર્યાયમાં શબ્દ થવાની લાયકાત પ્રગટશે. પ્રગટ છે. શબ્દની પર્યાય અનંતા રજકણોમાં એ શબ્દની પર્યાય પ્રગટ એનામાં છે. આહાહા..! એનો એ સમયનો કાળ જ એ છે. આહાહા..! એનો જન્મક્ષણ છે. આવી વાતું બાપા! ભેદજ્ઞાન નહિ કરે તો એમાં સલવાઈને મરી જશે એમાં. ભલે એ પંચ મહાવ્રત પાળે, ક્રિયાકાંડ કરે, સંથારા કરે બે-બે મહિનાના. અજ્ઞાન હતું બહુ. કાંતિભાઈના ભાઈએ બધુ બહુ કર્યું છે. રાજગીરી. એય.. શાંતિભાઈ! ખબર છે કે નહિ? છાપામાં આવ્યું હતું પછી અમે વાંચેલું બધું. છાપામાં આવ્યું હતું. ભાઈનું. આ મકાન એણે કરાવ્યું છે. .. મકાન એણે કરાવ્યું છે. સામે ઓલું ત્યાં સલવાઈ ગયો. સંથારા વખતે પૈસા આપ્યા. જગજીવન નહિ જગજીવન? તપસીના સગા થતા હતા. મણીલાલભાઈ હતા ને તપસી આપણે? એના સગા હતા જગજીવનજી. રાજગરીમાં એય.. માણસ ભેગું થયું હતું. હો..હા... હો..હા... ભારે કામ આકરું!

શેના સંથારા? દૃષ્ટિ જ મિથ્યાત્વ છે ત્યાં. દૃષ્ટિ તો મિથ્યા છે આખી. ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. આખો પંથ. સાધુ, આર્જિકા કે ગૃહસ્થ બધા મિથ્યાદૃષ્ટિ-ગૃહિત મિથ્યાદૃષ્ટિ છે. એય.. શશીભાઈ! હવે એને સંથારા કેવા? એને ધર્મ કેવો? મિથ્યાત્વના પોષક છે. આહાહા..! એને અનુમોદવા. અનુમોદવા કે આ ભારે કર્યું. મહામિથ્યાત્વ અનંત સંસારનું પોષક છે એ તો. આકરી વાતું બાપા! વીતરાગમાર્ગની એવી ... હે વીતરાગ! એમ કહ્યું છે ને? ભક્તામરમાં ભાઈ! આહાહા..! જેને વીતરાગભાવની પ્રશંસા જાગી છે ને. જેનો સ્વભાવ વીતરાગ ચૈતન્યનો. એવો જેને પ્રગટ થયો પરમાત્માને. એવા પરમાત્માને .. હે નાથ! તારી વીતરાગતાની પર્યાય આદિને જોઈ લીધા પ્રભુ! આહાહા..! બીજા ધર્મોની સ્થિતિ અમે જોઈ લીધી. પછી અમે તને માન્યા અને અનુભવ્યા છે. આહાહા..! આવે છે ને ચેતનજી! **'मन्ये वरं हरिहरादय एव द्दष्टा'** આવે છે ને? છતાં મારી સ્થિતિ પણ .. વીતરાગભાવમાં છે. આહાહા..!

વીતરાગભાવ એવો મારો સ્વભાવ. રાગના કહેનારા અને રાગથી લાભ મનાવનારા એ બધાને જોઈ લીધા પહેલેથી. હવે અમારું મન ક્યાંય જાતું નથી. આહાહા..! સુજાનમલજી! કહે છે, **'ગર્ભથી લઈ આજ સુધી, દેહ પીંજરામાં તું અનેક પ્રકારના દુઃખ ભોગવતો પડ્યો રહ્યો છે.'** આહાહા..! એ વ્યવહારથી વાત કરે છે. દેહને લઈને દુઃખ નથી. એ તો દુઃખ તો જેટલો રાગ છે એનું દુઃખ છે. પણ આ દેહની સ્થિતિમાં રોગો અનેક જુઓને આહાહા..! આઠ આઠ ડિગ્રી, છ-છ ડિગ્રી તાવ

આવે. ધાણી ફુટે એવું માણસ નથી કહેતા? ધાણી ફુટે એવો તાવ ચડ્યો. ભગવાન તો અંદર ભિન્ન છે. આહાહા..! આવા પીંજરમાં રહ્યો, પડ્યો એમ કીધું.

'**અનેક પ્રકારના દુ:ખ ભોગવતો...**' એટલે કે એવી સ્થિતિ બને છે શરીરમાં એમાં રહ્યો થકો. '**મૃત્યુરૂપી બળવાન રાજા સિવાય...**' આહાહા..! હવે એ ટાણે તો મૃત્યુરૂપી બળવાન રાજા સિવાય '**બીજો કોણ તને આ દેહ-પીંજરામાંથી મુક્ત કરી શકે તેમ છે**?' આહાહા..! દેહને મુક્ત થવાનો તો એ મૃત્યુ જ પોતે છે. આહા..! બીજો કોઈ કરી શકે એવું નથી. આહાહા..! .. દેહથી છૂટ્યો ત્યારે એમાં મૃત્યુ જ કામ કરે છે. બીજો કોઈ છૂટો કરી શકે એમ છે નહિ. આહાહા..! થોડા દિવસ પહેલા નહિ એક મોટી બકરી. ચાર મોટા ડાઘા. જીવતી હોં જીવતી. મેં બહુ જોયુ નહોતું. ત્યાં સારી મોટી બકરી હતી. ચાર ડાઘા હોં. ખેંચી ખેંચીને કૂતરા મોઢામાં લઈને ખેંચે. આ દેહ પીંજર. આવી સ્થિતિ એમાં હતી. એમાં તું રહ્યો છો અત્યાર સુધી એમ કહેવું છે.

'**મૃત્યુરૂપી બળવાન રાજા સિવાય બીજો કોણ તને આ દેહ-પીંજરામાંથી મુક્ત કરી શકે તેમ છે**?' છે કોઈ? આહાહા..! માટે (તને) મૃત્યુરૂપી બળવાન મહોત્સવ છે. જેથી દેહ છૂટે છે. નવો દેહ મળશે અને ધર્મીને તો દેહ મળે ત્યાં ભગવાન પાસે પણ હું જવાનો એ ... કાળે. આ ભગવાન પાસે છે માટે ભગવાન બિરાજે છે ત્યાં. આહાહા..! કારણ કે ધર્મી જીવ છે એ તો સ્વર્ગના વૈમાનિકમાં જ જાય છે. એને શરીર બીજું હોય નહિ. મરીને માણસ થાય તો મિથ્યાદૃષ્ટિ હોય. કોઈ એમ કહે કે માણસ મહાવિદેહમાં જાય છે ને એટલે તરત આ ભવે મોક્ષ જશે. મિથ્યાદૃષ્ટિ હોય એ જાય. સમકિતી મહાવિદેહમાં ન જાય અને ભવનપતિ, વ્યંતર, જ્યોતિષિમાં ન જાય. એ સ્ત્રી અને નપુંસક શરીરમાં ન જાય. આહાહા..! વૈમાનિક અને પુરુષનું શરીર એમાં સાધક જીવ ઊપજે. અને ત્યારે એને ઊપજે ત્યારે ઓહો..! દેવો બીજા ઊભા હોય છે, મહારાજ! પ્રભુ! ધન્ય અવતાર અહીં યાં લઈને આવ્યા તમે. ભગવાનની પૂજાનો અવસર છે, ભગવાનની પ્રતિમા છે, મંદિર છે શાશ્વત. એની પૂજા કરે... કોઈ કોઈ પહેલી પૂજા કરે, નહિતર એને પૂછે ઓહો..! ભગવાન ક્યાં છે? સર્વજ્ઞ પરમાત્મા મનુષ્યદેહમાં કયે ક્ષેત્રે છે? એ વિકલ્પ આવે છે તો ત્યાં જાય છે. આહાહા..!

કહે છે કે બાહ્યથી ભગવાનને ભેટા થયામાં મૃત્યુ બળવાન રાજા મિત્ર છે. આહાહા..! ભય શેનો તને? સહન કરી શકે નહિ એટલી દશા જરી હોય એ બીજી વાત છે. સમજાણું કાંઈ? જરી નબળાઈને લઈને રાગને કારણે દુ:ખ થાય પણ એથી કરીને શરીર છૂટવાને કાળે, એ શરીર છૂટે છે માટે દુ:ખ છે એમ નથી. શરીર છૂટીને તો નવું નગર મળશે. નવું શરીર મળશે. આહાહા..! એક તો આ ભવમાં છે એને હજી બીજે ભવે પણ રહેશે, શરીર મળશે. આહાહા..! આવી આસ્થાની વાત કરી છે. '**દેહ-પીંજરામાંથી મુક્ત કરી શકે તેમ છે**?' કોઈ છે નહિ. મૃત્યુ સિવાય કોઈ નહિ.

હવે ચોથો શ્લોક. ૧૪મો. '**જે પુરુષે,...**' પુરુષ શબ્દે આત્મા '**મૃત્યુરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થવા છતાં,...**' આહાહા..! ભાષા દેખો! દેહ છૂટવાનો કાળ તો કલ્પવૃક્ષ છે. મૃત્યુરૂપી કલ્પવૃક્ષ. કલ્પવૃક્ષમાં જેમ ધાર્યા ફળ મળે છે ને એમાં? એમ મૃત્યુ કલ્પવૃક્ષ છે. આહાહા..! ત્રણ લોકનો નાથ

વીતરાગ પરમાત્મા બિરાજે છે. ત્યાં જવાનો કાળ તને આવ્યો હવે. કલ્પવૃક્ષ છે મૃત્યુ. ભગવાનના વિરહ હતા. .. કુંદકુંદાચાર્યે ન કહ્યું? આહા! 'સીમંધરનાથના વિરહા પડ્યા ભરતમાં.' એ તો ભાવ છે ને એવો. ત્યાં પોન્નુર હિલ. અરે..! પરમાત્મા ત્રિલોકનાથ ભરતક્ષેત્રમાં નથી. પણ જ્યાં છે ત્યાં અહીંનો તો અમને વિરહ છે. વિરહ. આહાહા..! સાક્ષાત્ બિરાજે છે સીમંધર ભગવાન. સ્થાનકવાસીના ૩૨ સૂત્રમાં એ સીમંધર સ્વામી ભગવાનનું નામ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. પણ એમાં નથી. એ ચર્ચા અમારે થઈ ગયેલી છે. ૫૦ વર્ષ બોટાદ. બોટાદ થઈ હતી મોટી ચર્ચા. કીધું આ તીર્થંકર, વીસમાં તીર્થંકર સીમંધર ... .. બીજા યુગમંધરનું નામ છે. એ પાઠમાં .. સીમંધર ભગવાન વીસના નામ ત્યાં નથી. નહિતર એ સીમંધર ભગવાનની આજ્ઞા માગે છે. ક્યાં સીમંધર ભગવાન તો શાસ્ત્રમાં છે નહિ. અને અહીં તો પાઠમાં પાધરા પ્રવચનસાર. અહીંયાં તીર્થંકર નથી, તો મહાવિદેહમાં છે. આવે છે ને પ્રવચનસારમાં? પ્રત્યેક-પ્રત્યેકને હું વંદન કરું છું. છે? પ્રવચનસારમાં આવે છે પહેલાં. ગાથામાં અંદર. ટીકામાં છે એનું નામ. સીમંધર ભગવાન ભલે અહીંયાં નથી તીર્થંકરરૂપે પણ મહાવિદેહમાં બિરાજે છે. એને દરેકને હું સમુદાય તરીકે વંદન કરું છું. અને પ્રત્યેકને ભિન્ન-ભિન્ન લક્ષ કરીને પણ વંદન કરું છું. આહાહા..!

જુઓ આ પંચમ આરાના કુંદકુંદ આચાર્ય છે ને? આહાહા..! એવા અરિહંતોને. ગાથા છે અંદર. ટીકામાં પણ છે લ્યો. ટીકામાં છે? **'सर्वानेव सांप्रतमे तत्क्षेत्रसंभव तीर्थंकरा संभवान्महाविदेह भूमि संभवत्वे सति मनुष्यक्षेत्र प्रवर्तिभिस्तीर्थनायकैः सह वर्तमानकालं गोचरी कृत्य युगपद्यु–गपत्प्रत्येकं च मोक्षलक्ष्मी स्वयंवरायमाण परम नैर्ग्रन्य...'** સંસ્કૃત છે.

આહાહા..! ટીકા પણ. અનંત તીર્થંકરો જે વર્તમાન એ સિવાય કેવળી, એ સિવાય વર્તમાન અહીં નથી, વર્તમાન મહાવિદેહ છે એને સમુદાયને બધાને અને પ્રત્યેકને ભિન્ન-ભિન્ન વંદન કરું છું કે જેને કેવળજ્ઞાનદશા વર્તે છે. એવા વીતરાગ, એવી વીતરાગની જેને અંતર દૃષ્ટિ વીતરાગસ્વભાવની થઈ એને એવા વીતરાગભાવ પ્રત્યેનો પ્રેમ અને ભક્તિ આવ્યા વિના રહે નહિ. શુભભાવ છે એ જાતનો. ત્યાં તો એમ પણ કહ્યું છે ને ભગવાનનું નામ. નામસ્મરણ આવે છે ને? આહાહા..!

જેનું નામગ્રહણ પણ સારું છે. જુઓ પહેલું આવી ગયું છે. આહાહા..! નામગ્રહણ પણ સારું છે લ્યો. જુઓ આમાં તો તીર્થંકરનું નામ આવ્યું મહાવિદેહના. મહાવિદેહમાં તીર્થંકર બિરાજે છે. ક્યાં? ૮મી? ૮મી છે. .. એ? પહેલી. હા. **'साम्प्रतमेत्र भरतक्षेत्रे तीर्थंकराभावात् पंचमहाविदेह स्थित** સીમંધર નામ છે જુઓ **'श्री सीमंधरस्वामी तीर्थंकर परम देव प्रभृति तीर्थंकरैः।'** સીમંધર નામ ભગવાન છે આમાં તો. ટીકામાં છે. અને મૂળ પાઠમાં છે. મહાવિદેહમાં. . ગાથા છે ને? **'वट्टंते माणुस खेते'** એ ત્રીજી ગાથા છે. આહાહા..! પછી નામ આપ્યું ટીકામાં સીમંધર ભગવાન આદિ. ઓહોહો..!

**'મૃત્યુરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થવા છતાં,...'** આહાહા..! **'પોતાના આત્માનું હિત સાધ્યું**

**નહિ,...**' દેહ છૂટવાનો મૃત્યુ સમય મૃત્યુનો મહોત્સવ છે. એણે જે મહોત્સવ ન કર્યો, આત્માનું હિત ન સાધ્યું '**તે સંસારરૂપી કાદવમાં ફરી ફસાઈ જઈ પોતાનું શું કલ્યાણ કરશે?**' એ તો કૂવામાં પડશે.

'**જે પુરુષે, મૃત્યુરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થવા છતાં,...**' કલ્પવૃક્ષ લીધું. આહાહા..! '**પોતાના આત્માનું હિત સાધ્યું નહિ, તે સંસારરૂપી કાદવમાં ફરી ફસાઈ જઈ પોતાનું શું કલ્યાણ કરશે?**' '**આવા વિચારથી જ્ઞાની મરણથી ભય પામતો નથી, પણ મરણને તે મિત્ર સમાન ગણે છે,...**' લ્યો! શ્રીમદ્‌માં આવ્યું નહિ? 'વનમાં એકાકી વિચરતો સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો, જાણે મળ્યો મિત્રનો યોગ.' નહિ?

મુમુક્ષુ :- અડોલ આસન..

ઉત્તર :- હા. 'અડોલ આસનને મનમાં નહિ ક્ષોભતા જાણે પરમ મિત્રનો યોગ જો.' લ્યો. તારે શરીર જોતું નથી અને એને જોવે છે તો મિત્ર થયો. આહાહા..! 'અડોલ આસનને મનમાં નહિ ક્ષોભતા પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.'

અહીં તો એ કહ્યું મરણ તો મિત્ર છે. જુઓ કહ્યું ને? આહાહા..! શ્રીમદ્‌ને સમાધિમરણ અને સ્વર્ગમાં જાય. મહાવિદેહમાં ન જાય. ઉતાવળા કેવળજ્ઞાન પમાડવા... મરીને મહાવિદેહમાં ગયા છે. ૮ વર્ષ થયા. આખું તત્ત્વ ફરી જાય છે એની વાત ... આહાહા..!

'**આવા વિચારથી જ્ઞાની મરણથી ભય પામતો નથી, પણ મરણને તે મિત્ર સમાન ગણે છે, તેને એક મહોત્સવ તરીકે લેખે છે,...**' આહાહા..! '**અને તેથી તે નિરાકુલતાપૂર્વક આત્મસ્વરૂપમાં સ્થિર થઈ સમાધિ-મરણ સાધે છે.**' આહાહા..!

---

**एवं च स एव बुध्यते यो व्यवहारेऽनादरपरः यस्तु तत्रादरपरः स न बुध्यत इत्याह–**

***व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे।**
**जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे।।७८।।**

**સૂતો જે વ્યવહારમાં, તે જાગે નિજમાંય;**
**જાગૃત જે વ્યવહારમાં, સુષુપ્ત આત્મામાંય. ૭૮.**

**टीका :– व्यवहारे विकल्पाभिधानलक्षणोप्रवृत्तिनिवृत्यादिस्वरूपे वा सुषुप्तोऽप्रयत्नपरो यः स जागर्त्यात्मगोचरे आत्मविषये सेंदनोद्यतो भवति। यस्तु व्यवहारेऽस्मिन्नुक्तप्रकारे जागर्ति स सुषुप्तः आत्मगोचरे।।७८।।**

---

१. जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि।
जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणे कज्जे।।३१।।
(मोक्षप्राभृते, कुन्दकुन्दाचार्यः)

આવું જ્ઞાન તેને જ થાય છે કે જે વ્યવહાર વિશે અનાદર રાખે છે, પરંતુ જેને ત્યાં (વ્ય-વહારમાં) આદર છે તેને આવું જ્ઞાન થતું નથી. તે કહે છે :–

શ્લોક – ૭૮

અન્વયાર્થ :– (यः) જે (व्यवहारे) વ્યવહારમાં (सुषुप्तः) સૂતેલો છે, (सः) તે (आत्मगोचरे) આત્માના વિષયમાં (जागर्ति) જાગે છે (च) અને જે (अस्मिन् व्यवहारे) આ વ્યવહારમાં (जागर्ति) જાગે છે તે (आत्मगोचरे) આત્માના વિષયમાં (सुषुप्तः) સૂતેલો છે.

ટીકા :– વ્યવહારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ છે તેમાં ('વિકલ્પના સ્થાનરૂપ') અર્થાત્ પ્રવૃત્તિ–નિવૃત્તિ–આદિસ્વરૂપ (વ્યવહારમાં) જે સૂતો છે–પ્રયત્નપરાયણ નથી, તે આત્મદર્શનમાં એટલે આત્મવિષયમાં જાગે છે અર્થાત્ સંવેદનમાં (આત્માનુભવમાં) તત્પર હોય છે, પણ જે આ ઉક્ત પ્રકારના વ્યવહારમાં જાગે છે તે આત્મ–વિષયમાં સૂતો છે. (અર્થાત્ આત્મદર્શન પામતો નથી.)

ભાવાર્થ :– જ્ઞાની, પ્રવૃત્તિ–નિવૃત્તિરૂપ સાંસારિક કાર્યોમાં અનાસક્ત તેમ જ અપ્રયત્નશીલ હોય છે અને આત્માનુભવના કાર્યમાં સજાગ રહે છે – તત્પર રહે છે, જ્યારે અજ્ઞાની પ્રવૃત્તિ–નિવૃત્તિરૂપ સંસારનાં કાર્યોમાં પ્રયત્નશીલ રહે છે – જાગૃત રહે છે અને આત્માનુભવના કાર્યમાં અતત્પર રહે છે.

વિશેષ

અહીં આચાર્યે એ બતાવ્યું છે કે પ્રવૃત્તિ–નિવૃત્તિરૂપ વ્યવહારમાં–અર્થાત્, અહિંસા, ભક્તિ, વ્રત, નિયમાદિ શુભ પ્રવૃત્તિરૂપ વ્યવહારમાં અને હિંસા, જૂઠ, ચોરી, આદિ અશુભ કાર્યથી નિવૃત્તિરૂપ વ્યવહારમાં–એમ બન્ને વ્યવહારોમાં જે અતત્પર હોય છે તે જ આત્માનુભવ કરી શકે છે, પરંતુ ભક્તિ આદિ શુભ કાર્યોમાં પ્રવૃત્તિથી અને અશુભ કાર્યમાં નિવૃત્તિથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, કારણ કે તે પ્રવૃત્તિ વિકલ્પારૂઢ છે – રાગયુક્ત છે. રાગ ભલે શુભ હોય તો પણ તેનાથી આત્મજ્ઞાન થતું નથી.

જ્ઞાની તો આત્મસ્વરૂપમાં સ્થિરતારૂપ પ્રવૃત્તિ કરે છે, તેથી તેને વ્યવહાર ધર્મની સ્વયં નિવૃત્તિ થઈ જાય છે. તેની તે પ્રવૃત્તિ વિકલ્પારૂઢ નથી, પણ નિર્વિકલ્પ છે અને તેનાથી ધર્મ થાય છે.

જ્ઞાનીને અસ્થિરતાને લીધે કદાચિત્ પૂજા–ભક્તિ આદિનો શુભ રાગ આવે, પણ તે તેને ભલો માનતો નથી, તેને તેનું સ્વામીત્વ કે કર્તાબુદ્ધિ નથી. તેને તે રાગ હેયબુદ્ધિએ વર્તે છે; તેથી તેમાં તેની પ્રવૃત્તિ દેખાવા છતાં તે વાસ્તવમાં નિવૃત્તિમય જ છે.

અજ્ઞાની શુભરાગમય પ્રવૃત્તિને ધર્મ માની તેનાથી સંતુષ્ટ થાય છે અને આત્મસ્વરૂપની ભાવના માટે અતત્પર હોય છે.

''વળી કોઈ જીવ ભક્તિને મોક્ષનું કારણ જાણી તેમાં અતિ અનુરાગી થઈ પ્રવર્તે છે,

**પણ તે તો જેમ અન્યમતી ભક્તિથી મુક્તિ માને છે તેવું આનું પણ શ્રદ્ધાન થયું; ભક્તિ તો રાગરૂપ છે અને રાગથી બંધ છે, માટે તે મોક્ષનું કારણ નથી. રાગનો ઉદય આવતા જો ભક્તિ ન કરે તો પાપાનુરાગ થાય, એટલા માટે અશુભ રાગ છડવા અર્થે જ્ઞાની ભક્તિમાં પ્રવર્તે છે વા મોક્ષમાર્ગમાં બાહ્ય નિમિત્તમાત્ર પણ જાણે છે, પરંતુ ત્યાં જ ઉપાદેયપણું માની સંતુષ્ટ થતો નથી, પણ શુદ્ધોપયોગનો ઉદ્યમી રહે છે...''૧**

**''...આ ભક્તિ, કેવળ ભક્તિ જ છે પ્રધાન જેને એવા અજ્ઞાની જીવોને જ હોય છે તથા તીવ્ર રાગજ્વર મટાડવા અર્થે વા અસ્થાનનો રાગ નિષેધવા અર્થે કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે''૨ એટલે કે જ્ઞાની જ્યારે સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી ત્યારે તેને આવી ભક્તિ હેયબુદ્ધિએ હોય છે. ૭૮.**

## શ્લોક-૭૮ ઉપર પ્રવચન

**'આવું જ્ઞાન તેને જ થાય છે કે જે વ્યવહાર વિશે અનાદર રાખે છે,...'** એ ગાથા આવે છે. ગાથાની ભૂમિકા ૭૮ની. **'આવું જ્ઞાન તેને જ થાય છે કે જે વ્યવહાર વિશે અનાદર રાખે છે,...'** વ્યવહાર હોય ખરો પણ એમાં પ્રયત્ન પરાયણ નહિ. આહાહા..! આ કરું ને આ કરું ને.. વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એવો વિકલ્પ છે એનો આદર ધર્મીને ન હોય, હોય ખરો ભાવ. છદ્મસ્થ છે એને ભાવ હોય. પણ આદર નહિ, ઉપાદેયબુદ્ધિ નહિ. આહાહા..!

**'જે વ્યવહાર વિશે અનાદર રાખે છે, પરંતુ જે ત્યાં (વ્યવહારમાં) આદર છે...'** વ્યવહારમાં જે મગ્ન છે. બસ ક્રિયા મૂઢ અને વ્યવહારના વિકલ્પમાં, **'તેને આવું જ્ઞાન થતું નથી.'** તેને સાચું જ્ઞાન થતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહારમાં મૂઢ કહેવાય છે.

ઉત્તર :- વ્યવહાર મૂઢ છે. વ્યવહારમાં તત્પર છે એ તો વ્યવહારમાં મૂઢ છે. નિશ્ચય અનારૂઢ છે. અનાદિરૂઢ. વ્યવહારમાં મૂઢ, નિશ્ચય અનારૂઢ. ત્રણ શબ્દ છે ને? ઓલું અનારૂઢ શેનું. નિશ્ચય અને અનારૂઢ. ૪૧૩ ગાથા.

**'તેને એવું જ્ઞાન થતું નથી. તે કહે છે :-'** લ્યો!

---

૧. **મોક્ષમાર્ગપ્રકાશક - ગુ. આવૃત્તિ પૃ.૨૨૬.**

૨. **શ્રી પંચાસ્તિકાય - ગાથા ૧૩૬ની ટીકા.**

*व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे।
जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे।।७८।।
**સૂતો જે વ્યવહારમાં, તે જાગે નિજમાંય;**
**જાગૃત જે વ્યવહારમાં, સુષુપ્ત આત્મામાંય. ૭૮.**

આહાહા..! '**ટીકા :- વ્યવહારમાં એટલે...**' એની વ્યાખ્યા કરી. '**વિકલ્પ નામ જેનું લક્ષણ છે તેમાં (વિકલ્પના સ્થાનરૂપ) અર્થાત્ પ્રવૃત્તિ-નિવૃત્તિ-આદિસ્વરૂપ** (વ્યવહાર-**માં**)...' અશુભથી નિવર્તવું અને શુભમાં પ્રવર્તવું એવો જે વ્યવહાર. આહાહા..! ભાષા કેવી કરી જોયું! '**विकल्पाभिधानलक्षणोप्रवृत्तिनिवृत्यादिस्वरूपे व्यवहारे**' એમ. વ્યવહારની વ્યાખ્યા આ. '**व्यवहारे विकल्पाभिधानलक्षणोप्रवृत्तिनिवृत्यादिस्वरूपे**' '**व्यवहारे**' એમ. છે ને? '**વ્યવહારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ છે તેમાં (વિકલ્પના સ્થાનરૂપ) અર્થાત્ પ્રવૃત્તિ-નિવૃત્તિ-આદિસ્વરૂપ...**' આ કરું ને આ કરું ને આ કરું ને આ કરું વિકલ્પ જે શુભભાવ અને આને છોડું, અંદર જાઉં એ પણ એક વિકલ્પ છે. વ્યવહારની પ્રવૃત્તિ-નિવૃત્તિનો વિકલ્પ. આહાહા..! આકરું છે.

'**જે સૂતો છે-પ્રયત્નપરાયણ નથી,...**' એમ. તેમાં પ્રયત્નપરાયણ નથી. પ્રવૃત્તિ-નિવૃત્તિના વિકલ્પમાં આદર નથી, પ્રયત્નપરાયણ નથી. આહાહા..! '**તે આત્મદર્શનમાં એટલે આત્મવિષયમાં જાગે છે...**' વ્યવહારના વિકલ્પો હોય, પણ એમાં એનો આદર નથી. હેયબુદ્ધિએ આવે છે. એથી એ વ્યવહારના પ્રયત્ન પરાયણ નથી. આહાહા..! નથી કીધું? છ દ્રવ્યને જાણવું એ પ્રયત્ન. યોગસારમાં નથી આવતું? યોગસારની ગાથામાં આવે છે. પણ પ્રયત્ન એ જુદી વસ્તુ, અહીં તો પ્રયત્નપરાયણ. એ જ વસ્તુમાં તત્પર થઈ જવું. સમજાણું? વ્યવહારની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ બધો વ્યવહારનો વિકલ્પ છે. આહાહા..! એ વિકલ્પમાં જેનું પ્રયત્ન તત્પર છે એને આત્મ જાગૃતિ નથી. અને એનું પ્રયત્નમાં નથી તત્પર એને આત્મદર્શન અને જાગૃતિ છે. આહાહા..! મોક્ષપાહુડમાં છે ને નીચે? કુંદકુંદાચાર્ય આપણે આવી ગયું છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં. મોક્ષમાર્ગપ્રકાશમાં આવ્યું છે અને.. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પાઠકોની નોંધ માટે

Vitragvani
www.vitragvani.com